# श्री द्वाषष्टिमार्गणासंग्रह

[ यंत्रपूर्वक ]

:: रचयिता ::
धर्मजयन्तोपासक
मुनि विशालविजयजी

प्रकाशक
श्री यशोविजयजी जैन ग्रंथमाला
गांधीचोक : भावनगर



નવયુગપ્રવર્તક

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ૦

શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

श्रीशंखेश्वरपार्श्वमहातीर्थाय नमोनमः ।

# श्रीद्वाषष्टिमार्गणासंग्रह

[ यंत्रपूर्वक ]

रचयिता

धर्मजयन्तोपासक

मुनि विशालविजय

: પ્રકાશક :

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

ગાંધીચોક : ભાવનગર

કીંમત : ત્રણ રૂપિયા

પ્રકાશક:
**વકીલ ભાઇચંદ અમરચંદ શાહ**
બી. એ. એલએલ. બી.
યશોવિજયજી જૈન ગ્રંથમાળા
ગાંધીચોક...**ભાવનગર**

પ્રથમ આવૃત્તિ
પ્રત: ૫૦૦

વીર સંવત : ૨૪૭૩
ધર્મ સંવત : ૨૫
વિક્રમ સંવત: ૨૦૦૩

મુદ્રક :
**ગુલાબચંદ દેવચંદ શેઠ**
આનંદ મુદ્રણાલય : ભાવનગર



ઈતિહાસવેત્તા, શાંતમૂર્તિ
**મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ**

# અર્પણ

જીવનની કોઈ પુણ્ય ક્ષણે જેમનો સાથ પામ્યો, જેમની શીલભરી ગૃહસ્થાઇએ મને સાધુ સર્જ્યો, જેની સૌરભવંતી સાધુતાએ મારો વિકાસ કર્યો, જેના ચરણકમળની સતત સેવાએ મને વિદ્યાના ને શાસન-પ્રભાવનાના ક્ષેત્રમાં પ્રેર્યો, જેણે સદા મને શ્રદ્ધાનાં સુખ, પ્રેરણાનાં અમી ને સાધનાનાં સ્વપ્ન આપી, મને આત્મસાધક સર્જ્યો એ-

ધર્મમૂર્તિ
તપોમૂર્તિ
શાંતમૂર્તિ

[ વૃદ્ધિ-ધર્મોપાસક, મુનિરાજ શ્રી જયન્તવિજયજી ]

ગુરુદેવને કરકમલે......

ચરણકિંકર

**વિશાલવિજયજી**

# પ્રકાશકનું નિવેદન

**આ** ગ્રંથના કર્તા મુનિરાજ શ્રી. વિશાલવિજયજી મહારાજ અમારા વાચકોને અન્યાન્ય ગ્રંથોને લીધે સુપરિચિત છે. નવયુગપ્રવર્તક, આ સંસ્થાના સ્થાપક, આચાર્યદેવ શ્રીવિજયધર્મસૂરીશ્વરજીના એ પ્રશિષ્ય અને આબૂ-શંખેશ્વર આદિ મહાતીર્થોના ઐતિહાસિક ગ્રંથોના રચયિતા તરીકે સુખ્યાત શાન્તમૂર્તિ શ્રીજયન્તવિજયજી મહારાજના તેઓશ્રી શિષ્યરત્ન છે.

પૂજ્ય સૂરીશ્વરજીએ આ સંસ્થા સ્થાપીને સૌરાષ્ટ્ર–કાઠિયાવાડમાં એક જ્ઞાનસંસ્થા નિર્માણ કરવાનો મનોરથ સેવ્યો હતો. તેઓશ્રીના દુઃખદ અવસાનથી ગ્રંથમાળા પર આપત્તિનાં વાદળો ઉલટચાં હતાં: એનું અસ્તિત્વ પણ જોખમાવાની તૈયારીમાં હતું, એ વેળા તેઓશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજે અથાગ પરિશ્રમ સેવી આ સંસ્થાને પુનર્જીવન આપ્યું. અમને એ જાહેર કરતાં આનંદ થાય છે, કે તેઓશ્રીના સુશિષ્ય મુનિરાજ શ્રી. વિશાલવિજયજીએ પણ પોતાના ગુરુવર્યોના પગલે ચાલી આ સંસ્થાને અપનાવી છે.

પાઠકોને એ યાદ હશે કે મુનિરાજ શ્રીવિશાલવિજયજીકૃત "સુભાષિત પદ્યરત્નાકર"ના પાંચ ભાગો જૈન તેમજ જૈનેતરોમાં ખૂબ જ પ્રિય નીવડયા હતા. ને ટૂંક સમયમાં તેની આવૃત્તિઓ ખલાસ થઇ ગઇ છે: અત્યારે નવી આવૃત્તિ માટે વિચારણા પણ ચાલી રહી છે તે મુનિરાજશ્રીના હસ્તે જ આ ગ્રંથ પણ સંપાદિત થઇને પાઠકોને અર્પણ થાય છે.

"દ્વાષષ્ટિમાર્ગણાસંગ્રહ" નામનો આ પ્રકારનો ગ્રંથ આપણે ત્યાં નહોતો. કર્મગ્રંથના અભ્યાસીઓ માટે તથા આગમોના અભ્યાસીઓ માટે આ ગ્રંથ ખૂબ ઉપયોગી છે. જીવના ૫૬૩ ભેદો, એ નામનાં દ્વાર, ગુણસ્થાનદ્વાર, ઉપયોગદ્વાર, લેશ્યાદ્વાર વગેરે ૮૩ દ્વારોમાં ગતિ, ઇન્દ્રિય, કાય,જોગ વગેરે ૬૨ માર્ગણા તેઓશ્રીએ ઉતારી છે. અમને આશા છે કે અભ્યાસીઓ માટે આ ગ્રંથ એક કુશળ શિક્ષકની ગરજ સારશે.

આ ગ્રંથ અત્યંત પરિશ્રમપૂર્વક સંપાદિત કરી, ગ્રંથમાળાને પ્રકાશન માટે સુપ્રત કરનાર મુનિરાજ શ્રી વિશાલવિજયજી મહારાજના અમો આભારી છીએ.

આ ગ્રંથ છપાવવામાં વધારે સહાયતા રાધનપુરવાસી સદ્‌ગૃહસ્થોની છે. તે સિવાય પણ નાની નાની મદદો અનેક ગામ તરફથી મળી છે, તે માટે અમો તેમના પણ આભારી છીએ.

**મંત્રીઓ**

# સંપાદકીય વક્તવ્ય

अभ्युद्यतोऽस्मि तव नाथ ! जडाशयोऽपि
कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य,
विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः ॥

**આ** પુસ્તક અંગે બે બોલ લખવા મારી કલમ ઉઠાવું છું, ને મારી દૃષ્ટિ સમક્ષ ત્રણત્રણ–ચારચાર દશકાના કાળનો દુર્નિવાર પ્રવાહ સરી જતો જણાય છે. અનેક પવિત્ર ને પ્રેરક સંસ્મરણોથી મારું મન વ્યાપ્ત થઈ જાય છે.

વિક્રમનું એ ૧૯૭૦ મું વર્ષ હતું. મારવાડમાં આવેલા શિવગંજ ખાતે પૂજ્યપાદ, પરમ ઉપકારી, ગુરુદેવેશ (દાદાગુરુ), યુગપ્રવર્તક, આચાર્યવર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ ચાતુર્માસ રહ્યા હતા. એ વેળા એમના જીવન અને સ્વત્વની સુવાસ દેશોદેશમાં પ્રસરી ચૂકી હતી. પાશ્ચાત્ય દેશોમાં જૈનત્વનો પ્રચાર કરનાર તરીકે, અનેક યુરોપીય વિદ્વાનોને જૈન ફિલોસોફી પર મુગ્ધ કરનાર તરીકે, બનારસ પાઠશાળાના સમર્થ સ્થાપક ને અનેક જ્ઞાનધુરંધર વિદ્વાનોનાં જન્મ આપનાર તરીકે, આબૂ-મંદિરોની આશાતના દૂર કરનાર તરીકે ને પાલીતાણા યશોવિજય જૈન ગુરુકુળ જેવી જ્ઞાન સંસ્થાઓના મૂળ રોપનાર તરીકે એમની કીર્તિપતાકા સર્વત્ર ઊડી રહી હતી. મહાકમળની સુગંધ લેવા હજારો જિજ્ઞાસુ ભ્રમરો, જેમ તેની આસપાસ ગુંજારવ કરતા ફર્યા કરે, એમ અનેક વિદ્વાન સાધુઓ, શિષ્યો ને શાસ્ત્રીઓ સદા તેમની સેવામાં રહેતા.

એ વેળા, એ ધન્ય પળે, એમના ચરણકમળ પાસે પડયા રહેવાનું પુણ્ય મને પ્રાપ્ત થયું હતું. કાચના કટકાને પણ હીરો બનાવી શકનાર એ ગુરુદેવેશ (દાદાગુરુ)ની આજ્ઞા પામીને મેં શિવગંજ ખાતે વિદ્વાન મુનિરાજ શ્રી. સિંહવિજયજી પાસે કર્મગ્રંથોનો અભ્યાસ આરંભ્યો. આ પઠન–પરિશીલનમાં વિદ્વાન મુનિરાજ મને 'દ્વાષષ્ટિમાર્ગણાસંગ્રહ' અર્થાત્ 'બાસઠીઆ' વિષે પણ સમજાવતા. આ પરિશીલનમાંથી જ મને 'બાસઠીઆ' પ્રત્યે આકર્ષણ થયું, ને સ્વહિત માટે તેમ જ પરહિત માટે ઉપયોગી સમજી તે જ વખતથી અન્ય શાસ્ત્રાધારો ને આલોચનાઓ જોવા માંડી. સંવત ૧૯૭૧ ના ઉદેપુરના ચાતુર્માસમાં તો પૂજ્ય ગુરુદેવેશ સૂરિરાજ પાસેથી થોકડારૂપે વિશેષ સંસ્કાર મેળવવા ભાગ્યશાળી થયો.

જે કાર્ય થવાનું હોય છે એને અનુકૂલ સંજોગો સાંપડી જ રહે છે. પૂજ્ય ગુરુદેવેશ (દાદાગુરુ) સૂરીશ્વરજી વિ. સં. ૧૯૭૮ માં સ્વર્ગસ્થ થયા. ત્યાર પછી જેઓનું ગુરુપદ મેં શિરસાવંદ્ય કર્યું હતું–ને જેઓની સેવાને જીવનની સાધના માની હતી, એ મારા ગુરુવર્ય શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી. જયંતવિજયજી મહારાજની પાસે આનું અનુશીલન શરૂ રાખ્યું. આબૂતીર્થને આશાતનાથી ઉદ્ધારનાર ગુરુદેવના આ સુયોગ્ય શિષ્ય આબૂતીર્થનો ઐતિહાસિક

મહિમા દર્શાવતો ગ્રંથ રજૂ કરી, આબૂનો ઐતિહાસિક ઉદ્ધાર કરી સ્વર્ગસ્થ ગુરુજીને એ રીતે અંજલિ આપવાના કાર્યમાં સંલગ્ન હોવા છતાં, તત્પશ્ચાત્ શંખેશ્વર મહાતીર્થ, અચલગઢ આદિ તીર્થગ્રંથોની રચનામાં નિમગ્ન હોવા છતાં ને દક્ષિણ, મારવાડ, મેવાડ, માલવા, સંયુક્ત પ્રાંતના કઠિન પ્રદેશોમાં વિહાર કરવા છતાં મારા જ્ઞાનાભ્યાસને સદા વધારતા રહ્યા.

વિ. સં. ૧૯૮૭ માં પાલનપુરના ચાતુર્માસ દરમિયાન ગુરુવર્ય સાથે રોજ રાત્રે આ વિષયનું પરિશીલન ચાલતું. આ પરિશીલનમાં ત્યાંના વિશિષ્ઠ ધર્માભ્યાસી શ્રીયુત પાનાચંદભાઇ માણેકચંદ કોઠારી પણ રસપૂર્વક ભાગ લેતા. તેઓનો આ વિષયમાં ઊંડો અભ્યાસ હતો ને અભ્યાસીની છટાથી એ ચર્ચા કરતા. 'બાસઠીઆ' વિષે અહીં ઠીક ઠીક ચર્ચા થઇ, અને પ્રસ્તુત વિષય અંગે આગમ વગેરે ગ્રંથો જોવા શરૂ કર્યાં. તે વખતથી આજદિન પર્યંત મને લાધેલાં તમામ પ્રમાણો ને આધારો મેં આ ગ્રંથમાં રજૂ કર્યાં છે. મારા અભ્યાસનો એ સહેજ નિચોડ હતો, છતાં આ ગ્રંથ હજી હસ્તપ્રતરૂપે જ હતો. એના ઉદયકાળને વાર હતી.

વિ. સં. ૧૯૯૭ માં ભાવનગર ખાતે જવાનું થયું–આ વખતે શ્રી બાલુભાઈએ પૂ. ગુરુમહારાજ પાસે કંઇક પ્રેસકોપી કે પ્રેસકામ માટે સૂચના કરી. શ્રી. બાલુભાઇ શ્રીયુત્ સ્વ. શેઠ શ્રી. કુંવરજીભાઇ પાસે કાર્ય કરતા હતા. ગુરુમહારાજે કંઇક તૈયાર હોય તો બાલુભાઇને કાર્ય આપવા સૂચના કરી. મારી પાસે 'બાસઠીઆ' તૈયાર હતો પણ તેની પરિપૂર્ણતા ને ઉપયોગિતા માટે મનમાં કંઇક વસવસો હતો. મેં આ તકનો લાભ લેતાં બાલુભાઇને કહ્યું:

" કાર્ય તો આપું. પણ એક શરતે કે શ્રીયુત શેઠશ્રી. કુંવરજીભાઈને આ બતલાવો ને જો તેઓ એને ઉપયોગી માને તો પ્રગટ કરીએ; નહીં તો શ્રાવકોના પૈસાનો નિરર્થક વ્યય કરવાની જરૂર નથી."

તેમણે મારી વાત શ્રેષ્ઠી શ્રી. કુંવરજીભાઈને કરી. તેઓશ્રીએ મૂળ નકલ જોઈને કહ્યું: "આ સંગ્રહ છપાશે તો પ્રકરણના અભ્યાસીઓને ઘણો ઉપયોગી થશે." તેમજ તેઓશ્રીએ એક વખત જોઇ જવાનું પણ સ્વીકાર્યું. મેં પણ વિશેષ પુષ્ટિ માટે આગમ વગેરે ગ્રંથો ફરી જોવા માંડયા.

સંવત ૨૦૦૦ માં સ્વનામધન્ય પંડિતવર્ય શ્રી હરગોવિંદદાસ ત્રીકમલાલ શેઠનાં બહેન મોંઘીબાઇ તથા તેમના ધર્મપત્ની સુભદ્રા બાઇના આગ્રહથી તેમજ સાગરગચ્છ સંઘની વિનતિથી રાધનપુરમાં ચાતુર્માસ થયું. સ્વ. પંડિતજીના નિમિત્તે ઉપધાન વગેરેની આયોજના થવાથી ચાર માસ વધુ સ્થિરતા થઈ. આ દરમિયાન મૂળ કુવારાના રહીશ ને હાલ રાધનપુરમાં રહેતા પ્રજ્ઞાચક્ષુ માસ્તર હરગોવનદાસ હરજીવનદાસ જેઓનો આ વિષયમાં બહુ સારો અભ્યાસ છે, તેઓની આ કામમાં મદદ મળી. ૮૩ દ્વાર ત્યાં જ તૈયાર કરી, ભાવનગર મોકલી આપેલાં. પણ શોચ એ વાતનો છે, કે પોસ્ટની ગરબડમાં તેમાંના બાર દ્વારનું મેટર ક્યાંય ગેરવલ્લે ગયું, જે હજી મળી શક્યું નથી. પણ આ રહી જતી ત્રૂટી મને ખૂંચતી હતી એટલે

અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં તે દ્વારોનું સંક્ષિપ્ત વિવરણ કરીને છપાવ્યું છે, જે પુસ્તકના પ્રાંતભાગમાં આપવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં ૭૨ દ્વારો આપ્યાં છે અને પાછળ પહેલા પરિશિષ્ટમાં અગિયાર દ્વાર આપ્યાં છે એટલે કુલ ૮૩ દ્વારો આપ્યાં છે. બધાં દ્વારો જુદા જુદા વિષયના હોવાથી તેને અનુક્રમે ગોઠવવામાં કોઇ જાતનો ખાસ ક્રમ રાખવામાં આવ્યો નથી. અને તેમ બની શકે તેવું પણ નથી કેમકે બધા દ્વારો લગભગ ભિન્ન ભિન્ન વિષયના છે તો પણ જે જે દ્વારો અરસપરસ એક બીજાની સાથે સંબંધ ધરાવે તેવાં છે, તેને પાસે પાસે મૂકવામાં આવ્યાં છે. દરેક દ્વારોમાં પ્રથમ તેનો પરિચય, ત્યાર પછી કોઠો અને પછી વિવેચન આ પ્રમાણે આપવાની પદ્ધતિ નક્કી કરી હતી. આ પદ્ધતિ ૨૭ દ્વાર સુધી ચાલુ રહી તેમાં પણ કોઇ કોઈ જગ્યાએ પરિચયનું લખાણ ટૂંકું છે ત્યાં કોઠો શરૂ કરીને તેની બાજુમાં પહેલાં પરિચય આપીને પછી વિવેચન આપવામાં આવેલું છે, પરંતુ તેમ કરવા જતાં ઘણી જગ્યા ખાલી જતી હોવાથી એ પદ્ધતિ ફેરવીને પહેલાં પરિચય, પછી વિવેચન અને પછી કોઠો આપવાનું રાખ્યું. આ પ્રમાણે ૫૬ દ્વાર સુધી છપાઇ ગયું પરંતુ કોઠો આપવા પહેલાં તેનું વિવેચન આપવું તે મને તદ્દન ગેરવ્યાજબી લાગ્યું જેથી ૫૭ મા દ્વારથી તે પદ્ધતિ ફેરવીને વધારે જગ્યા ખાલી મૂકવી ન પડે અને ઉચિત ક્રમ પણ સચવાય એટલા માટે પહેલાં કોઠો આપીને પછી તે દ્વારનો પરિચય અને ત્યાર પછી તેના નીચે વિવેચન આપવાનું શરૂ કર્યું છે. આ પદ્ધતિ આ ગ્રંથની સમાપ્તિ સુધી એટલે કે ૭૨ દ્વાર સુધી બરાબર ચાલુ રાખી છે, પરંતુ દ્વાર નંબર ૬૧ થી ૬૬ સુધીના ૭ દ્વારોના કોઠા આપ્યા નથી કારણ કે કોઠામાં જે સંખ્યા આપવાની હોય છે તે આ ૭ દ્વારોના વિવેચનમાં આપવામાં આવેલ છે. પહેલા પરિશિષ્ટમાં આપેલા ૧૧ દ્વારોનું અસલ મેટર ગુમ થવાથી પાછળથી વિહારમાં તેને સંક્ષેપમાં તૈયાર કરવાથી તેના કોઠા આપ્યા નથી પરંતુ કોઠામાં આપવાની લગભગ તમામ સંખ્યા વિવેચનમાં આપવામાં આવી છે અને બીજા પરિશિષ્ટમાં આ ગ્રંથને લગતી શાસ્ત્રોના આધારો યુક્ત અનેક ઉપયોગી બાબતોનો સંગ્રહ આપવામાં આવ્યો છે. મને લાગે છે કે વાચકોને ઘણે અંશે તે ઉપયોગી થશે.

દ્વાર નંબર ૬૧ પુણ્યોદય પ્રકૃતિ દ્વારનો પરિચય ભૂલથી આપવો રહી ગયો છે તે આ પ્રમાણે છે.

શાતાવેદનીય ૧, ઉચ્ચગોત્ર ૨, મનુષ્યદ્વિક ૩–૪, સુરદ્વિક ૫–૬, પંચેન્દ્રય જાતિ ૭, પાંચ શરીર–૮ થી ૧૨, ૧૩ થી ૧૫–આદિના ત્રણ અંગોપાંગ, ૧૬–વજ્રરિષભનારાચ સંઘયણ –૧૭ સમચતુરસ્ર સંસ્થાન, ૧૮ થી ૨૧–વર્ણચતુષ્ક, ૨૨–અગુરૂલઘુ, ૨૩ પરાઘાત, ૨૪–ઉચ્છ્વાસ, ૨૫ આતપ, ૨૬ ઉદ્યોત, ૨૭ શુભ વિહાયોગતિ, ૨૮ નિર્માણ, ૨૯ થી ૩૮ ત્રસ-દશક, ૩૯ થી ૪૧ સુર, નર અને તિર્યંચનું આયુષ્ય અને તીર્થંકરનામકર્મ.

આ ગ્રંથના પ્રારંભ ભાગમાં જે જે ગ્રંથોનાં પ્રમાણો, આધારો ને અવતરણો લેવામાં આવ્યાં છે તેની સૂચિ આપી છે. તેમજ શુદ્ધિપત્રક પણ મૂક્યું છે. અભ્યાસી જનો

પ્રથમ પોતાની પ્રત શુદ્ધ કરી પછી જ અભ્યાસ આરંભે. આ પુસ્તક એક નમ્ર પ્રયાસ છે. એમાં સ્ખલનાની સંભાવના હોઈ શકે છે. વિબુધ ને વિદ્વાન પુરુષો કંઈ પણ સૂચના કરશે, તો તેનો બીજી આવૃત્તિ વખતે સાભાર ઉપયોગ કરાશે. વિવેચકોને નીરક્ષીર ન્યાયે વર્તવા પ્રાર્થું છું.

માળા કદી એક મણકાની રચાતી નથી. અનેક મૌક્તિકો મળીને માળા રચાય છે એમ આ પુસ્તકરૂપી મૌક્તિક માળા રચવામાં અનેકોનો સધિયારો છે. આ વક્તવ્યના આરંભમાં મેં તેઓનાં પુણ્યનામોનો ઉલ્લેખ કર્યો છે, છતાં ય પુનરુક્તિનો દોષ વહોરીને પણ મારા એ પૂજ્ય પરમોપકારીઓનો ઉપકાર પ્રગટ કરીશ. જેઓએ મારા જેવા અલ્પજ્ઞ અને અલ્પશક્તિવંત જીવને નવચેતન આપ્યું, નવ-જીવન આપ્યું. એક તે મારા દાદાગુરુ-આચાર્યવર્ય સ્વ. **શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી,** ને બીજા મારા ગુરુમહારાજ તે સમર્થ આચાર્યવર્યના સુયોગ્ય શિષ્યરત્ન શાન્તમૂર્તિ **શ્રી. જયન્તવિજયજી મહારાજ !** બંનેના ચરણે મારા ભૂરિ ભૂરિ ત્રિકાળ વંદન હો !

આ કાર્ય અંગે મારે સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી **સિંહવિજયજી** મહારાજના પવિત્ર આત્માને સંસ્મરવો રહ્યો. તે ઉપરાંત પાલનપુરવાળા પાનાચંદભાઈ માણેકચંદ કોઠારી તથા માસ્તર હરગોવનદાસ હરજીવનદાસ પણ ધન્યવાદને પાત્ર છે કે જેમના સાથ અને સહવાસને લઈને આ ગ્રંથનું આલેખન થઈ શક્યું. આ ઉપરાંત વિદ્વદ્વર્ય ઉપા૦ શ્રીમાન્ **ધર્મવિજયજી ગણિરાજનો** સુંદર વિદ્વત્તાભરી પ્રસ્તાવના લખી આપવા બદલ હું અત્યંત ઋણી છું. મારા લઘુગુરુભાઈ મુનિરાજ શ્રી **જયાનંદવિજયજી**એ પણ સહાયતા આપી છે

માંડલનિવાસી ભોજક **પ્રભુદાસભાઇ** જેઓએ સજોડે ગુરુમહારાજ પસે ચોથા વ્રતનો નિયમ લીધો હતો એમના બંને વડીલ સુપુત્રો **ખોડીદાસ** તથા **કાંતિલાલ** જેઓએ ગુરુમહારાજ પાસે જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે, તે વખતથી ધર્મક્રિયા કરવામાં પ્રેરાયા છે તેઓએ પણ આ કાર્યમાં પ્રૂફ સંશોધનના કાર્યમાં સાથ આપ્યો છે. તે માટે ધન્યવાદ ઘટે છે.

પ્રાન્તે આ મારી કૃતિ અભ્યાસી જનોને અર્પી વિરમું છું.

**શંખેશ્વરજી મહાતીર્થ**
વીર સં. ૨૪૭૩
ધર્મ સં. ૨૫ પોષદશમી

ધર્મજયન્તોપાસક
— મુનિ વિશાળવિજય

॥ महाप्रभावकश्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

अनन्तलब्धिनिधानाय श्रीमते गौतमगणधरेन्द्राय नमोनमः ॥

# प्रस्तावना

ॐ नमः परमानन्द–निधानाय महस्विने !

शंखेश्वरपुरोत्तंस–पार्श्वनाथाय तायिने ॥ १ ॥

અખિલ વિશ્વમાં જૈનદર્શન સર્વોપરિ સનાતન દર્શન છે. એ દર્શનનું સર્વોપરિપણું તેના શ્રુતધર્મ અને ચારિત્રધર્મના ત્રિકાલાબાધિત સિદ્ધાન્તોને આભારી છે. શ્રુત અર્થાત્ જ્ઞાનવિષયક સિધ્ધાન્તોનું નિષ્પક્ષપણે બારીકાઈથી અવલોકન કરવામાં આવે તો કોઇ પણ ભાવાત્મક પદાર્થનું ભિન્નભિન્ન દૃષ્ટિએ સંપૂર્ણ સ્વરૂપ અવલોકન કરવાની શકિતનો ઇજારો જૈનદર્શને જ સ્વીકારેલ હોય તેમ જણાઈ આવશે. ચારિત્ર એટલે ગૃહસ્થજીવન તેમજ સાધુ-જીવનના સર્વાંગસુંદર આત્મીય વિકાસ : તે માટેના આચાર-વિચારોનું પણ અવલોકન કરવામાં આવે તો આત્મકલ્યાણ સાથે જગતના પ્રત્યેક નાના–મોટા જીવાત્માઓ પ્રતિ મૈત્રી ભાવનાના પરમ રહસ્યને પ્રગટ કરનાર મહામંત્રની અનુપમ ભાવના અંગે એ સર્વોપરિ જૈનદર્શન સંબંધી પ્રશંસાના ઉદ્દ્ગારો આપોઆપ નીકળી આવશે કે–ધન્ય હો ! એ જૈનશાસનના ત્રિકાલાબાધિત સંયમ ધર્મને ! ધન્ય હો ! એ અખિલ વિશ્વના કલ્યાણકારી ચારિત્ર ધર્મને ! અને કોટિ કોટિ વંદન હો એ શ્રુત–ચારિત્રધર્મના પ્રરૂપક દેવાધિદેવ વીતરાગ પરમાત્માઓને !

### જૈનદર્શનના સર્વોપરિપણાનું કારણ

અન્ય સર્વદર્શનોમાં જૈનદર્શનના સર્વોપરિપણાનું મુખ્ય કારણ તે દર્શનના સ્થાપક શ્રી તીર્થંકર પરમાત્માઓનું સર્વજ્ઞપણું જ છે. ગર્ભકાલથી મતિશ્રુતઅવધિજ્ઞાનનું અસ્તિત્વ હોવા ઉપરાંત દીક્ષા ગ્રહણ કરતી વખતે માનસિક વિચારોને યથાર્થપણે જણાવનાર મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિ થવા છતાં કેવલજ્ઞાન જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શ્રુતધર્મ અર્થાત્ જ્ઞાન માર્ગ અને ચારિત્રધર્મ અર્થાત્ કલ્યાણ-ક્રિયામાર્ગની તે મહાપુરુષો ધર્મદેશના આપતા નથી. કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવા બાદ જગત્ના સર્વ ભૂત–ભાવિ–વર્તમાન ત્રૈકાલિક ભાવોનું પ્રત્યક્ષ જ્ઞાન–દર્શન થાય ત્યારે જ એ પૂજ્ય ભગવંતો વિશ્વવર્ત્તી સર્વ જીવોનું કલ્યાણ કરવાની દૃષ્ટિથી શ્રુતધર્મ–ચારિત્ર ધર્મની વ્યાખ્યા સાથે તેની વ્યવસ્થા અને અધિકારી વિગેરે નિર્ણયો આપે છે, જેથી એ સર્વ નિર્ણયો પૂર્વાપર અવિરોધી, ઉત્સર્ગ અપવાદ સહિત ત્રિકલાબાધિત હોય છે.

## જૈનેતર સમર્થ પંડિતોએ પણ જૈનદર્શનની કરેલી ભૂરિભૂરિ પ્રશંસા

જૈનેતર પંડિતો કે જેઓ જૈનદર્શનના એક વખત સજ્જડ વિરોધી હોવા સાથે '**हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमन्दिरम्**' ઇત્યાદિ દ્વેષભાવભરી ઉક્તિઓનું ખુલ્લંખુલ્લા ઉચ્ચારણ કરનાર હતા તેવા પંડિતોએ પણ અસદાગ્રહથી રહિત થઇને તટસ્થ બુદ્ધિથી જ્યારે એ જૈનદર્શનની અનેકાન્ત વાણીના મંજુલ વીણાનાદ શ્રવણ કર્યા ત્યારે આત્મીય કુપક્ષને તિલાંજલિ આપી, જૈનદર્શનના મૌલિક સિદ્ધાન્તોનો સ્વીકાર કરી આચાર-વિચારના કલ્યાણ માર્ગનો આદર કર્યો, એટલું જ નહિ પણ તે તે વિષયના અર્થગંભીર સેંકડો ગ્રન્થોની રચના કરી, તેમજ સંખ્યાબંધ મુમુક્ષુ આત્માઓને મોક્ષમાર્ગનો ઉત્તમ રાહ બતાવી જૈન શાસનના સમર્થ મહાપ્રભાવક પુરુષો તરીકેની પ્રસિદ્ધિને પામ્યા. અનન્તલબ્ધિનિધાન ગૌતમગોત્રીય શ્રી ઇન્દ્રભૂતિ પ્રમુખ અગિયારે ગણધર ભગવંતો, તેમનો ૪૪૦૦નો શિષ્યપરિવાર, સ્કન્દક પરિવ્રાજક, શય્યંભવ સૂરિમહારાજ, સિદ્ધસેન દિવાકર, ભગવાન્ હરિભદ્રસૂરિ, કવીશ્વર શોભન મુનિજી, ધનપાળ પંડિત વિગેરે અનેક પ્રાજ્ઞપુરુષોના ઉદાહરણો: આ બાબતે જૈન ઇતિહાસનું અવલોકન કરવાથી મળી આવે છે. વર્તમાન યુગના સાક્ષરવર્ય સ્વ. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ તથા લોકમાન્ય તિલક જેવા નામાંકિત પુરુષોએ પણ સ્વરચિત તે તે ગ્રન્થોમાં જૈનદર્શનના તત્ત્વજ્ઞાન તેમજ આચાર, વિચાર સંબંધી સિદ્ધાન્તોની ભૂરિભૂરિ પ્રશંસાઓ કરી છે.

## જૈનદર્શનના અનાદિપણાની સિદ્ધિ

આજે કોઇ કોઇવાર વસ્તુસ્વરૂપને યથાર્થ નહિ જાણનાર કેટલાક પંડિતો જૈનદર્શનની શરૂઆત **પાર્શ્વનાથ** પ્રભુથી અથવા કેટલાક પંડિતો **ભગવાન મહાવીર** પ્રભુથી માને છે પરંતુ તેમનું તે મન્તવ્ય બરાબર નથી. જૈનદર્શન પાર્શ્વનાથ પ્રભુ અથવા મહાવીર પ્રભુથી અગાઉ ભગવાન્ ઋષભદેવસ્વામીના સમયમાં હતું, એ વાત તો સ્પષ્ટ સમજાય તેવી છે. પરંતુ એ પહેલાં પણ જૈનદર્શનનું કેવી રીતે અસ્તિત્વ હતું વિગેરે બાબત જરા જાણવા જેવી હોવાથી સંક્ષેપમાં તેનો અહિં ઉલ્લેખ કરવો અનુચિત નહિં ગણાય. ઊર્ધ્વલોક, અધોલોક અને તીર્ચ્છાલોક (સ્વર્ગ-મૃત્યુ અને પાતાલલોક) એમ ત્રણ વિભાગમાં વ્હેંચાયેલ લોકના મધ્યવર્તી તીર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપ અને સમુદ્રો મધ્યે અઢીદ્વીપ-બે સમુદ્રરૂપ ૪૫૦૦૦૦૦ યોજન જેટલા ક્ષેત્રમાં જ મનુષ્યોની ઉત્પત્તિ છે. તેમાં પણ મનુષ્યોનાં ત્રણ પ્રકારના વિભાગો છે. કર્મભૂમિના મનુષ્યો, અકર્મભૂમિના મનુષ્યો તથા અંતર્દ્વીપના મનુષ્યો, અકર્મભૂમિ તથા અન્તર્દ્વીપના ક્ષેત્રોમાં (વિશિષ્ટ) શ્રુતધર્મ-ચારિત્ર જેવી ઉત્તમ વસ્તુનો અભાવ છે. અને કર્મભૂમિના ૧૫ ક્ષેત્રોમાં શ્રુતધર્મ-ચારિત્રધર્મનો સદ્ભાવ છે. ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો પૈકી પાંચ મહાવિદેહના ક્ષેત્રો કે જ્યાં એક સરખો ચતુર્થ આરા જેવો કાળ નિયત છે, કાળનું પરાવર્તનપણું નથી, ત્યાં કાયમ તીર્થંકર ભગવંતો, કેવલી ભગવંતો, સાધુઓ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ હોવા સાથે શ્રુતધર્મ-ચારિત્રધર્મ કાયમ છે. અર્થાત્ અનાદિ કાલથી છે અને અનન્તકાલ પર્યંત રહેવાનો છે, જ્યારે બાકીના પાંચ ભરત અને પાંચ ઐરવતરૂપ ૧૦ કર્મભૂમિના ક્ષેત્રો કે જ્યાં મહાવિદેહ ક્ષેત્રની માફક એક સરખો કાળ નથી પરંતુ કાળનું પરાવર્તનપણું છે તેમજ કાળના પરાવર્તનપણાની સાથે તે તે ભાવોનું ચડતીપડતી રૂપે-હાનિવૃદ્ધિ રૂપે

પરાવર્તન છે ત્યાં તીર્થંકર ભગવંતો યાવત્ શ્રુતધર્મ–ચારિત્રધર્મ વિગેરે ભાવો કાયમ નથી હોતા પરંતુ અમુક કાળમાં હોય છે. આ પરાવર્તન ધર્મવાળા કાળમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી જેવા વિભાગો છે, દરેક વિભાગમાં છ છ આરાઓ હોય છે. તે આરાઓ પૈકી અમુક મધ્યકાળમાં તીર્થંકર ભગવંતો યાવત્ ધર્મ જેવી વસ્તુનો સદ્ભાવ છે. અતિ સુખમય અને અતિ દુઃખમય કાળમાં તીર્થંકર અને ધર્મ જેવી સુંદર વસ્તુઓનો અભાવ છે. ઉદાહરણ તરીકે–વર્તમાન કાળનું નામ અવસર્પિણી છે. જે કાળમાં આયુષ્ય, બળબુદ્ધિ, ધન–ધાન્યાદિની ક્રમે ક્રમે હાનિ થાય તે કાળને અવસર્પિણી કહેવાય અને તેથી વિપરીત જે કાળમાં ધન–ધાન્ય, આયુષ્ય, બુદ્ધિ, બળ વગેરે બાહ્ય સુખના સાધનોની વૃદ્ધિ થાય તેનું નામ ઉત્સર્પિણી કાળ કહેવાય છે. અવસર્પિણીમાં પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમ, બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમ, ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમ, ચોથો આરો એક કોડાકોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ન્યૂન, પંચમ આરો ૨૧૦૦૦ વર્ષ અને છઠ્ઠો આરો પણ ૨૧૦૦૦ વર્ષ પ્રમાણ હોય છે. કુલ દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ એક અવસર્પિણી છે. અને તેથી વિપરીત ક્રમે તેટલું જ પ્રમાણ એક ઉત્સર્પિણીનું છે. વર્તમાન અવસર્પિણીના ત્રીજા આરાના બે કોડાકોડી સાગરોપમમાંથી ૮૪ લાખ પૂર્વ અને ૮૯ પક્ષ જ્યારે બાકી રહ્યા ત્યારે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવસ્વામીનો ગર્ભાવતાર થયો. અનુક્રમે ૮૩ લાખ પૂર્વ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહી એક લાખ પૂર્વ આયુષ્ય બાકી રહ્યું ત્યારે તેમણે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ એક હજાર વર્ષ પછી તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારથી તેઓ યથાર્થ તીર્થંકર તરીકે ગણાયા, તેમજ તેમણે શ્રુતધર્મ-ચારિત્રધર્મની વ્યવસ્થાનું નિરૂપણ કરી ચતુર્વિધ સંઘનું સ્થાપન કર્યું. આ અવસર્પિણી કાળમાં આ ભરત ક્ષેત્રમાં જૈન ધર્મનો ત્યારથી પ્રારંભ ગણાયો. આજે પણ તે જૈનધર્મ આ ભરતક્ષેત્રમાં છે, અને હજુ પંચમકાળના લગભગ સાડાઅઢાર હજાર વર્ષ બાકી છે ત્યાંસુધી અવિચ્છિન્નપણે અમુકઅંશે પણ એ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ રહેવાનો છે. અવસર્પિણીના છઠ્ઠા આરામાં ધર્મનો સર્વથા અભાવ થશે. તે પ્રમાણે ઉત્સર્પિણીના પ્રથમ આરામાં પણ ધર્મનો સર્વથા અભાવ રહેશે. ઉત્સર્પિણીના બીજા આરામાં જાતિસ્મરણાદિકથી ધર્મનો અમુક અંશે પ્રારંભ થશે, પરંતુ તીર્થંકર ભગવંતનું અસ્તિત્વ, મોક્ષમાર્ગનો પ્રારંભ વિગેરે તો ઉત્સર્પિણીના ત્રીજા આરાની શરૂઆતમાં ૮૯ પક્ષ પસાર થયા બાદ આ ચોવીશીના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના સમાન આયુષ્યવાલા પ્રથમ તીર્થંકર થયા પછી જ થશે, અને તે અવસરે શરૂ થયેલો જૈનધર્મ પુનઃ તે ઉત્સર્પિણીના ચતુર્થ આરાની શરૂઆતના અમુક સમય સુધી વિદ્યમાન રહેશે. ત્યારબાદ અતિશય સુખના સાધનોમાં એ ધર્મનું ક્રમેક્રમે વિલયપણું થવાનો પ્રસંગ આવશે. વિલય પામેલ એ જૈનધર્મનો પુનઃ ઉપર જણાવ્યા પ્રમાણે અવસર્પિણીના ત્રીજા આરાના અંતિમ ભાગમાં ઉદય થશે. આ પ્રમાણે ઉદય–અસ્ત, ઉદય–અસ્તની પ્રણાલિકા અત્યાર સુધી ચાલી છે. અને હવે પછી પણ તે પ્રમાણે જ ચાલવાની છે. આ બધી વસ્તુ બારીકાઈથી વિચારવામાં આવે તો " જૈનદર્શન પાર્શ્વનાથ પ્રભુ અથવા મહાવીર પ્રભુના સમયથી શરૂ થયેલ છે, તે અગાઉ એ જૈનદર્શનનો સર્વથા અભાવ હતો." એવા પ્રકારના અર્થવાળાં કથનો કોઈપણ રીતે ઉચિત નથી, એ સત્ય વાત કોઇપણ સુજ્ઞને સમજાયા સિવાય નહિ જ રહે.

## સંપૂર્ણ તત્ત્વજ્ઞાન અને અખંડ શાંતિનો માર્ગ તે જ જૈનદર્શન

જરા વધુ બારીકાઈથી વિચાર કરીને કહેવામાં આવે તો જૈનદર્શનના યથાર્થ સ્વરૂપને જાણનાર હરકોઈ પંડિતને સ્પષ્ટપણે ઉચ્ચારવું પડશે કે–સૂક્ષ્મ તેમજ સ્થૂલ અથવા ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશસ્વરૂપ સંપૂર્ણ વિશ્વનું યથાર્થ સ્વરૂપ એ જ જૈનદર્શનનો તત્ત્વજ્ઞાનવિભાગ અને એ અખિલ વિશ્વવર્તી પ્રત્યેક આત્માને ઐકાન્તિક નિરાબાધ શાન્તિના માર્ગની વ્યાખ્યા એ જ જૈનદર્શનનો ચારિત્ર વિભાગ.

## જૈનદર્શનમાં દ્રવ્યાનુયોગાદિ ચાર અનુયોગો

જૈનદર્શનના શ્રુતધર્મ અને ચારિત્રધર્મના વિભાગોને જરા વધુ વિસ્તારથી વિભક્ત કરવામાં આવે તો ધર્મ અને ધર્મી, અથવા આધાર અને આધેય વિગેરે દૃષ્ટિએ ચાર વિભાગમાં વહેંચી શકાય છે. જૈનદર્શનમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ જે ચાર મુખ્ય અંગો જણાવવામાં આવ્યા છે, તેમાં જો કે ચારે ય અનુયોગો શ્રુતધર્મના અંગો તરીકે ગણવામાં આવ્યા છે, છતાં ત્રીજા તથા ચોથા ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગનો ધર્મ અને ધર્મના ભેદાભાવની અપેક્ષાએ ચારિત્રધર્મમાં બરાબર સમાવેશ થઇ શકે છે. પૂ. શ્રી આર્યવજ્રસ્વામી મહારાજના સમય પર્યંત આગમોમાં દ્રવ્યાનુયોગાદિ ચારે ય અનુયોગનો અપૃથક્ત્વ ભાવ હતો પરંતુ કાલક્રમે બુદ્ધિબલાદિની હાનિ થતાં એક જ સૂત્ર–વાક્યને ચારે ય અનુયોગના અર્થમાં ઘટાવવાની શક્તિ ન રહેવાથી પૂ. આર્યરક્ષિતસૂરિ ભગવંતે એક એક આગમોમાં અમુક અનુયોગની પ્રધાનપણે સ્થાપના કરી છે જે બાબત જૈન ઇતિહાસને જાણવાવાળાઓ બરાબર જાણે છે.

## દ્રવ્યાનુયોગની વ્યાખ્યા અને તે વિષયના ગ્રન્થો

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ ષડ્ દ્રવ્યોની પ્રધાનપણે વ્યાખ્યા તેનું નામ દ્રવ્યાનુયોગ. એ દ્રવ્યાનુયોગ વ્યાખ્યાની પ્રધાનતાવાળા જે ગ્રન્થો જેવા કે–શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર, સ્થાનાંગસૂત્ર, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ–ભગવતીસૂત્ર, જીવાભિગમ સૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, સન્મતિતર્ક, વિશેષાવશ્યક, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ, શતકપ્રકરણ, પ્રાચીન–નવીન ષડ્કર્મગ્રન્થ, જીવવિચાર, નવતત્ત્વ પ્રકરણ, સ્યાદ્વાદરત્નાકર, સ્યાદ્વાદમંજરી, તત્વાર્થાધિગમસૂત્ર, જીવાનુશાસન, જીવસમાસ, લોકપ્રકાશ વિગેરેમાં દ્રવ્યાનુયોગગર્ભિત મુખ્યપણે વ્યાખ્યા કરવામાં આવેલ હોય છે. સપ્તનય, સપ્તભંગી, દ્રવ્યાસ્તિકનય, પર્યાયાસ્તિકનય, નિશ્ચય–વ્યવહાર વિગેરે અપેક્ષાએ આત્મવાદ, પુદ્‌ગલવાદ, જીવાજીવાદિ પદાર્થોની ઝીણવટભરી વ્યાખ્યાઓનો પણ આ અનુયોગમાં સમાવેશ કરવામાં આવેલ છે.

## ગણિતાનુયોગ અને તે વિષયને જણાવનારા મૌલિક ગ્રન્થો

ઊર્ધ્વલોક, અધોલોક, તીર્છાલોક, અલોકાકાશ, લોકાકાશનાં ખંડુક, ઊર્ધ્વલોકમાં દેવોના વિમાનોની વ્યવસ્થા, અધોલોકમાં સાતેય નરકપૃથ્વીનું પ્રમાણ, તીર્છા–મધ્યલોકમાં અસંખ્ય

દ્વીપ સમુદ્રો અને તેના પ્રમાણાદિની વ્યાખ્યા, સૂર્ય–ચંદ્ર વિગેરે જ્યોતિષ્ચક્રની વ્યાખ્યા, સૂર્ય–ચંદ્રાદિની ગતિવ્યવસ્થા, દક્ષિણાયન–ઉત્તરાયણ વિગેરે વિભાગો, સૂર્ય–ચંદ્રના મંડલો, વૈમાનિક દેવોના વિમાનોની લંબાઇ પહોળાઇ, ભુવનપતિ દેવોનાં ભુવનોનું પ્રમાણ, નારકીમાં નરકના જીવોને ઉત્પન્ન થવાના નરકાવાસોની સંખ્યા, કર્મભૂમિ, અકર્મભૂમિ, અંતરદ્વીપના ક્ષેત્રો, વર્ષધર પર્વતો, શાશ્વતા જિનચૈત્યો, શાશ્વતી પ્રતિમાઓ, સિદ્ધશિલા, પંચમેરુનું સ્વરૂપ વિગેરે વ્યાખ્યાનો ગણિતાનુયોગના વિષયમાં સમાવેશ થાય છે. એ વિષયનું પ્રતિપાદન કરનારા સંખ્યાબંધ આગમ પ્રકરણાદિ ગ્રન્થો પૈકી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ્કરંડક, મંડલપ્રકરણ, દેવેન્દ્રનરકેન્દ્ર પ્રકરણ, ક્ષેત્રસમાસ, જંબૂદ્વીપસંગ્રહણી, બૃહત્સંગ્રહણી, લોકપ્રકાશ વિગેરે ગ્રન્થો વિદ્વજ્જૈન સમાજમાં સુપ્રસિદ્ધ છે.

## ચરણકરણાનુયોગ અને તે વિષયના ગ્રન્થો

સાધુ–સાધ્વીના આચારો, મૂલગુણ ઉત્તરગુણ, ચરણસિત્તરિ કરણસિત્તરિ તેમજ પ્રસંગોપાત્ત શ્રાવકધર્મના માર્ગાનુસારીના ૩૫ ગુણો, શ્રાવકનાં બાર વ્રતો, શ્રાવકની અગિયાર પડિમાઓ, પ્રભુપૂજા–ગુરુવંદનાદિ વિધિ વિગેરે વિષયોનો ચરણકરણાનુયોગમાં અન્તર્ભાવ થાય છે. શ્રી આચારાંગ સૂત્ર, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, શ્રી મહાનિશીથસૂત્ર નિશીથચૂર્ણિ, દશવૈકાલિક સૂત્ર, બૃહત્કલ્પસૂત્ર, પંચાશક મહાગ્રન્થ, યોગશાસ્ત્ર, યતિલક્ષણસમુચ્ચય, શ્રાવકધર્મવિધિ પ્રકરણ, સંઘાચાર ભાષ્ય, પંચવસ્તુક મહાગ્રન્થ વિગેરે વિપુલ ગ્રન્થો આ અનુયોગના વિષયથી વિશેષ ભરપૂર છે.

## ધર્મકથાનુયોગ અને તે વિષય પ્રતિપાદન કરનારું સાહિત્ય

સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનું આરાધન કરવા સાથે સાધુજીવનમાં તેમજ ગૃહસ્થજીવનમાં કોણ કોણ આત્માઓએ કેવી રીતે કલ્યાણની સાધના કરી? એ આત્મકલ્યાણની સાધનામાં કર્મોદયજન્ય અન્તરાયો ઉપદ્રવો ઊભા થતાં કેવી બહાદૂરીથી એ આત્મસાધકોએ સામનો કર્યો અને મોહમહારાજાની સાથે રણસંગ્રામ મચાવી ત્રિકાલાબાધિત અખંડ અનુપમેય આત્મિક સામ્રાજ્યનું ઐશ્વર્ય કઇરીતિએ પ્રાપ્ત કર્યું? તેમજ એ સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની વિરાધના કરી અઢારે પાપસ્થાનકોનું નિરંતર સેવન કરી કોણ કોણ આત્માઓ માનવજીવન જેવા ઉત્તમ જીવનમાંથી અધઃપતન પામ્યા? વિગેરે વિષયોને અનુલક્ષીને કથાઓ–ચરિત્રો–દૃષ્ટાન્તો–ઉદાહરણો જેમાં કહેવાય તે ધર્મકથાનુયોગ ગણવામાં આવે છે. શ્રી જ્ઞાતાસૂત્ર, ઉપાસકદશાંગ, વિપાકશ્રુત, ઉત્તરાધ્યયનસૂત્ર, સમરાઇચ્ચકહા, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, સુપાસનાહચરિયં, ઉપદેશપ્રાસાદ વિગેરે સંખ્યાબંધ ગ્રન્થો આ ધર્મકથાનુયોગના વિષયને વર્ણવનારા છે.

## ચારે ય અનુયોગમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા

આ પ્રમાણે ઉપર જણાવેલા દ્રવ્યાનુયોગાદિચારેય અનુયોગો યદ્યપિ પોતપોતાના વિષયમાં પ્રધાન ભાગ ભજવે છે, તથાપિ આત્માની એકાગ્રતા અને તેથી પ્રાપ્ત થતી સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે દ્રવ્યાનુયોગની સર્વ અનુયોગોમાં મુખ્યતા છે અને તેથી જ તેનો નંબર બધાયમાં પહેલો આપ-

વામાં આવેલ છે. બાલવર્ગને ધર્મકથાનુયોગ અથવા ચરણકરણાનુયોગના વિષયોમાં જે આનંદ આવે છે તે આનંદ તદ્વિષયક જ્ઞાનના અભાવે દ્રવ્યાનુયોગના વિષયમાં નથી ઉત્પન્ન થતો. તેને તે આત્મવાદ પુદ્ગલવાદની ઝીણવટભરી ચર્ચાઓ નીરસ લાગે છે. એમ છતાં એટલું તો નિર્વિવાદ છે કે કોઈપણ વિષય સંબંધી સ્વાધ્યાયપ્રસંગમાં જેટલી વધુ એકાગ્રતા તેટલી વધુ કર્મનિર્જરા છે, તેવી યથાર્થ એકાગ્રતા અને તે પણ લાંબા કાળ સુધી તો દ્રવ્યાનુયોગ સંબંધી વિષયોના રીતસર અભ્યાસી આત્માને જેવી થાય છે તેવી બીજાને નથી થતી, તેથી જ નિર્યુક્તિકારા ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામિજીએ **दवियं दंसणसोही** ઇત્યાદિ ગાથાનું ઉચ્ચારણ કરી દ્રવ્યાનુયોગના અભ્યાસને દર્શનશુધ્ધિના અનુપમ કારણ તરીકે જણાવેલ છે.

## પ્રસ્તુત ગ્રન્થમાં દ્રવ્યાનુયોગ સંબંધી વિષયની વ્યાખ્યા

પ્રસ્તુત **द्वाषष्टिमार्गणासंग्रह** નામનો સુંદર ગ્રન્થ પણ ચારે ય અનુયોગમાં પ્રધાન એવ દ્રવ્યાનુયોગના વિષયથી ભરપૂર છે. કોઇપણ વસ્તુનું સારી રીતે વિવેચન થઇ શકે અને ક્ષયોપશમ અનુસાર યથાયોગ્ય સુંદર જાણપણું થાય તે માટે જૈનદર્શનમાં અન્ય કોઇપણ દર્શનમાં ન મલે તેવી સરસ પ્રણાલિકાઓ બતાવવામાં આવેલ છે, જેમકે–એક જીવ નામનો પદાર્થ છે તો તેનું રીતસર સ્વરૂપ જાણવા માટે જુદા જુદા ઉપાયો આપવામાં આવેલા છે. પ્રથમ તો એ જીવ પદનો–નામ સ્થાપના દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપાઓથી વિચાર કરવો. અર્થાત્ નામ જીવ કોને કહેવાય ? સ્થાપના જીવનું સ્વરૂપ શું ? દ્રવ્ય તથા ભાવ જીવની કઇ વ્યાખ્યા છે ? એ પ્રમાણે ચારે ય પ્રકારે વિચાર કર્યા બાદ નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને પ્રકાર એ છ દ્વારોથી જીવ પદાર્થની વિચારણા કરવી. એટલે કે **को जीवः ? किं द्रव्यं गुणः आहोस्वित् पर्यायः ?** [ જીવ કોણ છે ? શું દ્રવ્ય છે ? ગુણ છે ? અથવા પર્યાય છે ? ] આ પ્રમાણે પૂછીને પછી તેનો ઉત્તર આપવો કે **उपयोगलक्षणो गुणपर्यायसंपन्नो जीवो द्रव्यम्** [ જીવ એ ગુણ નથી, જીવ એ પર્યાય નથી પરંતુ ગુણ–પર્યાય સહિત જીવ એ એક દ્રવ્ય છે ] આ નિર્દેશ દ્વાર થયું. ત્યારબાદ જીવ જ્યારે દ્રવ્ય છે તો તેનો સ્વામી કોણ ? તેને જાણવાનું સાધન શું ? તેનો આધાર કોણ ? તેની સ્થિતિ કેટલી અને તેના પ્રકારો કેટલા ? એમ અનુક્રમે બાકીના સ્વામિત્વાદિ પાંચે ય દ્વારોનું પ્રશ્નોત્તર-પૂર્વક વિવેચન કરવાથી જીવ નામના દ્રવ્યનું રીતસર સારી રીતે જ્ઞાન પ્રાપ્ત થાય છે.

## કોઈપણ પદાર્થના સ્વરૂપજ્ઞાન માટે સત્પદાદિ દ્વારો

તેથી પણ વધુ જિજ્ઞાસા થાય તો સત્પદાદિ નવ દ્વારો જે તત્વાર્થસૂત્ર, નવતત્વ પ્રમુખ અનેક શાસ્ત્રોમાં બતાવેલા છે તે દ્વારા પુનઃ આગળ વિચાર કરવો. જેમકે જીવ નામના પદાર્થની સત્તા છે કે કેમ ? તેનો નિશ્ચય કરવો તે પહેલું સત્પદદ્વાર, જ્યારે જીવ નામનો પદાર્થ છે તો તેનું દ્રવ્યપ્રમાણ અર્થાત્ સંખ્યા કેટલી છે ? તેનો નિર્ણય તે બીજું દ્રવ્યપ્રમાણ દ્વાર. એ જીવ દ્રવ્યનું ક્ષેત્ર ( અવગાહના ) કેટલું ? તેની વ્યાખ્યા તે ત્રીજું ક્ષેત્રદ્વાર, જીવ દ્રવ્યને આકાશ પ્રદેશોની સ્પર્શના કેટલી ? તેનું સ્વરૂપ તે ચોથું સ્પર્શનાદ્વાર પાંચમા દ્વારમાં જીવદ્રવ્યનો કાળ કેટલો ? તેનો નિર્ણય, છઠ્ઠા દ્વારમાં જીવદ્રવ્યનું અંતર કેટલું ? તેની ચર્ચા,

સાતમા દ્વારમાં જીવદ્રવ્ય લોકના કેટલામા ભાગે હોય ? તે બાબત, આઠમા દ્વારમાં પાંચ અથવા છ ભાવો પૈકી જીવદ્રવ્યને કેટલા ભાવ હોય ? તે વિષય, અને નવમા દ્વારમાં અન્ય પદાર્થોની સાથે તેમજ જીવના ભિન્ન પ્રકારોમાં પરસ્પર અલ્પબહુત્વ.

## સપ્તનય-સપ્તભંગી દ્વારા પદાર્થ તત્ત્વનો નિર્ણય

આટલી વિચારણા બાદ પણ એ જીવપદાર્થના હજુ વિશેષ જ્ઞાન માટે જિજ્ઞાસા જાગે તો સપ્તનય-સપ્તભંગી વિગેરે અપેક્ષાએ જીવપદાર્થની વિચારણામાં દાખલ થાય. નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત એ સાતે નયોના સ્વરૂપને બરાબર જાણી નૈગમની અપેક્ષાએ જીવ કોને કહેવાય ? યાવત્ એવંભૂતનયની જીવપદાર્થમાં કયારે ઘટના થઇ શકે ? વિગેરે સ્વરૂપ ચિન્તનમાં એક થ બને. એજ પ્રમાણે સપ્તભંગીના જે મુખ્ય ત્રણ પદો જેના ઉપરથી સપ્તભંગીની ઘટના થઇ છે તે અસ્તિ-નાસ્તિ-અવક્તવ્યાદિ એક એક ભંગની સાથે પુનઃજીવનો વિચાર કરી શકાય છે.

## બાસઠ માર્ગણામાં જીવાદિ દ્વારની ચિંતના

આટલાથી જ હજુ એ એક જીવપદની વિચારણા સમાપ્ત થતી નથી. જે મુખ્ય વિષય ઉપર આ ગ્રન્થની રચના કરવામાં આવેલ છે. તે બાસઠ માર્ગણામાં પણ જીવપદાર્થની અનેક રીતિએ વિચારણા ચલાવવાની છે. તાત્પર્ય એ છે કે-કોઈ પણ એક પદાર્થનું સંપૂર્ણ જાણપણું તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ સિવાય નથી જ થઈ શકતું તો પણ ઉપર જણાવેલ ભિન્ન ભિન્ન પ્રકારે જો વિવક્ષિત પદાર્થની યથાયોગ્ય આલોચના કરવામાં આવે તો તે પદાર્થનું ઘણું જ સુંદર જાણપણું પ્રાપ્ત થાય છે." આત્મલક્ષી યોગીશ્વરો એક જ પદાર્થના ધ્યાનમાં દિવસોના દિવસો પસાર કરે છે." એવું અનેક સ્થલે વાંચવામાં આવતા બાલવર્ગને તેમાં આશ્ચર્ય લાગે છે પણ ઉપર જણાવેલા પ્રકારોથી જો કોઇપણ ભાવનું ચિન્તન કરવામાં આવે તો તેમાં અસંખ્યાતો કાળ પસાર થઇ જાય તેમાં જરાપણ આશ્ચર્ય પામવા જેવું નથી. કોઇપણ જીવાજીવાદિ પદાર્થના સુંદર સ્વરૂપને જણાવવામાં સાધનભૂત પૂર્વે જણાવેલી અનુપમ શૈલીઓ સ્યાદ્‌વાદગર્ભિત જૈન દર્શન સિવાય કયાંઇ પણ નહિં જોવામાં આવે. ધન્ય હો એ જૈનદર્શનને ! કોટિ કોટિ વંદન હો એ જૈનદર્શનને તથા એ જૈનદર્શનના વિશ્વવન્દ્ય અધિપતિને !

## દ્વાષષ્ટિમાર્ગણા સંગ્રહ એ ગ્રન્થના નામની સાર્થકતા.

પ્રસંગોચિત આટલું જણાવ્યા બાદ આ ગ્રન્થનું 'દ્વાષષ્ટિમાર્ગણા સંગ્રહ' એવું જે અભિધાન રાખેલ છે તે અભિધાન સંબંધી વિચાર કર્યા બાદ ગ્રન્થાન્તર્ગત વિષય સંબંધી પણ વિચારણા કરીએ. પ્રથમ તો "માર્ગણા" એટલે શું ? અને તેની સંખ્યા ૬૨ શા માટે ? આ બાબત સંક્ષેપમાં સમજવાની જરૂર છે. અને એ સમજાશે એટલે 'દ્વાષષ્ટિમાર્ગણા સંગ્રહ' એ નામ રાખવાનુ પ્રયોજન પણ આપોઆપ ખ્યાલમાં આવી જશે. 'માર્ગણા' શબ્દ એ સ્ત્રીલીંગી શબ્દ છે અને મૃગ્=સંશુદ્ધૌ= સારી રીતે શોધન કરવું એ ધાતુ ઉપરથી બનેલ છે. ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન સ્થાને વહેંચાયેલા જીવ-યોગ-ઉપયોગ-ગુણસ્થાન-લેશ્યા-કર્મપ્રકૃતિઓ વિગેરે કોઇપણ બાબતનું સંશોધન-અન્વેષણ કરી તારવણી કરવી તેનું

નામ માર્ગણા. એક મોતીની માળા ત્રુટી જતાં આડાંઅવળાં વેરાઇ ગયેલા તેના મણુકાઓનું જેમ અન્વેષણ કરવું પડે છે, તે પ્રમાણે સમાન શક્તિ છતાં કર્મયોગે જુદી જુદી ગતિમાં-જુદી જુદી જાતિમાં-જુદી જુદી કાયામાં, જુદી જુદી યોગાદિ અવસ્થાઓમાં વ્હેંચાયેલા જીવ વિગેરે કોઇ પણ પદાર્થનું અન્વેષણ કરવું તેનું નામ માર્ગણા છે. આ માર્ગણાના મુખ્ય ભેદો ૧૪ છે. ૧ ગતિ, ૨ જાતિ, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય, ૭ જ્ઞાન-( અજ્ઞાન ), ૮ સંજમ-( દેશ-સંજમ-અવિરતિ ) ૯ દર્શન, ૧૦ લેશ્યા, ૧૧ ભવ્ય-( અભવ્ય ), ૧૨ સમ્યક્ત્વ-( મિશ્ર-મિથ્યાત્વ ), ૧૩ સંજ્ઞિ, ૧૪ આહારક. તેમાં ગતિ માર્ગણાના પેટાભેદ ૪, જાતિના ૫, કાયના ૬, યોગના ૩, વેદના ૩, કષાયના ૪, જ્ઞાન અને અજ્ઞાનના મળી ૮, સંજમના દેશવિરતિ-અવિરતિ સાથે ૭, દર્શનના ૪,લેશ્યાના ૬, ભવ્ય તથા અભવ્ય ૨,સમ્યકત્વના મિશ્ર તથા મિથ્યાત્વ સાથે ૬, સંજ્ઞિ-અસંજ્ઞિ ૨ અને આહારક-અનાહારક ૨. એ પ્રમાણે દરેક માર્ગણાના પેટાભેદોનો સરવાળો કરતા કુલસંખ્યા ૬૨ થાય છે.આ ચૌદે મૂળમાર્ગણા પૈકી પ્રત્યેક માર્ગણા એવી છે કે તેના પેટા ભેદમાં સંસારી સર્વ જીવોનો સમાવેશ થઇ જાય. જેમકે ગતિમાર્ગણાંના નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર વિભાગ છે તો સર્વ સંસારી જીવોનો એ ચારે ગતિમાં સમાવેશ થયેલો છે. કોઇ સંસારી જીવો નરકરૂપે, કોઈ તિર્યંચરૂપે, કોઈ મનુષ્યરૂપે અને કોઇ દેવરૂપે તે તે ગતિમાં અવતરેલા છે. કોઇપણ સંસારી જીવ આ ચાર ગતિથી બાહ્ય નથી. એ જ પ્રમાણે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ જાતિ માર્ગણાના પાંચે ભેદોમાં સર્વ જીવો આવી જાય છે. એમ યાવત્ છેલ્લી આહારક માર્ગણા માટે પણ સમજવું. કોઇ સંસારી જીવો જેઓ અપાન્તરાલગતિમાં-કેવલી સમુદ્‌ઘાતના ત્રીજા-ચોથા-પાંચમા સમયમાં, તથા અયોગી ગુણસ્થાને પહોંચેલા છે તેઓ અનાહારક છે. બાકીના સર્વ સંસારી જીવો આહારક છે. આ પ્રમાણે પ્રત્યેક માર્ગણામાં સર્વ સંસારી જીવોની ઘટના કરી લેવી. આ ૬૨ માર્ગણાની અપેક્ષાએ જીવસ્થાન, ગુણસ્થાન, યોગ, ઉપયોગ આદિ અનેક દ્વારોનું વિવેચન અહિં કરવામાં આવેલ હોવાથી ગ્રન્થનું જે નામ રાખેલ છે તે બરાબર છે.

### ૬૨ માર્ગણામાં ઘટાવેલ જીવ, ગુણસ્થાન વિગેરે દ્વારો.

ઉપર જણાવેલ મૂલ ૧૪ માર્ગણા અને પેટાભેદની અપેક્ષાએ ૬૨ માર્ગણાઓ જે જણાવી તે માર્ગણાઓમાં જીવ, યોગ, ઉપયોગ વિગેરે જુદા જુદા દ્વારોની આ ગ્રન્થમાં વિચારણા કરવામાં આવેલ છે. જેમકે જીવના ૫૬૩ ભેદો પૈકી કઇ માર્ગણામાં કેટલા ભેદો ઘટી શકે અને તે પ્રમાણે થવામાં શું શું કારણો છે ? તે બાબતોનું સુંદર નિરૂપણ કરવામાં આવેલ છે. કર્મગ્રન્થ વગેરે શાસ્ત્રોમાં જીવના ૧૪ ભેદ લક્ષ્યમાં રાખીને માર્ગણાઓની અપેક્ષાએ વિચારણા કરવામાં આવેલ છે જ્યારે આ ગ્રન્થમાં ૫૬૩ ભેદોનું માર્ગણા દ્વારોમાં અન્વેષણ કરવામાં આવેલ છે તે વિશેષતા છે. સંસારી જીવોના ૫૬૩ ભેદોનું અન્વેષણ કરી લીધા બાદ ચૌદ ગુણસ્થાનોને ૬૨ માર્ગણામાં ઘટાડવામાં આવેલ છે. અર્થાત્ પ્રથમ ગુણસ્થાનોનું રીતસર સ્વરૂપ જણાવ્યા બાદ કઇ માર્ગણામાં કેટલા ગુણસ્થાન હોય તેનો યંત્ર ( કોઠો ) આપ્યા પછી સાથે જ તેના હેતુઓનું નિરૂપણ કરવામાં આવેલ છે, ત્યારબાદ યોગ-ઉપયોગ વિગેરે ઉપરની પ્રણાલિકાથી ૬૨ માર્ગણાની સાથે ઘટાવેલ છે. ગ્રન્થકારે આવા દ્વારો કુલ ૮૩ આ

ગ્રન્થમાં ચર્ચ્યાં છે. આ દ્વારોના નામોનો ઉલ્લેખ આ પ્રમાણે છે, ૧ જીવદ્વાર (૫૬૩), ૨ ગુણસ્થાનદ્વાર (૧૪), ૩ ઉપયોગ (૧૨), ૪ યોગ (૧૫), ૫ મિથ્યાત્વ (૫), ૬ અવિરતિ (૧૨), ૭ કષાય (૨૫), ૮ લેશ્યા (૬), ૯ ગતિ (૪), ૧૦ જાતિ (૫), ૧૧ કાય (૬), ૧૨ વેદ (૩), ૧૩ ચારિત્ર (૭), ૧૪-૧૫ ભવ્ય (૧)--અભવ્ય (૧), ૧૬ સમ્યકત્વ (૬), ૧૭-૧૮ સંજ્ઞિ (૧)--અસંજ્ઞિ (૧), ૧૯-૨૦ આહારી (૧)--અણાહારી (૧), ૨૧ શરીર (૫), ૨૨ પર્યાપ્તિ (૬), ૨૩ પ્રાણદ્વાર (૧૦), ૨૪ ધ્યાન (૧૬), ૨૫ જીવસ્થાન (૧૪), ૨૬ ચતુઃસંજ્ઞાદ્વાર (૪), ૨૭ ત્રિસંજ્ઞાદ્વાર (૩), ૨૮ સમુદ્ઘાત (૭), ૨૯ જીવાયોનિ (૮૪ લાખ), ૩૦ કુલકોટિ (૧ ક્રોડ ૯૭ાલાખ), ૩૧ સંસ્થાન (૬), ૩૨ સંઘયણ (૬), ૩૩ દૃષ્ટિદ્વાર (૩), ૩૪ ભાવદ્વાર (૫), ૩૫ ઉપશમભાવ (૨), ૩૬ ક્ષાયિકભાવ (૯), ૩૭ ક્ષયોપશમભાવ (૧૮), ૩૮ ઔદયિકભાવ (૨૧), પારિણામિકભાવ (૩), ૪૦ સાંનિપાતિકભાવ (૨૬), ૪૧ અજીવભેદ (૧૪), ૪૨ પુન્યબંધપ્રકૃતિ (૪૨), ૪૩ પાપપ્રકૃતિ (૮૨), ૪૪ આશ્રવ (૪૨), ૪૫ સંવર (૫૭), ૪૬ નિર્જરા (૧૨), ૪૭ બન્ધ (૪), ૪૮ મોક્ષ (૯), ૪૯ દંડક (૨૪), ૫૦ જ્ઞાન (૫), ૫૧ અજ્ઞાન (૩), ૫૨ દર્શન (૪), ૫૩ જ્ઞાનાવરણ (૫), ૫૪ દર્શનાવરણ (૯), ૫૫ વેદનીય (૨), ૫૬ મોહનીય (૨૮), ૫૭ આયુષ્ય (૪), ૫૮ નામકર્મ (૬૭), ૫૯ ગોત્ર (૨), ૬૦ અંતરાય (૫), ૬૧ પુન્યોદયપ્રકૃતિ (૪૨), ૬૨ જઘન્યકાયસ્થિતિ, ૬૩ ઉત્કૃષ્ટકાયસ્થિતિ, ૬૪ જઘન્યભવસ્થિતિ, ૬૫ ઉત્કૃષ્ટભવસ્થિતિ ૬૬ અવગાહના, ૬૭ નામકર્મ સિવાય સાત કર્મની (૫૩) ઉત્તરપ્રકૃતિઓનો બંધ, ૬૮ નામકર્મની ઉત્તરપ્રકૃતિઓનો બંધ (૬૭), ૬૯ બંધહેતુના ઉત્તરભેદ (૫૭), ૭૦ આઠેય કર્મની ઉત્તરપ્રકૃતિઓની (૧૨૨) ઉદય માર્ગણા, ૭૧ ગતિ ( આયુષ્ય પૂર્ણ થયા બાદ કયાં ઉત્પન્ન થવું તે ), ૭૨ આગતિ, ૭૩ ધ્રુવબંધિદ્વાર, ૭૪ અધ્રુવબંધિદ્વાર, ૭૫ ધ્રુવોદયદ્વાર, ૭૬ અધ્રુવોદયદ્વાર, ૭૭ ધ્રુવસત્તાદ્વાર, ૭૮ અધ્રુવસત્તાદ્વાર, ૭૯ સર્વઘાતીદ્વાર, ૮૦ દેશઘાતીદ્વાર, ૮૧ અઘાતીદ્વાર, ૮૨ અપરાવર્તમાન દ્વાર અને ૮૩ પરાવર્તમાનદ્વાર.

## પ્રત્યેક દ્વારને વર્ણવવાની સુંદર અને સુબોધક શૈલી.

જીવ-ગુણસ્થાન વિગેરે ઉપર જણાવેલ ૮૩ દ્વારો પૈકી એક એક દ્વારનો તેના પેટાભેદ સાથે ૬૨ માર્ગણામાં વિચાર કરવાથી તે તે વિવક્ષિતદ્વાર સંબંધી અનેક પ્રકારનું જાણપણું પ્રાપ્ત થાય છે. અનેક શાસ્ત્રીય ગ્રન્થોનો મનનપૂર્વક અભ્યાસ વારંવાર કરવામાં આવે ત્યારે જ આવા વિષયો અમુક અંશે ઉપસ્થિત રહે છે. સામાન્યબુદ્ધિવાળાઓ અથવા અલ્પપરિશ્રમ કરનારાઓને આવા ગહન વિષયમાં ગોથા જ ખાવા પડે છે. ગ્રન્થકારે દરેક દ્વારનું સ્વરૂપ શરૂઆતમાં ટૂંકું પણ ઘણું સુંદર આપેલ છે તેટલુંજ નહિં પરંતુ તે તે દ્વારના ભેદપ્રભેદની નાની મોટી વ્યાખ્યા સાથે સંખ્યાના આંકડાઓ પણ આપેલા છે. વળી એ દ્વારોનું જે આગમાદિ ગ્રન્થોમાં વર્ણન હોય તે તે આગમાદિ ગ્રન્થોના નામોનો ઉલ્લેખ પણ સાથે સાથે ઘણા સ્થળોએ કર્યો

છે. દ્વારની સમજ તથા ભેદપ્રભેદોની સંખ્યા આપ્યા બાદ તૂર્તજ ૬૨ માર્ગણામાં તે દ્વારના ભેદપ્રભેદની ઘટના કરેલ છે અને તે બાબત કોઠાથી બતાવવામાં આવેલ હોવાથી અભ્યાસકોને ઘણી સુગમતાનું સાધન થયું છે. જે માર્ગણામાં વિવક્ષિતદ્વારના જેટલા જેટલા ભેદોની ઘટના થતી હોય તેમાં કયા કયા હેતુઓ છે? અને જે જે ભેદો જે માર્ગણામાં નથી ઘટી શકતા તેમાં કયા કયા કારણો છે? તેની ટૂંકી નોંધ પણ દરેક દ્વારમાં કોઠાની સાથે સાથે જ ગ્રન્થકાર આપવાનું ચૂકયા નથી. એટલે કોઈપણ એક દ્વારનું સુંદરમાં સુંદર જ્ઞાન પ્રાપ્ત થાય છે. ગ્રન્થમાં અપાયેલા પ્રત્યેક દ્વારો જો કે ખાસ ધ્યાન દઈને અભ્યાસમાં મૂકવા લાયક છે, છતાં યોગ-ધ્યાન-સંવર-નિર્જરા-ભાવ-ભવસ્થિતિ-કાયસ્થિતિ વિગેરે દ્વારો તો દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુ આત્માઓને ખૂબ જ વારંવાર મનન કરવા લાયક છે.

## આ વિષયના અનેક પ્રાચીન ગ્રન્થો પૈકી કેટલાંક વિશિષ્ટ ગ્રન્થોનાં નામો.

શ્રીપ્રજ્ઞાપના સૂત્ર, પંચસંગ્રહ, બૃહત્ સંગ્રહણી, ચતુર્થષડશીતિકા કર્મગ્રન્થ, લોકપ્રકાશ વિગેરે ગ્રન્થોમાં પૂજ્યપ્રવર પરમકારુણિક આચાર્યભગવંતોએ આ દ્વારોને ૬૨ માર્ગણામાં ઘટાવ્યા છે, છતાં પ્રસ્તુત ગ્રન્થના પ્રણેતા મુનિશ્રીએ એ સર્વમાન્ય આગમાદિ ગ્રન્થોમાંથી તારણ કરીને આ ગ્રન્થ અભ્યાસક વર્ગ માટે જે તૈયાર કર્યો છે, તે ઘણું જ ઉપયોગી થયું છે; કારણકે વર્તમાન સમયમાં સંસ્કૃત પ્રાકૃત ભાષાના અભ્યાસીઓની સંખ્યા ઘણી અલ્પ જોવાય છે. અને પ્રજ્ઞાપના, પંચસંગ્રહદિ શાસ્ત્રો સંસ્કૃત પ્રાકૃત ભાષામાંજ રચાયેલ હોઇ તે ભાષાનો યોગ્ય અભ્યાસ હોય તો જ તે ગ્રન્થોનું પઠન-પાઠન થઇ શકે; જ્યારે આ ગ્રન્થ ગુર્જર ભાષામાં તૈયાર થયેલો હોવાથી અનેક જ્ઞાનપિપાસુ આત્માઓ તેનો લાભ લઇ આત્મકલ્યાણનો લાભ ઊઠાવી શકે તેમ છે.

## આવા ગ્રન્થોના અભ્યાસથી થતી આધ્યાત્મિક પ્રગતિ.

આવા ગ્રન્થના વાચન-મનન તેમજ વારંવાર અભ્યાસથી આત્મલક્ષી મુમુક્ષુઓને આત્મવિકાસની પ્રગતિ સંબંધી ઘણો વેગ મળે છે. આવા ગ્રન્થનું અધ્યયન ચિત્તની સ્થિરતા સિવાય થઇ શકતું જ નથી. એટલે એ ગ્રન્થના અધ્યયનદ્વારા ચિત્તની સ્થિરતાનો લાભ મળે છે. અને 'જેટલી ચિત્તની વધુ સ્થિરતા તેટલી કર્મની વધુ નિર્જરા' એ આપણા જૈન સિદ્ધાન્ત પ્રમાણે કર્મનિર્જરાનો પણ સુંદર લાભ પ્રાપ્ત થાય છે. હું કયા ગુણસ્થાનકમાં છું? અથવા કેટલા ગુણસ્થાનકો પ્રાપ્ત કરી શકાય તેવી મારી હદ છે? કઇ ગતિ જાતિમાં અથવા કયા યોગ-ઉપયોગમાં કયા જીવને ચાર પ્રકારના ધ્યાનમાંથી કયું ધ્યાન હોય? કોણ જીવ કયા કયા સ્થલે કેટલા કાળ સુધી ભમ્યો? અને કોણ જીવ આયુષ્ય પૂર્ણ કરીને કઈ ગતિમાં જાય છે? વિગેરે અનેકાનેક સુંદર વાતો આવા ગ્રન્થમાંથી મળી આવવાને અંગે અધ્યાત્મ દશામાં પણ આગેકદમ માંડી શકાય છે.

## ગ્રન્થ સંકલના કરનાર મુનિવર્યશ્રી વિશાળવિજયજી મહારાજ.

પ્રસ્તુત ગ્રન્થની સંકલના એ મુનિવર્ય શ્રીમાન્ વિશાલવિજયજી મહારાજનો સુંદર શાસ્ત્રાભ્યાસ અને સતત પરિશ્રમનું ફલ છે. આગમાદિ ગ્રન્થોના સતત પરિશીલન સિવાય આવા ગ્રન્થો લખવાની શક્તિ આવી શકે જ નહિં. ઉકત મુનિશ્રીનો નિરંતર આગમાદિ ગ્રન્થોનો અભ્યાસ એ જ આવા સુંદર શાસ્ત્રરૂપે પરિણામ પામેલ છે. તેઓશ્રી શાસ્ત્રવિશારદ સુપ્રસિધ્ધ

જૈનાચાર્ય વિજયધર્મસૂરિમહારાજના પ્રશિષ્ય છે. અને શાન્તમૂર્તિ શ્રીમાન જયંતવિજયજી મહારાજના શિષ્ય છે. લગભગ ૩૪ વર્ષનો તેમનો દીર્ઘ દીક્ષાપર્યાય છે, એ દરમ્યાન જ્ઞાનાભ્યાસ-ક્રિયારુચિ–અઠ્ઠાઇ–અઠ્ઠમ વિગેરે અનેક તપસ્યાઓ વિગેરે કલ્યાણસાધક યોગોની સુંદર સાધના કરી છે અને અનેક ભવ્યાત્માઓને પણ એ માર્ગે જોડવા માટે સદુપદેશ આપી મુનિપણાની સાર્થકતા સાધી રહ્યા છે. સુભાષિતપદ્યરત્નાકર ભાગ ૧ થી ૫ વિગેરે વ્યાખ્યાનોપયોગી ગ્રન્થોની પણ તેઓએ સંકલના કરી સાક્ષર સમાજના ચરણે સાહિત્યનો રસથાલ સમર્પણ કર્યો છે. હજુ પણ તેઓશ્રી સ્વ–પરકલ્યાણ સાધનાની સત્પ્રવૃત્તિમાં આગળ વધી આવા અનેક ગ્રન્થો અભ્યાસક વર્ગ માટે તૈયાર કરે એ જ આપણે ઇચ્છીએ છીએ

## પ્રસ્તાવના લખવાનો સુપ્રસંગ પ્રાપ્ત થવાનો હેતુ.

ગત વર્ષે (વિ. સં–૨૦૦૧) અમદાવાદ નાગજી ભૂધરની પોળના ઉપાશ્રયે ચાતુર્માસ પૂર્ણ થયા બાદ અખંડ પ્રૌઢપ્રભાવશાલી સૂરિસમ્રાટ્ પૂ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે [ વિ. સં. ૨૦૦૨ કા. વદિ ૨ ] મને ઉપાધ્યાયપદાર્પણનો વિધિ થયા પછી મહાપ્રભાવક શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા કરવાની ભાવના થઇ. પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાપૂર્વક બીજા છ સાધુઓ સાથે અમો અમદાવાદથી વિહાર કરી પોષ દશમીના પવિત્ર દિવસે શ્રી શંખેશ્વરતીર્થ ધામની શીતલ છાયામાં પહોંચ્યા. એ મહાપ્રભાવક દિવ્ય મૂર્તિના દર્શન કરી અવર્ણનીય આહ્લાદ થયો. સાથેના સાધુની તબીયતના કારણે ૧૭ દિવસ સુધી શંખેશ્વરજીમાં રહેવાનો પુન્યયોગ પ્રાપ્ત થતાં કોઇ વખત નહિં થયેલ તપશ્ચર્યા સાથે પ્રભુભક્તિ વિગેરે દ્વારા અનુપમ આત્મિક આનંદ અનુભવ્યો દરમ્યાન એક જ ઉપાશ્રયમાં બિરાજમાન શાન્તમૂર્તિ મુનિવર્યશ્રી જયંતવિજયજી મહારાજ, તપસ્વી મુનિવર્ય શ્રી વિશાલવિજયજી મહારાજના ગાઢ પરિચયમાં આવવાનો લાભ મલ્યો. એ ઉભય મહાનુભાવોનો પ્રભુશાસન પ્રતિ અપૂર્વ શ્રદ્ધા સુવિહિત શાસ્ત્રો ઉપર શુદ્ધ પ્રેમ અને તેના પરિશીલન માટેનો સતત પરિશ્રમ, વૃદ્ધાવસ્થા છતાં પ્રતિક્રમણ–પ્રતિલેખનાદિ સાધુ ક્રિયામાં અપ્રમત્તભાવ તથા તેમની તપશ્ચર્યા વિગેરે ગુણોથી મારો આત્મા વિશેષ તેઓ પ્રતિ ગુણાનુરાગી બન્યો. એ ગુણાનુરાગે જ મને આ ગ્રન્થની પ્રસ્તાવના લખવાનો સુપ્રસંગ પ્રાપ્ત કરાવ્યો એ નિમિત્તે આવા એક ઉત્તમ ગ્રન્થનું અવલોકન કરવાનું મને સદ્ભાગ્ય સાંપડ્યું અને મારી યથામતિ આ ગ્રન્થની પ્રસ્તાવના લખવાનું કાર્ય કર્યું. એ પ્રસંગે એ ઉભય મુનિવરોની ગુણાવલીનું સ્મરણ કરવા સિવાય મારે બીજું શું કરવાનું હોય ?

## અંતિમ ભાવના

મુનિશ્રીએ સંકલિત કરેલા આ અત્યુત્તમ ગ્રન્થનું ભવ્ય–સમાજ પઠન–પાઠન કરી આત્મકલ્યાણમાં પ્રગતિ સાધે એ અંતિમ ભાવના!!!

વિ. સં. ૨૦૦૩
પોષ દશમી

ઉપાધ્યાય શ્રી ધર્મવિજય
ધ્રાંગધ્રા ઉજમબાઈ જૈન ઉપાશ્રય

## यक्षराट् श्रीमणिभद्रो विजयतेतराम् ।

# विषयानुक्रमणिका


| | |
|---|---|
| અર્પણ | |
| પ્રકાશકનું નિવેદન | ૧ |
| સંપાદકીય વક્તવ્ય | ૨ |
| પ્રસ્તાવના | ૬ |

*

| | |
|---|---|
| ૧. જીવદ્વાર | ૧ |
| ૨. ગુણસ્થાનદ્વાર | ૮ |
| ૩. ઉપયોગદ્વાર | ૨૨ |
| ૪. યોગદ્વાર | ૨૬ |
| ૫. મિથ્યાત્વદ્વાર | ૩૦ |
| ૬. અવિરતિદ્વાર | ૩૨ |
| ૭. કષાયદ્વાર | ૩૪ |
| ૮. લેશ્યાદ્વાર | ૩૮ |
| ૯. ગતિદ્વાર | ૪૨ |
| ૧૦. જાતિદ્વાર | ૪૪ |
| ૧૧. કાયદ્વાર | ૫૦ |
| ૧૨. વેદદ્વાર | ૫૩ |
| ૧૩. ચારિત્રદ્વાર | ૫૫ |
| ૧૪, ૧૫ } ભવી-અભવીદ્વાર | ૫૯ |
| ૧૬. સમ્યક્ત્વદ્વાર | ૬૧ |
| ૧૭, ૧૮ } સંજ્ઞી અને અસંજ્ઞીદ્વાર | ૬૪ |
| ૧૯, ૨૦ } આહારી તથા અણાહારી દ્વાર | ૬૬ |
| ૨૧. શરીરદ્વાર | ૬૮ |
| ૨૨. પર્યાપ્તિદ્વાર | ૭૧ |
| ૨૩. પ્રાણદ્વાર | ૭૪ |
| ૨૪. ધ્યાનદ્વાર | ૭૬ |
| ૨૫. જીવસ્થાનદ્વાર | ૮૧ |
| ૨૬. ચતુઃસંજ્ઞાદ્વાર | ૮૪ |
| ૨૭. ત્રિસંજ્ઞાદ્વાર | ૮૬ |
| ૨૮. સમુદ્ઘાતદ્વાર | ૮૯ |
| ૨૯. જીવાયોનિદ્વાર | ૯૪ |
| ૩૦. કુલકોટિદ્વાર | ૯૭ |
| ૩૧. સંસ્થાનદ્વાર | ૧૦૦ |
| ૩૨. સંઘયણદ્વાર | ૧૦૨ |
| ૩૩. દૃષ્ટિદ્વાર | ૧૦૫ |
| ૩૪. મૂળભાવદ્વાર | ૧૦૭ |
| ૩૫. ઉપશમભાવદ્વાર | ૧૧૦ |
| ૩૬. ક્ષાયિકભાવદ્વાર | ૧૧૨ |
| ૩૭. ક્ષયોપશમભાવદ્વાર | ૧૧૫ |
| ૩૮. ઔદયિકભાવદ્વાર | ૧૧૮ |
| ૩૯. પારિણામિક ભાવદ્વાર | ૧૨૧ |
| ૪૦. ભાંગાદ્વાર | ૧૨૩ |
| ૪૧. અજીવભેદદ્વાર | ૧૨૮ |
| ૪૨. પુણ્યબંધ પ્રકૃતિદ્વાર | ૧૩૧ |
| ૪૩. પાપબંધ પ્રકૃતિદ્વાર | ૧૩૪ |
| ૪૪. આશ્રવદ્વાર | ૧૩૭ |
| ૪૫. સંવરદ્વાર | ૧૪૧ |
| ૪૬. નિર્જરાદ્વાર | ૧૪૪ |
| ૪૭. બંધદ્વાર | ૧૪૬ |
| ૪૮. મોક્ષદ્વાર | ૧૪૮ |
| ૪૯. દંડકદ્વાર | ૧૫૧ |
| ૫૦. જ્ઞાનદ્વાર | ૧૫૩ |

| | |
|---|---|
| ૫૧. અજ્ઞાનદ્વાર | ૧૫૬ |
| ૫૨. દર્શનદ્વાર. | ૧૫૮ |
| ૫૩. જ્ઞાનાવરણદ્વાર | ૧૬૦ |
| ૫૪. દર્શનાવરણદ્વાર | ૧૬૨ |
| ૫૫. વેદનીયદ્વાર | ૧૬૪ |
| ૫૬. મોહનીયદ્વાર | ૧૬૬ |
| ૫૭. આયુષદ્વાર | ૧૬૯ |
| ૫૮. નામકર્મદ્વાર | ૧૭૧ |
| ૫૯. ગોત્રદ્વાર | ૧૭૬ |
| ૬૦. અંતરાયદ્વાર | ૧૭૮ |
| ૬૧. પુણ્યોદય પ્રકૃતિદ્વાર | ૧૮૦ |
| ૬૨. જઘન્ય કાયસ્થિતિદ્વાર | ૧૮૩ |
| ૬૩. ઉત્કૃષ્ટ કાયસ્થિતિદ્વાર | ૧૮૫ |
| ૬૪. જઘન્ય ભવસ્થિતિદ્વાર | ૧૯૦ |
| ૬૫. ઉત્કૃષ્ટ ભવસ્થિતિદ્વાર | ૧૯૧ |
| ૬૬. અવગાહનાદ્વાર | ૧૯૩ |
| ૬૭. ( નામકર્મ સિવાય ) સાત કર્મની ઉત્તર પ્રકૃતિ બંધદ્વાર | ૧૯૮ |
| ૬૮. બંધમાં નામકર્મની ઉત્તર પ્રકૃતિદ્વાર | ૨૦૧ |
| ૬૯. બંધ હેતુના ઉત્તરભેદ સત્તાવન | ૨૦૫ |
| ૭૦. આઠે કર્મની ઉદયમાર્ગણાદ્વાર | ૨૦૯ |
| ૭૧. ગતિ ( જવાનું ) દ્વાર | ૨૧૪ |
| ૭૨. આગતિ (આવવાનું) દ્વાર | ૨૧૯ |
| ૭૩. શુદ્ધિપત્રક ( કોષ્ટકનું ) | ૨૨૩ |
| ૭૪. ,, ( લખાણનું ) | ૨૨૪ |


ગ્રંથ–સહાયની સૂચિ


| | |
|---|---|
| ૭૫. પરિશિષ્ટ ૧ લું | ૨૨૫-૨૩૪ |
| ૭૩. ધ્રુવબંધીદ્વાર | ૨૨૫ |
| ૭૪. અધ્રુવબંધીદ્વાર | ૨૨૫ |
| ૭૫. ધ્રુવોદયદ્વાર | ૨૨૭ |
| ૭૬. અધ્રુવોદયદ્વાર | ૨૨૭ |
| ૭૭. ધ્રુવસત્તાદ્વાર | ૨૩૦ |
| ૭૮. અધ્રુવસત્તાદ્વાર | ૨૩૧ |
| ૭૯. સર્વઘાતીદ્વાર | ૨૩૧ |
| ૮૦. દેશઘાતીદ્વાર | ૨૩૨ |
| ૮૧. અઘાતીદ્વાર | ૨૩૨ |
| ૮૨. અપરાવર્તમાનદ્વાર | ૨૩૩ |
| ૮૩. પરાવર્તમાનદ્વાર | ૨૩૪ |
| ૭૬. પરિશિષ્ટ ૨ જું વિશેષ માહિતી ને ખુલાસા | ૨૩૫ |
| ૭૭. ગ્રંથકારપ્રશસ્તિ | ૨૪૨ |

॥ ॐ अर्हं नमः ॥

॥ शास्त्रविशारद–जैनाचार्यश्रीविजयधर्मसूरीश्वरेभ्यो नमः ॥

# ॥ श्रीद्वाषष्टिमार्गणासंग्रह ॥

## [ यंत्रपूर्वक ]

### ૧ જીવદ્વાર

[ જેનામાં ચેતના એટલે જ્ઞાન અને સુખ-દુઃખાદિની લાગણી હોય તેને જીવ કહેવામાં આવે છે. ચેતના બે પ્રકારે છેઃ દર્શનચેતના અને જ્ઞાનચેતના. સામાન્ય અવબોધ તે દર્શન-ચેતના અને જ્ઞાનચેતના એટલે વિશેષ અવબોધ શ્રીપ્રવચનસારના જ્ઞેયાધિકાર ગાથા ૩૧-૩૨ માં ૧ જ્ઞાનચેતના, ૨ કર્મચેતના અને ૩ કર્મફળચેતના–એમ ત્રણ પ્રકાર પણ દર્શાવ્યા છે. જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ–એ છ પ્રકારનાં લક્ષણો છે.

જીવના ૫૬૩ ભેદ છે. નારકીના ૧૪, તિર્યંચના ૪૮, મનુષ્યના ૩૦૩ અને દેવના ૧૯૮ તેની સમજ નીચે પ્રમાણે—

**નારક**—૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમપ્રભા, ૬ તમઃપ્રભા અને ૭ તમસ્તમઃપ્રભા. આ સાત પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ ૧૪ ભેદ.

**તિર્યંચ**—એકેંદ્રિયના ૨૨, વિકલેંદ્રિયના ૬ અને તિર્યંચ પંચેંદ્રિયના ૨૦ મળી કુલ ૪૮

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય–એ ચાર સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર-ચાર ભેદે ગણતાં ૧૬, વનસ્પતિકાયના બે ભેદ છે–સાધારણ ને પ્રત્યેક. સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ચાર તથા પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તા અને અપર્યાપ્તા બે-એમ વનસ્પતિકાયનાં છ ભેળવતાં એકેંદ્રિયના કુલ ૨૨ ભેદ. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય–એ ત્રણ પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં વિકલેંદ્રિયના છ ભેદ. તિર્યંચ પંચેંદ્રિયના પાંચ પ્રકાર છે. જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ તથા ભુજપરિસર્પ. એ પાંચ સંમૂર્ચ્છિમ, ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતા ૨૦ ભેદ થાય.

આ પ્રમાણે તિર્યંચના સર્વ મળી ૪૮ ભેદ થાય.

**મનુષ્ય**—પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ એ ૧૫ કર્મભૂમિ. ૫ હૈમવંત, ૫ હિરણ્યવંત, ૫ હરિવંશ, ૫ રમ્યક, ૫ દેવકુરુ ને ૫ ઉત્તરકુરુ–એ ત્રીશ અકર્મભૂમિ ( યુગલિક ક્ષેત્રો ) તથા ૫૬ અંતર્દ્વીપ ( જંબૂદ્વીપના હિમવંત તથા શિખરી એ બંને પર્વતની ચાર-ચાર દાઢાઓ લવણસમુદ્રમાં રહેલી છે, તે એકેકી દાઢાઓ ઉપર સાત-સાત અંતર્દ્વીપો

છે-કુલ ૮×૭=૫૬ )-આ પ્રમાણે ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ પર્યાપ્તા તથા ગર્ભજ અપર્યાપ્તા અને સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા ગણતાં કુલ ૩૦૩ ભેદ થાય.

છપ્પન અંતર્દ્વીપોના નામ નીચે પ્રમાણે જાણવા—

૧ એકોરૂક, ૨ આભાસિક, ૩ લાંગૂલિક, ૪ વૈષાલિક, ૫ હયકર્ણ, ૬ ગજકર્ણ, ૭ ગોકર્ણ, ૮ શષ્કુલિકર્ણ, ૯ ગજમુખ, ૧૦ વ્યાઘ્રમુખ, ૧૧ આદર્શમુખ, ૧૨ ગોમુખ, ૧૩ અશ્વમુખ, ૧૪ હસ્તિમુખ, ૧૫ સિંહમુખ, ૧૬ વ્યાઘ્રમુખ, ૧૭ અશ્વકર્ણ, ૧૮ સિંહકર્ણ, ૧૯ હસ્તિકર્ણ, ૨૦ કર્ણપ્રાવરણ, ૨૧ ઉલ્કામુખ, ૨૨ વિદ્યુજ્જિહ્વ, ૨૩ મેષમુખ, ૨૪ વિદ્યુદ્દન્ત, ૨૫ ઘનદન્ત, ૨૬ ગૂઢદન્ત, ૨૭ વિશિષ્ટદન્ત, ૨૮ શુદ્ધદન્ત. જેવી રીતે હિમવાન પર્વતની ૪ દાઢા ઉપર અઠ્ઠાવીશ અંતર્દ્વીપ જણાવ્યા તેવી જ રીતે શિખરી પર્વત સંબંધી ૪ દાઢા ઉપર તેજ નામના અઠ્ઠાવીશ જાણવા. જુઓ તત્ત્વાર્થભાષ્ય, અધ્યાય ૩, સૂત્ર ૧૫.

અંતર્દ્વીપના મનુષ્યો વજ્રઋષભનારાચ સંઘયણવાળા, અનુકૂળ વાયુના વેગવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, ૩૨ પ્રકારના ઉત્તમ લક્ષણને ધારણ કરનારા, એક દિવસ ગયા પછી આહાર કરનારા, શાલી વિગેરે સાકરથી પણ અનંતગુણ માધુર્યવાળી ત્યાંની માટી છે તેનો તેમજ કલ્પવૃક્ષોનાં ફલોનો આહાર કરનારા, તાવ વિગેરે રોગ તથા યક્ષ, ભૂત, પિશાચ, ગ્રહ અને મરકીના ઉપદ્રવ રહિત, છેવટના સમયમાં એક યુગલને જન્મ આપનાર, ઓગણએંશી દિવસ સુધી તે યુગલિકનું પાલન કરનાર હોય છે. ત્યાં ડાંસ, મચ્છર વિગેરે વિકલેંદ્રિય જીવો ઉત્પન્ન થતા નથી. વાઘ, સિંહાદિ ચતુષ્પદ ઉત્પન્ન થાય છે, પણ તે મનુષ્યોને બાધા કે પીડા કરતા નથી. તેઓ પણ હિંસક ભાવમાં વર્તતા નથી. આઠસો ધનુષ ઊંચા, સદા-મુદિત ( પ્રસન્ન ) મનવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષવાળા, ચોસઠ પાંસળીઓવાળા, અલ્પ કષાયવાળા અને થોડા પ્રેમવાળા આ મનુષ્યો હોય છે. તેઓનું મરણ બગાસાં, ખાંસી કે છીંક વિગેરેની ક્રિયાપૂર્વક થાય છે, પરંતુ શરીરની પીડાપૂર્વક હોતું નથી. આ મનુષ્યો મરીને સ્વર્ગે જાય છે.

હિમવંત અને હૈરણ્યવંતક્ષેત્રના મનુષ્યો એક ગાઉ પ્રમાણ શરીરની ઊંચાઇવાળા, પલ્યોપમના આયુષ્યવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, ચોસઠ પાંસળીવાળા, એક દિવસ વીત્યા પછી ભોજન કરનારા, ઓગણએંશી દિવસ સુધી અપત્યનું પાલન કરવાવાળા હોય છે.

હરિવર્ષ અને રમ્યકક્ષેત્રના મનુષ્યો બે પલ્યોપમના આયુષ્યવાળા, બે ગાઉ ઊંચા શરીરવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, બે દિવસ ગયા પછી ભોજન કરનારા, એક સો ને અઠ્ઠાવીશ પાંસલીઓવાળા અને ૬૪ દિવસ સુધી સંતતિનું પાલન કરનાર હોય છે.

દેવકુરુ અને ઉત્તરકુરુના મનુષ્યો ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રણ ગાઉ ઊંચા શરીરવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, ૨૫૬ પાંસલીઓવાળા છે. તેઓ સુષમાસુષમા કાળના પ્રભાવને અનુભવતા ઓગણપચાસ દિવસ સુધી સંતતિનું પાલન કરે છે. ત્રણ દિવસને આંતરે આહાર લે છે.

સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય મનુષ્યોના ઉત્પત્તિસ્થાનો ચૌદ છે—મનુષ્ય સંબંધી ૧ વડીનીત, ૨ લઘુનીત, ૩ શ્લેષ્મ, ૪ નાકનો મેલ, ૫ વમન, ૬ પીત્ત, ૭ વીર્ય, ૮ રુધિર, ૯ મૃતકલેવર, ૧૦ નગરની ખાળ, ૧૧ કાનનો મેલ, ૧૨ શુક્રપુદ્ગલના પરિશાટનમાં, ૧૩ સ્ત્રી-પુરુષના સંયોગમાં અને ૧૪ સર્વ અશુચિસ્થાનમાં.

દેવ—૧૦ ભવનપતિ-અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, પવનકુમાર અને મેઘ(સ્તનિત)કુમાર.

૮ વ્યંતર—પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ.

૮ વાણવ્યંતર—અણપન્ની, પણપન્ની, ઈસીવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કોહંડ અને પતંગ.

૧૦ જ્યોતિષી—પાંચ ચર અને પાંચ સ્થિર. પાંચના નામ-ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા.

૧૨ દેવલોક—સુધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેંદ્ર, બ્રહ્મ, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ ને અચ્યુત. ત્રણ પ્રકારના કિલ્બિષિયા દેવો છે, જે પહેલા તથા બીજા દેવલોકની નીચે, ત્રીજા દેવલોકની નીચે અને છઠ્ઠા દેવલોકની નીચે અનુક્રમે વિમાનોમાં રહે છે. તેઓ ચાંડાલ તુલ્ય મનાય છે.

૧૫ પરમાધામી—અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રૂદ્ર, ઉપરૂદ્ર, કાળ, મહાકાળ, અસિ-પત્ર, વન, કુંભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ નામના છે. આ દેવો નારક જીવોને દુઃખ આપનારા છે.

૧૦ તિર્યગ્જૃંભક—અન્નજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, લેણ(ઘર)જૃંભક, પુષ્પજૃંભક, ફળ-જૃંભક, પુષ્પ-ફળજૃંભક, શયનજૃંભક, વિદ્યાજૃંભક અને અવ્યક્તજૃંભક-આ દેવો તીર્થં-કરોના ચ્યવન જન્માદિ પ્રસંગે તેમના ઘરોમાં ધન, ધાન્યની ભરતી કરે છે.

૯ લોકાંતિક—સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય, તૃષિત, અવ્યાબાધ, મરૂત અને અરિષ્ટ. પાંચમા દેવલોકનાં અરિષ્ટ નામના પ્રતરમાં કૃષ્ણરાજીના આંતરામાં તેમના વિમાનો છે. તેઓ એકાવતારી હોય છે. આ દેવો તીર્થંકર દીક્ષા લે તે પહેલાં એક વર્ષે આવીને વાર્ષિક દાન દેવાનું સ્મરણ કરાવે છે.

૯ ગ્રૈવેયક—સુદર્શન, સુપ્રબુદ્ધ, મનોરમ, સર્વભદ્ર, સુવિશાળ, સુમનસ, સોમનસ, પ્રિયંકર અને નંદીકર.

૫ અનુત્તર વિમાન—વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ.

આ પ્રમાણે કુલ ૯૯ પ્રકારના દેવો પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતા ૧૯૮ ભેદો થાય છે.

દેવો, નારકો તથા અસંખ્યાત વર્ષના આયુવાળા મનુષ્યો તેમજ તિર્યંચો પોતાના આયુના છ માસ બાકી રહે ત્યારે પરભવાયુનો બંધ કરે છે. બાકીના નિરુપક્રમ આયુવાળા તિર્યંચો તેમજ મનુષ્યો પોતાના આયુષનો ત્રીજો ભાગ શેષ રહે ત્યારે પરભવાયુનો બંધ કરે છે. સોપક્રમ આયુવાળા પોતાના આયુનો ત્રીજો, નવમો કે સત્યાવીશમો-એમ ત્રિગુણ ત્રિગુણ કરતાં છેવટે અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પણ પરભવાયુનો બંધ કરે છે. ]

# ૧ જીવભેદ દ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | ૫૬૩ ભેદ પૈકી કેટલા? | નારક. | તિર્યંચ | મનુષ્ય | દેવતા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૯૮ | ૦ | ૦ | ૦ | ૧૯૮ |
| ૨ | મનુષ્યગતિ | ૩૦૩ | ૦ | ૦ | ૩૦૩ | ૦ |
| ૩ | તિર્યંચગતિ | ૪૮ | ૦ | ૪૮ | ૦ | ૦ |
| ૪ | નારકી | ૧૪ | ૧૪ | ૦ | ૦ | ૦ |
| ૫ | એકેન્દ્રિય | ૨૨ | ૦ | ૨૨ | ૦ | ૦ |
| ૬ | બેઇંદ્રિય | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૭ | તેઇંદ્રિય | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૮ | ચૌરેંદ્રિય | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૯ | પંચેંદ્રિય | ૫૩૫ | ૧૪ | ૨૦ | ૩૦૩ | ૧૯૮ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૧૧ | અપ્કાય | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૧૨ | તેઉકાય | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૧૩ | વાયુકાય | ૪ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૬ | ૦ | ૬ | ૦ | ૦ |
| ૧૫ | ત્રસકાય | ૫૪૧ | ૧૪ | ૨૬ | ૩૦૩ | ૧૯૮ |
| ૧૬ | મનયોગ | ૨૧૨ | ૭ | ૫ | ૧૦૧ | ૯૯ |
| ૧૭ | વચનયોગ | ૨૨૦ | ૭ | ૧૩ | ૧૦૧ | ૯૯ |
| ૧૮ | કાયયોગ | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૧૯ | પુરુષવેદ | ૪૧૦ | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩૪૦ | ૦ | ૧૦ | ૨૦૨ | ૧૨૮ |

## વિવેચન.

(૧) ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર તથા વાણવ્યંતર, ૧૫ પરમાધામી, ૧૦ તિર્યંગ્જૃંભક, ૧૦ જ્યોતિષી, ૩ કિલ્બીષીયા, ૧૨ દેવલોકના, ૯ ગ્રૈવેયકનાં, ૯ લોકાન્તિક, ૫ અનુત્તરવિમાનના, મળી કુલ ૯૯ પર્યાપ્તા અને ૯૯ અપર્યાપ્તા. (૨) ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ તથા ૫૬ અંતર્દ્વીપ કુલ ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા તથા ૧૦૧ અપર્યાપ્તા ગણતાં ૨૦૨, તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા જ હોય તેના ૧૦૧ ભેળવતાં કુલ ૩૦૩. (૩) એકેન્દ્રિય પર્યાપ્ત તથા અપર્યાપ્ત ૨૨, વિકલેંદ્રિય પર્યાપ્ત તથા અપર્યાપ્ત ૬, તથા જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ તેમજ ભુજપરિસર્પ સંમૂર્ચ્છિમ, ગર્ભજ, પર્યાપ્તા ને અપર્યાપ્તા ૨૦ મળી કુલ ૪૮. (૪) રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમપ્રભા—આ સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળી કુલ ૧૪. આ નરકોનાં નામ ધમા, વંશા, શેલા, અંજણા, રિઠા, મઘા અને માઘવતી. (૫) પૃથ્વી, અપ, તેઉ, વાઉ અને સાધારણ વનસ્પતિકાય ૫ સૂક્ષ્મ ને ૫ બાદર ૧૦ તેમજ તે પર્યાપ્ત અને અપર્યાપ્ત મળી ૨૦, પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોવાથી તેના પર્યાપ્ત ને અપર્યાપ્ત બે ભેદ મળી કુલ ભેદ ૨૨. (૬) પર્યાપ્ત અને અપર્યાપ્ત. (૭-૮) છઠ્ઠા પ્રમાણે. (૯) ૫૬૩ ભેદ પૈકી એકેન્દ્રિય-

| નંબર. | દ્વારનું નામ. | ૫૬૩ ભેદ પૈકી કેટલા ? | નારક. | તિર્યંચ | મનુષ્ય. | દેવતા. |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | નપુસંકવેદ | ૧૯૩ | ૧૪ | ૪૮ | ૧૩૧ | ૦ |
| ૨૨ | ક્રોધ | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૨૩ | માન | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૨૪ | માયા | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૨૫ | લોભ | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૨૬ | મતિજ્ઞાન | ૪૨૩ | ૧૩ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૪૨૩ | ૧૩ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૨૪૬/૨૫૧ | ૧૩ | ૫/૧૦ | ૩૦ | ૧૯૮ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૫૩૫ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૭૦ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫૩૫ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૭૦ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨૨૪/૨૦૪ | ૧૪ | ૧૦/૫ | ૩૦/૧૫ | ૧૭૦ |
| ૩૪ | સામાયિક ચારિત્ર | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૦ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૦ | ૦ | ૦ | ૧૦ | ૦ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૩૮ | યથાખ્યાત | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૩૯ | દેશવિરતિ | ૨૦ | ૦ | ૫ | ૧૫ | ૦ |
| ૪૦ | અવિરતિ | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૨૧૮ | ૭ | ૧૧ | ૧૦૧ | ૯૯ |

## વિવેચન ચાલુ.

ના ૨૨ ભેદ તેમજ વિકલેન્દ્રિયના ૬ ભેદ બાદ કરતાં બાકી ૫૩૫ લાભે. (૧૦) સૂક્ષ્મ અને બાદર તેમજ પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૧૧–૧૨–૧૩) દશમા પ્રમાણે. (૧૪) સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત ૪ ભેદ તથા પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત મેળવતાં કુલ છ ભેદ. (૧૫) એકેન્દ્રિયના ૨૨ ભેદ બાદ કરતાં ૫૪૧ લાભે. વાયુકાય તેમજ તેઉકાયને પણ લબ્ધિત્રસમાં ગણ્યા નથી. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૩૬ મા અધ્યયનમાં તેમજ તત્ત્વાર્થ અ. ૨ વિગેરેમાં તેઉ તેમજ વાઉને માત્ર ગતિત્રસ કહ્યા છે. (૧૬) આ પર્યાપ્ત અવસ્થામાં જ હોય, અને તે પણ પંચેન્દ્રિયને જ હોય. સંમૂર્ચ્છિમ તેમજ અપર્યાપ્ત અવસ્થામાં આ જોગ ન હોય (૧૭) સંમૂર્ચ્છિમ પાંચે તિર્યંચ પંચેંદ્રિય પર્યાપ્તા તેમજ પર્યાપ્તા બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય એ પ્રમાણે આઠની સંખ્યા વધવાથી ઉપર મનયોગમાં દર્શાવેલા ૨૧૨ માં ઉમેરતાં કુલ ૨૨૦ થાય. (૧૮) સર્વ જીવોને કાયયોગ હોય તેથી સંપૂર્ણ ભેદ લાભે. (૧૯) નારકી, સંમૂર્ચ્છિમ તિર્યંચ (૨૨+૬+૧૦) તેમજ સંમૂર્ચ્છિમ મનુષ્યને આ વેદ ન હોય. તત્ત્વાર્થસૂત્રના બીજા અધ્યાયમાં કહ્યું છે કે–नारकसंमूर्च्छिनो नपुंसकानि ॥५०॥ (૨૦) ત્રીજા દેવલોકથી માંડી ૧૨મા દેવલોક સુધીના ૧૦, ૨ કિલ્બિષિયા, ૯ ગ્રૈવેયક, ૯ લોકાંતિક અને ૫ અનુત્તર વિમાન–એ ૩૫ જાતિના દેવમાં

| નંબર. | દ્વારનું નામ. | ૫૬૩ ભેદ પૈકી કેટલા ? | નારક | તિર્યંચ | મનુષ્ય. | દેવતા. |
|---|---|---|---|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૪૩ | અવધિદર્શન | ૨૪૬ / ૨૫૧ | ૧૩ | ૫ / ૧૦ | ૩૦ | ૧૯૮ |
| ૪૪ | કેવળદર્શન | ૧૫ | ૦ | ૦ | ૧૫ | ૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪૫૯ | ૬ | ૪૮ | ૩૦૩ | ૧૦૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૪૨૯ / ૪૫૯ | ૬ | ૪૮ | ૩૦૩ | ૭૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૪૨૯ / ૪૫૯ | ૬ | ૪૮ | ૩૦૩ | ૭૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૩૧૩ | ૦ | ૧૩ | ૨૦૨ | ૯૮ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૬૬ | ૦ | ૧૦ | ૩૦ | ૨૬ |
| ૫૦ | શુકલલેશ્યા | ૮૪ | ૦ | ૧૦ | ૩૦ | ૪૪ |
| ૫૧ | ભવી | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૫૨ | અભવી | ૩૩૩ / ૫૩૫ | ૧૪ | ૪૮ | ૧૩૧ / ૩૦૩ | ૧૪૦ / ૧૭૦ |
| ૫૩ | ઉપશમ સમકિત | ૨૦૩ | ૭ | ૫ | ૧૦૧ | ૯૦ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪૨૩ | ૧૩ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૫૫ | ક્ષાયિક સમકિત | ૧૬૮ | ૬ | ૨ | ૯૦ | ૭૦ |
| ૫૬ | મિશ્ર | ૧૯૮ | ૭ | ૫ | ૧૦૧ | ૮૫ |
| ૫૭ | સાસ્વાદન | ૪૦૦ | ૭ | ૨૧ | ૨૦૨ | ૧૭૦ |
| ૫૮ | મિથ્યાત્વ | ૫૩૫ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૭૦ |
| ૫૯ | સંજ્ઞી | ૪૨૪ | ૧૪ | ૧૦ | ૨૦૨ | ૧૯૮ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૩૯ | ૦ | ૩૮ | ૧૦૧ | ૦ |
| ૬૧ | આહારી | ૫૬૩ | ૧૪ | ૪૮ | ૩૦૩ | ૧૯૮ |
| ૬૨ | અણાહારી | ૩૪૭ | ૭ | ૨૪ | ૨૧૭ | ૯૯ |

## વિવેચન ચાલુ.

દેવી ન હોય, તેના ૭૦ જતાં ૧૨૮ માં લાભે. તેમજ નારક, સંમૂર્ચ્છિમ તિર્યંચ (૨૨+૬+૧૦) અને મનુષ્યમાં (૧૦૧) ન હોય. (૨૧) અકર્મભૂમિના ૩૦ તથા અંતર્દ્વીપના ૫૬ મનુષ્યના મળી કુલ ૧૭૨ તેમજ દેવોને વિષે ન હોય. જુઓ તત્ત્વાર્થસૂત્ર અધ્યયન બીજું. ન દેવાઃ ॥ ૫૧ ॥ (૨૨) પૂરેપૂરા લાભે. (૨૩-૨૪-૨૫) બાવીશ પ્રમાણે જાણવું. (૨૬) સાતમી નારકીને અપર્યાપ્ત અવસ્થામાં સમકિત ન હોય, કેમકે સમકિત પ્રાપ્ત થયા પહેલાં મનુષ્યપણામાં કોઇ જીવે સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હોય તો તે સમકિત વમીને સાતમી નરકમાં જાય અર્થાત્ સાતમીમાં સમકિત લઇને ન જાય પરંતુ સાતમીમાં સમકિત પ્રાપ્ત તો થાય. સંમૂર્ચ્છિમ ૧૦૧ મનુષ્યને અને તિર્યંચમાં ૩૮ એકેન્દ્રિય, વિકલેંદ્રિય અને સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય એમ ૩૮ ને ન હોય. (૨૭) ઉપર પ્રમાણે જાણવું. (૨૮) અકર્મભૂમિ તથા અંતર્દ્વીપના મનુષ્યો અનાર્ય હોવાથી ત્યાં અવધિજ્ઞાન હોતું નથી. ધર્મ, અધર્મ વિગેરે કાંઇપણ ન હોવાથી અનાર્ય સમજવા. દેવ કાળધર્મ પામીને તિર્યંચમાં જતી વખતે અવધિજ્ઞાન મૂકીને જાય તેથી અપર્યાપ્ત અવસ્થામાં તેને અવધિજ્ઞાન ન હોય. કેટલાકો એમ કહે છે કે—અવધિજ્ઞાની દેવ ગર્ભજ તિર્યંચમાં જતાં અવધિજ્ઞાન સાથે લઇ જાય તો તેમની માન્યતા પ્રમાણે ૨૫૧ થાય. (૨૯) આ જ્ઞાન તો પંચ મહાવ્રતધા-

રીને જ હોય અને મહાવ્રત તો કર્મભૂમિના મનુષ્યોને જ હોઇ શકે. (૩૦) પંચ મહાવ્રતધારીને તથા ગૃહસ્થ લિંગમાં ભાવચારિત્રવાળાને હોય. (૩૧) નવ લોકાન્તિક તથા ૫ અનુત્તર વિમાનમાં ન હોય, તે ચૌદના પર્યાપ્તા-અપર્યાપ્તા મળી ૨૮ બાદ કરવા. તે દેવો સમકિતી જ હોય. અજ્ઞાન તો મિથ્યાત્વીને જ હોય. (૩૨) એકત્રીશ પ્રમાણે જાણવું. (૩૩) દેવ સંબંધી હકીકત ઉપર પ્રમાણે જાણવી. ૩૦ મનુષ્ય અને ૧૦ તિર્યંચ અવધિજ્ઞાનની માફક જાણવું. અપર્યાપ્ત મનુષ્ય તથા તિર્યંચ બાદ કરતાં શેષ ૨૦૪ લાભે. (૩૪) ૧૫ કર્મભૂમિમાં પર્યાપ્ત મનુષ્યોને હોય. (૩૫) પાંચ ભરત અને પાંચ ઐરવતમાં જ હોય, મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યોને ત્રણ ચારિત્ર જ હોય—સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત. (૩૬) પાંત્રીશ પ્રમાણે જાણવું. (૩૭-૩૮) ચોત્રીશ પ્રમાણે જાણવું. (૩૯) ૫ ભરત, ૫ મહાવિદેહ અને ૫ ઐરવત ક્ષેત્રના ગર્ભજ મનુષ્યોને પર્યાપ્ત અવસ્થામાં હોય. તેમજ ગર્ભજ તિર્યંચને પર્યાપ્તાવસ્થામાં અતિથિસંવિભાગ સિવાયના શ્રાવકના અગિયાર વ્રતો હોઇ શકે. (૪૦) પૂરેપૂરા લાભે. (૪૧) દેવ, નારકી અને મનુષ્ય પર્યાપ્તા પૂરેપૂરા લાભે. સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેંદ્રિય પર્યાપ્તા ૫, તથા ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય પર્યાપ્તા ૫ તેમજ ચૌરેંદ્રિય પર્યાપ્ત ૧—કુલ તિર્યંચના ૧૧ લાભે. (૪૨) પૂરેપૂરા લાભે. (૪૩) અઠ્ઠાવીશ પ્રમાણે જાણવું. (૪૪) ત્રીશ પ્રમાણે જાણવું. (૪૫) પાંચમી, છઠ્ઠી તથા સાતમી નારકીને હોય. જીવાભિગમ સૂત્ર (દે. લા. પત્ર ૩૪) તથા પન્નવણાજીમાં કહેલ છે કે कापोती च द्वयोस्तृतीयस्यां मिश्री नीला चतुर्थ्यां, पंचम्यां मिश्रा कृष्णातः परमकृष्णा ॥ ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર, ૧૫ પરમાધામી અને ૧૦ તિર્યગ્જૃંભક-એ ૫૧ પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણતાં ૧૦૨ દેવોને વિષે લાભે. (૪૬) ત્રીજી, ચોથી તથા પાંચમી નરકમાં હોય. ત્રીજીમાં કોઇ ઠેકાણે કાપોતલેશ્યા હોય, બાકી નીલલેશ્યા હોય. ચોથીમાં તો નીલ જ હોય અને પાંચમીમાં કોઇ ઠેકાણે નીલ હોય, બાકી તો કૃષ્ણલેશ્યા હોય. દેવોમાં તો ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર અને ૧૦ તિર્યગ્જૃંભક-એ ૩૬ પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણતાં ૭૨ દેવોને વિષે લાભે. પંદર પરમાધામી પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ૪૫૯. (૪૭) પહેલી, બીજી તથા ત્રીજી નરકમાં હોય. પહેલી તથા બીજીમાં કાપોત હોય પરંતુ ત્રીજીમાં કોઇ ઠેકાણે કાપોત હોય, બાકી તો નીલ હોય. દેવો સંબધી ઉપર પ્રમાણે જાણવું. પંદર પરમાધામી પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ૪૫૯ મતાંતરે જાણવા. (૪૮) ૫ ગર્ભજ તિર્યંચ પર્યાપ્ત તથા અપર્યાપ્ત એ ૧૦, બાદર પૃથ્વી, અપ્ તેમજ વનસ્પતિકાય પર્યાપ્ત એક, કુલ તેર લાભે. દેવનો જીવ ચ્યવીને એકેંદ્રિયના તે ત્રણ ભેદમાં આવે છે તેથી ત્રણ ગણ્યાં છે. ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર, ૧૦ તિર્યગ્જૃંભક, ૧૦ જ્યોતિષી, પહેલો તથા બીજો દેવલોક, એક કિલ્બિષિયો-એ ૪૯ ને પર્યાપ્ત તથા અપર્યાપ્ત ગણતાં દેવના ૯૮ થાય. જુઓ તત્ત્વાર્થસૂત્ર અ૦ ૪, સૂત્ર ૨, ૭, ૨૩. (૪૯) ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય પર્યાપ્ત તથા અપર્યાપ્ત. ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત તથા અપર્યાપ્ત. ૯ લોકાન્તિક, ત્રીજો, ચોથો તથા પાંચમો દેવલોક અને એક કિલ્બિષિયો કુલ ૧૩ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને ૨૬ દેવના લાભે. જુઓ તત્ત્વાર્થ સૂત્ર અ૦ ૪, સૂ૦ ૨૩. (૫૦) તિર્યંચ તથા મનુષ્ય સંબંધી ઉપર પ્રમાણે જાણવું. ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરવિમાન, છઠ્ઠો, સાતમો, આઠમો, નવમો, દશમો, અગિયારમો તથા બારમો દેવલોક અને એક કિલ્બિષિયો કુલ ૨૨ પર્યાપ્ત અને અપર્યાપ્ત. જુઓ તત્ત્વાર્થસૂત્ર અ૦ ૪, સૂ૦ ૨૩. (૫૧) પૂરેપૂરા લાભે. (૫૨) સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત ૧૦૧ તથા ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત ને અપર્યાપ્ત ૩૦. કરતાં કુલ ૧૩૧. મતાંતરે અકર્મભૂમિ તથા અંતર્દ્વીપના પર્યાપ્તા અપર્યાપ્તા ગણતા ૩૦૩. ૧૫ પરમાધામી, ૯ લોકાન્તિક અને ૫ અનુત્તર વિમાનના ૨૯ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ૫૮ છોડીને બાકીના ૧૪૦ દેવોને લાભે. વળી પંદર પરમાધામીને કેટલાકો અભવી કહે છે, તેના મતે ૧૭૦

લાભે, પરંતુ આ વાત વિચારણીય છે, કારણ કે અભવ્યકુલકની ગાથા બીજીમાં કહ્યું છે કે—યુગલિકને ૧૫ પરમાધામી અભવ્ય હોતા જ નથી. (૫૩) સાતે નારકી, પાંચ ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય તેમજ ૧૦૧ ગર્ભજ મનુષ્ય પર્યાપ્તામાં લાભે. પાંચ અનુત્તર વિમાન તથા નવ લોકાંતિક છોડીને બાકીના ૮૫ ભેદ દેવના લેવા, ને પાંચ અનુત્તર વિમાનના પણ અપર્યાપ્ત અવસ્થાના લેવા કેમકે અગિયારમા ગુણસ્થાનકેથી પડતાં કાળ કરે તે વખતે અપર્યાપ્તાવસ્થામાં ઉપશમ સમકિત જ હોય. ૮૫ માં આ ૫ ભેળવતાં ૯૦ થાય. (૫૪) સાતમી નારકીમાં અપર્યાપ્ત અવસ્થામાં ન હોય એટલે ૧૩, સંમૂચ્છિંમ ૧૦૧ મનુષ્યને ન હોય. તિર્યંચ ગર્ભજ પર્યાપ્તા ને અપર્યાપ્તા ૧૦ માં હોય, બાકીના ૩૮ માં ન હોય. (૫૫) પહેલી, બીજી તથા ત્રીજી નરકમાં પર્યાપ્તા તથા અપર્યાપ્તા લાભે, કારણ કે ક્ષાયિક સમકિત લઈને ત્રણ નરક સુધી જાય છે. દા. ત. શ્રેણિક મહારાજા અને કૃષ્ણ–વાસુદેવ. ગર્ભજ ચતુષ્પદ તિર્યંચ યુગલિક પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણતાં બે તિર્યંચમાં, ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિ ગર્ભજ-પર્યાપ્તા તથા અપર્યાપ્તા ગણતાં ૯૦. ( અંતર્દ્વીપના મનુષ્યને ક્ષાયિક સમકિત ન હોય. ) ૧૨ દેવલોક, ૯ લોકાન્તિક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાનવાસી-પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણતા ૭૦ દેવમાં લાભે. (૫૬) સમકિત તથા મિથ્યાત્વનો મિશ્રભાવ. આ સંમૂચ્છિંમ જીવોને ન હોય કારણ કે તેને સમકિત જ નથી. અપર્યાપ્ત અવસ્થામાં પણ આ મિશ્ર સમકિત ન હોય, કારણ કે તેમાં કોઈ જીવ ઉત્પન્ન થતો નથી તેમ જ મિશ્રપણામાં મૃત્યુ પણ પામતો નથી. ૯ લોકાંતિક તથા ૫ અનુત્તર વિમાન સિવાયના બાકીના ૮૫ પ્રકારના દેવોમાં લાભે. (૫૭) सास्वादना नरके न गच्छन्ति । એ નિયમ પ્રમાણે અપર્યાપ્ત અવસ્થામાં નારકીને સાસ્વાદન અંગીકૃત નથી કહ્યું. ૫ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા તથા અપર્યાપ્તા, ૫ સંમૂચ્છિંમ તિર્યંચ અપર્યાપ્તા, બાદર પૃથ્વીકાય, અપ્કાય તથા વનસ્પતિકાય અપર્યાપ્તાવસ્થા તેમજ ૩ વિકલેંદ્રિય અપર્યાપ્તાવસ્થા કુલ ૨૧. સંમૂચ્છિંમ મનુષ્યને ન હોય. દેવોમાં ૯ લોકાન્તિક અને પાંચ અનુત્તર વિમાનને બાદ કરવા. (૫૮) ૯ લોકાન્તિક તથા પાંચ અનુત્તરવિમાનવાસી દેવોને ન હોય. (૫૯) સંમૂચ્છિંમ તિર્યંચ ૩૮ તથા સંમૂચ્છિંમ મનુષ્યને છોડી દેવા. (૬૦) ગર્ભજ તેમજ ઔપપાતિક (દેવ તેમજ નારક ) જીવોને ન ગણવા. (૬૧) પૂરેપૂરા લાભે. (૬૨) સાત અપર્યાપ્ત નારક, ૨૪ અપર્યાપ્ત તિર્યંચ, ૧૦૧ સંમૂચ્છિંમ મનુષ્ય તથા ૧૦૧ ગર્ભજ અપર્યાપ્ત મનુષ્ય અને ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત મનુષ્ય કુલ ૨૧૭ તેમજ ૯૯ અપર્યાપ્ત દેવ અણાહારી હોય. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે—પૂર્વભવથી વક્રગતિએ આવતાં માર્ગમાં તથા ઉત્પત્તિના પ્રથમ સમયે અણાહારીપણું હોય. કેવળી ભગવંતોને કેવળી સમુદ્ઘાત કરતી વખતે ત્રીજે, ચોથે અને પાંચમે સમયે તેમજ ચૌદમા અયોગી ગુણસ્થાનકે અણાહારીપણું હોય.

卐

## ૨ ગુણસ્થાનદ્વાર.

[ ગુણસ્થાનકો ચૌદ છે, તેની સમજ નીચે પ્રમાણે—

૧. મિથ્યાદષ્ટિ—સર્વ જીવો પહેલાં તો મિથ્યાદષ્ટિ ;એટલે અજ્ઞાન દૃષ્ટિવાળાં હોય છે. આ પગથિયાથી આગળ વધાય છે. કેટલાકો કહે છે કે—આને ' ગુણસ્થાન ' એવો શબ્દ કેમ ઘટી શકે ? સમાધાનમાં શાસ્ત્રકાર કહે છે કે-દરેક જીવોમાં કિંચિત્ ચૈતન્યમાત્રા તો અવશ્ય ઉઘાડી હોય છે એ અપેક્ષાએ મિથ્યાદષ્ટિને પણ ગુણસ્થાનક કહ્યું છે.

૨. સાસાદન—સમ્યગ્દર્શનથી પડતી અવસ્થા. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ જો

અનંતાનુબંધી ક્રોધાદિ કષાયોનો ઉદય થાય તો સમકિતથી પતિત થવાનો પ્રસંગ આવે. આ ગુણસ્થાન પતિત અવસ્થારૂપ છે પરંતુ તેની પૂર્વે સમ્યગ્દર્શનરૂપ અમૃતનું પાન થઇ ગયું હોવાથી આ ગુણસ્થાનવાળાને સંસારભ્રમણની હદ બંધાઇ જાય છે.

૩. મિશ્ર-સમ્યક્ત્વ ને મિથ્યાત્વ બંનેનો મિશ્રભાવ. આ ગુણસ્થાનકવાળો સત્ય અને અસત્ય બંને પર શ્રધ્ધાનો ભાવ ધરાવે છે. જે દેશમાં ફક્ત નાળિયેરનો જ ખોરાક હોય અને તેથી તે દેશના લોકોને જેમ અન્ન ઉપર રાગ કે દ્વેષ ન થાય તેમ આ ગુણસ્થાનકવાળાને સત્ય તત્ત્વ પર રુચિ કે વૈમનસ્ય ઉદ્દભવતાં નથી. આથી બીજા ગુણસ્થાનકની માફક આની પૂર્વે સમકિતરૂપ અમૃતનું પાન થઈ ગયું હોવાથી ભવભ્રમણનો છેડો નિયત થઇ ગયેલ હોય છે.

૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ—વિરતિ એટલે વ્રત, તે વિનાનું સમકિત. આના પ્રભાવથી જ પૂર્વના બે ગુણસ્થાનવાળાઓના ભવભ્રમણનો કાળ નિયત થઇ ગયેલો હોય છે.

૫. દેશવિરતિ-સમ્યગ્દૃષ્ટિપૂર્વક ગૃહસ્થ ધર્મનાં (બાર) વ્રતોનું પાલન. દેશ એટલે અંશતઃ.

૬. પ્રમત્ત-સાધુ જીવનનાં મહાવ્રતોને ધારણ કરનાર, પરન્તુ પ્રમાદથી પૂર્ણ મુક્ત નહીં થયેલ, એવા મુનિઓને આ ગુણસ્થાનક હોય છે.

૭. અપ્રમત્ત-પ્રમાદમુક્ત મુનિઓને હોય છે.

૮. અપૂર્વકરણ-મોહનીય કર્મનો ઉપશમ યા ક્ષય કરવાનો અપૂર્વ ( પહેલાં પ્રાપ્ત નહીં થયેલો ) અધ્યવસાય.

૯. અનિવૃત્તિ-૮ મા કરતાં અધિક ઉજ્જવળ આત્મપરિણામ થાય છે કે જે વડે મોહનો ઉપશમ યા ક્ષય થવા માંડે છે.

૧૦. સૂક્ષ્મસંપરાય-બધું મોહનીય કર્મ ઉપશાન્ત યા ક્ષીણ થઇ જતાં માત્ર લોભનો સૂક્ષ્મ અંશ અવશિષ્ટ રહે છે તે સ્થિતિને સૂક્ષ્મસંપરાય કહે છે.

૧૧. ઉપશાંતમોહ-પૂર્વ ગુણસ્થાનોમાં મોહનો જે ઉપશાંત પ્રારંભ્યો હતો તે સંપૂર્ણ થયો.

૧૨. ક્ષીણમોહ-પૂર્વ ગુણસ્થાનોમાં મોહનો જે ક્ષય પ્રારંભ્યો હતો તે સંપૂર્ણ થયો.

[ ઉપશમ અને ક્ષય વચ્ચેનો તફાવત સમજવા યોગ્ય છે. અગ્નિ પર પાણી નાંખી તેને ઓલવી નાખવો તે ક્ષય અને રાખ નાખી ઢાંકી દેવો તે ઉપશમ. મોહનો સર્વથા ઉપશમ થયો હોય છતાં તેનો પુનઃ પ્રાદુર્ભાવ થઇ શકે છે. પાણીના વાસણમાં રજ તળિયે બેસી ગઈ હોય છે ત્યારે તે સ્વચ્છ દેખાય છે પરંતુ પાણીને ક્રિયાની જરા અસર લાગવાથી તળિયે બેઠેલી રજ પુનઃ પાણીમાં પ્રસરી જાય છે તેમ ઉપશાંત થયેલ મોહપુંજ પુનઃ ઉદયમાં આવી શકે છે, જેથી પતન પણ થાય છે. મોહ ક્ષય કરનારને પુનઃ પતિત થવું પડતું નથી. ]

૧૩ સયોગી કેવળી-કેવળજ્ઞાનના પ્રાદુર્ભાવથી આ ગુણસ્થાનકની શરૂઆત થાય છે. સયોગ એટલે યોગવાળો. કેવળીને ગમનાગમનનો વ્યાપાર, દેશના દેવાનો વ્યાપાર રહે છે. આ પ્રમાણે શારીરિક ક્રિયાઓ હોવાથી શરીરધારી કેવળી સયોગી કહેવાય છે.

૧૪. અયોગી-કેવળી કેવળી ભગવંતો આયુષ્યના અંતસમયે પરમ શુક્લ પરિણામ-વશાત્ સર્વ વ્યાપાર રહિત થઈ જાય છે.

વિશિષ્ટ વિવેચનઃ-જીવના જ્ઞાન આદિ ગુણોનું સ્થાન એ ગુણસ્થાન, એટલે એમના સ્વરૂપનો

ભેદ. એ ભેદ એમની શુદ્ધિ, અશુદ્ધિ, પ્રકર્ષ અને અપ્રકર્ષ–એ ચાર પ્રકારને લીધે થાય છે.

જિનેશ્વરપ્રણીત તત્ત્વોને જે માણુસ મિથ્યાત્વથી વિપર્યસ્ત દષ્ટિવડે જુએ છે તે મિથ્યાદૃષ્ટિ કહેવાય અને આવા (અસમ્યગદષ્ટિવાળા) માણુસનું સ્થાન તે મિથ્યદૃષ્ટિ ગુણુસ્થાનક કહેવાય. અહિં કોઇ એમ પણ કહી શકે કે મિથ્યાદષ્ટિઓને તો દૃષ્ટિનો વિપર્યાસ છે, એમની દૃષ્ટિ વિપર્યાસિત છે એટલે એમનામાં જ્ઞાન આદિ ગુણોનો સદ્ભાવ જ ન હોય, તો પછી એને ગુણુસ્થાનક કેવી રીતે કહેવાય? સમાધાન–અગર જો કે જિન ભગવાનપ્રણીત વસ્તુઓને મિથ્યાદૃષ્ટિ જીવો 'વિપરીત' માને છે તો પણ મનુષ્ય, પશુ આદિ વસ્તુના વિષય પરત્વે તો એમની માન્યતા અવિપરીત છે. વળી મનુષ્ય આદિ અન્ય પ્રાણિઓની વાત એક બાજુએ મૂકો, તો પણ નિગોદના જીવોમાંયે અવ્યક્ત સ્પર્શગુણુ છે એમ એઓ યથાસ્થિત સ્વીકાર કરે છે; જેવી રીતે કે ગાઢ વાદળાથી આચ્છાદિત થયેલા સૂર્યની કંઇક પ્રભા તો અનાચ્છાદિત રહે છે. જો એમ ન હોય તો પછી રાત્રીમાં ને દિવસમાં લેશ પણ ભેદ રહે નહિં. મિથ્યાત્વ ગુણુસ્થાનના ત્રણુ પ્રકારના કાળ છે–અભવ્ય જીવોને અનાદિકાળથી મિથ્યાત્વ છે અને અનાદિકાલ સુધી રહેવાનું છે માટે એ ભાંગાનું નામ અનાદિ અનંત; ભવ્ય જીવોને અનાદિકાળથી મિથ્યાત્વ છે પરંતુ સમકિત પામી મોક્ષપદને પામે ત્યારે મિથ્યાત્વનો અંત, માટે એ ભાંગાનું નામ અનાદિસાંત અને જે જીવો પ્રથમ સમકિત પ્રાપ્ત કરી તેને અનુભવી ફરીથી મિથ્યાત્વ પામે ત્યારે મિથ્યાત્વનો નાશ આદિ અને ફરીથી મિથ્યાત્વનો નાશ કરી સમકિત પ્રાપ્ત મોક્ષપદને પામે ત્યારે મિથ્યાત્વની આદિ અને ફરીથી મિથ્યાત્વનો નાશ કરી સમકિત પ્રાપ્ત કરી મોક્ષપદને પામે ત્યારે મિથ્યાત્વનો નાશ માટે આ ભાંગો આદિ ને અંતસહિત હોવાથી આ ભાંગાનું નામ સાદિસાંત, આનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત ને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલપરાવર્ત છે. આ પ્રમાણે પ્રથમ ગુણુસ્થાનનું સ્વરૂપ સમજવું.

સમકિતના ઉપશમ નામના આય એટલે લાભને સાદન એટલે હરકત પહોંચાડે છે એ સાય સાદન થયું અને એ આસાદનવાળો સ+સાદન એટલે સાસાદન કહેવાય. એ સમ્યગ્ દૃષ્ટિ જીવ હોય, અને એ બીજે ગુણુસ્થાનકે હોય, તે આ પ્રમાણે:—

જઘન્યતઃ પૂર્વોક્ત ઉપશમ સમકિતના શેષ (અન્તિમ) ક્ષણે (સમયે) અને ઉત્કૃષ્ટતઃ છ આવળી શેષ રહે ત્યારે કોઇપણુ પ્રાણીને કોઇપણુ હેતુને લઇને મહાન ઉત્પાતના ઉદય સદશ અનન્તાનુબન્ધી કષાયનો ઉદય થાય છે. એ અનંતાનુબંધી કષાયનો ઉદય થયા પછી, પ્રાણી સાસાદન સમ્યગ્દષ્ટિ નામના ગુણુસ્થાને પહોંચે છે અથવા તો પૂર્વે કહી ગયા પ્રમાણે ઉપશમ સમકિતને અંતે ઉપશમ શ્રેણિથી પતિત થયેલ હરકોઇ પ્રાણીનું એ ગુણુસ્થાન હોય. એથી આગલ વધતાં તો પ્રાણી અવશ્યમેવ મિથ્યાત્વ ગુણુસ્થાને જ પાછો આવી પડે છે, કારણુ કે બીજે પગથીએથી પડનારો પહેલે પગથીએ જ જાય છે. આ ગુણુસ્થાનને સાસ્વાદન સમ્યગ્દષ્ટિ ગુણુસ્થાન પણુ કહે છે. બુદ્ધિમાન પુરુષોએ એ નામ સાર્થક પણુ કહ્યું છે કેમકે સમકિતનું વમન થતું હોય, એના આસ્વાદનવાળું જે ગુણુસ્થાન તે સાસ્વાદન દૃષ્ટિ ગુણુસ્થાન, જેવી રીતે કે વ્યગ્ર મનવાળાને ખાધેલા અન્નનું મક્ષિકા વગેરેથી વમન થાય ત્યારે એને એ વમન કરેલા રસનો કંઇક તો સ્વાદ વર્તાય છે તેવી રીતે આ પ્રાણી પણુ ભ્રાન્તિને લીધે મિથ્યાત્વોન્મુખ થતાં સમકિતનું વમન કરે છે ત્યારે એને એનો કંઇક સ્વાદ આવ્યા વિના રહેતો નથી. એવી રીતનું બીજું ગુણુસ્થાનક છે. તેનો કાળ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૬ આવલી.

આગાઉ ત્રણ પુંજ કહી ગયા છીએ એમાંનાં એક અર્ધ વિશુધ્ધ નામના પુંજનો જ્યારે ઉદય થાય છે ત્યારે પ્રાણીને જિનભાષિત તત્ત્વને વિષે અર્ધ વિશુધ્ધ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને ત્યારે તે પ્રાણી સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. અને એનું ગુણસ્થાનક સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે. એ ગુણસ્થાનકનો કાલ અંતર્મુહૂર્ત્તનો છે. તે પછી એ પ્રાણી અવશ્ય મિથ્યાત્વ અથવા સમકિત પ્રાપ્ત કરે છે.

સમ્યકત્વવાન હોવા છતાં પણ જે પ્રાણી સાવદ્ય યોગથી વિરમ્યો ન હોય તેનું ગુણસ્થાન અવિરતિસમ્યગ્દૃષ્ટિ કહેવાય. પૂર્વોક્ત ઉપશમિક સમકિત પ્રાપ્ત થયું હોય છતાં અથવા શુધ્ધ પુંજના ઉદયને લીધે ક્ષાયોપશમિક સમકિત પ્રાપ્ત થયું હોય છતાં અથવા દર્શનસપ્તક ક્ષીણ થવાથી ક્ષાયિકસમકિત પ્રાપ્ત થયું હોય છતાં તેમજ સાવદ્ય વિરતિ મોક્ષદાયક છે એવી સમજણ હોય છતાં અપ્રત્યાખ્યાન નામના કષાયનો ઉદય નડવાથી પ્રાણી દેશથી એટલે થોડી ઘણી પણ વિરતિ કરવાને કે પાળવાને સમર્થ થતો નથી ચોથું ગુણસ્થાન કહ્યું.

એ સ્થૂલ સાવદ્યથી વિરમીને જે પ્રાણી અલ્પ પણ વિરતિ અંગીકાર કરે છે તે દેશવિરતિ કહેવાય છે. અને એનું નામ દેશવિરતિ ગુણસ્થાન કહ્યું છે. સર્વ સાવદ્ય વિરતિથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ જાણ હોય છતાં પણ પ્રત્યાખ્યાનરૂપ આવરણો એનો અંગીકાર કરવામાં વિઘ્નભૂત થાય છે. એનો કાલ દેશોન પૂર્વક્રોડ વર્ષ. એ પાંચમું ગુણસ્થાનક કહ્યું.

સર્વ સાવદ્ય યોગથી વિરમ્યો હોય એવો પણ જે સંયમી, કષાય નિદ્રા વિકથા આદિ પ્રમાદોને લઇને પ્રમાદમાં પડે એ પ્રમત્ત સંયત કહેવાય છે, એનું ગુણસ્થાનક પ્રમત્ત સંયત ગુણસ્થાન કહેવામાં આવે છે. આ ગુણસ્થાનક પહેલાના પાંચે કરતાં વિશેષ શુધ્ધ છે અને હવે કહેવામાં આવશે એના કરતાં ઓછું શુધ્ધ છે. અન્ય ગુણસ્થાનોમાં પણ આવીજ રીતે વિશેષતા ને અલ્પતા જાણવા. આ પ્રમાણે છઠ્ઠું ગુણસ્થાનક કહ્યું. પ્રમત્ત ગુણસ્થાનનો કાળ જઘન્ય તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો જાણવો. છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનનો કાલ એકંદર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ. વિશેષ એ છે કે દેશોન પૂર્વ ક્રોડમાં ફક્ત અપ્રમત્ત દશા અંતર્મુહૂર્ત્ત આવે છે. છઠ્ઠું તથા સાતમું ગુણસ્થાન અંતર્મુહૂર્તે બદલાય છે. જો કે દેશોન પૂર્વ ક્રોડ અંદર અપ્રમત્ત ગુણસ્થાન ઘણી વખત પ્રાપ્ત થાય છે પરંતુ અંતર્મુહૂર્ત્ત ઘણું નાનું હોવાથી ઘણી વખતે અપ્રમત્ત દશા પ્રાપ્ત થાય છે છતાં તેનો કાલ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તનો છે કેમકે અંતર્મુહૂર્ત્તના ઘણા ભેદ છે માટે અપ્રમત્ત દશાનો અંતર્મુહૂર્ત્તનો કાળ કહ્યો તે વાસ્તવિક છે.

જે સંયમી એટલે યતિ નિદ્રા કષાય વગેરે પ્રમાદોથી રહિત હોય એનું અપ્રમત્ત સંયમ નામનું ગુણસ્થાન કહ્યું. અંતર્મુહૂર્તનો કાલ. સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને બંધ–એ પાંચેનું જે સંયમીને પૂર્વની અપેક્ષાએ અપૂર્વકરણ હોય એ સંયમીનું અપૂર્વકરણ એવું નામ કહેલું છે.

જ્ઞાનાવરણીય વગેરે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનું અપવર્તન કરીને ઘાત-એનું નામ સ્થિતિ ઘાત. અપવર્તન-હીનતા ઘટાડો કરવો તે. ( એથી ઊલટું ઉદ્વર્તન-વૃદ્ધિ કરવી તે ) વળી કર્મ દ્રવ્યમાં રહેલા કટુતા આદિ રસોનો અપવર્તન કરીને ઘાત એ રસઘાત કહેવાય છે. પૂર્વના ગુણસ્થાનોમાં શુધ્ધિનું અલ્પપણું હોવાથી સંયમી આ બન્ને પ્રકારના ઘાત અલ્પ પ્રમાણમાં કરે છે. જ્યારે આ ગુણસ્થાનમાં શુધ્ધિનું વિશેષપણું હોવાથી એ બેઉ વિશેષ પ્રમાણમાં

કરે છે. પૂર્વના ગુણસ્થાનોમાં દળીઆંની ન્હાની રચના ને શુદ્ધિની અલ્પતાને લઇને મ્હોટી કાલ સ્થિતિવાળી કરી હતી અને આ ગુણસ્થાનમાં મ્હોટી રચનાને અલ્પકાળ સ્થિતિવાળી કરે છે; માટે પૂર્વની અપેક્ષાએ આ અપૂર્વ કાર્ય કહેવાય, વળી ચાલુ બંધાયા કરતી શુભ પ્રકૃતિઓને વિષે નહિં બંધાતી અશુભ પ્રકૃતિ દળનો પ્રતિક્ષણે અસંખ્યગણો ક્ષેપ કે સંક્રમ-એનું નામ ગુણસંક્રમ. એને પણ સંયમી અહિં શુદ્ધિના પ્રકર્ષ એટલે કે વિશેષપણાને લઇને અપૂર્વ કરે. વળી પૂર્વના ગુણસ્થાનકોમાં અશુદ્ધપણાને લઇને સંયમીને એ દીર્ઘસ્થિતિ બાંધેલી. પણ અહિં તો વિશુદ્ધિને લઇને અપૂર્વ એવી એ સ્થિતિને એ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે કરીને ઘટાડતો જાય છે. એવાં એવાં કારણોથી એનું આ ગુણસ્થાન અપૂર્વકરણ નામનું કહેવાય છે. વળી એનામાં ખપાવવાની અને ઉપશમાવવાની યોગ્યતા હોવાથી એના ક્ષપક અને ઉપશમક એમ બે ભેદ પડે છે. જો કે એ ખપાવતો નથી અને ઉપશમાવતો પણ નથી તોયે રાજ્યને યોગ્ય એક રાજકુમાર જેમ રાજા કહેવાય છે તેમ એ (ક્ષપક અને ઉપશમક) કહેવાય છે. આ અન્તર્મુહૂર્ત જેટલી અપૂર્વકરણ સ્થિતિને પહેલી જ ક્ષણે આ આઠમા ગુણસ્થાને પહોંચેલા ત્રણે કાળના પ્રાણિઓને અપેક્ષીને અધ્યવસાયના જઘન્યથી ઉત્કૃષ્ટપર્યન્ત અસંખ્યસ્થાનો થાય છે અને એ સ્થાનો લોકાકાશના અસંખ્ય પ્રદેશો જેટલા હોય, અને પછી બીજા, ત્રીજા વગેરે ક્ષણોમાં એથી અધિક અધિક હોય છે. આદ્ય સમયે અધ્યવસાયનું સ્થાન જઘન્યત: જેટલું ઉજ્જવલ હોય એના કરતાં અનંત ગુણ ઉજ્જવળ (આદ્યક્ષણનું) ઉત્કૃષ્ટ હોય.

દ્વિતીયક્ષણનું અધ્યવસાય સ્થાનક જઘન્યત: આદ્ય ક્ષણના કરતાં અનંતગુણ ઉજ્જવળ હોય. એવી રીતે અન્તિમ ક્ષણ સુધી પહોંચતામાં ઉજ્જવળતા અનન્તગણી વધતી વધતી જાય છે. વળી એમાંના એકેક ક્ષણના અધ્યવસાયના પરસ્પર છ સ્થાન પડે છે. સમકાલે આ ગુણસ્થાને પહોંચેલા અનેક ભવ્ય જીવોને એ (છ સ્થાનવલય) પરસ્પર વર્તતું હોય છે. આવું અવું જેમનું સ્વરૂપ છે એવા આ અધ્યવસાય સ્થાનોની આવૃત્તિરૂપ લક્ષણવાળી નિવૃત્તિ કહેવાય છે; માટે આ ગુણસ્થાનને બુદ્ધિમાનો નિવૃત્તિ ગુણસ્થાન પણ કહે છે. આ પ્રમાણે આઠમું ગુણસ્થાન સમજવું, તેનો કાલ અંતર્મુહૂર્તનો છે.

વળી પરસ્પર અધ્યવસાય સ્થાનોની આવૃત્તિરૂપ લક્ષણવાળી નિવૃત્તિ જેને નથી એ પ્રાણી અનિવૃત્ત કહેવાય છે. વળી કિટ્ટીરૂપ કરેલા સૂક્ષ્મસંપરાયની અપેક્ષાએ જેને આ કષાય સ્થૂલ અર્થાત્ બાદર હોય એ પ્રાણી બાદર સંપરાય કહેવાય. અનિવૃત્તિ અને બાદર સંપરાય એ બે પદોનો કર્મધારય સમાસ કરીએ એટલે અનિવૃત્તિ બાદર સંપરાય એમ વિશેષણ થયું. એ અનિવૃત્ત બાદરસંપરાય પ્રાણીનું ગુણસ્થાન તે અનિવૃત્ત બાદર સંપરાય ગુણસ્થાન કહેવાય. અંતર્મુહૂર્ત પ્રમાણ એવા આ ગુણસ્થાનનાં જેટલા ક્ષણો-સમયો છે તેટલાં જ એના અધ્યવસાયનાં સ્થાનો છે એમ જિનેશ્વર ભગવંતે કહ્યું છે. કેમકે સમકાલે આ ગુણસ્થાને પહોંચેલા અનેક પ્રાણીઓનું અધ્યવસાય-સ્થાન એક જ છે એમ જિનેશ્વર પ્રભુએ કહ્યું છે. વળી આ ગુણસ્થાનમાં અધ્યવસાયનું સ્થાન પ્રત્યેક ક્ષણે ઉત્તરોત્તર અનન્ત-અનન્તગણું શુદ્ધ થતું જાય છે. વળી એના ક્ષપક અને ઉપશમક એવા બે ભેદ છે કેમકે એ મોહનીય કર્મને ખપાવે છે અથવા ઉપશમાવે છે

આ પ્રમાણે નવમું ગુણસ્થાન કહ્યું. આનો કાલ અંતર્મુહૂર્તનો છે.

લોભકષાયના ઉદયરૂપ લક્ષણવાળો, કિટ્ટીરૂપ કરેલો સૂક્ષ્મસંપરાય જે પ્રાણીને હોય એ સૂક્ષ્મ-

સંપરાયી કહેવાય છે. એના પણ ઉપરવાળાની જેમ 'ક્ષપક' અને 'ઉપશમક' એમ બે પ્રકાર છે. અને એનું ગુણસ્થાન 'સૂક્ષ્મસંપરાય' ગુણસ્થાન કહેવાય છે આ પ્રમાણે દસમું ગુણસ્થાન છે.

જેણે વિદ્યમાન એવા પણ કષાયોને ઉપશમાવ્યા છે અને વિપાક કે પ્રદેશના ઉદય વગેરેને યોગ્ય રહેવા દીધા નથી એવા, કષાય રહિત-છદ્મસ્થ વીતરાગનું જે ગુણસ્થાન છે તે ઉપશાંત મોહગુણસ્થાન કહેવાય છે

આ ગુણસ્થાને રહેલ મુનિ ઉપશમશ્રેણિની શરૂઆતમાં, અવિરત રહીને કે 'દેશતઃ' વિરત થઇને, પ્રમાદમાં રહીને કે પ્રમાદ ત્યજીને, અનંતાનુબંધી કષાયોને શીઘ્રપણે શમાવી દઇને પછી શુદ્ધ બુદ્ધિથી ત્રણે દર્શન મોહનીયને શમાવે છે.

કર્મગ્રંથની અવચૂરિ-ટીકામાં તો એમ કહ્યું છે કે-અપ્રમત્ત યતિ જ ઉપશમશ્રેણિએ ચઢી શકે છે. કેટલાક આચાર્યોનું વળી એવું માનવું છે કે અવિરત, દેશવિરત, પ્રમત્ત કે અપ્રમત્ત હરકોઇ યતિ ચઢી શકે છે.

પહેલા ત્રણ સંહનન-સંઘયણને ધારણ કરનારા ઉપશમશ્રેણિનો આશ્રય કરે છે; 'અર્ધ-નારાચ' વગેરે બીજા ત્રણ સંઘયણવાળા એનો આશ્રય કરતા નથી.

વૃત્તિમાં પણ કહ્યું છે કે-પહેલા ત્રણ સંઘયણવાળા જ ઉપશમશ્રેણિએ ચઢે છે.

વળી, એણે 'પ્રમત્ત' અને 'અપ્રમત્ત'ની વચ્ચે સેંકડો પરિવૃત્તિ (ફેરા) કરીને, અને પછી 'અપૂર્વકરણ' ગુણસ્થાને પહોંચીને, પુરુષવેદ-સ્ત્રીવેદ-નપુંસકવેદ એમ ત્રણ પદ,-પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ત્રણ પ્રકારનો ક્રોધ,-એ જ ત્રણ પ્રકારનું માન, એ જ ત્રણ પ્રકારની માયા, બીજા ત્રીજા પ્રકારનો લોભ, તથા હાસ્ય વગેરે છ પ્રકૃતિ,-એમ સર્વ મળીને વીશ પ્રકૃતિઓ નવમે ગુણસ્થાને શમાવેલી છે અને અત્યન્ત દુર્જય એવા સંજ્વલન લોભને દશમે ગુણસ્થાને ઉપશમાવેલો હોય છે એટલે ત્યાં એક સમયથી માંડીને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત સુધી એના કષાયો ઉપશાંત રહે છે.

ત્યાર પછી ત્યાંથી નિયમિત—ચોક્કસ (ગુણસ્થાની) કાળસ્થિતિ પૂર્ણ થયે અથવા ભવનો અન્ત આવ્યે એ પુનઃ પડે છે. એમાં પણ જે કાળ પૂર્ણ થયે પડે છે તે પશ્ચાનુપૂર્વીએ છેક 'પ્રમત્ત' ગુણસ્થાન સુધી ઉતરતો ઉતરતો જાય છે.

વળી કોઇક તો પડતાં પડતાં એ કરતાં પણ હેઠળના બે ગુણસ્થાન સુધી ઉતરી પડે છે અને કોઇક તો સાસાદન ભાવ પામીને છેક મિથ્યાત્વ ગુણસ્થાને આવી પડે છે. અને એવી રીતે પડ્યા પછી કોઇ જીવ તદ્ભવમોક્ષગામી થતો નથી, કોઇ તો વળી અર્ધ પુદ્‌ગલપરાવર્તથી કંઇક ન્યૂન એટલા વખત સુધી સંસારમાં રઝળે છે. એ સંબંધમાં મહાભાષ્યમાં કહ્યું છે કે-યદ્યપિ કષાય ઉપશાંત થયા હોય તોયે એના અનંત પ્રતિપાત થાય છે; માટે લેશ પણ કષાય-શેષ રહ્યો હોય ત્યાં સુધી એ વિશ્વાસ યોગ્ય નથી. હવે જે પ્રાણીના ભવનો અંત આવ્યે પડે છે તે તો પહેલે જ ક્ષણે બંધન આદિ સર્વે કરણ પ્રવર્ત્તાવે છે.

વળી બધ્ધાયુ એવો કોઇ પણ જ્યારે શ્રેણિ પર રહ્યો રહ્યો આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામે છે ત્યારે એ નિયમિત અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય છે.

'ભાષ્ય'ની વૃત્તિમાં પણ કહ્યું છે કે—

જો કોઇ બધ્ધાયુ પ્રાણી, ઉપશમશ્રેણિએ પહોંચી અથવા એ શ્રેણિ મધ્યેના ગુણસ્થાનોમાં રહ્યો રહ્યો અથવા 'મોહનીય' ઉપશાંત થયે, મૃત્યુ પામે તો એ નિશ્ચયે અનુત્તર દેવોને વિષે જ ઉત્પન્ન થાય.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્યતઃ એક ક્ષણની છે કેમકે અનુત્તર દેવોને વિષે જતાં પ્રાણીના જીવિતનો ક્ષય થાય છે.

એક ભવમાં પ્રાણી ઉત્કૃષ્ટતઃ બે વખત ઉપશમશ્રેણિ કરે અને સર્વ ભવોમાં મળીને ચાર વખત કરે.

સિદ્ધાંતને મતે એક જન્મમાં 'ક્ષપક' અને 'ઉપશમક' એ બેમાંથી એક શ્રેણી થાય પણ કર્મગ્રંથની લઘુવૃત્તિમાં એમ કહ્યું છે કે-એક 'ઉપશમક' શ્રેણી જેણે કરેલી હોય તે ક્ષપક શ્રેણીએ જાય પરંતુ એ ભવમાં ઉપશમ શ્રેણીએ બે વખત ગયો હોય તે ક્ષપકશ્રેણિ કરે નહિ.

આ પ્રમાણે અગિયારમું ગુણસ્થાન સમજવું. તેનો અંતર્મુહૂર્ત્ત કાલ જાણવો.

ક્ષીણ થયા છે કષાય જેના એ ક્ષીણકષાય. એ છદ્મસ્થ વીતરાગ હોય. એનું ગુણસ્થાન 'ક્ષીણકષાય છદ્મસ્થ વીતરાગ' નામનું છે. એ જાણે કેવળીપણારૂપી નગરને ઓળખાવનારો દરવાજો હોય એવું છે. શ્રેષ્ઠ સંઘયણવાળો અને આઠ વર્ષ કરતાં અધિક વયનો મનુષ્ય અપ્રમત્તપણે સદ્ધ્યાન ધ્યાવતાં આ ક્ષપકશ્રેણિએ પહોંચે છે.

કર્મગ્રંથની લઘુવૃત્તિમાં કહ્યું છે કેઃ-

ક્ષપકશ્રેણિએ પહોંચેલો મનુષ્ય આઠ કરતાં વધારે વર્ષનો હોય; અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત એ ચારમાંથી ગમે એ એક હોય; અત્યન્ત શુધ્ધ પરિણામી હોય; ઉત્તમ સંઘયણવાળો હોય; 'પૂર્વ' ના જ્ઞાનવાળો હોય; અપ્રમત્ત હોય; અને શુકલધ્યાનોપગત અથવા કેટલાકને મતે ધર્મધ્યાનોપગત હોય. વિશેષાવશ્યકવૃત્તિ પ્રમાણે પૂર્વધર અને અપ્રમત્ત સંયમી શુકલધ્યાનમાં રહીને પણ ક્ષપકશ્રેણિએ જાય. બીજાઓ એટલે અવિરત આદિ સંયમી ધર્મ ધ્યાનમાં રહીને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે. એનો ક્રમ આ પ્રમાણે-એ ચોથાથી તે સાતમા સુધીમાંના હરકોઇ એક ગુણસ્થાને અન્તર્મુહૂર્ત્તમાં એક સાથે પૂર્વના (ચાર) અનંતાનુબન્ધી કષાયોનો નાશ કરે. અને ત્યાર પછી અનુક્રમે મિથ્યાત્વ, મિશ્ર અને સમકિતમોહનીયનો નાશ કરે. આમ સાતે નષ્ટ થાય ત્યારે એ કૃતકરણ કહેવાય છે, વળી બધ્ધાયુ એટલે બાંધ્યું છે આયુષ્ય જેણે એવો કોઈ પ્રાણી ક્ષપકશ્રેણિનો આરંભ કરતાં કરતાં અનંતાનુબન્ધી કષાયોનો વિનાશ થયા પછી જીવિતના ક્ષયથી અનંતાનુબન્ધી કષાયોનો બન્ધ કરે કેમકે એનું મિથ્યાત્વરૂપ બીજ અદ્યાપિ નષ્ટ થયું નથી. મિથ્યાત્વ બીજ ક્ષીણ થાય તો તો પછી એ અનંતાનુબન્ધીઓનો પુનઃ બંધ થતો નથી. બીજ બળી ગયું એટલે અંકુરો ફૂટે જ ક્યાંથી?

બધ્ધાયુ-ક્ષીણસપ્તક પ્રાણીના પરિણામ જો પડે નહીં (અને બન્યા બન્યા રહે) તો મરણ પશ્ચાત્ નિઃસંશય દેવતા થાય, પણ જો એના પરિણામ પડે અર્થાત્ મોળા પડે-ભાંગી જાય તો તે વખતેની તેની શુધ્ધિને અનુસારે તે હરકોઇ અન્ય ગતિમાં ઉત્પન્ન થાય. વળી કોઇ બધ્ધાયુ તથા અક્ષતાયુ જીવ ક્ષપક થઈને મૃત્યુ ન પામે તો પણ તે ઉપયુક્ત સપ્તક (સાત વાનાં) ક્ષીણ થતાં નિયમાત્ વિશ્રામ પામે છે. જે સકળ ક્ષપક હોય છે તે પ્રાણીનો એ સપ્તકનો અંત લાવીને

સ્વર્ગ, નરક અને તિર્યંચના આયુષ્યનો ક્ષય કરે અને તે પછી ચાર પ્રત્યાખ્યાની અને ચાર અપ્રત્યાખ્યાની-એમ આઠ કષાયોનો નવમે ગુણસ્થાનકે ક્ષય કરે. અને એ આઠમાંથી અર્ધ ખપી જાય એટલે નીચે જણાવેલી સોળ પ્રકૃતિએ પણ ખપી જાય છે. તિર્યંચ, નરક અને સ્થાવર પ્રત્યેક બબ્બે એટલે કુલ છ, ઉદ્યોત અને આતપ એ પ્રત્યેક નામકર્મ અકેક, સ્ત્યાનર્દ્ધિત્રિક (ત્રણ), સાધારણ (નામકર્મ) એક, વિકલેન્દ્રિય ત્રણ અને એકેન્દ્રિયે એક-એમ સર્વ મળીને સોળ. અહીં ત્રણ વાના બબ્બે બબ્બે કહ્યાં છે. તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી એમ બે, નરકગતિ અને નરકાનુપૂર્વી એમ બે, સ્થાવર અને સૂક્ષ્મ નામકર્મ એમ બે સમજવા જેવી રીતે અગ્નિ એક કાષ્ઠને અર્ધું-દગ્ધપ્રાય કરી અન્ય કાષ્ઠે પહોંચી એને પણ બાળે છે તેવી રીતે ક્ષપક (મુનિ) પણ આમાં વચ્ચે બીજી પ્રકૃતિએ ખપાવી દે છે. વળી આઠ કષાયોના બાકી રહેલા (અર્ધ) ભાગને ખપાવીને પછી અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય આદિક છ અને છેલ્લે પુરુષવેદને ખપવે છે. એ પ્રમાણે સૂત્રાદેશ છે. બીજાએ એમ કહે છે કે-પહેલાં તો તે સોળ પ્રકૃતિઓને જ ખપાવાનો આરંભ કરે છે. કર્મગ્રંથની વૃત્તિમાં તો વળી એમ કહ્યું છે કે-વચમાં તો કેવળ આઠ કષાયોને જ ખપાવે અને પછી સોળ પ્રકૃતિઓને ખપાવે.

આ ક્રમ જયારે પુરુષ આરંભક હોય ત્યારે જ સમજવો. જો આરંભક સ્ત્રીજન હોય તો એ નપુંસકવેદ, પુરુષવેદ, હાસ્ય આદિ છ વાનાં અને પછી છેલ્લે સ્ત્રીવેદ-એ અનુક્રમે ખપાવે છે. વળી આરંભક (એટલે શ્રેણિકનો આરંભક) નપુંસક હોય તો તે પ્રથમ સ્ત્રીવેદને ખપાવે. પછી પુરુષવેદ, હાસ્યાદિ છ અને છેલ્લે સ્ત્રીવેદ એમ અનુક્રમે અપાવે. પછી સંજવલન જાતિનો ક્રોધ, માન અને માયાનો ક્ષય કરે છે. અને તે પછી દશમે ગુણસ્થાને સંજવલન લોભનો અન્ત લાવે છે. લોભ જડમૂલથી નષ્ટ થયા પછી ક્ષપક મુનિ મોહસાગરને તરી જઇ ત્યાં અન્તર્મુહૂર્ત વિસામો લે છે. મહાભાષ્યમાં એ વિષે કહ્યું છે કે-સર્વ કષાયો ક્ષીણ થયે ક્ષપકમુનિ મોહસાગર તરી જઇને અન્તર્મુહૂર્ત વિશ્રામ લે. જેવી રીતે સમુદ્ર તરી જઈ કોઈ પુરુષ (બે ઘડી) વિશ્રાન્તિ લે છે એમ. હવે (આ પ્રમાણે) ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનકે પહોંચીને પ્રાણી એના અંતને પહેલે ક્ષણે નિદ્રા અને પ્રચલાનો નાશ કરે. અને અન્તિમ ક્ષણે પાંચ જ્ઞાનના આવરણો, ચાર દર્શનના આવરણો તથા પાંચ અંતરાય-એમ કુલ ૧૪ કર્મને ખપાવીને જિન થાય. એવી રીતે જે ૧૪૮ પ્રકૃતિઓ સત્તામાં હતી તેમાંથી ૪૬ નો ક્ષય થવાથી ૧૦૨ પ્રકૃતિઓ દશમા ગુણસ્થાનકમાં અવશિષ્ટ રહી હતી. વળી તેમાંથી લોભ પ્રકૃતિનો ક્ષય થવાથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનના બે અન્તિમ ક્ષણ સુધીમાં ૧૦૧ અવશિષ્ટ રહી હતી. તેમાંથી પણ (નિદ્રા અને પ્રચલાના નાશથી) ક્ષીણમોહને અન્તિમક્ષણે ૯૯ અવશેષ રહી હતી. તેમાંથી ઉક્ત ૧૪ નો ક્ષય થવાથી સયોગી કેવળી ગુણસ્થાનમાં ૮૫ સત્તામાં રહે છે. ત્યારપછી વળી અયોગીગુણસ્થાનમાં છેલ્લે બે ક્ષણે ૭૨ નો ક્ષય થાય છે અને અવશેષ જે ૧૩ રહી તેનો અયોગીને એકદમ છેલ્લે સમયે ક્ષય થાય છે. આ માટે ભાષ્યમાં કહ્યું છે કે-નિશ્ચય નયને મતે આવરણોના ક્ષય સમયે જ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે અને વ્યવહારનયને મતે તે પછીને સમયે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ૧૨ મા ગુણસ્થાનક વિષે આત્માનું વીર્ય-શક્તિ એનું નામ યોગ એ (યોગ) વીર્યાન્તરાયના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી અમુક પ્રકારની લબ્ધિથી પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનકનો કાલ અન્તર્મુહૂર્ત્ત.

એ યોગ 'સકરણુ' અને 'અકરણુ' એમ બે પ્રકારનો કહ્યો છે. એમાં કેવળીને, અખિલ જ્ઞેય અને દશ્ય પદાર્થોમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ કરવાથી જે અમુક પ્રકારની અપ્રતિહત લબ્ધિ પ્રાપ્ત થાય છે એનું નામ 'અકરણુ યોગ'.

અહિં 'અકરણુ યોગ'નો અધિકાર નથી, અહિં તો સકરણુ યોગનો અધિકાર છે; કે જે મન, વચન અને કાયાના કરણુનો હેતુભૂત છે.

આ 'સકરણુ યોગ'વાળા જે કેવળી હોય એ સયોગી કેવળી કહેવાય છે અને એમનું ગુણુસ્થાન સયોગી કેવળી ગુણુસ્થાન કહેવાય.

એવી રીતે કેવળીને પણુ મનનો, વચનનો અને કાયાનો યોગ હોય છેઃ ગમનાગમન વગેરેને વિષે કાયિક યોગ છે, દેશના આદિ દેતાં વચનયોગ છે અને નીચે આપેલી પરિસ્થિતિને વિષે મનયોગ હોય છે.

મનઃપર્યવ જ્ઞાનવાળાઓએ અથવા અનુત્તરાદિક દેવે મનવડે પૂછેલા પ્રશ્નોનો મનવડે જ ઉત્તર આપે એ 'મનયોગ'

અહિં એટલે આ તેરમે ગુણુસ્થાને જિન ભગવાનને બેંતાળીશ કર્મપ્રકૃતિ ઉદયમાં હોય, એ સિવાયના કેવળીને એકતાળીશ કર્મપ્રકૃતિનો ઉદય હોય છે.

એમાંથી ઔદારિક અંગ અને ઉપાંગ, શુભ અને અશુભ એમ બે આકાશ, ગતિ, અસ્થિર-સ્થિર, અશુભ-શુભ અને પ્રત્યેક એ પાંચ નામકર્મ છે, છ સંસ્થાન; અગુરુલઘુ-ઉપઘાત-પરાઘાત અને ઉચ્છ્વાસ એ ચાર નામકર્મ, વર્ણ, ગંધ, સ્પર્શ, રસ, નિર્માણુ નામકર્મ, આદ્ય સંઘયણુ, તૈજસ અને કાર્મણુ એ બે દેહ, અસાતા અને સાતાવેદનીય એ બેમાંથી એક તથા સુસ્વર અને દુસ્વર એ બે નામકર્મ—આ પ્રમાણેની ત્રીસ કર્મપ્રકૃતિઓનો તેરમે ગુણુસ્થાનકે, ઉદયની અપેક્ષાએ, વ્યવચ્છેદ થાય છે,

વળી અયોગી ગુણુસ્થાનમાં, ભાષાના પુદ્દગળોના વિપાકીપણાને લીધે. 'દુસ્વર' અને સુસ્વર નામ કર્મોનો ઉદય હોતો નથી. તથા શરીરના પુદ્દગળના વિપાકીપણાને લીધે કાયયોગ હોતો નથી પણુ નીચે જણાવેલી પ્રકૃતિઓ ભાવથી હોય છે.

યશ, સુભગ, આદેય, પર્યાપ્ત, ત્રસ અને બાદર-એ છ નામકર્મ, પંચેન્દ્રિયની જાતિ, મનુષ્યનું આયુષ્ય તથા ગતિ, જિનનામકર્મ, ઉચ્ચગોત્ર તથા સાતા કે અસાતા વેદનીય-એમ કુલે બાર પ્રકૃતિઓ અયોગી કેવળી ગુણુસ્થાનના છેલ્લા સમય સુધી ઉદયમાં હોય છે.

એ પ્રમાણે તેરમું ગુણુસ્થાન કહ્યું, એનો કાલ દેશોન પૂર્વક્રોડ વર્ષ.

જેને યોગ નથી એઅયોગી. એવા અયોગી કેવળીનું ગુણુસ્થાન 'અયોગી કેવળી' ગુણુસ્થાન કહેવાય છે.

તે આ પ્રમાણે છે—

આયુષ્ય જ્યારે અન્તર્મુહૂર્ત્ત જેટલું શેષ રહે છે ત્યારે સયોગીકેવળી લેશ્યાતીત ધ્યાનમાં નિમગ્ન થવાની ઇચ્છાથી યોગોને રૂંધે છે. તેમાં પ્રથમ સ્થૂળ કાયયોગવડે સ્થૂળ મન-વચનના યોગોને રૂંધે છે, અને પછી સ્થૂળ કાયયોગને રોકે છે, પછી સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુકલધ્યાનને વિભાવતાં સૂક્ષ્મકાયયોગવડે સૂક્ષ્મ મનવચનના યોગને રૂંધે છે. પછી પોતે

સ્વતઃ સૂક્ષ્મકાયયોગને રુંધે છે, અને એ વખતે એનો શરીરપ્રદેશ તૃતીયાંશે ન્યૂન થઇને રહે છે.

ત્યારપછી સમુચ્છિન્નક્રિયાપ્રતિપાતી શુકલધ્યાનમાં નિમગ્ન રહી, પાંચ હ્રસ્વ વર્ણોના ઉચ્ચાર જેટલા સમયમાં શૈલેશીકરણ કરે છે અને એમ કરતાં, સર્વ યોગવ્યાપાર રહિત 'અયોગી' થઇ 'સિદ્ધ' થાય છે.

અયોગી કેવળી ગુણસ્થાનના ઉપાંત્ય સમયને વિષે દેવની ગતિ તથા આનુપૂર્વી, શુભ અને અશુભ વિહાયગતિ (આકાશગતિ), બે ગંધ, આઠ સ્પર્શ, પાંચ રસ, પાંચ વર્ણ, પાંચ (શરીર) અંગ, પાંચ બંધન, પાંચ સંઘાત, છ સંસ્થાન, છ સંઘયણ, ત્રણ ઉપાંગ, નીચ ગોત્ર, નિર્માણ, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભાગ્ય, સુસ્વર, દુઃસ્વર, અનાદેય, અપયશ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, અપર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર અને અસાતા કે સાતાવેદનીય એટલાં (૧૭) નામકર્મ,–એમ એકંદર બ્હોંતેર પ્રકૃતિઓનો ક્ષય થાય છે.

અને અન્ત્ય સમયે મનુષ્યની ગતિ, આયુષ્ય અને આનુપૂર્વી એ ત્રણ, ઊંચગોત્ર, અસાતા અને સાતાવેદનીયમાંનું એક, પંચેન્દ્રિયની જાતિ, અને ત્રસ, બાદર, પર્યાપ્ત, યશ, આદેય, સુભગ અને જિન–એટલાં (૭) નામકર્મ–એમ એકંદર -તેર પ્રકૃતિઓ ખપાવે છે. આમ સર્વ કલ્મષ નિર્મૂળ થયે, અયોગી કેવળી સિદ્ધ થાય છે.

કેટલાકનો એવો મત છે કે 'આનુપૂર્વી'ને ઉપાન્ત્ય ક્ષણમાં ખપાવે છે, એટલે ઉપાન્ત્યમાં ૭૨ને બદલે ૭૩, અને અન્ત્યમાં ૧૩ને બદલે ૧૨ ખપાવે છે.

આ પ્રમાણે ચૌદમું ગુણસ્થાનક કહ્યું.

પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાન પરલોકમાં પ્રાણીની પાછળ–સાથે જાય છે અને (મિશ્ર, દેશવિરતિ આદિ) બાકીનાં અગિયાર ગુણસ્થાનકોને, પરલોક જતો પ્રાણી અહિં જ મૂકી જાય છે.

વળી મિશ્રગુણસ્થાનકે રહીને પ્રાણી મૃત્યુ પામતો જ નથી. અને 'દેશવિરતિ' આદિ ગુણસ્થાનો તો ઇંક જીવિત પર્યન્ત હોય છે, કેમકે જેમ (ત્રીજા) મિશ્રગુણસ્થાનમાં રહીને પ્રાણી મૃત્યુ પામતો નથી તેમ બારમા અને તેરમામાં રહીને પણ મૃત્યુ પામતો નથી. મતલબ કે એ ત્રણ સિવાયના શેષ અગ્યાર ગુણસ્થાને રહીને જ પ્રાણી મૃત્યુ પામે છે.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનનો સ્થિતિકાળ અનાદિસાંત, અને અનાદિઅનંત પણ છે; પરંતુ સાદિઅનંત સંભવતો નથી.

પૂર્વે જેમને સમકિત પ્રાપ્ત થયું નથી એવા ભવ્યોના એ ગુણસ્થાનનો પહેલો એટલે અનાદિસાંત સ્થિતિકાળ છે. સમકિત પામીને પુનઃ મિથ્યાત્વે ઉતરી ગયા હોય એમના ગુણસ્થાનનો સ્થિતિકાળ બીજો એટલો સાદિસાંત છે.

હમેશાં મિથ્યાત્વમાં જ વર્ત્તતા અભવ્ય જીવોના ગુણસ્થાનનો સ્થિતિકાળ ત્રીજો એટલે અનાદિઅનંત છે. 'સાદિ' ને અનન્તપણાનો અસંભવ 'હોવાથી સાદિઅનન્ત' એવો ચોથો પ્રકાર સંભવતો નથી.

બીજા 'સાસ્વાદન' ગુણસ્થાનનો કાળ છ 'આવળી' જેટલો છે એ પૂર્વે કહેલું છે. ચોથા ગુણસ્થાનનો તેત્રીશ સાગરોપમથી કંઈક અધિક છે, કેમકે એ (ચોથા ગુણસ્થાનવાળો પ્રાણી) સર્વાર્થસિધ્ધ દેવત્વને વિષે તેત્રીશ સાગરોપમ સુધી રહી અવિરત સમ્યકત્વ પામી ત્યાંથી પુનઃ અહિં પણ આવે છે અને જ્યાં સુધી અહિં પણ તે વિરતી પામતો નથી ત્યાં સુધી તે ચોથે ગુણસ્થાનકે રહે છે.

પાંચમું અને તેરમું—એ બેઉ ગુણસ્થાનકોનો સ્થિતિકાળ ક્રોડ પૂર્વથી આશરે નવ વર્ષ ન્યૂન છે.

અન્તિમ ગુણસ્થાનનો સ્થિતિકાળ વિલંબ કર્યા વિના તેમ ઉતાવળ કર્યા વિના ઙ, ઞ, ણ, ન, મ–એ પાંચ અક્ષરો બોલતાં જેટલો સમય લાગે તેટલો છે.

શેષ આઠ રહ્યાં એમનો સ્થિતિકાળ-'અન્તર્મુહૂર્ત્ત' જેટલો છે. કેટલાક વળી આ આઠ માંહેલા બે-છઠ્ઠા અને સાતમાંનો કાળ, ક્રોડ પૂર્વથી કંઈક ન્યૂન છે એમ કહે છે.

એ સંબંધમાં ભગવતી સૂત્રમાં એમ કહ્યું છે કે—

'પ્રમત્ત' અને 'અપ્રમત્ત'માં વર્તતા સંયમી–સાધુઓનો સર્વ પ્રમત્તકાળ કેટલો હોય?

ઉત્તર—હે મંડિયા! એક જીવને આશ્રયીને 'જઘન્ય' એક સમય અને 'ઉત્કૃષ્ટ' ક્રોડ પૂર્વથી કંઈક ન્યૂન; અને નાના જીવોની અપેક્ષાએ સર્વકાળ.' આ ઉપર ટીકા છે તે આ પ્રમાણે–

અહિં જઘન્ય એક સમયનો કાળ કેમ કહ્યો?

ઉત્તર—પ્રમત્ત સંયમ અંગીકાર કરીને અન્ય સમયે જ મરણ પામવાથી.

પ્રશ્ન—પૂર્વ ક્રોડથી કંઈક ન્યૂન, એમ કહ્યું એ શી રીતે?

ઉત્તર—પ્રમત્ત અને અપ્રમત્ત-એ પ્રત્યેક ગુણસ્થાનની સ્થિતિ અન્તર્મુહૂર્ત્તની જ છે, અને એમના પર્યાયો એકત્ર કરીએ એટલે ઉત્કર્ષતઃ કંઈક ન્યૂન ક્રોડ પૂર્વ થાય છે. એમાં પણ 'અપ્રમત્ત'ની અપેક્ષાએ 'પ્રમત્ત'ના અન્તર્મુહૂર્તો મોટાં કલ્પ્યા છે. એટલે અન્તર્મુહૂર્ત્તની સ્થિતિવાળા પ્રમત્ત ગુણસ્થાનના સર્વ કાળ એકત્ર કરીએ તો ક્રોડ પૂર્વથી કંઈક ન્યૂન થાય છે. કેટલાકનો વળી એવો મત છે કે 'પ્રમત્ત'નો સ્થિતિકાળ ઉત્કૃષ્ટ 'ક્રોડ પૂર્વથી આઠ વર્ષ ન્યૂન' છે. 'અપ્રમત્ત'ના સંબંધમાં પણ એમ જ સમજવું. ફેર એટલો કે 'અપ્રમત્તકાળ'ની અંદર રહેનારનું અન્તર્મુહૂર્ત્તની અંદર મૃત્યુ થતું નથી. વળી 'ચૂર્ણિકાર'નો તો એવો મત છે કે પ્રમત્ત સંજમી વિના બીજા સર્વ સર્વવિરતિ 'અપ્રમત્ત' કહેવાય છે; કેમકે એમને પ્રમાદનો અભાવ છે–પ્રમાદ હોતો જ નથી. આવો સંયમી વળી ઉપશમશ્રેણિને પ્રાપ્ત કરીને અન્તર્મુહૂર્ત્તની અંદર મૃત્યુ પામવાથી જઘન્યકાળ પમાય છે. 'કંઇક ન્યૂન ક્રોડ પૂર્વ' કહ્યો એ કાળ તો કેવળીને આશ્રયીને કહ્યો છે.

અહિં જિનેશ્વર પ્રભુએ જે એક જીવની અપેક્ષાએ કહ્યું છે, તે પ્રાપ્તિરૂપને ત્યજીને કહ્યું છે.

હવે આ ગુણસ્થાનોના અન્તર વિષે કંઈક વર્ણન કરીએ.

'સાસ્વાદન'નું અન્તર જઘન્યતઃ એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું છે; અને શેષ તેરમાંહેના દશ ગુણસ્થાનોનું અન્તર અન્તર્મુહૂર્ત્તનું છે.

મિથ્યાત્વ ગુણસ્થાનનું અન્તર ઉત્કૃષ્ટતઃ એક સો બત્રીશ સાગરોપમથી કંઈક અધિક.

અહિં આ પ્રમાણે ભાવના છે,-

કોઈ પ્રાણી સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુભવીને તથા પછી અન્તર્મુહૂર્ત્ત સુધી મિશ્ર-ગુણસ્થાનક અનુભવીને પુનઃ છાસઠ સાગરોપમની સમકિતની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્ણ કરીને જ્યારે મિથ્યાત્વ ગુણસ્થાને ઉતરી પડે ત્યારે ઉપરકહ્યું એ મિથ્યાત્વનું ઉત્કૃષ્ટ અંતર થાય છે.

બીજાથી માંડીને દશ ( અર્થાત્ અગિયારમા સુધીના ) ગુણસ્થાનોનું અન્તર ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગળપરાવર્તથી કંઈક ન્યૂન છે.

આઠમા, નવમા અને દશમા ગુણસ્થાનોમાં ક્ષય થયેલાને લેશ પણ અન્તર નથી; તેમજ એક જ વાર પ્રાપ્ત થતાં હોવાથી 'ક્ષીણમોહ' વગેરે ત્રણ ગુણસ્થાનોમાં, એટલે કે બારમા, તેરમા અને ચૌદમા ગુણસ્થાનોમાં પણ અન્તર નથી.

# ૨. ગુણસ્થાનદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | ૧૪ પૈકી કેટલા ભેદ |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૪ |
| ૨ | મનુષ્યગતિ | ૧૪ |
| ૩ | તિર્યંચગતિ | ૫ |
| ૪ | નરકગતિ | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ |
| ૧૧ | અપ્કાય | ૨ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાયુકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૧૪ |
| ૧૬ | મનયોગ | ૧૩ |
| ૧૭ | વચનયોગ | ૧૩ |
| ૧૮ | કાયયોગ | ૧૩ |
| ૧૯ | પુરુષવેદ | ૯ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૯ |

## વિવેચન.

(૧) પહેલા ચાર હોય. દેવો અવિરતિ હોવાથી પહેલા ચાર જ હોય. કહ્યું છે કે–सुरनारएसु होन्ति चतारि ॥ (૨) પૂરેપૂરા હોય. (૩) પહેલાં પાંચ હોય. શ્રીજિનેશ્વર ભગવંતની દેશના સાંભળીને તિર્યંચો પાંચમું દેશવિરતિ ગુણસ્થાન અંગીકાર કરે છે. तिरिएसु जाण पंचेव ॥ જાતિસ્મરણ જ્ઞાનથી પણ પૂર્વભવ દેખીને તિર્યંચો પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. (૪) દેવની માફક જાણવું. (૫) પહેલું તથા બીજું હોય, જીવ સાસ્વાદન ગુણસ્થાનક સાથે લઇને આવે ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં હોય. (૬-૭-૮) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૯) પૂરેપૂરા લાભે. (૧૦-૧૧) એકેન્દ્રિય પ્રમાણે જાણવું (૧૨-૧૩) પહેલું મિથ્યાત્વ જ હોય. (૧૪) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૫) પૂરેપૂરા લાભે. (૧૬) ચૌદમું ગુણસ્થાનક ન હોય, કારણકે મનોયોગનું રુંધન કર્યા બાદ જ ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત થઇ શકે છે. (૧૭) ચૌદમું ગુણસ્થાનક ન હોય, કારણકે વચનયોગનું રુંધન કર્યા બાદ જ ચૌદમું પ્રાપ્ત થઇ શકે છે. (૧૮) પહેલેથી ૧૩ ગુણસ્થાન હોય. ૧૪ મે ગુણસ્થાને સૂક્ષ્મકાયયોગ હોય, પરંતુ અહિં આ વિવક્ષા કરી નથી. (૧૯) પહેલા નવ હોય, નવમા ગુણસ્થાનકના અંતે તો પુરુષવેદનો નાશ થાય છે માટે ૧૦ થી ૧૪ સુધીનાં ન હોય, આકૃતિ માત્ર હોય. (૨૦) પહેલેથી નવ પર્યંત હોય, નવમાના અંતે સ્ત્રીવેદનો નાશ થાય છે. (૨૧) પહેલેથી નવપર્યંત હોય, નવમાના અંતે નપુંસકવેદનો નાશ થાય છે. (૨૨) પહેલેથી નવ પર્યંત હોય, નવમાના અંતે ક્રોધનો નાશ થાય છે. (૨૩) પહેલેથી નવ પર્યંત હોય, નવમાના અંતે માનનો નાશ થાય છે. (૨૩) પહેલેથી નવ પર્યંત હોય, નવમાના અંતે માયાનો નાશ થાય છે. (૨૫) પહેલા દશ હોય, દશમા ગુણઠાણે સૂક્ષ્મ લોભ હોય છે. (૨૬) કર્મગ્રંથના મત પ્રમાણે ૪ થા ગુણસ્થાનથી પ્રારંભી ૧૨ મા સુધી હોય, સિદ્ધાન્તકારના મત પ્રમાણે તો બીજાથી પ્રારંભી ૧૨મા સુધી હોય. (૨૭) મતિજ્ઞાન પ્રમાણે સમજવું. (૨૮) ચોથાથી લઇને ૧૨ ગુણસ્થાન સુધી હોય, મિશ્રગુણસ્થાને કેટલાક અવધિજ્ઞાન માને છે. (૨૯) છદ્મસ્થ મુનિને છઠ્ઠા ગુણસ્થાનથી પ્રારંભી ૧૨ મા સુધી હોય, સાતમે પ્રાપ્ત થાય પણ પછી છઠ્ઠે આવે ત્યારે પણ હોય. (૩૦) તેરમું તથા ચૌદમું હોય. (૩૧) પહેલા બે અથવા ત્રણ હોય. બે ગુણસ્થાને તો અનંતાનુ-

| નંબર. | દ્વારનું નામ. | ૧૪ પૈકી કેટલા ભેદ |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૯ |
| ૨૨ | ક્રોધ | ૯ |
| ૨૩ | માન | ૯ |
| ૨૪ | માયા | ૯ |
| ૨૫ | લોભ | ૧૦ |
| ૨૬ | મતિજ્ઞાન | ૯/૧૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૯/૧૧ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૯ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૭ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૨ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨/૩ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨/૩ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨/૩ |
| ૩૪ | સામાયિક | ૪ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૪ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૪ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૪ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૨ |

## વિવેચન ચાલુ

બંધીનો ઉદય હોય ત્યાં અજ્ઞાન હોય પરંતુ મિશ્રગુણસ્થાને અથવા ત્રણ કહ્યા છે. પણ મિથ્યાત્વનો અંશ વિશેષ હોય તો અજ્ઞાન હોય માટે બે. (૩૨–૩૩) ઉપર પ્રમાણે જાણવું. (૩૪–૩૫) છ, સાત, આઠ ને નવ–એ ચાર ગુણઠાણા હોય. (૩૬) છઠ્ઠું અને સાતમું. (૩૭) ૧૦ મું હોય. (૩૮) ૧૧, ૧૨, ૧૩, તથા ૧૪ બાબે. (૩૯) પાંચમું એક જ હોય. (૪૦) પહેલાં ચાર. (૪૧) પહેલેથી બાર હોય. તેરમું ગણેલ નથી કારણકે કેવળ-જ્ઞાન થયા પછી ચક્ષુનો કંઇ ખપ પડતો નથી. (૪૨) પહેલેથી બાર હોય. ઇન્દ્રિયોના ઉપયોગની જરૂર ન હોવાથી તેરમું ગણેલ નથી. (૪૩) ચોથાથી માંડીને બારમા સુધી હોય, પરંતુ ભગવતી સૂત્ર વિગેરેમાં વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન માનેલું છે, તે અભિ-પ્રાયે એકથી બાર ગુણસ્થાન હોય. (૪૪) તેરમું તથા ચૌદમું હોય. (૪૫–૪૬–૪૭) પહેલેથી છ હોય, સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરવાને અવ-સરે જો કે કૃષ્ણાદિ અશુભલેશ્યા ન હોય પરન્તુ સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કર્યા બાદ (પ્રતિપન્નભાવે) હોઇ શકે. મંદ અશુભલેશ્યાથી સમ્યક્ત્વા-દિનો વિનાશ ન થાય, પ્રથમની ત્રણ અશુભલેશ્યા માટે ત્રીજા કર્મ-ગ્રંથમાં ગુણસ્થાન ચાર કહ્યા છે, ચોથા કર્મગ્રંથમાં છ કહ્યા છે. (૪૮–૪૯) પહેલા સાત ગુણસ્થાનક હોય. (૫૦) પહેલેથી તેર હોય. જ્યાં સુધી યોગ હોય ત્યાં સુધી લેશ્યા હોય. (૫૧) પૂરેપૂરા હોય. (૫૨) પહેલું જ હોય. (૫૩) ચોથાથી અગિયારમા સુધી હોય. પહેલા ત્રણમાં મિથ્યાત્વાદિ હોય અને ૧૨, ૧૩ તથા ૧૪ મા ગુણ-સ્થાનકમાં તો ક્ષાયિક જ હોય. (૫૪) ચોથાથી સાતમા સુધી હોય. આઠમાથી શ્રેણી માડે એટલે ઉપશમ કે ક્ષાયિક જ હોય. (૫૫) ચોથાથી પ્રારંભી ચૌદ સુધી હોય. (૫૬) ત્રીજું જ હોય. (૫૭) બીજું જ હોય. (૫૮) પહેલું જ હોય. (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) પહેલું તથા બીજું હોય. (૬૧) ચૌદમા ગુણસ્થાનકમાં આહારનો અભાવ હોવાથી તેર જ હોય. (૬૨) પહેલું, બીજું, ચોથું, તેરમું અને ચૌદમું ગુણસ્થાનક હોય, પહેલા ત્રણમાં વક્રગતિમાં અણાહારી હોય. તેરમે કેવળી સમુદ્‌ઘાતમાં હોય અને ચૌદમે તો અણા-હારી જ હોય.

卐

| નંબર. | દ્વારનું નામ. | ૧૪ પૈકી કેટલા ભેદ |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૨ |
| ૪૩ | અવધિદર્શન | ૯ |
| ૪૪ | કેવળદર્શન | ૨ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૪૮ | તેજોલેશ્યા | ૭ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૭ |
| ૫૦ | શુકૂલલેશ્યા | ૧૩ |
| ૫૧ | ભવી | ૧૪ |
| ૫૨ | અભવી | ૧ |

| નંબર. | દ્વારનું નામ. | ૧૪ પૈકી કેટલા ભેદ |
|---|---|---|
| ૫૩ | ઉપશમસમકિત | ૮ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪ |
| ૫૫ | ક્ષાયકસમકિત | ૧૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧ |
| ૫૯ | સંજ્ઞી | ૧૪ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૬૧ | આહારી | ૧૩ |
| ૬૨ | અણાહારી | ૫ |

卐

## ૩. ઉપયોગદ્વાર

उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवोऽनेनेत्युपयोगः ॥

આત્મા જેનાવડે પદાર્થજ્ઞાન પ્રત્યે જોડાય તે ઉપયોગ. આત્માના જ્ઞાન, ગુણ અને દર્શન-ગુણમાં ઉપયોગ એ જ મૂળ કારણ છે, કારણ કે વિશેષ ઉપયોગ તે જ્ઞાન અને સામાન્ય ઉપયોગ તે દર્શન. એ બન્નેમાં ઉપયોગ સાધારણ કારણ છે. ઉપયોગનો કાલ છદ્મસ્થને લઇને અંતર્મુહૂર્ત્ત અને કેવલીને લઇને એક સમયનો જાણવો.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન–એ પાંચ જ્ઞાન, મતિ-અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન–એ ત્રણ અજ્ઞાન તેમજ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિ-દર્શન અન કેવળદર્શન એ ચાર દર્શન–એ પ્રમાણે કુલ બાર ઉપયોગ છે.

## ૩. ઉપયોગદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૯ |
| ૨ | મનુષ્યગતિ | ૧૨ |
| ૩ | તિર્યંચગતિ | ૯ |
| ૪ | નરકગતિ | ૯ |
| ૫ | એકેન્દ્રિય | ૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ / ૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ / ૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૪ / ૬ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩ |
| ૧૧ | અપ્કાય | ૩ |
| ૧૨ | તેઉકાય | ૩ |
| ૧૩ | વાઉકાય | ૩ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩ |
| ૧૫ | ત્રસકાય | ૧૨ |
| ૧૬ | મનયોગ | ૧૨ |
| ૧૭ | વચનયોગ | ૧૨ |
| ૧૮ | કાયયોગ | ૧૨ |
| ૧૯ | પુરુષવેદ | ૧૦ / ૧૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૦ / ૧૨ |

### વિવેચન.

(૧) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુ દર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન તેમ જ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ પ્રમાણે ૯. જુઓ પન્નવણા સૂત્ર ઓગણત્રીશમું પદ (૨) પૂરેપૂરા એટલે કે પાંચે જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન. (૩) સમ્યગ્દૃષ્ટિ તિર્યંચોને મતિ તથા શ્રુતજ્ઞાન હોય છે. કોઈકને ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન હોય, કારણ કે તિર્યંચો પણ વ્રત, તપશ્ચર્યાદિ ગુણથી અવધિજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મિથ્યાદૃષ્ટિ તિર્યંચોને મતિ તથા શ્રુત અજ્ઞાન હોય છે અને કોઈકને અજ્ઞાન કષ્ટથી વિભંગજ્ઞાન પણ ઉદ્ભવે છે. ચક્ષુ તેમજ અચક્ષુદર્શન હોય છે અને જ્યારે અવધિજ્ઞાન હોય છે ત્યારે અવધિદર્શન હોય છે. વિભંગજ્ઞાનમાં અવધિદર્શન કહ્યું નથી પરંતુ પન્નવણા પદ ૧૮ માં તથા બીજા પણ સિદ્ધાન્તમાં વિભંગજ્ઞાનીને અવધિદર્શન કહ્યું છે. (૪) દેવની માફક જાણવું. (૫) મતિ તથા શ્રુત અજ્ઞાન હોય. વળી એકેન્દ્રિયોને માત્ર સ્પર્શેન્દ્રિય દ્વારા સામાન્ય જ્ઞાન હોવાથી સ્પર્શેન્દ્રિય સંબંધી અચક્ષુદર્શન હોય, વિશેષાવશ્યક ગાથા ૧૩ ના ભાષાંતરમાં તથા લોકપ્રકાશમાં અજ્ઞાન જણાવેલ છે. (૬) બેઇન્દ્રિયોને અપર્યાપ્તપણામાં અલ્પકાળ સાસ્વાદન સમક્તિ હોવાથી કર્મગ્રંથના મત મુજબ મતિ તેમજ શ્રુત અજ્ઞાન હોય. અચક્ષુ દર્શન તો સ્પર્શેન્દ્રિય ને રસેન્દ્રિયના સામાન્ય બોધરૂપ છે. જીવાભિગમ સૂત્ર ૨૮ માં તો મતિ તથા શ્રુતજ્ઞાન અને મતિ તથા શ્રુતઅજ્ઞાન તેમ જ અચક્ષુદર્શન એમ પાંચ જણાવેલ છે. (૭) બેઇન્દ્રિય પ્રમાણે જાણી લેવું. (૮) બેઇન્દ્રિયમાં જણાવ્યા ઉપરાંત ચક્ષુદર્શન વિશેષ હોય* (૯) પૂરેપૂરા હોય. (૧૦-૧૧-૧૨-૧૩) કર્મગ્રંથના મતે કોઈક પૃથ્વીકાય જીવને અપર્યાપ્ત અવસ્થામાં અંતર્મુહૂર્ત કાળ સુધી (દેશ ઊણુ ૬ આવલિકા ઉત્કૃષ્ટ કાળ સુધી) સાસ્વાદન, બે અજ્ઞાન અને એક અચક્ષુદર્શન એમ ત્રણ હોય, જો કે એકેન્દ્રિયમાં કર્મગ્રંથના અભિપ્રાયે કરણઅપર્યાપ્ત અવસ્થામાં પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિકાયને બે ગુણસ્થાન માનેલા છે, પરંતુ મલિન પરિણામ હોવાથી અજ્ઞાની હોય, પૃથ્વીકાય વિગેરે બાદર

* વિકલેન્દ્રિય માર્ગણામાં બે જ્ઞાન કહ્યા કેમ કે દંડક ગાથા ૨૦ માં બે જ્ઞાન ને બે અજ્ઞાન કહ્યા છે. પન્નવણા સૂત્ર પદ ૨૯ માં પણ તેમ જ કહેલ છે.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૧૦/૧૨ |
| ૨૨ | ક્રોધ | ૧૦ |
| ૨૩ | માન | ૧૦ |
| ૨૪ | માયા | ૧૦ |
| ૨૫ | લોભ | ૧૦ |
| ૨૬ | મતિજ્ઞાન | ૭ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૭ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૭ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૭ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૨ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૫/૬ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫/૬ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૫/૬ |
| ૩૪ | સામાયિક | ૭ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૭ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૭ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૭ |
| ૩૮ | યથાખ્યાત | ૯ |
| ૩૯ | દેશવિરતિ | ૬ |
| ૪૦ | અવિરતિ | ૯ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૦ |

## વિવેચન ચાલુ

સમજવા. પન્નવણાસૂત્રમાં ત્રણ ઉપયોગ કહ્યા છે, પૃથ્વીકાયથી લઇને વનસ્પતિકાય સુધી. (૧૪) ઉપર પ્રમાણે જાણવું વિશેષ એ કે સાધારણ વનસ્પતિકાય તેમજ પ્રત્યેક વનસ્પતિકાય બંને માટે જાણવું. (૧૫-૧૬-૧૭-૧૮) પૂરેપૂરા હોય. (૧૯-૨૦) પુરુષવેદનો ઉદય ૯ મા ગુણસ્થાન સુધી હોવાથી કેવલદ્વિક વિના ૧૦ લાભે અને કેવલિને દ્રવ્યલિંગ ગણીએ તો ૧૨ લાભે. અહિંઆ કેવલિમાં ૧૨ ઉપયોગ લિંગાકાર માત્ર જાણવા. (૨૧) સ્વાભાવિક નપુંસકને કેવળજ્ઞાન તથા કેવળદર્શન ન હોય, કૃત્રિમ નપુંસકને બંને હોય, આ અપેક્ષાએ દશ ને બાર સમજવા. (૨૨-૨૩-૨૪-૨૫) જ્યાં સુધી કષાયનો ઉદય હોય ત્યાં સુધી કેવળજ્ઞાન તથા કેવળદર્શનની પ્રાપ્તિ નથી, કેમકે કષાયનો ઉદય ૯ તથા ૧૦ મા ગુણસ્થાન સુધી હોય છે, લોભની અપેક્ષાએ ૧૦ મું. (૨૬-૨૭-૨૮-૨૯) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ-એ ચાર જ્ઞાન તથા ચક્ષુ, અચક્ષુ અને અવધિ-એ ત્રણ દર્શન હોય. શ્રી તત્ત્વાર્થ સૂત્રના પહેલા અધ્યાયમાં કહ્યું છે કે-એક સાથે ચાર જ્ઞાન તથા ત્રણ દર્શન હોય, પરંતુ કેવળજ્ઞાન ને કેવળદર્શન ન હોય; જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ક્યાંથી હોઇ શકે? (૩૦) કેવળજ્ઞાન તથા કેવળદર્શન હોય. કેવળી ભગવાનની ચક્ષુ વિગેરે ઇન્દ્રિયો પોતપોતાનો વિષય ગ્રહણ કરી શકે તેમ છે, પરંતુ જેમ બ્રહ્મચારીને પોતાની સ્ત્રી નિરુપયોગી છે તેમ કેવળજ્ઞાનીનો આત્મા તેમાં પ્રવર્તતો નહીં હોવાથી ઇન્દ્રિયો નિરુપયોગી છે. (૩૧-૩૨-૩૩) ત્રણ અજ્ઞાન તથા ચક્ષુ, અને અચક્ષુદર્શન, જ્યાં અજ્ઞાન હોય ત્યાં જ્ઞાન ક્યાંથી હોઇ શકે? વિભંગજ્ઞાનની સાથે અવધિદર્શન હોવાનો સંભવ ગણીએ તો પ્રકારાંતરે છ ભેદ સમજવા. (૩૪-૩૫-૩૬-૩૭) મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુ, અચક્ષુ તથા અવધિદર્શન હોય, સામાયિક ચારિત્ર ૬, ૭, ૮ અને ૯ ગુણસ્થાનક સુધી હોય છે તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શન ન હોય. કેવળજ્ઞાન તો તેરમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, વળી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કર્યા પછી જ કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રાપ્ત થાય છે. યથાખ્યાત ચારિત્ર ૧૧ મા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. (૩૮) ત્રણ અજ્ઞાન છોડીને બાકીનાં બધાં હોય. (૫ જ્ઞાન ને ૪ દર્શન) છદ્મસ્થ યથાખ્યાતને ચાર જ્ઞાન અને ત્રણ દર્શન. કેવળી યથાખ્યાતમાં કેવલદ્વિક કુલ યથાખ્યાતમાં નવ. (૩૯) મતિ, શ્રુત ને અવધિજ્ઞાન, અચક્ષુદર્શન

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૦ |
| ૪૩ | અવધિદર્શન | ૭ |
| ૪૪ | કેવળદર્શન | ૨ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૦ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૦ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૦ |
| ૪૮ | તેજોલેશ્યા | ૧૦ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧૦ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧૨ |
| ૫૧ | ભવી | ૧૨ |
| ૫૨ | અભવી | ૫/૬ |
| ૫૩ | ઉપશમ સમકિત | ૭ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૭ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૯ |
| ૫૬ | મિશ્ર | ૬ |
| ૫૭ | સાસ્વાદન | ૫/૬ |
| ૫૮ | મિથ્યાત્વ | ૫/૬ |
| ૫૯ | સંજ્ઞી | ૧૦/૧૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૪/૬ |
| ૬૧ | આહારી | ૧૨ |
| ૬૨ | અણાહારી | ૧૦ |

## વિવેચન ચાલુ

ચક્ષુદર્શન તથા અવધિદર્શન હોય. અજ્ઞાન તો હોય જ નહીં, મનઃપર્યવ જ્ઞાન તો મુનિરાજને જ હોય તેથી દેશવિરતિવાળાને ન હોય, તેમજ કેવળજ્ઞાન અને કેવળદર્શન તો ભાવ ચારિત્રવાળાને જ હોય. (૪૦) મનઃપર્યવ તથા કેવળજ્ઞાન તેમ જ કેવળદર્શન સિવાયના બાકીનાં હોય. ૩ અજ્ઞાન, ૩ જ્ઞાન, ૩ દર્શન. (૪૧–૪૨) કેવળજ્ઞાન તથા કેવળદર્શનીને ન હોય કારણ કે તેમને ઇન્દ્રિયો નિરુપયોગી છે. ૩ અજ્ઞાન, ૪ જ્ઞાન, ૩ દર્શન. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫–૪૬–૪૭–૪૮–૪૯) કેવળજ્ઞાન તથા કેવળદર્શન સિવાય હોય. (૫૦) પૂરેપૂરા હોય, કેમકે ૧૩ મા ગુણસ્થાન સુધી શુક્લલેશ્યા હોય છે તેથી સર્વ ઉપયોગ ઘટે (૫૧) પૂરેપૂરા હોય. (૫૨) સમકિતનો અભાવ હોવાથી તેને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન તેમ જ ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન હોય. અવધિદર્શન ન ગણે તો પ્રકારાંતરે પાંચ પણ કહ્યા છે. (૫૩–૫૪) મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યવ–એ ચાર જ્ઞાન તેમજ ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન હોય. (૫૫) ત્રણ અજ્ઞાન સિવાય બાકીનાં હોય, કેમકે ક્ષાયિક સમકિત કેવલીને હોય. (૫૬) ત્રણ જ્ઞાન તથા ત્રણ દર્શન. જો કે અહીં કોઇ ઠેકાણે જ્ઞાન કે અજ્ઞાનમાંથી કોઈના પણ અંશની બહુલતા સંભવે છે, અથવા કવચિત્ ઉભયાંશનું સમપણું પણ સંભવે છે, તથાપિ જ્ઞાનાંશની બહુલતાની અપેક્ષાએ વિજ્ઞપુરુષોએ અહીં ગુણાશ્રીભૂત મિશ્ર ગુણસ્થાનકે ત્રણ જ્ઞાન કહેલ છે. જુઓ ભાવલોક પ્રકાશ સર્ગ ૩૬. (૫૭) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ અજ્ઞાન તથા ચક્ષુ અચક્ષુદર્શન ગણતાં પાંચ, મતાંતરે અવધિદર્શન ગણતાં છ હોય છે. (૫૮) જ્ઞાન તો હોય જ નહીં. ત્રણ અજ્ઞાન તથા ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન હોય. મતાંતરે અવધિ ન ગણતાં પાંચ સમજવા. (૫૯) પૂરેપૂરા હોય. કેવળજ્ઞાની ને કેવળદર્શનીને અમુક અપેક્ષાએ મન ન માને તો દશ સમજવા. (૬૦) મતિ તથા શ્રુત અજ્ઞાન તેમજ ચક્ષુ અને અચક્ષુ દર્શન. કર્મગ્રંથકાર તેમજ જીવાભિગમનો મત આ પ્રમાણે છે, જ્યારે સિદ્ધાંતકાર સાસ્વાદન ભાવે મતિ તથા શ્રુતજ્ઞાન કહે છે, તેથી તેમના મતે છ થાય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) મનઃપર્યવ જ્ઞાન અને ચક્ષુદર્શન સિવાય બાકીનાં બધાં હોય. મનઃપર્યવ જ્ઞાન છથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે, જ્યારે અણાહારી પદ તો પહેલે, બીજે, ચોથે, તેરમે અને ચૌદમા ગુણસ્થાનકે હોય છે.

## ૪. યોગદ્વાર

**युज्यते संबद्धयते धावनवल्गनादिक्रियासु जीवोऽनेनेति योगः ॥**

જો કે મન, વચન અને કાયાના પુદ્ગલોના અવલંબનથી ઉત્પન્ન થયેલો જે વીર્ય વ્યાપાર તે યોગ કહેવાય છે, છતાં અહિં જે પુદ્ગલો વીર્ય-વ્યાપારમાં કારણ છે તે મન, વચન અને કાયાના પુદ્ગલોમાં જ કાર્યનો આરોપ કરીને તે પુદ્ગલોને યોગ શબ્દ વિવક્ષ્યો છે. યોગને માટે જેને વિશેષ જોવું હોય તેમણે પંચસંગ્રહ પ્રથમ ખંડ ગાથા ૪ ની ટીકા જોવી.

ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ એ સાત કાયયોગ, સત્ય, અસત્ય, મિશ્ર (સત્યાસત્ય) અને અસત્યામૃષા (વ્યવહાર) એ ચાર વચનયોગ અને એ પ્રમાણે જ ચાર મનયોગ-કુલ ૧૫ યોગ જાણવા.

કાય-યોગવડે સર્વ બોલનારાઓ શબ્દ-દ્રવ્યનું ગ્રહણ કરે છે અને વચનયોગવડે વિસર્જન કરે છે. શરીરના ઔદારિક વિગેરે પાંચ પ્રકારો હોવાથી કાય-યોગના પણ પાંચ પ્રકારો પડે છે, પરંતુ તેમાં કાય-યોગથી ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ જ સમજવાના છે.

વચન-યોગના સંબંધમાં બે વિકલ્પો છે. વક્તાએ મૂકેલ ભાષા-દ્રવ્યના સમૂહરૂપ વાચા તે 'વચનયોગ' એ ભાષાદ્રવ્યના સમૂહને મૂકવામાં કારણભૂત કાયાનો વ્યાપાર તે વચનયોગ છે. યોગનો અર્થ શરીર અને જીવનો વ્યાપાર થાય છે. ભાષા કંઇ જીવના વ્યાપારરૂપ નથી, એ તો રસ, ગંધ વગેરેની પેઠે પુદ્ગલના પરિણામરૂપ છે. જ્યારે જીવના વ્યાપારરૂપ યોગ તો પુદ્ગલનાં પરિણામરૂપ નથી. વળી ભાષાવડે કંઇ મૂકાતું નથી, ઊલટી એ જાતે મૂકાય છે. જે કર્મ હોય તે કરણ ન થાય. અહીં ભાષા મૂકાય છે, માટે ભાષા જ કર્મ છે; તેથી કરીને ભાષાને વચન-યોગ તરીકે સ્વીકારી શકાય તેમ નથી; પરંતુ તેનું સમાધાન એ છે કે-કાયાના વ્યવહાર વિશેષો જ મનો-યોગ અને વચન-યોગ નથી, કેમકે દેહધારી જીવને કોઈ પણ અવસ્થામાં કાય-યોગનો અભાવ નથી, સર્વ અવસ્થાઓમાં તેનો સદ્ભાવ જ છે. આનો ઉત્તર એ છે કે-સર્વ સ્થળોમાં કાય-યોગ અનુગત છે, તો પણ જેનાવડે વચનદ્રવ્યનું ગ્રહણ કરાય છે તે વચન-યોગ કહેવાય છે.

જે કાય-યોગવડે મનો-દ્રવ્યનો ચિન્તનમાં ઉપયોગ કરાય છે, મનન કરાય છે તે મનો-યોગ છે.

વસ્તુગત્યા તો સર્વત્ર કાય-યોગ જ છે. કાય-યોગવડે જ તે તે વચન અને મનને યોગ્ય પુદ્ગલ દ્રવ્ય ગ્રહણ કરાતાં હોવાથી શ્વાસોચ્છ્વાસની પેઠે મનો-યોગ અને વચન-યોગ પણ કાય-યોગ જ છે.

# ૪. યોગદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | મૂળ યોગ | ઉત્તર યોગ |
|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૧૧ |
| ૨ | મનુષ્યગતિ | ૩ | ૧૫ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૧૩ |
| ૪ | નરકગતિ | ૩ | ૧૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ | ૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ | ૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ | ૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ | ૧૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩ |
| ૧૫ | ત્રસકાય | ૩ | ૧૫ |
| ૧૬ | મનોયોગ | ૩ | ૧૩ |
| ૧૭ | વચનયોગ | ૩ | ૧૩ |
| ૧૮ | કાયયોગ | ૩ | ૧૫ |
| ૧૯ | પુરુષવેદ | ૩ | ૧૫ |
| ૨૦ | સ્રીવેદ | ૩ | ૧૩ |

## વિવેચન.

(૧) આહારકના બે યોગ ચૌદપૂર્વી મુનિરાજને હોય, તે તેમ જ ઔદારિકના બે યોગ મનુષ્ય અને તિર્યંચને જ હોય તેથી તે ૪ સિવાયના ૧૧ હોય. (૨) પૂરેપૂરા હોય. (૩) આહારક અને આહારકમિશ્ર એ બંને તિર્યંચને ન હોય કારણ કે તે ચૌદપૂર્વી મુનિરાજને જ હોય છે (૪) દેવગતિની માફક જાણવું. (૫) ઔદારિક, ઔદારિકમિશ્ર તથા કાર્મણ એ ત્રણે યોગ દરેક એકેન્દ્રિય જીવોને હોય. કેટલાક લબ્ધિ પર્યાપ્ત વાયુકાયના જીવોને વૈક્રિય તથા વૈક્રિયમિશ્ર હોય તેથી કુલ પાંચ કહ્યા છે. મૂળ યોગમાં ફકત કાયયોગ જ હોય. (૬) ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્રકાયયોગ, કાર્મણ કાયયોગ અને અસત્યામૃષા વચનયોગ હોય. આ જીવોની અસ્પષ્ટ ભાષા હોવાથી વર્ણંપંક્તિરૂપ ભાષા નથી એટલે અસત્યામૃષા કહેલ છે. મૂળ યોગમાં કાયયોગ તથા વચનયોગ હોય. (૭–૮) ઉપર પ્રમાણે. (૯) પૂરેપૂરા હોય. (૧૦–૧૧–૧૨) ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ એ ત્રણ હોય છે. મૂળ યોગમાં કાયયોગ હોય. (૧૩) પૃથ્વીકાયમાં જણાવેલા ૩ ને વૈક્રિય, વૈક્રિયમિશ્ર ભળીને ૫. (૧૪) પૃથ્વીકાય પ્રમાણે. (૧૫) પૂરેપૂરા હોય (૧૬) મનોયોગી જીવ ભવપ્રત્યયિક પર્યાપ્તિઓવડે પ્રાપ્ત થયેલો હોય છે, જેથી ચાર મનોયોગ, ચાર વચનયોગ, ઔદારિક કાયયોગ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક કુલ તેર હોય. ઔદારિકમિશ્ર કાયયોગ તથા કાર્મણ કાયયોગ કેવળી ભગવાનને સમુદ્ઘાત કરતી વખતે હોય છે. (૧૭) ઉપર પ્રમાણે. (૧૮–૧૯) પૂરેપૂરા લાભે. (૨૦) આહારક અને આહારકમિશ્ર સિવાયના બધા હોય છે. સ્રીઓ ચૌદપૂર્વી ન હોવાથી આહારકલબ્ધિ તેને હોતી નથી. આહારક તથા આહારકમિશ્ર ચૌદપૂર્વધારીને જ હોઇ શકે. (૨૧–૨૨–૨૩–૨૪–૨૫–૨૬–૨૭) પૂરેપૂરા હોય. (૨૮) સર્વ યોગમાં અવધિજ્ઞાન હોય છે. દેવ અથવા નારક ભવમાંથી સાથે લાવેલ અવધિજ્ઞાનવાળા મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક મિશ્રયોગ તથા કાર્મણયોગ હોય અને દેવ તથા નારકને પણ ભવના પ્રથમ સમયથી અવધિ

| નંબર. | દ્વારનું નામ. | મૂળ યોગ | ઉત્તર યોગ |
|---|---|---|---|
| ૨૧ | નપુંમકવેદ | ૩ | ૧૫ |
| ૨૨ | ક્રોધ | ૩ | ૧૫ |
| ૨૩ | માન | ૩ | ૧૫ |
| ૨૪ | માયા | ૩ | ૧૫ |
| ૨૫ | લોભ | ૩ | ૧૫ |
| ૨૬ | મતિજ્ઞાન | ૩ | ૧૫ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૩ | ૧૫ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૩ | ૧૫ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩ | ૧૩ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૩ | ૭ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૩ | ૧૩ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩ | ૧૩ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૩ | ૧૩ |
| ૩૪ | સામાયિક | ૩ | ૧૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩ | ૧૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩ | ૯ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ | ૯ |
| ૩૮ | યથાખ્યાત | ૩ | ૧૧ |
| ૩૯ | દેશવિરતિ | ૩ | ૧૧ |
| ૪૦ | અવિરતિ | ૩ | ૧૩ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૧૩ |

## વિવેચન ચાલુ.

અથવા વિભંગજ્ઞાન હોય છે; માટે વૈક્રિય મિશ્રયોગ પણ હોય છે. (૨૯) ઔદારિકમિશ્ર તથા કાર્મણયોગ વિનાના બાકીના તેર યોગ હોય છે કારણ કે એ બંને યોગ મનુષ્ય તથા તિર્યંચને અપર્યાપ્તાવસ્થામાં અને કેવળી ભગવંતને સમુદ્ઘાત કરતી વખતે હોય. આ બંને મનઃપર્યવ જ્ઞાનમાં ન હોય. પંચસંગ્રહ તથા ચતુર્થ કર્મગ્રંથમાં ૧૩ બતાવેલા છે. (૩૦) સત્ય મનોયોગ, અસત્યામૃષા મનોયોગ, સત્ય વચનયોગ, અસત્યામૃષા વચનયોગ, ઔદારિક મિશ્ર કાયયોગ, ઔદારિક કાયયોગ અને કાર્મણયોગ હોય. અનુત્તર વિમાનવાસી દેવે મનદ્વારા પૂછેલ પ્રશ્નનો ઉત્તર મનદ્વારા આપતાં મનોયોગ, દેશના વિગેરે આપતી વખતે વચનયોગ, અને ગમનાગમનાદિ ક્રિયામાં ઔદારિક કાયયોગ, સમુદ્ઘાત કરતી વખતે બીજે, છઠ્ઠે અને સાતમે સમયે ઔદારિક મિશ્રયોગ તેમ જ ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કાર્મણયોગ હોય છે. શેષ આહારક વિગેરે આઠ યોગ લબ્ધિના પ્રયોગના અભાવે ન હોય, કારણ કે કેવળી ભગવંતોને લબ્ધિ ફોરવવાનું નથી. સર્વજ્ઞપણું હોવાથી અસત્ય અને મિશ્રવચનયોગ તથા મનોયોગ નથી. (૩૧-૩૨-૩૩) મિથ્યાદૃષ્ટિપણું હોવાથી ચૌદ પૂર્વના અભ્યાસના અભાવે આહારકનાં બે યોગ ન હોય કારણ કે મિથ્યદૃષ્ટિ ૯ સંપૂર્ણ અને ૧૦ મા પૂર્વનો થોડો જ ભાગ ભણી શકે. (૩૪-૩૫) ઔદારિક મિશ્ર અને કાર્મણયોગ વિના શેષ હોય. (૩૬-૩૭) ચાર મનના, ચાર વચનના અને એક ઔદારિક કાયયોગ હોય. આ ચારિત્રવાળાઓ ઉત્તરવૈક્રિય શરીરની રચના કરતા નથી, તેમ જ ચૌદ પૂર્વના અભાવે આહારક લબ્ધિ પણ હોતી નથી. ચૌદપૂર્વી આ ચારિત્ર સ્વીકારતા નથી. (૩૮) વૈક્રિયદ્વિક, આહારકદ્વિક વિના અગિયાર લાભે, તેમાં છદ્મસ્થ યથાખ્યાતમાં મનના ચાર, વચનના ચાર અને ઔદારિક કાયયોગ એમ નવ હોય અને કેવળીઆશ્રીને મનનો તથા વચનનો પહેલો અને ચોથો ભેદ તથા ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ એમ સાત હોય, કુલ અગિયાર યથાખ્યાતમાં ઘટે. (૩૯) આહારકદ્વિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ વિના શેષ હોય. (૪૦) આહારકદ્વિક વિના શેષ સર્વ

| નંબર | દ્વારનું નામ. | મૂળ યોગ | ઉત્તર યોગ |
|---|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૩ | ૧૫ |
| ૪૩ | અવધિદર્શન | ૩ | ૧૫ |
| ૪૪ | કેવળદર્શન | ૩ | ૭ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ | ૧૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૩ | ૧૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૩ | ૧૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૩ | ૧૫ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૩ | ૧૫ |
| ૫૦ | શુકલલેશ્યા | ૩ | ૧૫ |
| ૫૧ | ભવી | ૩ | ૧૫ |
| ૫૨ | અભવી | ૩ | ૧૩ |
| ૫૩ | ઉપશમ સમક્તિ | ૩ | ૧૩ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૩ | ૧૫ |
| ૫૫ | ક્ષાયિક સમક્તિ | ૩ | ૧૫ |
| ૫૬ | મિશ્ર | ૩ | ૧૦ |
| ૫૭ | સાસ્વાદન | ૩ | ૧૩ |
| ૫૮ | મિથ્યાત્વ | ૩ | ૧૩ |
| ૫૯ | સંજ્ઞી | ૩ | ૧૫ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ | ૬ |
| ૬૧ | આહારી | ૩ | ૧૫ |
| ૬૨ | અણાહારી | ૧ | ૧ |

## વિવેચન ચાલુ.

હોય. આ આહારકદ્વિક તો સર્વવિરતિવાળા મુનિમહારાજને હોઇ શકે. (૪૧) ઇન્દ્રિયપર્યાપ્ત છદ્મસ્થ જીવને ચક્ષુદર્શન હોય તેથી ઔદારિકમિશ્ર અને કાર્મણયોગ ન હોય. (૪૨) પૂરેપૂરા હોય. (૪૩) અવધિજ્ઞાનની માફક જાણવું. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧) પૂરેપૂરા હોય. (૫૨) ભાવ ચારિત્રનો અભાવ હોવાથી આહારકદ્વિક ન હોય. (૫૩) આહારકદ્વિક વિના શેષ હોય. અનાદિ મિથ્યાત્વી પ્રથમ ઉપશમસમક્તિ પામે ત્યારે ચૌદપૂર્વીપણાનો અભાવ હોવાથી અને ચૌદપૂર્વી પણ ઉપશમશ્રેણી પ્રારંભતાં જ ઉપશમ સમકેત પામે તે વખતે અપ્રમત્તપણું હોવાથી અથવા વિશુદ્ધ પરિણામ હોવાથી આહારકની રચના અથવા રચાયેલા આહારકનો સંભવ હોતો નથી. પણ ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ત્રણ યોગ ઘટે નહીં; શેષ દશ જ ઘટે જે માટે ઉપશમ સમ્યકત્વવંત થયો થકો મરે નહીં ત્યારે એ ત્રણ યોગ કેમ હોય? કદાચિત્ મતાંતરે ઉપશમશ્રેણીએ ઉપશમ સમ્યકત્વી મરી અનુત્તર વિમાને જાય તો વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ પામીએ પણ ઔદારિકમિશ્ર કાય-યોગનું ઠામ તો કયાંય લાધે નહીં એ વિચારવા યોગ્ય છે. જુઓ કર્મગ્રંથ ચોથો, વિશેષ ચર્ચા પંચસંગ્રહના પહેલા દ્વારમાંથી જાણવી. (૫૪-૫૫) પૂરેપૂરા હોય. (૫૬) મિશ્ર ગુણઠાણે મૃત્યુનો અભાવ હોવાથી ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણયોગ કે જે અપર્યાપ્ત અવસ્થામાં હોય તે ત્રણે અહીં હોતા નથી, તેમજ ચારિત્રના અભાવે આહારકના બંને યોગો પણ ન હોય એટલે શેષ દશ હોય. અહિંઆ વૈક્રિય શરીર નવું પણ ન કરે. (૫૭-૫૮) આહારકદ્વિક ન હોય. (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) અસંજ્ઞીને ૬ હોય. ઔદારિક-ઔદારિકમિશ્ર-કાર્મણયોગ-અસત્યામૃષા-વૈક્રિયદ્વિક-એમ છ હોય. અહિંયા વૈક્રિયદ્વિક કહ્યું તે વાયુકાય આશ્રીને જાણવું. મૂળ યોગ બે હોય-કાયયોગ અને વચનયોગ. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) મૂળમાં એક કાયયોગ હોય. ઉત્તરયોગમાં પણ એક કાર્મણયોગ જ હોય.

卐

# ૫. મિથ્યાત્વ

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૫ |
| ૩ | તિર્યંચ | ૫ |
| ૪ | નરકગતિ | ૫ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૫ |
| ૧૬ | મનોયોગ | ૫ |
| ૧૭ | વચનયોગ | ૫ |
| ૧૮ | કાયયોગ | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૫ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫ |

તત્ત્વભૂત જીવાદિ પદાર્થોની અશ્રદ્ધા, આત્માના સ્વરૂપના અયથાર્થ જ્ઞાનરૂપ મિથ્યાત્વ પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે–આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેષિક, સાંશયિક અને અનાભોગિક. વંશપરંપરાથી પોતે જે ધર્મ માનતો આવ્યો છે તેજ ધર્મ સાચો છે, બીજા સાચા નથી, એ પ્રમાણે એક અસત્ય ધર્મને તત્ત્વબુદ્ધિએ ગ્રહણ કરવારૂપ મિથ્યાત્વ તે આભિગ્રાહિક. આ મિથ્યાત્વના વશથી બોટિકાદિ દિગંબરાદિ અસત્ય ધર્મોમાંથી કોઈ પણ એક ધર્મ ગ્રહણ કરે છે અને એને જ સત્ય માને છે. (૧) તેનાથી વિપરીત જે મિથ્યાત્વ તે અનાભિગ્રહિક એટલે કોઇ પણ એક ધર્મનું ગ્રહણ જેની અંદર ન હોય તે. આ મિથ્યાત્વના વશથી સઘળા ધર્મો સારા છે, કોઇ ખરાબ નથી. આ પ્રમાણે સાચા-ખોટાની પરીક્ષા વિના કાચ અને મણિમાં ભેદ નહિ સમજનારની જેમ કાંઇક મધ્યસ્થ વૃત્તિને ધારણ કરે છે. (૨) પ્રભુ મહાવીરે કહેલ પદાર્થને ઉવેખી નાખવારૂપ અભિનિવેશવડે થયેલ મિથ્યાત્વ તે આભિનિવેષક. આ મિથ્યાત્વના વશથી ગોષ્ઠામાહિલની જેમ સર્વજ્ઞે કહેલ પદાર્થોને ઉવેખી પોતાના માનેલા અર્થોને સ્થાપન કરે છે. (૩) સંશયવડે થયેલું મિથ્યાત્વ તે સાંશયિક જેના વશથી ભગવાન અરિહંતે કહેલ જીવાદિ તત્ત્વોમાં સંશય થાય છે. (૪) અરિહંતે કહેલ ધર્માસ્તિકાયાદિ સત્ય છે કે નહિ ? જેની અંદર વિશિષ્ટ વિચારશક્તિના અભાવે સત્યાસત્યનો વિચાર જ ન હોય તે અનાભોગિક મિથ્યાત્વ. (૫)

## વિવેચન.

(૧-૨-૩-૪) પૂરેપૂરા હોય. (૫-૬-૭-૮) અનાભોગિક હોય. (૯) પૂરેપૂરા હોય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) અનાભોગિક હોય. (૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫) પૂરેપૂરા હોય. (૨૬-૨૭-૨૮-૨૯-૩૦) મિથ્યાત્વ હોય જ નહિ. (૩૧-૩૨-૩૩) પૂરેપૂરા હોય (૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) મિથ્યાત્વ હોય જ નહિ. (૪૦-૪૧-૪૨) પૂરેપૂરા હોય. (૪૩-૪૪) ન હોય. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨) પૂરેપૂરા હોય. (૫૩-૫૪-૫૫-૫૬-૫૭) ન હોય. (૫૮-૫૯) પૂરેપૂરા હોય. (૬૦) અનાભોગિક હોય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) કોઇક અનાભોગિક એક જ જણાવે છે.

| નંબર | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૫ |
| ૨૨ | ક્રોધ | ૫ |
| ૨૩ | માન | ૫ |
| ૨૪ | માયા | ૫ |
| ૨૫ | લોભ | ૫ |
| ૨૬ | મતિજ્ઞાન | ૦ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૦ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૦ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૫ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૫ |
| ૩૪ | સામાયિક | ૦ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ |
| ૩૮ | યથાખ્યાત | ૦ |
| ૩૯ | દેશવિરતિ | ૦ |
| ૪૦ | અવિરતિ | ૫ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૪૩ | અવધિદર્શન | ૦ |
| ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૫ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૫ |
| ૫૧ | ભવી | ૦ |
| ૫૨ | અભવી | ૦ |
| ૫૩ | ઉપશમસમકિત | ૦ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૦ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૦ |
| ૫૬ | મિશ્ર | ૫ |
| ૫૭ | સાસ્વાદન | ૫ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧ |
| ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૬૧ | આહારી | ૫ |
| ૬૨ | અણાહારી | ૫ |

## ૬. અવિરતિ

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૨ |
| ૨ | મનુષ્યગતિ | ૧૨ |
| ૩ | તિર્યંચગતિ | ૧૨ |
| ૪ | નરકગતિ | ૧૨ |
| ૫ | એકેન્દ્રિય | ૭ |
| ૬ | બેઇન્દ્રિય | ૮ |
| ૭ | તેઇન્દ્રિય | ૯ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૭ |
| ૧૧ | અપ્કાય | ૭ |
| ૧૨ | તેઉકાય | ૭ |
| ૧૩ | વાઉકાય | ૭ |
| ૧૪ | વનસ્પતિકાય | ૭ |
| ૧૫ | ત્રસકાય | ૧૨ |
| ૧૬ | મનયોગ | ૧૨ |
| ૧૭ | વચનયોગ | ૧૨ |
| ૧૮ | કાયયોગ | ૧૨ |
| ૧૯ | પુરુષવેદ | ૧૨ |
| ૨૦ | સ્રીવેદ . | ૧૨ |

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એ પ્રકારે છ કાયની હિંસા કરવી તથા પોતાના વિષયમાં યથેચ્છપણે પ્રવર્ત્તતી મન અને શ્રોત આદિ પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં ન રાખવી એ પ્રમાણે તીર્થંકરો તથા ગણધરોએ ૧૨ પ્રકારે અવિરતિ કહી છે.

卐

### વિવેચન.

(૧-૨-૩-૪) પૂરેપૂરા હોય. (૫) છ કાયની અને સ્પર્શેન્દ્રિયની અવિરતિ. (૬) એકેન્દ્રિયની કરતાં રસેન્દ્રિયની અવિરતિ વધે. (૭) એકેન્દ્રિય કરતાં રસેન્દ્રિય તેમજ ઘ્રાણેન્દ્રિયની અવિરતિ વધે. (૮) એકેન્દ્રિય કરતાં રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયની અવિરતિ વધે. (૯) પૂરેપૂરી હોય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) એકન્દ્રિય પ્રમાણે. (૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૨૮) પૂરેપૂરી હોય. (૨૯-૩૦) ન હોય. (૩૧-૩૨-૩૩) પૂરેપૂરી હોય. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮) ન હોય. (૩૯) ત્રસની વિરતિ દેશથકી; બાકી ૧૧ અવિરતિ. (૪૦-૪૧-૪૨-૪૩) પૂરેપૂરી હોય (૪૪) ન હોય. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯) પૂરેપૂરી હોય. (૬૦) મનની અવિરતિ સિવાય શેષ હોય. (૬૧) પુરેપૂરી હોય. (૬૨) છ કાયની અવિરતિ.

| નંબર | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૧૨ |
| ૨૨ | ક્રોધ | ૧૨ |
| ૨૩ | માન | ૧૨ |
| ૨૪ | માયા | ૧૨ |
| ૨૫ | લોભ | ૧૨ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧૨ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૨ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧૨ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧૨ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૨ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧૨ |
| ૩૪ | સામાયિક | ૦ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ |
| ૩૮ | યથાખ્યાત | ૦ |
| ૩૯ | દેશવિરતિ | ૧૧ |
| ૪૦ | અવિરતિ | ૧૨ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૨ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૨ |
| ૪૩ | અવધિદર્શન | ૧૨ |
| ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૧૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧૨ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧૨ |
| ૫૧ | ભવી | ૧૨ |
| ૫૨ | અભવી | ૧૨ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧૨ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૨ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૧૨ |
| ૫૬ | મિશ્ર | ૧૨ |
| ૫૭ | સાસ્વાદન | ૧૨ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧૨ |
| ૫૯ | સંજ્ઞી | ૧૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૧ |
| ૬૧ | આહારી | ૧૨ |
| ૬૨ | અણાહારી | ૬ |

## ૭. કષાયદ્વાર

**कृषन्ति विलिखंति, कर्मरूपं क्षेत्रं सुखदुःखशस्योत्पादनायेति कषायाः अथवा कलुषयन्ति शुद्धस्वभावं संतं कर्म मलिनं कुर्वन्ति जीवमिति कषायाः ॥**

સોળ કષાય અને નવ નોકષાય મળી ૨૫ કષાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર-ચાર ભેદે ગણતાં ૧૬. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ– એ નવ નોકષાય કહેવાય છે.

કષાયોની સાથે સર્વદા અવ્યભિચારપણે (જાથુકના અનુકૂળ સબંધથી) રહેનારા હાસ્યાદિને નવ નોકષાય એવું નામ આપેલ છે.

જેને લીધે મનુષ્યને 'કષ' એટલે 'સંસારાટવી'માં 'આય' એટલે 'આવાગમન' કરવું પડે-ભટકવું પડે-જન્મ મરણના ફેરા ખાવા પડે, એનું નામ કષ+આય, કષાય ચાર છે. (૧) ક્રોધ, (૨) માન, (૩ માયા અને (૪) લોભ.

એમાં ક્રોધ નિઃસ્નેહાત્મક છે. એટલે કે ક્રોધ થાય એટલે સ્નેહ-પ્રેમ જતો રહે છે. અન્યની ઇર્ષા કરવી અને પોતાનો ઉત્કર્ષ બતાવવો એ માનનું લક્ષણ છે. અન્ય જનોને છેતરવા એનું નામ માયા અને તૃષ્ણાની અતિશયતા એ લોભ.

એ ચારે કષાયોનો દ્વેષ અને રાગ-એ બે કષાયોમાં સમાવેશ કરાય છે. પહેલા બેનો દ્વેષમાં, છેલ્લા બેનો 'રાગ'માં. કેટલાકો પોતાને વિષે પક્ષપાત એ જ માન, એમ કરી 'માન'ને પણ 'રાગ'માં અન્તર્ગત કરે છે. અને તે પરથી માન, માયા, અને લોભની ત્રિપુટીને 'રાગ' કહે છે, ફક્ત ક્રોધને જ 'દ્વેષ'માં ગણે છે. એ ચારે કષાયોના વળી ચાર ચાર ભેદ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન–એમના લક્ષણો શ્રીહેમચંદ્રસૂરિ મહારાજે આ પ્રમાણે બતાવેલ છે સંજ્વલન (કષાય) એક પક્ષ-પખવાડીયા સુધી રહે. પ્રત્યાખ્યાની ચાર માસ પર્યન્ત રહે. અપ્રત્યાખ્યાની એક વર્ષ સુધી રહે. અનંતાનુબંધી યાવજ્જીવ સુધી રહે પહેલો વીતરાગપણાનો, બીજો સાધુપણાનો, ત્રીજો શ્રાવકપણાનો, ચોથે સમ્યક્ત્વનો નાશ કરે છે. વળી એ ચારે અનુક્રમે દેવત્વ, મનુષ્યત્વ, તિર્યંચપણું અને નરકાવાસને આપનાર છે.

(૧) પન્નવણા સૂત્ર પદ ૧૪ માં ૧૮૮ મા સૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે કે-ક્રોધ વગેરે ચારે કષાયો પ્રાણીને 'અનંત જન્મ' એક પછી એક બંધાવે છે; માટે અનન્ત-અનુબન્ધ, અનન્તાનુબન્ધિ નામ પડયું. 'અનન્તાનુબન્ધિ'ને બદલે 'સયોજન' એવું બીજું નામ પણ છે; કારણ કે એ જીવને 'અનન્ત જન્મો-ભવો સાથે સંયોજે છે-જોડે છે, માટે એમને સંયોજનતા છે અથવા અનન્તાનુબન્ધિતા પણ છે.

(૨) બીજો પ્રકાર 'અપ્રત્યાખ્યાની' એટલા પરથી પડયું કે-એમના ઉદયથી આ જગતમાં લેશ પણ પ્રત્યાખ્યાન ઉદ્ભવતું નથી.

(૩) સર્વ પ્રકારના અનિષ્ટ-નિંદ્ય-પાપમય કાર્યોથી વિરમવું-અટકી જવું, એનું નામ 'પ્રત્યાખ્યાન' એવું 'પ્રત્યાખ્યાન' કરાવે એ ત્રીજો પ્રકાર-પ્રત્યાખ્યાની.

(૪) કેટલાક કષાયો વળી સર્વ પાપકાર્યોથી વિરક્ત સંવિગ્ન મુનિને પણ 'સમ્' એટલે સારી રીતે 'જળાવે છે' ઉત્તેજિત કરે છે. એવા કષાયોનો પ્રકાર તે 'સંજ્વલન' કહેવાય છે. અન્યત્ર પણ કહ્યું છે કે-શબ્દ વગેરે વિષયોને જે વારંવાર સંજ્વલિત-ઉદ્દીપ્ત કરે છે એવા ચોથા પ્રકારના કષાયોને 'સંજ્વલન' કહે છે.

જેવી રીતે કોઈ શિષ્ટ માણસ પણ કદાચિત ક્રોધને લઇને અનિષ્ટ-દુષ્ટ થઇ જાય છે, તેવી રીતે સંજ્વલન (કષાય) પણ કોઇ વખતે અનન્તાનુબન્ધિ થઈ જાય છે.

એ પ્રમાણે સર્વ કષાયો વિષે સમજવું.

અને એમ હોવાથી જ, અનન્તાનુબન્ધિ ક્ષીણ થઇ ગયેલાં છે જેનાં એવા કૃષ્ણ વગેરેની અનન્તાનુબન્ધિ જેવી થનારી દુર્ગતિ ઘટી શકે છે.

બાહુબલિ મુનિને બાર બાર માસ પર્યન્ત 'માન' રહ્યું તો પણ છેવટે એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, એ પણ 'સંજ્વલન'ની એવી ઉચિતતાને લઇને સમજવું. કર્મગ્રંથમાં ઉદાહરણ સહિત કષાયોને સમજાવ્યા છે. પ્રજ્ઞાપના સૂત્રમાં ૧૪ મા પદમાં ચારે કષાયોના બીજી રીતે ચાર પ્રકાર કહ્યા છેઃ—(૧) સ્વપ્રતિષ્ઠિત, (૨) અન્યપ્રતિષ્ઠિત, (૩) ઉભયપ્રતિષ્ઠિત અને (૪) અપ્રતિષ્ઠિત.

ચાર કષાયોમાંથી એક 'ક્રોધ'ની વાત કરીએ તો:—

(૧) એક માણસ પોતાનો દોષ જાણી દુઃખ પામી પોતાની જાત પર ક્રોધ કરે એ સ્વપ્રતિષ્ઠિત ક્રોધ.

(૨) આ વિચાર 'નૈગમનય'ની અપેક્ષાએ છે, કારણ કે-ક્રોધ તો આપણને થયો છે પણ એનું કારણ 'અન્ય' જન છે તેથી માત્ર અન્ય વિષયતાને લઇને એને 'અન્યપ્રતિષ્ઠિત' કહ્યો છે.

(૩) એવા જ દોષના સંબંધમાં માણસને પર પ્રત્યે તેમજ પોતા પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થાય એ 'ઉભયપ્રતિષ્ઠિત' ક્રોધ.

(૪) અન્ય જનના આક્રોશ વિના તેમ જ પોતાનો પણ કંઇ દોષ ન હોવા છતાં-એમ આલંબન વિના જ, કોઇને ક્રોધ ચઢે તે 'અપ્રતિષ્ઠિત' ક્રોધ. આવા ક્રોધ કોઇને 'ક્રોધ મોહનીય'ના ઉદયથી અને કોઇને અન્ય કારણે પણ થાય છે

આમ હોવાથી જ પૂર્વાચાર્યોએ પ્રજ્ઞાપના સૂત્રમાં ત્રીજા પદમાં કહ્યું છે કે-આયુષ્ય જેમ 'સોપક્રમી' અને 'નિરુપક્રમી' છે તેમ કર્મફળવિપાક પણ 'સાપેક્ષ' તેમ જ 'નિરપેક્ષ' છે.

卐

## ૭. કષાયદ્વાર

| નંબર | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૨૪ |
| ૨ | મનુષ્યગતિ | ૨૫ |
| ૩ | તિર્યંચગતિ | ૨૫ |
| ૪ | નરકગતિ | ૨૩ |
| ૫ | એકેન્દ્રિય | ૨૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૨૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૨૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૨૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨૩ |
| ૧૧ | અપ્કાય | ૨૩ |
| ૧૨ | તેઉકાય | ૨૩ |
| ૧૩ | વાયુકાય | ૨૩ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨૩ |
| ૧૫ | ત્રસકાય | ૨૫ |
| ૧૬ | મનોયોગ | ૨૫ |
| ૧૭ | વચનયોગ | ૨૫ |
| ૧૮ | કાયયોગ | ૨૫ |
| ૧૯ | પુરુષવેદ | ૨૩ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨૩ |

### વિવેચન.

(૧) નપુંસકવેદ ન હોય. તત્ત્વાર્થ સૂત્ર અધ્યાય ૨ ન દેવાઃ (૨–૩) પૂરેપૂરા હોય. (૪) સ્ત્રીવેદ તથા પુરુષવેદ ન હોય. તત્ત્વાર્થ સૂત્ર ૫૧. (૫–૬–૭–૮) એકેન્દ્રિયને માત્ર નપુંસકવેદ છે, પણ તે અવ્યક્ત હોવાથી સ્પષ્ટ ઉપલબ્ધ થતો નથી. વળી એકેન્દ્રિયોને વિષયાભિલાષા છે, તેના લક્ષણો ગ્રંથોમાં માલૂમ પડે છે. કહ્યું છે કે-रणन्नुपूरशृंगाररचारुलोलेक्षणामुखात् । निर्गत्सुगंधिमदिरागंडूषादेष पुष्यति ॥ અર્થાત્-રણકાર કરતાં ઝાંઝરના શૃંગારવાળી સ્ત્રીના મુખમાંથી નિકળતા સુગંધી મદિરા(દારુ)ના કોગળાથી આ (બકુલ વૃક્ષ) પુષ્પિત થાય છે. વળી લૌકિક ગ્રંથમાં પણ सुभगबकस्त्वं વિ૦ વચનોથી કુરુબક વૃક્ષમાં વિષયાભિલાષપણું દર્શાવ્યું છે. તથા કૂપમાંથી પારો સ્ત્રીને દેખીને ઉછળીને બહાર આવે છે, એવી પણ પ્રસિદ્ધિ છે. આથી માલૂમ પડે છે કે-એકેન્દ્રિયમાં અવ્યક્ત વિષયાભિલાષ હોય છે. (૯) પૂરેપૂરા હોય. (૧૦–૧૧–૧૨–૧૩–૧૪) પુરુષવેદ તથા સ્ત્રીવેદ ન હોય (૧૫–૧૬–૧૭–૧૮) પૂરેપૂરા હોય. (૧૯) સ્ત્રીવેદ તથા નપુંસકવેદ ન હોય. (૨૦) પુરુષવેદ તથા નપુંસકવેદ ન હોય. (૨૧) પુરુષવેદ તથા સ્ત્રીવેદ ન હોય. (૨૨) ક્રોધના ઉદય વખતે દરેક કષાયના માન, માયા અને લોભ ન હોય તેથી ૧૨ ન હોય, પણ ક્રોધી જીવને સત્તામાંથી કષાયો ગયા નથી તેથી પચવીશ. (૨૩) માનના ઉદય વખતે દરેક કષાયના ક્રોધ, માયા અને લોભ ન હોય, તેથી ૧૨ ન હોય, પણ માની જીવને સત્તામાંથી કષાયો ગયા નથી તેથી પચવીશ. (૨૪) માયાના ઉદય વખતે દરેક કષાયના ક્રોધ, માન અને લોભ ન હોય તેથી ૧૨ ન હોય, પણ માયી જીવને સત્તામાંથી કષાયો ગયા નથી તેથી પચવીશ. (૨૫) લોભના ઉદય વખતે ક્રોધ, માન અને માયા ન હોય તેથી ૧૨ ન હોય, પણ લોભી જીવને સત્તામાંથી કષાયો ગયા નથી તેથી પચવીશ (૨૬–૨૭) અનંતાનુબંધીનો અનુદય થાય ત્યારે જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વળી સિદ્ધાન્તમાં ૧૬ કષાય ગણાય, કારણ કે સાસ્વાદનમાં અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય. જ્ઞાનમાં સર્વ દ્વાર સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ જાણવા, કારણ કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન તે જ્ઞાનરૂપ ગણાય છે. વળી સમ્યગ્દૃષ્ટિપણું તે (જ્ઞાનને અંગે) ચતુર્થાદિ ગુણસ્થાનવાળું જાણવું અર્થાત્ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિતવાળો જીવ સમ્યગ્દૃષ્ટિ જાણવો, પણ સાસ્વાદન અને મિશ્ર સમકિતવાળો

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૨૩ |
| ૨૨ | ક્રોધ | ૧૩/૨૫ |
| ૨૩ | માન | ૧૩/૨૫ |
| ૨૪ | માયા | ૧૩/૨૫ |
| ૨૫ | લોભ | ૧૩/૨૫ |
| ૨૬ | મતિજ્ઞાન | ૨૧/૨૫ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૨૧/૨૫ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૨૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૩ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨૫ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨૫ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨૫ |
| ૩૪ | સામાયિક | ૧૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૦ |
| ૩૯ | દેશવિરતિ | ૧૭ |
| ૪૦ | અવિરતિ | ૨૫ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૨૫ |

## વિવેચન ચાલુ

જીવ નહીં એવો કર્મગ્રંથનો અભિપ્રાય છે. (૨૮) અનંતાનુબંધી ચોકડી વિના. (૨૯) નવ નોકષાય અને સંજ્વલન કષાયની ચોકડી હોય. (૩૦) દશમા ગુણસ્થાનકે કષાયનો નાશ થાય છે. (૩૧–૩૨–૩૩) પૂરેપૂરા હોય. (૩૪–૩૫) સંજ્વલનની ચોકડી અને નવ નોકષાય. અનંતાનુબંધી સમકિત, અપ્રત્યાખ્યાની દેશવિરતિને અને પ્રત્યાખ્યાની સર્વવિરતિને રોકે છે, માટે ૧૨ વિના ૧૩ હોય (૩૬) સંજ્વલન ચોકડી અને સ્રીવેદ સિવાયના આઠ નોકષાય હોય, કારણ કે સ્રીને આ ચારિત્ર હોતું નથી. (૩૭) સંજ્વલન લોભ હોય; બાકીના ન હોય. (૩૮) અંશમાત્ર પણ કષાય હોય ત્યાં સુધી યથાખ્યાત ચારિત્ર હોતું નથી, પ્રથમ કર્મગ્રંથ ગાથા ૧૮. (૩૯) અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનની ચોકડીના આઠ કષાય ન હોય. પ્રથમ કર્મગ્રંથ ગાથા ૧૮. (૪૦–૪૧–૪૨) પૂરેપૂરા હોય. (૪૩) અવધિજ્ઞાનની માફક જાણવું. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫–૪૬–૪૭–૪૮–૪૯–૫૦–૫૧–૫૨) પૂરેપૂરા હોય. (૫૩–૫૪–૫૫–૫૬) અનંતાનુબંધી ચોકડી ન હોય. (૫૭–૫૮–૫૯) પૂરેપૂરા હોય. અનંતાનુબંધીનો ઉદય થતો હોવાથી. (૬૦) સ્રીવેદ તથા નપુંસકવેદ ન હોય. (૬૧–૬૨) પૂરેપૂરા હોય.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૨૫ |
| ૪૩ | અવધિદર્શન | ૨૧ |
| ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૨૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૨૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨૫ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૨૫ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૨૫ |
| ૫૧ | ભવી | ૨૫ |
| ૫૨ | અભવી | ૨૫ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૫૩ | ઉપશમસમક્તિ | ૨૧ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૨૧ |
| ૫૫ | ક્ષાયકસમક્તિ | ૨૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૨૧ |
| ૫૭ | સાસ્વાદન | ૨૫ |
| ૫૮ | મિથ્યાત્વ | ૨૫ |
| ૫૯ | સંગ્ની | ૨૫ |
| ૬૦ | અસંગ્ની | ૨૩ |
| ૬૧ | આહારી | ૨૫ |
| ૬૨ | અણાહારી | ૨૫ |

卐

## ૮. લેશ્યાદ્વાર

**लिश्यते श्लिष्यते आत्मा कर्मणा सह अनयेति लेश्या ।** જે વડે આત્મા કર્મની સાથે લેપાય તે લેશ્યા.

૧ કૃષ્ણલેશ્યા, ૨ નીલલેશ્યા, ૩ કાપોતલેશ્યા, ૪ તેજોલેશ્યા, ૫ પદ્મલેશ્યા અને છઠ્ઠી શુક્લલેશ્યા છે. પ્રથમની ત્રણ અશુભ છે; પાછળની ત્રણ શુભ છે.

૧ કૃષ્ણલેશ્યા-ખંજનપક્ષી, અંજન (મસી), મેઘ, ભ્રમર, કોકીલ અને હાથિણીના રંગની છે.

૨ નીલલેશ્યા-પોપટ અને ચાષ પક્ષીના પીચ્છ, મયૂર અને કપોતના કંઠ તથા નીલ કમળવનના રંગની છે.

૩ કાપોતલેશ્યા-ખદિર વૃક્ષનો સાર, શણના પુષ્પ અને વૃન્તાકના પુષ્પના રંગની છે.

૪ તેજોલેશ્યા–પદ્મરાગમણિ, ઊગતો સૂર્ય, સંધ્યા, ચણોઠીનો અર્ધભાગ અને પરવાળાના રંગની છે.

૫ પદ્મલેશ્યા-સુવર્ણ, યુથિકાપુષ્પ, કરેણના પુષ્પ અને ચમ્પાના રંગની છે.

૬ શુક્લલેશ્યા-ગાયના દૂધ, દહીં, સમુદ્રફીણ અને શરદ ઋતુના વાદળાના વર્ણની છે.

હવે એ લેશ્યાઓ 'રસ' પરત્વે કેવી છે તે કહે છે.

૧ કૃષ્ણલેશ્યા રસમાં, લીંબડો, કડવી ત્રપુષી, કડવી તુંબડી અને લીંબડાની છાલ તથા લીંબોળી જેવી છે.

૨ નીલલેશ્યા રસમાં પીપર, આદુ, મરચાં, રાજિકા તથા ગજપીપર જેવી છે.

૩ કાપોતલેશ્યા રસમાં કાચાં બીજોરાં, કપિત્થ, બોર, ફણસ અને આંબળાં જેવી છે.

૪ તેજોલેશ્યા રસમાં વર્ણગન્ધરસ યુક્ત આમ્રફળ જેવી છે.

૫ પદ્મલેશ્યા રસમાં દ્રાક્ષ, ખજુર, મહુડા વગેરેના આસવ અને ચન્દ્રપ્રભા આદિ મદિરા જેવી છે.

૬ શુક્લલેશ્યા રસમાં સાકર, ગોળ, ખાંડ, શેરડી વગેરે અતિ મધુર વસ્તુઓ જેવી છે.

હવે એ છએનાં ગન્ધ અને સ્પર્શ પરત્વેનું વર્ણન–પહેલી ત્રણ લેશ્યાઓ અતિ દુર્ગન્ધથી ભરેલી, અપ્રશસ્ત અને મલિન છે. એમનો સ્પર્શ શીત અને રુક્ષ છે. તે ક્લેશ કરાવનારી અને દુર્ગતિમાં લઇ જનારી છે.

છેલ્લી ત્રણ અત્યન્ત સુવાસિત, પ્રશસ્ત અને નિર્મળ છે, એમનો સ્પર્શ સ્નિગ્ધોષ્ણ છે. તે શાન્તિ પમાડનારી અને સદ્‌ગતિએ લઈ જનારી છે.

જેના મતે કષાયના નિષ્પંદરૂપ લેશ્યા છે તેના મતે કષાય મોહનીયના ઉદયથી ઉત્પન્ન થયેલી છ લેશ્યાઓ છે. જેના મતે અષ્ટ કર્મના પરિણામરૂપ લેશ્યા છે તેના મતે અસિધ્ધત્વની જેમ અષ્ટકર્મોદયજન્ય લેશ્યા સમજવી અને જેના મતે યોગ પરિણામરૂપ લેશ્યા છે તેના મતે ત્રિયોગી જનક કર્મના ઉદયથી ઉદ્‌ભવેલી લેશ્યા સમજવી આ પ્રમાણે કર્મગ્રંથ વૃત્તિનો અભિપ્રાય છે. તત્ત્વાર્થ વૃત્તિમાં મનોયોગના પરિણામરૂપ લેશ્યા કહી છે. તે આ પ્રમાણે—

શિષ્ય પ્રશ્ન કરે છે કે કર્મપ્રકૃતિના ૧૨૨ ભેદની પ્રસિધ્ધ આમ્નાય પ્રમાણે ગણના કરતાં તેમાં લેશ્યા આવતી નથી તો તમે મનોયોગના પરિણામરૂપ તેને કેમ કહો છો? તેનો ઉત્તર-આગળ નામકર્મમાં મનઃપર્યાપ્તિ કહેવાશે, તે પર્યાપ્તિ કરણ વિશેષ છે, કે જે કરણવડે મનોયોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી ચિંતવન કરાય છે. તે મનરૂપ થયેલા પુદ્‌ગલો સહકારી કારણ હોવાથી મનોયોગ કહેવાય છે. તેમના યોગના પરિણામરૂપ લેશ્યા છે એમ સમજવું.

ઉપર પ્રમાણે ત્રણ મતમાં યથાયોગ્યપણે લેશ્યાનો અંતર્ભાવ સમજવો. આ ત્રણ મતમાં છેલ્લો મત ઠીક છે. (તત્ત્વ કેવળી ગમ્ય)

卐

## ૮. લેશ્યદ્વાર

| નંબર | દ્વારનું નામ | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૬ |
| ૨ | મનુષ્યગતિ | ૬ |
| ૩ | તિર્યંચગતિ | ૬ |
| ૪ | નરકગતિ | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ |
| ૮ | ચઉરેન્દ્રિય | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ |
| ૧૧ | અપૂકાય | ૪ |
| ૧૨ | તેઉકાય | ૩ |
| ૧૩ | વાઉકાય | ૩ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૬ |
| ૧૬ | મનયોગ | ૬ |
| ૧૭ | વચનયોગ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૬ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ |

### વિવેચન.

(૧) ભવનપતિ, વ્યંતર ને તિર્યંકજ્રૃંભકને પહેલી ચાર, તેની દેવીઓને પણ ચાર. જ્યોતિષી તથા પેલા, બીજા દેવલોકમાં તેજોલેશ્યા, પહેલા બીજાની નીચે વસનાર કિલ્બિષક તથા દેવીઓને પણ તેજોલેશ્યા હોય. ૩, ૪, ૫ દેવલોકને તેની નીચેના કિલ્બિષીનો, નવ લોકાન્તિકને પદ્મલેશ્યા, ૬ થી અનુત્તર વિમાન સુધી શુકલલેશ્યા હોય. પરમાધામીને કૃષ્ણ કહેલ છે, પરંતુ વિચારસારમાં પહેલી ત્રણ કહેલ છે. જુઓ પન્નવણા સૂત્ર ઉદ્દેશો ૨ તથા બૃહત્સંગ્રહણી. (૨–૩) જુઓ પન્નવણા સૂત્ર ઉદ્દેશો બીજો. યુગલિક મનુષ્યો તે પ્રથમની ચાર લેશ્યાઓ હોય. જુઓ દ્રવ્લોક પ્રકાશ સર્ગ ૭. ગર્ભજને છએ હોય. સંમૂર્ચ્છિમને પહેલી ત્રણ. (૪) પેલી, બીજીમાં કાપોત, ત્રીજીમાં કાપોત અને નીલ, ૪ થીમાં નીલ, ૫ મીમાં નીલ ને કૃષ્ણ, છઠ્ઠી સાતમીમાં કૃષ્ણલેશ્યા. (૫) પહેલી ચાર હોય, બાદર પૃથ્વીકાય, બાદર-અપૂકાય અને પ્રત્યેક વનસ્પતિમાં ચાર હોય. બાકીનામા ત્રણ જ હોય. જુઓ પન્નવણા સૂત્ર ૨ જો ઉદ્દેશો. કારણ કે દેવતાઓ બાદર પર્યાપ્તો અને વનસ્પતિમાં ઇશાન દેવલોક સુધીના દેવતાઓ મરણ પામી, આમાં ઉત્પન્ન થાય ત્યારે કરણ અપર્યાપ્ત અવસ્થામાં સંભવે છે. (૬–૭–૮) પહેલી ત્રણ હોય, જુઓ પન્નવણા સૂત્ર, ઉદ્દેશ બીજો. (૯) પૂરેપૂરી હોય. (૧૦) એકેન્દ્રિય પ્રમાણે. (૧૧) પૃથ્વીકાય પ્રમાણે જાણવું. (૧૨) કોઇ દેવ તેઉકાયમાં ઉપજતો નથી એટલે ત્રણ લેશ્યા હોય. (૧૩) કોઈ દેવ વાઉકાયમાં ઉપજતો નથી એટલે ત્રણ લેશ્યા હોય. (૧૪) પૃથ્વીકાયની માફક જાણવું. (૧૫–૧૬–૧૭–૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૪–૨૫–૨૬) પૂરેપૂરી લાભે. (૨૭) શુકલલેશ્યા જ હોય. (૨૮–૨૯–૩૦–૩૧–૩૨–૩૩) પૂરેપૂરી હોય. (૩૪–૩૫–૩૬) ચારિત્ર પ્રાપ્ત કરતી વખતે ત્રણ શુભ લેશ્યા તથા અપ્રમત્તતા હોય પરન્તુ ચારિત્રપ્રાપ્તિ બાદ છએ લેશ્યા અને પ્રમત્તદશા હોય. (૩૭–૩૮) એક શુકલલેશ્યા જ હોય. (૩૯–૪૦–૪૧–૪૨–૪૩) પૂરેપૂરી હોય. (૪૪) કેવળજ્ઞાનની માફક એક શુકલલેશ્યા જ હોય. (૪૫–૪૬–૪૭–૪૮–૪૯–૫૦) એક જ લાભે, બાકીની ન હોય. પોતપોતાની લેશ્યા માર્ગણામાં સમજી લેવી. (૫૧–૫૨–૫૩–૫૪–૫૫–૫૬–૫૭–૫૮–૫૯) પૂરેપૂરી હોય. (૬૦) તેજોલેશ્યાવંત દેવ પૃથ્વી, અપૂ અને પ્રત્યેક વનસ્પતિમાં ઉપજે ત્યારે અપર્યાપ્તપણામાં તેજોલેશ્યા હોય. પછી શેષકાળે ત્રણ જ હોય. પદ્મ ને શુક્લ ન હોય. (૬૧–૬૨) પૂરેપૂરી હોય.

| નંબર. | દ્વારનું નામ.. | કેટલી ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૬ |
| ૨૨ | ક્રોધ | ૬ |
| ૨૩ | માન | ૬ |
| ૨૪ | માયા | ૬ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૬ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૬ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૬ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૬ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૬ |
| ૩૪ | સામાયિક | ૬ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૬ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૬ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૬ |
| ૪૦ | અવિરતિ | ૬ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૬ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૪૩ | અવધિદર્શન | ૬ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેસ્યા | ૧ |
| ૪૬ | નીલલેસ્યા | ૧ |
| ૪૭ | કાપોતલેસ્યા | ૧ |
| ૪૮ | તેજોલેસ્યા | ૧ |
| ૪૯ | પદ્મલેસ્યા | ૧ |
| ૫૦ | શુક્લલેસ્યા | ૧ |
| ૫૧ | ભવી | ૬ |
| ૫૨ | અભવી | ૬ |
| ૫૩ | ઉપશમ સમકિત | ૬ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૬ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૬ |
| ૫૬ | મિશ્ર | ૬ |
| ૫૭ | સાસ્વાદન | ૬ |
| ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૫૯ | સંજ્ઞી | ૬ |
| ૬૦ | અસંજ્ઞી | ૪ |
| ૬૧ | આહારી | ૬ |
| ૬૨ | અણાહારી | ૬ |

# ૯ ગતિદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કયી ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ |
| ૨ | મનુષ્યગતિ | ૧ |
| ૩ | તિર્યંચ | ૧ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પચેન્દ્રિય | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૪ |
| ૧૬ | મનોયોગ | ૪ |
| ૧૭ | વચનયોગ | ૪ |
| ૧૮ | કાયયોગ | ૪ |
| ૧૯ | પુરુષવેદ | ૩ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩ |

ગમન કરાવે-દેવાદિ પર્યાય પ્રાપ્ત કરાવે તેનું નામ ગતિ કહેવાય. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ એ ૪ ગતિ છે. આ ગતિને લગતું વિશેષ વિવેચન દશમા જાતિ-દ્વારમાં આપેલું છે તેથી ત્યાંથી જાણી લેવું.

卐

## વિવેચન.

(૧) દેવગતિ. (૨) મનુષ્યગતિ. (૩) તિર્યંચગતિ. (૪) નરકગતિ. (૫-૬-૭-૮) તિર્યંચગતિ. (૯) ચારે ગતિ. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) તિર્યંચગતિ. (૧૫-૧૬-૧૭-૧૮) ચારે ગતિ. (૧૯) નારકીને પુરુષવેદ ન હોય તેથી ત્રણ ગતિ. સંમૂર્છિમ અપર્યાપ્ત મનુષ્ય અને સંમૂર્છિમ તિર્યંચને પણ આ ભેદ ન હોય. (૨૦) નારકીમાં સ્ત્રીવેદ ન હોય. (૨૧) દેવમાં નપુંસકવેદ ન હોય. (૨૨-૨૩-૨૪-૨૫) ચારે ગતિ. (૨૬-૨૭-૨૮) ચારે ગતિ તિર્યંચોમાંથી એકેન્દ્રિય વર્જવા કારણ કે તેને કર્મગ્રંથ તથા જીવાભિગમમાં અજ્ઞાની જ કહ્યા છે. (૨૯) આ જ્ઞાન મુનિરાજને જ હોય તેથી મનુષ્યગતિમાં જ લાભે. (૩૦) આ જ્ઞાન પણ મનુષ્યપણામાં જ ઉત્પન્ન થાય છે. (૩૧) ચારે ગતિ પણ દેવોમાંથી ૯ લોકાંતિક તથા પાંચ અનુત્તર વિમાનવાસી દેવોને વર્જવા કારણ કે તેઓ સમકિતી છે અને સમકિતીને અજ્ઞાન ન હોય. (૩૨-૩૩) મતિઅજ્ઞાન પ્રમાણે જાણવું, (૩૪-૩૫-૩૬-૩૭-૩૮) આ ચારિત્ર મનુષ્ય ભવમાં જ હોય. (૩૯) ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને હોય. ગર્ભજ તિર્યંચને બારમા અતિથિસંવિભાગ સિવાયના શ્રાવકના ૧૧ વ્રત હોય. (૪૦) ચારે ગતિ (૪૧) ચારે ગતિ. વિશેષ એ કે-ચારે ગતિના અપર્યાપ્ત જીવો તથા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય પર્યાપ્તા ને અપર્યાપ્તાને ચક્ષુદર્શન હોતું નથી પંચસંગ્રહ દ્વાર પહેલું, ગાથા આઠની ટીકામાં કહ્યું છે કે-ચઉરિન્દ્રિય, અસંજ્ઞી તથા સંજ્ઞી જીવોને અપર્યાપ્તાવસ્થામાં ચક્ષુદર્શન હોય, પરન્તુ આ અપર્યાપ્તપણું કરણઅપર્યાપ્તપણું સમજવું. ચક્ષુદર્શન ઇન્દ્રિયપર્યાપ્ત પૂર્ણ થયે હોય (૪૨) ચારે ગતિ. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫) ચારે ગતિ, પણ નારકીમાં ૫, ૬, ૭ મીમાં જ હોય. પાંચ-

| નંબર. | દ્વારનું નામ. | કયી ? |
| --- | --- | --- |
| ૨૧ | નપુંસકવેદ | ૩ |
| ૨૨ | ક્રોધ | ૪ |
| ૨૩ | માન | ૪ |
| ૨૪ | માયા | ૪ |
| ૨૫ | લોભ | ૪ |
| ૨૬ | મતિજ્ઞાન | ૪ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૪ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૪ |
| ૨૮ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૪ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪ |
| ૬૩ | વિભંગજ્ઞાન | ૪ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૨ |
| ૪૦ | અવિરતિ | ૪ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૪ |

## વિવેચન ચાલુ.

બીમાં કેટલાક ઠેકાણે નીલલેશ્યા પણ ગણાવી છે. (૪૬) ચારે ગતિ, પણ નારકીના ૩, ૪, ૫ બીમાં ૪ હોય, ત્રીજીમાં કોઇક સ્થળે કાપોતલેશ્યા પણ જણુવી છે. (૪૭) ચારે ગતિ, પણ નારકીમાં ૧, ૨, ૩, માં જ હોય. ત્રીજીમાં કોઇક સ્થળે જ છે, બાકી ૧, ૨, માં તો કાપોત જ હોય. (૪૮-૪૯-૫૦) નારકી સિવાય ત્રણ ગતિમાં હોય. આ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ સમજવું. (૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯) ચારે ગતિ. (૬૦) નારકી તેમજ દેવ અસંજ્ઞી ન હોય; મનુષ્ય તથા તિર્યંચ હોય. (૬૧-૬૨) ચારે ગતિ.

卐

| નંબર | દ્વારનું નામ. | કયી ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૪ |
| ૪૩ | અવધિદર્શન | ૪ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪ |
| ૪૬ | નીલલેશ્યા | ૪ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૪ |
| ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૫૦ | શુકૂલલેશ્યા | ૩ |
| ૫૧ | ભવી | ૪ |
| ૫૨ | અભવી | ૪ |

| નંબર. | દ્વારનું નામ. | કયી ? |
|---|---|---|
| ૫૩ | ઉપશમ સમક્તિ | ૪ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૪ |
| ૫૫ | ક્ષાયિક સમક્તિ | ૪ |
| ૫૬ | મિશ્રસમકિત | ૪ |
| ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૫૮ | મિથ્યાત્વ | ૪ |
| ૫૯ | સંજ્ઞી | ૪ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૬૧ | આહારી | ૪ |
| ૬૨ | અણાહારી | ૪ |

卐

## ૧૦ જાતિદ્વાર

એકેન્દ્રિયાદિ જાતિની સંજ્ઞા પ્રાપ્ત કરે તે જાતિ કહેવાય. ૧ એકેન્દ્રિય, ૨ બેઇન્દ્રિય, ૩ તેઇન્દ્રિય, ૪ ચઉરિન્દ્રિય અને ૫ પંચેન્દ્રિય.

એકેન્દ્રિયના પાંચ પ્રકારો છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય, વનસ્પતિકાયના સાધારણ ને પ્રત્યેક એવા બે ભેદ છે. પ્રત્યેક વનસ્પતિકાય સિવાય શેષનાં સૂક્ષ્મ અને બાદર એવા બબ્બે ભેદો છે.

બાદર પૃથ્વીકાયના શ્લક્ષ્ણ અને ખર એવા બે ભેદ છે. કાળી, ભૂરી, રાતી, પીળી, સફેદ, પાંડુ અને પનક માટી શ્લક્ષ્ણ (મૃદુ) પૃથ્વીકાય ગણાય છે, જ્યારે રેતી, પાષાણ, મીઠું, લોખંડ, ત્રાંબું, સોનું, પારો, પરવાળાં, ગેરૂ, રત્નો, મણિઓ વિગેરે ખર (કઠણ) પૃથ્વીકાય છે. બાદર અપ્કાય-ઝાકળ, ધુમસ, કરા, ખારું જળ વિગેરે. બાદર તેઉકાય-તણખા, જ્વાળા, અંગારા, વીજળી વિગેરે. બાદર વાઉકાય-ઝંઝાવાત, ઉદ્‌ભ્રામક, ઉત્કલિક, વંટોળીઓ વિગેરે. સાધારણ વનસ્પતિકાય એક શરીરમાં અનંત જીવો હોય તે. મૂળ, કંદ, અંકુરા, સેવાળ, નીલ-

ફૂલ-વિગેરે. પ્રત્યેક વનસ્પતિકાય-વૃક્ષ, ફૂલ, ફળ, તૃણ, છાલ, કાષ્ઠ, પાંદડાં વિગેરે. આ એકેન્દ્રિયોને ફક્ત સ્પર્શેન્દ્રિય હોય છે.

બેઇન્દ્રિય—સ્પર્શ અને રસેન્દ્રિયવાળા જીવો-શંખ, કોડા, જળો, લાળીયા, કરમીયા, પુરા વિગેરે.

તેઇન્દ્રિય—સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિયવાળા જીવો-કાનખજુરા, માંકડ, જૂ, કીડી, મંકોડા, સાવા, ઘીમેલ, ઇયળ, ધનેડા વિગેરે.

ચઉરિન્દ્રિય—સ્પર્શ, રસ, ઘ્રાણ અને નેત્રેન્દ્રિયવાળા જીવો-વીંછી, ભમરા, તીડ, માખી, ડાંસ, મચ્છર, કરોળિયા, ખડમાંકડી વિગેરે.

પંચેન્દ્રિય- સ્પર્શ, રસ, ઘ્રાણ, નેત્ર અને શ્રોત્રેન્દ્રિય તે ચાર પ્રકારના છે. નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવ.

૧ નરકગતિ—અશુભતર અથવા અશુભતમ લેશ્યાદિ પરિણામવાળા નરકગતિરૂપ નામકર્મના ઉદયથી હોય છે. નરક શબ્દની વ્યુત્પત્તિ એ છે કે-શીત, ઉષ્ણ તેમજ અશાતાવેદનીયના ઉદયથી આવી પડેલ પીડાથી જીવોને જે બૂમ પડાવે છે તે નરક કહેવાય છે અથવા અતિશય દુઃખસ્થાનમાં જીવોને લઇ જવાય છે તે નરક કહેવાય છે. તેની સાથે સંબંધ રાખનારા જીવો 'નારકો' કહેવાય છે. નારકોને ક્ષેત્રજન્ય, પરસ્પરજન્ય અને પરમાધામીકૃત એમ ત્રણ પ્રકારની વેદના ભોગવવી પડે છે. નરકો સાત છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા. જુઓ બૃહત્સંગ્રહણી ગાથા ૨૦૬.

મેરુપર્વતની સમભૂતલા પૃથ્વીની નીચેના નવસો યોજન પછીનો ભાગ, જેનો આકાર ઊંધા કરેલા શંકોરા જેવો એટલે નીચે નીચે વિસ્તીર્ણ જેવો છે તેવા અધોલોકમાં તે આવેલી છે. તે દરેક નરકો એક બીજાથી નીચે નીચે છે, અને લંબાઇ પહોળાઇમાં પણ એક એકથી વિશેષ છે. વળી દરેક એક બીજાને સ્પર્શીને રહેલ નથી, પરન્તુ એક બીજી વચ્ચે વિશાળ અંતર છે અને તે અંતરમાં ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ હોય છે.

નરકભૂમિના નામો સહેતુક છે. પહેલીમાં રત્નની અધિકતા હોવાથી રત્નપ્રભા કહેવાય છે. એવી રીતે કાંકરાની પ્રધાનતાને લઇને શર્કરાપ્રભા. એ જ ક્રમે રેતી, કાદવ, ધૂમાડો, અંધકાર અને ઘોર અંધકારની પ્રચુરતાને લઇને વાલુકાપ્રભા વિગેરે નરકો કહેવાય છે. સાતે નરકોની ઉત્કૃષ્ટ આયુમર્યાદા અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમની છે, જ્યારે જઘન્ય સ્થિતિ અનુક્રમે દશ હજાર વર્ષ, ૧, ૩, ૭, ૧૦, ૧૭ અને ૨૨ સાગરોપમની છે.

૨ તિર્યંચગતિ—તિર્યંચગતિ નામકર્મના ઉદયને તિર્યંચગતિ કહેવાય છે. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના બધા તિર્યંચો કહેવાય તેમજ પંચેન્દ્રિય તિર્યંચમાં તેના જળચર, સ્થળચર ને ખેચર એવા ત્રણ ભેદો છે. જળચરમાં મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર વિગેરેનો સમાવેશ થાય છે. સ્થળચરમાં ચતુષ્પદ (ગાય, ભેંસ, અશ્વ, ઊંટ, મૃગ, હાથી વગેરે) ઉરપરિસર્પ (સર્પ અજગર) અને ભુજપરિસર્પ (નોળીઓ, ઉંદર, ઘો, છછુંદર વિગેરે) એવા ભેદો છે.

ખેચરમાં પણ ચર્મપક્ષી (ચામડાની પાંખવાળા-વાગોળ, ચામાચીડીયું, ભારંડ વિગેરે), લોમપક્ષી (રૂંવાટાની પાંખવાળા-કુકડો, કબૂતર, પારેવું, ચકોર, સારસ, હંસ, કોયલ, સમળી વિગેરે) સમુદ્દગપક્ષી (ઊડતી વખતે પણ જેની પાંખ બીડાયેલી હોય) અને વિતતપક્ષી (બેઠું હોય ત્યારે પણ જેની પાંખ વિસ્તરેલી હોય) આ ચાર પ્રકાર છે. છેલ્લા બે પ્રકાર અઢીદ્વીપની બહાર છે. આ સર્વના આયુષ્ય સંબંધી વિશેષ વૃત્તાંત જાણવા માટે જીવવિચારાદિ ગ્રંથો તપાસવા.

૩ **મનુષ્યગતિ**– મનુષ્યગતિ નામકર્મનો ઉદય મનુષ્ય-ગતિ કહેવાય છે. ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપમાં રહેનારા છે. સંમૂચ્છિંમ અને ગર્ભજ એવા બે પ્રકારના મનુષ્યો હોય છે. જે ચૌદ સ્થાનકમાં ઉપજે તે સંમૂચ્છિંમ અને જે માતા-પિતાના સંયોગ બાદ ગર્ભદ્વારા જન્મ પામે તે ગર્ભજ. સંમૂચ્છિંમ મનુષ્યોની તેમ જ અપર્યાપ્ત યુગલિકોની જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અંતર્મુહૂર્તની છે, જ્યારે ગર્ભજ મનુષ્યોનું આયુ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું અને જઘન્ય અંતર્મુહૂર્તનું હોય છે. અકર્મભૂમિમાં અને અંતર્દ્વીપમાં રહેનારા યુગલિકો કહેવાય છે.

૪ **દેવગતિ**—શુભતરાદિક લેશ્યારૂપ પરિણામવાળા દેવગતિરૂપ નામકર્મના ઉદયને દેવગતિ કહેવાય છે. તેના ચાર પ્રકાર છે. ૧ ભવનપતિ, ૨ વ્યંતર અને વાણવ્યંતર, ૩ જ્યોતિષી અને ૪ વૈમાનિક.

ભવનમાં રહેનારા તે ભવનપતિ. તેના દશ ભેદો છે. પંદર પરમાધામીનો પણ આ નિકાયમાં સમાવેશ કર્યો છે. મેરુપર્વતની નીચે એના દક્ષિણ અને ઉત્તર ભાગમાં તિર્ચ્છા અનેક કોટાકોટિ લક્ષ યોજન સુધી ભવનપતિઓ રહે છે. અસુરકુમાર મોટા ભાગે આવાસમાં અને ક્વચિત્ ભવનમાં રહે છે; જ્યારે નાગકુમાર વિગેરે મોટે ભાગે ભવનોમાં જ રહે છે.

વ્યંતરો ત્રણે લોકમાં ભવનો અને આવાસોમાં વસે છે. વિવિધ જાતના પર્વતોમાં, ગુફાઓમાં તેમ જ વનોના આંતરામાં તેઓ વસે છે તેથી વ્યંતર કહેવાય છે, તેના પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ ને ગાંધર્વ એ આઠ મુખ્ય પ્રકાર છે.

જ્યોતિષીના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ ભેદો છે. તે ચર અને સ્થિર એમ બે પ્રકારે છે. એટલે તેના દશ ભેદ થાય છે. આ દેવોનું સ્થાન તિર્ચ્છાલોકમાં છે.

વૈમાનિક દેવોના કલ્પોપપન્ન અને કલ્પાતીત એવા બે ભેદો છે. કલ્પ (આચાર)માં રહે તે કલ્પોપપન્ન અને તે સિવાયના કલ્પાતીત. તેઓ ઇંદ્ર જેવા હોવાથી 'અહમિંદ્ર' કહેવાય છે. કલ્પાતીત દેવો પોતાનું સ્થાન છોડીને કયાંય જતા નથી. સમવસરણ વખતે કે ભગવંતના કલ્યાણકાદિક પ્રસંગે જે દેવો આવે છે તે કલ્પોપન્ન છે. બાર દેવલોક પર્યંતના દેવો કલ્પોપપન્ન કહેવાય છે અને ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનવાસી દેવો કલ્પાતીત કહેવાય છે. સૌધર્મ, ઇશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ ને અચ્યુત એ બાર દેવલોક કલ્પોપપન્ન છે. જ્યોતિષ્ચક્રની ઉપર અસંખ્યાત યોજન ચઢ્યા બાદ મેરુના દક્ષિણ ભાગથી ઉપલક્ષિત આકાશ-પ્રદેશમાં સૌધર્મ દેવલોક આવે છે. એની ઉપર પરંતુ એની ઉત્તર દિશામાં ઇશાન દેવલોક છે. સૌધર્મથી અસંખ્ય યોજન ઊંચે સમશ્રેણીમાં

સનત્કુમાર અને ઇશાનની ઊંચે સમશ્રેણીમાં માહેન્દ્ર કલ્પ છે. આ બેની વચ્ચે પરંતુ એ બંનેથી ઊંચે બ્રહ્મલોક છે. એના ઉપર એક એકથી ઊંચે લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણ દેવ લોક છે. એની ઉપર સૌધર્મ તથા ઇશાનની માફક આનત ને પ્રાણત, એની ઉપર સમશ્રેણીમાં સનત્કુમાર ને માહેન્દ્રની જેમ આરણ ને અચ્યુત દેવલોક આવેલા છે.

સૌધર્મ તથા ઇશાનની નીચે પહેલા પ્રકારના, સનત્કુમાર અને માહેન્દ્રની નીચે બીજા પ્રકારના અને લાંતકની નીચે ત્રીજા પ્રકારના કિલ્બિષક દેવો વસે છે તેને અસ્પૃશ્ય જેવા ગણવામાં આવે છે.

પાંચમા બ્રહ્મલોકની ચારે દિશા, ચારે વિદિશા ને મધ્યભાગમાં નવ પ્રકારના લોકાંતિક દેવો વસે છે. તેમના નામો–સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત્ ને અરિષ્ટ. આ દેવો વિષય-રતિથી વિમુખ છે તેથી તેમને 'દેવર્ષિ' તરીકે સંબોધવામાં આવે છે. જિનેશ્વરના નિષ્ક્રમણ સમયે એટલે ગૃહનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરે તે સમયે તેમની પાસે આવી "बुज्झह बुज्झह" એવા શબ્દો ઉચ્ચારે છે.



# ૧૦. જાતિદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કઈ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ |
| ૨ | મનુષ્યગતિ | ૧ |
| ૩ | તિર્યંચગતિ | ૫ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૪ |
| ૧૬ | મનોયોગ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૪ |
| ૧૮ | કાયયોગ | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧ |

## વિવેચન.

(૧-૨) પંચેન્દ્રિય. (૩) પાંચે. (૪) પંચેન્દ્રિય. (૫) એકેન્દ્રિય. (૬) બેઇન્દ્રિય. (૭) તેઇન્દ્રિય. (૮) ચઉરિન્દ્રિય. (૯) પંચેન્દ્રિય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) એકેન્દ્રિય. (૧૫) એકેન્દ્રિય સિવાયના ચાર. (૧૬) પંચેન્દ્રિય, કારણ કે મન પંચેન્દ્રિયને જ હોય છે. (૧૭) એકેન્દ્રિય સિવાયના ચાર. (૧૮) પાંચે. (૧૯-૨૦) પંચેન્દ્રિય. (૨૧-૨૨-૨૩-૨૪-૨૫) પાંચે. (૨૬-૨૭) કર્મગ્રંથના મતે મતિ તથા શ્રુતજ્ઞાન પંચેન્દ્રિયને જ હોય, કારણ કે તેઓ જ સમ્યગ્દૃષ્ટિ હોય છે. સિદ્ધાંતના મતે એકેન્દ્રિય સિવાયના બીજા જીવોને સાસ્વાદન હોવાથી મતિ તથા શ્રુતજ્ઞાન હોય છે. જુઓ દંડક ગાથા ૨૦. (૨૮) પંચેન્દ્રિય. (૨૯-૩૦) પંચેન્દ્રિયમાં પણ મુનિરાજને જ હોય. (૩૧-૩૨) પાંચે. (૩૩) સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિયને હોય. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮) પંચેન્દ્રિયમાં સર્વવિરતિ ચારિત્રવાળા મનુષ્યને હોય. (૩૯) પંચેન્દ્રિયમાં ગર્ભજ મનુષ્યને ગર્ભજ તિર્યંચને હોય. (૪૦) પાંચે. (૪૧) ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિયને જ હોય. (૪૨) પાંચે. (૪૩) પંચેન્દ્રિય. (૪૪) ચારિત્રવાળાને હોય. (૪૫-૪૬-૪૭) પાંચે. (૪૮) પંચેન્દ્રિય તથા એકેન્દ્રિય. એકેન્દ્રિયમાં લબ્ધિ પર્યાપ્ત પૃથ્વી અપ્, અને પ્રત્યેક વનસ્પતિને અપર્યાપ્ત દશામાં હોય. (૪૯-૫૦) પંચેન્દ્રિય. (૫૧-૫૨) પાંચે. (૫૩-૫૪-૫૫-૫૬) પંચેન્દ્રિય. (૫૭-૫૮) પાંચે. એકેન્દ્રિયને સાસ્વાદન ગુણઠાણું માન્યું છે. જુઓ કર્મગ્રંથ ચોથો, ગાથા ૧૯. (૫૯) પંચેન્દ્રિય. (૬૦-૬૧-૬૨) પાંચે.

卐

| નંબર. | દ્વારનું નામ. | કર્મ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૫ |
| ૨૨ | ક્રોધ | ૫ |
| ૨૩ | માન | ૫ |
| ૨૪ | માયા | ૫ |
| ૨૫ | લોભ | ૫ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧/૪ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧/૪ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૫ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૫ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૨ |

| નંબર. | દ્વારનું નામ. | કર્મ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૪૩ | અવધિદર્શન | ૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧ |
| ૫૧ | ભવી | ૫ |
| ૫૨ | અભવી | ૫ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૫ |
| ૫૮ | મિથ્યાત્વ | ૫ |
| ૫૯ | સંજ્ઞી | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૫ |
| ૬૧ | આહારી | ૫ |
| ૬૨ | અણાહારી | ૫ |

## ૧૧. કાયદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ |
| ૨ | મનુષ્યગતિ | ૧ |
| ૩ | તિર્યંચગતિ | ૬ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૧ |
| ૧૬ | મનયોગ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૧ |
| ૧૮ | કાયયોગ | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧ |

### વિવેચન.

**ચીયતે ઇતિ કાયઃ।** પુદ્ગલના મળવા-વિખરવાવડે જે અપ-અપચય ધર્મને પ્રાપ્ત કરે તે કાય કહેવાય. તે નીચે પ્રમાણે છ પ્રકારે છે. ૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાઉકાય, ૫ વનસ્પતિકાય અને ૬ ત્રસકાય. આ છ કાયોનો સમાવેશ જાતિમાં થઇ જાય છે એટલે આના વિવરણ માટે નં. ૧૦નું જાતિ દ્વારનું વિવેચન વાંચવું.

卐

(૧-૨) ત્રસકાય. (૩) છએ કાય, પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, વનસ્પતિ અને ત્રસકાય. (૪) ત્રસકાય. (૫) પૃથ્વી, અપ્, તેઉ, વાઉ અને વનસ્પતિકાય. (૬-૭-૮-૯) ત્રસકાય. (૧૦) પૃથ્વીકાય. (૧૧) અપ્કાય. (૧૨) તેઉકાય. (૧૩) વાઉકાય. (૧૪) વનસ્પતિકાય. (૧૫-૧૬-૧૭) ત્રસકાય. (૧૮) છએ કાયને હોય. (૧૯-૨૦) ત્રસકાય. (૨૧-૨૨-૨૩-૨૪-૨૫) છએ કાયને હોય (૨૬-૨૭-૨૮-૨૯-૩ ) ત્રસકાય (૩૧-૩૨) છએ કાયને હોય (૩૩-૩૪-૩૫-૩૬-૩૭-૩૮ ૩૯) ત્રસકાય. (૪૦) છએ કાયને હોય. (૪૧) ત્રસકાયમાં ચઉરિન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોને હોય. (૪૨) છએ કાયને હોય. (૪૩-૪૪) ત્રસકાયને. (૪૫-૪૬-૪૭) છએ કાય હોય. (૪૮) પૃથ્વી, અપ્, વનસ્પતિ અને ત્રસકાયમાં પચેન્દ્રિયને જ હોય. (૪૯-૫૦) ત્રસકાય. (૫૧-૫૨) છએ કાયમાં હોય. (૫૩-૫૪-૫૫-૫૬) ત્રસકાય. (૫૭) તેઉકાય તથા વાઉકાયને ન હોય (૫૮) છએ કાય હોય. (૫૯) ત્રસકાય (૬૦-૬૧-૬૨) છએ કાય હોય.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૬ |
| ૨૨ | ક્રોધ | ૬ |
| ૨૩ | માન | ૬ |
| ૨૪ | માયા | ૬ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૬ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૬ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૪૩ | અવધિદર્શન | ૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧ |
| ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૪૮ | તેજોલેશ્યા | ૪ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧ |
| ૫૧ | ભવી | ૬ |
| ૫૨ | અભવી | ૬ |
| ૫૩ | ઉપશમસમક્તિ | ૧ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૧ |
| ૫૫ | ક્ષાયકસમક્તિ | ૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૫૯ | સંજ્ઞી | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૬ |
| ૬૧ | આહારી | ૬ |
| ૬૨ | અણાહારી | ૬ |

## ૧૨. વેદદ્વાર

**वेद्यते इति वेदः ।** જે અનુભવાય તે વેદ. વેદ વિષય સંબંધી અભિલાષારૂપ છે. તે ત્રણ પ્રકારે છે. ૧ પુરુષવેદ, ૨ સ્ત્રીવેદ, ૩ નપુંસકવેદ.

'વેદ' કહો, 'જાતિ' કહો કે 'લિંગ' કહો એ બધું એકાર્થ જ છે, કેમકે વેદ, જાતિ ઇત્યાદિ લિંગના પર્યાયો છે. આ લિંગ યાને વેદ, દ્રવ્ય અને ભાવ એમ ઉભય સ્વરૂપી છે, તેમાં દ્રવ્ય-વેદનો અર્થ અમુક પૌદ્ગલિક આકૃતિ છે. તેનાં ઉપર મુજબના ૩ પ્રકાર છે. જેથી પુરુષને સ્ત્રીના સંસર્ગ-સુખની ઇચ્છા થાય તે 'પુરુષ-વેદ', જેથી સ્ત્રીને પુરુષના સંસર્ગ-સુખની અભિલાષા થાય તે 'સ્ત્રી-વેદ', જેથી પુરુષ અને સ્ત્રી એ બંનેના સંસર્ગ-સુખની કામના થાય તે 'નપુંસકવેદ' ત્રણ ભાવ-વેદો તૃણાગ્નિ, ગોમયાગ્નિ, નગરદાહાગ્નિ સદૃશ જાણવા. કહેવાની મતલબ એ છે કે-પુરુષ વેદને વિકાર સૌથી ઓછા સમય સુધી રહે છે. સ્ત્રી-વેદનો વિકાર એનાથી વિશેષ કાળ સુધી અને નપુંસક-વેદનો વિકાર એનાથી પણ વધારે સમય સુધી રહે છે, જે વાત આ ત્રણ દૃષ્ટાંતોથી દર્શાવાય છે.

જેમ ઘાસ જલ્દી સળગી શકે છે, તેમ તે ઓલવાઇ પણ જલ્દી જાય છે, તેવી રીતે પુરુષ-વેદનો વિકાર તેની વિશિષ્ટ શરીરરચનાને લઇને સત્વર પ્રકટ થાય છે તેમજ સત્વર શાંત પડી જાય છે.

સ્ત્રી-વેદનો વિકાર છાણાના અગ્નિ જેવો છે, જેની વિશિષ્ટ રચનાને લીધે તે જલ્દી પ્રકટ દેખાતો નથી તેમ જલદી શાંત પણ થતો જોવામાં આવતો નથી.

નપુંસક-વેદનો વિકાર નગર બળતું હોય તેના જેવો છે, જે દાહ બહુજ સમય પછી શાંત થાય છે. નપુંસકના છ લક્ષણો છે :—

(૧) નારીના જેવો સ્વભાવ, (૨) સ્વર અને વર્ણમાં ભિન્નતા, (૩) અતિશય મોહ (૪) મીઠી વાણી, (૫) શબ્દ સહિત મૂત્ર તથા (૬) ફીણ રહિત મૂત્ર. સ્થાનાંગ સૂત્રની વૃત્તિમાં ત્રણે વેદના લક્ષણો આ રીતે કહ્યા છે :—

**" स्तनकेशवती स्त्री स्याद्, रोमशः पुरुषः स्मृतः ।**
**उभयोरन्तरं यच्च, तदभावे नपुंसकम् ॥ "**

卐

# ૧૨. વેદદ્વાર

| નંબર | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૩ |
| ૩ | તિર્યંચગતિ | ૩ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાયુકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૩ |
| ૧૬ | મનયોગ | ૩ |
| ૧૭ | વચનયોગ | ૩ |
| ૧૮ | કાયયોગ | ૩ |
| ૧૯ | પુરુષવેદ | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧ |

## વિવેચન.

(૧) પુરુષવેદ તથા સ્ત્રીવેદ. (૨-૩) ત્રણે વેદ. ૪-૫-૬-૭-૮) નપુંસકવેદ તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે-"नारकःसंमूर्च्छिनो नपुंसकानि" જીવાભિગમ ભાગ ૧ જુઓ સૂત્ર ૩૨૫-૩૩. (૯) ત્રણ વેદ. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) નપુંસકવેદ. (૧૫-૧૬-૧૭-૧૮) ત્રણે વેદ. (૧૯) પુરુષવેદ. (૨૦) સ્ત્રીવેદ. (૨૧) નપુંસકવેદ. (૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯) ત્રણે વેદ. (૩૦) આ જ્ઞાન તેરમે અને ચૌદમે ગુણસ્થાને હોય છે, અને ૯ મા ગુણસ્થાનકે વેદનો ક્ષય થાય છે તેથી એકેય વેદ ન હોય. (૩૧) ત્રણે વેદ. (૩૨-૩૩-૩૪-૩૫) ત્રણે વેદમાં હોય. (૩૬) સ્ત્રીઓને આ ચારિત્ર હોતું નથી. (૩૭-૩૮) ભાવવેદ એકે ન હોય, કારણ કે ૯ મે ગુણસ્થાને તેનો ક્ષય અથવા ઉપશમ થયેલ હોય છે. દ્રવ્ય વેદ ત્રણે હોય. (૩૯-૪૦-૪૧-૪૨-૪૩) ત્રણે હોય. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯) ત્રણે વેદમાં હોય. (૬૦) નપુંસકવેદ હોય. લિંગાકાર આશ્રીને અસંજ્ઞી જીવોને પણ ત્રણ વેદ માને છે. જુઓ કર્મગ્રંથ ચોથો, ગાથા ૧૮. (૬૧-૬૨) ત્રણે હોય.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૧ |
| ૨૨ | ક્રોધ | ૩ |
| ૨૩ | માન | ૩ |
| ૨૪ | માયા | ૩ |
| ૨૫ | લોભ | ૩ |
| ૨૬ | મતિજ્ઞાન | ૩ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૩ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૩ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૩ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૩ |
| ૩૪ | સામાયિક | ૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ |
| ૩૮ | યથાખ્યાત | ૦ |
| ૩૯ | દેશવિરતિ | ૩ |
| ૪૦ | અવિરતિ | ૩ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩ |

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૪૩ | અવધિદર્શન | ૩ |
| ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૫૧ | ભવી | ૩ |
| ૫૨ | અભવી | ૩ |
| ૫૩ | ઉપશમસમકિત | ૩ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૩ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૩ |
| ૫૬ | મિશ્રસમકિત | ૩ |
| ૫૭ | સાસ્વાદન | ૩ |
| ૫૮ | મિથ્યાત્વ | ૩ |
| ૫૯ | સંજ્ઞી | ૩ |
| ૬૦ | અસંજ્ઞી | ૧/૩ |
| ૬૧ | આહારી | ૩ |
| ૬૨ | અણાહારી | ૩ |

## ૧૩. ચારિત્રદ્વાર

**संयमनं संयमः सम्यगुपरमः चारित्रमित्यर्थः ।**

સંયમ એટલે ત્યાગ. સમ્યક્પ્રકારે વિરમવું. શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક સર્વથા પાપવ્યાપારનો ત્યાગ કરવો તે **સંયમ અથવા ચારિત્ર** કહેવાય છે.

૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિ, ૪ સૂક્ષ્મસંપરાય, ૫ યથાખ્યાત, ૬ દેશવિરતિ અને ૭ અવિરતિ–આ સાત ચારિત્ર છે.

**૧ સામાયિક**—જેનાથી સમભાવનો લાભ થાય તે. હિંસાદિ સાવદ્ય (અશુભ) યોગનો ત્યાગ કરીને અહિંસાદિ મહાવ્રતનો સ્વીકાર કરવો અને તેનું પાલન કરવું તે સામાયિક ચારિત્ર. તેના બે ભેદ છે. (૧) ઇત્વર અને (૨) યાવત્કથિક. પ્રથમ અને ચરમ તીર્થંકરના તીર્થમાં પહેલું સામાયિક ચારિત્ર થોડા કાળને માટે હોય છે, કારણ કે પ્રથમ દીક્ષા–સામાયિક ચારિત્ર અંગીકાર કર્યા પછી શસ્ત્ર–પરિજ્ઞાદિ અધ્યયન પૂરાં થયા બાદ છેદોપસ્થાપનીય ચારિત્રરૂપ વડી દીક્ષા આપવામાં આવે છે ત્યાંસુધી ઇત્વરકાલિક સામાયિક ચારિત્ર કહેવાય અને પછી તેની સામાયિક ચારિત્ર એવી સંજ્ઞા રહેતી નથી. મધ્યના બાવીશ તીર્થંકરના તીર્થમાં પ્રથમથી જ યાવજ્જીવ સામાયિક ચારિત્ર હોય છે, કારણ કે તેઓને પૂર્વનો દીક્ષાપર્યાય છેદ કરવાનો નહીં હોવાથી છેદોપસ્થાપનીય ચારિત્ર હોતું જ નથી. આ બીજું યાવત્કથિક સામાયિક ચારિત્ર કહેવાય છે.

**૨ છેદોપસ્થાપનીય**—પૂર્વના સામાયિક ચારિત્રના સદોષ કે નિર્દોષ પર્યાયનો છેદ કરી ઉપસ્થાપન–પુનઃ દીક્ષા લેવી, વિશુદ્ધ મહાવ્રતોને અંગીકાર કરવા તે છેદોપસ્થાપનીય કહેવાય છે. તેના સાતિચાર અને નિરતિચાર એ બે પ્રકાર છે. જેણે મૂળથી મહાવ્રતોનો ભંગ કર્યો હોય તેને પુનઃ મહાવ્રતો આપવામાં આવે તે સાતિચાર અને પ્રથમ દીક્ષિત સાધુ જ્યારે શસ્ત્રપરિજ્ઞા અધ્યયન ભણ્યા પછી પુનઃ દીક્ષા ગ્રહણ કરે અથવા મધ્યના તીર્થંકરના તીર્થના સાધુ છેલ્લા તીર્થંકરના તીર્થમાં આવી, ચાર મહાવ્રતરૂપ ધર્મને છોડી પાંચ મહાવ્રતરૂપ ધર્મને સ્વીકારે તે નિરતિચાર

**૩ પરિહારવિશુદ્ધિ**—તપવિશેષવડે જે વિશુદ્ધિ થાય તે, તેનો ક્રમ આ પ્રમાણે છે–આ ચારિત્રને અંગીકાર કરનારા ૯ સાધુઓનો એક ગચ્છ હોય છે. તેમાં ચાર તપ કરનારા, ચાર વૈયાવૃત્ય (સેવા) કરનારા અને એક વાચનાચાર્ય હોય છે. તપ કરનારા સાધુઓ ગ્રીષ્મ-કાળમાં જઘન્ય ચતુર્થભક્ત (એક ઉપવાસ), મધ્યમ ષષ્ઠભક્ત (બે ઉપવાસ) અને ઉત્કૃષ્ટ અષ્ટમભક્ત (ત્રણ ઉપવાસ) કરે, શિશિર ઋતુમાં જઘન્ય ષષ્ઠભક્ત, મધ્યમ અષ્ટમભક્ત અને ઉત્કૃષ્ટ દશમભક્ત (ચાર ઉપવાસ) અને વર્ષાઋતુમાં જઘન્ય અષ્ટમભક્ત, મધ્યમ દશમભક્ત અને ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત (પાંચ ઉપવાસ) કરે અને પારણાને દિવસે આયંબિલ કરે. વૈયાવૃત્ય કરનારા તેમજ વાચનાચાર્ય પણ હમેશાં આયંબિલ કરે. આ પ્રમાણે તપશ્ચર્યા કરનારા છ માસ સુધી તપ કરે, ત્યારબાદ તેઓ વૈયાવૃત્ય કરે અને વૈયાવૃત્ય કરનારા પણ પૂર્વે કહ્યા પ્રમાણે છ માસ પર્યન્ત તપ કરે. ત્યારબાદ વાચનાચાર્ય પણ છ માસ સુધી તપ કરે અને

તેમાંનો કોઇ પણ એક વાચનાચાર્ય થાય. બાકીના સાત સાધુઓ તપ કરનાર તેમ જ વાચના-ચાર્યની વૈયાવૃત્ય કરે. આ પ્રમાણે અઢાર માસનો કલ્પ પરિપૂર્ણ કરીને કેટલાએક તે જ પરિહારવિશુદ્ધિનો પુનઃ સ્વીકાર કરે છે, કેટલાએક જિનકલ્પને સ્વીકારે છે અને કેટલાએક ગચ્છમાં પાછા આવે છે. તરતજ જિનકલ્પ સ્વીકારનારા યાવત્કથિક પરિહારવિશુદ્ધિવાળા કહેવાય છે. જ્યારે બીજા ઇત્વરકથિક કહેવાય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્રના બે પ્રકાર છે. નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક. જેઓ તપ કરે છે તે નિર્વિશમાનક અને જેઓ તપ કરીને વૈયાવચ્ચ કરે છે તે નિર્વિષ્ટકાયિક. આ ચારિત્ર તીર્થંકર પાસે કે તેમની પાસે જેમણે આ ચારિત્ર ગ્રહણ કરેલ છે તેની પાસે ગ્રહણ કરી શકાય છે. બીજા પાસે ગ્રહણ કરી શકાતું નથી, કારણ કે આ ચારિત્ર ગ્રહણ કરનાર પહેલાં અને છેલ્લા તીર્થંકરના તીર્થને વિષે જ હોય છે.

૪ **સૂક્ષ્મસંપરાય**—જે ચારિત્રને વિષે માત્ર સૂક્ષ્મ અત્યંત સ્વલ્પ એવો સંપરાય-લોભ કષાયનો ઉદય છે તે. આ ચારિત્રમાં વર્તનાર સાધુને સૂક્ષ્મ લોભ સિવાયના બાકીના સર્વ કષાયોનો ક્ષય અથવા ઉપશમ હોય છે. તેમાં ઉપશમશ્રેણીમાં નવમા ગુણસ્થાનકે વર્તતો લોભના ઘણા અંશો ઉપશમાવે અને ક્ષપકશ્રેણીમાં ક્ષય કરે. જ્યારે તેનો સૂક્ષ્મ અંશ બાકી રહે ત્યારે તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે આવે છે અને તેના સૂક્ષ્મ અંશો કરી તેનો ક્ષય કરે છે અથવા તેને ઉપશમાવે છે. સૂક્ષ્મસંપરાય ચારિત્રના સંક્લિશ્યમાન અને વિશુધ્યમાન નામના બે ભેદ છે. ઉપશમશ્રેણીથી પડતાં સંક્લિશ્યમાન અને ક્ષપકશ્રેણી તથા ઉપશમશ્રેણી પર ચઢતાં વિશુધ્યમાન હોય છે.

૫ **યથાખ્યાત**—કષાયનો સર્વથા ઉપશમ અથવા ક્ષય. તેના છાદ્મસ્થિક અને કૈવલિક એમ બે ભેદ છે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ એ બે ગુણસ્થાનકે છાદ્મસ્થિક યથાખ્યાત અને સંયોગીકેવળી તથા અયોગીકેવળી એ બે ગુણસ્થાનકે કૈવલિક યથાખ્યાત ચારિત્ર હોય છે.

૬ **દેશવિરતિ**—દેશ એટલે અલ્પઅંશે વિરતિ એટલે વ્રત-નિયમવાળું ચારિત્ર. તેનું બીજું નામ સંયમાસંયમ છે. આ ચારિત્ર અણુવ્રતરૂપ છે, જ્યારે સામાયિકાદિ ચારિત્રો પાંચ મહા-વ્રતરૂપ છે. તેની અપેક્ષાએ દેશવિરતિ ચારિત્ર સંપૂર્ણ ચારિત્ર નથી. આ ચારિત્ર શ્રાવકોને જઘન્યથી એક વ્રત અને ઉત્કૃષ્ટથી બાર વ્રતના અંગીકારરૂપ હોય છે. આ ચારિત્રમાં સ્થાવર-એકેન્દ્રિય જીવોની હિંસાનો ત્યાગ નહીં પણ યતના હોય છે અને ત્રસ જીવોની હિંસાનો તો પ્રાયઃ અનુમતિ સિવાય સર્વથા ત્યાગ જ હોય છે.

૭ **અવિરતિ**—વ્રત-નિયમાદિનો અભાવ અથવા વ્રત-નિયમાદિનો સદ્ભાવ હોય પરન્તુ સમ્યક્ શ્રધ્ધા રહિત (મિથ્યાત્વ યુક્ત) હોય. આને ચારિત્ર એવી સંજ્ઞા આપવામાં આવી છે તેનું કારણ એ છે કે-ચારિત્ર માર્ગણામાં સર્વ સંસારી જીવોનો સમાવેશ કરેલ છે.

卐

# ૧૩. ચારિત્રદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ |
| ૨ | મનુષ્યગતિ | ૭ |
| ૩ | તિર્યંચ | ૨ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૭ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૭ |
| ૧૬ | મનયોગ | ૭ |
| ૧૭ | વચનયોગ | ૭ |
| ૧૮ | કાયયોગ | ૭ |
| ૧૯ | પુરુષવેદ | ૫/૭ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪/૬ |

૮

## વિવેચન.

(૧) અવિરતિરૂપ એક જ ચારિત્ર હોય. તેમને ભવ સ્વભાવને અંગે વ્રત-નિયમ કરવાની રુચિ જ થાય નહીં. (૨) સાતે ચારિત્ર હોય. (૩) અવિરતિ તથા દેશવિરતિ હોય. કેટલાક ગર્ભજ તિર્યંચોને દેશવિરતિ હોય છે. સ્વયંભૂરમણ સમુદ્ર વિગેરેમાં પરિમંડલ-(વલય)ના આકાર સિવાયના સ્ત્રી, પુરુષ, હસ્તી, વૃક્ષ, પ્રતિમા વિગેરે સર્વ આકારના મત્સ્યો હોય છે તે પૈકી જિનપ્રતિમા અને મુનિ સમાન મત્સ્યને જોઇને પૂર્વે ધર્મના અથવા ચારિત્રના અભ્યાસી મત્સ્યોને જાતિસ્મરણ જ્ઞાન ઉદ્ભવે છે અને તેના પરિણામે તેઓ અતિથિસંવિભાગ સિવાયના શ્રાવકના અગિયારે વ્રતો સ્વીકારે છે. (૪-૫-૬-૭-૮) અવિરતિ જ હોય. (૯) સાતે હોય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) અવિરતિ જ હોય. (૧૫-૧૬-૧૭-૧૮) સાતે હોય (૧૯) ભાવ પુરુષવેદવાળાને સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ન હોય કારણ કે નવમા ગુણઠાણે વેદ નાશ પામે છે. દ્રવ્ય પુરુષ-વેદવાળાને તો સાતે હોય. (૨૦) સ્ત્રીને પરિહારવિશુદ્ધિ હોતું જ નથી અને સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ભાવ સ્ત્રીવેદને ન હોય; કારણ કે નવમે ગુણઠાણે વેદ નાશ પામે છે. દ્રવ્ય સ્ત્રીને પરિહાર-વિશુદ્ધિ સિવાય ૬ હોય. (૨૧) ભાવ નપુંસકવેદ-વાળાને યથાખ્યાત તથા સૂક્ષ્મસંપરાય ન હોય. દ્રવ્યને તો સાતે હોય. આ કૃત્રિમ નપુંસક માટે સમજવું. (૨૨) સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત સિવાયના હોય, કારણ આ બંને ચારિત્ર અકષાયી ભાવવાળા છે. (૨૩-૨૪) ક્રોધની માફક જાણવું. (૨૫) યથાખ્યાત સિવાયના હોય. સૂક્ષ્મ સંપરાયમાં સૂક્ષ્મ લોભનો ઉદય હોવાથી ગણેલ છે. (૨૬-૨૭-૨૮) સાતે હોય, ચોથા ગુણઠાણાથી ૧૨ મા સુધી મતિ વિગેરે જ્ઞાનો છે અને તેથી સર્વ ચારિત્રની પ્રાપ્તિ થાય. (૨૯) આ જ્ઞાન મુનિરાજને જ હોય તેથી દેશવિરતિ અને અવિરતિ ન હોય. (૩૦) યથાખ્યાત જ હોય. (૩૧-૩૨-૩૩) અવિરતિ. (૩૪-૩૫-૩૬) સામાયિકની સાથે છેદોપસ્થાનીય અને પરિહારવિશુદ્ધિ એક સાથે જ પહેલા તથા છેલ્લા તીર્થંકરના સમયમાં હોય છે. (૩૭-૩૮-૩૯-૪૦) એક જ હોય. (૪૧-૪૨-૪૩) સાતે હોય. (૪૪) યથાખ્યાત. (૪૫ થી ૪૯) સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સિવાયના હોય. (૫૦-૫૧) સાતે હોય. (૫૨) અવિરતિ (૫૩) પરિ-હારવિશુદ્ધિ ન હોય. (૫૪) સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ન હોય, કારણ કે આ સમકિત ચોથા ગુણસ્થાનકથી સાતમા સુધી જ હોય છે. (૫૫) સાતે હોય. (૫૬-૫૭-૫૮) અવિરતિ. (૫૯) પૂરેપૂરા (૬૦) અવિરતિ. (૬૧) પૂરેપૂરા. (૬૨) યથાખ્યાત ને અવિરતિ હોય. પર-ભવમાં અવિરતિ અને ચૌદમે ગુણસ્થાનકે યથાખ્યાત ચારિત્ર હોય.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૫/૭ |
| ૨૨ | ક્રોધ | ૫ |
| ૨૩ | માન | ૫ |
| ૨૪ | માયા | ૫ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૭ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૭ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૭ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧ |
| ૩૪ | સામાયિક | ૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૧ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૭ |

| નંબર | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૭ |
| ૪૩ | અવધિદર્શન | ૭ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૫ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૭ |
| ૫૧ | ભવી | ૭ |
| ૫૨ | અભવી | ૧ |
| ૫૩ | ઉપશમ સમકિત | ૬ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૫ |
| ૫૫ | ક્ષાયિક સમકિત | ૭ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧ |
| ૫૯ | સંજ્ઞી | ૭ |
| ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૬૧ | આહારી | ૭ |
| ૬૨ | અણાહારી | ૨ |

# ૧૪-૧૫. ભવી અને અભવીદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
| --- | --- | --- |
| ૧ | દેવગતિ | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૨ |
| ૪ | નરકગતિ | ૨ |
| ૫ | એકેન્દ્રિય | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ |
| ૧૧ | અપ્કાય | ૨ |
| ૧૨ | તેઉકાય | ૨ |
| ૧૩ | વાઉકાય | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૨ |
| ૧૬ | મનયોગ | ૨ |
| ૧૭ | વચનયોગ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨ |

## વિવેચન.

[દેવ, ગુરુ અને ધર્મની સામગ્રી મળ્યે છતે કર્મમુક્ત થઇ મોક્ષપદ પામવાની યોગ્યતાવાળા જીવો ભવી કહેવાય છે અને મગમાં કાંગડું જેવા અલ્પસંખ્યક જીવો એવા હોય છે કે-જેઓ પૂર્વોક્ત સંપૂર્ણ સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ મોક્ષપદને પ્રાપ્ત કરી શકતા નથી, તેઓ અભવી કહેવાય છે. ભવ્યત્વ તેમ જ અભવ્યત્વ જીવનો અનાદિ સ્વભાવ છે, પરન્તુ સામગ્રીના બળથી નવો સ્વભાવ ઉત્પન્ન થતો નથી. અભવ્ય જીવોની સંખ્યા આટામાં લૂણ જેટલી છે, જ્યારે ભવ્ય જીવો તેથી અનંતગુણા છે. ભવ્યજીવોમાં પણ એવા ઘણા જીવો છે કે જેઓ કોઈ પણ કાળે અવ્યવહારરાશિમાંથી નીકળવાના જ નથી પરન્તુ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જ અનાદિઅનંતકાળ સુધી જન્મ-મરણ કર્યા કરશે. તેઓ જાતિભવ્ય કહેવાય છે.

અભવ્ય જીવો મોક્ષપદ પામતા નથી એટલું જ નહીં પરન્તુ નીચે જણાવેલા ઉચ્ચ ભાવો પણ પ્રાપ્ત કરી શકતા નથી-ઈંદ્રપણું, અનુત્તર દેવપણું, ચક્રવર્તીત્વ, વાસુદેવપણું, બળદેવપણું, પ્રતિવાસુદેવપણું, નારદપણું, કેવળી કે ગણધરના હસ્તે દીક્ષા, શાસનદેવ કે દેવીપણું, લોકાન્તિક દેવપણું, યુગલિક મનુષ્યપણું, ત્રાયસ્ત્રિંશત્ દેવપણું, પરમાધામીપણું-આ ઉપરાંત પૂર્વધર, આહારક, પુલાક, સંભિન્નશ્રોતસ, ચારણ, મધુસર્પિ, ક્ષીરાશ્રવ, અક્ષીણમહાનસાદિ લબ્ધિઓ, જિનપ્રતિમાને યોગ્ય પૃથ્વીકાયાદિપણું, જિનેશ્વરના માતા-પિતાપણું, યુગપ્રધાનપણું, શુક્લપક્ષીપણું વિગેરે વિગેરે.]

卐

(૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫) ભવી અને અભવી બંને હોય. ૯ લોકાંતિક, અનુત્તરવાસી દેવો અને પરમાધામી દેવોને કેટલાક ભવ્યત્વ માને છે. (૨૬-૨૭-૨૮-૨૯-૩૦) ભવી હોય. (૩૧-૩૨-૩૩) બંને હોય. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) ભવી જ હોય. (૪૦-૪૧-૪૨) બંને હોય. (૪૩-૪૪) ભવીને જ હોય. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦) બંને હોય. (૫૧) ભવી જ હોય. (૫૨) અભવી હોય. (૫૩-૫૪-૫૫-૫૬-૫૭) ભવીને જ હોય. (૫૮-૫૯-૬૦-૬૧-૬૨) બંનેને હોય.

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૨ |
| ૨૨ | ક્રોધ | ૨ |
| ૨૩ | માન | ૨ |
| ૨૪ | માયા | ૨ |
| ૨૫ | લોભ | ૨ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૨ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૨ |

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૪૩ | અવધિદર્શન | ૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૨ |
| ૫૧ | ભવી | ૧ |
| ૫૨ | અભવી | ૧ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૬૧ | આહારી | ૨ |
| ૬૨ | અણાહારી | ૨ |

## ૧૬. સમ્યક્ત્વદ્વાર

**સમ્યક્**-શબ્દ પ્રશંસા અથવા અવિરુદ્ધ અર્થમાં છે. સમ્યગ્ જીવોનો ભાવ-પરિણામ તે સમ્યક્ત્વ એટલે કે પ્રશસ્ત અથવા મોક્ષનો અવિરોધી આત્માનો જે ભાવવિશેષ તે સમ્યક્ત્વ કહેવાય છે

૧ ઉપશમ, ૨ ક્ષયોપશમ, ૩ ક્ષાયિક, ૪ મિશ્ર, ૫ સાસ્વાદન અને ૬ મિથ્યાત્વ એ છ સમકિત છે.

**૧ ઉપશમ**—અનંતાનુબંધી ચોકડી તથા સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય-એ ત્રણ દર્શનમોહનીય એટલે એ સાત કર્મપ્રકૃતિઓની અંતર્મુહૂર્ત સુધી તદ્દન ઉપશાંતિ થવાથી જે સમ્યક્ત્વભાવ પ્રગટ થાય તે ઉપશમ સમ્યક્ત્વ. તે વખતે આત્મા સાથે સાતે પ્રકૃતિ હોય છે, પરન્તુ ભારેલા અગ્નિની માફક શાંત હોવાથી તેનો વિપાક ઉદય હોતો નથી. આ સમકિત એક ભવમાં બે વાર અને સમગ્ર ભવચક્રમાં પાંચ વાર પ્રાપ્ત થઇ શકે છે. અંતર્મુહૂર્તથી વિશેષ સમય આ સમ્યક્ત્વ ટકતું નથી,

**૨ ક્ષયોપશમ**—ઉપર વર્ણવી તે સાત પૈકી સમકિત મોહનીય કર્મપ્રકૃતિ સિવાય છની ઉપશાંતિ હોય છે. ફક્ત સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય થઇ ક્ષય થતો હોય છે તેથી ક્ષય અને ઉપશમ યુક્ત સમકિત તે ક્ષયોપશમ. આનો ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમથી અધિક કાળ છે. શંકા, આકાંક્ષા વિગેરે અતિચારોનો તેટલો પૂરતો સંભવ આમાં હોય છે.

**૩ ક્ષાયક**—ઉપર જણાવી તે સાતે કર્મ પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય થવાથી આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. આનો કાળ સાદિઅનંત છે અને તે પણ નિરતિચાર હોય છે.

**૪ મિશ્ર**—ઉપર કહેલી સાતમાંથી મિશ્રમોહનીયની પ્રકૃતિ ઉદયમાં અને શેષ છ ઉપશાંત હોય, તે વખતે અંતર્મુહૂર્ત સુધી સમકિત-મિથ્યારૂપ ભાવ મિશ્ર સમ્યક્ત્વ. આ સમકિતના યોગે જૈનધર્મ પર ન રાગ ઉપજે કે ન દ્વેષ થાય.

**૫ સાસ્વાદન**—ઉપર જણાવેલા અંતર્મુહૂર્તના વખતવાળા ઉપશમ સમકિતથી પડીને મિથ્યાત્વે પહોંચતા પહેલાં એક સમયથી માંડી છ આવલિકા સુધી સમ્યક્ત્વના યત્કિંચિત્ સ્વાદરૂપ આ સમકિત હોય છે. દા. ત ક્ષીરનું ભોજન કરતાં કોઇ પણ કારણે વમન થઇ જાય છતાં તેને જેમ ક્ષીરનો કંઇક પણ સ્વાદ ગળામાં આવે છે તે પ્રમાણે આ સમકિત જાણવું.

**૬ મિથ્યાત્વ**—અનંતાનુબંધી કષાય ચોકડી અને મિથ્યાત્વ મોહનીયના ઉદયથી આ મિથ્યાત્વ હોય છે.

卐

# ૧૬. સમ્યક્ત્વદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૬ |
| ૨ | મનુષ્યગતિ | ૬ |
| ૩ | તિર્યંચગતિ | ૬ |
| ૪ | નરકગતિ | ૬ |
| ૫ | એકેન્દ્રિય | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨/૧ |
| ૧૧ | અપ્કાય | ૨/૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાયુકાઉ | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨/૧ |
| ૧૫ | ત્રસકાય | ૬ |
| ૧૬ | મનયોગ | ૬ |
| ૧૭ | વચનયોગ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૬ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ |

## વિવેચન.

(૧-૨) પૂરેપૂરા. (૩) પૂરેપૂરા, અસંખ્યાતા વર્ષના યુગલિક તિર્યંચને આશ્રીને ૬ સમકિત ઘટે, પરંતુ બીજા તિર્યંચોને ક્ષાયિક સિવા પાંચ સમકિત ઘટે. (૪) પૂરેપૂરા. (૫-૬-૭-૮) મિથ્યાત્વ જ હોય પરંતુ કોઇક જીવ ઉપશમથી પતિત થતાં મૃત્યુ પામી પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિમાં લબ્ધિપર્યાપ્તપણે ઉદ્ભવે તો તેને ભવના પ્રારંભમાં અલ્પકાળ સાસ્વાદન હોય, એવો કર્મગ્રંથનો મત છે. (૯) પૂરેપૂરા. (૧૦-૧૧) એકેન્દ્રિયની માફક જાણવું કર્મગ્રન્થકારનો તેવો મત છે, પરન્તુ સિદ્ધાન્તકાર તો ફક્ત એક મિથ્યાત્વ જ કહે છે. (૧૨-૧૩) એકલું મિથ્યાત્વ જ હોય. (૧૪) એકેન્દ્રિયની માફક જાણવું. (૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫) પૂરેપૂરા હોય. (૨૬-૨૭-૨૮) કર્મગ્રન્થકારના મતે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક હોય. સિદ્ધાન્તકારના મતે મિથ્યાત્વ સિવાયના પાંચે હોય. (૨૯) આ જ્ઞાન પાંચ મહાવ્રતવાળાને જ હોય તેથી શરૂઆતના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયક એ ત્રણ હોય; પાછળના ત્રણ ન હોય. (૩૦) ક્ષાયિક જ હોય. (૩૧-૩૨-૩૩) અજ્ઞાનીને મિથ્યાત્વ ગુણઠાણું જ હોય તેથી એક અને સાસ્વાદન તથા મિશ્રમાં અજ્ઞાન માનવાની અપેક્ષાએ ત્રણ. (૩૪-૩૫) ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક હોય. (૩૬-૩૭) ક્ષયોપશમ ને ક્ષાયિક હોય. અનાદિ મિથ્યાદૃષ્ટિને પ્રાપ્ત થનારૂં ઉપશમ સમકિત ન હોય. છેલ્લા ત્રણ પણ ન હોય. (૩૭-૩૮) ઉપશમ ને ક્ષાયિક હોય. (૩૯) ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિત હોય. (૪૦-૪૧-૪૨) પૂરેપૂરા. (૪૩) અવધિજ્ઞાનની માફક જાણવું (૪૪) ક્ષાયિક હોય. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧) પૂરેપૂરા. (૫૨) મિથ્યાત્વ. (૫૩) ઉપશમ. (૫૪) ક્ષયોપશમ. (૫૫) ક્ષાયક. (૫૬) મિશ્ર. (૫૭) સાસ્વાદન. (૫૮) મિથ્યાત્વ (૫૯) પૂરેપૂરા. (૬૦) મિથ્યાત્વ તથા સાસ્વાદન. (૬૧) પૂરેપૂરા. (૬૨) વક્રગતિમાં અને પ્રથમ સમયમાં ક્ષયોપશમ, ક્ષાયિક, સાસ્વાદન અને મિથ્યાત્વ હોય, પરન્તુ મિશ્ર તથા ઉપશમ સમ્યક્ત્વ પરભવમાં જાય નહિ તેમ કેવલીને પણ ન હોય, અથવા અનુત્તર દેવની અપેક્ષાએ માર્ગમાં મતાન્તરે ઉપશમ સમ્યક્ત્વ પણ હોય માટે પાંચ સમ્યક્ત્વ હોય, જુઓ કર્મગ્રન્થ ચોથો, ગાથા ૧૪ નું વિવેચન.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૬ |
| ૨૨ | ક્રોધ | ૬ |
| ૨૩ | માન | ૬ |
| ૨૪ | માયા | ૬ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૩/૫ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૩/૫ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૩/૫ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧/૩ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧/૩ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧/૩ |
| ૩૪ | સામાયિક | ૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ |
| ૩૮ | યથાખ્યાત | ૨ |
| ૩૯ | દેશવિરતિ | ૩ |
| ૪૦ | અવિરતિ | ૬ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૬ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૪૩ | અવધિદર્શન | ૩/૫ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૪૮ | તેજોલેશ્યા | ૬ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૬ |
| ૫૦ | શુકલલેશ્યા | ૬ |
| ૫૧ | ભવી | ૬ |
| ૫૨ | અભવી | ૧ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧ |
| ૫૫ | ક્ષાયિક સમકિત | ૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧ |
| ૫૯ | સંજ્ઞી | ૬ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૬૧ | આહારી | ૬ |
| ૬૨ | અણાહારી | ૪/૫ |

# ૧૭-૧૮. સંજ્ઞી અને અસંજ્ઞીદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ |
| ૨ | મનુષ્યગતિ | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૨ |
| ૪ | નરકગતિ | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ |
| ૧૧ | અપ્કાય | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ |
| ૧૩ | વાઉકાય | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૨ |
| ૧૬ | મનયોગ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧ |

## વિવેચન.

મનઃપર્યાપ્તિ અથવા દીર્ઘકાલિકી સંજ્ઞાથી વિશિષ્ટ મનોવિજ્ઞાનવાળા જીવો સંજ્ઞી કહેવાય છે. અને તેથી રહિત તે અસંજ્ઞી છે. જીવની ચેતના જેથી જાણી શકાય તે સંજ્ઞા. તે બે પ્રકારની છે. મતિજ્ઞાન આદિ આઠ જ્ઞાન તે જ્ઞાન-સંજ્ઞા અને મોહનીયાદિ કર્મના ઉદયથી અથવા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ અનુભવ-સંજ્ઞા. આ આહારાદિ અનુભવસંજ્ઞા ૪, ૬, ૧૦ અને ૧૬ પ્રકારની છે. (જુઓ દંડક પ્રકરણ ૪થું દ્વાર) જીવ જે સંજ્ઞી અથવા અસંજ્ઞી કહેવાય છે તે આ અનુભવ-સંજ્ઞાઓથી નહીં પણ આગળ વર્ણન કરવામાં આવશે તે દીર્ઘકાલિકી (દ્વાર ૨૬) સંજ્ઞાથી કહેવાય છે.

卐

(૧) સર્વ દેવો સંજ્ઞી જ હોય. (૨-૩) સંજ્ઞી તથા અસંજ્ઞી બંને હોય. (૪) સંજ્ઞી. (૫-૬-૭-૮) અસંજ્ઞી હોય, કારણ કે હેતુપદેશિકી, દીર્ઘકાલિકી તેમ જ દૃષ્ટિવાદીકી સંજ્ઞા હોતી નથી. આહારાદિ સંજ્ઞાથી સંજ્ઞીપણાની વિવક્ષા થઇ શકતી નથી. દીર્ઘકાલિકી મનુષ્યને હોય છે, દૃષ્ટિવાદિકી ચૌદપૂર્વીને હોય છે. હેતુપદેશિકી પણ ન હોય. હેતુપદેશિકી સંજ્ઞા હોવાથી વિકલેન્દ્રિય અસંજ્ઞી કહેવાય. (૯) બંને હોય. દેવો તથા નારકોમાં અસંજ્ઞી ન હોય, પરંતુ મનુષ્યમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો અને તિર્યંચમાં સંમૂર્ચ્છિમ જળચર, સ્થળચર, ખેચર, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ અસંજ્ઞી. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવાથી અસંજ્ઞી છે. (૧૫) બંને હોય. વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્ય એ અસંજ્ઞી છે, બાકીના ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય તથા દેવ અને નારકો સંજ્ઞી છે. (૧૬) સંજ્ઞીપણું જ હોય. (૧૭) ત્રસકાયની માફક (૧૮) બંને હોય, (૧૯-૨૦) સંજ્ઞી. (૨૧-૨૨-૨૩-૨૪-૨૫) અસંજ્ઞી ને સંજ્ઞી. (૨૬-૨૭--૨૮-૨૯-૩૦) સંજ્ઞી (૩૧) સંજ્ઞી અને અસંજ્ઞી. (૩૨) બંનેને હોય. (૩૩) સંજ્ઞીને જ હોય. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) સંજ્ઞી. (૪૦-૪૧-૪૨) બંનેને હોય. (૪૩-૪૪) સંજ્ઞીને હોય. (૪૫-૪૬-૪૭-૪૮) બંનેને હોય. (૪૯-૫૦) સંજ્ઞીને જ હોય. (૫૧-૫૨) બંનેને હોય. (૫૩-૫૪-૫૫-૫૬) સંજ્ઞી. (૫૭-૫૮) બંનેને. (૫૯) સંજ્ઞી (૬૦) અસંજ્ઞી. (૬૧-૬૨) બંને.

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૨ |
| ૨૨ | ક્રોધ | ૨ |
| ૨૩ | માન | ૨ |
| ૨૪ | માયા | ૨ |
| ૨૫ | લોભ | ૨ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૨ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૨ |

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૪૩ | અવધિદર્શન | ૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧ |
| ૫૧ | ભવી | ૨ |
| ૫૨ | અભવી | ૨ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧ |
| ૫૫ | ક્ષાયકસમકિત | ૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૨ |
| ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૫૯ | સંજ્ઞી | ૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૬૧ | આહારી | ૨ |
| ૬૨ | અણાહારી | ૨ |

# ૧૯–૨૦. આહારી તથા અણાહારીદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
| --- | --- | --- |
| ૧ | દેવગતિ | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૨ |
| ૪ | નરકગતિ | ૨ |
| ૫ | એકેન્દ્રિય | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ |
| ૮ | ચઉરેન્દ્રિય | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ |
| ૧૧ | અપ્કાય | ૨ |
| ૧૨ | તેઉકાય | ૨ |
| ૧૩ | વાયુકાય | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૨ |
| ૧૬ | મનયોગ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૧ |
| ૧૮ | કાયયોગ | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨ |

## વિવેચન.

[ભવધારણીય શરીરને લાયક ઓજ, લોમ અને કવલ એ ત્રણ પ્રકાર પૈકી યથાસંભવ આહારવાળા તે આહારી અને એ ત્રણે પ્રકારના આહાર રહિત તે અણાહારી. આ અણાહારી સ્થિતિ વિગ્રહગતિમાં, કેવળી સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા ને પાંચમા એ ત્રણ સમયમાં, ચૌદમા ગુણસ્થાનક અને સિદ્ધાવસ્થામાં હોય છે. ઉત્પત્તિને પહેલે સમયે તૈજસ અને કાર્મણ શરીરવડે ગ્રહણ કરાય તે ઓજાહાર.

ઔદારિક શરીરવડે રોમરાજીદ્વારા ગ્રહણ કરાય તે તથા દેવ અને નારક જીવો વૈક્રિય શરીરદ્વારા ગ્રહણ કરે તે લોમાહાર, મુખદ્વારા લેવાતો આહાર તે કવલાહાર.]

卐

(૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫) આહારી તથા અણાહારી બંને હોય. (૧૬-૧૭) આહારી જ હોય. કેવળી સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં તેમ જ અયોગી અવસ્થા અને વિગ્રહગતિમાં અનાહારીપણું હોય છે, જે વખતે મનોયોગ હોતો નથી. (૧૮) કેવળી સમુદ્‌ઘાતના ત્રીજે, ચોથે અને પાંચમે સમયે અનાહારીપણું હોય, બંને હોય. (૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭ ૨૮) આહારી તથા અણાહારી બંને હોય. (૨૯) મનઃપર્યવજ્ઞાનવાળા આહારી જ હોય, કારણ કે તે જ્ઞાન પરભવમાં સાથે જતું ન હોવાથી વક્રગતિ સંબંધી, કેવળી સમુદ્‌ઘાત સંબંધી તેમ જ અયોગીપણાનું અનાહારકપણું હોતું નથી. ઓજ વિગેરે આહારના ભેદો પૈકી લોમ અને કવળાહાર હોય; કારણ ઓજ આહાર તો અપર્યાપ્તપણામાં હોય, જે વખતે મનઃપર્યવજ્ઞાન ન હોય. (૩૦) બંને હોય. કેવળીસમુદ્‌ઘાત વખતે અને અયોગી ગુણસ્થાનમાં અનાહારી હોય. બાકી સર્વ કાળ આહાર ગ્રહણ કરે. (૩૧-૩૨-૩૩) બંને હોય. (૩૪-૩૫-૩૬-૩૭) આહારી હોય. (૩૮) બંને હોય. કેવળી સમુદ્‌ઘાત સમયે અણાહારીપણું હોય. (૩૯) આહારી હોય. (૪૦) બંને હોય. (૪૧) આહારી હોય. નિરાહારીપણું તો વક્રગતિમાં, કેવળી સમુદ્‌ઘાતમાં અને અયોગી અવસ્થામાં હોય છે, જે સમયે ચક્ષુદર્શનનો સંભવ નથી. (૪૨-૪૩) બંને હોય. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫ થી ૫૨) બંને હોય. (૫૩) આ સમકિત પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે, તેથી આહારી હોય, અનુત્તર વિમાનમાં જતી વખતે વક્રગતિએ ઉપશમ સમકિત હોય છે તે વખતે અનાહારીપણું હોય. આ મતાંતર જાણવું. (૫૪-૫૫) બંને હોય. (૫૬) આહારી જ હોય. (૫૭ થી ૬૦) બંને હોય. (૬૧) આહારી હોય, (૬૨) અણાહારી જ હોય.

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૨ |
| ૨૨ | ક્રોધ | ૨ |
| ૨૩ | માન | ૨ |
| ૨૪ | માયા | ૨ |
| ૨૫ | લોભ | ૨ |
| ૨૬ | મતિજ્ઞાન | ૨ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૨ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૨ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૨ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૨ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧ |

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૪૪ | કેવળદર્શન | ૨ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૨ |
| ૫૧ | ભવી | ૨ |
| ૫૨ | અભવી | ૨ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧/૨ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૨ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૨ |
| ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૬૧ | આહારી | ૧ |
| ૬૨ | અણાહારી | ૧ |

## ૨૧. શરીરદ્વાર

**शीर्यते तच्छरीरं ।**

પ્રતિક્ષણે પુદ્ગળનો ઉપચય, અપચય કરીને વધેઘટે તે શરીર કહીએ. **शीर्यते तच्छरीरं इति व्युत्पत्तेः ॥**

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ-એ પાંચ પ્રકારનાં શરીર છે.

૧ ઔદારિક—ઉદાર એટલે સ્થૂળ અથવા મોક્ષપ્રાપ્તિમાં સાધનરૂપ હોવાથી ઉદાર-પ્રધાન શરીર તે ઔદારિક શરીર. આ શરીર મનુષ્ય તથા તિર્યંચોને હોય છે,

૨ વૈક્રિય—વિક્રિયા (વિવિધ પ્રકારની ક્રિયા) કરવાને સમર્થ શરીર તે વૈક્રિય શરીર. ઔદારિક શરીરથી સૂક્ષ્મ અને વૈક્રિય વર્ગણાનું બનેલું છે. આ શરીર દેવો તથા નારકીને હોય છે. આ શરીર દેવ અને નારકોને ભવનિમિત્તક હોય છે અને મનુષ્ય તથા પંચેન્દ્રિય તિર્યંચને ગુણનિમિત્તક હોય છે. તે સિવાય બાદર પર્યાપ્ત વાયુકાયને પણ વૈક્રિય શરીર હોય છે.

૩ આહારક—વૈક્રિય વર્ગણાથી સૂક્ષ્મ અને અનંતગુણ અધિક પરમાણુ-નિષ્પન્ન આહારક વર્ગણાથી બનેલું, વિશુદ્ધ અને વ્યાઘાત રહિત આ શરીર હોય છે. આ શરીર માત્ર ચૌદપૂર્વ-ધર આહારક લબ્ધિવાળા મુનિને હોય છે. જ્યારે તે મુનિને કોઇ પણ પ્રકારનો સંશય ઉત્પન્ન થાય ત્યારે તેને દૂર કરવા અન્ય ક્ષેત્રમાં રહેલ ભગવંત કે કેવળજ્ઞાનીની પાસે જવા માટે આહારક લબ્ધિવડે હસ્તપ્રમાણ તેજસ્વી આહારક શરીર ધારણ કરે છે અને તે દ્વારા તીર્થંકરની પાસે જઇને સંશય દૂર કરે છે. આ શરીર માત્ર અંતર્મુહૂર્ત રહે છે.

૪ તૈજસ—ગ્રહણ કરેલા ખોરાકને પાચન કરનાર તેમ જ તેજોલેશ્યા અને શીતલેશ્યાના કારણભૂત આ શરીર છે. તેજોલેશ્યા અને શીતલેશ્યા તૈજસ લબ્ધિવાળા મુનિઓને હોય છે અને તેઓ તેનો ઉપયોગ કોઇનો અપકાર કે ઉપકાર કરવા નિમિત્તે કરે છે. તેજોલેશ્યા અપકાર કરવા માટે અને શીતલેશ્યા ઉપકાર કરવા માટે કરવામાં આવે છે.

૫ કાર્મણ—કર્મનો વિકાર-પરિણામ તે કાર્મણ. તે આઠ પ્રકારના વિવિધ કર્મથી બનેલું છે. કર્મનો સમૂહ એ જ કાર્મણ શરીર.

ઔદારિક શરીરથકી વૈક્રિય શરીર સૂક્ષ્મ, વૈક્રિયથકી આહારક સૂક્ષ્મ, આહારકથકી તૈજસ, તૈજસથકી કાર્મણ શરીર અતિ સૂક્ષ્મ હોય છે. જુઓ તત્ત્વાર્થભાષ્ય, દ્વિતીય અધ્યાય, સૂત્ર ૩૮.

ઔદારિક શરીરના પ્રદેશથકી વૈક્રિય શરીરના પ્રદેશ અસંખ્યગુણા હોય છે, અને વૈક્રિય શરીરના પ્રદેશથકી આહારક શરીરના પ્રદેશો અસંખ્યેયગુણા હોય છે. જુઓ તત્ત્વાર્થભાષ્ય, દ્વિતીય અધ્યાય, સૂત્ર ૩૯.

આહારક શરીરના પ્રદેશથકી તૈજસના પ્રદેશો અનંતગુણા, તૈજસ શરીરના પ્રદેશથકી કાર્મણ શરીરના પ્રદેશો અનંતગુણા હોય છે. જુઓ તત્ત્વાર્થભાષ્ય, દ્વિતીય અધ્યાય, સૂત્ર ૪૦.

卐

# ૨૧. શરીરદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
| --- | --- | --- |
| ૧ | દેવગતિ | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૫ |
| ૩ | તિર્યંચગતિ | ૪ |
| ૪ | નરકગતિ | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૩/૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩ |
| ૧૧ | અપ્કાય | ૩ |
| ૧૨ | તેઉકાય | ૩ |
| ૧૩ | વાઉકાય | ૩/૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩ |
| ૧૫ | ત્રસકાય | ૫ |
| ૧૬ | મનયોગ | ૫ |
| ૧૭ | વચનયોગ | ૫ |
| ૧૮ | કાયયોગ | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૫ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪ |

## વિવેચન.

(૧) વૈક્રિય, તેજસ અને કાર્મણ હોય. આહારક શરીર ચૌદપૂર્વી મુનિરાજને હોય અને ઔદારિક તો તિર્યંચ તથા મનુષ્યને હોય. જુઓ ત. ભા. દ્વિ. સૂ. ૪૭. (૨) પાંચે હોય. વૈક્રિય, તૈજસ, કાર્મણ, આહારક અને ઔદારિક, એક જીવ આશ્રયી એક સાથે ચાર હોય, કારણ કે આહારક હોય ત્યાં વૈક્રિય ન હોય, વૈક્રિય હોય ત્યાં આહારક ન હોય. (૩) આહારક ન હોય. (૪) વૈક્રિય, તેજસ અને કાર્મણ હોય. (૫) ઔદારિક, તેજસ અને કાર્મણ હોય, કેટલાએક લબ્ધિપર્યાપ્ત બાદર વાયુકાયને વૈક્રિય શરીર હોવાથી ચાર પણ હોય. જુઓ દંડક ગાથા ૫. (૬–૭–૮) ઔદારિક, તેજસ અને કાર્મણ હોય. જુઓ જીવાભિગમ સૂત્ર ૨૮. (૯) ગર્ભજ મનુષ્યને પાંચે હોય. (૧૦–૧૧–૧૨) ઔદારિક, તેજસ અને કાર્મણ હોય. વૈક્રિય તથા આહારક ન હોય. भवस्वभावत एव तल्लब्धिशून्यत्वात् જીવાભિગમ સૂત્ર ૧૩૫. (૧૩) એકેન્દ્રિય પ્રમાણે. (૧૪) ઔદારિક, તેજસ અને કાર્મણ. (૧૫–૧૬–૧૭–૧૮–૧૯) પૂરેપૂરા. (૨૦) આહારક શરીર ન હોય. આહારક શરીર ચૌદપૂર્વીને જ હોય અને સ્ત્રી ચૌદપૂર્વી થઇ શકતી નથી. (૨૧–૨૨–૨૩–૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૨૯) પૂરેપૂરા હોય. (૩૦) લબ્ધિ પ્રયોજવાને અભાવે આહારક તથા વૈક્રિય ન હોય; શેષ ત્રણ હોય. (૩૧–૩૨–૩૩) આહારક ન હોય. (૩૪–૩૫) પૂરેપૂરા. (૩૬) પરિહારવિશુદ્ધિવાળા ચૌદપૂર્વી ન હોય તેથી આહારક ન હોય તેમ જ ચારિત્રનો તથાવિધ આચાર હોવાથી ઉત્તરવૈક્રિય પણ ન હોય; શેષ ત્રણ હોય. (૩૭–૩૮) ઔદારિક, તેજસ અને કાર્મણ. (૩૯–૪૦) આહારક ન હોય. (૪૧–૪૨–૪૩) પૂરેપૂરા. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫–૪૬–૪૭–૪૮–૪૯–૫૦–૫૧) પૂરેપૂરા. (૫૨) આહારક ન હોય. (૫૩) ઉપશમસમકિતવાળો આહારક શરીર ન બનાવે એ કારણથી ચાર હોય. (૫૪–૫૫) પૂરેપૂરા. (૫૬–૫૭–૫૮) આહારક ન હોય. (૫૯) પૂરેપૂરા. (૬૦) આહારક ન હોય. (૬૧) પૂરેપૂરા. (૬૨) કોઇ મતવાળા એકલા કાર્મણ શરીરને માને છે, બીજા બધા તૈજસ તથા કાર્મણ બંને માને છે.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૫ |
| ૨૨ | ક્રોધ | ૫ |
| ૨૩ | માન | ૫ |
| ૨૪ | માયા | ૫ |
| ૨૫ | લોભ | ૫ |
| ૨૬ | મતિજ્ઞાન | ૫ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૫ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૩ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૪ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૪ |
| ૩૪ | સામાયિક | ૫ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ |
| ૩૮ | યથાખ્યાત | ૩ |
| ૩૯ | દેશવિરતિ | ૪ |
| ૪૦ | અવિરતિ | ૪ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ |

| નંબર | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૪૩ | અવધિદર્શન | ૫ |
| ૪૪ | કેવળદર્શન | ૩ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૫ |
| ૫૦ | શુકૂલલેશ્યા | ૫ |
| ૫૧ | ભવી | ૫ |
| ૫૨ | અભવી | ૪ |
| ૫૩ | ઉપશમ સમક્તિ | ૪ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૫ |
| ૫૫ | ક્ષાયિક સમક્તિ | ૫ |
| ૫૬ | મિશ્રસમકિત | ૪ |
| ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૫૮ | મિથ્યાત્વ | ૪ |
| ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૬૦ | અસંજ્ઞી | ૪ |
| ૬૧ | આહારી | ૫ |
| ૬૨ | અણાહારી | ૧/૨ |

## ૨૨. પર્યાપ્તિદ્વાર

સંસારી જીવને શરીરધારી તરીકે જીવવાની શક્તિ તે પર્યાપ્તિ. જો કે કોઇ પણ જાતનું શરીર ધારણ કરીને આત્મામાં જીવવાની શક્તિ છે, પરન્તુ એ શક્તિ પુદ્ગલ પરમાણુઓની મદદ વિના પ્રગટતી નથી.

આહાર વિના શરીર બંધાય નહીં, શરીર ધારણ કર્યા વિના સંસારીપણે જીવી શકાય નહીં, શરીર ધારણ કરવા છતાં ઇન્દ્રિયો વિના જીવી શકાય નહીં તેથી ઇન્દ્રિયો બાંધવી પડે, શ્વાસોચ્છ્વાસ વિના પણ શરીરધારી જીવ જીવી શકે નહીં અને વધારે શક્તિવાળા જીવને બોલવાની તથા વિચારવાની શક્તિની જરૂર પડે છે, એટલે કે બધા સંસારી જીવોની અપેક્ષાએ છએ પર્યાપ્તિની જરૂર છે.

પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે તે પર્યાપ્તો અને પૂર્ણ કર્યા વિના મૃત્યુ પામે તે અપર્યાપ્તો જીવ કહેવાય.

જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂરી ન જ કરવાનો હોય તે લબ્ધિ અપર્યાપ્તો અને પૂર્ણ કરવાનો જ હોય તે લબ્ધિપર્યાપ્તો કહેવાય. શરૂઆતની ત્રણ અથવા સ્વયોગ્ય પર્યાપ્તિઓ જે જે પૂરી કરે તેટલા પૂરતો તે કરણપર્યાપ્તો અને તે પ્રમાણે ન કર્યું હોય તે કરણઅપર્યાપ્તો જાણવો. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ છે.

૧ આહાર—ઉત્પત્તિસ્થાને રહેલ આહારને જીવ જે શક્તિવડે ગ્રહણ કરે અને ગ્રહણ કરીને મલ તથા રસને યોગ્ય બનાવે. મલ એટલે મળમૂત્રાદિ અસાર પુદ્ગળો અને રસ એટલે શરીરાદિ રચનામાં ઉપયોગી પુદ્ગલો. આ પર્યાપ્તિ પ્રથમ સમયે પૂર્ણ થાય છે. ૨ શરીર—રસને યોગ્ય પુદ્ગલોને જે શક્તિવડે જીવ શરીરરૂપે (સાત ધાતુરૂપે) પરિણમાવે. ૩ ઇન્દ્રિય—રસરૂપે પરિણમાવેલ પુદ્ગલોમાંથી પણ ઇન્દ્રિય યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ઇન્દ્રિયપણે પરિણમાવવાની શક્તિ. ૪ શ્વાસોચ્છ્વાસ—શ્વાસોચ્છ્વાસ યોગ્ય વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી અવલંબીને વિસર્જન કરવાની શકિત. ૫ ભાષા—ભાષા યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરવાની શક્તિ. ૬ મન—મનઃપ્રાયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબીને વિસર્જન કરવાની શક્તિ.

જીવ ઉત્પત્તિ સ્થાને આવ્યા બાદ સ્વયોગ્ય પર્યાપ્તિઓનો પ્રારંભ સમકાળે કરે છે, પરન્તુ સમાપ્તિ અનુક્રમે થાય છે.

ઔદારિક શરીરના છ પર્યાપ્તિનો કાળ-આહાર પર્યાપ્તિ ઉત્પત્તિના પહેલા સમયે, બીજી પર્યાપ્તિનો કાળ અંતર્મુહૂર્તનો, બધી પર્યાપ્તિનો કાળ એક એક અંતર્મુહૂર્ત, દરેક પર્યાપ્તિનો કાળ ભેગો કરીએ તો પણ અંતર્મુહૂર્ત છે, પરન્તુ એક એક પર્યાપ્તિનો અંતર્મુહૂર્ત કાળ છે, તેના કરતાં છ પર્યાપ્તિના ભેગા કાળનું અંતર્મુહૂર્ત મોટું સમજવું; કેમકે અંતર્મુહૂર્તના અસંખ્ય પ્રકારો છે, કેમકે જઘન્ય અંતર્મુહૂર્ત ૯ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત બે ઘડીમાં એક સમય ઓછો અને મધ્યમ અંતર્મુહૂર્તનો વચલો સમય સમજવો.

વૈક્રિય તથા આહારક શરીરની પર્યાપ્તિનો કાલ-પહેલી પર્યાપ્તિ એક સમય, બીજી પર્યાપ્તિ અંતર્મુહૂર્ત, બાકીની પર્યાપ્તિઓનો એક એક સમય સમજવો.

# ૨૨. પર્યાપ્તિદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કઈ ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૬ |
| ૨ | મનુષ્યગતિ | ૬ |
| ૩ | તિર્યંચગતિ | ૬ |
| ૪ | નરકગતિ | ૬ |
| ૫ | એકેન્દ્રિય | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ |
| ૧૧ | અપ્કાય | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ |
| ૧૩ | વાઉકાય | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૬ |
| ૧૬ | મનયોગ | ૬ |
| ૧૭ | વચનયોગ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૬ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ |

## વિવેચન.

(૧-૨-૩-૪) આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનપર્યાપ્તિ એ છએ પર્યાપ્તિઓ હોય (૫) ભાષા તથા મન એ બે પર્યાપ્તિ ન હોય. જુઓ જીવાભિગમ સૂત્ર ૧૩. (૬-૭-૮) મનપર્યાપ્તિ સિવાયની શેષ પાંચ હોય. (૯) બધી હોય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) ભાષા અને મનપર્યાપ્તિ સિવાય શેષ ચાર હોય. (૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯-૪૦-૪૧-૪૨-૪૩-૪૪-૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯) પૂરેપૂરા હોય. (૬૦) મનપર્યાપ્તિ સિવાયની પાંચ હોય. (૬૧) પૂરેપૂરી હોય. (૬૨) કેવલીને આશ્રયી સમજવી, કારણ કે કેવલી ભગવાન કેવલી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયે અનાહારી હોય છે, તેથી છએ પર્યાપ્તિ અણાહારી માર્ગણામાં હોય.

| નંબર. | દ્વારનું નામ. | કઇ ? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૬ |
| ૨૨ | ક્રોધ | ૬ |
| ૨૩ | માન | ૬ |
| ૨૪ | માયા | ૬ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૬ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૬ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૬ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૬ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૬ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૬ |
| ૩૪ | સામાયિક | ૬ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૬ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૬ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૬ |
| ૩૮ | યથાખ્યાત | ૬ |
| ૩૯ | દેશવિરતિ | ૬ |
| ૪૦ | અવિરતિ | ૬ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૬ |

| નંબર. | દ્વારનું નામ. | કઇ ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૪૩ | અવધિદર્શન | ૬ |
| ૪૪ | કેવળદર્શન | ૬ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૪૮ | તેજોલેશ્યા | ૬ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૬ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૬ |
| ૫૧ | ભવી | ૬ |
| ૫૨ | અભવી | ૬ |
| ૫૩ | ઉપશમસમકિત | ૬ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૬ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૬ |
| ૫૬ | મિશ્રસમકિત | ૬ |
| ૫૭ | સાસ્વાદન | ૬ |
| ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૫૯ | સંજ્ઞી | ૬ |
| ૬૦ | અસંજ્ઞી | ૫ |
| ૬૧ | આહારી | ૬ |
| ૬૨ | અણાહારી | ૬ |

## ૨૩. પ્રાણદ્વાર

| નંબર | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૦ |
| ૨ | મનુષ્યગતિ | ૧૦ |
| ૩ | તિર્યંચગતિ | ૧૦ |
| ૪ | નરકગતિ | ૧૦ |
| ૫ | એકેન્દ્રિય | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૬ |
| ૭ | તેઇન્દ્રિય | ૭ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૮ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૦ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ |
| ૧૧ | અપ્કાય | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ |
| ૧૩ | વાઉકાય | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૧૦ |
| ૧૬ | મનયોગ | ૧૦ |
| ૧૭ | વચનયોગ | ૧૦ |
| ૧૮ | કાયયોગ | ૧૦ |
| ૧૯ | પુરુષવેદ | ૧૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૦ |

### વિવેચન.

જેના યોગે આત્માનો શરીર સાથે સંબંધ ટકી રહે અને જેના વિયોગે મરણ થાય તે દ્રવ્યપ્રાણ કહેવાય છે. ભાવપ્રાણ તો જ્ઞાનાદિ છે. દ્રવ્યપ્રાણના મુખ્ય ચાર ભેદ છે. ઇન્દ્રિય, યોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય. ઇન્દ્રિય પાંચ છે અને યોગ ત્રણ છે.

પરમૈશ્વર્યપણાના યોગથી ઇન્દ્ર જીવ કહેવાય છે, કારણ કે આવરણનો અભાવ થવાથી તેને સર્વ વસ્તુ જણાય છે. પરમૈશ્વર્યવાન યોગથી ઇન્દ્ર જીવ કહેવાય છે. ઇન્દ્રનું ચિહ્ન તે ઇન્દ્રિય.

સ્પર્શને જાણનાર સ્પર્શેન્દ્રિય, રસને જાણનાર રસેન્દ્રિય-(જિહ્વા), ગંધને જાણનાર ઘ્રાણેન્દ્રિય (નાસિકા), રૂપને જાણનાર ચક્ષુરિન્દ્રિય (નેત્ર) અને શબ્દને જાણનાર શ્રોત્રેન્દ્રિય (કાન).

યોગ એટલે શક્તિ અથવા સામર્થ્ય. તે મન, વચન અને કાયદ્વારા પ્રવર્તે છે માટે તેના મનયોગ, વચનયોગ અને કાયયોગ એવા ત્રણ પ્રકાર છે. શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિ એ નવમો પ્રાણ અને જેના સંબંધથી મનુષ્યાદિ ગતિમાં જીવન ટકી શકે તે દશમો આયુષ્ય પ્રાણ.

卐

(૧-૨-૩-૪) પાંચ ઇન્દ્રિય, ત્રણ યોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય છે. ચારેને બધા લાભે. (૫) શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, સ્પર્શેન્દ્રિય અને કાયબળ હોય. (૬) શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, કાયયોગ અને વચનયોગ હોય. (૭) બેઇન્દ્રિય કરતાં ઘ્રાણેન્દ્રિય વધારે સમજવી. (૮) બેઇન્દ્રિય કરતાં ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય વધારે સમજવી. (૯) પૂરેપૂરા હોય. (૧૦ થી ૧૪) એકેન્દ્રિય પ્રમાણે. (૧૫ થી ૫૯) પૂરેપૂરા હોય, (૬૦) મનઃપર્યાપ્તિના અભાવે મનયોગ ન હોય, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયને નવ હોય છે, જ્યારે અસંજ્ઞી સંમૂર્ચ્છિમ મનુષ્યને ભાષા અને મન સિવાયના આઠ પ્રાણ હોય છે. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) અનાહારી જીવ ચાર સ્થાને હોય, વક્રગતિ, કેવલી સમુદ્ઘાતના ૩-૪-૫ સમય અને ચૌદમું ગુણસ્થાન અને સિદ્ધના જીવો અણાહારી હોય છે. ૩૧૮ ગાથાવાળી બૃહત્ સંગ્રહણી ગાથા ૧૮૬ માં જુઓ. વક્રગતિમાં એક આયુષ્યપ્રાણ હોય ને કેવલી સમુદ્ઘાતમાં ૩-૪-૫ સમયે અપેક્ષાભેદે ત્રણ યોગબલ અને શ્વાસોચ્છ્વાસ તથા આયુષ્ય એમ પાંચ પ્રાણ ગણાય, પરન્તુ ઇન્દ્રિયપ્રાણ ન હોય, કારણ કે તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી છદ્મસ્થ જીવોને હોય છે.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
| --- | --- | --- |
| ૨૧ | નપુંસકવેદ | ૧૦ |
| ૨૨ | ક્રોધ | ૧૦ |
| ૨૩ | માન | ૧૦ |
| ૨૪ | માયા | ૧૦ |
| ૨૫ | લોભ | ૧૦ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧૦ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૦ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧૦ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૦ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧૦ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧૦ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૦ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧૦ |
| ૩૪ | સામાયિક | ૧૦ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૦ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૦ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૦ |
| ૩૮ | યથાખ્યાત | ૧૦ |
| ૩૯ | દેશવિરતિ | ૧૦ |
| ૪૦ | અવિરતિ | ૧૦ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૦ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૦ |
| ૪૩ | અવધિદર્શન | ૧૦ |
| ૪૪ | કેવળદર્શન | ૧૦ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૦ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૦ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૦ |
| ૪૮ | તેજોલેશ્યા | ૧૦ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧૦ |
| ૫૦ | શુકલલેશ્યા | ૧૦ |
| ૫૧ | ભવી | ૧૦ |
| ૫૨ | અભવી | ૧૦ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧૦ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૦ |
| ૫૫ | ક્ષાયિક સમકિત | ૧૦ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧૦ |
| ૫૭ | સાસ્વાદન | ૧૦ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧૦ |
| ૫૯ | સંજ્ઞી | ૧૦ |
| ૬૦ | અસંજ્ઞી | ૯/૮ |
| ૬૧ | આહારી | ૧૦ |
| ૬૨ | અણાહારી | ૧/૫ |

## २४. ध्यानद्वार

યોગની એકાગ્રતા કે યોગનો નિરોધ કરવો તે ધ્યાન. ઉત્તમસંહનન (વજ્રર્ષભનારાચ, વજ્રનારાચ, નારાચ અને અર્ધનારાચ એ ચાર સંઘયણ)વાળા જીવોને એકાગ્રપણે ચિંતાનો રોધ તે ધ્યાન જાણવું. જુઓ તત્ત્વાર્થ સૂત્ર અ. ૯. સૂત્ર ૨૭.

આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન-એ ચાર પ્રકારનાં ધ્યાન છે. તે દરેક ધ્યાનના ચાર-ચાર ભેદો છે એટલે સોળ પ્રકારનાં ધ્યાન છે.

**આર્ત્તધ્યાનના ચાર પ્રકાર આ પ્રમાણે—**

૧ **ઇષ્ટવિયોગ**—સ્વજનાદિ ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી ચિંતા, શોક થાય તે.

૨ **અનિષ્ટસંયોગ**—અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં 'આ વસ્તુનો વિનાશ ક્યારે થાય?' તેવા પ્રકારની ચિંતા કરવી તે.

૩ **રોગચિંતા**—શરીરે રોગ થવાથી જે ચિંતા થાય તે.

૪ **અગ્રશોચ**—ભવિષ્યના સુખદુઃખની ચિંતા કરવી.

આ આર્ત્તધ્યાન અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત સંયતોને હોય છે. (માર્ગપ્રાપ્તિ પછી આ વાત સમજવી.)

**રૌદ્રધ્યાનના ચાર પ્રકાર આ પ્રમાણે—**

૧ **હિંસાનુબંધી**—તીવ્ર દ્વેષ કે સ્વાર્થને અંગે પ્રાણીઓની હિંસા કરવા સંબંધી જે સતત વિચારણા કરવી તે.

૨ **મૃષાનુબંધી**—અસત્ય બોલવા માટે નિરંતરની જે વિચારણા કરવી તે.

૩ **સ્તેયાનુબંધી**—ચોરી કરવી તેમજ પારકાનું દ્રવ્ય હરણ કરી લેવા સંબંધી વિચારણા કરવી તે.

૪ **સંરક્ષણાનુબંધી**—ધનાદિક જે પરિગ્રહ આપણી પાસે હોય તેનું સંરક્ષણ કરવાની સતત વિચારણા. આ ધ્યાન અવિરતિ અને દેશવિરતિને હોય છે.

**ધર્મધ્યાનનાં ચાર પ્રકાર આ પ્રમાણે—**

૧ **આજ્ઞાવિચય**—જિનેશ્વર સર્વજ્ઞ અને રાગ-દ્વેષ રહિત છે, માટે તેમની આજ્ઞા પ્રમાણભૂત છે, તેવી વિચારણા.

૨ **અપાયવિચય**—રાગ-દ્વેષાદિવડે ઉત્પન્ન થતાં કષ્ટો-અપાયો-દુઃખોનો વાસ્તવિક વિચાર.

૩ **વિપાકવિચય**—"સર્વ પ્રકારનું સુખ અથવા દુઃખ કર્મનું ફળ છે, કર્મો પ્રાણીઓને વિચિત્ર પ્રકારનાં ફળ આપે છે." આવી રીતે કર્મનાં ફળનો પ્રતિક્ષણ વિચાર કર્યા કરવો તે.

૪ **સંસ્થાનવિચય**—અનાદિ અનંત ષડ્ દ્રવ્યાત્મક લોકના સ્વરૂપનો વિચાર કરવો. આ ધ્યાન અપ્રમત્ત સંયત તેમજ ઉપશાંતકષાય અને ક્ષીણકષાય ગુણસ્થાનકવાળાને હોય છે.

**શુક્લધ્યાનના ચાર પ્રકાર આ પ્રમાણે—**

૧ **પૃથક્ત્વવિતર્ક સવિચાર**—પૂર્વ શ્રુતને અનુસારે એક દ્રવ્યને વિષે અનેક પર્યાયોના અર્થ, વ્યંજન અને યોગના સંક્રમ-પરિવર્તનયુક્ત ચિંતન. પૂર્વધર મુનિ પૂર્વશ્રુતને અનુસારે અને ઇતર મુનિ સામાન્ય શ્રુતને અનુસારે પરમાણુ આદિ એક દ્રવ્યના ઉત્પાદ, સ્થિતિ અને નાશ ઇત્યાદિ વિવિધ પર્યાયોનું અર્થ, વ્યંજન અને યોગાન્તરને વિષે સંક્રમયુક્ત ચિંતન કરે તે. દ્રવ્યનો વિચાર કરતો તેને છોડી પર્યાયનો વિચાર કરે તે અર્થસંક્રાંતિ, શ્રુતવચનનો વિચાર કરતો તેને છોડી અન્ય શ્રુતવચનનો વિચાર કરે તે વ્યંજનસંક્રાંતિ, કાયયોગમાં સ્થિરતા કરતો હતો તેને છોડી કાયયોગથી મનોયોગમાં કે વચનયોગમાં સંક્રમણ કરે અને વચન યોગથી મનોયોગમાં કે કાયયોગમાં સંક્રમણ કરવું તે.

૨ **એકત્વવિતર્ક અવિચાર**—પૂર્વશ્રુતને અનુસારે એક દ્રવ્યના એક પર્યાય સંબંધી અર્થ, વ્યંજન અને યોગને વિષે સંક્રમ રહિત વિચાર કરવો તે. એક દ્રવ્યના એક જ પર્યાયનો એક જ શ્રુતવચનને આશ્રયી કોઈ પણ એક યોગમાં સ્થિરતા કરવાપૂર્વક ચિંતન. આ ધ્યાનમાં નિર્વાત (વાયુ વિનાના) સ્થાનમાં રહેલ દીવાની પેઠે ચિત્ત સ્થિર અને નિશ્ચળ રહે છે.

૩ **સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી**—કેવળજ્ઞાનીને મોક્ષગમન સમયે મનોયોગ, વચનયોગ કે બાદર કાયયોગનો રોધ કરવાથી માત્ર ઉચ્છ્વાસ-નિઃશ્વાસાદિ સૂક્ષ્મકાયિક ક્રિયા હોય એવું અને સૂક્ષ્મ કાયયોગ સિવાયના બાકીના યોગનો નિરોધ કરવારૂપ કાર્ય.

૪ **વ્યુચ્છિન્નક્રિયાનિવૃત્તિ**—સર્વ યોગનો રોધ કરવાથી પર્વતની પેઠે નિષ્પ્રકમ્પ એવા કેવળજ્ઞાનીને વ્યુપરત ક્રિયા-અનિવૃત્તિ શુક્લધ્યાન છે. મન, વચન અને કાયાની ક્રિયા વ્યુપરત-બંધ પડેલી હોવાથી અનિવૃત્તિ-અપ્રતિપાતી એવું ધ્યાન હોય છે.

શુક્લધ્યાનનો પહેલો ભેદ ત્રણ યોગવાળાને, બીજો ભેદ ત્રણ યોગમાંથી કોઇ પણ એક યોગવાળાને, ત્રીજો ભેદ સૂક્ષ્મ કાયયોગવાળાને અને ચોથો ભેદ અયોગીને હોય છે.

ચારે ધ્યાનનો પ્રત્યેકનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. છાદ્મસ્થિક ધ્યાન યોગની એકાગ્રતા (ચિત્તની સ્થિરતા)રૂપ હોય છે, જ્યારે કૈવલિક અગર તો જિનનું ધ્યાન યોગના નિરોધરૂપ હોય છે.

卐

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૮/૯ |
| ૨ | મનુષ્યગતિ | ૧૬ |
| ૩ | તિર્યંચ | ૧૦ |
| ૪ | નરકગતિ | ૮/૯ |
| ૫ | એકેન્દ્રિય | ૦/૮ |
| ૬ | બેઇન્દ્રિય | ૦/૮ |
| ૭ | તેઇન્દ્રિય | ૦/૮ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦/૮ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦/૮ |
| ૧૧ | અપ્કાય | ૦/૮ |
| ૧૨ | તેઉકાય | ૦/૮ |
| ૧૩ | વાઉકાય | ૦/૮ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦/૮ |
| ૧૫ | ત્રસકાય | ૧૬ |
| ૧૬ | મનયોગ | ૧૪ |
| ૧૭ | વચનયોગ | ૧૪ |
| ૧૮ | કાયયોગ | ૧૫ |
| ૧૯ | પુરુષવેદ | ૧૩ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૩ |

## વિવેચન.

(૧) આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનના ચાર–ચાર પાયા હોય. ધર્મધ્યાન અને શુક્લધ્યાન તો અપ્રમત્તાદિ મુનિને હોય. શ્રી તત્વાર્થ સૂત્રના નવમા અધ્યયનમાં સૂત્ર ૩૮ માં કહ્યું છે કે-आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य " એટલે દેવને ધર્મ તથા શુક્લ બંને ધ્યાન ન હોય. શુભચિંતા અને શુભ ભાવના હોઇ શકે. મતાંતરે ધર્મધ્યાનનો પહેલો પાયો આજ્ઞાવિચય ગણાવ્યો છે. (૨) આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લધ્યાનના ચાર–ચાર પાયા બધા હોય એટલે સોળ. પંચેન્દ્રિયમાં ગર્ભજ મનુષ્યોને સોળ ધ્યાન હોય છે. આર્ત્ત ને રૌદ્રના આઠ ભેદ તો બધાને હોય છે. ધર્મધ્યાન અપ્રમત્તાદિ મુનિને જ હોય અને શુક્લધ્યાન અપૂર્વકરણાદિ ગુણસ્થાનવર્ત્તી જીવને હોય છે. (૩) આર્ત્ત તથા રૌદ્રના આઠ ભેદ અને ધર્મધ્યાનના પ્રથમ બે ભેદ આજ્ઞાવિચય અને અપાયવિચય હોય છે. સંમૂર્છિમ તિર્યંચોને મન ન હોવાથી ધ્યાનમાં એકે ભેદ હોતો નથી. (૪) દેવગતિની માફક જાણવું. (૫–૬–૭–૮) એકેન્દ્રિયો, બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયોને મન નહીં હોવાથી એક પણ ધ્યાન ન હોય. કોઇ કોઇના મતે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન માને છે, તેના મતે આઠ ભેદ લાભે. શ્રી દેવચન્દ્રજીકૃત વિચારસાર ગ્રન્થમાં એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોને વિશિષ્ટ મન નહીં હોવાથી ધ્યાન માન્યું નથી. (૯) બધા ધ્યાન હોય. (૧૦–૧૧–૧૨–૧૩–૧૪) એકેન્દ્રિયની માફક જાણવું. (૧૫) પૂરેપૂરા હોય. (૧૬) આર્ત્ત, રૌદ્ર તથા ધર્મધ્યાનના ચાર–ચાર પાયા હોય, અને શુક્લધ્યાનના પહેલા બે પાયા હોય. યોગ નિરોધકાળે વર્તતો ત્રીજો પાયો અને અયોગીમાં વર્તનારો ચોથો પાયો અહીં પ્રાપ્ત થતો નથી તેથી શુક્લધ્યાનના પ્રથમના બે પાયા લેવા. (૧૭) મનોયોગ પ્રમાણે જાણવું. શુક્લધ્યાનનો ત્રીજો પાયો યોગનિરોધ અવસરે સંયોગીપણામાં કેવળી ભગવંતે મન, વચન રોકયા બાદ કાય યોગમાં વર્તતાં હોય છે અને ત્યારબાદ અયોગીપણામાં ચોથો પાયો હોય છે, એટલે તે બંને વખતે વચનયોગ ન હોવાથી ચૌદ ભેદ લાભે. (૧૮) શુક્લધ્યાનનો ચોથો પાયો અયોગીપણામાં વર્તતો હોવાથી તે સિવાયના ૧૫ ભેદ લાભે. (૧૯–૨૦–૨૧) આર્ત્ત, રૌદ્ર અને ધર્મધ્યાનના ચાર–ચાર ગણતાં બાર અને શુક્લનો પ્રથમ પાયો જ હોય. કુલ ૧૩. શુક્લધ્યાનનો બીજો, ત્રીજો અને ચોથો પાયો તો ક્ષીણમોહાદિ ગુણસ્થાને હોય છે, તેથી તે ત્રણ પાયા ન હોય.

| નંબર. | દ્વારનું નામ. | કયા? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૧૩ |
| ૨૨ | ક્રોધ | ૧૩ |
| ૨૩ | માન | ૧૩ |
| ૨૪ | માયા | ૧૩ |
| ૨૫ | લોભ | ૧૩ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧૪ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૪ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧૪ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬/૯ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૨ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૮ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૮ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૮ |
| ૩૪ | સામાયિક | ૫/૮ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૫/૮ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪/૭ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૪ |
| ૩૯ | દેશવિરતિ | ૮/૧૦ |
| ૪૦ | અવિરતિ | ૮/૯ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૪ |

## વિવેચન ચાલુ.

(૨૨) આર્ત્ત, રૌદ્ર અને ધર્મધ્યાનના ચાર-ચાર પાયા અને શુકૂલધ્યાનનો પહેલો પાયો હોય. ક્રોધ નવમા ગુણસ્થાનક સુધી હોય અને શુક્લધ્યાનનો બીજો પાયો બારમા ગુણઠાણે, ત્રીજો પાયો તેરમે ગુણસ્થાનકે અને ચોથો પાયો ચૌદમે ગુણસ્થાનકે હોય છે. (૨૩-૨૪-૨૫) ઉપર પ્રમાણે જાણવું. (૨૬) કેવળજ્ઞાનમાં થનારા છેલ્લા બે શુકૂલધ્યાનના પાયા સિવાય શેષ ૧૪ ધ્યાન હોય. મતિજ્ઞાન ચોથા ગુણઠાણાથી પ્રારંભી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. ચોથા તથા પાંચમા ગુણઠાણાવાળાને આર્ત્ત તથા રૌદ્રધ્યાન હોય છે. સાતમા ગુણઠાણે અપ્રમત્ત સંયમીને ધર્મધ્યાન હોય અને આઠમાંથી અગિયારમા સુધી શુકૂલનો પહેલો ભેદ હોય અને બારમે શુકૂલનો બીજો ભેદ હોય. (૨૭-૨૮) ઉપર પ્રમાણે જાણવું. (૨૯) અગ્રશોચ (નિદાન) સિવાયના આર્ત્તધ્યાનના ત્રણ પાયા, ધર્મધ્યાનના ચાર પાયા, અને શુકૂલધ્યાનના પ્રથમના બે પાયા મળી કુલ નવ પ્રકારનાં ધ્યાન હોય. મતાંતરે આર્ત્તધ્યાનના ત્રણ ભેદ ન ગણીએ તો છ હોય. (૩૦) શુકૂલધ્યાનના છેલ્લા બે પાયા હોય. શ્રી તત્વાર્થ સૂત્રના અધ્યાય ૯, સૂત્ર ૪૦ માં કહ્યું છે કે—પરે કેવલિનઃ। (૩૧) મિથ્યાદૃષ્ટિ હોવાથી તેને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનના ચાર-ચાર પાયા હોય. (૩૨-૩૩) મતિઅજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૪) અગ્રશોચ (નિદાન) સિવાયનાં આર્ત્તધ્યાનના ત્રણ પાયા, ધર્મધ્યાનના ચાર અને શુકૂલધ્યાનનો પહેલો પાયો હોય છે. શુકૂલધ્યાનનો પહેલો પાયો આઠમાથી અગિયારમા ગુણસ્થાનક સુધી હોય છે, અને સામાયિક ચારિત્ર પણ ૬ થી પ્રારંભી ૯ મા ગુણસ્થાન સુધી હોય છે. મતાંતરે આર્ત્તધ્યાનના ત્રણ ભેદ ન ગણીએ તો પાંચ. (૩૫) ઉપર પ્રમાણે જાણવું. (૩૬) અગ્રશોચ (નિદાન) સિવાયનાં આર્ત્તધ્યાનનાં ત્રણ પાયા અને ધર્મધ્યાનના ચાર મળી કુલ સાત ધ્યાન હોય. આ ચારિત્ર છઠ્ઠે અને સાતમે ગુણસ્થાનકે હોય છે તેથી શુકૂલધ્યાનના પાયા ન હોય. મતાંતરે આર્ત્ત ધ્યાનમાં ત્રણ ભેદ ન ગણીએ તો ચાર લાભે. (૩૭) શ્રેણીગત હોવાથી શુકૂલધ્યાનનો પ્રથમ પાયો હોય. આર્ત્તધ્યાનના ત્રણ પાયા પ્રમત્ત મુનિને હોય અને ધર્મધ્યાનના ચાર પાયા અપ્રમત્ત મુનિને હોય. પ્રમત્ત છઠ્ઠે અને અપ્રમત્ત સાતમે ગુણઠાણે હોય; જ્યારે સૂક્ષ્મસંપરાય તો દશમું ગુણસ્થાનક છે, તેથી શુકૂલધ્યાનનો પ્રથમ પાયો લાભે. (૩૮) શુકૂલધ્યાનમાં ચારે પાયા હોય, કારણ કે ૮ માથી ૧૧ મા ગુણસ્થાનક સુધી પહેલો પાયો, બારમે બીજો, તેરમે ગુણસ્થાનકે સૂક્ષ્મયોગ વખતે ત્રીજો પાયો અને ચૌદમે ગુણ-

| નંબર. | દ્વારનું નામ. | કયા ? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૪ |
| ૪૩ | અવધિદર્શન | ૧૪ |
| ૪૪ | કેવળદર્શન | ૨ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૮/૧૨ |
| ૪૬ | નીલલેશ્યા | ૮/૧૨ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૮/૧૨ |
| ૪૮ | તેજોલેશ્યા | ૧૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧૨ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧૫ |
| ૫૧ | ભવી | ૧૬ |
| ૫૨ | અભવી | ૮ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧૩ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૨ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૧૬ |
| ૫૬ | મિશ્રસમકિત | ૮ |
| ૫૭ | સાસ્વાદન | ૮ |
| ૫૮ | મિથ્યાત્વ | ૮ |
| ૫૯ | સંજ્ઞી | ૧૬/૧૪ |
| ૬૦ | અસંજ્ઞી | ૦ |
| ૬૧ | આહારી | ૧૫ |
| ૬૨ | અણાહારી | ૧ |

## વિવેચન ચાલુ.

સ્થાનકે ચોથો પાયો હોય છે. (૩૯) આર્ત્ત તથા રૌદ્રના ચાર-ચાર પાયા જાણવા. ધર્મધ્યાન તો મધ્યમ હોય છે, ધ્યાન તરીકે ધર્મ-ધ્યાન ન હોય; કારણ કે એકાગ્રપણે ચિંતાનો રોધ કરવો તેને ધ્યાન કહેલ છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રના અધ્યાય ૯, સૂત્ર ૨૭ માં કહ્યું છે કે- " उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् । " મતાંતરે ધર્મધ્યાનના બે ભેદ ગણતાં દશ. (૪૦) આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનના ચાર-ચાર પાયા જાણવા. ધર્મધ્યાનનો પહેલો ભેદ ગણતાં, મતાંતરે નવ લાભે. (૪૧-૪૨) શુક્લધ્યાનના છેલ્લા બે ભેદ ન હોય, કારણ કે શુક્લ-ધ્યાનને બીજે પાયે કેવળદર્શન થાય છે. (૪૩) અવધિજ્ઞાનની માફક જાણવું. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫) આર્ત્ત તથા રૌદ્રના ચાર-ચાર પાયા હોય. આ લેશ્યા છઠ્ઠા ગુણસ્થાનક સુધી હોય છે અને ધર્મધ્યાન છઠ્ઠે સાતમે ગુણઠાણે થતું હોવાથી મતાંતરે બાર ભેદ પણ લાભે. (૪૬-૪૭) ઉપર પ્રમાણે. (૪૮) શુક્લધ્યાનના ચાર પાયા સિવાયનાં શેષ બાર ધ્યાન હોય. આ લેશ્યા સાતમા ગુણસ્થા-નક સુધી હોય છે. સાતમું ગુણસ્થાનક અપ્રમત્ત મુનિને હોય છે અને અપ્રમત્ત મુનિને ધર્મધ્યાનનાં ચાર પાયા હોય છે. (૪૯) ઉપર પ્રમાણે. (૫૦) શુક્લધ્યાનના છેલ્લા પાયા સિવાયના શેષ પંદર ધ્યાન હોય. શુક્લલેશ્યાવાળાને પહેલેથી તેર ગુણસ્થાનક હોય છે, જ્યારે શુક્લ-ધ્યાનનો ચોથો પાયો તો ચૌદમે ગુણસ્થાનકે હોય છે. (૫૧) પૂરે-પૂરા હોય. (૫૨) આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનના ચાર-ચાર પાયા હોય. (૫૩) આર્ત્ત, રૌદ્ર તથા ધર્મના ચાર-ચાર પાયા. શુક્લધ્યાનનો પ્રથમ પાયો મળી કુલ ૧૩ ધ્યાન હોય. શુક્લધ્યાનના છેલ્લા ત્રણ પાયા તો ક્ષીણમોહાદિ બારમે, તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે હોય છે. (૫૪) શુક્લધ્યાનના ચાર પાયા ન હોય. આ સમકિત ચારથી સાતમા ગુણસ્થાનક સુધી હોય છે; જ્યારે શુક્લધ્યાન તો આઠમા ગુણસ્થાનકથી થાય છે. (૫૫) પૂરેપૂરા હોય. કેવળીભગવંત ક્ષાયિક સમકિતી હોય છે અને તેમને શુક્લધ્યાનના ચારે પાયા હોય છે. (૫૬-૫૭-૫૮) આર્ત્ત તથા રૌદ્રના ચાર-ચાર પાયા હોય. (૫૯) પૂરેપૂરા હોય. કેવળજ્ઞાન પામ્યા પછી દ્રવ્ય મન થતું નથી, એટલે શુક્લધ્યાનના છેલ્લા બે ભેદ ન ગણતાં ચૌદ લાભે. (૬૦) ધ્યાન મનવાળાને હોય અને અસંજ્ઞી તો મનરહિત હોય છે, માટે એક પણ ધ્યાન ન હોય. (૬૧) અયોગી ગુણસ્થાનવર્તી શુક્લધ્યાનના ચોથા પાયા સિવાયના સર્વ ધ્યાન હોય. (૬૨) અયોગીપણાને પ્રસંગે શુક્લધ્યાનનો ચોથો પાયો હોય.

## ૨૫. જીવસ્થાનદ્વાર

### પરિચય.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૩ |
| ૩ | તિર્યંચગતિ | ૧૪ |
| ૪ | નરકગતિ | ૨ |
| ૫ | એકેન્દ્રિય | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ |
| ૧૧ | અપ્કાય | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ |
| ૧૩ | વાઉકાય | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૧૦ |
| ૧૬ | મનયોગ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૫ |
| ૧૮ | કાયયોગ | ૧૪ |
| ૧૯ | પુરુષવેદ | ૨/૪ |
| ૨૦ | સ્રીવેદ | ૨/૪ |

ઔપશમિક, ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોવડે યુક્ત જે દ્રવ્ય તે જીવ કહેવાય છે. એટલે આ ભાવોમાંથી બે, ત્રણ, ચાર કે પાંચ ભાવો જેની અંદર હોય છે તે જીવ કે આત્મા કહેવાય છે. જુઓ પંચસંગ્રહ બીજું બંધનદ્વાર, ગાથા બીજીની ટીકા. તથા તત્ત્વાર્થ સૂત્ર, દ્વિતીય અધ્યાય.

સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય–આ સાત પર્યાપ્તા ને અપર્યાપ્તા ગણતા ચોદ જીવસ્થાન થાય છે. જેને મન હોય તે સંજ્ઞી અને મન વિનાના તે અસંજ્ઞી જાણવા. સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે તે પર્યાપ્તા જીવ અને કર્યા સિવાય મરણ પામે તે અપર્યાપ્તા જાણવા. પર્યાપ્તિનું વર્ણન બાવીશમા દ્વારમાં આવી ગયું છે અને એકેન્દ્રિયાદિ જીવનું સ્વરૂપ પ્રથમ જીવભેદ દ્વારમાં વર્ણવાઈ ગયું છે, એટલે અહીં પુનરુક્તિ કરેલ નથી.

卐

### વિવેચન.

(૧) સંજ્ઞી પર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા. તે લબ્ધિ અપર્યાપ્તા તો હોય જ નહિ, કરણ અપર્યાપ્તા હોય. (૨) સંજ્ઞી (ગર્ભજ) પર્યાપ્તા, સંજ્ઞી (ગર્ભજ) અપર્યાપ્તા તથા અસંજ્ઞી (સંમૂર્ચ્છિમ) અપર્યાપ્તા. સંમૂર્ચ્છિમ અપર્યાપ્તાવસ્થામાં મૃત્યુ પામે છે. (૩) સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય–આ સાત પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૪) સંજ્ઞી પર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા. દેવની માફક કરણ અપર્યાપ્તા હોય; લબ્ધિ અપર્યાપ્તા ન હોય. (૫) સૂક્ષ્મ એકેન્દ્રિય તથા બાદર એકેન્દ્રિય પર્યાપ્તા ને અપર્યાપ્તા. (૬–૭–૮) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય પર્યાપ્તા તથા અપર્યાપ્તા. (૯) સંજ્ઞી અને અસંજ્ઞી પર્યાપ્તા ને અપર્યાપ્તા. (૧૦–૧૧–૧૨–૧૩–૧૪) એકેન્દ્રિય પ્રમાણે. (૧૫) એકેન્દ્રિયના ચાર ભેદ સિવાયના શેષ દશ હોય. (૧૬) સંજ્ઞી પર્યાપ્તા જ હોય. (૧૭) બેઇન્દ્રિય પર્યાપ્તા, તેઇન્દ્રિયપર્યાપ્તા, ચઉરિન્દ્રિય પર્યાપ્તા, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા. (૧૮) પૂરેપૂરા હોય. (૧૯) સંજ્ઞીપર્યાપ્તા તથા અપર્યાપ્તા. એક અભિપ્રાય એ છે કે–અસંજ્ઞી

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૨૧ | નપુંસકવેદ | ૧૪ |
| ૨૨ | ક્રોધ | ૧૪ |
| ૨૩ | માન | ૧૪ |
| ૨૪ | માયા | ૧૪ |
| ૨૫ | લોભ | ૧૪ |
| ૨૬ | મતિજ્ઞાન | ૨/૭ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૨/૭ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૨ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧૪ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૪ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨ |
| ૩૪ | સામાયિક | ૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૧૪ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩/૬ |

## વિવેચન ચાલુ.

પંચેન્દ્રિય તિર્યંચ જીવો આકારથી પુરુષ-સ્ત્રી-નપુંસક આકારના હોય છે, તેથી પુરુષવેદમાં પણ સંજ્ઞી પર્યાપ્તો, સંજ્ઞી અપર્યાપ્તો, અસંજ્ઞી પર્યાપ્તો, અસંજ્ઞી અપર્યાપ્તો એમ ચાર ભેદ લાભે. જુઓ કર્મગ્રન્થ ૪, ગાથા ૧૮. (૨૦) ઉપર પ્રમાણે. (૨૧-૨૨-૨૩-૨૪-૨૫) પૂરેપૂરા હોય. (૨૬-૨૭) કર્મગ્રન્થકારના મતે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા સમજવા. સિદ્ધાન્તકારના મતે બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત. આ સાત કરણ અપર્યાપ્ત સમજવા. આ સાત સ્થાનમાં મતિજ્ઞાન બતાવ્યું છે. તેનો અભિપ્રાય એ છે કે-કોઇ ઉપશમ સમકિતે વર્તતો જીવ કાળ કરી આ સાત જીવભેદમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં વધુમાં ૬ આવલિકા સુધી સાસ્વાદન સમકિતી હોય છે, તેથી મતિજ્ઞાન માન્યું છે. (૨૮) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૨૯-૩૦) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા. (૩૧-૩૨) પૂરેપૂરા હોય. (૩૩) સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮-૩૯) સંજ્ઞી પર્યાપ્તા. (૪૦) પૂરેપૂરા હોય. (૪૧) ચતુરિન્દ્રિય પર્યાપ્તા, સંજ્ઞી પર્યાપ્તા અને અસંજ્ઞી પર્યાપ્તા-આ ત્રણેને અપર્યાપ્તાવસ્થામાં પણ ચક્ષુ હોય તેથી છ ગણી શકાય. જુઓ કર્મગ્રન્થ ચોથો, ગાથા ૧૭. (૪૨) પૂરેપૂરા હોય. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫-૪૬-૪૭) પૂરેપૂરા હોય. (૪૮) બાદર એકેન્દ્રિય કરણ અપર્યાપ્તા, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ને અપર્યાપ્તા. અહીંયા કેઇ તેજોલેશ્યાએ વર્તતો દેવ કાલ કરી બાદર પર્યાપ્તા પૃથ્વી, અપ્, વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં તેજોલેશ્યા હોય તે અભિપ્રાયે બાદર એકેન્દ્રિય કરણ અપર્યાપ્ત ગ્રહણ કર્યો છે. (૪૯-૫૦) સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૫૧-૫૨) પૂરેપૂરા હોય. (૫૩) સંજ્ઞી પર્યાપ્ત. લોકાન્તિક તથા અનુત્તર વિમાનવાસી દેવોને ઉપશમ સમકિત નથી માન્યું કારણ કે અનાદિ મિથ્યાત્વનો ત્યાગ કરવા માટે ઉપશમશ્રેણી પ્રારંભીને ઉપશમ સમકિત પ્રાપ્ત કરવું જોઇએ. આ બંને પ્રકારના દેવોને તેવું કારણ નથી. મતાંતરે જે કહેલ છે તેનું કારણ એ છે કે-ઉપશમશ્રેણીથી કાળ કરીને ઉપશમ સમકિત સહિત અનુત્તર દેવ થાય એમ માનીએ તો સંજ્ઞી અપર્યાપ્ત, જુઓ કર્મગ્રન્થ ચોથો, ગાથા ૧૪. (૫૪) સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૫૫) અહીંયા સમકિતના સંબંધમાં જ્યાં સંજ્ઞી પંચે-

| નંબર | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૪ |
| ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણુલેશ્યા | ૧૪ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૪ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૪ |
| ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૫૦ | શુકૂલલેશ્યા | ૨ |
| ૫૧ | ભવી | ૧૪ |
| ૫૨ | અભવી | ૧૪ |
| ૫૩ | ઉપશમ સમકિત | ૧/૨ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨ |
| ૫૫ | ક્ષાયિક સમકિત | ૨ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૫૭ | સાસ્વાદન | ૭ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧૪ |
| ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૨ |
| ૬૧ | આહારી | ૧૪ |
| ૬૨ | અણાહારી | ૮ |

## વિવેચન ચાલુ.

ન્દ્રિય અપર્યાપ્તો ગ્રહણ કર્યો છે તે કરણઅપર્યાપ્તો સમજવો. (૫૬) સંજ્ઞી પર્યાપ્તા. (૫૭) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા, સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા. દરેક કરણ અપર્યાપ્ત લેવા. (૫૮) પૂરેપૂરા હોય. (૫૯) સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા. (૬૦) સંજ્ઞીના બે ભેદ સિવાયના શેષ બાર ભેદ હોય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) એકેન્દ્રિય સૂક્ષ્મ તથા બાદર અપર્યાપ્ત, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા, સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા. કેવલી ભગવંત સમુદ્‌ઘાત કરે ત્યારે ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કાર્મણ કાયયોગે વર્તતા અનાહારી હોય તે અભિપ્રાયે સંજ્ઞી પર્યાપ્તો જીવભેદ અનાહારી માર્ગણાએ ગણાય. જુઓ કર્મગ્રન્થ ચોથો, ગાથા ૧૮.

卐


# સુભાષિત પદ્ય રત્નાકર

### ભા. ૨-૩-૪

### રચયિતા મુનિરાજ વિશાલવિજયજી

દરેક ભાગની કિંમત રૂા. ૧-૪-૦

ચાલુ જમાનાને અનુસરતા સેંકડો ગમે ધાર્મિક-વ્યવહારિક વિષયોથી ભરપૂર અલભ્ય ગ્રંથ છે. દરેક ભાગો જુદા જુદા છે. એક બીજા સાથે ખાસ અનુસંધાન નથી. પ્રથમ તથા પાંચમો ભાગ ખલાસ છે. આ ભાગો પણ થોડા સમય પછી મળી શકશે નહિ માટે આપનાં સંગ્રહમાં જલ્દી વસાવો.

લખો:-સેક્રેટરી

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**

(કાઠીયાવાડ) ભાવનગર

## २६. ચતુઃસંજ્ઞાદ્વાર

### પરિચય

भूतभवद्भाविभावस्वभावपर्यालोचनं सा विद्यते येषां ते संज्ञिनः विशिष्टस्मरणादिमनोविज्ञानभाज इत्यर्थः। अथवा–संज्ञायते–सम्यक्परिच्छिद्यते पूर्वोपलब्धो वर्तमानो भावी च पदार्थो यथा सा संज्ञा।

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ–એ ચાર સંજ્ઞા છે.

જ્ઞાનરૂપ અને અનુભવરૂપ એમ બે પ્રકારની સંજ્ઞા છે.

પહેલી જ્ઞાનરૂપ–એ પાંચ પ્રકારના જ્ઞાનરૂપ છે. બીજી અનુભવરૂપ–એ અસાતાવેદનીય આદિ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલી છે અને આહાર વિગેરે ભિન્ન ભિન્નરૂપે પરિણમવાને લીધે એના ચાર પ્રકાર થાય છે. સ્થાનાંગ સૂત્ર ઉદ્દેશ ૪, સૂત્ર ૩૫૬, આગમોદય સમિતિ ભાગ ૧, પત્ર ૨૭૭માં કહ્યું છે કે–આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા એમ પ્રાણી માત્રને ચાર સંજ્ઞાઓ છે.

ક્ષુધા લાગવાથી જીવને આહારની અભિલાષા થાય એ આહારસંજ્ઞા. શેષ સંજ્ઞાઓ મોહનીયકર્મને લઇને થાય છે. ત્રાસરૂપ ભયનો અનુભવ થાય એ ભયસંજ્ઞા, વેદોદયને લીધે પ્રાણીઓ માત્રને સ્વાભાવિક એવો જે હવસ તેને લઇને મૈથુનની ઇચ્છા થાય એ મૈથુનસંજ્ઞા. લોભના ઉદયથી ઉત્પન્ન થાય એ પરિગ્રહસંજ્ઞા. આ સંજ્ઞા એકેન્દ્રિય પ્રાણીઓમાં ઉપલોગરહિતપણે અપ્રગટરૂપે હોય છે. શ્રી ભગવતી સૂત્ર સાતમા શતકના આઠમા ઉદ્દેશામાં સૂત્ર ૨૯૬, આગમોદય સમિતિવાળું પત્ર ૩૧૪. સર્વ જીવોને આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ એમ દશ સંજ્ઞાઓ કહેલી છે.

સંજ્ઞા એકેન્દ્રિય જીવોમાં પણ હોય છે, એમ વૃક્ષોના દૃષ્ટાન્ત આપીને સિદ્ધ કર્યું છે. (૧) આ પ્રમાણે વૃક્ષોને જલાહાર છે. (૨) વૃક્ષોને ભય હોય છે, કેમકે એઓ પણ સંકોચ પામે છે, એ ભય વિના હોય નહિ. (૩) લતાઓ, વેલાઓ તંતુઓવડે વૃક્ષોને વીંટી વળે છે, એ પરિગ્રહસંજ્ઞા નહિ તો બીજું શું? (૪) વળી સ્ત્રી આલિંગન દે છે એટલે કુરબક વૃક્ષ ફળે છે. એટલે વૃક્ષમાં મૈથુનસંજ્ઞા પણ પ્રસિધ્ધ થાય છે. (૫) કોકનદ એટલે રક્ત જલકમળ હુંકાર શબ્દ કરે છે. એનામાં ક્રોધસંજ્ઞા છે એમ પૂરવાર કરે છે. (૬) રૂદંતી નામની વેલી ઝરે છે. એ માન સૂચવે છે. (૭) લતાઓ પોતાના ફળ ઢાંકી રાખે છે, એ માયા. (૮) પૃથ્વીમાં કોઇ સ્થળે નિધિ હોય છે એની ઉપર બિલપલાશ વૃક્ષ પોતાનાં મૂળ ઘાલે છે એ એનામાં લોભ પ્રકૃતિ છે એમ દેખાડી આપે છે. (૯) રાત્રિ પડે છે ત્યારે બધા કમલ પુષ્પો સંકોચાઇ જાય છે. એનું કારણ લોકસંજ્ઞાનો સદ્ભાવ અને (૧૦) વેલાઓ માર્ગ શોધતાં વૃક્ષ પર ચઢે છે એ એમનામાં ઓઘસંજ્ઞા પૂરવાર કરે છે

સંજ્ઞા માટે પન્નવણા સૂત્ર આઠમું પદ, તથા આચારાંગ સૂત્ર પ્રથમ ઉદ્દેશો વાંચવા. આ પછીના સત્તાવીશમા દ્વારમાં જણાવાતી દીર્ઘકાલિકી વિગેરે સંજ્ઞા આથી ભિન્ન જાણવી.

卐

## ૨૬. ચતુઃસંજ્ઞાદ્વાર

| નંબર. | દ્વારનું નામ | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૪ | ૨૧ | નપુંસકવેદ | ૪ | ૪૨ | અચક્ષુદર્શન | ૪ |
| ૨ | મનુષ્યગતિ | ૪ | ૨૨ | ક્રોધ | ૪ | ૪૩ | અવધિદર્શન | ૪ |
| ૩ | તિર્યંચગતિ | ૪ | ૨૩ | માન | ૪ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૪ | ૨૪ | માયા | ૪ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૪ | ૨૫ | લોભ | ૪ | ૪૬ | નીલલેશ્યા | ૪ |
| | | | ૨૬ | મતિજ્ઞાન | ૪ | ૪૭ | કાપોતલેશ્યા | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૪ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪ | ૪૮ | તેજોલેશ્યા | ૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૪ | ૨૮ | અવધિજ્ઞાન | ૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૪ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૪ | ૫૦ | શુક્લલેશ્યા | ૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૩૧ | મતિઅજ્ઞાન | ૪ | ૫૨ | અભવી | ૪ |
| ૧૧ | અપ્કાય | ૪ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪ | ૫૩ | ઉપશમસમકિત | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ | ૩૩ | વિભંગજ્ઞાન | ૪ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪ |
| ૧૩ | વાઉકાય | ૪ | ૩૪ | સામાયિક | ૪ | ૫૫ | ક્ષાયકસમકિત | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૪ | ૫૬ | મિશ્રસમકિત | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૪ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪ | ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૧૬ | મનયોગ | ૪ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૪ |
| ૧૭ | વચનયોગ | ૪ | ૩૮ | યથાખ્યાત | ૧ | ૫૯ | સંજ્ઞી | ૪ |
| ૧૮ | કાયયોગ | ૪ | ૩૯ | દેશવિરતિ | ૪ | ૬૦ | અસંજ્ઞી | ૪ |
| ૧૯ | પુરુષવેદ | ૪ | ૪૦ | અવિરતિ | ૪ | ૬૧ | આહારી | ૪ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪ | ૪૧ | ચક્ષુદર્શન | ૪ | ૬૨ | અણાહારી | ૩ |

વિવેચન--(૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯) આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ-એ ચારે સંજ્ઞા હોય. (૩૦) અશાતાવેદનીય કર્મના ઉદયવાળી ફક્ત એક આહાર સંજ્ઞા હોય. મોહનીય કર્મનો ઉદય ન હોવાથી ભય, મૈથુન અને પરિગ્રહ એ ત્રણે સંજ્ઞા ન હોય. (૩૧-૩૨-૩૩-૩૪-૩૫-૩૬) બધી હોય. (૩૭) આહાર અને પરિગ્રહ એ બે સંજ્ઞા હોય. (૩૮) આહારસંજ્ઞા હોય. (૩૯-૪૦-૪૧-૪૨-૪૩) બધી હોય. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫-૪૬-૪૭-૪૮-૪૯-૫૦-૫૧-૫૨-૫૩-૫૪-૫૫-૫૬-૫૭-૫૮-૫૯-૬૦-૬૧) બધી હોય. (૬૨) અણાહારી શબ્દ આહાર સંજ્ઞાનો નિષેધ દર્શાવે છે, એટલે બાકીની ત્રણ વિગ્રહ ગતિમાં લાભે.

卐

## ૨૭. ત્રિસંજ્ઞાદ્વાર

### પરિચય

જીવની ચેતના જેથી જાણી શકાય તે સંજ્ઞા. **संज्ञायते अनयाऽयं जीव इति संज्ञा**-પન્નવણા સૂત્ર આઠમું સંજ્ઞાપદ.

દીર્ઘકાલિકી, હેતુવાદોપશિકી અને દૃષ્ટિવાદોપદેશિકી એ ત્રણ પ્રકારની સંજ્ઞા છે.

શું થઈ ગયું અને શું થશે ? શું કરવું ? એ પ્રમાણે અતિ લાંબા ભૂત અને ભવિષ્યકાળ સંબંધી જેવડે ચિન્તવન થાય તેને દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવામાં આવે છે. જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથકી મનોલબ્ધિ યુકત તે કાલિકી સંજ્ઞાવાળો જીવ છે ને તે મનોયોગ્ય અનન્તા સ્કંધો ગ્રહણ કરીને (તેમને મનપણે પરિણમાવીને ચિન્તનીય વસ્તુનું) ચિન્તવન કરે છે. તેને જ સંજ્ઞા કહેવાય છે આ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા ગર્ભજ તિર્યંચ તથા મનુષ્ય, દેવ અને નારકી હોય છે. જુઓ, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત અને મલધારી હેમચન્દ્રસૂરિ વૃત્તિ સહિત વિશેષ આવશ્યક સૂત્ર ગાથા ૫૦૮-૫૦૯.

પોતાના શરીરના પાલન માટે વિચારીને ઈષ્ટાનિષ્ટ વિષયમાં પ્રાયઃ સાંપ્રત કાલે જ (અતીત અનાગતાવલમ્બી હોય, પણ અતિ દીર્ઘકાલકી નહી) પ્રવર્તે અને નિવર્તે તે (બેઇન્દ્રિયાદિ) જીવો હેતુવાદોપદેશક સંજ્ઞાથી સંજ્ઞી છે, અને (પૃથ્વી આદિ) નિશ્ચેષ્ટ તે હેતુવાદ સંજ્ઞાની અપેક્ષાએ અસંજ્ઞી છે. જુઓ વિશેષાવશ્યક સૂત્ર ગાથા ૫૧૫-૫૧૬.

દૃષ્ટિવાદોપદેશ સંજ્ઞાવડે ક્ષાયોપશમિક જ્ઞાનમાં વર્તનાર સમ્યગ્દૃષ્ટિ (વિશિષ્ટ સંજ્ઞાયુક્ત હોવાથી) સંજ્ઞી છે અને મિથ્યાદૃષ્ટિ તે (વિપરીતપણાથી) અસંજ્ઞી છે. વિશેષાવશ્યક ગાથા ૫૧૭.

પહેલી દીર્ઘકાલિકી, પછી હેતૂપદેશિકી, પછી દૃષ્ટિવાદોપદેશિકી, અનુક્રમે બતાવેલ છે તે માટે નંદીસૂત્ર, સૂત્ર ૩૯ માં જુઓ. વિશેષ માટે નંદીસૂત્ર, વિશેષાવશ્યક સૂત્ર તથા દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩, દ્વાર ૨૧ માં જુઓ.

## ૨૭. ત્રિસંજ્ઞાદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૨ | ૨૧ | નપુંસકવેદ | ૩ | ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૨ | ૨૨ | ક્રોધ | ૩ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચ | ૩ | ૨૩ | માન | ૩ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૨ | ૨૪ | માયા | ૩ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૩ | ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૨/૩ | ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨/૩ | ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨ | ૫૦ | શુક્લલેશ્યા | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૩ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨ | ૫૨ | અભવી | ૨ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ | ૫૩ | ઉપશમસમકિત | ૨ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૨ | ૫૫ | ક્ષાયિક સમકિત | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૩ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૨ | ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૧૬ | મનયોગ | ૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ | ૫૭ | સાસ્વાદન | ૧/૨ |
| ૧૭ | વચનયોગ | ૩ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૩ | ૩૮ | યથાખ્યાત | ૨ | ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૨૦ | સ્રીવેદ | ૨ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૩ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૬૨ | અણાહારી | ૦ |

**વિવેચન**—(૧) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી એ બે સંજ્ઞા હોય. ક્ષયોપશમથી દેવોમાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોય, પરંતુ દંડકમાં નથી ગણાવી તેનું કારણ એ છે કે-વિશિષ્ટ શ્રુતજ્ઞાના ક્ષયોપશમનો અભાવ હોવાથી ગણેલ નથી. (૨) ઉપર પ્રમાણે બે સંજ્ઞા હોય. સંમૂર્ચ્છિમ મનુષ્યને હેતૂપદેશિકી સંજ્ઞા હોય. જુઓ વિશેષ આવશ્યક ગાથા ૫૨૩-૨૪ તથા દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૭ તેમજ મહેસાણામાં છપાયેલ દંડક પ્રકરણ. (૩) ત્રણે હોય. વિકલેન્દ્રિયને હેતુપદેશિકી હોય. મિથ્યાદૃષ્ટિ તિર્યંચોને દીર્ઘકાલિકી, સમકિતદૃષ્ટિને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોય. કારણ કે વિશેષ આવશ્યક અને દ્રવ્ય લોકપ્રકાશમાં છદ્મસ્થ સમકિતદૃષ્ટિ જીવોને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહી છે. (૪) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી એ બે સંજ્ઞા હોય. (૫) એક પણ સંજ્ઞા ન હોય. (૬-૭-૮) હેતૂપદેશિકી સંજ્ઞા હોય. (૯) ત્રણે હોય. હેતૂપદેશિકી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયોને, દીર્ઘકાલિકી સંજ્ઞી પંચેન્દ્રિયોને અને દૃષ્ટિવાદિકી સમ્યગ્દૃષ્ટિ સર્વ પંચેન્દ્રિયને હોય. (૧૦-૧૧-૧૨-૧૩-૧૪) એક પણ સંજ્ઞા ન હોય. (૧૫) વિકલેન્દ્રિયને હેતૂપદેશિકી, મનવાળાને દીર્ઘકાલિકી અને સમકિતીને દૃષ્ટિવાદોપદેશિકી હોય છે. (૧૬) હેતૂપદેશિકી દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોને હોવાથી મનોયોગીને બે જ હોય. (૧૭-૧૮) ત્રણે સંજ્ઞા હોય. વિકલેન્દ્રિય હોય માટે. (૧૯-૨૦) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી. (૨૧) ત્રણે હોય. વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી પંચેન્દ્રિયને હેતૂપદેશિકી, સંજ્ઞી નપુંસકને-ગર્ભજપંચેન્દ્રિયને દીર્ઘકાલિકી અને સમ્યગ્દૃષ્ટિ નપુંસકને દૃષ્ટિવાદોપદેશિકી અને દીર્ઘકાલિકી બંને હોય-એવી રીતે અનેક જીવોની અપેક્ષાએ ત્રણ હોય. (૨૨-૨૩-૨૪-૨૫) ત્રણે હોય. (૨૬-૨૭) કર્મગ્રંથને અનુસારે બે. સિદ્ધાન્તકારના મતે ત્રણ. દંડક પ્રકરણ ગાથા ૨૦ માં કહ્યું છે કે-વિકલેન્દ્રિયને મતિ અને શ્રુત બે જ્ઞાન કહ્યા છે, તે અભિપ્રાયે મતિજ્ઞાન માર્ગણામાં સંજ્ઞાની અપેક્ષાએ બે સંજ્ઞા અને વિકલેન્દ્રિયમાં મતિજ્ઞાન ગણેલ હોવાથી ત્રણ સંજ્ઞા પણ લાભે. (૨૮-૨૯) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી. (૩૦) સંજ્ઞા રહિત છે, જુઓ વિશેષ આવશ્યક ગાથા ૫૨૪. मइवावारविमुक्ता सण्णा ता ना तु केवलिणो । દીર્ઘકાલિકી અને હેતૂપદેશિકી સંજ્ઞા હોય. મતિઅજ્ઞાન સર્વ મિથ્યાદૃષ્ટિને હોય માટે. (૩૨-૩૩) દીર્ઘકાલિકી અને હેતોપદેશકી સંજ્ઞા. (૩૪-૩૫-૩૬-૩૭) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી સંજ્ઞા. (૩૮) બંને હોય. છદ્મસ્થ યથાખ્યાતને બંને સંજ્ઞા હોય પણ કેવલી યથાખ્યાત સંજ્ઞા રહિત. (૩૯) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદીકી બે હોય. (૪૦) ત્રણ સંજ્ઞા હોય. વિકલેન્દ્રિય તથા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રયને હેતુવાદોપદેશિકી સંજ્ઞા અને ચારે ગતિના મિથ્યાત્વીને દીર્ઘકાલિકી સંજ્ઞા, સમકિતદૃષ્ટિ જીવોને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોય. (૪૧-૪૨) ત્રણે હોય. (૪૩) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદિકી. (૪૪) સંજ્ઞા રહિત કેવળજ્ઞાનવત્. (૪૫-૪૬-૪૭) ત્રણે હોય. (૪૮-૪૯-૫૦) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી. (૫૧) ત્રણે હોય. (૫૨) દીર્ઘકાલિકી અને હેતૂપદેશિકી હોય. સમકિતનો અભાવ હોવાથી દૃષ્ટિવાદોપદેશિકી ન હોય. (૫૩-૫૪-૫૫) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી હોય. (૫૬) દીર્ઘકાલિકી હોય. (૫૭) દીર્ઘકાલિકી અને વિકલેન્દ્રિયને સાસ્વાદન ગુણસ્થાન હોવાથી હેતૂપદેશિકી સંજ્ઞા હોય. (૫૮) હેતુપદેશિકી અને દીર્ઘકાલિકી. (૫૯) દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકી હોય. (૬૦) હેતૂપદેશિકી હોય. (૬૧) ત્રણે હોય. (૬૨) એકકે ન હોય.



## ૨૮. સંમુદ્દ્ઘાતદ્વાર

### પરિચય

જીવ સમુદ્દ્ઘાત અને અજીવ સમુદ્ઘાત—એમ બે પ્રકારના સમુદ્દ્ઘાત છે. કેવળી સમુદ્ઘાતની રીત પ્રમાણે અનંત પરમાણુનો બનેલો અનંતપ્રદેશી સ્કંધ તથાવિધ વિશ્રસા પરિણામવડે ( સ્વાભાવિક રીતે જ ) ચાર સમયમાં સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઇ પુન: બીજા ચાર સમયમાં અનુક્રમે સંહરાઈ મૂળ અવસ્થાવાળો એટલે અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણનો થઇ જાય છે—આ અજીવ સમુદ્દ્ઘાત ગણાય.

**સમ્**-એકી સાથે, **ઉત્**-જોરથી, **ઘાત**-કર્મોનો નાશ જે પ્રયત્નથી થાય તે સમુદ્દ્ઘાત અર્થાત્ બળાત્કારે આત્મપ્રદેશ એકાએક બહાર કાઢી, વધારે પડતાં જૂનાં કર્મોની ઉદીરણા કરી-ભોગવી તેનો નાશ કરવાનો પ્રયત્ન સમુદ્દ્ઘાત કહેવાય છે, તે સાત પ્રકારના છે, તે નીચે પ્રમાણે-

**૧ વેદના સમુદ્દ્ઘાત**—(અશાતાવેદનીયની) તીવ્ર વેદનાવડે વ્યાકુળ થયેલ આત્મા જે પ્રસંગે પોતાના કેટલાક આત્મપ્રદેશો બહાર કાઢી, ઉદર વિગેરેના પોલાણ ભાગો પૂરી તથા ખભા વિગેરેના આંતરા પૂરી, શરીરની ઊંચાઈ અને જાડાઇ જેટલો એક સરખો દંડાકારે થાય છે, અને તે વખતે પ્રબળ ઉદીરણાકરણવડે અશાતાવેદનીય કર્મના ઘણા કર્મપ્રદેશો ઉદયાવલિકામાં નાંખી, ઉદયમાં આણી, વિનાશ કરીને અશાતાવેદનીય નવા કર્મ ન બાંધે.

**૨ કષાય સમુદ્દ્ઘાત**—કષાયવડે વ્યાકુળ થયેલ આત્મા (વેદના સમુદ્દ્ઘાતમાં કહ્યા પ્રમાણે) જે વખતે દંડાકારે થઇ, પ્રબળ ઉદીરણાવડે કષાય મોહનીય કર્મના ઘણાં કર્મ પુદ્ગલો ઉદયાવલિકામાં નાંખી, ઉદયમાં લાવી વિનાશ કરે છે અને નવા ઘણા કર્મપ્રદેશો બાંધે છે તે કષાય સમુદ્દ્ઘાત.

**૩ મરણ સમુદ્દ્ઘાત**--મરણાન્ત સમયે વ્યાકુળ થયેલો આત્મા મરણથી અંતર્મુહૂર્ત પહેલાં પોતાના કેટલાક આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢી, જ્યાં ઉત્પન્ન થવાનો છે તે સ્થાન સુધી સ્વદેહપ્રમાણ જાડા દંડના આકારે, જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજન સુધી લંબાવી, અંતર્મુહૂર્ત સુધી તેવી જ અવસ્થાએ રહી મરણ પામે છે. આ પ્રકારની દંડાવસ્થામાં આયુષ્યકર્મના ઘણા પુદ્ગલોને પ્રથમ ઉદીરણાવડે ઉદયાવલિકામાં દાખલ કરી, ઉદયમાં લાવી ખપાવે છે. અહીં આ સ્થિતિમાં નવીન કર્મ ગ્રહણ થતું નથી. કેટલાક જીવો પહેલી વાર મરણસમુદ્દ્ઘાત કરી પુનઃ શરીરમાં પ્રવેશ કરે છે અને બીજી વાર મરણસમુદ્ઘાત પામે છે. જુઓ ભગવતીસૂત્ર, શતક ૬, ઉદ્દેશ ૬, સૂત્ર ૨૪૫.

**૪ વૈક્રિય સમુદ્દ્ઘાત**—વૈક્રિય લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વશરીરપ્રમાણ જાડો આત્માનો દંડાકાર રચી પૂર્વોપાર્જિત વૈક્રિય શરીર નામકર્મના ઘણા પ્રદેશોને ઉદીરણાવડે ઉદયમાં લાવી, વિનાશ કરવા સાથે રચવા ધારેલા વૈક્રિય શરીર યોગ્ય વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરી વૈક્રિય શરીર બનાવે છે તે વૈક્રય સમુદ્દ્ઘાત.

**૫ તૈજસ સમુદ્દ્ઘાત**—તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર

બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહપ્રમાણ જાડો દંડાકાર રચી, પૂર્વોપાર્જિત તૈજસ નામકર્મના પ્રદેશોને પ્રબળ ઉદીરણાવડે ઉદયમાં લાવી, નિર્જરવા સાથે તૈજસ પુદ્‌ગલોને ગ્રહણ કરી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકે છે તે પ્રસંગે આ સમુદ્‌ઘાત હોય છે.

૬ **આહાર સમુદ્‌ઘાત**—આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિ મહાત્મા શ્રી જિનેશ્વરના સમવસરણાદિ ઋદ્ધિ, દર્શન અથવા શ્રુતજ્ઞાનમાં ઉપજેલ સૂક્ષ્મ સંદેહનું નિવારણ વિગેરે કારણોથી પોતાના આત્મપ્રદેશો બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહપ્રમાણ સ્થૂળ દંડાકાર રચી, પૂર્વોપાર્જિત આહારકનામકર્મના પુદ્‌ગલો પ્રબળ ઉદીરણાવડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે આહારક શરીર યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી આહારક શરીર બનાવવાના પ્રસંગે આ સમુદ્‌ઘાત કરે છે.

૭ **કેવળી સમુદ્‌ઘાત**—જે કેવળી ભગવંતને નામ, ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ જો પોતાના આયુષ્ય કર્મની સ્થિતિથી અધિક ભોગવવી બાકી રહે તેમ હોય, તો તે ત્રણે કર્મની સ્થિતિઓને ચાલુ કર્મની જેટલી સ્થિતિવાળી બનાવવા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, પહેલે સમયે લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી ચૌદ રજ્જુ પ્રમાણ ઊંચો અને સ્વદેહપ્રમાણ જાડો આત્મપ્રદેશોનો દંડાકાર રચી, બીજે સમયે ઉત્તરથી દક્ષિણ (અથવા પૂર્વથી પશ્ચિમ) લોકાન્ત સુધી કપાટ આકાર બનાવી, ત્રીજે સમયે પૂર્વથી પશ્ચિમ (અથવા ઉત્તરથી દક્ષિણ) બીજો કપાટ આકાર બનાવવાથી મંથાન આકાર (ચાર પાંખડાવાળા રવૈયાનો આકાર) બનાવી, ચોથે સમયે ચાર આંતરા પૂરી (તે કેવળી ભગવંતનો આત્મા) સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઇ જાય છે. ત્યારબાદ પાંચમે સમયે આંતરાના આત્મપ્રદેશો સંહરી, છઠ્ઠે સમયે મંથાનની બે પાંખના આત્મપ્રદેશો સંહરી, સાતમે સમયે કપાટ સંહરી, આઠમે સમયે દંડ સંહરી, પૂર્વવત્ સંપૂર્ણ દેહસ્થ થાય, તે કેવળી સમુદ્‌ઘાત કહેવાય. એમાં પૂર્વોક્ત ત્રણ કર્મોનો પ્રબળ (ઉદીરણાદ્વારા નહિ પણ) અપવર્તનાદ્વારા ઘણો વિનાશ થઇ જાય છે. આ આઠ સમયમાં પહેલે ને છેલ્લે સમયે ઔદારિક કાયયોગ હોય છે, બીજે, છઠ્ઠે અને સાતમે સમયે ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે, જ્યારે ત્રીજે, ચોથે અને પાંચમે કાર્મણ કાયયોગ હોય છે, અને તે ત્રણ સમયે આત્મા અણાહારી હોય છે.

છ માસ અને એથી અધિક આયુષ્ય રહ્યું હોય ત્યારે જે કેવળજ્ઞાન પામે છે તે સમુદ્‌ઘાત કરે છે. બીજાઓ કરે અથવા ન પણ કરે. જુઓ ગુણસ્થાનક્રમારોહ. વળી એ ગ્રંથ (ગુણસ્થાનક્રમારોહ)ની વૃત્તિમાં આ પ્રમાણે શબ્દો છે-છ માસ આયુષ્ય બાકી રહે તે વખતે જેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ જ્ઞાનીઓ નિશ્ચયે કેવલી સમુદ્‌ઘાત કરે છે. બાકીનાઓ માટે સમુદ્‌ઘાતની ભજના જાણવી. આ કેવલીસમુદ્‌ઘાત આયુષ્યનો અંતર્મુહૂર્તકાલ બાકી હોય ત્યારે કેવલી ભગવંત કરે છે. વિશેષ માટે જુઓ પન્નવણા સૂત્ર પદ ૩૬મું તથા દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩, શ્લોક ૨૧૪.



## વિવેચન.

(૧) આહારક અને કેવળી સમુદ્ઘાત સિવાય શેષ પાંચ હોય. ૧ વેદના, ૨ કષાય, ૩ મરણ, ૪ વૈક્રિય અને ૫ તૈજસ સમુદ્ઘાત–આ પાંચ હોય. જુઓ પંચસંગ્રહ ૨ જુ બંધક દ્વાર, ગાથા. ૨૭, આહારક સમુદ્ઘાત ચૌદપૂર્વીને હોય અને કેવલી સ૦ કેવળી ભગવંત કરે. જ્યારે આયુ અલ્પ બાકી રહે ત્યારે શેષ કર્મ ખપાવવા માટે કેવળી સમુદ્ઘાત કરવો પડે છે. (૨) પૂરેપૂરા હોય. વેદના, કષાય, મરણ, વૈક્રિય તૈજસ, આહારક અને કેવળી સમુદ્ઘાત. જુઓ. પંચસંગ્રહ, બીજું બંધક દ્વાર, ગાથા ૨૭ (૩) આહારક અને કેવળી સમુદ્ઘાત તો મનુષ્યોને હોય પરંતુ તિર્યંચોને સંયમનો અભાવ હોવાથી આહારક અને કેવલી સમુદ્ઘાત ન હોય. અહિંયા સર્વવિરતિ સંયમનો અભાવ તિર્યંચમાં સમજવો. વ્રત તપશ્ચર્યાદિકના પ્રભાવથી તિર્યંચને તેજોલેશ્યા પ્રગટે છે અને તેથી તૈજસ સમુદ્ઘાત હોય છે. (૪) તૈજસ, આહારક અને કેવળી સમુદ્ઘાત ન હોય. (૫) સર્વ એકેન્દ્રિયોને વેદના, કષાય અને મરણ સમુદ્ઘાત હોય છે. વાયુકાયને વૈક્રિય સમુદ્ઘાત છે. જુઓ પંચસંગ્રહ બીજુ બંધક દ્વાર, ગાથા ૨૭, જીવાભિગમ સુત્ર ૨૬. કુલ ચાર હોય. (૬-૭-૮) વેદના, કષાય અને મરણ સમુદ્ઘાત હોય; બાકીના તેવી લબ્ધિના અભાવે ન હોય. (૯) સાતે હોય. પંચેંદ્રિય ગર્ભજ મનુષ્યને સાતે હોય, કારણ કે આહારક તથા કેવળી સમુદ્ઘાત મનુષ્ય સિવાય અન્યને ન હોય. (૧૦-૧૧-૧૨) વેદના, કષાય અને મરણ સમુદ્ઘાત હોય. (૧૩) વેદના, કષાય અને મરણ ઉપરાંત વૈક્રિય સમુદ્ઘાત વધારે હોય, કારણ કે વૈક્રિયલબ્ધિવાળા વાયુકાયને વેદ । વૈક્રિય સમુદ્ઘાત હોય. જુઓ પંચસંગ્રહ ૨ જુ બંધક દ્વાર, ગાથા ૨૭. (૧૪) વેદના, કષાય અને મરણ સમુદ્ઘાત હોય (૧૫) મનુષ્યની અપેક્ષાએ ત્રસકાયમાં સાતે સમુદ્ઘાત હોય. (૧૬) કેવળી સમુદ્ઘાત વખતે મનોયોગ ન હોય તેથી છ હોય. વિચારસાર ગ્રંથની ટીકામાં ત્રણે યોગમાં સાતે સમુદ્ઘાત દર્શાવ્યાં છે, જે વિચારણીય છે. (૧૭) વચનયોગમાં કેવળી સમુદ્ઘાત ન હોય કારણ કે સમુદ્ઘાત વખતે તો ઔદારિકમિશ્ર, ઔદારિક અને કાર્મણ એ યોગ જ હોય: મન વચન યોગ ન હોય. વિચારસાર ગ્રંથની અપેક્ષાએ સાત ગણાય. (૧૮) સાતે હોય. (૧૯) કેવળી સમુદ્ઘાત ન હોય. કેવળી સમુદ્ઘાત ચૌદમે ગુણસ્થાનકે થાય છે અને પુરુષવેદ તો નવમા ગુણસ્થાનક પર્યંત જ ઉદયમાં હોય છે. (૨૦) આહારક અને કેવળી સમુદ્ઘાત ન હોય. સ્ત્રીઓ ચૌદપૂર્વી હોતી નથી તેથી આહારક ન હોય અને સ્ત્રીવેદનો ઉદય નવમા સુધી જ હોય તેથી કેવળીસમુદ્ઘાત પણ ન હોય. (૨૧) પુરુષ વેદની માફક જાણવું. (૨૨-૨૩-૨૪-૨૫) કેવળી સમુદ્ઘાત ન હોય. ક્રોધ, માન અને માયા ૯ મે ગુણઠાણે અને લોભ દશમે ગુણઠાણે નાશ પામે છે. (૨૬-૨૭-૨૮) કેવળી સમુદ્ઘાત ન હોય કારણ કે આ જ્ઞાન ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. (૨૯) કેવળી સમુદ્ઘાત ન હોય. આ જ્ઞાન છઠ્ઠાથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. (૩૦) એક કેવળી સમુદ્ઘાત જ હોય. કેવળી ભગવંતને વેદના હોય પરન્તુ તીવ્ર વેદનાના અભાવે વેદનાસમુદ્ઘાત ન હોય. (૩૧) આહારક અને કેવળી સમુદ્ઘાત ન હોય. (૩૨-૩૩) આહારક તથા કેવળી સમુદ્ઘાત સિવાયના બાકીના પાંચ હોય. સંયમના અભાવે. (૩૪-૩૫) કેવળી સમુદ્ઘાત ન હોય, કારણ કે ૬થી ૯મા ગુણસ્થાનક સુધી જ આ ચારિત્ર હોય છે. (૩૬) શ્રી વિચારસાર ગ્રંથમાં વેદના અને કષાય એ બે જ સમુદ્ઘાત દર્શાવ્યા છે, પરિહારવિશુદ્ધિમાર્ગણામાં ચાર મનયોગ, ચાર વચનયોગ અને ઔદારિકકાયયોગ આ નવ યોગ ચોથા કર્મગ્રંથની ગાથા ૨૯માં કહેલા હોવાથી બીજા સમુદ્ઘાતો ન હોય. ( ૩૭ ) વેદના, કષાય અને મરણ સમુદ્ઘાત હોય. શેષ ચાર ન હોય કારણ કે તે લબ્ધિપ્રત્યય છે, આહારક લબ્ધિવાળા છઠ્ઠા તથા સાતમે ગુણસ્થાને હોય,

સૂક્ષ્મસંપરાય તો દશમું ગુણઠાણું છે, તૈજસ અને વૈક્રિય પણ ન હોય. આઠમાથી પ્રારંભી પછીના ગુણઠાણાવાળા લબ્ધિનો ઉપયોગ કરતા નથી. ક્ષપકશ્રેણીમાં વર્તતા જીવોને લબ્ધિ ફોરવવાનું કાર્ય હોતું નથી. તેઓમાં શક્તિ છે, ધારે તો ફોરવી શકે પણ તેનો ઉપયોગ કરતા નથી. કેવળી સમુદ્‌ઘાત તો ૧૩મા ગુણસ્થાનકે જ હોય. અથવા કષાય વિના બે પણ હોય. બીજો મત યથાખ્યાતમાં બતાવેલ મત પ્રમાણે બે સમુદ્‌ઘાત જણાવે છે. (૩૮) વેદના, મરણ અને કેવળીસમુદ્‌ઘાત હોય. દશમે ગુણઠાણે કષાયનો નાશ થાય છે અને આ ચારિત્ર તો ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી હોય તેથી કષાય સમુદ્‌ઘાત ન હોય. વૈક્રિય, તૈજસ અને આહારક પણ ન હોય. અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવોને ધ્યાનારૂઢપણું હોવાથી સમુદ્‌ઘાત ન હોય એમ કેટલાક આચાર્યોનો અભિપ્રાય છે. પરન્તુ શ્રીવિચારસારમાં **सेसेसु मरणमिक्कं** એ સૂત્રથી એક મરણ સમુદ્‌ઘાત કહેલ છે માટે ઉપશમ યથાખ્યાતચારિત્રીને મરણ સમુદ્‌ઘાત અને ક્ષાયિક યથાખ્યાત ચારિત્રમાં એક કેવલી સમુદ્‌ઘાત હોય. (૩૯–૪૦) આહારક અને કેવલીસમુદ્‌ઘાત ન હોય, બાકીના પાંચ હોય. દેશવિરતિ એ પાંચમું ગુણસ્થાનક છે, જ્યારે આહારક તો છઠ્ઠે સાતમે અને કેવળીસમુદ્‌ઘાત ચૌદમે ગુણસ્થાનકે હોય છે. (૪૧–૪૨–૪૩) કેવળી સમુદ્‌ઘાત ન હોય. (૪૪) ફક્ત એક કેવળી સમુદ્‌ઘાત જ હોય. કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫–૪૬–૪૭) કેવળીસમુદ્‌ઘાત ન હોય. આ લેશ્યા છ ગુણસ્થાનક સુધી હોય છે. (૪૮–૪૯) કેવળી સમુદ્‌ઘાત ન હોય. આ લેશ્યા સાતમા ગુણસ્થાનક સુધી હોય છે. (૫૦) સાતે હોય. આ લેશ્યા તેરમા ગુણઠાણા સુધી હોય છે. (૫૧) પૂરેપૂરા હોય. (૫૨) આહારક તથા કેવળી સમુદ્‌ઘાત ન હોય, કારણ કે તેને પહેલું ગુણસ્થાનક છે. (૫૩) વેદના અને મરણ એ બે સમુદ્‌ઘાત હોય. આનું કારણ એ છે કે–કેવળજ્ઞાનના અભાવે કેવળી સમુદ્‌ઘાત ન હોય તેમજ વિશુદ્ધ પરિણામ હોવાથી વૈક્રિયાદિ સમુદ્‌ઘાત પણ ન હોય. (૫૪) કેવળી સમુદ્‌ઘાત ન હોય, કારણ કે આ ચારથી પ્રારંભી સાતમા ગુણસ્થાન સુધી હોય છે. (૫૫) પૂરેપૂરા હોય. ચોથાથી પ્રારંભી ચૌદમા ગુણસ્થાનક સુધી આ સમકિત હોય છે. (૫૬) વેદના, કષાય આ બે સમુદ્‌ઘાત હોય. વૈક્રિય અને તૈજસ સમુદ્‌ઘાત મિશ્ર ગુણસ્થાને ન હોય તેનું કારણ એ છે કે–ત્રીજે ગુણસ્થાને રહેલો આત્મા વૈક્રિયકાયયોગવાળો હોય છે પરંતુ ત્યાં વૈક્રિય શરીર ન બનાવે કેમકે ચોથા કર્મગ્રંથમાં મિશ્રદૃષ્ટિને યોગ ૧૦ કહ્યા છે, તે આ પ્રમાણે–મનના ચારે, વચનના ચાર, વૈક્રિયકાયયોગ અને ઔદારિકકાયયોગ તેથી આ સમકિતને વૈક્રિય તથા તૈજસ સમુદ્‌ઘાત સંભવતો નથી અને મરણ સમુદ્‌ઘાત ત્રીજે ગુણસ્થાને ન હોય તેથી મરે નહી, માટે આહારક સમુદ્‌ઘાત છઠ્ઠે ગુણસ્થાને અને કેવલી સમુદ્‌ઘાત ૧૩મે ગુણસ્થાને હોવાથી આ બે પણ સમુદ્‌ઘાત ન હોય. પંચસંગ્રહદ્વાર ગાથા ૧૨માં ૧૦ યોગ કહ્યા છે. (૫૭–૫૮) આહારક તથા કેવલી સમુદ્‌ઘાત ન હોય. મતાંતરે વૈક્રિય અને તૈજસ ન માનતા ત્રણ ગણાય, (૫૯) પૂરેપૂરા લાભે, કારણ કે સંજ્ઞીને ૧૨ ગુણસ્થાનક હોય છે. કેવલીને સંજ્ઞી ન ગણીએ તે અપેક્ષાએ કેવલી સમુદ્‌ઘાત વિના ૬. કેવલીને ૧૩ મા ગુણસ્થાને સંજ્ઞી માનીએ તો સાતે ઘટે. (૬૦) આહારક, તૈજસ અને કેવલી સમુદ્‌ઘાત ન હોય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) એક જ કેવલી સમુદ્‌ઘાત હોય વિચારસારગ્રંથમાં વેદના, કષાય, મરણ અને વૈક્રિય સમુદ્‌ઘાત કહ્યાં છે તે વિચારવા યોગ્ય છે.

## ૨૮. સમુદ્ઘાતદ્વાર

| નંબર | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૭ |
| ૩ | તિર્યંચગતિ | ૫ |
| ૪ | નરકગતિ | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૭ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩ |
| ૧૧ | અપ્કાય | ૩ |
| ૧૨ | તેઉકાય | ૩ |
| ૧૩ | વાયુકાય | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩ |
| ૧૫ | ત્રસકાય | ૭ |
| ૧૬ | મનયોગ | ૬/૭ |
| ૧૭ | વચનયોગ | ૬/૭ |
| ૧૮ | કાયયોગ | ૭ |
| ૧૯ | પુરુષવેદ | ૬ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫ |
| ૨૧ | નપુંસકવેદ | ૬ |
| ૨૨ | ક્રોધ | ૬ |
| ૨૩ | માન | ૬ |
| ૨૪ | માયા | ૬ |
| ૨૫ | લોભ | ૬ |
| ૨૬ | મતિજ્ઞાન | ૬ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૬ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૬ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૫ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૫ |
| ૩૪ | સામાયિક | ૬ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૬ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ |
| ૩૮ | યથાખ્યાત | ૩ |
| ૩૯ | દેશવિરતિ | ૫ |
| ૪૦ | અવિરતિ | ૫ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૬ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૪૩ | અવધિદર્શન | ૬ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૪૮ | તેજોલેશ્યા | ૬ |
| ૪૯ | પદ્મલેશ્ય | ૬ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૭ |
| ૫૧ | ભવી | ૭ |
| ૫૨ | અભવી | ૫ |
| ૫૩ | ઉપશમસમકિત | ૨ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૬ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૭ |
| ૫૬ | મિશ્રસમકિત | ૨ |
| ૫૭ | સાસ્વાદન | ૫/૩ |
| ૫૮ | મિથ્યાત્વ | ૫/૩ |
| ૫૯ | સંજ્ઞી | ૬/૭ |
| ૬૦ | અસંજ્ઞી | ૪ |
| ૬૧ | આહારી | ૭ |
| ૬૨ | અણાહારી | ૧ |

## ૨૯. જીવાયોનિદ્વાર

### પરિચય

युवन्ति तैजसकार्मणशरीरवंतः संतः औदारिकादिशरीरप्रायोग्यपुद्गलस्कन्ध समुदायेन मिश्रीभवन्त्यस्यमिति योनिः उत्पत्तिस्थानं ।

તેજસ શરીરવાળા અને કાર્મણ શરીરવાળા જન્તુઓ ઓદારિક આદિ શરીરને યોગ્ય એવા સ્કંધોવડે જ્યાં જોડાય છે તે સ્થાનને યોનિ કહે છે.

આ યોનિ વ્યક્તિ પરત્વે અસંખ્યાત ભેદોવાળી હોઇ એની સંખ્યા બંધાઇ શકે નહિ, પરંતુ સમાન વર્ણ આદિની જાતિને લઇને એની ગણત્રી થઇ શકે છે.

પ્રજ્ઞાપના સૂત્રની વૃત્તિ ટીકામાં કહ્યું છે કે-

વિશિષ્ટ વર્ણ આદિથી યુક્ત હોવાથી યોનિઓ, નિજસ્થાનમાં વ્યક્તિભેદને લઇને અસંખ્યાત કહેવાય છે પરંતુ જાતિની અપેક્ષાએ એક જ યોનિ ગણાય છે.

વિશેષ માટે દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩. લોક ૪૩ જુઓ.

卐

### વિવેચન

(૧) દેવોને ચાર લાખ હોય છે, આચારાંગ સૂત્રની વૃત્તિ-અ. ૧, ઉદ્દેશ ૧-૫-૨૪ (૨) મનુષ્યોને ચૌદ લાખ હોય છે. આચારાંગસૂત્રની વૃત્તિ ૧ અ, ઉદ્દેશ ૧, ૫, ૨૪ (૩) ૭ લાખ પૃથ્વી, ૭ લાખ અપ્, ૭ લાખ તેઉ, ૭ લાખ વાઉ, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિ, ૧૪ લાખ સાધારણ વનસ્પતિ, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચૌરેંદ્રિય અને ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય. કુલ બાસઠ લાખ (૪) નારકીને ચાર લાખ હોય છે. (૫) ૭ લાખ પૃથ્વી, ૭ લાખ અપૂ, ૭ લાખ તેઉ, ૭ લાખ વાઉ, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિ, ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય કુલ બાવન લાખ. (૬-૭-૮) બેઇંદ્રિય, તેઇંદ્રિય ને ચૌરેંદ્રિય ને બે લાખ હોય છે. જુઓ આચારાંગ સૂત્ર વૃત્તિ અ. ૧, ઉદ્દેશ ૧ (૯) ૧૪ લાખ મનુષ્ય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી અને ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય કુલ છત્રીશ લાખ. (૧૦-૧૧-૧૨-૧૩) પૃથ્વીકાય, અપૂકાય, તેઉકાય ને વ ઉકાયને સાત સાત લાખ હોય છે જુઓ આચારાંગસૂત્ર વૃત્તિ અ. ૧ ઉદ્દેશ ૧ (૧૪) દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય અને ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય. જુઓ આચરાંગ સૂત્ર વૃત્તિ અ. ૧ ઉદ્દેશ ૧ (૧૫) એકેંદ્રિયના બાવન લાખ છોડીને બાકીના બત્રીશ લાખ (૧૬) પંચેંદ્રિય પ્રમાણે જાણવા. (૧૭) ત્રસકાય પ્રમાણે જાણવા, (૧૮) કાયયોગ સર્વ જીવોને હોય તેથી ચોરાશી લાખ. (૧૯) ચૌદ લાખ મનુષ્ય, ચાર લાખ દેવ

અને ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય. (૨૦) ઉપર પ્રમાણે જાણવું (૨૧) ચાર લાખ દેવોને છોડીને બાકીના એંશી લાખ હોય. (૨૨-૨૩-૨૪-૨૫) સર્વ જીવોને હોય. તેથી ચોરાશી લાખ. (૨૬-૨૭) પંચેંદ્રિયની માફક જાણવું. જીવાભિગમ સૂત્રના મતે વિકલેદ્રિયજીવોને પણ ગણતા ૭ લાખ વધે એટલે બત્રીશ લાખ. દંડક ગાથા ૨૦ માં વિકલેંદ્રિય જીવોને અપર્યાપ્તાવસ્થામાં મતિ તથા શ્રુતજ્ઞાન જણાવેલ છે. (૨૮) પંચેંદ્રિય પ્રમાણે જાણવું. (૨૯-૩૦) આ જ્ઞાન મનુષ્યને જ હોય તેથી ચૌદ લાખ. (૩૧) દરેક જીવોને હોય તેથી ચોરાશી લાખ. (૩૨) દરેક જીવોને હોય તેથી ચોરાશી લાખ. (૩૩) પંચેંદ્રિયની માફક જાણવું. (૩૪-૩૫-૩૬-૩૭-૩૮) આ ચારિત્ર મનુષ્યને જ હોય તેથી ચૌદ લાખ. (૩૯) મનુષ્ય ઉપરાંત તિર્યંચ પંચેંદ્રિયને પણ હોય તેથી ૧૮ લાખ. (૪૦) દરેક જીવોને અવિરતિ હોઇ શકે તેથી પૂરેપૂરા ૮૪ લાખ. (૪૧) પંચેંદ્રિયના ૨૬ લાખ તથા બે લાખ ચૌરેંદ્રિયના (૪૨) પૂરેપૂરી યોનિ લાભે (૪૩) પંચેંદ્રિય પ્રમાણે જાણવું. (૪૪) આ દર્શન કેવળ મનુષ્યોને જ હોય તેથી ચૌદ લાખ (૪૫-૪૬-૪૭) પૂરેપૂરી યોનિ લાભે. (૪૮) ૧૪ લાખ મનુષ્ય, ૪ લાખ દેવ, ૭ લાખ પૃથ્વીકાય, ૭ લાખ અપૂકાય, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય અને ૪ લાખ તિર્યંચ પંચેંદ્રિય. (૪૯) ૧૪ લાખ મનુષ્ય, ૪ લાખ દેવ, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય (૫૦) ઉપર પ્રમાણે (૫૧-૫૨) પૂરેપૂરી યોનિ લાભે (૫૩-૫૪) પંચેંદ્રિય પ્રમાણે જાણવું (૫૫-૫૬) અહિંયા ૨૬ લાખમાં તિર્યંચો ગણાવ્યા છે તે તિર્યંચો અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા સમજવા કારણ કે ક્ષાયિક સમકિત પૂર્વબદ્ધાયુષ્યવાળો એટલે ક્ષાયિક સમકિત પામ્યા પહેલા અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચોનું આયુષ્ય બાંધ્યું થયું હોય અને પછી ક્ષાયિક સમકિત પ્રાપ્ત તે જીવો મરીને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિયા તિર્યંચમાં ઉત્પન્ન થાય તે અપેક્ષાએ ક્ષાયિક સમકિત માર્ગણાએ તિર્યં-ચોની યોનિ ગ્રહણ કરી છે. જુઓ છઠ્ઠા કર્મગ્રંથની વૃત્તિ. (૫૭) ૭ લાખ તેઉકાય, ૭ લાખ વાઉ-કાય અને ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય-એ અઠ્ઠાવીશ લાખને ન હોય. (૫૯) પૂરેપૂરી યોનિ લાભે. (૫૯) પંચેંદ્રિય પ્રમાણે જાણવું. (૬૦) ચાર લાખ દેવ અને ચાર લાખ નારકી સિવાયના સર્વ સમજવા. (૬૧-૬૨) પૂરેપૂરી યોનિ લાભે.



## ૨૯. જીવાયોનિદ્વાર.

| નંબર | દ્વારનું નામ. | કેટલી ? | નંબર | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૪૦૦૦૦૦ | ૨૧ | નપુંસકવેદ | ૮૦૦૦૦૦૦ | ૪૨ | અચક્ષુદર્શન | ૮૪૦૦૦૦૦ |
| ૨ | મનુષ્યગતિ | ૧૪૦૦૦૦૦ | ૨૨ | ક્રોધ | ૮૪૦૦૦૦૦ | ૪૩ | અવધિદર્શન | ૨૬૦૦૦૦૦ |
| ૩ | તિર્યંચગતિ | ૬૨૦૦૦૦૦ | ૨૩ | માન | ૮૦૦૦૦૦૦ | ૪૪ | કેવળદર્શન | ૧૪૦૦૦૦૦ |
| ૪ | નરકગતિ | ૪૦૦૦૦૦ | ૨૪ | માયા | ૮૪૦૦૦૦૦ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૮૪૦૦૦૦૦ |
| ૫ | એકેન્દ્રિય | ૫૨૦૦૦૦૦ | ૨૫ | લોભ | ૮૪૦૦૦૦૦ | ૪૬ | નીલલેશ્યા | ૮૪૦૦૦૦૦ |
| ૬ | બેઇન્દ્રિય | ૨૦૦૦૦૦ | ૨૬ | મતિજ્ઞાન | ૨૬૦૦૦૦૦ / ૩૨૦૦૦૦૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૮૪૦૦૦૦૦ |
| ૭ | તેઇન્દ્રિય | ૨૦૦૦૦૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨૬૦૦૦૦૦ / ૩૨૦૦૦૦૦ | ૪૮ | તેજોલેશ્યા | ૪૬૦૦૦૦૦ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨૦૦૦૦૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૨૬૦૦૦૦૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૨૨૦૦૦૦૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૨૬૦૦૦૦૦ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૪૦૦૦૦૦ | ૫૦ | શુક્લલેશ્યા | ૨૨૦૦૦૦૦ |
| ૧૦ | પૃથ્વીકાય | ૭૦૦૦૦૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૧૪૦૦૦૦૦ | ૫૧ | ભવી | ૮૪૦૦૦૦૦ |
| ૧૧ | અપૂકાય | ૭૦૦૦૦૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૮૪૦૦૦૦૦ | ૫૨ | અભવી | ૮૪૦૦૦૦૦ |
| ૧૨ | તેઉકાય | ૭૦૦૦૦૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૮૪૦૦૦૦૦ | ૫૩ | ઉપશમસમકિત | ૨૬૦૦૦૦૦ |
| ૧૩ | વાઉકાય | ૭૦૦૦૦૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨૬૦૦૦૦૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨૬૦૦૦૦૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨૪૦૦૦૦૦ | ૩૪ | સામાયિક | ૧૪૦૦૦૦૦ | ૫૫ | ક્ષાયક સમકિત | ૨૬૦૦૦૦૦ |
| ૧૫ | ત્રસકાય | ૩૨૦૦૦૦૦ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૪૦૦૦૦૦ | ૫૬ | મિશ્રસમકિત | ૨૬૦૦૦૦૦ |
| ૧૬ | મનયોગ | ૨૬૦૦૦૦૦ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૪૦૦૦૦૦ | ૫૭ | સાસ્વાદન | ૫૬૦૦૦૦૦ |
| ૧૭ | વચનયોગ | ૩૨૦૦૦૦૦ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૪૦૦૦૦૦ | ૫૮ | મિથ્યાત્વ | ૮૪૦૦૦૦૦ |
| ૧૮ | કાયયોગ | ૮૪૦૦૦૦૦ | ૩૮ | યથાખ્યાત | ૧૪૦૦૦૦૦ | ૫૯ | સંજ્ઞી | ૨૬૦૦૦૦૦ |
| ૧૯ | પુરુષવેદ | ૨૨૦૦૦૦૦ | ૩૯ | દેશવિરતિ | ૧૮૦૦૦૦૦ | ૬૦ | અસંજ્ઞી | ૭૬૦૦૦૦૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨૨૦૦૦૦૦ | ૪૦ | અવિરતિ | ૮૪૦૦૦૦૦ | ૬૧ | આહારી | ૮૪૦૦૦૦૦ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨૮૦૦૦૦૦ | ૬૨ | અણાહારી | ૮૪૦૦૦૦૦ |

# ૩૦ કુલકોટિદ્વાર

## પરિચય

યોનિ એટલે ઉત્પત્તિસ્થાન-અર્થાત્ તૈજસ અને કાર્મણ શરીર યુક્ત જીવો ઔદારિક વિગેરે પુદ્દગલ સ્કન્ધોવડે જે સ્થાને જોડાય તે સ્થાનનું નામ યોનિ કહેવાય છે.

જો કે વ્યક્તિભેદે તે યોનિઓ અસંખ્ય પ્રકારની થઇ જાય છે, કારણ કે સર્વ જીવોનાં શરીરની સંખ્યા તેટલી છે અને પ્રત્યેક વ્યક્તિગત ગણતાં વર્ણાદિ ભેદથી તેટલી થાય જ; પરંતુ અહિંયા વ્યક્તિભેદે ગણત્રી ગણવાની નથી. તેમજ તે રીતે ગણત્રી પણ અશકય છે તેથી સમાન વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી સર્વ યોનિની એકત્ર એક જાતિ થઇ કહેવાય અને એ પ્રમાણે કરીએ તો જ પ્રતિ જીવરાશિમાં ૮૪ લાખની સંખ્યાએ થતી યોનિની ગણત્રી મળી રહેશે.

યોનિ સંબંધી વ્યાખ્યા કહીને હવે કઇ જીવનિકાયમાં કેટલી કુલકોટી છે તે કહે છે. કુલકોટી એટલે શું ? જેઓની ઉત્પત્તિ યોનિમાં થાય તે કુલ કહેવાય, અનેક પ્રકારનાં જીવોની એક જ યોનિમાં પણ બહુ કુલો ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે એક જ છાણના પીંડની અંદર કૃમી, વીંછી, કીડા વિગેરે અનેક પ્રકારનાં ક્ષુદ્ર પ્રાણીઓના અનેક કુલો હોય છે. કુલકોટિની સંખ્યા એક કરોડ ને સાડી સત્તાણું લાખની છે.

卐

## વિવેચન

(૧-૨) જુઓ બૃહત્સંગ્રહણી ગાથા ૩૨૨ (૩) પૃથ્વીકાય ૧૨ લાખ, અપ્કાય સાત લાખ, તેઉકાય ત્રણ લાખ, વાઉકાય સાત લાખ, વનસ્પતિકાય ૨૮ લાખ, બેઇન્દ્રિયની સાત લાખ, તેઇન્દ્રિયની ૮ લાખ, ચૌરેન્દ્રિયની ૯ લાખ, જલચર ૧૨॥ લાખ, ચતુષ્પદ ૧૦ લાખ, ઉરપરિસર્પ ૧૦ લાખ, ભુજપરિસર્પની ૯ લાખ, ખેચરપક્ષીઓની ૧૨ લાખ-આ સર્વ જીવો તિર્યંચ ગતિમાં હોવાથી કુલ એક ક્રોડ સાડીચોતરીશ લાખ (૫-૬) જુઓ બૃહત્સંગ્રહણી ગાથા ૩૨૨ (૭-૮) જુઓ આચારાંગ સૂત્ર તથા બૃહત્ સંગ્રહણી (૯-૧૪) પંચેન્દ્રિય માર્ગણાએ એકેન્દ્રિયની ૫૭ લાખ, વિકલેન્દ્રિયની ૨૪ લાખ એમ કુલ ૮૧ લાખ વર્જીને એક ક્રોડ ૧૬॥ લાખ કુલકોટિ હોય (૧૫) એકેન્દ્રિયની ૫૭ લાખ વર્જીને બાકીની બધી લાખ (૧૬) પંચેન્દ્રિયવત્ (૧૭) ત્રસકાયવત્ વિકલેન્દ્રિય જીવોમાં વચનયોગ હોય માટે (૧૮) પૂરેપૂરી (૧૯-૨૦) નારકીની ૨૫ લાખ વર્જીને પંચેન્દ્રિયવત્ (૨૧) દેવતાની ૨૬ લાખ વર્જીને (૨૨-૨૫) પૂરેપૂરી (૨૬) પંચેન્દ્રિયવત્ પન્નવણા સૂત્ર પંચમ પર્યાયપદ પત્ર ૧૯૩માં જુઓ. સિદ્ધાન્તના મતે વિકલેન્દ્રિય અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાન માન્યું છે તે અભિપ્રાયે મતિજ્ઞાનમાં વિકલેન્દ્રિયની ૨૪ લાખ ગ્રહણ કરીએ તો એક ક્રોડ સાડી ચાલીસ

લાખ થાય (૨૭) મતિજ્ઞાનવત્ (૨૮) પંચેન્દ્રિયવત્ (૨૯–૩૦) મનુષ્યવત્ (૩૧–૩૨) પૂરેપૂરી (૩૩) પંચેન્દ્રિયવત્ (૩૪–૩૮) મનુષ્યવત્. આ પાંચે ચારિત્ર મનુષ્યમાં હોય માટે. (૩૯) જલચર ૧૨।। લાખ, ખેચર ૧૨ લાખ, ચતુષ્પદ ૧૦ લાખ, ઉરપરિસર્પ ૧૦ લાખ, ભૂજપરિસર્પ ૯ લાખ, મનુષ્ય ૧૨ લાખ (૪૦) પૂરેપૂરી (૪૧) પંચેન્દ્રિયવત્ પરંતુ ચૌરેન્દ્રિયની ૯ લાખ ગણતા એક ક્રોડ ૨૫।। લાખ લાભે (૪૨) પૂરેપૂરી (૪૩) પંચેન્દ્રિયવત્ (૪૪) મનુષ્યવત (૪૫–૪૬–૪૭) પૂરેપૂરી (૪૮) પૃથ્વી-કાયની ૧૨ લાખ, અપૂકાયની ૭ લાખ, વનસ્પતિની ૨૮ લાખ, પંચેન્દ્રિયમાંથી એક ક્રોડ ૧૬।। લાખ-માંથી નારકીની ૨૫ લાખ બાદ કરતા ૯૧।। લાખ યોનિ લાભે. કુલ એક ક્રોડ ૩૮।। લાખ લાભે (૪૯–૫૦) નારકી વર્જીને પંચેન્દિયવત્ (૫૧–૫૨) પૂરેપૂરી (૫૩–૫૪) પંચેન્દ્રિયવત્ (૫૫) એક ક્રોડ ને ૧૭।। લાખ લખ્યું તે બરાબર બંધબેસતું નથી પરંતુ વિચાર કરતાં એમ જણાય છે કે ચતુષ્પદ ૧૦ લાખ, મનુષ્યની ૧૨ લાખ, દેવતા ૨૬ લાખ, નારકી ૨૫ લાખ, ૭૩ લાખ કુલકોટીમાં ક્ષાયિક સમ્યકત્વ સંભવે છે કારણ કે કાલલોક પ્રકાશ સર્ગ ૨૯માં અસંખ્યાતા વર્ષના આયુષ્યવાલા તિર્યંચોને ક્ષાયક સમકિત કહ્યું છે તે અભિપ્રાયે તિર્યંચમાં ચતુષ્પદ ગ્રહણ કર્યા છે. વળી દ્રવ્યલોકપ્રકાશમાં દેવતાઓને કુલ કોટી ૩૨ લાખ પણ કહી છે. તત્વ તો કેવલીગમ્ય છે (૫૬) પંચેન્દ્રિયવત્ (૫૭) તેઉકાય તથા વાઉકાયને વર્જીને બાકીની કુલ કોટી ગ્રહણ કરવી. (૫૮) પૂરેપૂરી (૫૯) પંચેન્દ્રિયવત (૬૦) દેવતા અને નારકીને વર્જીને ગ્રહણ કરવી (૬૧–૬૨) પૂરેપૂરી લાભે

## ૩૦. કુલકોટિદ્વાર.

| નંબર | દ્વારનું નામ. | કેટલી? | નંબર. | દ્વારનું નામ. | કેટલી? | નંબર. | દ્વારનું નામ. | કેટલી? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૨૬૦૦૦૦૦ | ૨૧ | નપુંસકવેદ | ૧૭૧૫૦૦૦૦ | ૪૨ | અચક્ષુદર્શન | ૧૯૭૫૦૦૦૦ |
| ૨ | મનુષ્યગતિ | ૧૨૦૦૦૦૦ | ૨૨ | ક્રોધ | ૧૯૭૧૦૦૦૦ | ૪૩ | અવધિદર્શન | ૧૧૬૫૦૦૦૦ |
| ૩ | તિર્યંચગતિ | ૧૩૪૫૦૦૦૦ | ૨૩ | માન | ૧૯૭૫૦૦૦૦ | ૪૪ | કેવળદર્શન | ૧૨૦૦૦૦૦ |
| ૪ | નરકગતિ | ૨૫૦૦૦૦૦ | ૨૪ | માયા | ૧૯૭૧૦૦૦૦ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૯૭૫૦૦૦૦ |
| ૫ | એકેન્દ્રિય | ૫૭૦૦૦૦૦ | ૨૫ | લોભ | ૧૯૭૫૦૦૦૦ | ૪૬ | નીલલેશ્યા | ૧૯૭૫૦૦૦૦ |
| ૬ | બેઇન્દ્રિય | ૭૦૦૦૦૦ | ૨૬ | મતિજ્ઞાન | ૧૧૬૫૦૦૦૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૧૯૭૫૦૦૦૦ |
| ૭ | તેઇન્દ્રિય | ૮૦૦૦૦૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૧૬૫૦૦૦૦ | ૪૮ | તેજોલેશ્યા | ૧૩૮૫૦૦૦૦ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૯૦૦૦૦૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૧૧૬૫૦૦૦૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૯૧૫૦૦૦૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૧૬૫૦૦૦૦ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૨૦૦૦૦૦ | ૫૦ | શુકલલેશ્યા | ૯૧૫૦૦૦૦ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧૨૦૦૦૦૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૧૨૦૦૦૦૦ | ૫૧ | ભવી | ૧૯૭૫૦૦૦૦ |
| ૧૧ | અપ્‌કાય | ૭૦૦૦૦૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૧૯૭૫૦૦૦૦ | ૫૨ | અભવી | ૧૯૭૫૦૦૦૦ |
| ૧૨ | તેઉકાય | ૩૦૦૦૦૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૯૭૫૦૦૦૦ | ૫૩ | ઉપશમસમકિત | ૧૧૬૫૦૦૦૦ |
| ૧૩ | વાઉકાય | ૭૦૦૦૦૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૧૧૬૫૦૦૦૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૧૬૫૦૦૦૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨૮૦૦૦૦૦ | ૩૪ | સામાયિક | ૧૨૦૦૦૦૦ | ૫૫ | ક્ષાયક સમકિત | ૧૧૭૧૦૦૦૦ |
| ૧૫ | ત્રસકાય | ૧૪૦૫૦૦૦૦ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૨૦૦૦૦૦ | ૫૬ | મિશ્રસમકિત | ૧૧૬૫૦૦૦૦ |
| ૧૬ | મનયોગ | ૧૧૬૫૦૦૦૦ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૨૦૦૦૦૦ | ૫૭ | સાસ્વાદન | ૧૮૭૫૦૦૦૦ |
| ૧૭ | વચનયોગ | ૧૪૦૫૦૦૦૦ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૨૦૦૦૦૦ | ૫૮ | મિથ્યાત્વ | ૧૯૭૫૦૦૦૦ |
| ૧૮ | કાયયોગ | ૧૯૭૫૦૦૦૦ | ૩૮ | યથાખ્યાત | ૧૨૦૦૦૦૦ | ૫૯ | સંજ્ઞી | ૨૧૬૫૦૦૦૦ |
| ૧૯ | પુરુષવેદ | ૯૧૫૦૦૦૦ | ૩૯ | દેશવિરતિ | ૬૫૫૦૦૦૦ | ૬૦ | અસંજ્ઞી | ૧૪૬૫૦૦૦૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૯૧૫૦૦૦૦ | ૪૦ | અવિરતિ | ૧૯૭૫૦૦૦૦ | ૬૧ | આહારી | ૧૯૭૫૦૦૦૦ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૧૨૫૫૦૦૦૦ | ૬૨ | અણાહારી | ૧૯૭૫૦૦૦૦ |

# ૩૧. સંસ્થાનદ્વાર

## પરિચય

**संतिष्ठन्ते प्राणिनोऽनेन आहारविशेषेणेति संस्थानम् ।**

જે આકારવિશેષથી પ્રાણિઓ સારી રીતે રહી શકે છે તેને સંસ્થાન કહેવાય છે. તે છ પ્રકારના છે.

**૧. સમચતુરસ્ર સંસ્થાન**-શરીરના સર્વ અવયવો પ્રમાણુસર હોય. ગર્ભજ મનુષ્યને અંગે વિચારીએ તો પર્યંકાસને (પદ્માસન વાળીને) બેઠેલા મનુષ્યના ડાબા ઢીંચણથી જમણો ખભો, જમણા ઢીંચણથી ડાબો ખભો, ડાબા ઢીંચણથી જમણો ઢીંચણ અને પર્યંકાસનના મધ્ય ભાગથી નાસિકાનો અગ્ર ભાગ-આ ચારે પ્રકારના માપ સરખા હોય તે સમચતુરસ્ર કહેવાય.

**૨. ન્યગ્રોધપરિમંડલ**-વડવૃક્ષની માફક ઉપરથી મંડળાકારે અર્થાત્ નાભિથી ઉપરના અવયવો પ્રમાણ યુક્ત હોય અને નાભિથી નીચેના અવયવો વડના થડની પેઠે પ્રમાણ રહિત હોય.

**૩. સાદિ**-પગના તળિયાથી નાભિ સુધીનો ભાગ પ્રમાણ યુક્ત હોય અને ઉપરનો અર્ધ-ભાગ પ્રમાણ રહિત હોય. આ સંસ્થાનને કેટલાક સાચી-શાલ્મલિ વૃક્ષના આકારવાળું પણ કહે છે.

**૪. વામન**-મસ્તક, ડોક, હાથ અને પગ-એ ચાર પ્રમાણ યુક્ત હોય અને શેષ પીઠ, ઉદર, છાતી વિગેરે પ્રમાણ વિનાનાં હોય.

**૫. કુબ્જ**-વામનથી વિપરીત આ સંસ્થાન છે. એટલે કે મસ્તક, ડોક વિગેરે પ્રમાણ રહિત હોય અને શેષ પ્રમાણ યુક્ત હોય.

**૬. હુંડક**-પ્રાયઃ સર્વ અવયવો પ્રમાણ રહિત હોય.

卐

## વિવેચન

(૧) સમચતુરસ્ર સંસ્થાન હોય. દંડકની બારમી ગાથામાં કહ્યું છે કે-**सन्ना सव्वे सुरा य चउरंसा ।** (૨) સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક. દંડક ગાથા બારમાં કહ્યું છે કે-**नरतिरिय छ संठाणा ।** (૩) ઉપર પ્રમાણે જાણવું. (૪) હુંડક જ હોય, નારક જીવોનું શરીર અતિ બીભત્સ અને લક્ષણ રહિત હોય છે. (૫-૮) હુંડક સંસ્થાન હોય. (૯) આ પંચેન્દ્રિયમાં ગર્ભજ મનુષ્યને છ સંસ્થાન હોય. દેવ અને યુગલિકોને સમચતુરસ્ર સંસ્થાન હોય. નારક તથા સંમૂર્છિમને હુંડક સમજવું. (૧૦) હુંડક હોય, મસુરની દાળ તથા ચંદ્રની જેવો આકાર હોય. (૧૧) હુંડક હોય, પાણીના પરપોટા જેવો આકાર (૧૨) હુંડક હોય, સોયના આકાર જેવો (૧૩) હુંડક હોય, ધ્વજાના આકાર જેવો (૧૪) હુંડક હોય, અનેક પ્રકારના આકારો (૧૫) તિર્યંચ અને મનુષ્યને આશ્રયી ભિન્ન ભિન્ન જીવની અપેક્ષાએ છ સંસ્થાનો હોય. (૧૬-૫૯) પૂરેપૂરા હોય. (૬૦) ફક્ત હુંડક જ હોય (૬૧) પૂરેપૂરા (૬૨) કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાતના ત્રીજે, ચોથે ને પાંચમે સમયે અનાહારી હોય એટલે કેવળી ભગવાનને ૬ સંસ્થાન હોવા છતાં તે સમયે એક પણ સંસ્થાનનો ઉદય હોતો નથી. છઠ્ઠા કર્મગ્રંથમાં કહ્યું છે કે-કેવળી ભગવંતને કાર્મણ કાયયોગને વર્તતને વીશનો ઉદય કહ્યો છે તથા તીર્થંકરને ૨૧ નો ઉદય કહ્યો છે; પરંતુ સંસ્થાનનો ઉદય ગ્રહણ કર્યો નથી. વળી વક્રગતિમાં પણ એક પણ સંસ્થાનનો ઉદય કહ્યો નથી અને ચૌદમે ગુણ-સ્થાને પણ એક પણ સંસ્થાનનો ઉદય કહ્યો નથી, તેથી અણાહારી માર્ગણાએ એક પણ સંસ્થા-નનો ઉદય હોય નહીં. જુઓ કર્મગ્રંથ ગાથા ૬, ગાથા. ૨૮

## ૩૧. સંસ્થાનદ્વારે

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ | ૨૧ | નપુંસકવેદ | ૬ | ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૨ | મનુષ્યગતિ | ૬ | ૨૨ | ક્રોધ | ૬ | ૪૩ | અવધિદર્શન | ૬ |
| ૩ | તિર્યંચગતિ | ૬ | ૨૩ | માન | ૬ | ૪૪ | કેવળદર્શન | ૬ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૬ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૨૫ | લોભ | ૬ | ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૬ | ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૬ | ૪૮ | તેજોલેશ્યા | ૬ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૬ | ૪૯ | પદ્મલેશ્યા | ૬ |
| ૯ | પંચેન્દ્રિય | ૬ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬ | ૫૦ | શુક્લલેશ્યા | ૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૬ | ૫૧ | ભવી | ૬ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૬ | ૫૨ | અભવી | ૬ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ | ૫૩ | ઉપશમસમકિત | ૬ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૬ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૬ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયિક | ૬ | ૫૫ | ક્ષાયકસમકિત | ૬ |
| ૧૫ | ત્રસકાય | ૬ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૬ | ૫૬ | મિશ્રસમકિત | ૬ |
| ૧૬ | મનયોગ | ૬ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૬ | ૫૭ | સાસ્વાદન | ૬ |
| ૧૭ | વચનયોગ | ૬ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૬ | ૩૮ | યથાખ્યાત | ૬ | ૫૯ | સંજ્ઞી | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૬ | ૩૯ | દેશવિરતિ | ૬ | ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ | ૪૦ | અવિરતિ | ૬ | ૬૧ | આહારી | ૬ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૬ | ૬૨ | અણાહારી | ૦ |

## ૩૨. સંઘયણદ્વાર

### પરિચય

**संहन्यते संहतिविशेषं प्राप्यन्ते शरीरास्थ्न्यवथवा यैस्तानि संहननानि ।**

જે વડે શરીરના અવયવો તેમજ હાડકાઓ વિશેષ મજબૂત થાય તે સંઘયણ કહેવાય. તે છ પ્રકારનાં છે—

૧ વજ્રઋષભનારાચ-વજ્ર એટલે ખીલીરૂપ હાડ, ઋષભ એટલે પાટારૂપ હાડ અને નારાચ એટલે બંને બાજુ મર્કટબંધરૂપ હાડ અર્થાત્ મર્કટબંધ પર પાટો બાંધી, તેની આરપાર ખીલી મારતાં જેવી મજબૂતી થાય તેના જેવો હાડકાનો બાંધો તે વજ્રઋષભનારાચ સંઘયણ.

૨ ઋષભનારાચ-મર્કટબંધ ઉપર પાટો હોય તેવી મજબૂતાઇવાળો બાંધો. આ સંઘયણમાં વજ્ર(ખીલી) ન હોય.

૩. નારાચ-બંને બાજુ મર્કટબંધની મજબૂતી જેવો હાડકાનો બાંધો.

૪. અર્ધનારાચ-એક બાજુ મર્કટબંધ જેવો હાડકાનો બાંધો.

૫ કીલિકા-મર્કટબંધનો પાટા વગરના બે સાંધાની વચ્ચે આરપાર ખીલી મારેલ હોય તેના જેવી મજબૂતાઈવાળો બાંધો.

૬. સેવાર્ત્ત-સામસામા બે હાડકા સ્પર્શીને રહ્યા હોય તેવું.

અંતિમ છેવટ્ઠા સંઘયણવાળા જીવો વધારેમાં વધારે ભુવનપતિથી માંડીને સૌધર્માદિ પ્રથમના ચાર કલ્પો સુધીમાં જ ઉત્પન્ન થઇ શકે છે; કારણ કે વર્તમાન કાળમાં હુંડક સંસ્થાન હોવાથી જીવોનું વધુમાં વધુ ચાર દેવલોક સુધી ઉત્પન્ન થવાપણું હોય છે.

કીલિકા સંઘયણવાળા જીવો બ્રહ્મ યાવત્ લાંતક સુધીમાં જ ઉત્પન્ન થઇ શકે છે. અર્ધનારાચ સંઘયણવાળો શુક્ર ને સહસ્રાર સુધી, ઋષભનારાચવાળા આરણ અચ્યુત સુધી, વજ્રઋષભ નારાચવાળા ગમે તે ગતિમાં અનુત્તરથી યાવત્ સિદ્ધિસ્થાને પણ ઉપજી શકે છે. જુઓ બૃહત્સંગ્રહણી ગાથા ૧૬૨.

卐

## વિવેચન

(૧) હાડકાંનો અભાવ હોવાથી સંઘયણ ન હોય. કેટલાક આચાર્યો શક્તિને સંઘયણરૂપ માનતા હોવાથી વજ્રઋષભનારાચ માને છે. (૨-૩) ૧. વજ્રઋષભનારાચ, ૨. ઋષભનારાચ, ૩. નારાચ, ૪. અર્ધનારાચ, ૫. કિલિકા અને ૬. સેવાર્ત્ત. મનુષ્યનું પુદ્ગલ અસ્થિમય હોવાથી છએ હોય. (૪) હાડકાંનો અભાવ હોવાથી ન હોય. જુઓ જીવાભિગમ સૂત્ર ૩૨. કેટલાક આચાર્યો છેલ્લું સેવાર્ત સંઘયણ કહે છે. (૫) હાડકાંનો અભાવ હોવાથી ન હોય. (૬-૮) સેવાર્ત સંઘયણ હોય. (૯) છએ સંઘયણ હોય. (૧૦-૧૪) એકેંદ્રિય પ્રમાણે. (૧૫-૨૯) છએ સંઘયણ હોય. (૩૦) વજ્રઋષભનારાચ નામનું એક જ સંઘયણ હોય. પાંચ સંઘયણવાળો જીવ ક્ષપકશ્રેણી ન માંડી શકે તો કેવલપ્રાપ્તિ તો કયાંથી થાય ? ઉપશમશ્રેણીમાં પ્રથમના ત્રણ અને ક્ષપકશ્રેણીમાં એક સંઘયણ હોય છે. (૩૧-૩૫) પૂરેપૂરા હોય. (૩૬) છએ સંઘયણ હોય. (૩૭) આ ચારિત્રવાળાને ફક્ત એક વજ્રઋષભનારાચ સંઘયણ હોય એમ કેટલાક આચાર્યો કહે છે. મતાતરે છએ હોય. (૩૮) પહેલા ત્રણ હોય. ઉપશમ-શ્રેણી માંડનારને છેલ્લા ત્રણ સંઘયણ ન હોય. ક્ષપકશ્રેણી આશ્રયીને એક અગિયારમા ગુણઠાણે યથાખ્યાત ચારિત્ર ગણેલું હોવાથી પહેલા ત્રણ હોય. (૩૯-૪૩) છએ સંઘયણ હોય. (૪૪) કેવળ-જ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫-૫૪) છએ સંઘયણ હોય. (૫૫) વજ્રઋષભનારાચ સંઘયણ હોય. મતાંતરે છએ હોય. (૫૬-૫૯) છએ સંઘયણ હોય. (૬૦) સેવાર્ત વિકલેન્દ્રિયને તથા અસંજ્ઞી તિર્યંચોને સેવાર્ત સંઘયણ હોય. (૬૧) છએ હોય. (૬૨) છઠ્ઠા કર્મગ્રંથમાં ગાથા ૨૮ માં કેવળી સમુદ્ઘાતના ત્રીજા, ચોથા, પાંચમા સમયે વર્તતા કેવળી ભગવંતને કાર્મણ કાયયોગ હોય ત્યાં અનાહારીપણું પણ હોય, પરન્તુ સંઘયણનો ઉદય ન હોય, કારણ કે ત્યાં વીશ પ્રકૃતિનો ઉદય કહ્યો છે. તીર્થંકરને આશ્રયીને ૨૧ નો કહેલ છે, પરન્તુ સંઘયણનો ઉદય ગ્રહણ કર્યો નથી.



## ૩૨. સંઘયણદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૦/૧ | ૨૧ | નપુંસકવેદ | ૬ | ૪૨ | અચક્ષુદર્શન | ૬ |
| ૨ | મનુષ્યગતિ | ૬ | ૨૨ | ક્રોધ | ૬ | ૪૩ | અવધિદર્શન | ૬ |
| ૩ | તિર્યંચ | ૬ | ૨૩ | માન | ૬ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૦/૧ | ૨૪ | માયા | ૬ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬ |
| ૫ | એકેન્દ્રિય | ૦/૧ | ૨૫ | લોભ | ૬ | ૪૬ | નીલલેશ્યા | ૬ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૬ | ૪૭ | કાપોતલેશ્યા | ૬ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૬ | ૪૮ | તેજોલેશ્યા | ૬ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૬ | ૪૯ | પદ્મલેશ્યા | ૬ |
| ૯ | પંચેન્દ્રિય | ૬ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૬ | ૫૦ | શુક્લલેશ્યા | ૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૬ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૬ | ૫૨ | અભવી | ૬ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ | ૫૩ | ઉપશમસમકિત | ૬ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૬ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૬ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૬ | ૫૫ | ક્ષાયિક સમકિત | ૧/૬ |
| ૧૫ | ત્રસકાય | ૬ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૬ | ૫૬ | મિશ્રસમકિત | ૬ |
| ૧૬ | મનયોગ | ૬ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧/૬ | ૫૭ | સાસ્વાદન | ૬ |
| ૧૭ | વચનયોગ | ૬ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ | ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૬ | ૩૮ | યથાખ્યાત | ૩ | ૫૯ | સંજ્ઞી | ૬ |
| ૧૯ | પુરુષવેદ | ૬ | ૩૯ | દેશવિરતિ | ૬ | ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ | ૪૦ | અવિરતિ | ૬ | ૬૧ | આહારી | ૬ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૬ | ૬૨ | અણાહારી | ૧ |

## ૩૩. દૃષ્ટિદ્વાર

**પરિચય** दृश्यते यया सा दृष्टिः ।

જેનાવડે પદાર્થોનું સત્ય અથવા અસત્ય સ્વરૂપ દેખાય તે દૃષ્ટિ કહેવાય. તે ત્રણ પ્રકારની છે.

૧. મિથ્યાદૃષ્ટિ-વસ્તુ હોય તેના કરતાં ખોટો આભાસ-ખ્યાલ. મદિરા પીધેલા પ્રાણી ઉન્મત્ત થઈને માતાને સ્ત્રી જાણે અને સ્ત્રીને માતા જાણે તેમ મિથ્યાત્વરૂપી મદિરાથી વાસિત થયેલ પ્રાણી સતને અસત્ અને અસતને સત્ તેમજ ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ જાણે છે.

૨. સમ્યગ્દૃષ્ટિ-ખરો ખ્યાલ મિથ્યાત્વ મોહનીય વિગેરે સાત પ્રકૃતિના ઉપશમથી, ક્ષયોપશમથી કે ક્ષયથી આ દૃષ્ટિ પ્રગટે છે. સત, અસત, અધર્મ, ધર્મ વિગેરે પદાર્થો જેવાં રૂપમાં હોય તેને તેવા રૂપમાં સમજે.

૩. મિશ્રદૃષ્ટિ-કાંઈક સાચો અને કાંઈક ખોટો ખ્યાલ. મિશ્ર મોહનીયના ઉદયથી વસ્તુતત્ત્વ સમજવામાં મધ્યમ રહે. સર્વજ્ઞ ભગવંતે કહેલા તત્ત્વ પ્રત્યે રુચિ નહીં, તેમ અરુચિપણુ નહીં.

મિશ્રદૃષ્ટિ માટે શતક બૃહત્ચૂર્ણિમાં કહ્યું છે કે-જેમ નાલિયર દ્વીપનો રહેવાસી મનુષ્ય ક્ષુધાવાળો હોય તો પણ અહિંઆ આવેલ તે મનુષ્યને ઓદન વિગેરે આપો તો તેને તે આહાર ઉપર રૂચી ન થાય અર્થાત્ સારો પણ લાગતો નથી તેમ અરૂચી પણ થતી નથી કારણ કે એવો આહાર એણે દેખ્યો નથી તેમ સાંભળ્યો નથી. એ પ્રમાણે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવને પણ જીવાદિ પદાર્થો ઉપર રૂચી થતી નથી તેમ અરૂચી પણ થતી નથી.

卐

### વિવેચન

(૧-૪) સમ્યગ્દૃષ્ટિ, મિથ્યદૃષ્ટિ ને મિશ્રદૃષ્ટિ ત્રણે હોય. જુઓ પન્નવણા સૂત્ર ૧૯ પદ સમ્યકત્વપદ (૫) મિથ્યાદૃષ્ટિ હોય. પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાયમાં સમ્યગ્દૃષ્ટિ માની છે; કારણ કે તે સાસ્વાદન ગુણઠાણે આવે છે. આ મતાંતરે બંને દૃષ્ટિ હોય. જુઓ કર્મગ્રંથ ગાથા ૧૯માં પૃથ્વી, અપ્ અને વનસ્પતિને સાસ્વાદન ગુણસ્થાન કહ્યું. છે. (૬-૮) પન્નવણા સૂત્રમાં ૧૯ પદ સમ્યકત્વ પદમાં બેઇન્દ્રિયમાં સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ બને કહ્યા છે. મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ દર્શાવેલ છે. (૯) ત્રણે દૃષ્ટિ હોય, પરંતુ સંમૂચ્છિંમ મનુષ્યોને મિથ્યાત્વદૃષ્ટિ તથા સંમૂચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિયને મિથ્યાત્વ તથા સમ્યગ્દૃષ્ટિ બંને હોય. (૧૦-૧૧) મિથ્યદૃષ્ટિ હોય. મતાંતરે સાસ્વાદન ગુણઠાણે સમ્યગ્દૃષ્ટિ. જુઓ. પન્નવણા સૂત્ર પદ ૧૯ મું (૧૨-૧૩) મિથ્યાદૃષ્ટિ હોય (૧૪) મિથ્યાદૃષ્ટિ હોય, મતાંતરે સાસ્વાદન ગુણઠાણે સમ્યગ્દૃષ્ટિ (૧૫) ગર્ભજ સંજ્ઞીને ત્રણે દૃષ્ટિ હોય. સંમૂચ્છિંમ મનુષ્ય સિવાય અસંજ્ઞી દ્વીન્દ્રિયાદિને સમ્યગ્ અને મિથ્યાદૃષ્ટિ એ બે જ હોય. (૧૬-૨૫) ત્રણે દૃષ્ટિ હોય (૨૬-૩૦) સમ્યગ્દૃષ્ટિ હોય કારણ કે સમ્યગ્દૃષ્ટિ હોય તો જ મત્યાદિ જ્ઞાન થાય (૩૧-૩૩) મિથ્યાદૃષ્ટિ હોય. (૩૪-૩૯) સમ્યગ્દૃષ્ટિ હોય. (૪૦-૪૨) ત્રણે દૃષ્ટિ હોય. (૪૩-૪૪) સમ્યગ્દૃષ્ટિ હોય. (૪૫-૫૧) ત્રણે દૃષ્ટિ હોય (૫૨) મિથ્યાદૃષ્ટિ હોય (૫૩-૫૫) સમ્યગ્દૃષ્ટિ હોય (૫૬) મિશ્રદૃષ્ટિ હોય (૫૭) સમ્યગ્દૃષ્ટિ (૫૮) મિથ્યાદૃષ્ટિ (૫૯) ત્રણે દૃષ્ટિ (૬૦) મિથ્યાત્વદૃષ્ટિ. સાસ્વાદન ગુણસ્થાનક ગણીએ તો સમ્યગ્દૃષ્ટિ વધતાં બે દૃષ્ટિ હોય કેમકે કર્મગ્રંથ ૩, ગાથા ૨૪માં અસંજ્ઞી જીવોને પ્રથમના બે ગુણસ્થાનક કહ્યા તે અભિપ્રાયે બે દૃષ્ટિ સંભવે; કારણ કે અસંજ્ઞીને કરણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન પણ હોય. કોઇ સમકિત લઇને જીવ ઉત્પન્ન થતાં હોય તો સંભવે. આ સમકિત ઉપસમ સમજવું (૬૧) ત્રણે દૃષ્ટિ હોય. (૬૨) સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય. મિશ્રદૃષ્ટિ અનાહારી માર્ગણામાં ન હોય.

## ૩૩. દષ્ટિદ્વાર

| નંબર | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૩ | ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૩ | ૨૨ | ક્રોધ | ૩ | ૪૩ | અવધિદર્શન | ૧ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૨૩ | માન | ૩ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૩ | ૨૪ | માયા | ૩ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૧/૨ | ૨૫ | લોભ | ૩ | ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૧/૨ | ૨૬ | મતિજ્ઞાન | ૧ | ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૧/૨ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧ | ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧/૨ | ૨૮ | અવધિજ્ઞાન | ૧ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧/૨ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૩ |
| ૧૧ | અપ્કાય | ૧/૨ | ૩૧ | મતિઅજ્ઞાન | ૧ | ૫૨ | અભવી | ૧ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧ | ૫૩ | ઉપશમસમકિત | ૧ |
| ૧૩ | વાયુકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૧ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧/૨ | ૩૪ | સામાયિક | ૧ | ૫૫ | ક્ષાયક સમકિત | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૩ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૫૬ | મિશ્રસમકિત | ૧ |
| ૧૬ | મનયોગ | ૩ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૫૭ | સાસ્વાદન | ૧ |
| ૧૭ | વચનયોગ | ૩ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૧ |
| ૧૮ | કાયયોગ | ૩ | ૩૮ | યથાખ્યાત | ૧ | ૫૯ | સંજ્ઞી | ૩ |
| ૧૯ | પુરુષવેદ | ૩ | ૩૯ | દેશવિરતિ | ૧ | ૬૦ | અસંજ્ઞી | ૧/૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૩ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૬૨ | અણાહારી | ૨ |

# ૩૪. મૂળભાવદ્વાર

## પરિચય

**विशिष्टहेतुभिः स्वतो वा जीवानां तद्तद्रूपतया भवनानि भवन्ति एभिः उपशमादिभिः पर्यायैरिति वा भावाः ॥**

વિશિષ્ટ કારણોને અંગે અથવા પોતાની મેળે જીવોનું તે તે રૂપે થવું તે ભાવ કહેવાય છે અર્થાત્ ઉપશમ વિગેરે પર્યાયોથી જે થાય તે ભાવ કહેવાય છે. આ ભાવ પાંચ પ્રકારના છે.

૧. ઔપશમિક-મોહનીય કર્મનો ઉપશમ થવાથી-તેને રોકી રાખવાથી ઉત્પન્ન થતો ભાવ.

૨ ક્ષાયિક-જ્ઞાનાવરણી વિગેરે ચાર ઘાતી કર્મોનો ક્ષય થવાથી ઉત્પન્ન થતો ભાવ અથવા કર્મોનો આત્યંતિક ઉચ્છેદ તે ક્ષય, આને પણ ક્ષાયિક ભાવ કહેવાય છે.

૩. ક્ષાયોપશમિક ( મિશ્ર )-સર્વ ઘાતી સ્પર્ધકોમાંના જે સ્પર્ધકો ઉદયમાં આવ્યા હોય તેનો ક્ષય કર્યા પછી અને જે ઉદયમાં ન આવ્યા હોય, જેને ઉપશમાવી દઇ સત્તામાં રાખી મૂકયા બાદ દેશઘાતી સ્પર્ધકોનો ઉદય થતાં આ ભાવ ઉત્પન્ન થાય છે. પ્રદેશ ( વેદનરૂપ ) ઉદયની આવિર્ભૂત દશામાં અર્થાત્ અમુક કર્મોનો પ્રદેશ ઉદય થતાં વિપાક( વેદનરૂપ ) ઉદય દરમ્યાન જે સ્પર્ધકો ઉદયમાં આવ્યા હોય તેનો નાશ કરવાથી અને જે ઉદયમાં ન આવ્યા હોય તેને રોકી રાખવાથી જે ભાવ ઉત્પન્ન થાય તે ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે. આ ભાવ ચાર ઘાતી કર્મનો હોય છે.

૪ ઔદયિક-ભાવ-કર્મના વિપાકોદયથી જે અનુભવ કરવો તે અર્થાત્ કર્મ વિપાકનો આવિર્ભાવ કરવામાં એટલે કે કર્મને વિપાક દશામાં બાળવામાં જે ભાવ કારણભૂત હોય તેને ઔદયિક ભાવ કહેવામાં આવે છે. આ ભાવ આઠે કર્મનો હોય છે.

૫. પારિણામિક ભાવ-જીવાદિ પદાર્થોના સ્વરૂપનો અનુભવ કરાવવામાં જે ભાવ અભિમુખ હોય તે.

આ પાંચે ભાવો પૈકી પ્રથમનાં ત્રણ કર્મના ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ થવાથી પ્રગટે છે. ચોથો ભાવ પોતે ઉપાર્જન કરેલા કર્મના ઉદયથી ઉદ્‌ભવે છે. પાંચમો ભાવ નિમિત્ત વિનાનો છે.

આ ભાવો ઉપરાંત કેટલાક વેદક નામનો છઠ્ઠો ભાવ માને છે, જેનું લક્ષણ આ પ્રમાણે-અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના પુંજનો નાશ થયા પછી સમ્યક્ત્વ મોહનીયના પુંજના ક્ષયરૂપ કાર્યના અંતિમ સમયમાં આ પુંજમાંથી તે સમયે બાકી રહેલા પુદ્‌ગલોનો જે વેદનરૂપ અનુભવ તે વેદકભાવ છે. કેટલાકો આ ભાવનો ક્ષાયોપશમિક ભાવમાં જ સમાવેશ કરે છે.

કેટલાક ગ્રંથકારો વેદકને બદલે સાંનિપાતિક ભાવને છઠ્ઠા તરીકે જણાવે છે. તેનું લક્ષણ આ પ્રમાણે-ઔદયિકાદિ ભાવો પૈકી બે ત્રણ ઇત્યાદિ ભાવોના મેળાપ સંયોગને સાંનિપાતિક કહેવાય. આ સાંયોગિક ભાવ હોવાથી કેટલાક આચાર્યો તેની મૂળ ભાવમાં ગણત્રી કરતા નથી.

卐

## વિવેચન

( ૧-૪ ) ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવ હોય છે. (૫) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. ઉપશમ સમકિતમાં કોઇ જીવ મૃત્યુ પામતો નથી. તેથી એકેંદ્રિયમાં આવે નહિં અને એકેંદ્રિયમાં ઉપશમ સમકિત થાય નહીં એટલે તે ન હોય. વળી ક્ષાયિકભાવ પણ ન હોય. કર્મગ્રંથકાર એકેંદ્રિયને અપર્યાપ્તાવસ્થામાં થોડો કાળ સાસ્વાદન માને છે તેથી ક્ષયોપશમભાવ હોય. (૬-૮) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક. (૯) પાંચે ભાવ હોય. (૧૦-૧૧) એકેંદ્રિય પ્રમાણે જાણવું. (૧૨) તેઉકાયને ક્ષયોપશમભાવે મતિ-અજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય તેથી તેઓને ત્રણ ભાવ હોય. (૧૩-૧૪) એકેંદ્રિય પ્રમાણે જાણવું. (૧૫-૨૯) પાંચે હોય. (૩૦) ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક હોય. (૩૧) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૩૨-૩૩) ક્ષયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૩૪-૩૫) પૂરેપૂરા હોય. (૩૬) ઉપશમભાવનું ચારિત્ર ને સમકિત બંને ન હોવાથી ઉપશમભાવ ન હોય. શેષ ચાર ભાવ સમજવા. (૩૭-૪૩) પૂરેપૂરા. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫-૫૧) પુરેપૂરા. (૫૨) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૫૩) પૂરેપૂરા હોય. (૫૪) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૫૫) પૂરેપૂરા હોય. (૫૬-૫૮) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક હોય. (૬૧) પાંચે હોય. (૬૨) ઔપશમિક વિનાના ચારે ભાવો હોય. કેવળીભગવંતને આ ભાવ ન હોય તેમજ આ ભાવ પરભવમાં પણ સાથે જતો નથી.

## ૩૪. મૂળભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૨૨ | ક્રોધ | ૫ | ૪૩ | અવધિદર્શન | ૫ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૨૩ | માન | ૫ | ૪૪ | કેવળદર્શન | ૩ |
| ૪ | નરકગતિ | ૫ | ૨૪ | માયા | ૫ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૫ | એકેન્દ્રિય | ૩ | ૨૫ | લોભ | ૫ | ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ | ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૪૮ | તેજોલેશ્યા | ૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩ | ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૪૯ | પદ્મલેશ્યા | ૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૫૦ | શુકલલેશ્યા | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩ | ૩૦ | કેવળજ્ઞાન | ૩ | ૫૧ | ભવી | ૫ |
| ૧૧ | અપ્કાય | ૩ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩ | ૫૨ | અભવી | ૩ |
| ૧૨ | તેઉકાય | ૩ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩ | ૫૩ | ઉપશમસમકિત | ૫ |
| ૧૩ | વાઉકાય | ૩ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૩ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩ | ૩૪ | સામાયિક | ૫ | ૫૫ | ક્ષાયિક સમકિત | ૫ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ | ૫૬ | મિશ્રસમકિત | ૩ |
| ૧૬ | મનયોગ | ૫ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪ | ૫૭ | સાસ્વાદન | ૩ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૫ | ૫૮ | મિથ્યાત્વ | ૩ |
| ૧૮ | કાયયોગ | ૫ | ૩૮ | યથાખ્યાત | ૫ | ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૫ | ૩૯ | દેશવિરતિ | ૫ | ૬૦ | અસંજ્ઞી | ૩ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૪૦ | અવિરતિ | ૫ | ૬૧ | આહારી | ૫ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૬૨ | અણાહારી | ૪ |

# ૩૫ ઉપશમભાવદ્વાર

## પરિચય

[ ઔપશમિક ભાવના બે ભેદ છેઃ ૧ ઔપશમિક સમ્યક્ત્વ અને ૨. ઔપશમિક ચારિત્ર.

મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી કર્મોના પ્રદેશોદય તેમજ વિપાકોદયને રોકી રાખનાર ભાવ ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. નારકના જીવોને તેમનો જન્મ થયા પછી અંતર્મુહૂર્ત કાળ વ્યતીત થયા બાદ આ સમ્યક્ત્વ પ્રાપ્ત થઇ શકે છે. પૂર્વભવોનું સ્મરણ, દેવ-રૂપી મિત્રનું આગમન અને તેણે આપેલો ઉપદેશ તેમજ તીવ્ર વેદનાનો અનુભવ-આ ત્રણ કારણો પહેલી ત્રણ નરક સુધીના જીવોને સમ્યક્ત્વ ઉત્પન્ન થવાના બાહ્ય કારણો છે. જ્યારે ચાર નરકના જીવોને પહેલું તથા ત્રીજું કારણ હેતુભૂત થાય છે. તિર્યંચોને આવું સમ્યક્ત્વ સંભવી શકે છે અને જાતિસ્મરણજ્ઞાન, ઉપદેશ કે તીર્થંકરાદિકની મૂર્તિનું દર્શન બાહ્ય હેતુઓ છે. દેવોને પણ નારકીની માફક જન્મ પછી અંતર્મુહૂર્ત કાળ વીત્યા પછી આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમકિત પ્રાપ્ત થતું નથી. તેમાં નારકોમાં ત્રણ કારણો જણાવ્યા તે ઉપરાંત એ દેવ સંબંધી દિવ્ય શક્તિનું દર્શન-એ ચોથું કારણ સમજવું. આ હકીકત બારમા દેવલોક પર્યંત ઘટી શકે છે. ગ્રૈવેયકવાસી દેવોમાં તો સ્મરણ અને ઉપ-દેશ એ બે જ કારણો જાણવા. ચારિત્ર મોહનીય કર્મના ઉપશમથી ઉત્પન્ન થતો ભાવ "ઔપ-શમિક ચારિત્ર" છે. આ ચારિત્ર ઉપશમશ્રેણી માંડે ત્યારે જ પ્રાપ્ત થાય છે.

## વિવેચન

(૧) ઉપશમ સમકિત હોય. ઉપશમ ચારિત્ર ન હોય, કારણ કે ચારિત્ર તો મનુષ્યભવમાં જ હોય. (૨) ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્ર બંને હોય. (૩-૪) ઉપશમ સમકિત. (૫-૮) બંનેમાંથી એક પણ ન હોય. (૯) બંને હોય. (૧૦-૧૪) કાંઇ ન હોય. (૧૫-૨૯) બંને હોય. (૩૦-૩૩) ન હોય. (૩૪-૩૫) બંને હોય. (૩૬) ન હોય. (૩૭-૩૮) બંને હોય. (૩૯) ઉપ-શમ સમકિત હોય, ઉપશમ ચારિત્ર ન હોય, કારણ કે તે નવથી અગિયારમે ગુણઠાણે હોય છે. આ તો પાંચમું ગુણસ્થાનક છે. (૪૦) ઉપશમ સમકિત હોય. (૪૧-૪૩) બંને હોય. (૪૪) કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫-૪૯) ઉપશમ સમકિત હોય. (૫૦-૫૧) બંને હોય. (૫૨) ન હોય. (૫૩) બંને હોય. (૫૪) ન હોય. (૫૫-૫૮) ઉપશમભાવનું ચારિત્ર હોય. (૫૯) બંને હોય. (૬૦) ન હોય, (૬૧) બંને હોય. (૬૨) ન હોય.



## ૩૫. ઉપશમભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ | ૨૧ | નપુંસકવેદ | ૨ | ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૨ | ૨૨ | ક્રોધ | ૨ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૧ | ૨૩ | માન | ૨ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૨ | ૪૫ | કૃષ્ણલેસ્યા | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૨ | ૪૬ | નીલલેસ્યા | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪૭ | કાપોતલેસ્યા | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪૮ | તેજોલેસ્યા | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેસ્યા | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨ | ૫૦ | શુક્લલેસ્યા | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૨ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૦ | ૫૨ | અભવી | ૦ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૦ | ૫૩ | ઉપશમસમકિત | ૨ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૨ | ૫૫ | ક્ષાયકસમકિત | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૨ | ૫૬ | મિશ્રસમકિત | ૦ |
| ૧૬ | મનયોગ | ૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૫૭ | સાસ્વાદન | ૦ |
| ૧૭ | વચનયોગ | ૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૦ |
| ૧૮ | કાયયોગ | ૨ | ૩૮ | યથાખ્યાત | ૨ | ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ | ૩૯ | દેશવિરતિ | ૧ | ૬૦ | અસંજ્ઞી | ૦ |
| ૨૦ | સ્રીવેદ | ૨ | ૪૦ | અવિરતિ | ૧ | ૬૧ | આહારી | ૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨ | ૬૨ | અણાહારી | ૦ |

## ૩૬ ક્ષાયિકભાવ-દ્વાર.

ક્ષાયિક ભાવના નવ ભેદો છે. (૧) સમ્યક્ત્વ, (૨) ચારિત્ર, (૩) જ્ઞાન, (૪) દર્શન, (૫) દાન, (૬) લાભ, (૭) ભોગ, (૮) ઉપભોગ, (૯) વીર્ય.

૧ ક્ષાયિક સમ્યક્ત્વ-ચાર અનંતાનુબંધી કષાયો અને ત્રણે પ્રકારના દર્શનમોહનીય ( સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને મિશ્ર )-એ સાતના ક્ષયથી ઉત્પન્ન થતો ભાવ.

૨ ક્ષાયિક ચારિત્ર-ચારિત્રમોહનીય કર્મનો સર્વાંશે ક્ષય થવાથી ઉત્પન્ન થતો ભાવ. આ ચારિત્રને ' યથાખ્યાત ચારિત્ર ' કહેવામાં આવે છે.

૩ ક્ષાયિક જ્ઞાન-સમસ્ત જ્ઞેય ( જાણવા લાયક ) પદાર્થોને ગ્રહણ કરનારા તેમજ સકલ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતો ભાવ. આનું બીજું નામ ' કેવળજ્ઞાન ' છે.

૪ ક્ષાયિક દર્શન-સમસ્ત દર્શનાવરણીય કર્મનો ક્ષય થતાં ઉત્પન્ન થતો ભાવ. આનું બીજું નામ ' કેવળદર્શન ' છે.

૫. ક્ષાયિક દાન એક જ તૃણના અગ્રભાગ માત્રથી ત્રિભુવનને વિસ્મય પમાડે તેવી યાચકજનને સંતોષ પમાડવાની શક્તિ.

૬. ક્ષાયિક લાભ-લાભાંતરાય કર્મનો સંપૂર્ણતઃ નાશ થતાં જે અચિંત્ય માહાત્મ્ય ( વિભૂતિ ) ઉત્પન્ન થાય છે તેના આવિર્ભાવોને ' ક્ષાયિક લાભ ' કહેવામાં આવે છે.

૭. ક્ષાયિક ભોગ-સમસ્ત ભોગાંતરાય કર્મનો ક્ષય થવાથી જે યથેચ્છ સુખનો અનુભવ થાય તે ક્ષાયિક ભોગ જાણવો. તીર્થંકરના સંબંધમાં પુષ્પવૃષ્ટિ ઈત્યાદિ પ્રાતિહાર્યોના કારણભૂત આ ક્ષાયિકભોગ જાણવો.

૮. ક્ષાયિક ઉપભોગ-ઉપભોગાંતરાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થનાર અને વિષય સંપત્તિની વિદ્યમાન દશામાં પણ ઉત્તરગુણના પ્રકર્ષથી લોકોત્તર સંપત્તિનો જે ઉપભોગરૂપ અનુભવ થાય તે ક્ષાયિક ઉપભોગ કહેવાય છે.

૯, ક્ષાયિક વીર્ય-વીર્યાંતરાય કર્મના નાશથી ઉદ્ભવતી અપ્રતિહત શક્તિ તે ક્ષાયિક વીર્ય.

卐

## વિવેચન

(૧) ક્ષાયિક સમકિત હોય; બાકીના આઠ ન હોય. (૨) ૧ કેવળજ્ઞાન, ૨ કેવળદર્શન, ૩ દાન, ૪ લાભ, ૫ ભોગ, ૬ ઉપભોગ, ૭ વીર્ય, ૮ ક્ષાયક સમકિત અને ૯ ક્ષાયક ચારિત્ર હોય. (૩-૪) ક્ષાયક સમકિત. (૫-૮) નવમાંથી એક પણ ભેદ ન હોય. (૯) નવે ભેદ હોય. (૧૦-૧૪) એકે ન હોય. (૧૫) પૂરેપૂરા હોય. (૧૬-૧૮) પૂરેપૂરા હોય. કેવલીભગવાનને દ્રવ્ય મન વચનાદિ હોય. (૧૯-૨૫) ક્ષાયક સમકિત જ હોય, ક્ષાયક ભાવના ચારિત્રીને વેદોદય માનેલ ન હોવાથી શેષ ન હોય (૨૬-૨૯) ક્ષાયક ચારિત્ર અને ક્ષાયક સમકિત હોય. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન ૧૨ મે ગુણસ્થાનક સુધી હોય માટે ક્ષાયિક ચારિત્ર હોય. ( ૩૦ ) પૂરેપૂરા હોય. ( ૩૧-૩૩ ) એકે ન હોય. ( ૩૪-૩૭ ) ક્ષાયક સમકિત હોય. (૩૮) પૂરેપૂરા હોય. (૩૯-૪૦) ક્ષાયક સમકિત. (૪૧-૪૩) ક્ષાયક ચારિત્ર તથા ક્ષાયક સમકિત હોય. ગુણસ્થાન ૧ થી ૧૨ હોય માટે ક્ષાયિક ભાવનું ચારિત્ર હોય. (૪૪) પૂરેપૂરા હોય. (૪૫-૪૯) ક્ષાયક સમકિત હોય. (૫૦-૫૧) પૂરેપૂરા હોય (૫૨-૫૪) એકે ન હોય. (૫૫) પૂરેપૂરા હોય. (૫૬-૫૮) એકે ન હોય. (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) એકે ન હોય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) પૂરેપૂરા હોય. કેવળી સમુદ્ઘાત કરે ત્યારે અને ચૌદમે ગુણસ્થાને તેમજ વક્રગતિમાં કોઈ જીવ ક્ષાયક સમકિત સાથે લઈ જાય તે અપેક્ષાએ એક.


### શ્રી ધર્મમહોદય—

નવયુગ પ્રવર્ત્તક શાસ્ત્રવિશારદ જૈનાચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું પવિત્ર જીવનચરિત્ર સંસ્કૃત ભાષામાં તેમના શિષ્યરત્ન સ્વર્ગીયશ્રી રત્નવિજયજી મહારાજની કૃતિ છે. કાવ્ય પધ્ધતિના અનેક જુદા જુદા છંદોમાં સુંદર રીતે કવન કરાએલું છે. અવશ્ય એક વખત મંગાવી અભ્યાસ કરવા લાયક ગ્રંથ છે. કિં. ૦-૪-૦

લખોઃ—યશોવિજય જૈન ગ્રંથમાળા

હેરીસરોડ, ભાવનગર.

## ૩૬. ક્ષાયકભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ | ૨૧ | નપુંસકવેદ | ૧ | ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૯ | ૨૨ | ક્રોધ | ૧ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૧ | ૨૩ | માન | ૧ | ૪૪ | કેવળદર્શન | ૯ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૧ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૧ | ૪૬ | નીલલેશ્યા | ૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪૮ | તેજોલેશ્યા | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨ | ૫૦ | શુક્લલેશ્યા | ૯ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૯ | ૫૧ | ભવી | ૯ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૦ | ૫૨ | અભવી | ૦ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૦ | ૫૩ | ઉપશમસમક્તિ | ૦ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૦ | ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૧ | ૫૫ | ક્ષાયકસમક્તિ | ૯ |
| ૧૫ | ત્રસકાય | ૯ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૫૬ | મિશ્રસમકિત | ૦ |
| ૧૬ | મનયોગ | ૯ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૫૭ | સાસ્વાદન | ૦ |
| ૧૭ | વચનયોગ | ૯ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૦ |
| ૧૮ | કાયયોગ | ૯ | ૩૮ | યથાખ્યાત | ૯ | ૫૯ | સંજ્ઞી | ૯ |
| ૧૯ | પુરુષવેદ | ૧ | ૩૯ | દેશવિરતિ | ૧ | ૬૦ | અસંજ્ઞી | ૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧ | ૪૦ | અવિરતિ | ૧ | ૬૧ | આહારી | ૯ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨ | ૬૨ | અણાહારી | ૯/૧ |

# ૩૭. ક્ષયોપશમભાવદ્વાર

## પરિચય

ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદો છે.—૧-૪ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન. ૫-૭ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. ૮-૧૦ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન. ૧૧-૧૫ દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિ. ૧૬ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ૧૭ ક્ષાયોપશમિક ચારિત્ર અને ૧૮ દેશવિરતિ.

૧-૪ મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાનાદિક ક્ષાયોપશમિક જ્ઞાન પ્રગટે છે.

૫-૭ જ્ઞાનથી વિપરીત અને અજ્ઞાન. મતિજ્ઞાનથી વિપરીત મતિઅજ્ઞાન, શ્રુતજ્ઞાનથી વિપરીત શ્રુતઅજ્ઞાન અને અવધિજ્ઞાનથી વિપરીત વિભંગજ્ઞાન કહેવાય છે. આની ઉત્પત્તિ પણ મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય અને અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જ થાય છે, પરંતુ તેના સ્વામી જીવો મિથ્યાત્વયુક્ત હોવાથી અને તેને અમુક પ્રકારનું વિપરીત ભાસન પણ થતું હોવાથી અજ્ઞાન કહેવાય છે.

૮-૧૦ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન-એ ત્રણ દર્શનો દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે તેથી તે ક્ષાયોપશમિક દર્શન છે. (કેવળજ્ઞાન ને દર્શન ક્ષાયક હોવાથી તેને અહીં ગણાવ્યા નથી.)

૧૧-૧૫ પાંચ પ્રકારના અંતરાય કર્મના ક્ષયોપશમ દ્વારા પાંચે લબ્ધિ પ્રગટે છે.

૧૬. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ એ બંનેનાં સર્વઘાતી સ્પર્ધકોમાંનાં જે સ્પર્ધકો ઉદયમાં આવ્યા હોય તેનો ક્ષય કરીને અને ઉદયમાં ન આવ્યાં હોય તેનો ઉપશમ કરીને દેશઘાતી સ્પર્ધકના ઉદય દરમ્યાન પદાર્થને વિષે જે શ્રધ્ધા ઉત્પન્ન થાય છે તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

૧૭. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની ચોકડી-એ બાર પ્રકારના કષાયમાંથી જે કોઈ કષાય ઉદયમાં આવ્યા હોય તેનો નાશ કર્યા પછી અને જે ઉદયમાં ન આવ્યા હોય તેને ઉપશમાવીને સંજ્વલન કષાય તેમજ નવ નોકષાય એમાંનાં કોઇનો પણ યથાયોગ્ય ઉદય રહેતે છતે સાવદ્ય યોગોમાંથી સર્વથા નિવૃત્ત રહેવારૂપ પરિણામને ક્ષાયોપશમિક ચારિત્ર કહેવામાં આવે છે.

૧૮ દેશવિરતિ-અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની ક્રોધાદિ કષાયરૂપ આઠ કષાયોનાં સર્વઘાતી સ્પર્ધકમાંથી જે સ્પર્ધકો ઉદયમાં આવ્યા હોય તેનો નાશ કરીને અને જે સ્પર્ધકો ઉદયમાં ન આવ્યાં હોય તેને રોકી રાખીને અર્થાત્ ઉપશમાવીને પ્રત્યાખ્યાનાદિક દેશઘાતી સ્પર્ધકોમાંનાં કોઇપણ ઉદયમાં વર્તતા હોય તે દશામાં દેશથી વિરતિરૂપ પરિણામને દેશવિરતિ અથવા ગૃહસ્થધર્મ કહેવામાં આવે છે.

卐

## વિવેચન

(૧) મનઃપર્યવ, દેશવિરતિ અને સર્વવિરતિ સિવાયના શેષ પંદર હોય. (૨) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ક્ષયોપશમ સમકિત, ક્ષયોપશમ ચારિત્ર અને દેશવિરતિ-અઢારે હોય. (૩) ક્ષયોપશમ ચારિત્ર તથા મનઃપર્યવ સિવાય શેષ હોય. (૪) દેવની માફક જાણવું. (૫-૭) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય અને અચક્ષુદર્શન હોય. બાકીનાં દશ ભેદ ન હોય.(૮)એકેંદ્રિય કરતાં ચક્ષુદર્શન વધુ હોય (૯)પૂરેપૂરા હોય. (૧૦-૧૪)એકેંદ્રિય પ્રમાણે જાણવા. (૧૫-૨૫) પૂરેપૂરા હોય. (૨૬-૨૮) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન-એ ત્રણ અજ્ઞાન સિવાયનાં શેષ પંદર હોય. (૨૯) ત્રણ અજ્ઞાન અને દેશવિરતિ સિવાયના શેષ ચૌદ હોય. (૩૦) એક પણ ન હોય. (૩૧) ત્રણ અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન તેમજ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિ. કુલ દશ હોય. (૩૨-૩૩) મતિઅજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૪-૩૬) ત્રણ અજ્ઞાન અને દેશવિરતિ સિવાયનાં ચૌદ હોય (૩૭)ત્રણ અજ્ઞાન, દેશવિરતિ અને ક્ષયોપશમ સમકિત ન હોય; શેષ હોય. (૩૮)ત્રણ અજ્ઞાન, દેશવિરતિ, ક્ષયોપશમ ચારિત્ર અને સમકિત ન હોય.(૩૯)ત્રણ અજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ક્ષયોપશમ ચારિત્ર સિવાયના શેષ હોય.(૪૦)ક્ષયોપશમ ચારિત્ર, દેશવિરતિ અને મનઃપર્યવજ્ઞાન સિવાયનાં હોય. (૪૧-૪૨) પૂરેપૂરા હોય. (૪૩) ત્રણ અજ્ઞાન ન હોય; શેષ પંદર હોય.(૪૪) એક પણ ન હોય. (૪૫-૫૧) પૂરેપૂરા હોય. (૫૨) ત્રણ અજ્ઞાન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, એ પાંચ લબ્ધિ, ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શન-દશ હોય. (૫૩) ત્રણ અજ્ઞાન, ક્ષયોપશમ સમકિત સિવાયનાં શેષ ચૌદ હોય. (૫૪) ત્રણ અજ્ઞાન સિવાય બધાં હોય. (૫૫) ત્રણ અજ્ઞાન તથા ક્ષયોપશમ સમકિત સિવાયનાં શેષ હોય. (૫૬) બાર ભેદ લાભે. દાનાદિ પાંચ લબ્ધિ, મિશ્રસમકિત, કેવળ વિના ત્રણ દર્શન, જ્ઞાન અને અજ્ઞાનથી મિશ્ર એવા ત્રણ જ્ઞાન. અહિં આ કોઇ વખતે જ્ઞાનનો અંશ વધુ હોય છે તો કોઇ વખતે અજ્ઞાનની વિશેષતા હોય છે. કોઇ વખતે જ્ઞાન અજ્ઞાન સમાન હોય છે, આ પ્રમાણે ૧૨ ભાવ હોય તથાપિ જ્ઞાનાંશની બહુલતાની અપેક્ષાએ વિજ્ઞ પુરુષોએ અહિં ગુણાશ્રયીભૂત મિશ્ર ગુણસ્થાને જ્ઞાનત્રય કહેલ છે. આ મિશ્રગુણસ્થાને જે દર્શનત્રય કહેલ છે તે સૈદ્ધાંતિક મતની અપેક્ષાએ ( વિભંગ જ્ઞાનમાં અવધિદર્શન માનેલું હોવાથી ) સમજવાં. જુઓ ભાવલોકપ્રકાશ સર્ગ ૩૬ શ્લોક ૧૭૦ થી. (૫૭-૫૮) ત્રણ અજ્ઞાન, અવધિદર્શન વિના બે દર્શન, પાંચ લબ્ધિઓ. જુઓ ભાવલોક પ્રકાશ સર્ગ ૩૬ (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) અજ્ઞાન બે, બે દર્શન ને પાંચ લબ્ધિ. (૬૧) પૂરેપૂરા. (૬૨) મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, ક્ષયોપશમ ચારિત્ર ને દેશવિરતિપણું ન હોય; શેષ ચૌદ હોય.

## ૩૭. ક્ષયોપશમભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૫ | ૨૧ | નપુંસકવેદ | ૧૮ | ૪૨ | અચક્ષુદર્શન | ૧૮ |
| ૨ | મનુષ્યગતિ | ૧૮ | ૨૨ | ક્રોધ | ૧૮ | ૪૩ | અવધિદર્શન | ૧૫ |
| ૩ | તિર્યંચગતિ | ૧૬ | ૨૩ | માન | ૧૮ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૧૫ | ૨૪ | માયા | ૧૮ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૮ |
| ૫ | એકેન્દ્રિય | ૮ | ૨૫ | લોભ | ૧૮ | ૪૬ | નીલલેશ્યા | ૧૮ |
| ૬ | બેઇન્દ્રિય | ૮ | ૨૬ | મતિજ્ઞાન | ૧૫ | ૪૭ | કાપોતલેશ્યા | ૧૮ |
| ૭ | તેઇન્દ્રિય | ૮ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૧ | ૪૮ | તેજોલેશ્યા | ૧૮ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૯ | ૨૮ | અવધિજ્ઞાન | ૧૫ | ૪૯ | પદ્મલેશ્યા | ૧૮ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૮ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૪ | ૫૦ | શુકલલેશ્યા | ૧૮ |
| ૧૦ | પૃથ્વીકાય | ૮ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૧૮ |
| ૧૧ | અપ્કાય | ૮ | ૩૧ | મતિઅજ્ઞાન | ૧૦ | ૫૨ | અભવી | ૧૦ |
| ૧૨ | તેઉકાય | ૮ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૦ | ૫૩ | ઉપશમસમકિત | ૧૪ |
| ૧૩ | વાઉકાય | ૮ | ૩૩ | વિભંગજ્ઞાન | ૧૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૮ | ૩૪ | સામાયિક | ૧૪ | ૫૫ | ક્ષાયિક સમકિત | ૧૪ |
| ૧૫ | ત્રસકાય | ૧૮ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૪ | ૫૬ | મિશ્રસમકિત | ૧૨ |
| ૧૬ | મનયોગ | ૧૮ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૪ | ૫૭ | સાસ્વાદન | ૧૦ |
| ૧૭ | વચનયોગ | ૧૮ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૩ | ૫૮ | મિથ્યાત્વ | ૧૦ |
| ૧૮ | કાયયોગ | ૧૮ | ૩૮ | યથાખ્યાત | ૧૨ | ૫૯ | સંજ્ઞી | ૧૮ |
| ૧૯ | પુરુષવેદ | ૧૮ | ૩૯ | દેશવિરતિ | ૧૩ | ૬૦ | અસંજ્ઞી | ૯ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૮ | ૪૦ | અવિરતિ | ૧૫ | ૬૧ | આહારી | ૧૮ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૧૮ | ૬૨ | અણાહારી | ૧૪ |

# ૩૮. ઔદયિકભાવદ્વાર

## પરિચય

ઔદયિકભાવનાં એકવીશ ભેદો છે-૪ ગતિ, ૪ કષાય, ૩ વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન, અસિદ્ધપણું, અસંયતપણું અને છ લેશ્યા.

ગતિનામકર્મના ઉદયને લીધે અમુક ભવથી ભવાંતરમાં જવાની જે યોગ્યતા પ્રાપ્ત થાય તેને 'ગતિ' કહેવામાં આવે છે.

ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં કલુષિત ભાવ 'કષાય' કહેવાય છે.

વેદ-મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતી વિષયસેવનની ઇચ્છા તે 'વેદ' સમજવો.

અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ તે મિથ્યાત્વ અગર મિથ્યાદર્શન છે.

મિથ્યાત્વ મોહનીયના ઉદયને લીધે ઉત્પન્ન થતાં અતત્ત્વજ્ઞાનને 'અજ્ઞાન' કહેવામાં આવે છે.

કર્મનો ઉદય જયાં સુધી હોય ત્યાં સુધી અસિધ્ધપણું સમજવું.

અપ્રત્યાખ્યાનાવરણીય વિગેરે કષાયના ઉદય દરમ્યાન ઉત્પન્ન થતા અને સાવદ્ય યોગથી નિવૃત્ત નહીં થનારા ભાવને 'અસંયતત્વ' કહેવાય છે.

માનસિક વ્યાપારથી ઉત્પન્ન થતાં પરિણામ-અધ્યવસાયને 'લેશ્યા' કહેવાય છે.

જેટલી કર્મપ્રકૃતિઓ જીવને ઉદયમાં વર્તતી હોય તે બધી ઔદયિક ભાવજન્ય સમજવી, પરન્તુ અહીં તેના સંક્ષેપમાં એકવીશ ભેદ દર્શાવ્યા છે:

ગતિ, કષાય, વેદ, મિથ્યાત્વ, અજ્ઞાન અને લેશ્યા સંબંધી વિશેષ વિવેચન માટે અનુક્રમે જુઓ દ્વાર નં. ૯, ૭, ૧૨, ૫, ૫૧ અને ૮

卐

## વિવેચન

(૧) મનુષ્ય, તિર્યંચ, નારકગતિ અને નપુંસકવેદ સિવાયનાં ૧૭ હોય. (૨) દેવ, તિર્યંચ અને નારક સિવાયનાં શેષ અઢાર હોય. (૩) મનુષ્ય, દેવ અને નારક સિવાયનાં શેષ અઢાર હોય. (૪) તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુકલલેશ્યા, દેવ, મનુષ્ય, તિર્યંચ, પુરુષવેદ તથા સ્ત્રીવેદ ન હોય; શેષ ૧૩ ભેદ હોય. (૫) દેવ, મનુષ્ય, નારકગતિ, પુરૂષવેદ, સ્ત્રીવેદ, પદ્મ, તેજો ને શુકલલેશ્યા ન હોય. (૬-૮) દેવ, મનુષ્ય, નારકગતિ, પુરુષવેદ, સ્ત્રીવેદ, પદ્મ, તેજો અને શુકલલેશ્યા ન હોય. (૯) ચાર ગતિ, ચાર કષાય, ત્રણુ વેદ, છ લેશ્યા, અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયત અને મિથ્યાત્વ—કુલ એકવીશ હોય. (૧૦-૧૧) એકેંદ્રિય પ્રમાણે જાણવું. (૧૨-૧૩) બેઇંદ્રિય પ્રમાણે જાણવું. (૧૪) એકેંદ્રિય પ્રમાણે જાણવું. (૧૫-૧૮) પૂરેપૂરા હોય. પંચેંદ્રિય પ્રમાણે (૧૯) નારકગતિ, સ્ત્રીવેદ અને નપુંસકભાવ ન હોય. (૨૦) નરકગતિ, પુરૂષવેદ અને નપુંસકભાવ ન હોય. (૨૧) દેવગતિ, પુરુષવેદ અને સ્ત્રીવેદ ન હોય. (૨૨) માન, માયા અને લોભ ન હોય (૨૩) ક્રોધ, માયા અને લોભ ન હોય. (૨૪) ક્રોધ, માન અને લોભ ન હોય (૨૫) ક્રોધ, માન, માયા ન હોય. (૨૬-૨૮) અજ્ઞાન તથા મિથ્યાત્વ સિવાય બીજાં બધાં હોય (૨૯) દેવ, તિર્યંચ, નરકગતિ, મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ સિવાયનાં પંદર ભેદ લાભે (૩૦) મનુષ્ય ગતિ, શુકલલેશ્યા અને અસિદ્ધત્વ આ ત્રણુ જ હોય. (૩૧-૩૩) પૂરેપૂરા હોય. (૩૪-૩૫) દેવ, તિર્યંચ, નારકગતિ, મિથ્યાત્વ, અસંયત અને અજ્ઞાન સિવાયના શેષ લાભે (૩૬) ઉપર જણાવ્યા ઉપરાંત સ્ત્રીવેદ બાદ કરવું. (૩૭) મનુષ્ય, શુકલલેશ્યા, લોભ અને અસિદ્ધત્વ—આ ચાર હોય. (૩૮) મનુષ્ય, શુકલલેશ્યા અને અસિદ્ધત્વ હોય. (૩૯) દેવ, નરક, મિથ્યાત્વ અને અજ્ઞાન સિવાયના હોય. (૪૦) પૂરેપૂરા હોય. (૪૧-૪૨) પૂરેપૂરા હોય. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫) કૃષ્ણુલેશ્યા સિવાયની બીજી પાંચ લેશ્યા ન હોય. (૪૬) નીલલેશ્યા સિવાયની બીજી પાંચ લેશ્યા ન હોય. (૪૭) કાપોતલેશ્યા સિવાયની બીજી પાંચ લેશ્યા ન હોય. (૪૮) તેજોલેશ્યા સિવાયની પાંચ લેશ્યા અને નરકગતિ ન હોય. (૪૯) પદ્મલેશ્યા સિવાયની પાંચ લેશ્યા અને નરકગતિ ન હોય. (૫૦) શુકલલેશ્યા સિવાયની પાંચ લેશ્યા અને નરકગતિ ન હોય. (૫૧-૫૨) પૂરેપૂરા હોય. (૫૩-૫૭) મિથ્યાત્વ અને અજ્ઞાન એ બે ન હોય. (૫૮-૫૯) પૂરેપૂરા હોય. (૬૦) નરક, દેવગતિ, સ્ત્રીવેદ, પુરુષવેદ, પદ્મ તથા શુકલલેશ્યા ન હોય; શેષ પંદર ભેદ હોય. (૬૧-૬૨) પુરેપુરા હોય.



## ૩૮. ઔદયિકભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૧ | નપુંસકવેદ | ૧૮ | ૪૨ | અચક્ષુદર્શન | ૨૧ |
| ૧ | દેવગતિ | ૧૭ | ૨૨ | ક્રોધ | ૧૮ | ૪૩ | અવધિદર્શન | ૧૯ |
| ૨ | મનુષ્યગતિ | ૧૮ | ૨૩ | માન | ૧૮ | ૪૪ | કેવળદર્શન | ૩ |
| ૩ | તિર્યંચગતિ | ૧૮ | ૨૪ | માયા | ૧૮ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૬ |
| ૪ | નરકગતિ | ૧૩ | ૨૫ | લોભ | ૧૮ | ૪૬ | નીલલેશ્યા | ૧૬ |
| ૫ | એકેન્દ્રિય | ૧૪ | ૨૬ | મતિજ્ઞાન | ૧૯ | ૪૭ | કાપોતલેશ્યા | ૧૬ |
| ૬ | બેઇન્દ્રિય | ૧૩ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૯ | ૪૮ | તેજોલેશ્યા | ૧૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૧૩ | ૨૮ | અવધિજ્ઞાન | ૧૯ | ૪૯ | પદ્મલેશ્યા | ૧૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧૩ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૫ | ૫૦ | શુક્લલેશ્યા | ૧૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૨૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૩ | ૫૧ | ભવી | ૨૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧૪ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨૧ | ૫૨ | અભવી | ૨૧ |
| ૧૧ | અપ્કાય | ૧૪ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨૧ | ૫૩ | ઉપશમસમકિત | ૧૯ |
| ૧૨ | તેઉકાય | ૧૩ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨૧ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૯ |
| ૧૩ | વાયુકાય | ૧૩ | ૩૪ | સામાયિક | ૧૫ | ૫૫ | ક્ષાયક સમકિત | ૧૯ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧૪ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૫ | ૫૬ | મિશ્રસમકિત | ૧૯ |
| ૧૫ | ત્રસકાય | ૨૧ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૪ | ૫૭ | સાસ્વાદન | ૧૯ |
| ૧૬ | મનયોગ | ૨૧ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૪ | ૫૮ | મિથ્યાત્વ | ૨૧ |
| ૧૭ | વચનયોગ | ૨૧ | ૩૮ | યથાખ્યાત | ૩ | ૫૯ | સંજ્ઞી | ૨૧ |
| ૧૮ | કાયયોગ | ૨૧ | ૩૯ | દેશવિરતિ | ૧૭ | ૬૦ | અસંજ્ઞી | ૧૫ |
| ૧૯ | પુરુષવેદ | ૧૮ | ૪૦ | અવિરતિ | ૨૧ | ૬૧ | આહારી | ૨૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૮ | ૪૧ | ચક્ષુદર્શન | ૨૧ | ૬૨ | અણાહારી | ૨૧ |

# ૩૯. પારિણામિક ભાવદ્વાર

## પરિચય

પારિણામિક ભાવના (૧) જીવત્વ (૨) ભવ્યત્વ અને (૩) અભવ્યત્વ એમ ત્રણ પ્રકારો પડે છે.

૧ **જીવત્વ**-ઉપયોગ એ જીવનું લક્ષણ છે. આ સંબંધી વિવેચન આપણે જીવદ્વારમાં કરી ગયા છીએ.

૨ **ભવ્યત્વ**-મોક્ષે જવાની યોગ્યતા જે જીવોમાં હોય તે ભવ્ય કહેવાય.

૩ **અભવ્યત્વ**-જે જીવોમાં મોક્ષે જવાની લાયકાત નથી તે અભવ્ય કહેવાય છે.

卐

## વિવેચન

(૧-૨૫) જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. (૨૬-૨૯) જીવત્વ તથા ભવ્યત્વ. અભવ્યત્વ ન હોય કારણ કે એક જ મિથ્યાત્વ ગુણસ્થાન હોવાથી અજ્ઞાન છે. (૩૦) જીવત્વ તથા ભવ્યત્વ. કેટલાક આચાર્યો કેવળીને ભવ્યત્વ માનતા નથી તેથી મતાંતરે એક. (૩૧-૩૩) જીવત્વ, ભવ્યત્વ તથા અભવ્યત્વ (૩૪-૩૮) જીવત્વ તથા ભવ્યત્વ કારણ કે આ ચારિત્ર ભાવથી છ ગુણસ્થાને હોય છે (૩૯) જીવત્વ તથા ભવ્યત્વ, દેશવિરતિ પાંચમે ગુણસ્થાને છે માટે (૪૦-૪૨) જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. (૪૩) જીવત્વ, ભવ્યત્વ, અવધિજ્ઞાનવત્ (૪૪) જીવત્વ, ભવ્યત્વ, કેવલજ્ઞાનવત્ (૪૫-૫૦) જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. (૫૧) જીવત્વ તથા ભવ્યત્વ (૫૨) અભવ્યત્વ તથા જીવત્વ. (૫૩-૫૭) જીવત્વ, ભવ્યત્વ, (૫૮-૬૨) જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ.



## ૩૯. પારિણામિક ભાવદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૩ | ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૩ | ૨૨ | ક્રોધ | ૩ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૨૩ | માન | ૩ | ૪૪ | કેવળદર્શન | ૨/૧ |
| ૪ | નરકગતિ | ૩ | ૨૪ | માયા | ૩ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૩ | ૨૫ | લોભ | ૩ | ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૩ | ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૩ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨ | ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩ | ૩૦ | કેવળજ્ઞાન | ૨/૧ | ૫૧ | ભવી | ૨ |
| ૧૧ | અપ્કાય | ૩ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩ | ૫૨ | અભવી | ૨ |
| ૧૨ | તેઉકાય | ૩ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩ | ૫૩ | ઉપશમસમકિત | ૨ |
| ૧૩ | વાઉકાય | ૩ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩ | ૩૪ | સામાયિક | ૨ | ૫૫ | ક્ષાયિક સમકિત | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૩ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૨ | ૫૬ | મિશ્રસમકિત | ૨ |
| ૧૬ | મનયોગ | ૩ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ | ૫૭ | સાસ્વાદન | ૨ |
| ૧૭ | વચનયોગ | ૩ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૩ |
| ૧૮ | કાયયોગ | ૩ | ૩૮ | યથાખ્યાત | ૨ | ૫૯ | સંજ્ઞી | ૩ |
| ૧૯ | પુરુષવેદ | ૩ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૩ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૩ |
|  |  |  | ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૬૨ | અણાહારી | ૩ |

# ૪૦ ભાંગાદ્વાર

પરિચય.

### દ્વિકસંયોગી દશ ભાંગા

૧. ઔપશમિક ક્ષાયિક
૨. ઔપશમિક મિશ્ર
૩. ઔપશમિક ઔદયિક
૪. ઔપશમિક પારિણામિક
૫. ક્ષાયિક મિશ્ર
૬. ક્ષાયિક ઔદયિક
૭. ક્ષાયિક પારિણામિક
૮. મિશ્ર ઔદયિક
૯. મિશ્ર પારિણુમિક
૧૦ ઔદયિક પારિણામિક

### ત્રિકસંયોગી દશ ભાંગા

૧. ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક
૨. ઔપશમિક ક્ષાયિક ઔદયિક
૩ ઔપશમિક ક્ષાયિક પારિણામિક
૪. ઔપશમિક મિશ્ર ઔદયિક
૫. ઔપશમિક મિશ્ર પારિણામિક
૬. ઔપશમિક ઔદયિક પારિણામિક
૭. ક્ષાયિક મિશ્ર ઔદયિક
૮. ક્ષાયિક મિશ્ર પારિણામિક
૯. ક્ષાયક ઔદાયક પારિણામિક
૧૦. મિશ્ર ઔદયિક પારિણામિક

### ચતુઃસંયોગી ભાંગા પાંચ

| | | | |
|---|---|---|---|
| ૧. ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદયિક |
| ૨. ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
| ૩. ઔપશમિક | ક્ષાયિક | ઔદયિક | પારિણામિક |
| ૪. ઔપશમિક | મિશ્ર | ઔદયિક | પારિણામિક |
| ૫. ક્ષાયક | મિશ્ર | ઔદયિક | પારિણામિક |

### પંચસંયોગી એક ભાંગો

ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક

## સાંનિપાતિકના પાંચ ભાંગા

૧. દ્વિકસંયોગી સાતમો ભાંગો ક્ષાયિક પારિણામિક સિધ્ધમાં હોય.

૨. ત્રિકસંયોગી નવમો ભાંગો ક્ષાયિક ઔદયિક પારિણામિક ભવસ્થ કેવળીને વિષે ૧૩-૧૪ ગુણસ્થાનકે હોય.

૩. ત્રિકસંયોગી દશમો ભાંગો ક્ષાયોપશમિકી ઔદયિકી પારિણામિકી ચારે ગતિમાં હોય

૪. ચતુઃસંયોગીનો ચોથો ભાંગો ઔપશમિક મિશ્ર ઔદયિક પારિણામિક ઉપશમ સમ્યગ્દૃષ્ટિ ચારે ગતિના જીવને હોય

૫. ચતુઃસંયોગી પાંચમો ભાંગો ક્ષાયિક મિશ્ર ઔદયિક પારિણામિક ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિ ચારે ગતિના જીવને હોય.

૬. પંચસંયોગીનો એક ભાંગો ઔપશમિક ક્ષાયિક મિશ્ર ઔદયિક પારિણામિક ઉપશમ-શ્રેણીએ વર્તતાં ક્ષાયક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને ૯-૧૦-૧૧ ગુણસ્થાને હોય.

## સાંનિપાતિક છ ભાંગાના પંદર ભેદ

ક્ષાયોપશમિક ૧. ઔદયિક ૨, પારિણામિક ૩, એ ત્રિકસંયોગી ભાંગો નારક, દેવ, તિર્યંચ તથા મનુષ્યને હોય. એ ત્રિક સંયોગીના ભાંગા ચાર

ક્ષાયિક સમ્યક્ત્વ ૧, મિશ્ર ૨, ઔદયિક ૩, પારિણામિક ૪–એ ચાર ભાવ સાથે ચારે ગતિમાં હોય એટલે તેના ચાર.

ઔપશમિક ૧, મિશ્ર ૨, ઔદયિક ૩, પારિણામિક ૪–એ ચાર ભાવ ચાર ગતિના સંજ્ઞી પંચેંદ્રિયને હોય એટલે તેના ચાર

ક્ષાયિક ૧, ઔદયિક ૨, પારિણામિક ૩, એ ત્રિકસંયોગી ભાંગો ૧૩-૧૪ ગુણસ્થાને કેવલી ભગવંતને હોય એટલે એક

ક્ષાયિક ૧, પારિણામિક ૨, એ દ્વિકસંયોગી ભાંગો સિદ્ધના જીવોને હોય એટલે એક

ઔપશમિક ૧, મિશ્ર ૨, ક્ષાયિક ૩, ઔદયિક ૪, પારિણામિક ૫-એ પંચસંયોગી ભાંગો ક્ષાયિક સમકિતી ઉપશમશ્રેણી માંડે ત્યારે ૯–૧૦–૧૧ એ ત્રણ ગુણસ્થાનકે હોય એટલે એક

એકંદર એ રીતે પંદર ભેદ થયા. 卐

## વિવેચન

(૧) મિશ્ર, ઔદયિક, પારિણામિક, ત્રિકસંયોગી, ઉપશમ મિશ્ર ઉદયિક પારિણામિક ચતુઃસંયોગી, ક્ષાયક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી, દ્વિસંયોગી સાતમો ભાંગો સિદ્ધને જ હોવાથી અહીં ન હોય, ત્રિકસંયોગી નવમો ભાંગો કેવળીને જ હોય, પંચસંયોગી પહેલો ભાંગો ઉપશમશ્રેણીવાળા ક્ષાયક સમકિતી મનુષ્યને આઠમાથી અગિયારમા ગુણઠાણા સુધી હોય. (૨) ક્ષાયક ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી, મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી, ઉપશમ મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી, ક્ષાયક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી, ઉપશમ ક્ષાયક મિશ્ર ઔદયિક પારિણામિક પંચસંયોગી (૩–૪) દેવની માફક જાણવું. (૫–૮) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિક સંયોગી, (૯) દ્વિસંયોગી વિના તમામ ભાંગા હોય. ત્રિસંયોગીનો નવમો ભાંગો કેવળી આશ્રયી, દશમો ચારે ગતિ આશ્રયી, ચતુઃસંયોગીનો ચોથો તથા પાંચમો ભાંગો ચારે ગતિ આશ્રયી અને પંચસંયોગીનો પહેલો ભાંગો ઉપશમશ્રેણીમાં વર્તતા મનુષ્યોને હોય. (૧૦–૧૪) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૫-૧૮) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૯) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી દશમો ભાંગો, ઔપશમિક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી ચોથો ભાંગો, ક્ષાયિક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી પાંચમો ભાંગો, ઔપશમિક ક્ષાયક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક પંચસંયોગી પ્રથમ ભાંગો. (૨૦) ચતુઃસંયોગીનો પાંચમો ભાંગો નરક, તિર્યંચ અને દેવને ન હોય; બાકીનું ઉપર પ્રમાણે સમજવું. (૨૧) ચતુઃસંયોગીનો પાંચમો ભાંગો દેવ તથા તિર્યંચ એ બંનેને ન હોય; શેષ ઉપર પ્રમાણે સમજવું. (૨૨–૨૭) ત્રિકસંયોગીનો દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. ચતુઃસંયોગીનો ચોથો તથા પાંચમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. પંચસંયોગીનો પ્રથમ ભાંગો ઉપશમશ્રેણીમાં વર્તતા હોય. દ્વિસંયોગી સાતમો ભાંગો સિદ્ધને અને ત્રિકસંયોગી નવમો ભાંગો કેવળીને જ હોય તેથી અહીં ન હોય. (૨૮) ક્રોધમાં બતાવેલા તેર ભાંગામાં ચતુઃસંયોગીના પાંચમા ભાંગામાં ત્રણ ગતિજ લેવી-દેવ, મનુષ્ય અને નરક. તિર્યંચ યુગલિકને ક્ષાયક સમકિત, અવધિજ્ઞાન અને અવધિદર્શન નથી તેથી તિર્યંચ ગતિ ન લેવી. (૨૯) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિસંયોગીનો ૧૦ મો ભાંગો, ચતુઃસંયોગીનો ચોથો તથા પાંચમો, પંચસંયોગીનો પ્રથમ ભાંગો. (૩૦) ક્ષાયિક પારિણામિક દ્વિસંયોગીનો સાતમો ભાંગો સિદ્ધ આશ્રયી જાણવો. ક્ષાયિક ઔદયિક પારિણામિક ત્રિક સંયોગીનો નવમો ભાંગો મનુષ્ય આશ્રયી જાણવો. (૩૧–૩૩) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી ભાંગો દશમો ચારે ગતિ આશ્રયી જાણવો. (૩૪–૩૫) મનઃપર્યવ-જ્ઞાન પ્રમાણે જાણવું. (૩૬) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી દશમો ભાંગો મનુષ્ય આશ્રયી, ક્ષાયક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી પંચમો ભાંગો મનુષ્ય આશ્રયી, જો ઉપશમ

સમકિત ગણવામાં આવે તો ચતુઃસંયોગીના ચોથા ભેદનો એક ભાંગો લાભે તેથી ત્રણ થાય. (૩૭) ઉપશમ અથવા ક્ષાયિક શ્રેણીએ વર્તતા હોય તેથી ચતુઃસંયોગીનો ચોથો અને પાંચમો ભાંગો હોય. પંચસંયોગીનો પહેલો ભાંગો ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક પારિણામિક હોય. આ ત્રણે ભાંગા મનુષ્ય આશ્રયી જાણવા. (૩૮) ક્ષાયિક પારિણામિક દ્વિકસંયોગી ભાંગો સાતમો સિદ્ધ આશ્રયી જાણવો. ત્રિકસંયોગી નવમો ભાંગો કેવળી આશ્રયી જાણવો. ચતુઃસંયોગી ચોથો તથા પાંચમો અને પંચસંયોગી પહેલો ભાંગો મનુષ્ય આશ્રયી જાણવો. (૩૯) ત્રિકસંયોગી દશમો ભાંગો મનુષ્ય તથા તિર્યંચ આશ્રયી જાણવો. ચતુઃસંયોગી ચોથો ભાંગો મનુષ્ય તથા તિર્યંચ આશ્રયી જાણવો. ચતુઃસંયોગી પાંચમો ભાંગો મનુષ્ય આશ્રયી જ જાણવો. દેશવિરતિ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચને હોય તેઓને ક્ષાયિક સમકિત ન હોય માટે ચતુઃસંયોગી પાંચમો ભાંગો તિર્યંચમાં ન હોય માટે મનુષ્ય આશ્રયી એક ભાંગો ગ્રહણ કર્યો છે. (૪૦) મતિજ્ઞાનમાં બતાવેલા તેર ભાંગામાં પંચસંયોગીનો એક ભાંગો બાદ કરીને શેષ ૧૨ લેવા. (૪૧-૪૨) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫) ત્રિકસંયોગી દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી, ચતુઃસંયોગી ચોથો ભાંગો પણ ચારે ગતિ આશ્રયી, ચતુઃસંયોગી પાંચમો ભાંગો તિર્યંચ તથા મનુષ્ય આશ્રયી જાણવો. (૪૬-૪૭) ત્રિકસંયોગી દશમો ભાંગો અને ચતુઃસંયોગી ચોથો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. ચતુઃસંયોગી પાંચમો ભાંગો દેવ વિના ત્રણ ગતિ આશ્રયી જાણવો. (૪૮) ત્રિકસંયોગી દશમો ભાંગો, ચતુઃસંયોગી ચોથો ભાંગો તથા પાંચમો ભાંગો નરક ગતિ વિના ત્રણ-ત્રણ ગતિ આશ્રયી જાણવો. અહિંઆ યુગલિક તિર્યંચ તથા મનુષ્યને પ્રથમની ચારે લેશ્યા કહી છે. જુઓ દ્રવ્યલોક પ્રકાશ સર્ગ ૭, શ્લોક ૧૦૭ (૪૯) ત્રિકસંયોગી દશમો ભાંગો તથા ચતુઃસંયોગી ચોથો ભાંગો નરક વિના ત્રણ ત્રણ ગતિ આશ્રયી અને ચતુઃસંયોગી પાંચમો ભાંગો મનુષ્ય તથા દેવ આશ્રયી જાણવો. (૫૦) ત્રિકસંયોગી નવમો ભાંગો મનુષ્ય આશ્રયી, ત્રિકસંયોગી દશમો ભાંગો નરક વિના શેષ ત્રણ ગતિ આશ્રયી, ચતુઃસંયોગી ચોથો ભાંગો નરક વિના ત્રણ ગતિ આશ્રયી અને ચતુઃસંયોગી પાંચમો ભાંગો મનુષ્ય તથા દેવ આશ્રયી અને પંચસંયોગી પહેલો ભાંગો મનુષ્ય આશ્રયી. (૫૧) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. ત્રિકસંયોગી નવમો ભાંગો કેવળી આશ્રયી ગણે તો તેર. (૫૨) મિશ્ર ઔદયિક પારિણામિક ત્રિકસંયોગી દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. (૫૩) ઔપશમિક મિશ્ર ઔદયિક પારિણામિક ચતુઃસંયોગી ચોથો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. (૫૪) ત્રિક સંયોગી દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. (૫૫) દ્વિકસંયોગી સાતમો ભાંગો સિદ્ધ આશ્રયી, ત્રિકસયોગી નવમો ભાંગો કેવળી આશ્રયી, ચતુઃસંયોગી પાંચમો ભાંગો ચારે ગતિ આશ્રયી અને પંચસંયોગી પહેલો ભાંગો ઉપશમશ્રેણીએ મનુષ્યને હોય. (૫૬-૫૮) ત્રિકસંયોગી દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. (૫૯) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. (૬૦) ત્રિકસંયોગી દસમો ભાંગો મનુષ્ય તથા તિર્યંચ આશ્રયી જાણવો. (૬૧) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. (૬૨) દ્વિકસયોગી સાતમો ભાંગો સિદ્ધ આશ્રયી, ત્રિકસયોગી નવમો ભાંગો કેવળી સમુદ્ઘાતનો ત્રીજો, ચોથો, પાંચમો સમય તથા અયોગી ગુણસ્થાન (આ વખતે જીવ અનાહારી હોય) આશ્રયી, ત્રિકસંયોગી દશમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો. ચતુઃસંયોગી ચોથો ભાંગો ઉપશમ સમકિતી ફક્ત ઉપશમ સમકિતી કોઈ જીવ મરીને અનુત્તર દેવ થાય તેમને દેવપણે ઉપજતા પહેલાં ભવાન્તકાલે અણાહારીપણું હોય તેથી એક ભાંગો કહ્યો. બીજે ક્યાંય ઉપશમસમકિતીપણે મૃત્યુ ન થાય તેથી ચોથા ભેદના બીજી ગતિના ભાંગા ન હોય. ચતુઃસંયોગી પાંચમો ભાંગો ચારે ગતિ આશ્રયી જાણવો.

| | | દ્વિકસંયોગી ભાંગો સાતમો | ત્રિકસંયોગી ભાંગો નવમો | ત્રિકસંયોગી ભાંગો દશમો | ચતુઃસંયોગી ભાંગો ત્રીજો | ચતુઃસંયોગી ભાંગો પાંચમો | પંચસંયોગી ભાંગો પહેલો | સાન્નિપાતિક ભાંગા છ | મૂળ ભાંગા ૬ | | | દ્વિકસંયોગી ભાંગો સાતમો | ત્રિકસંયોગી ભાંગો નવમો | ત્રિકસંયોગી ભાંગો દશમો | ચતુઃસંયોગી ભાંગો ત્રીજો | ચતુઃસંયોગી ભાંગો પાંચમો | પંચસંયોગી ભાંગો પહેલો | સાન્નિપાતિક ભાંગા છ | મૂળ ભાંગા ૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૧૮ | કાયયોગ | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૪ | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૫ | ૫ | ૧૯ | પુરૂષવેદ | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૧ | ૧૦ | ૪ |
| ૩ | તિર્યંચગતિ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૨૦ | સ્ત્રીવેદ | ૦ | ૦ | ૩ | ૩ | ૧ | ૧ | ૮ | ૪ |
| ૪ | નરકગતિ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૦ | ૦ | ૩ | ૩ | ૨ | ૧ | ૯ | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૨ | ક્રોધ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૩ | માન | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૪ | માયા | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૫ | લોભ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૪ | ૫ | ૨૬ | મતિજ્ઞાન | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ |
| ૧૧ | અપૂકાય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૦ | ૦ | ૪ | ૪ | ૩ | ૧ | ૧૨ | ૪ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૪ |
| ૧૩ | વાયુકાય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૦ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૪ | ૫ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૧૬ | મનયોગ | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૪ | ૫ | ૩૩ | વિભંગજ્ઞાન | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૧૭ | વચનયોગ | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૪ | ૫ | ૩૪ | સામાયક | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૪ |

| | | દ્વિકસંયોગી ભાંગો સાતમો | ત્રિકસંયોગી ભાંગો નવમો | ત્રિકસંયોગી ભાંગો દશમો | ચતુઃસંયોગી ભાંગો ત્રીજો | ચતુઃસંયોગી ભાંગો પાંચમો | પંચસંયોગી ભાંગો પહેલો | સન્નિપાતિક ભાંગા ૨૬ | મૂળ ભાંગા ૭ | | | દ્વિકસંયોગી ભાંગા સાતમો | ત્રિકસંયોગી ભાંગા નવમો | ત્રિકસંયોગી ભાંગો દશમો | ચતુઃસંયોગી ભાંગો ત્રીજો | ચતુઃસંયોગી ભાંગો પાંચમો | પંચસંયોગી ભાંગો પહેલો | સન્નિપાતિક ભાંગા ૨૬ | મૂળ ભાંગા ૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૦ | ૦ | ૩ | ૩ | ૨ | ૦ | ૮ | ૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૨ | ૨ | ૫૦ | શુકલલેશ્યા | ૦ | ૧ | ૩ | ૩ | ૨ | | ૧૦ | ૫ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૩ | ૨ | ૫૧ | ભવી | ૦/૦ | ૧/૦ | ૪/૪ | ૪/૪ | ૪/૪ | ૧/૧ | ૧૪/૧૬ | ૫/૪ |
| ૩૮ | યથાખ્યાત | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૫ | ૫ | ૫૨ | અભવી | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૦ | ૦ | ૨ | ૨ | ૧ | ૦ | ૫ | ૩ | ૫૩ | ઉપશમસમકિત | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૪૦ | અવિરતિ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૦ | ૧૨ | ૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૪ | ૭ | ૧ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૩ | ૪ | ૫૫ | ક્ષાયિકસમકિત | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | ૪ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૧ | ૧૨ | ૪ | ૫૬ | મિશ્ર | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૧ | ૪ | ૧ |
| ૪૩ | અવધિદર્શન | ૦ | ૦ | ૪ | ૪ | ૩ | ૧ | ૧૨ | ૪ | ૫૭ | સાસ્વાદન | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૦ | ૦ | ૪ | ૪ | ૨ | ૦ | ૧૦ | ૩ | ૫૯ | સંજ્ઞી | ૦/૦ | ૧/૦ | ૪/૪ | ૪/૪ | ૪/૪ | ૧/૧ | ૧૪/૧૩ | ૫/૪ |
| ૪૬ | નીલલેશ્યા | ૦ | ૦ | ૪ | ૪ | ૩ | ૦ | ૧૧ | ૩ | ૬૦ | અસંજ્ઞી | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૦ | ૦ | ૪ | ૪ | ૩ | ૦ | ૧૧ | ૩ | ૬૧ | આહારી | ૦ | ૧ | ૪ | ૪ | ૪ | ૦ | ૧૪ | ૫ |
| ૪૮ | તેજોલેશ્યા | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૦ | ૯ | ૩ | ૬૨ | અણાહારી | ૧ | ૧ | ૪ | ૧ | ૪ | ૦ | ૧૧ | ૫ |

# ૪૧. અજીવ ભેદ દ્વાર

## પરિચય

**उपयोगाभाववत्त्वमजीवस्य लक्षणम्।** ઉપયોગ અથવા ચેતનાથી રહિત પદાર્થને અજીવ કહેવામાં આવે છે. ચૈતન્ય લક્ષણ રહિત હોય અને સુખદુઃખનો અનુભવ જેને ન હોય તે જડ લક્ષણવાળું અજીવતત્ત્વ કહેવાય છે. પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું ન હોય પરંતુ હવે પછી તે અર્થક્રિયામાં પ્રવર્તશે તેવું કારણરૂપી અજીવ દ્રવ્ય તે દ્રવ્યજીવ અને પોતાની મુખ્ય અર્થક્રિયામાં પ્રવર્તતું હોય તે ભાવથી અજીવ દ્રવ્ય છે અથવા પૌદ્ગલાદિ દ્રવ્ય તે દ્રવ્ય અજીવ અને વર્ણાદિ પરિણામ તે ભાવ અજીવ.

અજીવ પદાર્થના રૂપી અને અરૂપી એ બે વિભાગો પાડવામાં આવ્યા છે. જેનો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તે રૂપી કહેવાય. ષડ્દ્રવ્યમાં એક પુદ્ગલાસ્તિકાય જ રૂપી છે, શેષ પાંચ અરૂપી છે. અરૂપીમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચારનો સમાવેશ કર્યો છે જ્યારે પુદ્ગલાસ્તિકાય રૂપી છે.

અજીવના કુલ ચૌદ ભેદો આ પ્રમાણે જાણવાઃ-૧-૩ ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, ૪-૬ અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, ૭-૯ આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ તથા ૧૦-૧૩ પુદ્ગલાસ્તિકાયનાં સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ તથા ૧૪ કાળ

**ધર્માસ્તિકાયઃ**-ગમન ક્રિયામાં પરિણત [પ્રવૃત્ત થયેલા] જીવ અને પુદ્ગલ દ્રવ્યને સહાય કરનાર દ્રવ્ય. જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં સ્વાભાવિક ગમનશક્તિ રહેલી છે-તે દ્રવ્યો જ્યારે ગમન કરવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેમ કરવામાં તેને અન્ય દ્રવ્યની સહાયની જરૂર છે, જેમ માછલામાં ગમનશક્તિ છે પણ તેને ગમન કરવામાં પાણીની સહાયની જરૂર પડે છે, પાણી સિવાય તે ચાલી શકતા નથી તેવી રીતે ગમન કરવામાં પ્રવૃત્ત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગમન કરવામાં સહાય આપનાર ધર્માસ્તિકાય નામના દ્રવ્યની જરૂર છે, તે લોકવ્યાપી છે અસ્તિ-પ્રદેશોનો, કાય-સમૂહ, જે દ્રવ્યના ઘણા પ્રદેશો હોય તેને "અસ્તિકાય" કહે છે. ધર્માસ્તિકાયાદિ અખંડ દ્રવ્યો છે, અવયવોના બનેલા નથી, તેથી તેમાં દેશ અને પ્રદેશો ન હોઇ શકે તો પણ તે લોકવ્યાપી હોવાથી તેના અવયવોની કલ્પના થઇ શકે છે અર્થાત્ તેના કલ્પિત અવયવો છે. ધર્માસ્તિકાયના ત્રણ ભેદ જાણવા. ૧ સ્કંધ, ૨ દેશ અને ૩ પ્રદેશ.

**અધર્માસ્તિકાય**-સ્થિતિપરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યને સ્થિતિમાં કારણભૂત છે. જેમ વીસામો લેવા માટે બેસવાની ઇચ્છાવાળા મુસાફરોને વૃક્ષસ્થિતિનું કારણ થાય છે તેમ સ્થિતિપરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલ દ્રવ્યને અધર્માસ્તિકાય સહાયક છે. તેના પણ ધર્માસ્તિકાયની માફક ત્રણ પ્રકાર જાણવા.

**આકાશાસ્તિકાય**-પુદ્ગલ અને જીવને અવકાશ-આશ્રય આપવામાં કારણભૂત આકાશ દ્રવ્ય છે. તેના પણ પૂર્વોક્ત ત્રણ પ્રકાર છે.

**કાળ**-નવીન વસ્તુને જીર્ણ કરે તે કાળ. ભૂતકાળનો નાશ થયેલો હોવાથી અને ભવિષ્યકાળની ઉત્પત્તિ નહિ થયેલી હોવાથી કાળ દ્રવ્ય વર્તમાન એક સમયરૂપ છે તેથી તેના સ્કંધ, દેશ ને પ્રદેશરૂપ પ્રકારો થતા નથી, અને પ્રદેશો ન હોવાથી અસ્તિકાય પણ નથી.

કાળ એ વર્તના, પરિણામ, ક્રિયા અને પરત્વાપરત્વમાં કારણભૂત છે.

**વર્તના**–સર્વ દ્રવ્યોની સાદિ સાન્તાદિ ભેદવડે ચાર પ્રકારની સ્થિતિમાં કોઇપણ પ્રકારે વર્તન રહેવું તે વર્તના, પરિણામ–પોતાની જાતિનો ત્યાગ કર્યા સિવાય દ્રવ્યોનું પરિણમન–રૂપાંતર તે પરિણામ. તેના ત્રણ પ્રકાર છે: ૧ જીવના પ્રયોગ(વ્યાપાર)થી થયેલ શરીરાદિના પરિણામરૂપ તે પ્રયોગપરિણામ, ૨ કેવળ અજીવ દ્રવ્યથી થયેલ પરિણામ તે વિસ્રસાપરિણામ દા. ત ઇંદ્રધનુષ્ય, વાદળાં. ૩ પ્રયોગ અને વિસ્રસાવડે જીવના પ્રયોગ સહિત અચેતન દ્રવ્યના પરિણામરૂપ મિશ્રપરિણામ દા. ત કુંભ, સ્તંભ વિ. ક્રિયા–પદાર્થોની ભૂત, વર્તમાન અને ભવિષ્ય ગતિ, સ્થિતિ વિગેરે ચેષ્ટા. પરત્વાપરત્વ "આ પૂર્વભાવી [પૂર્વે ઉત્પન્ન થયેલુ] છે" અને "આ પશ્ચાદ્‌ભાવી દ્રવ્ય છે" એવો જે વ્યવહાર જેનાથી થાય તે પરત્વાપરત્વ.

**પુદ્‌ગલાસ્તિકાય**–પરસ્પર મળવા અને ગલન-જુદા થવાના સ્વભાવવાળું પરમાણુ અને સ્કંધરૂપ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય છે. તેના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ–એવા ચાર ભેદ છે. સ્કંધ–કેઇપણ દ્રવ્યનો અવયવવાળો કે પ્રદેશવાળો અખંડ–પરિપૂર્ણ ભાગ તે સ્કંધ. દેશ–સ્કંધની સાથે સંબંધવાળો જે અંશ-ભાગ તે દેશ, પ્રદેશ–કોઇપણ વસ્તુનો અત્યંત સૂક્ષ્મ અવયવ કે જેના સર્વજ્ઞની બુધ્ધિથી પણ વિભાગ ન થઇ શકે તે પ્રદેશ. પરમાણુ–સ્કંધોથી છૂટો પડેલો અત્યંત સૂક્ષ્મ અણુ તે પરમાણુ

પ્રદેશ અને પરમાણુ બંને પરિમાણમાં સરખા છે તો પણ પ્રદેશનો સ્કંધની સાથે નિયત સંબંધ છે અને પરમાણુનો નથી. પરમાણુ એ પુદ્‌ગલાસ્તિકાયનો જ ચોથો ભેદ છે પણ ધર્માસ્તકાયાદિ ત્રણનો નથી, કારણ કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો અખંડ રૂપ હોવાથી તેના પ્રદેશો છૂટા પડતા જ નથી.

આ પ્રમાણે ધર્માસ્તિકાયના ૩, અધર્માસ્તિકાયના ૩, આકાશાસ્તિકાયના ૩ અને પુદ્‌ગલાસ્તિકાયના ૪ અને કાળનો એક મળી અજીવના ચૌદ ભેદ થાય છે.

卐

## વિવેચન.

(૧–૨૯) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય; શેષ અગિયાર હોય. (૩૦) ૧૧ હોય, પરંતુ કેવલી ભગવાન કેવલી સમુદ્‌ઘાત કરે ત્યારે ચોથે સમયે સર્વવ્યાપી આત્મપ્રદેશો થાય છે ત્યારે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સમગ્ર સ્કંધ કેવલી ભગવંતને સ્પર્શ થાય છે તે અપેક્ષાએ ૧૩ ભેદ લાભે પરંતુ આકાશાસ્તિકાયનો તો દેશ જ લાભે, કારણ કે આકાશ અલોકમાં પણ રહ્યો છે માટે આકાશાસ્તિકાયનો સ્કંધ બાદ કરીને ૧૩ ભેદ લાભે. (૩૧–૩૭) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય. (૩૮) છદ્મસ્થને ૧૧ અને કેવલી ભગવન્તને કેવલી સમુદ્‌ઘાતના ચોથા સમયે ૧૩ ભેદ લાભે તે અપેક્ષાએ યથાખ્યાતમાં ૧૧ અથવા ૧૩ લાભે. (૩૯–૪૩) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય; શેષ અગિયાર હોય. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે (૪૫–૪૯) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય. (૫૦) કેવળી ભગવંતને આશ્રયીને તેર પણ લાભે. (૫૧–૫૪) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય; શેષ અગિયાર હોય. (૫૫) કેવળીભગવંતને આશ્રયીને તેર પણ લાભે. (૫૬–૬૧) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ તથા આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય; શેષ અગિયાર હોય. (૬૨) ધર્માસ્તિકાયનો સ્કંધ, અધર્માસ્તિકાયનો સ્કંધ, આકાશાસ્તિકાયનો સ્કંધ ન હોય; શેષ ૧૧ હોય. કેવળી સમુદ્‌ઘાત કરે ત્યારે આકાશાસ્તિકાય વિના તેર હોય.

## ૪૧. અજીવભેદદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૧ |
| ૨ | મનુષ્યગતિ | ૧૧ |
| ૩ | તિર્યંચગતિ | ૧૧ |
| ૪ | નરકગતિ | ૧૧ |
| ૫ | એકેન્દ્રિય | ૧૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૧૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૧૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧૧ |
| ૧૧ | અપ્કાય | ૧૧ |
| ૧૨ | તેઉકાય | ૧૧ |
| ૧૩ | વાઉકાય | ૧૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧૧ |
| ૧૫ | ત્રસકાય | ૧૧ |
| ૧૬ | મનયોગ | ૧૧ |
| ૧૭ | વચનયોગ | ૧૧ |
| ૧૮ | કાયયોગ | ૧૧ |
| ૧૯ | પુરુષવેદ | ૧૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૧ |
| ૨૧ | નપુંસકવેદ | ૧૧ |
| ૨૨ | ક્રોધ | ૧૧ |
| ૨૩ | માન | ૧૧ |
| ૨૪ | માયા | ૧૧ |
| ૨૫ | લોભ | ૧૧ |
| ૨૬ | મતિજ્ઞાન | ૧૧ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૧ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૧૧ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૧ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧૧/૧૩ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧૧ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૧ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૧૧ |
| ૩૪ | સામાયિક | ૧૧ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૧ |
| ૩૮ | યથાખ્યાત | ૧૧/૧૩ |
| ૩૯ | દેશવિરતિ | ૧૧ |
| ૪૦ | અવિરતિ | ૧૧ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૧૧ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૧ |
| ૪૩ | અવધિદર્શન | ૧૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧૧/૧૩ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૧ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૧ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૧ |
| ૪૮ | તેજોલેશ્યા | ૧૧ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૧૧ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૧૧/૧૩ |
| ૫૧ | ભવી | ૧૧ |
| ૫૨ | અભવી | ૧૧ |
| ૫૩ | ઉપશમસમકિત | ૧૧ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૧ |
| ૫૫ | ક્ષાયકસમકિત | ૧૧/૧૩ |
| ૫૬ | મિશ્રસમકિત | ૧૧ |
| ૫૭ | સાસ્વાદન | ૧૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧૧ |
| ૫૯ | સંજ્ઞી | ૧૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૧ |
| ૬૧ | આહારી | ૧૧ |
| ૬૨ | અણાહારી | ૧૧/૧૩ |

## ૪૨. પુણ્યબંધ પ્રકૃતિદ્વાર.

### પરિચય.

**પુનાતિ** એટલે (જીવને) પવિત્ર કરે તે પુણ્ય અથવા **પુણાતિ-શુભીકરોતિ** શુભ કરે તે પુણ્ય. જેના ઉદયથી સુખનો અનુભવ થાય તેવા શુભ કર્મોનાં પુદ્ગલો તે પુણ્ય.

નવ પ્રકારવડે પુણ્ય બેંતાળીશ પ્રકારે બંધાય છે અને બેંતાલીશ પ્રકારે ભોગવાય છે. પુણ્યબંધના નવ કારણો નીચે પ્રમાણે છેઃ—

૧ પાત્રને અન્ન આપવાથી.
૨ પાત્રને પાણી આપવાથી.
૩ પાત્રને સ્થાન આપવાથી.
૪ પાત્રને શયન આપવાથી.
૫ પાત્રને વસ્ત્ર આપવાથી.
૬ પાત્રને આસન આપવાથી.
૭ મનના શુભ સંકલ્પરૂપ વ્યાપારથી.
૮ વચનના શુભ વ્યાપારથી.
૯ કાયાના શુભ વ્યાપારથી, દેવગુરુને નમસ્કારાદિ કરવાથી.

( પાત્ર એટલે કોઈપણ જીવ ).

પુણ્યની ૪૨ પ્રકૃતિનાં નામ નીચે પ્રમાણે છેઃ—શાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્યદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ઔદારિક-વૈક્રિય-આહારક ઉપાંગ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્શ્વાસ, આતપ, ઉદ્યોત, શુભવિહાયોગતિ, નિર્માણનામકર્મ, ત્રસનો દસકો, દેવાયુ, મનુષ્યાયુષ્ય, તિર્યંચાયુષ્ય, તીર્થંકરનામકર્મ.

卐

### વિવેચન.

(૧) દેવાયુષ, દેવગતિ, દેવતાનુપૂર્વી, વૈક્રિય શરીર, વૈક્રિય અંગોપાંગ, આહારક શરીર અને આહારક અંગોપાંગ—આ સાતનો બંધ ન હોય; શેષ પાંત્રીશનો બંધ થાય. (૨) પૂરેપૂરો બંધ થાય—૧ સાતાવેદનીય, ૨ ઉચ્ચગોત્ર, ૩-૫ મનુષ્યત્રિક, ૬-૮ દેવત્રિક, ૯ પંચેન્દ્રિય જાતિ, ૧૦-૧૪ પાંચે શરીર, ૧૫-૧૭ ઔદારિક, વૈક્રિય અને આહારક અંગોપાંગ, ૧૮ વજ્રઋષભનારાચ સંઘયણ, ૧૯ સમચતુરસ્ર સંસ્થાન, ૨૦-૨૩ વર્ણચતુષ્ક, ૨૪ અગુરૂલઘુ, ૨૫ પરાઘાત નામકર્મ, ૨૬ શ્વાસોચ્છ્વાસ નામકર્મ, ૨૭ આતપ, ૨૮ ઉદ્યોત, ૨૯ શુભ વિહાયોગતિ, ૩૦ નિર્માણનામકર્મ, ૩૧-૪૦ ત્રસદશક, ૪૧ તિર્યંચાયુ, ૪૨ તીર્થંકરનામકર્મ. (૩) આહારક શરીર, આહારક અંગોપાંગ, તથા જિનનામકર્મ—આ ત્રણનો બંધ ન હોય. (૪) દેવાયુષ્ય, દેવગતિ, દેવતાનુપૂર્વી, વૈક્રિય શરીર અને અંગોપાંગ, આહારક શરીર અને આહારક અંગોપાંગ, તેમજ આતપનામકર્મ—આ આઠ સિવાય શેષ ચોત્રીશ હોય. (૫-૮) દેવગતિમાં બતાવેલ સાત ઉપરાંત તીર્થંકરનામકર્મ ન હોય. (૯) પૂરેપૂરો બંધ હોય. (૧૦-૧૧) એકેંદ્રિય પ્રમાણે (૧૨-૧૩) દેવગતિમાં બતાવેલ સાત ઉપરાંત મનુષ્યગતિ, મનુષ્યાયુ, મનુષ્યાનુપૂર્વી, ઉચ્ચગોત્ર તથા તીર્થંકરનામકર્મ—આ બાર ન હોય; શેષ ત્રીશ હોય. (૧૪) એકેન્દ્રિય પ્રમાણે. (૧૫-૨૫) પૂરેપૂરો બંધ હોય. (૨૬-૨૮) તિર્યંચાયુ, ઉદ્યોત, આતપ,—આ ત્રણ સિવાય શેષ ઓગણચાલીશનો બંધ પડે. (૨૯) મનુષ્યગતિ,

મનુષ્યાયુ, મનુષ્યાનુપૂર્વી, ઔદારિક શરીર ને અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, આતપ અને ઉદ્યોતનામકર્મ તેમજ તિર્યંચાયુ સિવાય શેષ ૩૩ હોય. (૩૦) સાતાવેદનીય સિવાય ૪૧ નો બંધ ન હોય. (૩૧) તિર્યંચગતિ પ્રમાણે જાણવું. (૩૨–૩૩) તિર્યંચગતિ પ્રમાણે જાણવું. (૩૪–૩૬) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૭) યશનામકર્મ, ઉચ્ચ ગોત્ર, અને સાતાવેદનીય–આ ત્રણનો બંધ હોય. (૩૮) સાતાવેદનીયનો બંધ હોય. (૩૯) મનુષ્યાયુ, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, આહારક શરીર ને અંગોપાંગ, ઔદારિક શરીર ને અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, આતપ ને ઉદ્યોતનામકર્મ, તિર્યંચાયુ–આ અગિયાર સિવાય શેષ એકત્રીશનો બંધ હોય. (૪૦) આહારક શરીર ને અંગોપાંગ સિવાય શેષ ચાલીશનો બંધ હોય. (૪૧–૪૨) પૂરેપૂરા. (૪૩) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૬) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું (૪૫–૪૭) આહારક શરીર ને અંગોપાંગનો બંધ ન હોય. (૪૮) પૂરેપૂરા. (૪૯) આતપ ન હોય; શેષ ૪૧ હોય (૫૦) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. (૫૧) પૂરેપૂરા. (૫૨) આહારકદ્વિક, જિનનામ સિવાય ૩૯ નો બંધ હોય. (૫૩) મનુષ્યાયુ, દેવાયુ, તિર્યંચાયુ, ઉદ્યોત તથા આતપ નામકર્મ સિવાયનો બંધ હોય. (૫૪–૫૫) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. (૫૬) તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ, તીર્થંકરનામકર્મ, આહારક શરીર ને અંગોપાંગ, આતપ ને ઉદ્યોત નામકર્મ–આ આઠ ન હોય. (૫૭) તીર્થંકરનામકર્મ, આહારક શરીર ને અંગોપાંગ, તથા આતપ નામકર્મ ન હોય. (૫૮) આહારકદ્વિક, જિનનામ સિવાય ઓગણચાળીશનો બંધ હોય. (૫૯) પૂરેપૂરા. (૬૦) આહારકદ્વિક, જિનનામ સિવાય ૩૯ નો બંધ હોય. (૬૧) પૂરેપૂરા. (૬૨) મનુષ્યાયુ, તિર્યંચાયુ, દેવાયુ તથા આહારક શરીર ને અંગોપાંગ ન હોય.


હાલમાં બહાર પડેલ સુંદર પ્રકાશન

આબૂના સિદ્ધહસ્ત લેખકની નવી સુંદર કૃતિ

**અચળગઢ** (સચિત્ર)

લેખકઃ–મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ

ઇતિહાસ ને પ્રવાસની માહિતી સાથે જગવિખ્યાત મંદિરોનો સંપૂર્ણ વૃત્તાંત

કિંમત સવા રૂપીઓ

**ચિત્ર આલબમ**

કિંમત ફક્ત પાંચ આના

**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા**

ગાંધીચોક, ભાવનગર (કાઠિયાવાડ)

# ૪૨. પુણ્યબંધ પ્રકૃતિદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|
| ૧ | દેવગતિ | ૩૫ |
| ૨ | મનુષ્યગતિ | ૪૨ |
| ૩ | તિર્યંચગતિ | ૩૯ |
| ૪ | નરકગતિ | ૩૪ |
| ૫ | એકેન્દ્રિય | ૩૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૩૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૩૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૪૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩૪ |
| ૧૧ | અપ્કાય | ૩૪ |
| ૧૨ | તેઉકાય | ૩૦ |
| ૧૩ | વાયુકાય | ૩૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩૪ |
| ૧૫ | ત્રસકાય | ૪૨ |
| ૧૬ | મનયોગ | ૪૨ |
| ૧૭ | વચનયોગ | ૪૨ |
| ૧૮ | કાયયોગ | ૪૨ |
| ૧૯ | પુરુષવેદ | ૪૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪૨ |
| ૨૧ | નપુંસકવેદ | ૪૨ |
| ૨૨ | ક્રોધ | ૪૨ |
| ૨૩ | માન | ૪૨ |
| ૨૪ | માયા | ૪૨ |
| ૨૫ | લોભ | ૪૨ |
| ૨૬ | મતિજ્ઞાન | ૩૯ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૩૯ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૩૯ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩૩ |
| ૩૦ | કેવળજ્ઞાન | ૧ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૩૯ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩૯ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૩૯ |
| ૩૪ | સામાયિક | ૩૩ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩૩ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩૩ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ |
| ૩૮ | યથાખ્યાત | ૧ |
| ૩૯ | દેશવિરતિ | ૩૧ |
| ૪૦ | અવિરતિ | ૪૦ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૪૨ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૪૨ |
| ૪૩ | અવધિદર્શન | ૩૯ |
| ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪૦ |
| ૪૬ | નીલલેશ્યા | ૪૦ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૪૦ |
| ૪૮ | તેજોલેશ્યા | ૪૨ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૪૧ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૩૯ |
| ૫૧ | ભવી | ૪૨ |
| ૫૨ | અભવી | ૩૯ |
| ૫૩ | ઉપશમસમકિત | ૩૭ |
| ૫૪ | ક્ષયોપશમસમકિત | ૩૯ |
| ૫૫ | ક્ષાયક સમકિત | ૩૯ |
| ૫૬ | મિશ્રસમકિત | ૩૪ |
| ૫૭ | સાસ્વાદન | ૩૮ |
| ૫૮ | મિથ્યાત્વ | ૩૯ |
| ૫૯ | સંજ્ઞી | ૪૨ |
| ૬૦ | અસંજ્ઞી | ૩૯ |
| ૬૧ | આહારી | ૪૨ |
| ૬૨ | અણાહારી | ૩૭ |

## ૪૩. પાપબંધ પ્રકૃતિદ્વાર.

### પરિચય

**पातयति नरकादिषु** એટલે નરકાદિ દુર્ગતિમાં પાડે અથવા **पांशयति मलिनयति जीवमिति पापम्.** એટલે જીવને મલિન ન કરે તે પાપ અથવા **पांशयति** એટલે **गृह्णीयति** અર્થાત્ આત્માને બાંધે ને આવરે તે પાપ કહેવાય છે.

જેના ઉદયથી દુ:ખનો અનુભવ થાય તેવા અશુભ કર્મનાં પુદ્ગલો તે પાપ. તે બ્યાશી પ્રકારે ભોગવાય છે તે આ પ્રમાણે-પાંચ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય. અશાતાવેદનીય, ૧૬ કષાય, ૯ નોકષાય, મિથ્યાત્વમોહનીય, નરકાયુષ્ય, સ્થાવરનો દસકો, નરકદ્વિક, તિર્યંચદ્વિક, ચાર જાતિ, અશુભવિહાયોગતિ, ઉપઘાત, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, પહેલા વિનાનાં પાંચ સંઘયણ, પહેલા વિનાના પાંચ સંસ્થાન, નીચગોત્ર અને પાંચ અંતરાય.

વિશેષ વિવેચન નવતત્ત્વમાંથી જોઇ લેવું. ગ્રંથવિસ્તારના ભયથી અત્રે આપેલ નથી.

卐

### વિવેચન

(૧) નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક એ નવ ન હોય; શેષ તોતેર હોય. (૨-૩) પૂરેપૂરા. ૧-૫ આવરણ, ૬-૧૦ અંતરાય, ૧૧-૧૯ દર્શનાવરણની નવ પ્રકૃતિઓ, ૨૦ નીચ ગોત્ર, ૨૧ અશાતાવેદનીય, ૨૨ મિથ્યાત્વ મોહનીય, ૨૩-૩૨ સ્થાવરદશક, ૩૩-૩૫ નરકત્રિક, ૩૬-૬૦ પચ્ચીશ કષાયો, ૬૧-૬૨ તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી, ૬૩ એકેન્દ્રિય, ૬૪ બેઇન્દ્રિય, ૬૫ તેઇંદ્રિય, ૬૬ ચઉરિંદ્રિય, ૬૭ અશુભવિહાયોગતિ, ૬૮ ઉપઘાત, ૬૯-૭૨ અશુભ વર્ણચતુષ્ક, ૭૩-૭૭ પહેલા સિવાયના પાંચ સંઘયણ, ૭૮-૮૨ પહેલા સિવાયના પાંચ સંસ્થાન. (૪) સૂક્ષ્મત્રિક, નરકત્રિક, એકેન્દ્રિયચતુષ્ક અને સ્થાવર-આ અગિયાર ન હોય. (૫-૮) નરકત્રિક ન હોય. (૯) પૂરેપૂરા. (૧૦-૧૪) નરકત્રિક ન હોય. (૧૫-૨૫) પૂરેપૂરા (૨૬-૨૮) નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, નપુંસકવેદ, સ્ત્રીવેદ, મિથ્યાત્વ મોહની, નરકત્રિક, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયચતુષ્ક, પહેલા સિવાયના પાંચ સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, અશુભવિહાયોગતિ, સ્થાવરચતુષ્ક, દુર્ભાગ્યનામકર્મ, દુ:સ્વરનામકર્મ, અનાદેય નામકર્મ અને નીચ ગોત્ર-આ આડત્રીશ ન હોય. (૨૯) મતિજ્ઞાનમાં બતાવેલ આડત્રીશ ઉપરાંત અપ્રત્યાખ્યાનના ક્રોધ, માન, માયા, લોભ અને પ્રત્યાખ્યાનના ક્રોધ માન, માયા અને લોભ કુલ ૪૬ ન હોય. (૩૦) એક પણ પ્રકારનો બંધ ન હોય. (૩૧-૩૩) પૂરેપૂરા. (૩૪-૩૬) મન:પર્યવજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૭) મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મન:પર્ય-

વજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનાવરણીય, ચક્ષુદર્શનાવરણીય અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય, કેવળદર્શનાવરણીય, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ ચૌદ હોય. શેષ અડસઠ ન હોય. ( ૩૮ ) અહિં એક પણ બંધ ન હોય. ( ૩૯ ) મતિજ્ઞાનમાં દર્શાવેલ આડત્રીશ ઉપરાંત અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ ન હોય. ( ૪૦–૪૨ ) પૂરેપૂરા. ( ૪૩ ) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું ( ૪૪ ) એક પણ પ્રકારનો બંધ ન હોય. ( ૪૫–૪૭ ). પૂરેપૂરા ( ૪૮ ) નરકત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને સૂક્ષ્મત્રિક,–એ નવ ન હોય; શેષ તોંતેર હોય. ( ૪૯ ) નરકત્રિક, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, એકેન્દ્રિય અને સ્થાવર ન હોય. ( ૫૦ ) નરકત્રિક, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી—કુલ તેર ન હોય ( ૫૧–૫૨ ) પૂરેપૂરા. ( ૫૩–૫૬ ) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. ( ૫૭ ) નરકત્રિક, એકેન્દ્રિયચતુષ્ક, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, નપુંસકવેદ, મિથ્યાત્વમોહનીય, હુંડક સંસ્થાન, સેવાર્ત્તસંઘયણ, આ પંદર ન હોય. ( ૫૮–૬૧ ) પૂરેપૂરા. ( ૬૨ ) નરકત્રિક વિના ૭૯ લાભે, કારણ કે કર્મગ્રંથમાં અનાહારી માર્ગણાએ આહારકદ્વિક દેવાયુ, નરકત્રિક, તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય આ આઠ પ્રકૃતિ વિના ૧૧૨ પ્રકૃતિનો બંધ કહ્યો છે, એ અપેક્ષાએ નરકત્રિકનો બંધ અનાહારી માર્ગણાએ ન હોય.


## આ ગ્રંથ અંગેનો અભિપ્રાય.

**વડોદરા-રાજયે ઈનામમાં આપવા માટે તથા પુસ્તકાલયોમાં**
**રાખવા માટે મંજુર કરેલ**
**કવીશ્વર શાલિભદ્રસૂરિએ રચેલ**

**ભરત–બાહુબલિ–રાસ**

(સં. ૧૨૪૧ નું પ્રાચીન ગૂજરાતી અનુપ્રાસ-યમકમય વીરરસ-પ્રધાન યુદ્ધકાવ્ય)
[ દેશીભાષાઓના ઇતિહાસને પ્રકાશિત કરતી પ્રસ્તાવના સાથે
અનુવાદક, સંપાદક પં. **લાલચંદ ભગવાન ગાંધી.** ]

[ ઉજ્જૈન-સિંધિયા ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટના કયૂરેટર જર્મન–વિદુષી **ડૉ. સી. ક્રૌઝે પીએચ. ડી.** ( લિપ્ઝિગ ) અપરનામ શ્રીમતી **સુભદ્રાબહેન** ]

'આપે મોકલેલું ભરત-બાહુબલિરાસ નામક સુંદર પુસ્તક મને મળ્યું છે અને તે મેં ધ્યાનપૂર્વક વાંચ્યું. વાંચીને આપદ્વારા સંપાદિત પ્રાચીન રાસની ભાષા અને કવિત્વશૈલીના ચમત્કારથી અત્યંત હર્ષ થયો. વળી આપની સંપાદનશૈલી અને સાચા વિદ્વાનને શોભે તેવી આપની ઉદ્યમશીલતા અને પ્રસ્તાવના આદિમાં પ્રદર્શિત અગાધ વિદ્વત્તાથી મન મોહિત થયું–એમ કહું તો ચાલે. ખરેખર આ બહુમૂલ્ય પુસ્તિકા સંસ્કૃત-અપભ્રંશ ભાષાવિજ્ઞાનને માટે અત્યંત ઉપયોગી અને ગૂર્જર જૈન સાહિત્યના અભ્યાસને માટે એક ચિંતામણિરત્ન સમાન છે. "

કીંમત ૧–૪–૦ પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:
**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા**
( કાઠિયાવાડ ) ભાવનગર.

## ૪૩. પાપબંધપ્રકૃતિદ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? | નંબર. | દ્વારનું નામ. | કેટલી ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૭૩ | ૨૧ | નપુંસકવેદ | ૮૨ | ૪૨ | અચક્ષુદર્શન | ૮૨ |
| ૨ | મનુષ્યગતિ | ૮૨ | ૨૨ | ક્રોધ | ૮૨ | ૪૩ | અવધિદર્શન | ૪૪ |
| ૩ | તિર્યંચગતિ | ૮૨ | ૨૩ | માન | ૮૨ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૭૧ | ૨૪ | માયા | ૮૨ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૮૨ |
| ૫ | એકેન્દ્રિય | ૭૯ | ૨૫ | લોભ | ૮૨ | ૪૬ | નીલલેશ્યા | ૮૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૭૯ | ૨૬ | મતિજ્ઞાન | ૪૪ | ૪૭ | કાપોતલેશ્યા | ૮૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૭૯ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪૪ | ૪૮ | તેજોલેશ્યા | ૭૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૭૯ | ૨૮ | અવધિજ્ઞાન | ૪૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૭૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૮૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩૬ | ૫૦ | શુક્લલેશ્યા | ૬૯ |
| ૧૦ | પૃથ્વીકાય | ૭૯ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૮૨ |
| ૧૧ | અપ્કાય | ૭૯ | ૩૧ | મતિઅજ્ઞાન | ૮૨ | ૫૨ | અભવી | ૮૨ |
| ૧૨ | તેઉકાય | ૭૯ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૮૨ | ૫૩ | ઉપશમસમકિત | ૪૪ |
| ૧૩ | વાઉકાય | ૭૯ | ૩૩ | વિભંગજ્ઞાન | ૮૨ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૭૯ | ૩૪ | સામાયિક | ૩૬ | ૫૫ | ક્ષાયક સમકિત | ૪૪ |
| ૧૫ | ત્રસકાય | ૮૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૩૬ | ૫૬ | મિશ્રસમકિત | ૪૪ |
| ૧૬ | મનયોગ | ૮૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩૬ | ૫૭ | સાસ્વાદન | ૬૭ |
| ૧૭ | વચનયોગ | ૮૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૪ | ૫૮ | મિથ્યાત્વ | ૮૨ |
| ૧૮ | કાયયોગ | ૮૨ | ૩૮ | યથાખ્યાત | ૦ | ૫૯ | સંજ્ઞી | ૮૨ |
| ૧૯ | પુરુષવેદ | ૮૨ | ૩૯ | દેશવિરતિ | ૪૦ | ૬૦ | અસંજ્ઞી | ૮૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૮૨ | ૪૦ | અવિરતિ | ૮૨ | ૬૧ | આહારી | ૮૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૮૨ | ૬૨ | અણાહારી | ૭૯ |

# ૪૪. આશ્રવદ્વાર

## પરિચય

જે માર્ગે તળાવમાં પાણી આવે તે માર્ગને જેમ નાળું કહીએ તેમ જે દ્વારા કર્મોનું આગમન આત્માને વિષે થાય તે આશ્રવ કહેવાય. પાંચ ઇન્દ્રિયો તે સ્પર્શ ઇન્દ્રિય, રસના ઇન્દ્રિય, ઘ્રાણ ઇન્દ્રિય, ચક્ષુ ઇન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયોના અનુક્રમે ૮-૫-૨-૫ અને ૩ મળી ૨૩ વિષય છે. તે ૨૩ વિષયો આત્માને અનુકૂળતા પ્રાપ્ત થયે સુખ માને અને પ્રતિકૂળતા પ્રાપ્ત થયે દુઃખ માને તેથી કર્મનો આશ્રવ (આગમન) થાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય અથવા અનન્તાનુબન્ધી ક્રોધ આદિ ભેદવડે ૧૬ કષાયમાં આત્મા અનાદિ કાળથી પ્રવૃત્ત છે તેથી કર્મનો આશ્રવ પણ અનાદિ કાળથી ચાલુ રહ્યો છે. એમાં પણ આત્મા જ્યારે દેવગુરુધર્મના રાગમાં વર્તે છે અને દેવગુરુધર્મનો નાશ કરનાર પ્રત્યે ક્રોધ આદિ યથાયોગ્ય દ્વેષભાવમાં વર્તે છે, ત્યારે પ્રશસ્ત કષાયી હોવાથી શુભ કર્મનો આશ્રવ કરે છે, અને સ્ત્રી, કુટુંબ આદિ સંસારી રાગમાં અને સંસારી દ્વેષમાં વર્તે છે, ત્યારે અપ્રશસ્ત કષાયી હોવાથી અશુભ કર્મનો આશ્રવ કરે છે. અહિં **કષ** એટલે સંસારનો **આય** એટલે લાભ જેનાથી થાય તે **કષાય** કહેવાય.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચનો **અનિયમ-અત્યાગ** તે પાંચ અવ્રત કહેવાય, જેથી એ પાંચ ક્રિયામાં ન વર્તતો હોય તો પણ ત્યાગવૃત્તિ ન હોવાથી કર્મનો આશ્રવ (કર્મનું આગમન) અવશ્ય થાય છે.

મનયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ મૂળ યોગ અને અન્ય ગ્રન્થોમાં કહેલા એજ (ત્રણ યોગના પ્રતિભેદરૂપ) ૧૫ યોગવડે કર્મનો આશ્રવ થાય છે; કારણ કે આત્મા જ્યાં સુધી યોગ પ્રવૃત્તિવાળો છે ત્યાં સુધી આત્મપ્રદેશો ઉકળતા પાણીની પેઠે ચળાયમાન હોય છે અને ચળાયમાન આત્મપ્રદેશો કર્મગ્રહણ અવશ્ય કરે છે. કેવળ નાભિસ્થાને રહેલા આઠ રૂચક નામના આત્મપ્રદેશો અચળ હોવાથી કર્મ ગ્રહણ કરતા નથી.

પચ્ચીશ ક્રિયાઓનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે:-

૧ **કાયિકી**-અજયણાએ શરીરની પ્રવૃત્તિવડે જે ક્રિયા થાય તે કાયિકી કહેવાય. તેના બે પ્રકારઃ ૧ અનુપરત, ૨ અનુપયુક્ત હિંસાદિની વિરતિ રહિત જીવને કાયાની પ્રવૃત્તિવડે જે ક્રિયા થાય તે અનુપરત કાયિકી અને હિંસાદિની વિરતિવાળા પ્રમત્ત સાધુને ઉપયોગ સિવાય કાયાની પ્રવૃત્તિદ્વારા જે ક્રિયા લાગે તે અનુપયુક્ત કાયિકી ક્રિયા કહેવાય છે.

૨ **આધિકરણિકી**-અધિકરણ એટલે હિંસાના સાધનો. તેના દ્વારા જે ક્રિયા લાગે તે આધિકરણિકી કહેવાય. તેના પણ બે પ્રકાર છેઃ ૧ સંયોજનાધિકરણિકી અને ૨ નિર્વર્તનાધિકરણિકી. હિંસાના સાધન તલવાર, ધનુષ, ભાલા વિગેરે સજાવી તૈયાર રાખવા તે સંયોજનાધિકરણિકી, અને તે તે શસ્ત્રાદિક નવા તૈયાર કરવા તે નિર્વર્તનાધિકરણિકી. ઔદારિકાદિ શરીર પણ હિંસાનું સાધન હોવાથી તે દ્વારા પણ આધિકરણિકી ક્રિયા લાગે છે.

૩. **પ્રાદ્વેષિકી**—જીવ તથા અજીવ ઉપર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે તે.

૪ **પારિતાપનિકી**--પોતાને અથવા પરને તાડનાદિ કરવારૂપ પરિતાપ ઉત્પન્ન કરવા વડે જે ક્રિયા લાગે તે.

૫ **પ્રાણાતિપાતિકી**-પોતાનો અથવા પરના જીવિતનો નાશ કરવા વડે જે ક્રિયા લાગે તે.

૬ **આરંભિકી**.-પૃથ્વીકાયાદિક જીવોની હિંસા થાય તેવી રાંધવાદિક પ્રવૃત્તિ માટે જે ક્રિયા થાય તે.

૭ **પારિગ્રહિકી**-ધન, ધાન્યાદિ વસ્તુનો સંગ્રહ કરવાથી તથા તેના પ્રત્યેની મૂર્છાવડે જે ક્રિયા લાગે તે.

૮ **માયાપ્રત્યયિકી**-માયા-કપટવડે જે ક્રિયા લાગે તે.

૯ **મિથ્યાદર્શનપ્રત્યયિકી**-શ્રી જિનેશ્વર ભગવંતે કહેલાં સત્ય તત્ત્વોની અશ્રદ્ધાવડે જે ક્રિયા લાગે તે.

૧૦ **અપ્રત્યાખ્યાનિકી**-હિંસાદિ વ્યાપારનો ત્યાગ નહીં કરવાવડે અથવા અવિરતિવડે જે ક્રિયા લાગે તે.

૧૧ **દષ્ટિકી**--રાગાદિથી સજીવ કે નિર્જીવ વસ્તુઓના દર્શનવડે જે ક્રિયા લાગે તે.

૧૨ **સ્પૃષ્ટિકી**-રાગાદિથી જીવાજીવાદિક વસ્તુઓનો સ્પર્શ કરવાવડે જે ક્રિયા લાગે તે અથવા રાગદ્વેષથી પ્રશ્ન કરવાવડે જે ક્રિયા લાગે તે પૃચ્છિકી પણ કહેવાય છે.

૧૩ **પ્રાતિત્યકી**-જીવ અને અજીવને આશ્રયીને રાગદ્વેષ કરવાવડે જે ક્રિયા લાગે તે.

૧૪ **સામંતોપનિપાતિકી**-પોતાના પુત્ર, શિષ્ય, હસ્તિ, અશ્વ વિગેરેને ચોતરફથી જોવા આવતાં અને પ્રશંસા કરતાં મનુષ્યોને જોઈને હર્ષ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા તો ઘી, તેલ વિગેરેના પાત્રો ઉઘાડા મૂકવાથી તેમાં ત્રસ જીવો પડે તેથી જે ક્રિયા લાગે તે.

૧૫ **નૈશસ્ત્રિકી**—જીવ અને અજીવને યંત્રોદ્વારા છોડવાથી જે ક્રિયા લાગે તે અથવા રાજાદિની આજ્ઞાથી અસ્ત્ર-શસ્ત્રાદિક ઘડાવવાવડે જે ક્રિયા લાગે તે **નૈશસ્ત્રિકી** કહેવાય છે. (શ્રી નવતત્ત્વભાષ્યમાં, બીજાએ ઉપદેશેલ અને લાંબા કાળ સુધી ચાલ્યા આવતાં પાપનું ભાવપૂર્વક અનુમોદન કરવાથી જે ક્રિયા લાગે તેને નૈસૃષ્ટિકી ક્રિયા કહેલ છે.)

૧૬ **સ્વહસ્તિકી**-શ્વાનાદિ જીવવડે અને શસ્ત્રાદિવડે પોતાના હાથે જીવોને મારવાથી જે ક્રિયા લાગે તે.

૧૭ **આજ્ઞાપનિકી** (આનયનિકી)-જીવ અને અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે તે અથવા બીજા પાસે કોઈ વસ્તુ મંગાવવાથી જે ક્રિયા લાગે તે.

૧૮ **વૈદારણિકી**-જીવ અને અજીવને વિદારણ કરવાવડે જે ક્રિયા લાગે તે અથવા બીજાના દુશ્ચરિતના પ્રકાશવડે તેની માન-પૂજાનો નાશ કરવાદ્વારા જે ક્રિયા લાગે તે અથવા બીજાઓને છેતરવાવડે જે ક્રિયા લાગે તે વૈદારણિકી કહેવાય છે.

૧૯ **અનાભોગિકી**-ઉપયોગ રહિત પ્રવૃત્તિ કરતાં જે ક્રિયા લાગે તે.

૨૦ **અનવકાંક્ષપ્રત્યયિકા**-આ લોક ને પરલોક વિરુદ્ધ કાર્ય કરવાવડે અથવા તો જિનેશ્વરે કહેલ કર્તવ્યોનો પ્રમાદને અંગે અનાદર કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૧ **પ્રાયોગિકી**-પ્રયોગહિંસાદિ દુષ્ટ કાયવ્યાપારવડે, કઠોર અને અસત્ય બોલવારૂપ વચનવ્યાપારવડે અને દ્વેષ, ઇર્ષ્યા કે અભિમાનાદિક મનોવ્યાપારવડે જે ક્રિયા લાગે તે.

૨૨ **સમુદાનકી**-ઇન્દ્રિયોનો દેશથી અથવા સર્વથા ઘાત કરવાવડે જે ક્રિયા લાગે તે અથવા જ્ઞાનાવરણાદિક આઠ પ્રકારના કર્મપુદ્ગલોને ગ્રહણ કરવારૂપ ક્રિયા.

૨૩ **પ્રેમિકી**-માયા અને લોભનિમિત્તક જે ક્રિયા લાગે તે. અથવા રાગ ઉત્પન્ન થાય તેવાં વચન બોલતાં જે ક્રિયા લાગે તે.

૨૪ **દ્વેષિકી**-પોતાને અથવા પરને ક્રોધ અને માન ઉત્પન્ન કરવાવડે જે ક્રિયા લાગે તે.

૨૫ **ઐર્યાપથિકી**-વીતરાગ પરમાત્માને કષાયનો અભાવ હોવાથી કેવળ કાયયોગનિમિત્તક જે ક્રિયા લાગે તે. આ ક્રિયા મોહનીય કર્મરહિત સયોગી કેવળીને હોય છે.

આત્માના શુભાશુભ પરિણામ તથા યોગથી થતું આત્મપ્રદેશોનું કંપનપણું તે **भावाश्रव** અને તેના વડે જે આઠ પ્રકારના કર્મદલિક (કર્મપ્રદેશો) ગ્રહણ થાય તે **द्रव्याश्रव.** આ પ્રમાણે પણ બે પ્રકાર થાય છે.

**अश्नाति-आयत्ते कर्म यैस्ते आश्रवाः** એટલે જીવ જેનાવડે કર્મ ગ્રહણ કરે તે આશ્રવ અથવા **आश्रीयते-उपार्ज्यते कर्म एभिरित्याश्रवाः** એટલે જેનાવડે કર્મ ઉપાર્જન કરાય તે આશ્રવ અથવા **आ** એટલે સર્વ બાજુથી **श्रवति—स्रवति जलं सूक्ष्मरन्ध्रेषु यैस्ते आश्रवाः** એટલે સૂક્ષ્મ છિદ્રોમાં થઇને જળરૂપી કર્મ ઝરે-પ્રવેશ કરે તે આશ્રવ. તે આશ્રવ બેંતાળીશ પ્રકારના છે, તે નીચે પ્રમાણે:--

પાંચ ઇદ્રિય, ૪ કષાય, પાંચ અવ્રત, ૩ યોગ અને ૨૫ ક્રિયા.

卐

## વિવેચન

(૧) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૨) પૂરેપૂરા. પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ અને પચ્ચીશ ક્રિયાઓ. કુલ બેંતાળીશ પ્રકારે કર્મબંધના હેતુઓ છે. (૩-૪) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૫) પચ્ચીસ ક્રિયાઓ પૈકી પ્રાતિત્યકી, સામંતોપનિપાતિકી, આજ્ઞાપનિકી, દષ્ટિકી, પ્રયોગિકી, ઇર્યાપથિકી, આ છ સિવાયની ૧૯ ક્રિયાઓ, ચાર કષાય, પાંચ અવ્રત, કાયયોગ અને સ્પર્શેન્દ્રિય-કુલ ત્રીશ હોય. (૬) ઉપર બતાવેલ ત્રીશ ઉપરાંત વચનયોગ અને રસનેન્દ્રિય વધારે (૭) બત્રીશ ઉપરાંત ઘ્રાણેન્દ્રિય વધારે. (૮) તેત્રીશ ઉપરાંત ચક્ષુરિન્દ્રિય અને દષ્ટિકી ક્રિયા વધારે (૯) પૂરેપૂરા. (૧૦-૧૪) એકેન્દ્રિય પ્રમાણે (૧૫-૧૮) પૂરેપૂરા (૧૯-૨૫) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૨૬-૨૮) મિથ્યાત્વીકી ક્રિયા ન હોય. (૨૯) પ્રાણાતિપાતિકી, પરિગ્રહિકી, મિથ્યાત્વીકી, અપ્રત્યાખ્યાનિકી–આ ચાર સિવાયની ૨૧ ક્રિયાઓ, ચાર કષાયો અને ત્રણ યોગ હોય. (૩૦) ત્રણ યોગ અને ઇર્યાપથિકી ક્રિયા—આ ચાર હોય. (૩૧-૩૩) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૩૪-૩૬) ચાર કષાય, ત્રણ યોગ, ઇર્યાપથિકી, પરિગ્રહિકી, મિથ્યાત્વીકી અને અપ્રત્યાખ્યાનિકી આ પાંચ સિવાયની વીશ ક્રિયાઓ હોય. (૩૭) ત્રણ યોગ, સંજ્વલનનો લોભ, અનાભોગિકી, પ્રેમિકી ક્રિયા, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી–આ નવ હોય છે. (૩૮) ત્રણ યોગ અને ઇર્યાપથિકી ક્રિયા. (૩૯) મિથ્યાત્વીકી અને ઇર્યાપથિકી એ બે ન હોય. શેષ ચાલીશ હોય. કેટલાક આચાર્યો અપ્રત્યાખ્યાનિકી પણ માનતા નથી તો તેમના મતે ૩૯ હોય. (૪૦) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૪૧-૪૨) પૂરેપૂરા. (૪૩) મિથ્યાત્વિકી ક્રિયા ન હોય. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫ ૪૯) ઇર્યાપાથકી ક્રિયા ન હોય. (૫૦-૫૧) પૂરેપૂરા. (૫૨) ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૫૩) મિથ્યાત્વિકી ક્રિયા ન હોય. (૫૪) ઇર્યાપથિકી અને મિથ્યાત્વિકી ન હોય. (૫૫) મિથ્યાત્વિકી ન હોય. (૫૬-૫૮, ઇર્યાપથિકી ન હોય. (૫૯) પૂરેપૂરા. (૬૦) મનયોગ તથા ઇર્યાપથિકી ક્રિયા ન હોય. (૬૧) પૂરેપૂરા. (૬૨) દષ્ટિકી, પ્રાતિત્યકી, સામંતોપનિપાતિકી, નૈશસ્ત્રિકી, સ્વહસ્તકી, આજ્ઞાપનિકા, વિદારણિકા, આ સાત ક્રિયાઓ તથા મનયોગ અને વચનયોગ કુલ નવ ન હોય.

## ૪૪. આશ્રવ દ્વાર.

| નંબર | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૪૧ | ૨૧ | નપુંસકવેદ | ૪૧ | ૪૨ | અચક્ષુદર્શન | ૪૨ |
| ૨ | મનુષ્યગતિ | ૪૨ | ૨૨ | ક્રોધ | ૪૧ | ૪૩ | અવધિદર્શન | ૪૧ |
| ૩ | તિર્યંચગતિ | ૪૧ | ૨૩ | માન | ૪૧ | ૪૪ | કેવળદર્શન | ૪ |
| ૪ | નરકગતિ | ૪૧ | ૨૪ | માયા | ૪૧ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪૧ |
| ૫ | એકેન્દ્રિય | ૩૦ | ૨૫ | લોભ | ૪૧ | ૪૬ | નીલલેશ્યા | ૪૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૩૨ | ૨૬ | મતિજ્ઞાન | ૪૧ | ૪૭ | કાપોતલેશ્યા | ૪૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૩૩ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪૧ | ૪૮ | તેજોલેશ્યા | ૪૧ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩૫ | ૨૮ | અવધિજ્ઞાન | ૪૧ | ૪૯ | પદ્મલેશ્યા | ૪૧ |
| ૯ | પંચેન્દ્રિય | ૪૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨૪ | ૫૦ | શુક્લલેશ્યા | ૪૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૪ | ૫૧ | ભવી | ૪૨ |
| ૧૧ | અપૂકાય | ૩૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૪૧ | ૫૨ | અભવી | ૪૧ |
| ૧૨ | તેઉકાય | ૩૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪૧ | ૫૩ | ઉપશમસમકિત | ૪૧ |
| ૧૩ | વાઉકાય | ૩૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૪૧ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩૦ | ૩૪ | સામાયિક | ૨૩ | ૫૫ | ક્ષાયક સમકિત | ૪૧ |
| ૧૫ | ત્રસકાય | ૪૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૨૩ | ૫૬ | મિશ્રસમકિત | ૪૧ |
| ૧૬ | મનયોગ | ૪૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨૩ | ૫૭ | સાસ્વાદન | ૪૧ |
| ૧૭ | વચનયોગ | ૪૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૯ | ૫૮ | મિથ્યાત્વ | ૪૧ |
| ૧૮ | કાયયોગ | ૪૨ | ૩૮ | યથાખ્યાત | ૪ | ૫૯ | સંજ્ઞી | ૪૨ |
| ૧૯ | પુરુષવેદ | ૪૧ | ૩૯ | દેશવિરતિ | ૩૯/૪૦ | ૬૦ | અસંજ્ઞી | ૪૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪૧ | ૪૦ | અવિરતિ | ૪૧ | ૬૧ | આહારી | ૪૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૪૨ | ૬૨ | અણાહારી | ૩૩ |

# ૪૫. સંવર દ્વાર

## પરિચય

**संव्रियते कर्म कारणं प्राणातिपातादिर्निरुध्यते येन परिणामेन स संवरः ।** એટલે કર્મ અને કર્મનું કારણ પ્રાણાતિપાત વિગેરે જે આત્મપરિણામવડે સંવરાય એટલે રોકાય તે સંવર કહેવાય.

આવતા કર્મનું રોકાણ તે સંવર કહેવાય. પૂર્વે કહેલા આશ્રવ તત્ત્વથી વિપરીત આ સંવર તત્ત્વ છે, તેના ૫૭ ભેદ આચરવાથી નવાં અશુભ કર્મ આવતાં નથી; તે ૫૭ પ્રકાર આ પ્રમાણેઃ-પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ૨૨ પરિષહ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના અને પાંચ ચારિત્ર.

**सम्** એટલે સમ્યક્‌પ્રકારે ( એટલે સમ્યક્ ઉપયોગ-યતનાપૂર્વક ) **इति** એટલે ગતિ-ચેષ્ટા તે સમિતિ. તથા જેનાવડે સંસારમાં પડતા પ્રાણીનું **गुप्ति** એટલે રક્ષણ થાય તે ગુપ્તિ. તથા **परि-समन्तात्** સર્વ બાજુથી સમ્યક્ પ્રકારે કષ્ટોનું સહન કરવું તે **परिषह** [ તથા મોક્ષમાર્ગમાં જવામાં જે યત્ન કરે તે **यति** અને તેનો ધર્મ તે **यतिधर्म** ] તથા મોક્ષમાર્ગ પ્રત્યે ભાવની વૃદ્ધિ થાય તેવું ચિન્તવન તે **भावना**, તથા **चय** એટલે આઠ કર્મોનો સંચય-સંગ્રહ તેને **रिक्त-रिक्त**( ખાલી) કરે તે **चारित्र** કહેવાય.

卐

## વિવેચન

(૧) બાર ભાવના હોય. (૨) પૂરેપૂરા. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરિષહ, દશ યતિધર્મ, બાર ભાવના અને પાંચ ચારિત્ર–આ સત્તાવન પ્રકારે આશ્રવનો રોધ થાય. ( ૩ ) બાર ભાવના, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ કુલ વીશ હોય કેમ કે ગર્ભજતિર્યંચોને પણ કેટલાકોને ૧૧ વ્રત હોય છે. અતિથિસંવિભાગ વિના બાકીના હોય છે તેથી પૌષધ વિગેરેનો સંભવ છે તેથી સમિતિ, ગુપ્તિ સંભવે છે. (૪) દેવવત્ (૫-૮) એક પણ પ્રકારનો સંવર ન હોય. (૯) પૂરેપૂરા (૧૦-૧૪) એક પણ પ્રકારનો સંવર ન હોય. ( ૧૫-૧૮) પૂરેપૂરા. ( ૧૯ ) સૂક્ષ્મસંપરાય, તથા યથાખ્યાત ચારિત્ર સિવાયના શેષ પંચાવન હોય. ( ૨૦ ) સૂક્ષ્મસંપરાય, પરિહારવિશુદ્ધિ અને યથાખ્યાત ન હોય. ( ૨૧-૨૪ ) સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ચારિત્ર ન હોય. (૨૫) યથાખ્યાત ચારિત્ર ન હોય. દશમાને અંતે લોભનો ક્ષય થાય છે અને યથાખ્યાત અગ્યારમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે તેથી લોભમાં યથાખ્યાત ન હોય. ( ૨૬-૨૯ ) પૂરેપૂરા ( ૩૦ ) દશ યતિધર્મ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, યથાખ્યાત ચારિત્ર અને બાવીશ પરિષહો પૈકી ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, ડંસ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ પરિષહ એ અગિયાર પરિષહો હોય. કુલ ત્રીશ થયા. (૩૧-૩૩ ) મિથ્યાદૃષ્ટિ મનુષ્યો પણ ચારિત્રને ગ્રહણ કરે છે તો વિચાર કરતાં એમ જણાય છે કે ૨૨ પરિષહ અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ-આ ત્રીશ એકી સાથે સંભવે છે, જો કે એ જીવો

પૌદ્ગલિક સુખને માટે એવું સરલ ચારિત્ર પાળે છે કે માખીની પાંખ સરખાને દુઃખ આપતા નથી. એવા જીવો મરીને નવગ્રૈવેયક સુધી પણ જાય છે. વિદ્વાનોએ આ સંબંધમાં અવશ્ય વિચાર કરવો. (૩૪–૩૫) સામાયક ચારિત્ર સિવાયના શેષ ચાર ચારિત્ર ન હોય, પણ વિચાર કરતા છેદોપસ્થાપનીય પણ સંભવે છે કે કેમકે સામાયિક ચારિત્ર ૬ થી ૯ ગુણસ્થાન સુધી હોય. સામાયિક ચારિત્ર હોય ત્યાં ભરત, ઐરવતના પ્રથમ અને છેલ્લા તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીય પણ હોય છે. (૩૬) પરિહારવિશુદ્ધિ સિવાયના શેષ ચાર ચારિત્ર ન હોય. (૩૭) સૂક્ષ્મસંપરાય સિવાયના શેષ ચાર ચારિત્ર ન હોય. તેમજ આઠ પરિષહ ન હોય–અચેલક, અરતિ, સ્ત્રી, નૈષેધિકી, આક્રોશ, યાચના, સત્કાર અને સમ્યગદર્શન. તત્ત્વાર્થ સૂ ૧ : ૯ અને ૧૭ સૂત્ર (૩૮) યથાખ્યાત સિવાય શેષ ચાર ચારિત્ર અને આઠ પરિષહ ન હોય. (૩૯) બાર ભાવના, તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ હોય. (૪૦) બાર ભાવના, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિ હોય. એ જીવો પણ સામાયિક વિગેરે કરે છે. (૪૧–૪૩) પૂરેપૂરા. (૪૪) કેવળજ્ઞાન માફક જાણવું. (૪૫-૪૯) સૂક્ષ્મ-સંપરાય તથા યથાખ્યાત ચારિત્ર ન હોય. (૫૦–૫૧) પૂરેપૂરા. (૫૨) વિચાર કરતાં ૩૦ માંથી કેટલાક સંભવે છે પરંતુ પૂરેપૂરા મતિઅજ્ઞાનવત્ સંભવતા નથી. (૫૩) પૂરેપૂરા (૫૪) સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત ચારિત્ર ન હોય. (૫૫) પૂરેપૂરા. (૫૬–૫૮) અભવ્યમાં ૩૦ લખ્યા છે એમ અહિંયા પણ ૩૦માંથી કેટલાક સંભવે છે. (૫૯) પૂરેપૂરા (૬૦) એક પણ ન હોય. (૬૧) પૂરેપૂરા (૬૨) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું.

## ૪૫. સંવર દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૨ | ૨૧ | નપુંસકવેદ | ૫૫ | ૪૨ | અચક્ષુદર્શન | ૫૭ |
| ૨ | મનુષ્યગતિ | ૫૭ | ૨૨ | ક્રોધ | ૫૫ | ૪૩ | અવધિદર્શન | ૫૭ |
| ૩ | તિર્યંચગતિ | ૨૦ | ૨૩ | માન | ૫૫ | ૪૪ | કેવળદર્શન | ૩૦ |
| ૪ | નરકગતિ | ૧૨ | ૨૪ | માયા | ૫૫ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫૫ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૫૬ | ૪૬ | નીલલેશ્યા | ૫૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૨૬ | મતિજ્ઞાન | ૫૭ | ૪૭ | કાપોતલેશ્યા | ૫૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫૭ | ૪૮ | તેજોલેશ્યા | ૫૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૫૭ | ૪૯ | પદ્મલેશ્યા | ૫૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫૭ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫૭ | ૫૦ | શુક્લલેશ્યા | ૫૭ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૩૦ | ૫૧ | ભવી | ૫૭ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩૦ | ૫૨ | અભવી | ૩૦ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩૦ | ૫૩ | ઉપશમસમકિત | ૫૭ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૫૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૫૩ | ૫૫ | ક્ષાયકસમકિત | ૫૭ |
| ૧૫ | ત્રસકાય | ૫૭ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૫૩ | ૫૬ | મિશ્રસમકિત | ૩૦ |
| ૧૬ | મનયોગ | ૫૭ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૫૩ | ૫૭ | સાસ્વાદન | ૩૦ |
| ૧૭ | વચનયોગ | ૫૭ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૪૫ | ૫૮ | મિથ્યાત્વ | ૩૦ |
| ૧૮ | કાયયોગ | ૫૭ | ૩૮ | યથાખ્યાત | ૪૫ | ૫૯ | સંજ્ઞી | ૫૭ |
| ૧૯ | પુરુષવેદ | ૫૫ | ૩૯ | દેશવિરતિ | ૨૦ | ૬૦ | અસંજ્ઞી | ૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫૪ | ૪૦ | અવિરતિ | ૨૦ | ૬૧ | આહારી | ૫૭ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૫૭ | ૬૨ | અણાહારી | ૩૦ |

# ૪૬ નિર્જરાદ્વાર

## પરિચય

નિર્જરવું એટલે કર્મનું ખરવું. (ઝરવું, સડવું, વિનાશ પામવું) તે નિર્જરા તત્ત્વ છે. અથવા જેનાવડે કર્મનું ખરવું-ઝરવું-સડવું, વિનાશ પામવું થાય તે. તપશ્ચર્યા વિગેરે પણ નિર્જરા કહેવાય.

**निर्जरणम्-विशरणम्-परिशरणम् निर्जरा** અર્થાત્ કર્મનું વિખરવું, અથવા કર્મનો પરિશાટ-વિનાશ, તે નિર્જરા કહેવાય. મોક્ષ તત્ત્વ પણ કર્મની નિર્જરાથી છે અને આ નિર્જરા તત્ત્વ પણ કર્મની નિર્જરારૂપ છે; માટે એ બન્ને તત્ત્વોને ભિન્ન સમજવા માટે અહીં કર્મનો દેશથી ક્ષય તે નિર્જરા તત્ત્વ જાણવું અને કર્મનો સર્વથા ક્ષય તે મોક્ષ તત્ત્વ જાણવું. વિશેષ માટે નવતત્ત્વ તથા તત્ત્વાર્થસૂત્ર જુઓ.

અણસણ, ઊણોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ નિર્જરાના ૧૨ ભેદ.

卐

## વિવેચન

( ૧ ) ભગવંતનો ઉપદેશ સાંભળે છે, પ્રશ્ન પૂછે છે, શાશ્વતા પુસ્તકો વાંચતા હોવાથી સ્વાધ્યાય હોય, વિનય, વૈયાવચ્ચ પણ હોય અને કાયકલેશ પણ હોય. સમકિતીને સકામ કાયકલેશ અને મિથ્યાત્વીને અકામ કાયકલેશ હોય ( ૨-૩ ) પૂરેપૂરા. ૭ પ્રકારનો બાહ્યતપ અને ૭ પ્રકારનો અભ્યંતર તપ ( ૪ ) સમ્યગ્દષ્ટિને સકામ કાયકલેશ અને મિથ્યાદષ્ટિને અકામ કાયકલેશ હોય. ( ૫-૮ ) કાયકલેશ હોય. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં કાયકલેશ અકામ નિર્જરા સમજવી. ( ૯ ) પૂરેપૂરા ( ૧૦-૧૪ ) એકેન્દ્રિય પ્રમાણે કાયકલેશ ( ૧૫-૨૯ ) પૂરેપૂરા ( ૩૦ ) ધ્યાન, અણશણ અને કાયકલેશ હોય. કેવળી ભગવંતને હંમેશા શુક્લધ્યાન હોય જ. અંતસમયે માસખમણાદિક કરીને અણશણ પણ કરે અને કેવળી સમુદ્ઘાત કરતી વખતે કાયકલેશ પણ હોય અને કાયોત્સર્ગ હોય. ( ૩૧-૩૩ ) ૭ પ્રકારનો બાહ્યતપ હોય ( ૩૪-૪૩ ) પૂરેપૂરા ( ૪૪ ) કેવળજ્ઞાન પ્રમાણે ( ૪૫-૫૧ ) પૂરેપૂરા ( ૫૨ ) બાહ્ય તપ ૭ પ્રકારનો હોય. ( ૫૩-૫૫ ) પૂરેપૂરા ( ૫૬-૫૮ ) બાહ્ય તપ ૭ પ્રકારનો હોય ( ૫૯ ) પૂરેપૂરા ( ૬૦ ) કાયકલેશ અકામ નિર્જરા ( ૬૧ ) પૂરેપૂરા ( ૬૨ ) કેવળી આશ્રયી ચાર. કેવળજ્ઞાનવત્

## ૪૬. નિર્જરા દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૪ | ૨૧ | નપુંસકવેદ | ૧૨ | ૪૨ | અચક્ષુદર્શન | ૧૨ |
| ૨ | મનુષ્યગતિ | ૧૨ | ૨૨ | ક્રોધ | ૧૨ | ૪૩ | અવધિદર્શન | ૧૨ |
| ૩ | તિર્યંચગતિ | ૧૨ | ૨૩ | માન | ૧૨ | ૪૪ | કેવળદર્શન | ૪ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૧૨ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૨ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૨૫ | લોભ | ૧૨ | ૪૬ | નીલલેશ્યા | ૧૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૧૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૧૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૨ | ૪૮ | તેજોલેશ્યા | ૧૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૧૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૧૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૨ | ૫૦ | શુક્લલેશ્યા | ૧૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૪ | ૫૧ | ભવી | ૧૨ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૬ | ૫૨ | અભવી | ૬ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬ | ૫૩ | ઉપશમસમકિત | ૧૨ |
| ૧૩ | વાયુકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૬ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયિક | ૧૨ | ૫૫ | ક્ષાયક સમકિત | ૧૨ |
| ૧૫ | ત્રસકાય | ૧૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૨ | ૫૬ | મિશ્રસમકિત | ૬ |
| ૧૬ | મનયોગ | ૧૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૨ | ૫૭ | સાસ્વાદન | ૬ |
| ૧૭ | વચનયોગ | ૧૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૨ | ૫૮ | મિથ્યાત્વ | ૬ |
| ૧૮ | કાયયોગ | ૧૨ | ૩૮ | યથાખ્યાત | ૧૨ | ૫૯ | સંજ્ઞી | ૧૨ |
| ૧૯ | પુરુષવેદ | ૧૨ | ૩૯ | દેશવિરતિ | ૧૨ | ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૨૦ | સ્રીવેદ | ૧૨ | ૪૦ | અવિરતિ | ૧૨ | ૬૧ | આહારી | ૧૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૧૨ | ૬૨ | અણાહારી | ૪ |

## ૪૭. બંધદ્વાર

### પરિચય

જીવ સાથે કર્મનો ક્ષીર-નીર સરખો (દૂધમાં જળ સરખો) પરસ્પર એકમેક સંબંધ થવો તે બંધ. બંધ તત્ત્વના ચાર ભેદ છે-પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ ને પ્રદેશબંધ.

卐

### વિવેચન

(૧-૨૯) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ એ ચારે પ્રકારના બંધ હોય. (૩૦) પ્રદેશબંધ હોય. કેવળીભગવંત સાતાવેદનીય કર્મ બે સમયની સ્થિતિવાળો બાંધે છે. (૩૧-૪૩) ચારે પ્રકાર, (૪૪) પ્રદેશબંધ, કેવળજ્ઞાનવત્. (૪૫-૬૨) ચારે પ્રકાર.


## देवकुलपाटक

સુપ્રસિદ્ધ શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ, એ. એમ. એ. એસ. બી. મહારાજની કસાએલી કલમથી લખાએલું આ એક ઐતિહાસિક ટ્રેક્ટ છે. ઉદેપુરની પાસે આવેલા દેલવાડા, કે જે પહેલાં એક જૈનપુરી તરીકે પ્રસિદ્ધ હતું, તેની પૂર્વની જાહોજલાલીને બતાવી આપનાર આ પુસ્તક છે. આ પુસ્તકની બોમ્બે ક્રોનીકલ, મોડર્નરીવ્યુ જેવાં અંગ્રેજી પત્રો અને સરસ્વતી, શારદા, બુદ્ધિપ્રકાશ, વિગેરે હિન્દી, સંસ્કૃત અને ગુજરાતી પત્રોએ ઘણા જ ઊંચા શબ્દોમાં પ્રશંસા કરી છે. એટલું જ નહિ પરન્તુ, છેલ્લી જૈન કોન્ફરન્સના પ્રેસીડેન્ટે પોતાના ભાષણમાં, આજ કાલ બહાર પડતાં ઐતિહાસિક પુસ્તકોમાં, આ પુસ્તકને પહેલાં સ્થાન આપ્યું હતું. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ જવાથી હમણાંજ ત્હેની બીજી આવૃત્તિ કેટલાંક ઐતિહાસિક પ્રમાણોના વધારા સાથે બહાર પાડી છે. મૂલ્ય ૦-૧-૦

## ૪૭. બંધ દ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૪ | ૨૧ | નપુંસકવેદ | ૪ | ૪૨ | અચક્ષુદર્શન | ૪ |
| ૨ | મનુષ્યગતિ | ૪ | ૨૨ | ક્રોધ | ૪ | ૪૩ | અવધિદર્શન | ૪ |
| ૩ | તિર્યંચગતિ | ૪ | ૨૩ | માન | ૪ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૪ | ૨૪ | માયા | ૪ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૪ | ૨૫ | લોભ | ૪ | ૪૬ | નીલલેશ્યા | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૪ | ૨૬ | મતિજ્ઞાન | ૪ | ૪૭ | કાપોતલેશ્યા | ૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૪ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪ | ૪૮ | તેજોલેશ્યા | ૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૪ | ૨૮ | અવધિજ્ઞાન | ૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૪ | ૫૦ | શુકલલેશ્યા | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૪ |
| ૧૧ | અપ્કાય | ૪ | ૩૧ | મતિઅજ્ઞાન | ૪ | ૫૨ | અભવી | ૪ |
| ૧૨ | તેઉકાય | ૪ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪ | ૫૩ | ઉપશમસમકિત | ૪ |
| ૧૩ | વાઉકાય | ૪ | ૩૩ | વિભંગજ્ઞાન | ૪ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪ | ૩૪ | સામાયિક | ૪ | ૫૫ | ક્ષાયક સમકિત | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૪ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૪ | ૫૬ | મિશ્રસમકિત | ૪ |
| ૧૬ | મનયોગ | ૪ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪ | ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૧૭ | વચનયોગ | ૪ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૪ | ૫૮ | મિથ્યાત્વ | ૪ |
| ૧૮ | કાયયોગ | ૪ | ૩૮ | યથાખ્યાત | ૪ | ૫૯ | સંજ્ઞી | ૪ |
| ૧૯ | પુરુષવેદ | ૪ | ૩૯ | દેશવિરતિ | ૪ | ૬૦ | અસંજ્ઞી | ૪ |
| ૨૦ | સ્રીવેદ | ૪ | ૪૦ | અવિરતિ | ૪ | ૬૧ | આહારી | ૪ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૪ | ૬૨ | અણાહારી | ૪ |

# ૪૮. મોક્ષદ્વાર

## પરિચય

સર્વથા કર્મનો ક્ષય થવાથી શુદ્ધ આત્મ-સ્વભાવની પ્રાપ્તિ થવી તે મોક્ષ કહેવાય છે. શુદ્ધ આત્મ-સ્વભાવમાં કોઇ પણ પ્રકારનો ભેદ નથી તેથી ભેદો ન થઇ શકે, તો પણ નવ અનુયોગદ્વારવડે મોક્ષતત્ત્વનું નિરૂપણ કરેલું હોવાથી તેના નવ ભેદો કહ્યા છે.

૧ **સત્પદપ્રરૂપણા**-સામાન્ય રૂપે અને વિશેષ રૂપે પદાર્થની સત્તા-વિદ્યમાનતાનો વિચાર કરવો. જેમ કે મોક્ષ વિદ્યમાન છે કે નહિ એવો વિચાર તે સામાન્ય પ્રરૂપણા અને માર્ગણા સ્થાનમાં કઈ માર્ગણાએ મોક્ષ હોઇ શકે અને કઇ માર્ગણાએ ન હોય તેવો વિચાર તે વિશેષ પ્રરૂપણા કહેવાય. ૧ મોક્ષ વિદ્યમાન છે, ૨ એકપદવાચ્ય હોવાથી, ૩ આ વિશ્વમાં જે જે એકપદવાચ્ય વસ્તુ છે તે તે અવશ્ય વિદ્યમાન હોય છે. દા. ત. ઘટ, પટ વિગેરે. દ્વિપદવાચ્ય વસ્તુઓ કવચિત્ હોય છે અને કવચિત્ હોતી નથી. દા. ત. ગોશૃંગ, આકાશપુષ્પ. ૪ મોક્ષ એકપદવાચ્ય છે. ૫ તેથી તે અવશ્ય છે. આ વિચારણા તે સામાન્ય પ્રરૂપણા કહેવાય. **ગત્યાદિ ચૌદ માર્ગણા દ્વાર છે અને તેના ઉત્તર ભેદ બાસઠ થાય છે, જે આપણા પ્રસ્તુત ગ્રન્થનો પ્રધાન વિષય** છે. તે ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યકત્વ, સંજ્ઞી અને આહારક-આ ચૌદ માર્ગણાદ્વારા મોક્ષનો વિચાર કરવો તે વિશેષ પ્રરૂપણા કહેવાય.

૨. **દ્રવ્ય પ્રમાણ**-સિદ્ધના જીવો અનંતા છે અને તે સર્વ સંસારી જીવોના અનંતમા ભાગે છે.

૩ **ક્ષેત્ર**-સિદ્ધના જીવો ચૌદ રાજપ્રમાણ આ લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રને વિષે રહેલા છે. લોકના અગ્રભાગે પીસ્તાળીશ લાખ યોજનપ્રમાણ સિદ્ધશિલા છે. ત્યાંથી એક યોજન દૂર લોકાંત છે. તે એક યોજનના ચોવીશમા ભાગમાં લોકાંતને સ્પર્શીને પીસ્તાલીશ લાખ યોજનપ્રમાણ ક્ષેત્રમાં સિદ્ધના સર્વ જીવો રહેલ છે. મનુષ્ય ક્ષેત્રમાંથી જ મોક્ષે જવાય છે. અને મનુષ્ય ક્ષેત્રનું પીસ્તાળીશ લાખ યોજનનું પ્રમાણ હોવાથી સિદ્ધક્ષેત્ર-સિદ્ધશિલા પણ તેટલા જ પ્રમાણવાળી છે.

૪ **સ્પર્શના**-સિધ્ધના જીવોની સ્પર્શના ક્ષેત્ર કરતાં અધિક હોય છે. દ્રવ્ય જેટલા આકાશપ્રદેશમાં રહેલું હોય તે ક્ષેત્ર કહેવાય અને તેનાથી સ્પર્શના આસપાસના એક એક આકાશપ્રદેશની અધિક હોય છે. એક પરમાણુનું ક્ષેત્ર એક આકાશપ્રદેશ છે અને તેની સ્પર્શના સાત આકાશપ્રદેશપ્રમાણ જાણવી. ચાર દિશાના ચાર અને ઊર્ધ્વ તથા અધોના મળી છ મેળવતાં સાત થાય છે.

૫ **કાળ**—સર્વ સિદ્ધોને આશ્રયીને કાળ અનાદિ અનંત છે, કારણ કે સિદ્ધ થવાની કોઇ પણ કાળે શરૂઆત થઇ નથી, તેથી અનાદિ અનંત કહેવાય. એક સિદ્ધ જીવ આશ્રયીને સાદિ અનંત કાળ કહેવાય, કારણ કે તે સિધ્ધ થયાની આદિ છે.

**૬ અંતર**—સિદ્ધોને વિષે અંતર નથી, કારણ કે મુક્ત થયા પછી પુનઃ સંસારમાં આવવાપણું રહેતું નથી એટલે અંતર ઘટતું નથી.

**૭ ભાગ**-સિધ્ધના જીવો સંસારીજીવોના કેટલામા ભાગે છે તેનો વિચાર કરવો. સિદ્ધના જીવો અનંત છે અને તેઓ સર્વ સંસારી જીવોના અનંતમે ભાગે છે.

**૮ ભાવ**-ભાવ એટલે જીવનો સ્વભાવ. ઔપશમિકાદિ પાંચ ભાવો છે. સિદ્ધના જીવોને ક્ષાયિકભાવના નવ ભેદો પૈકી કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ભેદ હોય છે.

**૯ અલ્પબહુત્વ**-અનંતરસિધ્ધ ને પરંપરાસિદ્ધ એ બે પ્રકાર સિધ્ધના છે. જેને સિદ્ધ થયાને એક પણ સમયનું અંતર પડયું નથી તે અનંતર સિધ્ધ કહેવાય અને જેને સિદ્ધ થયાને એકાદ સમયનું અંતર હોય તે પરંપરસિદ્ધ જાણવા, તેના દ્વિસમય સિદ્ધાદિ અનંત ભેદો છે. અનંતર સિધ્ધના ત્રણ ભેદો છે. નપુંસકલિંગસિધ્ધ, સ્ત્રીલિંગસિધ્ધ અને પુરુષલિંગસિધ્ધ. લિંગ એટલે બાહ્યાકાર જાણવો પણ ઇચ્છારૂપ ભાવભેદ ન જાણવો, કારણ કે ભાવ વેદમાં વર્તતો કોઇપણ જીવ સિદ્ધ ન થાય. સૌથી થોડા નપુસંકલિંગસિદ્ધ જાણવા કારણ કે તેઓ એક સમયમાં દસ મોક્ષે જાય છે. સ્ત્રીલિંગસિધ્ધ તેનાથી સંખ્યાતગુણા જાણવા કેમકે એક સમયમાં ઉત્કૃષ્ટ વીશ મોક્ષે જાય. પુરુષલિંગસિદ્ધ તેનાથી સંખ્યાતગુણના જાણવા કારણકે તે એક સમયમાં ઉત્કૃષ્ટા એકસો ને આઠ મોક્ષે જાય છે.

卐

## વિવેચન

(૧) એક ભેદ ન હોય. (૨) મોક્ષ તત્ત્વના નવ ભેદ કહ્યા છે પરન્તુ મોક્ષના ખાસ જુદા નવ ભેદ નથી, પરન્તુ નવ અનુયોગવડે મોક્ષનું નિરૂપણ હોવાથી નવ ભેદો ગણાવ્યા છે. તે આ પ્રમાણે- સત્પદપ્રરૂપણા, દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ (૩-૮) એક ન હોય કારણ કે મનુષ્ય ગતિ સિવાય મોક્ષ નથી. (૯) નવે હોય (૧૦-૧૪) એક પણ ન હોય (૧૫) નવે હોય (૧૬-૨૯) એક પણ ન હોય. (૩૦) નવે હોય (૩૧-૩૭) એક પણ ન હોય (૩૮) નવે હોય. (૩૯-૪૩) એક પણ ન હોય. (૪૪) નવે હોય. (૪૫-૫૦) એક પણ ન હોય. (૫૧) નવે હોય. (૫૨-૫૪) એક પણ ન હોય. (૫૫) નવે હોય. (૫૬-૬૧) એક પણ ન હોય (૬૨) નવે હોય.

## ૪૮. મોક્ષ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૦ | ૨૧ | નપુંસકવેદ | ૦ | ૪૨ | અચક્ષુદર્શન | ૦ |
| ૨ | મનુષ્યગતિ | ૯ | ૨૨ | ક્રોધ | ૦ | ૪૩ | અવધિદર્શન | ૦ |
| ૩ | તિર્યંચગતિ | ૦ | ૨૩ | માન | ૦ | ૪૪ | કેવળદર્શન | ૯ |
| ૪ | નરકગતિ | ૦ | ૨૪ | માયા | ૦ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૦ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૦ | ૪૬ | નીલલેશ્યા | ૦ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૨૬ | મતિજ્ઞાન | ૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૦ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૦ | ૪૮ | તેજોલેશ્યા | ૦ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૨૮ | અવધિજ્ઞાન | ૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ | ૫૦ | શુક્લલેશ્યા | ૦ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૯ | ૫૧ | ભવી | ૯ |
| ૧૧ | અપ્કાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૦ | ૫૨ | અભવી | ૦ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૦ | ૫૩ | ઉપશમસમકિત | ૦ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૦ | ૫૫ | ક્ષાયકસમકિત | ૯ |
| ૧૫ | ત્રસકાય | ૯ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ | ૫૬ | મિશ્રસમકિત | ૦ |
| ૧૬ | મનયોગ | ૦ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૫૭ | સાસ્વાદન | ૦ |
| ૧૭ | વચનયોગ | ૦ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ | ૫૮ | મિથ્યાત્વ | ૦ |
| ૧૮ | કાયયોગ | ૦ | ૩૮ | યથાખ્યાત | ૯ | ૫૯ | સંજ્ઞી | ૦ |
| ૧૯ | પુરુષવેદ | ૦ | ૩૯ | દેશવિરતિ | ૦ | ૬૦ | અસંજ્ઞી | ૦ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૦ | ૪૦ | અવિરતિ | ૦ | ૬૧ | આહારી | ૦ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૦ | ૬૨ | અણાહારી | ૯ |

## ૪૯ દંડકદ્વાર

### પરિચય

**दंडयन्ते जीवा यस्मिन्निति दंडकः** । એટલે જીવો જેને વિષે દંડ-શિક્ષા પામે તે દંડક કહેવાય. તે ચોવીશ પ્રકારે છેઃ-

સાત નારકીનો એક દંડક, ૧૦ ભૂવનપતિના ૧૦ દંડક, પૃથ્વીકાય, અપૂકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય આ પાંચ એકેન્દ્રિય દંડક, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય આ ત્રણ વિકલેન્દ્રિય દંડક, ગર્ભતિર્યંચનો એક દંડક, ગર્ભજમનુષ્યનો એક દંડક, વ્યંતરનો એક દંડક, જ્યોતિષનો એક દંડક અને વૈમાનિકનો ૧ દંડક.

卐

### વિવેચન

( ૧ ) ભવનપતિ ૧૦, જ્યોતિષી ૧, વ્યંતર ૧, વૈમાનિક ૧. ( ૨ ) ગર્ભજ-મનુષ્યનો જ લાભે ( ૩ ) પૃથ્વીકાય, અપૂકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય ત્રણ તથા ગર્ભતિર્યંચ પંચેન્દ્રિય. ( ૪ ) નરકનો જ લાભે ( ૫ ) પૃથ્વી, અપ્, તેઉ, વાઉ અને વનસ્પતિકાય. ( ૬ ) બેઇન્દ્રિયનો જ લાભે ( ૭ ) તેઇન્દ્રિયનો જ લાભે ( ૮ ) ચૌરેન્દ્રિયનો જ લાભે ( ૯ ) દેવતાના ૧૩, નરકનો એક, મનુષ્યનો એક અને તિર્યંચ પંચેન્દ્રિય એક ( ૧૦ ) પૃથ્વીકાયનો જ લાભે ( ૧૧ ) અપ્કાયનો જ લાભે ( ૧૨ ) તેઉકાયનો જ લાભે ( ૧૩ ) વાઉકાયનો જ લાભે. ( ૧૪ ) વનસ્પતિકાયનો જ લાભે. ( ૧૫ ) એકેન્દ્રિયના પાંચ સિવાય ઓગણીશ હોય. ( ૧૬ ) પંચેન્દ્રિય પ્રમાણે ( ૧૭ ) એકેન્દ્રિયના પાંચ સિવાય ઓગણીશ હોય. ( ૧૮ ) પૂરેપૂરા. દેવના ૧૩, મનુષ્ય ૧, નરક ૧, એકેન્દ્રિય ૫, વિકલેન્દ્રિય ૩, તથા તિર્યંચ પંચેન્દ્રિય ૧-કુલ ૨૪ ( ૧૯-૨૦ ) દેવના ૧૩, મનુષ્ય ૧, તથા તિર્યંચ પંચેન્દ્રિય ૧ ( ૨૧ ) દેવના તેર જતાં શેષ અગિયાર લાભે ( ૨૨-૨૫ ) પૂરેપૂરા ( ૨૬-૨૮ ) પંચેન્દ્રિય પ્રમાણે ( ૨૯-૩૦ ) મનુષ્યનો જ લાભે ( ૩૧-૩૨ ) પૂરેપૂરા ( ૩૩ ) એકેન્દ્રિયના પાંચ તથા વિકલેન્દ્રિયના ત્રણ સિવાય શેષ સોળને હોય. ( ૩૪-૩૮ ) મનુષ્યને જ લાભે ( ૩૯ ) મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિય ( ૪૦ ) પૂરેપૂરા ( ૪૧ ) એકેન્દ્રિયના પાંચ તથા બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયને ન હોય. ( ૪૨ ) પૂરેપૂરા ( ૪૩ ) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું ( ૪૪ ) મનુષ્યને જ લાભે ( ૪૫-૪૭ ) જ્યોતિષી તથા વૈમાનિક સિવાય શેષ બાવીશને લાભે ( ૪૮ ) તેઉકાય, વાઉકાય, વિકલેન્દ્રિય ત્રણ, તથા નરક છને ન હોય. ( ૪૯-૫૦ ) વૈમાનિક, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને જ હોય. ( ૫૧-૫૨ ) પૂરેપૂરા. ( ૫૩-૫૪ ) દેવના ૧૩, મનુષ્ય ૧, તિર્યંચ પંચેન્દ્રિય ૧, તથા નરક ૧. ( ૫૫ ) વૈમાનિક દેવ, મનુષ્ય અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચપંચેન્દ્રિય અને નરક. ( ૫૬ ) ઉપશમ સમકિત પ્રમાણે. ( ૫૭ ) તેઉકાય તથા વાઉકાય સિવાય શેષ ૨૨ને લાભે ( ૫૮ ) પૂરેપૂરા. ( ૫૯ ) એકેન્દ્રિયના પાંચ, તથા વિકલેન્દ્રિયના ત્રણ સિવાય શેષ સોળ. ( ૬૦ ) એકેન્દ્રિયના પાંચ, વિકલેન્દ્રિયના ૩, કુલ આઠ લાભે. જો કે સંમૂર્ચ્છિમ તિર્યંચ તથા સંમૂર્ચ્છિમ મનુષ્ય ગણીએ તો ૧૦ થાય પરંતુ ૨૪ દંડકમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય તિર્યંચને ગ્રહણ નહિ કરેલા હોવાથી ૮ દંડક લાભે. ( ૬૧-૬૨ ) પૂરેપૂરા.

## ૪૯. દંડક દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૩ | ૨૧ | નપુંસકવેદ | ૧૧ | ૪૨ | અચક્ષુદર્શન | ૨૪ |
| ૨ | મનુષ્યગતિ | ૧ | ૨૨ | ક્રોધ | ૨૪ | ૪૩ | અવધિદર્શન | ૧૬ |
| ૩ | તિર્યંચગતિ | ૯ | ૨૩ | માન | ૨૪ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૨૪ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨૨ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૨૫ | લોભ | ૨૪ | ૪૬ | નીલલેશ્યા | ૨૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૧૬ | ૪૭ | કાપોતલેશ્યા | ૨૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૧૬ | ૪૮ | તેજોલેશ્યા | ૧૮ |
| ૮ | ચઉરેન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૧૬ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૧૬ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૨૪ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨૪ | ૫૨ | અભવી | ૨૪ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨૪ | ૫૩ | ઉપશમસમકિત | ૧૬ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૧૬ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૧૬ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયક | ૧ | ૫૫ | ક્ષાયકસમકિત | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૧૯ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૫૬ | મિશ્રસમકિત | ૧૬ |
| ૧૬ | મનયોગ | ૧૬ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૫૭ | સાસ્વાદન | ૨૨ |
| ૧૭ | વચનયોગ | ૧૯ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૨૪ |
| ૧૮ | કાયયોગ | ૨૪ | ૩૮ | યથાખ્યાત | ૧ | ૫૯ | સંજ્ઞી | ૧૬ |
| ૧૯ | પુરૂષવેદ | ૧૫ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૮ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૧૫ | ૪૦ | અવિરતિ | ૨૪ | ૬૧ | આહારી | ૨૪ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૧૭ | ૬૨ | અણાહારી | ૨૪ |

## ૫૦. જ્ઞાનદ્વાર

### પરિચય

[ **જ્ઞાયતે પરિચ્છિદ્યતે વસ્ત્વનેનેતિ જ્ઞાનમ્** જેનાવડે વસ્તુ જણાય (પરિછેદાય) તે જ્ઞાન કહેવાય. જ્ઞાન એટલે વસ્તુને વિશેષ પ્રકારે જાણવું તે જ્ઞાન-પાંચ ઇન્દ્રિય તથા મનદ્વારા જાણવું તે મતિજ્ઞાન, શાસ્ત્રોદ્વારા જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન, મન અને ઇન્દ્રિય વિના મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જાણવાના તે અવધિજ્ઞાન, અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવા, તે મનઃપર્યવજ્ઞાન. એક સમયમાં રૂપી અરૂપી પદાર્થોને જાણવા તેનું નામ કેવળજ્ઞાન. ]

卐

### વિવેચન

(૧) મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હોય. ચારિત્રના અભાવે મનઃપર્યવ તથા કેવળજ્ઞાન એ બંને ન હોય. (૨) પાંચે જ્ઞાન હોય. આ જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ જીવને હોય. (૩-૪) દેવની માફક જાણવું. સમ્યગ્દૃષ્ટિ તિર્યંચોને મતિ તથા શ્રુતજ્ઞાન હોય. કોઈકને ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન હોય કારણ કે તિર્યંચો પણ વ્રત, તપ કરી શકે. (૫) સિદ્ધાંતકારે એકેન્દ્રિયને સાસ્વાદનભાવ માન્યો છે અને સાસ્વાદનમાં મતિ તથા શ્રુત એ બે જ્ઞાન હોય (૬-૮) બેઇન્દ્રિયોને કરણ અપર્યાપ્તાવસ્થામાં અલ્પકાળ સાસ્વાદન સમકિત હોય છે. જીવાભિગમ સૂત્ર ૨૮ મા માં બે જ્ઞાનને બે અજ્ઞાન દર્શાવ્યા છે. સિદ્ધાંતકારના મત મુજબ જ્ઞાન બે હોય, (૯) મનુષ્ય પ્રમાણે જાણવા. (૧૦-૧૪) એકેન્દ્રિય પ્રમાણે (૧૫-૧૮) પાંચે જ્ઞાન હોય. (૧૯) પ્રથમના ચાર (૨૦) સ્ત્રીના ચિહ્નવાળી તે દ્રવ્ય સ્ત્રી અને પુરુષ ઉપર અભિલાષાવાળી તે ભાવ સ્ત્રી જાણવી. તેમાં ભાવ સ્ત્રીમાં ચાર જ્ઞાન અને દ્રવ્ય સ્ત્રીમાં પાંચે જ્ઞાન જાણવા. (૨૧) કૃત્રિમ નપુંસકને પાંચે હોય, ત્રણે લિંગે કેવળજ્ઞાન હોય પરંતુ વેદનો ઉદય હોય ત્યાંસુધી તો પ્રથમના ચાર જ્ઞાન હોય. મૂળ નપુંસકને ત્રણ હોય કારણ કે કદાચ તે ચારિત્ર લે તો પણ તેને સ્પર્શે નહિ તેથી મનઃપર્યવ અને કેવળજ્ઞાન ન હોય. (૨૨-૨૫) મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યવ હોય. કેવળજ્ઞાન ન હોય; કારણ કે ક્રોધનો ઉદય નવમા ગુણઠાણા સુધી હોય છે. કેવળજ્ઞાન તો તેરમે થાય છે (૨૬) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાન હોય. કેવળજ્ઞાન ન હોય, તત્ત્વાર્થ સૂત્રના પહેલા અધ્યયનનાં સૂત્ર ૩૧ માં કહ્યું છે કે—એકથી માંડીને એક સાથે ચાર જ્ઞાન હોય. કેવળજ્ઞાન હોય ત્યાં આ ચાર જ્ઞાન ન હોય. કેટલાક આચાર્યોનું એવું કથન છે કે જેમ સૂર્યની પ્રભામાં નક્ષત્ર વિગેરેની પ્રભા સમાઇને રહે છે તેવી રીતે કેવળજ્ઞાન હોવા છતાં ચારે જ્ઞાન રહી શકે છે. વળી કેટલાક આચાર્યોનું એવું કહેવું છે કે-આ ચાર જ્ઞાન ક્ષયોપશમ ભાવથી થાય છે અને કેવળજ્ઞાનીને

તે ભાવ હોતો નથી; તેમને તો ક્ષાયક ભાવ હોય છે, આ ચારે જ્ઞાનનો ઉપયોગ અનુક્રમે થાય છે; એક સાથે થતો નથી. જ્યારે કેવળજ્ઞાનનો ઉપયોગ બીજાની અપેક્ષા વિના એક સાથે થાય છે. (૨૭-૨૯) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૦) કેવળજ્ઞાન હોય. (૩૧-૩૩) એક પણ ન હોય. (૩૪-૩૭) કેવળજ્ઞાન સિવાય બાકીના ચાર હોય. સામાયિક છઠ્ઠેથી નવમે ગુણઠાણે હોય છે. કેવળજ્ઞાન તો તેરમે ગુણઠાણે થાય છે. (૩૮) અગિયારમે તથા બારમે ગુણઠાણે રહેનાવાળા છદ્મસ્થ યથાખ્યાતને ચાર જ્ઞાન હોય અને તેરમે તથા ચૌદમે રહેવાવાળાને એક કેવળજ્ઞાન હોય. (૩૯) મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય. સર્વવિરતિવાળાને જ મનઃપર્યવ અને કેવળજ્ઞાન હોય છે. (૪૦) મતિ, શ્રુત અને અવધિ હોય. (૪૧) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન એ ચાર જ્ઞાન હોય. (૪૨) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાન એ ચાર જ્ઞાન હોય. કેવળજ્ઞાનીને સ્પર્શેન્દ્રિયદ્વારા ઉપયોગ પ્રવર્તે નહિ પરંતુ આત્મ સાક્ષાત્ પ્રવર્તે માટે આમાં કેવળજ્ઞાન ન હોય. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫-૪૯) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ હોય. (૫૦) પાંચે જ્ઞાન હોય; કારણ કે ઔદયિક ભાવની અંદર કેવળજ્ઞાનની માર્ગણામાં ત્રણ ભેદ બતાવ્યા છે ત્યાં શુકલલેશ્યા પણ દર્શાવી છે. (૫૧) પાંચે જ્ઞાન હોય. (૫૨) સમકિતના અભાવે એક પણ જ્ઞાન ન હોય. (૫૩-૫૪) કેવળજ્ઞાન સિવાય ચાર જ્ઞાન હોય. (૫૫) છદ્મસ્થ વીતરાગને ચાર જ્ઞાન હોય. કેવળી ભગવંતને એકલું કેવળજ્ઞાન હોય. ક્ષાયિક સમકિતમાં પાંચે જ્ઞાન હોય છે. જુઓ કર્મગ્રંથ ચોથો, ગાથા ૩૩ (૫૬) મતિ, શ્રુત અને અવધિજ્ઞાન એ ત્રણ અજ્ઞાનમિશ્ર હોય. જુઓ કર્મગ્રંથ ગાથા ૩૩ (૫૭) કર્મગ્રંથના અભિપ્રાયે જ્ઞાન ન હોય. જુઓ ચોથો કર્મગ્રન્થ ગાથા ૩૨ અને સિદ્ધાંતના અભિપ્રાયે બે જ્ઞાન હોય, જુઓ દંડક પ્રકરણ ગાથા ૨૦ (૫૮) સમકિતના અભાવે એક પણ જ્ઞાન ન હોય (૫૯) પાંચે જ્ઞાન હોય. અહિંઆ કેવળીને દ્રવ્ય મનની અપેક્ષાએ સંજ્ઞી ગણ્યા છે. (૬૦) કર્મગ્રન્થના મતે જ્ઞાન ન હોય, પરન્તુ સિદ્ધાન્તકારના મતે સાસ્વાદનમાં મતિ તથા શ્રુત, એ બે જ્ઞાન માન્યા છે. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) મતિ શ્રુત અવધિ અને કેવળજ્ઞાન હોય. મનઃપર્યવજ્ઞાન ન હોય, કારણ કે તે છદ્મસ્થમુનિને હોય છે.



**પ્રાચીન તીર્થમાળા-સંગ્રહ**

આ તીર્થમાળામાં જુદા જુદા આચાર્યો અને મુનિરાજોએ જુદા જુદા સમયમાં બનાવેલી લગભગ ૨૦ તીર્થમાળાઓ આપવામાં આવી છે.

કિં. ૧-૮-૦

પ્રાપ્તિસ્થાનઃ—

**યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર**

## ૫૦. જ્ઞાન દ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૪/૫ | ૪૨ | અચક્ષુદર્શન | ૪ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૨૨ | ક્રોધ | ૪ | ૪૩ | અવધિદર્શન | ૪ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૨૩ | માન | ૪ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૩ | ૨૪ | માયા | ૪ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૦ | ૨૫ | લોભ | ૪ | ૪૬ | નીલલેશ્યા | ૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૦/૨ | ૨૬ | મતિજ્ઞાન | ૪ | ૪૭ | કાપોતલેશ્યા | ૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૦/૨ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪ | ૪૮ | તેજોલેશ્યા | ૪ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦/૨ | ૨૮ | અવધિજ્ઞાન | ૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૪ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૪ | ૫૦ | શુક્લલેશ્યા | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૦ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૫ |
| ૧૧ | અપૂકાય | ૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૦ | ૫૨ | અભવી | ૦ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૦ | ૫૩ | ઉપશમસમકિત | ૪ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૦ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૦ | ૩૪ | સામાયિક | ૪ | ૫૫ | ક્ષાયક સમકિત | ૫/૪ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૪ | ૫૬ | મિશ્રસમકિત | ૩ |
| ૧૬ | મનયોગ | ૫ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪ | ૫૭ | સાસ્વાદન | ૦/૨ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૪ | ૫૮ | મિથ્યાત્વ | ૦ |
| ૧૮ | કાયયોગ | ૫ | ૩૮ | યથાખ્યાત | ૪/૧ | ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૪/૫ | ૩૯ | દેશવિરતિ | ૩ | ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૪/૫ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૫ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૪ | ૬૨ | અણાહારી | ૪ |

## ૫૧. અજ્ઞાનદ્વાર

### પરિચય

જેનાવડે વસ્તુ વિપરીત રીતે જાણી શકાય અથવા જ્ઞાનથી વિપરીત તે અજ્ઞાન કહેવાય.

卐

### વિવેચન

(૧-૪) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. (૫-૮) મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. (૯) ત્રણે હોય. (૧૦-૧૪) મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. કર્મગ્રન્થકાર પૃથ્વીકાય જીવોને સાસ્વાદન ભાવ માને છે પરંતુ સર્વ પૃથ્વીકાય જીવોને બે અજ્ઞાન હોય. જુઓ જીવાભિગમ સૂત્ર ૧૩. (૧૫-૨૫) ત્રણે હોય. (૨૬-૩૦) જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન હોઇ શકે નહિ. (૩૧-૩૩) ત્રણે હોય. (૩૪-૩૯) ચારિત્ર જ્ઞાનીને હોય અને જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ન હોઈ શકે. (૪૦-૪૨) ત્રણે હોય. (૪૩-૪૪) એકે અજ્ઞાન ન હોય. (૪૫-૫૨) ત્રણે હોય. (૫૩-૫૫) એકે ન હોય. (૫૬) ત્રણે હોય. આ ગુણસ્થાનકે જ્ઞાનાંશ અધિક હોય તો જ્ઞાન ગણાય અને અજ્ઞાનાંશ અધિક હોય તો અજ્ઞાન ગણાય, તેથી મિશ્રમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન પણ કહેવાય. (૫૭-૫૯) ત્રણે હોય. (૬૦) મતિઅજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન હોય. (૬૧) ત્રણે હોય. (૬૨) ત્રણે હોય. કેવળજ્ઞાનીની અપેક્ષાએ અજ્ઞાન ન હોય પણ અપર્યાપ્તાવસ્થામાં ત્રણે અજ્ઞાન હોય.

ઐતિહાસિક રાસસંગ્રહ ભા. ૪ થો
આ ભાગમાં કેવળ વિજયતિલકસૂરિનો જ
રાસ આપ્યો છે અને તેની સાથે
રાસસાર અને ઐતિહાસિક
નોટો પણ આપી છે.

કિં. રૂ. ૧-૦-૦

લખો.
યશોવિજય જૈન ગ્રંથમાળા
ભાવનગર

## ૫૧. અજ્ઞાન દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૩ | ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૩ | ૨૨ | ક્રોધ | ૩ | ૪૩ | અવધિદર્શન | ૦ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૨૩ | માન | ૩ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૩ | ૨૪ | માયા | ૩ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૨ | ૨૫ | લોભ | ૩ | ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ | ૨૬ | મતિજ્ઞાન | ૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૦ | ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ | ૨૮ | અવધિજ્ઞાન | ૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૩ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ | ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૩ |
| ૧૧ | અપ્કાય | ૨ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩ | ૫૨ | અભવી | ૨ |
| ૧૨ | તેઉકાય | ૨ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩ | ૫૩ | ઉપશમસમકિત | ૦ |
| ૧૩ | વાઉકાય | ૨ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ | ૩૪ | સામાયિક | ૦ | ૫૫ | ક્ષાયકસમકિત | ૦ |
| ૧૫ | ત્રસકાય | ૩ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ | ૫૬ | મિશ્રસમકિત | ૩ |
| ૧૬ | મનયોગ | ૩ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૫૭ | સાસ્વાદન | ૩ |
| ૧૭ | વચનયોગ | ૩ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ | ૫૮ | મિથ્યાત્વ | ૩ |
| ૧૮ | કાયયોગ | ૩ | ૩૮ | યથાખ્યાત | ૦ | ૫૯ | સંજ્ઞી | ૩ |
| ૧૯ | પુરુષવેદ | ૩ | ૩૯ | દેશવિરતિ | ૦ | ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૩ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૬૨ | અણાહારી | ૩ |

# ૫૨. દર્શનદ્વાર

## પરિચય

**दृश्यते वस्त्वनेन सामान्यरूपेणेति दर्शनम् ।** જેનાવડે વસ્તુ સામાન્ય રૂપે દેખાય અથવા જણાય તે દર્શન કહેવાય.

卐

## વિવેચન.

(૧) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન હોય, કેવળદર્શન ન હોય; કારણ કે તેને ચારિત્ર નથી. (૨) ચારે દર્શન હોય. (૩) ત્રણ દર્શન હોય. કેવળદર્શન ન હોય, કારણ કે ચારિત્ર નથી. (૪) દેવગતિવત્ (૫–૭) અચક્ષુદર્શન હોય, કારણ કે એકેન્દ્રિયને સ્પર્શેન્દ્રિયદ્વારા સામાન્યજ્ઞાન હોવાથી સ્પર્શેન્દ્રિય સંબંધી અચક્ષુદર્શન ન હોય. જુઓ જીવાભિગમ સૂત્ર ૧૩. (૮) ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શન હોય. (૯) ચારે હોય. સંજ્ઞી પંચેન્દ્રિયને ચારે દર્શન હોય. (૧૦–૧૪) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૫–૧૮) ચારે દર્શન હોય. (૧૯–૨૧) વેદોદયે ત્રણ અને લિંગાકાર આશ્રીને ચાર. આ પ્રમાણે ત્રણે વેદમાં જાણી લેવું. (૨૨–૨૯) કેવળદર્શન ન હોય. શેષ ત્રણ હોય. (૩૦) કેવળદર્શન હોય. કેવળીની ચક્ષુ વિગેરે ઇન્દ્રિયો પોતપોતાનો વિષય ગ્રહણ કરી શકે તેવી હોય છે પરંતુ કેવળીનો આત્મા તે ઇન્દ્રિયોદ્વારા પ્રવર્તતો નથી. જેમ બ્રહ્મચારી પુરુષની પ્રથમની પરણેલી સ્ત્રીઓ નિરર્થક છે તેમ કેવળીને ઇન્દ્રિયો નિરુપયોગી છે. (૩૧–૩૩) ચક્ષુ તથા અચક્ષુદર્શન હોય. શ્રી ભગવતીજીમાં વિભંગજ્ઞાનીને અવધિદર્શન જણાવેલ છે આ હેતુથી અવધિદર્શન ગણવામાં આવે તો ત્રણ દર્શન કહેવાય. અન્ય ગ્રન્થોમાં વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનવામાં આવેલ નથી તે અપેક્ષાએ બે દર્શન હોય. (૩૪–૩૭) કેવળદર્શન ન હોય. આ ચારિત્ર છઠ્ઠેથી ૯ મા ગુણઠાણે હોય છે અને કેવળદર્શન તો તેરમે પ્રાપ્ત થાય છે તેથી કેવળદર્શન સિવાયનાં ત્રણ હોય. (૩૮) ચારે હોય. આ ચારિત્ર ૧૧ થી તેરમા ગુણસ્થાનક સુધી હોય છે તેથી કેવળદર્શન પણ હોય છે. (૩૯–૪૦) કેવળદર્શન ન હોય, કારણ કે તે તો ચારિત્રીને જ હોય. (૪૧–૪૩) ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન હોય. (૪૪) કેવળજ્ઞાન માફક જાણવું. (૪૫–૪૯) કેવળદર્શન ન હોય. (૫૦) કેવળી ભગવંતને શુક્લલેશ્યા હોય તેથી કેવળદર્શન પણ હોય. (૫૧) ચારે દર્શન હોય. (૫૨–૫૪) કર્મગ્રંથના મતે બે, સિદ્ધાંતકારના મતે ત્રણ. (૫૫) છદ્મસ્થ વીતરાગને ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન હોય. કેવળી વીતરાગને એક કેવળદર્શન હોય. (૫૬) સિદ્ધાંતના મતે ત્રણ અને કર્મગ્રન્થના મતે બે. (૫૭–૫૮) અભવી પ્રમાણે. (૫૯) ચારે હોય. (૬૦) ચક્ષુ અને અચક્ષુદર્શન હોય. (૬૧) ચારે હોય. (૬૨) અચક્ષુ, અવધિ અને કેવળદર્શન હોય. વક્રગતિમાં તથા પ્રથમ સમયે અચક્ષુ અને અવધિદર્શન હોય.

# ૫૨. દર્શન દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩ | ૨૧ | નપુંસકવેદ | ૩/૪ | ૪૨ | અચક્ષુદર્શન | ૩ |
| ૨ | મનુષ્યગતિ | ૪ | ૨૨ | ક્રોધ | ૩ | ૪૩ | અવધિદર્શન | ૩ |
| ૩ | તિર્યંચગતિ | ૩ | ૨૩ | માન | ૩ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૩ | ૨૪ | માયા | ૩ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૨૫ | લોભ | ૩ | ૪૬ | નીલલેશ્યા | ૩ |
| ૬ | બેન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૩ | ૪૭ | કાપોતલેશ્યા | ૩ |
| ૭ | તેઈન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૩ | ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૮ | ચઉરેન્દ્રિય | ૨ | ૨૮ | અવધિજ્ઞાન | ૩ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩ | ૫૦ | શુકલલેશ્યા | ૪ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૪ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨/૩ | ૫૨ | અભવી | ૨/૩ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨/૩ | ૫૩ | ઉપશમસમકિત | ૩ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨/૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૩ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયક | ૩ | ૫૫ | ક્ષાયકસમકિત | ૪ |
| ૧૫ | સકય | ૪ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૩ | ૫૬ | મિશ્રસમકિત | ૨/૩ |
| ૧૬ | મનયોગ | ૪ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩ | ૫૭ | સાસ્વાદન | ૨/૩ |
| ૧૭ | વચનયોગ | ૪ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩ | ૫૮ | મિથ્યાત્વ | ૨/૩ |
| ૧૮ | કાયયોગ | ૪ | ૩૮ | યથાખ્યાત | ૪ | ૫૯ | સંજ્ઞી | ૪ |
| ૧૯ | પુરૂષવેદ | ૩/૪ | ૩૯ | દેશવિરતિ | ૩ | ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩/૪ | ૪૦ | અવિરતિ | ૩ | ૬૧ | આહારી | ૪ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૩ | ૬૨ | અણાહારી | ૩ |

## ૫૩. જ્ઞાનાવરણદ્વાર

### પરિચય

નામ–જાતિ–ગુણ–ક્રિયા વિષયક વિશેષ બોધ તે જ્ઞાન. તે જ્ઞાનને જે આવરે તે જ્ઞાનાવરણ કર્મ કહેવાય છે. મતિજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મ તે મતિજ્ઞાનાવરણીય. શ્રુતજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મ તે શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મ તે અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મ તે મનઃપર્યવજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનને આચ્છાદન કરનાર કર્મ તે કેવળજ્ઞાનાવરણીય. પાંચે જ્ઞાનના અર્થ જ્ઞાનાદ્વારમાં બતાવેલ છે.

卐

### વિવેચન

(૧-૨૫) મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવળજ્ઞાનાવરણ. (૨૬–૨૯) પાંચે હોય. મતિજ્ઞાન થયું તેને પણ આવરણ લાગી શકે, કારણ કે જ્ઞાન સંપૂર્ણ થયું છે એ નિશ્ચિત કહી શકાય નહિ. તેવી રીતે બાકીના જ્ઞાનમાં જાણવું. (૩૦) સર્વથા જ્ઞાનાવરણનો ક્ષય હોય ત્યારે જ કેવળજ્ઞાન થાય છે. (૩૧–૩૭) પાંચે આવરણ હોય. (૩૮–૪૩) છદ્મસ્થ વીતરાગને પાંચ અને કેવળીયથાખ્યાતને ન હોય. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫–૬૨) પાંચે આવરણ હોય.

---


## इंद्रियपराजयदिग्दर्शन

પાંચે ઇંદ્રિયોના ત્રેવીશ વિષયોને કાબૂમાં રાખવાનો બોધ આપનાર આ એક અપૂર્વ પુસ્તક છે. ઇંદ્રિયોને આધીન થઇ જે મનુષ્યો પોતાના અમૂલ્ય જીવનને નષ્ટ કરી નાખે છે, તેઓને માટે આ પુસ્તક આશીર્વાદરૂપ છે. એક એક વિષયને અનેક દૃષ્ટાંત દલીલો સાથે એવો તો સ્પષ્ટ કરવામાં આવ્યો છે કે વાંચનારને અપૂર્વ બોધ મળવા સાથે આનંદ મળે છે.

લખોઃ–યશોવિજયજી જૈન ગ્રંથમાળાઃ–ભાવનગર.

મૂલ્ય. ૦–૪–૦

## ૫૩. જ્ઞાનાવરણ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૨૨ | ક્રોધ | ૫ | ૪૩ | અવધિદર્શન | ૫ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૨૩ | માન | ૫ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૫ | ૨૪ | માયા | ૫ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૨૫ | લોભ | ૫ | ૪૬ | નીલલેશ્યા | ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૫ | ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૪૭ | કાપોતલેશ્યા | ૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૫ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૪૮ | તેજોલેશ્યા | ૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫ | ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૪૯ | પદ્મલેશ્યા | ૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૫૦ | શુક્લલેશ્યા | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૫ |
| ૧૧ | અપ્કાય | ૫ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫ | ૫૨ | અભવી | ૫ |
| ૧૨ | તેઉકાય | ૫ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ | ૫૩ | ઉપશમસમકિત | ૫ |
| ૧૩ | વાયુકાય | ૫ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૫ | ૩૪ | સામાયિક | ૫ | ૫૫ | ક્ષાયક સમકિત | ૫ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ | ૫૬ | મિશ્રસમકિત | ૫ |
| ૧૬ | મનયોગ | ૫ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૫ | ૫૭ | સાસ્વાદન | ૫ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૫ | ૫૮ | મિથ્યાત્વ | ૫ |
| ૧૮ | કાયયોગ | ૫ | ૩૮ | યથાખ્યાત | ૦/૫ | ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૫ | ૩૯ | દેશવિરતિ | ૫ | ૬૦ | અસંજ્ઞી | ૫ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૪૦ | અવિરતિ | ૫ | ૬૧ | આહારી | ૫ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૬૨ | અણાહારી | ૫ |

# ૫૪. દર્શનાવરણદ્વાર

## પરિચય

નામ, જાત્યાદિ કલ્પના રહિત સામાન્ય બોધ તેને દર્શન કહે છે અને તેને જે આવરે તે દર્શનાવરણ. તે નવ પ્રકારના છે.

卐

## વિવેચન

( ૧ ) ૧ ચક્ષુદર્શનાવરણ, ૨ અચક્ષુદર્શનાવરણ, ૩ અવધિદર્શનાવરણ, ૪ કેવળદર્શનાવરણ, ૫ નિદ્રા, ૬ નિદ્રનિદ્રા, ૭ પ્રચલા, ૮ પ્રચલાપ્રચલા, ૯ થીણુદ્ધિ. થીણુદ્ધિત્રિક વિના છ. ( ૨-૩ ) પૂરેપૂરા. ( ૪ ) દેવગતિવત્ ( ૫-૨૯ ) પૂરેપૂરા. ( ૩૦ ) દર્શનાવરણ કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન થાય છે, તેથી એક પણ ન હોય. ( ૩૧-૩૬ ) પૂરેપૂરા. ( ૩૭ ) થીણુદ્ધિત્રિક વિના છ. ( ૩૮ ) છદ્મસ્થને છ, કેવળીને એક પણ ન હોય. ( ૩૯-૪૩ ) પૂરેપૂરા. ( ૪૪ ) કેવળજ્ઞાન પ્રમાણે. ( ૪૫-૬૧ ) પૂરેપૂરા હોય. ( ૬૨ ) પાંચ નિદ્રા વિના ચાર દર્શનાવરણીય.


## धर्मदेशना

સુવિખ્યાત શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીની ધર્મદેશનાથી કોણ અજાણ્યું છે? આ અતિ મહત્વના અને અત્યન્ત ઉપકારક ગ્રંથની બે હજાર કોપી પ્રથમ આવૃત્તિમાં છપાવી હતી, જે માત્ર થોડા જ વખતમાં ખપી જવાથી તેની બીજી આવૃત્તિ ઘણા સુધારાવધારા સાથે છપાઈને હમણાં જ બહાર પડી છે. મ્હોટા મ્હોટા વિદ્વાનોએ આ અત્યુત્તમ ગ્રંથને ઊંચી પંક્તિમાં મૂકયો છે. મુખ્ય પ્રકરણોમાં પણ ન્હાનાં ન્હાનાં ગૌણ પ્રકરણો પાડીને તેમજ બીજાં રમૂજી દૃષ્ટાન્તો અને સુંદર શ્લોકો આપીને આ વખતે આ પુસ્તકની ઉપયોગિતમાં ઘણો જ વધારો કરવામાં આવ્યો છે. કાગળો પણ ઊંચા વાપરવામાં આવ્યા છે, તેમ જીલ્દ પણ મનોહર કપડાની પાકીજ રાખવામાં આવી છે. છતાં કિંમત માત્ર ૧-૮-૦

લખોઃ-યશોવિજયજી જૈન ગ્રંથમાળા—ભાવનગર.

## ૫૪. દર્શનાવરણ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૯/૬ | ૨૧ | નપુંસકવેદ | ૯ | ૪૨ | અચક્ષુદર્શન | ૯ |
| ૨ | મનુષ્યગતિ | ૯ | ૨૨ | ક્રોધ | ૯ | ૪૩ | અવધિદર્શન | ૯ |
| ૩ | તિર્યંચગતિ | ૯ | ૨૩ | માન | ૯ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૯/૬ | ૨૪ | માયા | ૯ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૯ |
| ૫ | એકેન્દ્રિય | ૯ | ૨૫ | લોભ | ૯ | ૪૬ | નીલલેશ્યા | ૯ |
| ૬ | બેન્દ્રિય | ૯ | ૨૬ | મતિજ્ઞાન | ૯ | ૪૭ | કાપોતલેશ્યા | ૯ |
| ૭ | તેઈન્દ્રિય | ૯ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૯ | ૪૮ | તેજોલેશ્યા | ૯ |
| ૮ | ચઉરેન્દ્રિય | ૯ | ૨૮ | અવધિજ્ઞાન | ૯ | ૪૯ | પદ્મલેશ્યા | ૯ |
| ૯ | પંચેન્દ્રિય | ૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૯ | ૫૦ | શુક્લલેશ્યા | ૯ |
| ૧૦ | પૃથ્વીકાય | ૯ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૯ |
| ૧૧ | અપ્કાય | ૯ | ૩૧ | મતિઅજ્ઞાન | ૯ | ૫૨ | અભવી | ૯ |
| ૧૨ | તેઉકાય | ૯ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૯ | ૫૩ | ઉપશમસમકિત | ૯ |
| ૧૩ | વાઉકાય | ૯ | ૩૩ | વિભંગજ્ઞાન | ૯ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૯ |
| ૧૪ | વનસ્પતિકાય | ૯ | ૩૪ | સામાયક | ૯ | ૫૫ | ક્ષાયકસમકિત | ૯ |
| ૧૫ | ત્રસકાય | ૯ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૯ | ૫૬ | મિશ્રસમકિત | ૯ |
| ૧૬ | મનયોગ | ૯ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૯ | ૫૭ | સાસ્વાદન | ૯ |
| ૧૭ | વચનયોગ | ૯ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૬ | ૫૮ | મિથ્યાત્વ | ૯ |
| ૧૮ | કાયયોગ | ૯ | ૩૮ | યથાખ્યાત | ૬/૦ | ૫૯ | સંજ્ઞી | ૯ |
| ૧૯ | પુરૂષવેદ | ૯ | ૩૯ | દેશવિરતિ | ૯ | ૬૦ | અસંજ્ઞી | ૯ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૯ | ૪૦ | અવિરતિ | ૯ | ૬૧ | આહારી | ૯ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૯ | ૬૨ | અણાહારી | ૪ |

## ૫૫. વેદનીયદ્વાર

### પરિચય

જેથી સુખદુઃખનો અનુભવ થાય તે વેદનીય. જો કે વેદનીય કર્મ સાક્ષાત્ સુખદુઃખ આપતું નથી તો પણ તે સુખદુઃખની સામગ્રી મેળવી આપે છે. તેના બે ભેદ છે.

卐

### વિવેચન

(૧-૬૨) શાતાવેદનીય તથા અશાતાવેદનીય બંને હોય.


## અહિંસા

બીલકુલ નવીન સ્ટાઈલથી લખેલ, અનેક શાસ્ત્રીય પ્રમાણોથી ભરપૂર અને યુક્તિઓથી પરિપૂર્ણ આ પુસ્તકમાં **અહિંસાની** પુષ્ટિ કરવામાં આવી છે. ગમે તેવો માંસાહારી કે ગમે તેવો શિકારી મનુષ્ય પણ જો એક વખત આ પુસ્તકને વાંચે, તો તેના હૃદયમાં દયાનો સંચાર થયા વિના રહે નહિં. હિન્દુ, મુસલમાન, પારસી અને છેવટે ખ્રીસ્તી ધર્મનાં પ્રમાણો આપીને એ વાત સિદ્ધ કરવામાં આવી છે કે-મનુષ્ય માત્રે પ્રાણીરક્ષા કરવી જોઇએ. કોઇએ પણ કોઇપણ જીવને તકલીફ પહોંચાડવી, એ દરેક ધર્મોમાં મનાઇ કરેલી છે. આ સિવાય દેવીઓની આગળ જે બલિદાન આપવામાં આવે છે, તે સંબંધી પણ યુક્તિઓ અને શાસ્ત્રીય પ્રમાણોદ્વારા સચોટ ઉપદેશ આલેખવામાં આવેલો છે.

મૂલ્ય ૦-૮-૦

લખોઃ-યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર

## ૫૫. વેદનીય દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૨ | ૨૧ | નપુંસકવેદ | ૨ | ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૨ | ૨૨ | ક્રોધ | ૨ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૨ | ૨૩ | માન | ૨ | ૪૪ | કેવળદર્શન | ૨ |
| ૪ | નરકગતિ | ૨ | ૨૪ | માયા | ૨ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨ |
| ૫ | એકેન્દ્રિય | ૨ | ૨૫ | લોભ | ૨ | ૪૬ | નીલલેશ્યા | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ | ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૨ | ૫૦ | શુકલલેશ્યા | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ | ૩૦ | કેવળજ્ઞાન | ૨ | ૫૧ | ભવી | ૨ |
| ૧૧ | અપ્કાય | ૨ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨ | ૫૨ | અભવી | ૨ |
| ૧૨ | તેઉકાય | ૨ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ | ૫૩ | ઉપશમસમકિત | ૨ |
| ૧૩ | વાઉકાય | ૨ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ | ૩૪ | સામાયિક | ૨ | ૫૫ | ક્ષાયકસમકિત | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૨ | ૫૬ | મિશ્રસમકિત | ૨ |
| ૧૬ | મનયોગ | ૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૨ | ૫૭ | સાસ્વાદન | ૨ |
| ૧૭ | વચનયોગ | ૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૨ | ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૨ | ૩૮ | યથાખ્યાત | ૨ | ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨ | ૪૦ | અવિરતિ | ૨ | ૬૧ | આહારી | ૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨ | ૬૨ | અણાહારી | ૨ |

# ૫૬. મોહનીયદ્વાર

## પરિચય

મોહનીય કર્મનો સ્વભાવ જીવના સમ્યકત્વ ગુણ તથા અનંત ચારિત્ર ગુણને રોકવાનો છે. એ મોહનીય કર્મ મદિરા સરખું છે. જેમ મદિરા પીવાથી જીવ બેશુધ્ધ થાય છે અને હિત અહિત જાણતો નથી. તેમ મોહનીય કર્મના ઉદયથી પણ જીવ ધર્મ, અધર્મ કંઇ પણ જાણી આદરી પાળી શકતો નથી.

૧૬ કષાયો, ૯ નોકષાય, મિથ્યાત્વ મોહનીય, સમકિત મોહનીય, મિશ્રમોહનીય આ ૨૮ પ્રકૃતિ જીવને મુંઝવે. વિવેકથી વિકુળ, આકુળવ્યાકુળ કરે તે મોહનીય.

卐

## વિવેચન

(૧) દેવમાં નપુંસકવેદ ન હોવાથી તે સિવાયના શેષ ૨૭ હોય. (૨) અનંતાનુબંધીના ક્રોધ, માન, માયા તથા લોભ, એવી રીતે અપ્રત્યાખ્યાનના ચાર, પ્રત્યાખ્યાનના ચાર, સંજ્વલનના ચાર–કુલ સોળ કષાય, અને નવ નોકષાય–હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્રીવેદ અને નપુંસકવેદ. ત્રણ મોહનીય–સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય. આ પૂરેપૂરા અઠ્ઠાવીશ હોય. (૩) પૂરેપૂરા હોય. (૪) પુરુષવેદ અને સ્રીવેદ સિવાયના ૨૬ હોય. (૫–૮) પુરુષવેદ, સ્રીવેદ, સમકિતમોહનીય અને મિશ્રમોહનીય ન હોય. એકેન્દ્રિયને મિથ્યાદૃષ્ટિ કહેલ છે. જુઓ જીવાભિગમસૂત્ર. ૧૩ (૯) પૂરેપૂરા હોય. (૧૦–૧૪) એકેન્દ્રિય પ્રમાણે. (૧૫–૧૮) પૂરેપૂરા હોય. (૧૯) સ્રીવેદ તથા નપુંસકવેદ સિવાયના છવ્વીશ. (૨૦) પુરુષવેદ તથા નપુંસકવેદ સિવાયના છવ્વીશ હોય. (૨૧) પુરુષવેદ તથા સ્રીવેદ સિવાયના છવ્વીશ હોય. (૨૨) અનંતાનુબંધીના માન, માયા ને લોભ–તેવી રીતે અપ્રત્યાખ્યાનના, પ્રત્યાખ્યાનના અને સંજ્વલનના માન, માયા અને લોભ–એ બાર સિવાયના શેષ સોળ હોય. (૨૪) ચારે કષાયના ક્રોધ, માન અને લોભ સિવાયના શેષ સોળ હોય. (૨૫) ચારે કષાયના ક્રોધ, માન અને માયા સિવાયના શેષ સોળ હોય. (૨૬–૨૮) અનંતાનુબંધીના ચાર કષાય તથા મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય ન હોય (૨૯) અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનના ચાર–ચાર કષાય તેમજ મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એ ચૌદ સિવાયના શેષ ચૌદ હોય. (૩૦) સર્વથા મોહનીયનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થાય છે, માટે એક પણ ન હોય. (૩૧–૩૩) સમકિતમોહનીય અને મિશ્રમોહનીય સિવાયના શેષ છવ્વીશ હોય. આ ત્રણે અજ્ઞાન મિશ્રગુણસ્થાને જ્ઞાનમિશ્ર ગણીએ તો આ ત્રણ અજ્ઞાનમાં મિશ્રમોહનીય સહિત ૨૭ પણ લાભે. (૩૪–૩૫) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે જાણવું. (૩૬) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે જાણવું, વિશેષમાં સ્રીવેદ ન હોય એટલે તેર. (૩૭) આ

ગુણસ્થાને સૂક્ષ્મલોભનો ઉદય રહેતો હોવાથી એક ભેદ હોય. (૩૮) દશમા ગુણઠાણે એક લોભ રહે છે તે પણ અંતમાં ક્ષય પામે છે તેથી આ ચારિત્રમાં એક પણ મોહનીય-ભેદ ન હોય. (૩૯) અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનના ચાર-ચાર કષાયો તેમજ મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય ન હોય. (૪૦-૪૨) પૂરેપૂરા હોય. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫-૫૧) પૂરેપૂરા હોય (૫૨) સમક્તિમોહનીય તથા મિશ્રમોહનીય ન હોય કેમકે સમક્તિના અભાવે હોય છે (૫૩-૫૪) મતિજ્ઞાન પ્રમાણે જાણવું (૫૫) મતિજ્ઞાન પ્રમાણે જાણવું. વિશેષ એ કે સમક્તિમોહનીય પણ ન હોય. (૫૬) સમક્તિમોહનીય તથા મિથ્યાત્વમોહનીય સિવાય ૨૬ હોય. (૫૭) સમક્તિમોહનીય, મિશ્રમોહનીય તથા મિથ્યાત્વમોહનીય સિવાય ૨૫ લાભે. (૫૮) સમક્તિમોહનીય તથા મિશ્રમોહનીય સિવાય ૨૬ લાભે. (૫૯) પૂરેપૂરા હોય. (૬૦) પુરુષવેદ, સ્ત્રીવેદ, સમક્તિમોહનીય, મિશ્રમોહનીય સિવાયના શેષ ચોવીશ હોય. (૬૧) પૂરેપૂરા. (૬૨) મિશ્રમોહનીય સિવાય ૨૭ લાભે.

**નલાયનમ્ (કુબેરપુરાણમ્)**

વટગચ્છીય શ્રી માણિક્યદેવસૂરિવિરચિત પત્રાકાર આ ગ્રંથ ખાસ વ્યાખ્યાન માટે ઉપયોગી. પાના ૨૦૦ લગભગ, સુંદર છપાઈ, કાગળ કિ. રૂા ૫-૦-૦. આ કાવ્યગ્રંથની રચના પદ્યમાં અપૂર્વ છે અને નલરાજા અને સતી દમયંતીનું ચરિત્ર કર્તાએ અદ્ભુત રચેલ છે. આ ગ્રંથના કર્તાનો સમય શ્રી હેમચંદ્રાચાર્ય પછી લગભગ તેરમી શતાબ્દીનો માલૂમ પડે છે. આવા પ્રાચીન ગ્રંથોની એકેક પ્રતિ સંગ્રહમાં વસાવવા યોગ્ય છે.

લખો:—

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ**

**ભાવનગર**

## ૫૬. મોહનીયકર્મ દ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૨૭ | ૨૧ | નપુંસકવેદ | ૨૬ | ૪૨ | અચક્ષુદર્શન | ૨૮ |
| ૨ | મનુષ્યગતિ | ૨૮ | ૨૨ | ક્રોધ | ૧૬ | ૪૩ | અવધિદર્શન | ૨૨ |
| ૩ | તિર્યંચગતિ | ૨૮ | ૨૩ | માન | ૧૬ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૨૬ | ૨૪ | માયા | ૧૬ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨૮ |
| ૫ | એકેન્દ્રિય | ૨૪ | ૨૫ | લોભ | ૧૬ | ૪૬ | નીલલેશ્યા | ૨૮ |
| ૬ | બેઇન્દ્રિય | ૨૪ | ૨૬ | મતિજ્ઞાન | ૨૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૨૮ |
| ૭ | તેઇન્દ્રિય | ૨૪ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨૨ | ૪૮ | તેજોલેશ્યા | ૨૮ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨૪ | ૨૮ | અવધિજ્ઞાન | ૨૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૨૮ |
| ૯ | પંચેન્દ્રિય | ૨૮ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧૪ | ૫૦ | શુક્લલેશ્યા | ૨૮ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨૪ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૨૮ |
| ૧૧ | અપૂકાય | ૨૪ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨૬ | ૫૨ | અભવી | ૨૬ |
| ૧૨ | તેઉકાય | ૨૪ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨૬ | ૫૩ | ઉપશમસમકિત | ૨૨ |
| ૧૩ | વાઉકાય | ૨૪ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨૬ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨૪ | ૩૪ | સામાયિક | ૧૪ | ૫૫ | ક્ષાયક સમકિત | ૨૧ |
| ૧૫ | ત્રસકાય | ૨૮ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧૪ | ૫૬ | મિશ્રસમકિત | ૨૬ |
| ૧૬ | મનયોગ | ૨૮ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧૩ | ૫૭ | સાસ્વાદન | ૨૫ |
| ૧૭ | વચનયોગ | ૨૮ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૨૬ |
| ૧૮ | કાયયોગ | ૨૮ | ૩૮ | યથાખ્યાત | ૦ | ૫૯ | સંજ્ઞી | ૨૮ |
| ૧૯ | પુરુષવેદ | ૨૬ | ૩૯ | દેશવિરતિ | ૧૮ | ૬૦ | અસંજ્ઞી | ૨૪ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨૬ | ૪૦ | અવિરતિ | ૨૮ | ૬૧ | આહારી | ૨૮ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨૮ | ૬૨ | અણાહારી | ૨૭ |

# ૫૭. આયુષ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ | ૨૧ | નપુંસકવેદ | ૩ | ૪૨ | અચક્ષુદર્શન | ૪ |
| ૨ | મનુષ્યગતિ | ૧ | ૨૨ | ક્રોધ | ૪ | ૪૩ | અવધિદર્શન | ૪ |
| ૩ | તિર્યંચગતિ | ૧ | ૨૩ | માન | ૪ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૪ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૨૫ | લોભ | ૪ | ૪૬ | નીલલેશ્યા | ૪ |
| ૬ | બેન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૪ | ૪૭ | કાપોતલેશ્યા | ૪ |
| ૭ | તેઈન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪ | ૪૮ | તેજોલેશ્યા | ૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૪ | ૪૯ | પદ્મલેશ્યા | ૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૫૦ | શુક્લલેશ્યા | ૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૪ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૪ | ૫૨ | અભવી | ૪ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૪ | ૫૩ | ઉપશમસમકિત | ૪ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૪ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયિક | ૧ | ૫૫ | ક્ષાયકસમકિત | ૪ |
| ૧૫ | ત્રસકાય | ૪ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૫૬ | મિશ્રસમકિત | ૪ |
| ૧૬ | મનયોગ | ૪ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૫૭ | સાસ્વાદન | ૪ |
| ૧૭ | વચનયોગ | ૪ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૪ |
| ૧૮ | કાયયોગ | ૪ | ૩૮ | યથાખ્યાત | ૧ | ૫૯ | સંજ્ઞી | ૪ |
| ૧૯ | પુરૂષવેદ | ૩ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૨ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩ | ૪૦ | અવિરતિ | ૪ | ૬૧ | આહારી | ૪ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૪ | ૬૨ | અણાહારી | ૪ |

## પરિચય

જીવને અમુક ગતિમાં અમુક કાલ સુધી રોકી રાખવાનો આયુષ કર્મનો સ્વભાવ છે, માટે એ કર્મ બેડી સરખું છે. જેમ બેડીમાં પડેલો મનુષ્ય રાજાએ નિયમિત કરેલી મુદ્દત સુધી બંદીખાનામાંથી બહાર નીકળી શકે નહિ તેમ તે તે ગતિ સંબંધી આયુષકર્મના ઉદયથી જીવ તે ગતિમાંથી નીકળી શકતો નથી. આયુષ ચાર પ્રકારના છે. દેવાયુષ, મનુષ્યાયુષ, તિર્યંચાયુષ ને નરકાયુષ.

卐

## વિવેચન

(૧) દેવગતિનું આયુષ હોય. બીજી ગતિનું ન હોય. (૨) મનુષ્યગતિનું આયુષ્ય હોય, બીજી ગતિનું ન હોય. (૩) તિર્યંચગતિનું આયુષ્ય હોય, બીજી ગતિનું ન હોય. (૪) નરકગતિનું આયુષ હોય, બીજી ગતિનું ન હોય. (૫–૮) તિર્યંચગતિનું આયુષ્ય હોય, બીજી ગતિનું ન હોય. (૯) ચારે ગતિનું હોય. (૧૦–૧૪) તિર્યંચગતિનું આયુષ્ય હોય. (૧૫–૧૮) ચારે ગતિનું આયુષ હોય. (૧૯) નરકગતિમાં પુરુષવેદ નથી માટે નરક સિવાય ત્રણ ગતિનું આયુષ હોય. (૨૦) નરકગતિમાં સ્ત્રીવેદ નથી માટે નરક સિવાય ત્રણ ગતિનું આયુષ હોય. (૨૧) દેવગતિમાં નપુંસકવેદ નથી માટે દેવગતિ સિવાય ત્રણ ગતિનું આયુષ્ય હોય. (૨૨–૨૮) ચારે ગતિનું આયુપ હોય. (૨૯–૩૦) આ જ્ઞાન મનુષ્યને હોય તેથી મનુષ્યનું આયુષ્ય હોય. (૩૧–૩૩) ચારે ગતિનું આયુપ હોય. (૩૪–૩૮) આ ચારિત્ર મનુષ્યને જ હોય તેથી મનુષ્યનું આયુષ હોય. (૩૯) તિર્યંચો પણ દેશવિરતિ પામે છે તેથી મનુષ્ય અને તિર્યંચ એ બંને ગતિનું આયુષ હોય. (૪૦–૪૩) ચારે ગતિનું આયુષ હોય. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫–૪૭) ચારે ગતિનું આયુષ હોય. (૪૮–૫૦) નરકગતિમાં આ લેશ્યા ન હોય તેથી તે સિવાય ત્રણ ગતિનું આયુપ હોય. (૫૧–૫૯) ચારે ગતિનું આયુપ હોય (૬૦) સંમૂર્ચ્છિમ મનુષ્ય ને તિર્યંચગતિનું આયુપ હોય. (૬૧–૬૨) ચારે ગતિનું હોય.


### आत्मोन्नतिदिग्दर्शन.

આત્મા શી વસ્તુ છે તેના ઉપર કર્મો કેવી રીતે લાગે છે અને એ કર્મોને છોડવાના ઉપાયો કયા છે? ઈત્યાદિ બાબતો આ નાનકડી બુકમાં સરળ ને સરસ ભાષામાં સમજાવવામાં આવી છે. આત્માની ઉન્નતિ, એ મનુષ્ય માત્રનું લક્ષબિંદુ હોઈ દરેકે આ બુક મંગાવી વાંચવી જોઈએ.

લખોઃ- કિંમતઃ-ચાર આના

યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ, ભાવનગર

## ૫૮. નામકર્મ દ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩૩/૩૪ | ૨૧ | નપુંસકવેદ | ૬૪ | ૪૨ | અચક્ષુદર્શન | ૬૬ |
| ૨ | મનુષ્યગતિ | ૫૦/૫૩ | ૨૨ | ક્રોધ | ૬૬ | ૪૩ | અવધિદર્શન | ૫૭ |
| ૩ | તિર્યંચગતિ | ૫૬/૫૮ | ૨૩ | માન | ૬૬ | ૪૪ | કેવળદર્શન | ૩૮ |
| ૪ | નરકગતિ | ૩૦ | ૨૪ | માયા | ૬૬ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૬૬/૬૪ |
| ૫ | એકેન્દ્રિય | ૩૩/૩૪ | ૨૫ | લોભ | ૬૬ | ૪૬ | નીલલેશ્યા | ૬૬/૬૪ |
| ૬ | બેઇન્દ્રિય | ૩૫ | ૨૬ | મતિજ્ઞાન | ૫૭/૬૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૬૬/૬૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૩૫ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫૭/૬૦ | ૪૮ | તેજોલેશ્યા | ૫૭ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૩૫ | ૨૮ | અવધિજ્ઞાન | ૫૭ | ૪૯ | પદ્મલેશ્યા | ૫૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૪૪/૪૭ | ૫૦ | શુક્લલેશ્યા | ૫૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૩૨ | ૩૦ | કેવળજ્ઞાન | ૩૮ | ૫૧ | ભવી | ૬૭ |
| ૧૧ | અપૂકાય | ૩૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૬૪ | ૫૨ | અભવી | ૬૪ |
| ૧૨ | તેઉકાય | ૨૯ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૬૪ | ૫૩ | ઉપશમસમકિત | ૫૧/૫૨ |
| ૧૩ | વાઉકાય | ૩૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫૫/૫૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૫૭ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩૨ | ૩૪ | સામાયિક | ૪૪/૪૭ | ૫૫ | ક્ષાયક સમકિત | ૫૩/૫૮ |
| ૧૫ | ત્રસકાય | ૬૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૪૪/૪૭ | ૫૬ | મિશ્રસમકિત | ૫૧ |
| ૧૬ | મનયોગ | ૫૪ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૪૨/૩૭ | ૫૭ | સાસ્વાદન | ૫૯ |
| ૧૭ | વચનયોગ | ૫૭ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩૯ | ૫૮ | મિથ્યાત્વ | ૬૪ |
| ૧૮ | કાયયોગ | ૬૭ | ૩૮ | યથાખ્યાત | ૪૦ | ૫૯ | સંજ્ઞી | ૫૯/૫૮ |
| ૧૯ | પુરુષવેદ | ૫૬ | ૩૯ | દેશવિરતિ | ૪૪/૪૬ | ૬૦ | અસંજ્ઞી | ૪૫/૪૭ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫૪ | ૪૦ | અવિરતિ | ૬૪ | ૬૧ | આહારી | ૬૩ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૫૪ | ૬૨ | અણાહારી | ૩૮ |

## પરિચય

નામકર્મ ચીતારા સમાન છે. જેમ ચીતારો અનેક પ્રકારના ચિત્રો ચીતરે છે, તેમ નામકર્મના ઉદયથી જીવને ગતિ, જાતિ, ઇન્દ્રિયાદિપણું પ્રાપ્ત થાય છે. નામકર્મની કુલ પ્રકૃતિ ૬૭ છે તે નીચે પ્રમાણેઃ—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગતિ | ૪ | અનુપૂર્વી | ૪ | જાતિ | ૫ |
| શરીર | ૫ | ઉપાંગ | ૩ | સંઘયણ | ૬ |
| સંસ્થાન | ૬ | વર્ણ | ૪ | વિહાયોગતિ | ૨ |

ત્રસનો દસકો ૧૦ (ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશ.)

સ્થાવરનો દસકો ૧૦ (સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ.)

પ્રત્યેકની આઠ-અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, જિનનામ, આતપ, ઉદ્યોત, આઠ પ્રત્યેકની.

સ્થાવરનો ચોક કહેવાથી સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ. અગુરૂલઘુનો ચોક કહેવાથી અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત અને શ્વાસોચ્છ્વાસ જાણવા.

卐

## વિવેચન

(૧) દેવતાઓને ઉત્તરવૈક્રિય શરીર બનાવતી વખતે ઉદ્યોતનો ઉદય હોય, એ અપેક્ષાએ ૩૪ લાભે. જુઓ, કર્મગ્રન્થ ૧. ગાથા ૪૬. દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, તૈજસ, કાર્મણ, પ્રથમ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ વિહાયોગતિ, ત્રસદશક, શ્વાસોચ્છ્વાસ, પરાઘાત, અગુરૂલઘુ, નિર્માણ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય અને અપયશ. (૨) મનુષ્યગતિ ને આનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, આહારકદ્વિક, ઔદારિકદ્વિક, તૈજસ અને કાર્મણ, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, શુભ અને અશુભ વિહાયોગતિ, વર્ણચતુષ્ક, ત્રસદશક, અપર્યાપ્ત, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ અને અગુરૂલઘુ, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ, પરાઘાત, નિર્માણ અને જિનનામ. પ્રમત્ત મુનિઓ વૈક્રિય શરીર બનાવી શકે છે તે અભિપ્રાયે વૈક્રિયદ્વિક અને ઉદ્યોત આ ત્રણ યુક્ત કરતા ૫૩ પ્રકૃતિ લાભે. જુઓ કર્મગ્રન્થ ૧, ગાથા ૪૬. (૩) તિર્યંચગતિ અને અનુપૂર્વી, પાંચ જાતિ, ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ, ૭ સંસ્થાન, ૭ સંઘયણ, શુભ અને અશુભ વિહાયોગતિ, વર્ણચતુષ્ક, ત્રસદશક, સ્થાવરદશક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, આતપ અને ઉદ્યોત, તિર્યંચગતિમાં તિર્યંચો વૈક્રિય શરીર બનાવતા હોવાથી વૈક્રિયદ્વિક ગણવાથી ૫૮ લાભે (૪) નરકગતિ અને અનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ,

વૈક્રિયદ્વિક, તૈજસ, કાર્મણ, હુંડક સંસ્થાન, અશુભ વિહાયોગતિ, ત્રસનામકર્મ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ, અગુરુલઘુ, ઉપઘાત, શ્વાસોચ્છ્વાસ, પરાઘાત, નિર્માણ અને વર્ણચતુષ્ક. (૫) તિર્યંચગતિ ને અનુપૂર્વી, એકેન્દ્રિય જાતિ, ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર, હુંડક સંસ્થાન, બાદર, પ્રત્યેક, પર્યાપ્ત યશ, દુઃસ્વર વિના સ્થાવર નવ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ, સ્થિર, શુભ અને વર્ણચતુષ્ક. વાયુકાય જીવો વૈક્રિય શરીર બનાવતો હોવાથી શરીર યુક્ત કરતા ૩૪ લાભે. (૬) તિર્યંચદ્વિક, બેઇન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, દુર્ભાગ, અનાદેય, યશ, અયશ, ઔદારિકદ્વિક, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, ઉપઘાત, પ્રત્યેક, અપ્રશસ્ત વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, સુસ્વર, દુઃસ્વર, ધ્રુવોદય ૧૨ કુલ ૩૫ લાભે (૭) બેઇન્દ્રિય પ્રમાણે; તફાવત એટલો કે બેઇન્દ્રિયના સ્થાને તેઇન્દ્રિય કહેવું. (૮) બેઇન્દ્રિય પ્રમાણે, તફાવત એટલો કે બેઇન્દ્રિયના સ્થાને ચૌરિન્દ્રિય કહેવા. (૯) ચાર ગતિ ને અનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, થાવર, સૂક્ષ્મ ને સાધારણ વિના સ્થાવર સાત, આતપ સિવાય પ્રત્યેકની પણ સાત, કુલ ૫૯ (૧૦) એકેન્દ્રિયમાં દર્શાવેલ ચોત્રીશમાંથી સાધારણ બાદ કરતાં તથા વૈક્રિય વિના શેષ બત્રીશ. (૧૧) એકેન્દ્રિયમાં દર્શાવેલ ચોત્રીશમાંથી સાધારણ, આતપ ને વૈક્રિય બાદ કરતાં ૩૧ લાભે. (૧૨) એકેન્દ્રિયમાં દર્શાવેલ ચોત્રીશમાંથી સાધારણ, આતપ, યશ ને ઉદ્યોત અને વૈક્રિય ન હોય. (૧૩) વૈક્રિય શરીર સહિત ૩૦ લાભે. (૧૪) એકેન્દ્રિયમાં ગણાવેલ ૩૪ માંથી વૈક્રિય શરીર ને આતપ વિના ૩૨ લાભે. (૧૫) પંચેન્દ્રિયમાં દર્શાવેલ ઓગણસાઠ ઉપરાંત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય ભેળવતાં કુલ બાસઠ. (૧૬) ચાર ગતિ, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણચતુષ્ક, ત્રસદશક, શુભ અને અશુભ વિહાયોગતિ, અસ્થિર, અશુભ, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, જિનનામ, ઉદ્યોત. (૧૭) ઉપર દર્શાવેલ ચોપન ઉપરાંત ત્રણ વિકલેન્દ્રિય ભેળવતાં કુલ સત્તાવન (૧૮) પૂરેપૂરા. (૧૯) દેવ, મનુષ્ય અને તિર્યંચની ગતિ ને અનુપૂર્વીઓ, છ સંઘયણ, છ સંસ્થાન, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, વર્ણચતુષ્ક, ત્રસદશક, સ્થાવરત્રિક વિના સાત સ્થાવર, આતપ ને જિનનામ સિવાય છ પ્રત્યેક, પંચેન્દ્રિય જાતિ, શુભ અને અશુભ વિહાયોગતિ (૨૦) ઉપરમાંથી આહારકદ્વિક બાદ કરતાં શેષ ચોપન હોય. (૨૧) દેવગતિ, દેવાનુપૂર્વી અને જિનનામકર્મ બાદ કરતાં શેષ ચોસઠ (૨૨–૨૫) જિનનામકર્મ ન હોય. (૨૬–૨૮) ચાર ગતિ, ચાર અનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, સ્થાવર સૂક્ષ્મ અપર્યાપ્ત અને સાધારણ સિવાય છ સ્થાવર, જિનનામ તથા આતપ સિવાય પ્રત્યેકની ૭. સિદ્ધાન્તના અભિપ્રાયે વિકલેન્દ્રિયમાં કરણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન ગુણસ્થાન માનેલું હોવાથી બે જ્ઞાન માને છે તો તે અભિપ્રાયે મતિશ્રુતજ્ઞાનમાં ત્રણે વિકલેન્દ્રિય ગણીએ તો ૬૦ નો પણ ઉદય લાભે. (૨૯) મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય શરીર અને ઉપાંગ વિના ચાર શરીર અને બે ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, અગુરુલઘુ અને નિર્માણ. પ્રમત્તમુનિઓ ઉત્તરવૈક્રિય શરીર બનાવતા હોવાથી વૈક્રિયદ્વિક અને ઉદ્યોત એ ત્રણે યુક્ત કરતા ૪૭ પણ લાભે. (૩૦) મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ, પ્રથમ સંઘયણ, છ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ અને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, અગુરુલઘુચોક (અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત ને શ્વાસોચ્છ્વાસ), નિર્માણ અને જિનનામ.

( ૩૧–૩૨ ) જિનનામ તથા આહારકદ્વિક ન હોય. ( ૩૩ ) જિનનામ, આહારકદ્વિક, આતપ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ–એ બાર બાદ કરતાં શેષ ૫૫ લાભે, જો વક્રગતિમાં મનુષ્ય તથા તિર્યંચને વિભંગજ્ઞાન ન માનીએ તો મનુષ્ય અને તિર્યંચની અનુપૂર્વી વિના ૫૩ લાભે. ( ૩૪–૪૫ ) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે. ( ૩૬ ) મતિજ્ઞાનમાં ચુમાલીશમાંથી આહારકદ્વિક બાદ કરતાં બેંતાલીશ. પહેલા સંઘયણ સિવાય પાંચ સંઘયણ બાદ કરતાં મતાંતરે સાડત્રીશ. ( ૩૭ ) મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ, પહેલાં ત્રણ સંઘયણ, છ સંસ્થાન, ચાર વર્ણ, શુભ અને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, અગુરૂલઘુ ને નિર્માણ. ( ૩૮ ) ઉપરના ઓગણચાલીશમાં જિનનામ ઉમેરતાં ચાલીશ. ( ૩૯ ) મનુષ્યગતિ, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકદ્વિક, છ સંઘયણ, છ સંસ્થાન, ચાર વર્ણ, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ: દુઃસ્વર, અગુરૂલઘુચતુષ્ક ( ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ ને અગુરૂલઘુ ), ઉદ્યોત, નિર્માણ, તૈજસ ને કાર્મણ. તિર્યંચ તથા મનુષ્ય ઉત્તરવૈક્રિય શરીર બનાવી શકે છે. લબ્ધિવંતની અપેક્ષાએ વૈક્રિયદ્વિક સહિત ૪૬ પણ લાભે. ( ૪૦ ) મતિઅજ્ઞાન પ્રમાણે સમજવું ( ૪૧ ) ચારે ગતિ, ચૌરિંદ્રિય તથા પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, ૪ વર્ણ, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, ૪ અગુરૂલઘુ, નિર્માણ ને ઉદ્યોત, ૧૩ પ્રકૃતિમાં ચક્ષુદર્શન ન હોય તેનું કારણ નીચે પ્રમાણે ચાર અનુપૂર્વી વક્રગતિએ હોય તે વખતે ચક્ષુદર્શન ન હોય, અને સ્થાવરચતુષ્ક, આતપનામ, અને એકેન્દ્રિયાદિ ત્રણ જાતિ–આ આઠ પ્રકૃતિમાં ચક્ષુદર્શનનો નિષેધ છે અને જિનનામ તો ૧૩ મે ગુણસ્થાને હોય તેથી તે વખતે કેવળજ્ઞાન, કેવળદર્શન હોવાથી બીજા દર્શન ન હોય માટે આ ૧૩ પ્રકૃતિ બાદ કરવી. ( ૪૨ ) જિનનામ ન હોય. ( ૪૩ ) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું ( ૪૪ ) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું ( ૪૫–૪૭ ) જિનનામ કર્મ ન હોય અને કર્મગ્રન્થના અભિપ્રાયે પ્રથમની ત્રણ લેશ્યામાં ચાર ગુણસ્થાન માનેલા હોવાથી આહારકદ્વિક વિના ૬૪ પણ લાભે. ( ૪૮ ) સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આતપનામ, જિનનામ, નરકદ્વિક–આ દશ પ્રકૃતિ વિના તેજોલેશ્યામાં ૫૭ લાભે, કારણ કે આતપનામ એકેન્દ્રિય પૃથ્વીકાયને પર્યાપ્ત અવસ્થામાં હોય છે અને સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક અને નરકદ્વિક આ આઠ પ્રકૃતિમાં પ્રથમની ત્રણ અશુભ લેશ્યા હોય અને તેજોલેશ્યા સાતમા ગુણસ્થાન સુધી હોય અને જિનનામ તો ૧૩ મે ગુણસ્થાને હોય માટે આ ૧૦ પ્રકૃતિમાં તેજોલેશ્યા ન હોય. ( ૪૯ ) ઉપરની સત્તાવનમાંથી એકેન્દ્રિય તથા સ્થાવરનામકર્મ ન હોય. ( ૫૦ ) પદ્મલેશ્યાની પંચાવન ઉપરાંત જિન-નામ ઉમેરતાં છપ્પન, કેમકે આ લેશ્યા ૧૩ ગુણસ્થાન સુધી ઉદયમાં રહે છે. ( ૫૧ ) પૂરેપૂરી. ( ૫૨ ) આહારકદ્વિક તથા જિનનામકર્મ ન હોય. ( ૫૩ ) ચાર ગતિ, પંચેન્દ્રિય જાતિ, આહારક શરીર સિવાય ચાર શરીર, આહારકઉપાંગ વિના બે ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, ચાર વર્ણ, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, અગુરૂલઘુચતુષ્ક, નિર્માણ અને ઉદ્યોત. મતાંતરે ઉપશમસમકિતી કાલક્રમે અનુત્તર વિમાને ઉત્પન્ન થતા અન્તરાલ ગતિએ દેવાનુપૂર્વીનો ઉદય માનીએ તો બાવન લાભે. ( ૫૪ ) ઉપર બતા-વેલ એકાવન ઉપરાંત ચાર અનુપૂર્વી ને આહારકદ્વિક મેળવતાં સત્તાવન. ( ૫૫ ) ચારે ગતિ ને ચાર અનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, પ્રથમ સંઘયણ, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, છ સંસ્થાન, ચાર વર્ણ, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ અને આતપ વિના પ્રત્યેકની સાત. પ્રતિપન્ન ક્ષાયિક સમકિતીને છએ સંઘયણનો ઉદય હોવાથી ૫૮ પણ લાભે,

પરંતુ ક્ષાયક સમકિત પ્રાપ્ત કરનાર પ્રથમ સંઘયણવાળો હોય. (૫૬) ચાર ગતિ, પંચેન્દ્રિય જાતિ, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, આહારકદ્વિક વિના ચાર શરીર ને બે ઉપાંગ, ચાર વર્ણ, ત્રસદશક, અશુભ ને શુભ વિહાયોગતિ, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, આતપ અને જિનનામ વિના પ્રત્યેકની સાત મેળવતાં કુલ ૫૧. (૫૭) નરકની અનુપૂર્વી, આહારકદ્વિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, જિનનામ અને આતપ એ આઠ બાદ કરતાં શેષ ૫૯ (૫૮) આહારકદ્વિક તથા જિનનામકર્મ ન હોય (૫૯) પંચેન્દ્રિય સિવાય ચાર જાતિ, સૂક્ષ્મ, સ્થાવર, સાધારણ અને આતપ એ આઠ બાદ કરતાં ૫૯. જિનનામ બાદ કરીએ તો અઠ્ઠાવન. કેવળીને સંજ્ઞી ન ગણીએ તો ૫૮ લાભે. (૬૦) નરકદ્વિક, વૈક્રિયદ્વિક, દેવદ્વિક, આહારકદ્વિક, જિનનામ, પહેલા વિનાના પાંચ સંઘયણ, પહેલા વિના પાંચ સંસ્થાન, સુભગ, આદેય અને શુભ વિહાયોગતિ આ બાવીશ વિના ૪૫ લાભે અને વાયુકાય બાદર પર્યાપ્ત વૈક્રિય શરીર બનાવી શકે છે તે અપેક્ષાએ વૈક્રિયદ્વિક યુક્ત કરતા ૪૭ લાભે. (૬૧) ચાર અનુપૂર્વી બાદ કરીએ તો શેષ ત્રેસઠ રહે. અનુપૂર્વીનો ઉદય વક્રગતિમાં હોય તે વખતે જીવ અનાહારી હોય તે અપેક્ષાએ આહારી માર્ગણાએ ચાર અનુપૂર્વી વિના ૬૩ હોય. (૬૨) ચારે ગતિ ને અનુપૂર્વી, તૈજસ, કાર્મણ શરીર, પાંચ જાતિ, ચાર વર્ણ, પ્રત્યેક તથા સુસ્વર વિના આઠ ત્રસ, સાધારણ તથા દુઃસ્વર વિના સ્થાવર આઠ, અગુરુલઘુ, નિર્માણ તથા જિનનામકર્મ.


## सूरीश्वर अने सम्राट्

**परमप्रभावक, महान् योगीश्वर महात्मा**

### हीरविजयसूरीश्वर अने सम्राट् अकबर

नो इतिहास हिन्दी, गुजराती, बंगाली, अंग्रेजी अने संस्कृत ऐतिहासिक पुस्तकोना आधारे आलेखवामां आव्यो छे.

ते उपरान्त अकबर अने जहांगीरनां अनेक फरमानो, हीरविजयसूरिना विहारनो नकशो तथा अकबर अने अबुल-फजलना सुंदर चित्रोथी आ ग्रन्थ विशेष सुशोभित बन्यो छे.

पाकुं बाइन्डींग अने साडीचारसो पानानो महान् ग्रन्थ होवा छतां किंमत मात्र त्रण रुपीया ज छे.

१ आ पुस्तकनो हिन्दी अनुवाद पण तैयार छे किं. ४-०-०

લખો—યશોવિજય જૈન ગ્રંથમાળા
હેરિસ રોડ-ભાવનગર

## ૫૯. ગોત્ર દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? | નંબર. | દ્વારનું નામ. | કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧ | ૨૧ | નપુંસકવેદ | ૨ | ૪૨ | અચક્ષુદર્શન | ૨ |
| ૨ | મનુષ્યગતિ | ૨ | ૨૨ | ક્રોધ | ૨ | ૪૩ | અવધિદર્શન | ૨ |
| ૩ | તિર્યંચગતિ | ૧ | ૨૩ | માન | ૨ | ૪૪ | કેવળદર્શન | ૧ |
| ૪ | નરકગતિ | ૧ | ૨૪ | માયા | ૨ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૨ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૨૫ | લોભ | ૨ | ૪૬ | નીલલેશ્યા | ૨ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪૭ | કાપોતલેશ્યા | ૨ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪૮ | તેજોલેશ્યા | ૨ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪૯ | પદ્મલેશ્યા | ૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૨ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૫૦ | શુક્લલેશ્યા | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૫૧ | ભવી | ૨ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૨ | ૫૨ | અભવી | ૨ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ | ૫૩ | ઉપશમસમક્તિ | ૨ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૨ | ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૩૪ | સામાયિક | ૧ | ૫૫ | ક્ષાયકસમક્તિ | ૨ |
| ૧૫ | ત્રસકાય | ૨ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૫૬ | મિશ્રસમકિત | ૨ |
| ૧૬ | મનયોગ | ૨ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૫૭ | સાસ્વાદન | ૨ |
| ૧૭ | વચનયોગ | ૨ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૨ | ૩૮ | યથાખ્યાત | ૧ | ૫૯ | સંજ્ઞી | ૨ |
| ૧૯ | પુરુષવેદ | ૨ | ૩૯ | દેશવિરતિ | ૨ | ૬૦ | અસંજ્ઞી | ૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨ | ૪૦ | અવિરતિ | ૨ | ૬૧ | આહારી | ૨ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૨ | ૬૨ | અણાહારી | ૨ |

## પરિચય

ગોત્રકર્મ કુંભાર સરખું છે. જેમ કુંભાર ઉત્તમ ઘડો બનાવે તો મંગલિક તરીકે પૂજનિક થાય છે, અને મદિરાદિકનો ઘડો બનાવે તો નિંદનીય થાય છે, તેમ જીવ પણ ઉચ્ચ ગોત્રમાં જન્મે તો પૂજનિક અને નીચ ગોત્રમાં જન્મે તો નિંદનિક થાય છે. ગોત્ર કર્મના ઉચ્ચ ગોત્ર ને નીચ ગોત્ર એમ બે પ્રકાર છે.

卐

## વિવેચન

(૧) ઉચ્ચ ગોત્ર, (૨) ઉચ્ચ ગોત્ર તથા નીચ ગોત્ર. (૩-૮) નીચ ગોત્ર. (૯) બંને. (૧૦-૧૪) નીચ ગોત્ર (૧૫-૨૮) બંને (૨૯-૩૦) ઉચ્ચ ગોત્ર. (૩૧-૩૩) બંને (૩૪-૩૮) ઉચ્ચ ગોત્ર (૩૯-૪૩) બંને (૪૪) ઉચ્ચ ગોત્ર. (૪૫-૫૯) બંને (૬૦) નીચ ગોત્ર. (૬૧-૬૨) બંને.


**ઇતિહાસપ્રેમી મુનિરાજશ્રી જયંતવિજયજીકૃત**

**આબુ ભાગ બીજો** | શ્રી અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ
આમાં લેખો બહાર પડેલ છે.

આ ગ્રંથમાં આવેલા ૬૬૪ શિલાલેખો છે. શ્લોકબદ્ધ મોટી પ્રશસ્તિ ઓર ગદ્ય પ્રશસ્તિઓ ૩, શ્લોકબદ્ધ લેખો ૧૫ અને બાકીના ૬૬૪ ગદ્ય લેખો આપવામાં આવેલા છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથનું ઘણું મહત્વ છે તેના માટે એક જ અભિપ્રાય વાંચવા જેવો છે તે ટુંકમાં આ રીતે છે. મહામહોપાધ્યાય રાવબહાદર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા, ક્યુરેટર રાજપૂતાના મ્યુઝિયમ અજમેર, અર્બુદ પ્રાચીન લેખસંદોહના ફાર્મ મળ્યા જેનાથી એટલો આનંદ થયો કે તે બધા અનુક્રમથી વાંચી ગયો ત્યારે તૃપ્તિ થઈ. આપ જેવા મહાપુરુષથી આવું અનુપમ કામ થઇ શકે. આપના પરિશ્રમની કેટલી પ્રશંસા કરી શકાય. જે વિદ્વાન આવા પ્રકારનું કામ કરે તે જ આપના પરિશ્રમનું મૂલ્ય આંકી શકે, સમજી શકે. ઇત્યાદિ

**યશોવિજય જૈન ગ્રંથમાળા**
**હેરિસ રોડ—ભાવનગર.**

# ૬૦. અંતરાયકર્મ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૪૨ | અચક્ષુદર્શન | ૫ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૨૨ | ક્રોધ | ૫ | ૪૩ | અવધિદર્શન | ૫ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૨૩ | માન | ૫ | ૪૪ | કેવળદર્શન | ૦ |
| ૪ | નરકગતિ | ૫ | ૨૪ | માયા | ૫ | ૪૫ | કૃષ્ણલેસ્યા | ૫ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૨૫ | લોભ | ૫ | ૪૬ | નીલલેસ્યા | ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૫ | ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૪૭ | કાપોતલેસ્યા | ૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૫ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૪૮ | તેજોલેસ્યા | ૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫ | ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૪૯ | પદ્મલેસ્યા | ૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૫૦ | શુક્લલેસ્યા | ૫ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૫૧ | ભવી | ૫ |
| ૧૧ | અપ્કાય | ૫ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫ | ૫૨ | અભવી | ૫ |
| ૧૨ | તેઉકાય | ૫ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ | ૫૩ | ઉપશમસમકિત | ૫ |
| ૧૩ | વાયુકાય | ૫ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૫ |
| ૧૪ | વનસ્પતિકાય | ૫ | ૩૪ | સામાયિક | ૫ | ૫૫ | ક્ષાયક સમકિત | ૫ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ | ૫૬ | મિશ્રસમકિત | ૫ |
| ૧૬ | મનયોગ | ૫ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૫ | ૫૭ | સાસ્વાદન | ૫ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૫ | ૫૮ | મિથ્યાત્વ | ૫ |
| ૧૮ | કાયયોગ | ૫ | ૩૮ | યથાખ્યાત | ૦/૫ | ૫૯ | સંજ્ઞી | ૫ |
| ૧૯ | પુરુષવેદ | ૫ | ૩૯ | દેશવિરતિ | ૫ | ૬૦ | અસંજ્ઞી | ૫ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૪૦ | અવિરતિ | ૫ | ૬૧ | આહારી | ૫ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૬૨ | અણાહારી | ૫ |

## પરિચય

જો ભંડારી પ્રતિકૂલ થાય તો રાજાદિકની દાન આપવાની ઇચ્છા હોવા છતાં છતે યોગે તે દાનાદિક કરી શકે નહિ એમ એ દૃષ્ટાન્તે વિઘ્ન એટલે અંતરાય કર્મ. તેના ઉદયે કરીને જીવ પણ છતે યોગે દાનાદિક ન કરી શકે. એ અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ કહી–દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય, વીર્યાન્તરાય.

卐

## વિવેચન

( ૧–૨૯ ) દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય ને વીર્યાન્તરાય, ( ૩૦ ) અંતરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તેથી એક પણ ન હોય. ( ૩૧–૩૭ ) પાંચે હોય. ( ૩૮ ) છદ્મસ્થને પાંચ, કેવળીને એક પણ ન હોય. ( ૩૯–૪૩ ) પાંચે હોય, ( ૪૪ ) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. ( ૪૫–૬૨ ) પુરેપુરા હોય.


# ઐતિહાસિક રાસ સંગ્રહ

## ભાગ ૩ જો

પહેલા અને બીજા ભાગની માફક આ ત્રીજા ભાગમાં પણ જુદા જુદા કવિઓએ બનાવેલ ઈતિહાસને ઉપયોગી ૮ રાસાઓ આપવામાં આવ્યા છે અને તે મૂળ રાસાઓ ઉપરાન્ત કથારૂપે તેનો સાર અને તે સારમાં આવેલા ખાસ ખાસ નામો ઉપર વિસ્તારથી ઐતિહાસિક નોટો પણ લખવામાં આવી છે. આ ત્રીજો ભાગ પણ ઇતિહાસપ્રેમીઓને માટે, જીવનચરિત્રોના રસિકોને માટે પણ ખાસ ઉપયોગી દળદાર ગ્રંથ બન્યો છે માટે તાકીદે મંગાવી લ્યો. કિંમત માત્ર રૂપીયા બેજ

રૂ. ૨–૦–૦

લખો:–યશોવિજયજી જૈન ગ્રંથમાળા

હેરીસરોડ, ભાવનગર ( કાઠિયાવાડ )

## ૬૧. પુણ્યોદય પ્રકૃતિદ્વાર.

| નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? | નંબર. | દ્વારનું નામ. | કેટલા ? |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૩૦/૩૧ | ૨૧ | નપુંસકવેદ | ૩૮ | ૪૨ | અચક્ષુદર્શન | ૪૧ |
| ૨ | મનુષ્યગતિ | ૩૪/૩૭ | ૨૨ | ક્રોધ | ૪૧ | ૪૩ | અવધિદર્શન | ૪૦ |
| ૩ | તિર્યંચગતિ | ૩૦/૩૨ | ૨૩ | માન | ૪૧ | ૪૪ | કેવળદર્શન | ૩૧ |
| ૪ | નરકગતિ | ૨૦ | ૨૪ | માયા | ૪૧ | ૪૫ | કૃષ્ણલેશ્યા | ૪૧ |
| ૫ | એકેન્દ્રિય | ૨૧/૨૨ | ૨૫ | લોભ | ૪૧ | ૪૬ | નીલલેશ્યા | ૪૧ |
| ૬ | બેઇન્દ્રિય | ૨૩ | ૨૬ | મતિજ્ઞાન | ૪૦ | ૪૭ | કાપોતલેશ્યા | ૪૧ |
| ૭ | તેઇન્દ્રિય | ૨૩ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪૦ | ૪૮ | તેજોલેશ્યા | ૪૦ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨૩ | ૨૮ | અવધિજ્ઞાન | ૪૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૪૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૪૧ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩૨/૩૫ | ૫૦ | શુક્લલેશ્યા | ૪૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨૧ | ૩૦ | કેવળજ્ઞાન | ૩૧ | ૫૧ | ભવી | ૪૨ |
| ૧૧ | અપ્કાય | ૨૦ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩૯ | ૫૨ | અભવી | ૩૯ |
| ૧૨ | તેઉકાય | ૧૮ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩૯ | ૫૩ | ઉપશમસમકિત | ૩૬/૩૭ |
| ૧૩ | વાઉકાય | ૧૮/૧૯ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩૭/૩૮ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨૦ | ૩૪ | સામાયિક | ૩૨/૩૫ | ૫૫ | ક્ષાયક સમકિત | ૪૧ |
| ૧૫ | ત્રસકાય | ૪૧ | ૩૫ | છેદોપસ્થાપનીય | ૩૨/૩૫ | ૫૬ | મિશ્રસમકિત | ૩૬ |
| ૧૬ | મનયોગ | ૩૯ | ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩૦ | ૫૭ | સાસ્વાદન | ૩૮ |
| ૧૭ | વચનયોગ | ૩૯ | ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૩૦ | ૫૮ | મિથ્યાત્વ | ૩૯ |
| ૧૮ | કાયયોગ | ૪૨ | ૩૮ | યથાખ્યાત | ૩૧ | ૫૯ | સંજ્ઞી | ૪૦/૪૧ |
| ૧૯ | પુરુષવેદ | ૪૦ | ૩૯ | દેશવિરતિ | ૪૨/૩૪ | ૬૦ | અસંજ્ઞી | ૨૮/૨૯ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૩૮ | ૪૦ | અવિરતિ | ૩૯ | ૬૧ | આહારી | ૪૦ |
| | | | ૪૧ | ચક્ષુદર્શન | ૩૮ | ૬૨ | અણાહારી | ૨૭ |

## વિવેચન.

(૧) મનુષ્યત્રિક, આહારક શરીર ને અંગોપાંગ, ઔદારિક શરીર ને અંગોપાંગ, તિર્યંચાયુ, તીર્થંકરનામકર્મ, આતપ, ઉદ્યોત અને વજ્રઋષભનારાચ સંઘયણ ન હોય. દેવતાઓમાં ઉત્તરવૈક્રિય શરીરે ઉદ્યોતનો ઉદય પહેલા કર્મગ્રંથમાં કહે છે તેથી ૩૧ લાભે. (૨) દેવત્રિક, વૈક્રિય શરીર ને અંગોપાંગ, તિર્યંચાયુ, આતપ અને ઉદ્યોત ન હોય. યતિને વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનો ઉદય પ્રથમ કર્મગ્રન્થ ગાથા ૪૬ માં કહેલો હોવાથી મનુષ્યમાં વૈક્રિયદ્વિક અને ઉદ્યોત સહિત ૩૭ પ્રકૃતિ લાભે, પરંતુ દેવત્રિક, તિર્યંચનું આયુષ્ય અને આતપનામ એ પ્રકૃતિઓ અનુક્રમે દેવ, તિર્યંચ અને પૃથ્વીકાયમાં હોવાથી મનુષ્યમાં ન લાભે. (૩) દેવત્રિક, મનુષ્યત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, ઉચ્ચ ગોત્ર તથા તીર્થંકરનામકર્મ–આ બાર સિવાય શેષ ત્રીશ હોય. તિર્યંચો લબ્ધિથી વૈક્રિય શરીર બનાવી શકે છે માટે વૈક્રિયદ્વિક સહિત ૩૨ પણ લાભે. (૪) વૈક્રિયદ્વિક, તૈજસ, કાર્મણ શરીર, વર્ણચતુષ્ક, પંચેન્દ્રિય જાતિ, અગુરૂલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શાતાવેદનીય, આ વીશ હોય. (૫) ઔદારિક શરીર, તૈજસ, કાર્મણ શરીર, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, નિર્માણ, આતપ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, ઉદ્યોત, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શાતાવેદનીય, યશ અને તિર્યંચાયુ હોય. અને વાઉકાયને વૈક્રિય શરીર સહિત ૨૨ પણ લાભે. (૬–૮) ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ શરીર, વર્ણચતુષ્ક, ત્રસદશકમાંથી સૌભાગ્ય અને આદેય સિવાય આઠ, અગુરૂલઘુ, પરાઘાત, ઉદ્યોત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, તિર્યંચાયુ અને શાતા–આ પ્રમાણે ત્રેવીશ હોય. (૯) આતપ નામકર્મ સિવાય શેષ એકતાલીશ હોય. આતપનામકર્મ એકેન્દ્રિયમાં હોવાથી અહિંઆ ન હોય. (૧૦) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૧) એકેન્દ્રિય પ્રમાણે જાણવું, પરંતુ આતપનામકર્મ ન હોય તેથી વીશ હોય. (૧૨) એકેન્દ્રિય પ્રમાણે જાણવું, પરંતુ આતપ, ઉદ્યોત અને યશનામકર્મ એ ત્રણ ન હોય તેથી અઢાર. (૧૩) તેઉકાય પ્રમાણે જાણવું. કેટલાકો એમ કહે છે કે લબ્ધિપર્યાપ્ત વાઉકાયને વૈક્રિય શરીર હોય તેથી એક વધારતાં ઓગણીશ પણ હોય, કેમકે છઠ્ઠા કર્મગ્રન્થમાં વાઉકાય જીવોને વૈક્રિય શરીરના ભાંગા કહ્યા છે. (૧૪) અપ્કાય પ્રમાણે જાણવું. (૧૫) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૬–૧૭) દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, તથા આતપ નામકર્મ ન હોય. અનુપૂર્વીનો ઉદય વક્રગતિએ હોય અને મનોયોગ તો મનપર્યાપ્તિ પૂર્ણ થયા પછી હોય અને આતપ નામ એકેન્દ્રિયમાં હોય માટે અહિંયા ઘટે નહિ. અહિંયા દ્રવ્ય મનની અપેક્ષાએ જિનનામનો ઉદય કહ્યો છે. (૧૮) પૂરેપૂરા. સાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્યત્રિક, દેવત્રિક, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ઔદારિક, આહારક ને વૈક્રિયના અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, શુભવિહાયોગતિ, નિર્માણ, તીર્થંકરનામકર્મ, આતપ, ઉદ્યોત, તિર્યંચાયુ અને ત્રસદશક–કુલ બેંતાલીશ. (૧૯) તીર્થંકરનામકર્મ તથા આતપનામકર્મ ન હોય. તીર્થંકરનામકર્મનો ઉદય ૧૩મે હોય અને વેદનો ઉદય ૯મા ગુણસ્થાન સુધી હોય અને આતપ નામકર્મ એકેન્દ્રિયમાં હોય માટે અહિંઆ ન ઘટે. (૨૦) આહારકદ્વિક, આતપ, તીર્થંકરનામકર્મ,–એ ચાર ન હોય. આહારકદ્વિકનો ઉદય સ્ત્રીઓમાં નિષેધ કર્યો છે કેમકે સ્ત્રીઓને ૧૪ પૂર્વનો અભ્યાસ હોતો નથી. (૨૧) દેવત્રિક તથા તીર્થંકરનામકર્મ–એ ચાર ન હોય. દેવમાં તો પુરુષ અને સ્ત્રી જ હોય. (૨૨–૨૫) તીર્થંકરનામકર્મ સિવાય બાકીના હોય, કેમકે ક્રોધનો ઉદય ૯ મા સુધી હોય અને જિનનામ ૧૩મે હોય, માટે ન ઘટે. (૨૬–૨૮) તીર્થંકરનામકર્મ તથા આતપ ન હોય કેમકે મતિજ્ઞાન ૪ થી ૧૨ ગુણસ્થાન સુધી હોય અને જિનનામનો ઉદય ૧૩મે હોય અને આતપ નામ એકેન્દ્રિયમાં હોય માટે ન ઘટે. (૨૯) દેવત્રિક, મનુષ્યાનુપૂર્વી, તીર્થંકરનામકર્મ, આતપ, ઉદ્યોત,

તિર્યંચાયુ અને વૈક્રિયદ્વિક–આ દશ ન હોય, અને યતિને ઉત્તરવૈક્રિય શરીર તથા ઉદ્યોતનો ઉદય લબ્ધિથી હોવાથી વૈક્રિયદ્વિક અને ઉદ્યોત સહિત ૩૫ પણ લાભે; પરંતુ દેવત્રિક દેવગતિમાં હોય, મનુષ્યાનુપૂર્વી વક્ર ગતિમાં હોય, તીર્થંકરનામકર્મ ૧૩ મે ગુણસ્થાને હોય, આતપ એકેન્દ્રિયમાં હોય, તિર્યંચાયુષ્ય તિર્યંચમાં હોય, માટે મનઃપર્યવજ્ઞાનમાં આ સાત પ્રકૃતિનો ઉદય ઘટતો નથી. આ જ્ઞાન ૬ થી ૧૨ ગુણસ્થાન સુધી હોય છે. (૩૦) દેવત્રિક, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાયુ, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, આતપ તથા ઉદ્યોત ન હોય. આ ૧૧ પ્રકૃતિઓ કેવળીભગવંતને ઉદયમાં ન હોય. (૩૧-૩૨) આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ ન હોય. આહારકદ્વિક છઠ્ઠે અને જિનનામ તેરમે ગુણસ્થાને હોવાથી અહિંઆ ન ઘટે. (૩૩) આહારકદ્વિક, આતપ અને તીર્થંકરનામકર્મ તથા મનુષ્યાનુપૂર્વી ન હોય. મનુષ્યની અનુપૂર્વીના ઉદયે વિભંગજ્ઞાન મતાંતરે માનીએ તો ૩૮ પણ લાભે. (૩૪-૩૫) મનઃપર્યવ જ્ઞાન પ્રમાણે (૩૬-૩૭) દેવત્રિક, મનુષ્યાનુપૂર્વી, તીર્થંકરનામકર્મ, આતપ, ઉદ્યોત, તિર્યંચાયુ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક,–આ બાર સિવાય શેષ હોય. દેવત્રિક અને તિર્યંચાયુ, આ ચાર પ્રકૃતિ મનુષ્યગતિમાં નહિ હોવાથી પરિહારવિશુદ્ધિ એ ન હોય–મનુષ્યાનુપૂર્વી વક્રગતિએ હોય. જિનનામ ૧૩ મે ગુણસ્થાને હોય અને આહારકદ્વિક, વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનામ આ પાંચ પ્રકૃતિનો ઉદય પણ ન હોય, કેમકે આ ચારિત્રવાળા લબ્ધિ ફોરવતા નથી. આતપ એકેન્દ્રિયમાં હોય માટે આ બાર પ્રકૃતિનો ઉદય નથી કહ્યો. (૩૮) ઉપર પ્રમાણે જાણવું પણ તીર્થંકરનામકર્મ મેળવતાં ૩૧ લાભે કેમકે યથાખ્યાત ચારિત્ર તીર્થંકરોને પણ હોય છે, (૩૯) દેવત્રિક, મનુષ્યાનુપૂર્વી, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તીર્થંકરનામકર્મ અને આતપ ન હોય. લબ્ધિવંત દેશવિરતિ વૈક્રિય શરીર બનાવે ત્યારે વૈક્રિયદ્વિક યુક્ત કરતાં ૩૪ પણ લાભે કેમકે ચોથા કર્મગ્રન્થમાં વૈક્રિયયોગ પાંચમા ગુણસ્થાને કહ્યો છે. (૪૦) આહારકદ્વિક, તથા તીર્થંકરનામકર્મ ન હોય. (૪૧) દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, આતપ તથા તીર્થંકરનામકર્મ ન હોય, કેમકે ચક્ષુદર્શન પર્યાપ્ત અવસ્થામાં ચૌરેન્દ્રિય તથા પંચેન્દ્રિયને હોય. (૪૨) તીર્થંકરનામકર્મ ન હોય. અચક્ષુદર્શનનો ઉદય ૧૨ મા ગુણસ્થાન સુધી કહ્યો છે. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે જાણવું (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫-૪૭) તીર્થંકરનામકર્મ ન હોય કેમકે આ લેશ્યા ૭ ગુણસ્થાન સુધી હોય. (૪૮-૪૯) તીર્થંકરનામકર્મ તથા આતપ ન હોય. આતપ નામ એકેન્દ્રિયને પર્યાપ્તપણામાં હોય, તેજોલેશ્યા કરણઅપર્યાપ્ત અવસ્થામાં હોય. (૫૦) આતપ નામ ન હોય. (૫૧) પુરેપૂરા. (૫૨) આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ ન હોય. (૫૩) દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, તીર્થંકરનામકર્મ, આતપ તથા આહારકદ્વિક ન હોય. મતાંતરે દેવમાં ઉપજતા વક્રગતિએ દેવાનુપૂર્વી માનીએ તો ૩૭ લાભે. (૫૪) આતપ તથા તીર્થંકરનામકર્મ ન હોય, કેમકે આ સમકિત ચારથી સાત ગુણસ્થાન સુધી હોય. (૫૫) આતપ ન હોય. (૫૬) ઉપશમ સમકિત પ્રમાણે જાણવું, ૩૬ લાભે, ૩૭ ન લાભે. (૫૭) આતપ, તીર્થંકરનામકર્મ, આહારકદ્વિક ન હોય. (૫૮) આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ ન હોય. (૫૯) કેવળીને જો સંજ્ઞી ગણીએ તો ૪૧ અને ન ગણીએ તો ૪૦. આતપ ન હોય ત્યારે ૪૧ અને આતપ ને તીર્થંકરનામકર્મ ન હોય ત્યારે ૪૦ (૬૦) આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, સુભગ, આદેય, શુભ વિહાયોગતિ, તીર્થંકરનામકર્મ. ઉચ્ચ ગોત્ર, દેવત્રિક, વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર, સંસ્થાન, ૧૪ ન હોય. ૧૪ વિના ૨૮ લાભે અને વાયુકાયને વૈક્રિય શરીર કેટલાક વાયુને હોય તે અપેક્ષાએ વૈક્રિય શરીર સહિત ૨૯ પણ લાભે. (૬૧) મનુષ્યાનુપૂર્વી તથા દેવાનુપૂર્વી ન હોય, કેમકે આ બે વક્રગતિએ હોય તે વખતે અનહારી હોય. (૬૨) તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, મનુષ્ય ગતિ તથા અનુપૂર્વી, દેવગતિ તથા દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, તીર્થંકરનામકર્મ, અગુરુલઘુ, નિર્માણ, દેવાયુ, તિર્યંચાયુ અને મનુષ્યાયુ, શાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર અને પ્રત્યેક તથા સુસ્વર સિવાયના ત્રસ આઠ-કુલ સત્તાવીશ હોય.

# ૬૨. જઘન્ય કાયસ્થિતિદ્વાર

## પરિચય

**कायति चीयते इति कायः ।** કાયસ્થિતિ—પૃથ્વીકાયાદિ જીવો મૃત્યુ પામીને તથા પુનઃ ઉત્પન્ન થઇને એક સાથે જ એ જ કાયમાં રહે તે કાયસ્થિતિ કહેવાય.

卐

## વિવેચન

(૧) દશ હજાર વર્ષ. જઘન્ય કાયસ્થિતિ વ્યંતર, ભુવનપતિ આશ્રયી સમજવી. ઉપરના દેવોની તો ભિન્નભિન્ન પ્રકારની છે. દેવ ચ્યવીને ફરી વાર દેવપણે ઉપજતો નથી તેથી જઘન્ય ભવસ્થિતિ પ્રમાણે કાયસ્થિતિ પણ જાણી લેવી. (૨–૩) અંતર્મુહૂર્ત. જુઓ તત્ત્વાર્થભાષ્ય અધ્યાય ૩, સૂત્ર ૧૮. (૪) દશ હજાર વર્ષ. નારકી મૃત્યુ પામીને ફરી વાર નારકીપણે ઉપજતો નથી તેથી જઘન્ય ભવસ્થિતિ પ્રમાણે જઘન્ય કાયસ્થિતિ જાણવી. આ જઘન્ય કાયસ્થિતિ પ્રથમ નારકીના પ્રથમ પ્રતર આશ્રયી સમજવી. (૫–૧૫) અંતર્મુહૂર્ત. જુઓ તત્ત્વાર્થભાષ્ય અધ્યાય ૩, સૂત્ર ૧૮. (૧૬–૧૭) એક સમય. જુઓ પ્રજ્ઞાપના સૂત્ર ૧૮ મું પદ (૧૮) અંતર્મુહૂર્ત. (૧૯) અંતર્મુહૂર્ત. જઘન્ય અંતર્મુહૂર્ત છે. સ્ત્રીવેદનો જઘન્ય સમય કહ્યો તેમ પુરુષવેદનો કાલ ઘટે નહિ; કારણ કે અહિંયા પુરુષ છે અને શ્રેણિમાં મરણ પામી અનુત્તર વિમાનમાં જાય ત્યાં પણ પુરુષ જ થવાનો છે. અંતર્મુહૂર્ત એવી રીતે ઘટે કે કોઇ અન્ય વેદી પુરુષવેદમાં આવી અંતર્મુહૂર્ત રહી મરી અન્ય વેદે જાય. અંતર્મુહૂર્તથી આયુ અલ્પ ન હોય તેથી તેનો જઘન્ય અંતર્મુહૂર્તનો કાલ હોય છે. જો કે વેદની સ્વકાયસ્થિતિમાં દ્રવ્યની વિવક્ષા છે, ભાવની નથી, કારણ કે ભાવવેદ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તન પામે છે છતાં સ્ત્રીવેદનો જઘન્ય સ્વકાયસ્થિતિ કાલ બતાવતો ભાવવેદ લીધો હોય તેમ લાગે છે કારણ કે તે સિવાય સમયકાલ ઘટતો નથી. (૨૦) એક સમય. કોઈ સ્ત્રી ઉપશમશ્રેણિમાં અવેદક થઇને શ્રેણિથી પડતાં એક સમય માત્ર સ્ત્રીવેદ અનુભવી બીજે સમયે મૃત્યુ પામે તે એક સમય છે. અહિંઆ કોઇ શંકા કરે કે એક સમય કાલ શી રીતે સંભવે ? ઉત્તર—કોઈ એક સ્ત્રી ઉપશમશ્રેણિમાં ત્રણે વેદના ઉપશમવડે અવેદિકપણું અનુભવી શ્રેણિથી પડતા એક સમય માત્ર સ્ત્રીવેદનો અનુભવ કરી બીજે સમયે કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય. શ્રેણિમાં કાળ-ધર્મ પામી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થતાં હોવાથી અને ત્યાં પુરુષપણું પ્રાપ્ત થતું હોવાથી તે આશ્રયી સ્ત્રીવેદનો જઘન્ય એક સમય કાલ ઘટે છે. (૨૧) એક સમય. (૨૨–૨૪) લઘુ અંતર્મુહૂર્ત. (૨૫) એક સમય. અગિયારમા ગુણસ્થાનના પ્રથમ સમયે લોભનું અવેદકપણું અનુભવી (લોભ રહિત થઈ) બીજે સમયે કાળ કરીને અનુત્તર દેવ થતાં, બીજે સમયે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થવાથી લોભનો એક સમય સંભવે છે. (૨૬–૨૭) અંતર્મુહૂર્ત. ભગવતીજી સૂત્ર, ૮ શતક, બીજો ઉદ્દેશો. (૨૮) એક

સમય. કોઈ વિભંગજ્ઞાની આત્મા મરણુનો એક સમય બાકી હોય ત્યારે સમકિત પામે અને અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે ત્યાં એક સમય સમકિત અનુભવી તેના પછીના સમયે મરણ પામી કોઇપણુ ગતિમાં જાય. ત્યાં અવધિજ્ઞાનનો નાશ થાય તે અપેક્ષાએ એક સમય સંભવે છે. જુઓ, વિશેષ ચર્ચા પન્નવણા સૂત્રમાં (૨૯) એક સમય. કોઈ સંયત મરણુના છેલ્લા સમયે મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત કરી બીજે સમયે કાલ કરે તે અપેક્ષાએ એક સમય સંભવે છે. (૩૦) સાદિ અનંત સિદ્ધ ભગવંતોના કેવળજ્ઞાનનો કાળ કેવળજ્ઞાનની કાયસ્થિતિમાં ગણી શકાય તેથી સાદિ અનંત. (૩૧–૩૨) અંતર્મુહૂર્ત. ભગવતીજી સૂત્ર, ૮ શતક, બીજો ઉદ્દેશો. (૩૩) એક સમય. સમ્યગ્દષ્ટિ જીવનું અવધિજ્ઞાન મિથ્યાત્વ પામવાથી વિભંગજ્ઞાન થાય અને મિથ્યાત્વ પામી અનંતર સમયે દેવને ચ્યવનથી અને મનુષ્યને મૃત્યુ પામવાથી મિથ્યાત્વ કાયમ રહી વિભંગજ્ઞાન નાશ પામે. જુઓ, વિશેષ ચર્ચા પન્નવણાસૂત્રમાં. જઘન્યથી એક સમય રહીને પડે તે અપેક્ષાએ ભગવતીજી સૂત્રના શતક ૮, ઉદ્દેશ બીજામાં વિભંગજ્ઞાનનો કાલ જઘન્યથી એક સમય કહ્યો છે. (૩૪–૩૫) એક સમય. સંયમપ્રાપ્તિ સમયથી અનંતર સમયે કાળ કરનાર જીવની અપેક્ષાએ. (૩૬) અઢાર માસ, કારણ કે આ કલ્પ આટલા સમયનો જ છે. (૩૭–૩૮) એક સમય. (૩૯–૪૨) અંતર્મુહૂર્ત. (૪૩) એક સમય. ચર્ચા પન્નવણા સૂત્રથી જાણવી. (૪૪) એક જીવ આશ્રયી સાદિ અનંત. કેવળજ્ઞાનની માફક જાણવું. (૪૫–૫૦) અંતર્મુહૂર્ત. (૫૧) અનાદિ સાન્ત. સિદ્ધત્વની પ્રાપ્તિ થતાં ભવ્યત્વ નાશ પામે છે. ભવ્યત્વનો અર્થ મોક્ષગમન યોગ્યતા. સિદ્ધપણામાં તેનો વ્યપદેશ કરાય નહિ. (૫૨) અનાદિ અનંત અભવ્યત્વનો કોઇ કાળે પણુ અંત થવાનો નથી. (૫૩) અંતર્મુહૂર્ત, કારણ કે આ સમકિતનો કાળ તેટલો જ છે. (૫૪) અંતર્મુહૂર્ત. (૫૫) સાદિ અનંત. પ્રાપ્ત થયેલ આ સમકિત નાશ પામતું જ નથી. ભવસ્થ આશ્રયી અંતર્મુહૂર્ત. જુઓ દ્રવ્યલોકપ્રકાશ. (૫૬) અંતર્મુહૂર્ત. (૫૭) એક સમય. (૫૮) અંતર્મુહૂર્ત. વિશેષ એ કે અભવી આશ્રયીને અનાદિ અનંત. ભવી આશ્રયીને અનાદિ સાન્ત અને પડિવાઈઆ આશ્રયીને અંતર્મુહૂર્ત સમજવું. (૫૯–૬૦) અંતર્મુહૂર્ત. (૬૧) ત્રણુ સમય ન્યૂન ૨૫૬ આવલિકા. અથવા બે સમય ન્યૂન ૨૫૬ આવલી. પન્નવણા સૂત્રની અપેક્ષાએ. (૬૨) એક સમય. દ્વિવક્રગતિ આશ્રયીને.




## જયન્તપ્રબંધ

લેખક-મુનિરાજશ્રી હિમાંશુવિજયજી

આમાં શાંતમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજીનો ટૂંક પરિચય છે. ગ્રંથ સંસ્કૃત ભાષાની કવિતામાં છે. ગુજરાતી અનુવાદ પણુ સાથેજ છે. કિં. ૦–૩–૦

પ્રાપ્તિસ્થાન—

યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર.

# ૬૩. ઉત્કૃષ્ટ કાયસ્થિતિદ્વાર

## પરિચય

વારંવાર તે જ એકેન્દ્રિયાદિ ભવોમાં ઉત્પન્ન થવું જેમકે એકેન્દ્રિયમાં મરી ફરી ફરી એકેન્દ્રિય થવું, બેઇન્દ્રિયમાં મરી ફરી ફરી બેઇન્દ્રિય થવું, તેનું નામ કાયસ્થિતિ કહેવાય છે.

જેઓને કાયસ્થિતિ માટે જોવું હોય તેમણે પંચસંગ્રહ, પન્નવણા સૂત્ર પદ ૧૮ મું, ઉત્તરાધ્યયન સૂત્ર ૩૬, બૃહત્સંગ્રહણી ગાથા ૨૮૯ થી આગળ તેમજ દ્રવ્યલોકપ્રકાશ વિગેરે જોવા.

卐

## વિવેચન

(૧) તેત્રીશ સાગરોપમ. દેવ ચ્યવીને ફરી વાર દેવપણે ઉત્પન્ન થાય નહિ, તેથી તેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પ્રમાણે જ જાણવી. ઇશાન દેવલોકની અપરિગૃહિતા દેવી આશ્રયી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૫૫ પલ્યોપમ છે. જુઓ, કાયસ્થિતિ દ્વાર પન્નવણા સૂત્ર ૧૮ મું પદ. ( ૨ ) ત્રણ પલ્યોપમ પૂર્વકાલ પૃથક્ત્વ અધિક. (૩) અનંતા કાળ. અનંત પુદ્ગલપરાવર્તન. અનંત પુદ્ગલપરાવર્તન કાયસ્થિતિ બતાવી છે તે અસાંવ્યવહારિક જીવો આશ્રયી સમજવી. ગર્ભજતિર્યંચ આશ્રયી સાત આઠ ભવ મનુષ્યની માફક કાયસ્થિતિ સમજવી. જુઓ પન્નવણા સૂત્ર ૧૮મું પદ. (૪) તેત્રીશ સાગરોપમ. નારકી મરણ પામીને ફરી વાર નારકીપણે ઉપજતો નથી તેથી તેની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પ્રમાણે જાણવી. (૫) અનંતા હજાર સાગરોપમ એટલે કે અનંતા અવસર્પિણી અને ઉત્સર્પિણી અથવા તો અસંખ્ય પુદ્ગલ-પરાવર્તન. આ કાયસ્થિતિ વનસ્પતિની અપેક્ષાએ જાણવી પરંતુ વનસ્પતિ છોડીને બાકીના એકેન્દ્રિયની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી જાણવી. બાદર પર્યાપ્ત એકેન્દ્રિયની કાયસ્થિતિનો ઉત્કૃષ્ટ કાલ સંખ્યતા હજાર વર્ષ. જુઓ, પન્નવણા સૂત્ર ૧૮ માં. સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ સાધારણ પર્યાપ્ત અપર્યાપ્ત, સૂક્ષ્મનિગોદ પર્યાપ્ત અપર્યાપ્ત, તથા પર્યાપ્ત અપર્યાપ્ત બાદર નિગોદ એમ દરેક ભેદની કાયસ્થિતિ જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તની છે. આ પ્રમાણે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિનો કાયસ્થિતિનો કાલ સમજવો. જુઓ પન્નવણા સૂત્ર ૧૮. બાદર પર્યાપ્ત નિગોદપણે અને બાદર અપર્યાપ્ત નિગોદપણે ઉત્પન્ન થતાં જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કાયસ્થિતિનો કાલ અંતર્મુહૂર્તનો છે. જો પર્યાપ્ત અપર્યાપ્તરૂપ વિશેષણની અપેક્ષા કર્યા વિના સામાન્યથી સૂક્ષ્મનો કાયસ્થિતિનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી જાણવો. એ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાય, સૂક્ષ્મ તેઉકાય, સૂક્ષ્મ વાયુકાય અને સૂક્ષ્મ વનસ્પતિકાયનો પણ સમજવો. ( ૬-૮ ) સામાન્ય વિકલેન્દ્રિયની કાયસ્થિતિ સામુદાયિક સંખ્યાતા હજાર વર્ષની છે. સૂક્ષ્મ એકેન્દ્રિયથી આરંભીને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અપર્યાપ્ત જીવો આશ્રયી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. સંખ્યાતા વર્ષ પર્યાપ્તા બેઇન્દ્રિયના સમજવા.

જુઓ, તત્ત્વાર્થ ભાષ્ય. અધ્યા. ૩, સૂત્ર ૧૮. સંખ્યાતા દિવસ લખ્યા છે તે પર્યાપ્તા તેઇન્દ્રિયના સમજવા. સંખ્યાતા માસ લખ્યા છે તે પર્યાપ્તા ચૌરિન્દ્રિયના સમજવા. પન્નવણા સૂત્ર ૧૮, દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૬. પંચસંગ્રહ ભાગ ૧. (૯) એક હજાર સાગરોપમથી અધિક, તથા પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા સંજ્ઞી પચેન્દ્રિય અને તિર્યંચની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સાત અથવા આઠ ભવની છે. તેમાં ઉપરાઉપરી મનુષ્યના અથવા તિર્યંચના ભવ થાય તો સાત ભવ * સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા થાય. અને આઠમો ભવ અસંખ્ય વર્ષના આયુવાળા યુગલિકનો જ થાય. તે પ્રમાણે પર્યાપ્ત મનુષ્યો અથવા પર્યાપ્ત સંજ્ઞીતિર્યંચના સાત ભવ અનુભવી આઠમા ભવમાં જો તે પર્યાપ્ત મનુષ્ય કે પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ થાય તો અનુક્રમે અવશ્ય અસંખ્ય વર્ષના આયુવાળા યુગલિક મનુષ્ય અથવા યુગલિક તિર્યંચ થાય; પરંતુ સંખ્યાતા વર્ષના આયુવાળા ન થાય. અસંખ્યાતા વર્ષના આયુવાળા યુગલિકો મરણ પામી દેવલોકમાં જ ઉત્પન્ન થતા હોવાથી નવમો ભવ પર્યાપ્ત મનુષ્યનો કે પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો ન જ થાય. આ હેતુથી પાછળના સાત ભવો નિરંતર થાય તો સંખ્યાતા વર્ષના આયુવાળા થાય. વચમાં અસંખ્ય વર્ષના આયુવાળો એક પણ ભવ ન થાય; કારણ કે અસંખ્ય વર્ષના આયુવાળા ભવની પછી તરત જ મનુષ્યનો ભવ કે તિર્યંચનો ભવ અસંભવિત છે. આ પ્રમાણે જેઓ ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ પૂર્ણ કરે તેઓ આશ્રયી સમજવું. પર્યાપ્ત મનુષ્યો અને પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચોના દરેકના આઠે ભવનો સઘળો મળી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કાલ પૂર્વકોટી પૃથક્ત્વ ત્રણ પલ્યોપમ થાય છે, તે આ પ્રમાણે–જ્યારે પર્યાપ્ત મનુષ્યો અથવા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો પૂર્વના સાતે ભવોમાં પૂર્વ કોટીના આયુવાળા અને આઠમા ભવમાં ત્રણ પલ્યોપમના આયુવાળા થાય ત્યારે તેઓનો સાત ક્રોડ પૂર્વ વર્ષ અધિક ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કાલ થાય છે. હવે અપર્યાપ્ત મનુષ્યો અપર્યાપ્ત મનુષ્યપણે ઉપરાઉપરી ઉત્પન્ન થાય તો કેટલો કાલ ઉત્પન્ન થાય તે કહે છે કે–અપર્યાપ્ત અનેક મનુષ્યો અપર્યાપ્ત મનુષ્યપણે નિરંતર ઉત્પન્ન થાય તો તેઓનો નિરંતર ઉત્પન્ન થવાનો કાલ પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે એટલે કે એટલા કાલ પર્યંત તેઓ નિરંતર ઉત્પન્ન થઇ શકે છે. ત્યારપછી અંતર પડે છે. તથા વારંવાર ઉત્પન્ન થતા એક અપર્યાપ્ત મનુષ્યનો કાલ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત છે એટલે કે કોઇ પણ એક અપર્યાપ્ત મનુષ્ય ઉપરાઉપરી અપર્યાપ્ત મનુષ્ય થયા કરે તો તેનો જઘન્ય કાલ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાલ પણ અંતર્મુહૂર્ત છે. તેઓ નિરંતર જેટલા ભવ કરે તેનો સઘળો મળી અંતર્મુહૂર્ત કાલ થાય છે. (૧૦) અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી. પ્રજ્ઞાપના સૂત્ર ૧૮ માં કહ્યું છે. કોઇ જીવ વારંવાર પર્યાપ્ત બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો તે રૂપે ઉત્પન્ન થતા બાદર પર્યાપ્ત પૃથ્વીકાયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની છે. (૧૧) અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી. બાદર પર્યાપ્ત અપ્કાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની પૃથ્વીકાયવત્. (૧૨) અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી. બાદર પર્યાપ્ત તેઉકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ સંખ્યાતા રાત્રિદિવસની જાણવી. જુઓ પન્નવણા સૂત્ર ૧૮ પદ. (૧૩) અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી બાદર પર્યાપ્ત વાઉકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષની પૃથ્વીકાયવત્. (૧૪) અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી. પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષની. (૧૫) બે હજાર સાગરોપમ

---

* ઉત્કૃષ્ટથી પૂર્વ કોટી વર્ષના આયુષ્યવાળા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગણાય છે અને તેનાથી સમય પણ અધિક આયુષ્યવાળા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા ગણાય છે. આ આયુ માટે વપરાતી પરિભાષા છે.

સંખ્યાતા વર્ષ અધિક. જુઓ પન્નવણા સૂત્ર ભાગ ૧. (૧૬) અંતર્મુહૂર્ત. વિશેષ ચર્ચા માટે જુઓ પન્નવણા સૂત્ર ૧૮૫૬. (૧૭) અંતર્મુહૂર્ત. (૧૮) અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી, વનસ્પતિ આશ્રયી જાણવી. (૧૯) સાગરોપમ શત પૃથકત્વથી કાંઈક અધિક. જુઓ પન્નવણા સૂત્ર તથા પંચસૂત્ર. ત્યાર પછી અવશ્ય વેદાન્તર થાય છે. (૨૦) એક સો દસ પલ્યોપમ પૂર્વ કોટીપૃથકત્વ અધિક, ઉત્કૃષ્ટથી પૂર્વ કોટી પૃથકત્વ અધિક સો પલ્યોપમ પર્યંત પ્રાપ્ત થાય છે. આત્મા ઉપરાં–ઉપરી સ્ત્રીવેદી જ થાય તો જઘન્ય ઉત્કૃષ્ટથી ઉપરોક્ત કાલ સંભવે છે. ત્યાર પછી અવશ્ય વેદાન્તર થાય છે. સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ વિષયમાં ભગવાન આર્યશ્યામાચાર્ય મહારાજે પૂર્વ પૂર્વ આચાર્યોના મતભેદને બતાવતા પાંચ આદેશો બતાવ્યા છે, તે આ પ્રમાણે–હે પ્રભુ, સ્ત્રીવેદનો સ્ત્રીવેદપણામાં નિરંતર કેટલો કાળ હોય? હે ગૌતમ, એક આદેશે-મતે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વ કોટી પૃથકત્વ અધિક એકસો દસ પલ્યોપમ. એક આદેશે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વ કોટી પૃથક્ત્વ અધિક ૧૮ પલ્યોપમ. એક આદેશે-જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વ કોટી પૃથક્ત્વ અધિક ૧૪ પલ્યોપમ. એક આદેશે–જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ પૂર્વ કોટી પૃથક્ત્વ અધિક સો પલ્યોપમ અને એક આદેશે–જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથકત્વ હોય છે. આ પ્રમાણે સ્ત્રીવેદના વિષયમાં પૂર્વાચાર્યોના પાંચ મત છે. તે મતોનો અભિપ્રાય આ પ્રમાણે છે–કોઈ આત્મા પૂર્વ કોટી વર્ષના આયુવાળી મનુષ્યની સ્ત્રી કે તિર્યંચની સ્ત્રીમાં પાંચ છ ભવો સ્ત્રીપણે અનુભવી ઇશાન દેવલોકમાં ૫૫ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુવાળી અપરિગૃહિતા દેવીમાં દેવીપણે ઉત્પન્ન થાય, ત્યાંથી આયુક્ષયે મરી ફરી પૂર્વ કોટી વર્ષના આયુવાળી નારી કે તિર્યંચણીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય, ત્યાંથી બીજા ઇશાન દેવલોકમાં ૫૫ પલ્યોપમના આયુવાળી અપરિગૃહિતા દેવીમાં દેવીપણે ઉત્પન્ન થાય, ત્યાર પછી અવશ્ય અન્ય વેદને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સ્ત્રીપણું પ્રાપ્ત કરનાર જીવ આશ્રયી પૂર્વ કોટી પૃથક્ત્વ અધિક એક સો દશ પલ્યોપમની કાયસ્થિતિ સંભવે છે. અહિંયા અન્ય શંકા કરે છે કે–જો દેવકુરુ કે ઉત્તરકુરુમાં ત્રણ પલ્યોપમના આયુવાળી સ્ત્રીમાં ઉત્પન્ન થાય તો પૂર્વોક્ત કાલથી અધિક કાયસ્થિતિ પણ સંભવે છે તો શા માટે આટલી કહી? ત્યારે જવાબ આપે છે કે–તમે જે કહ્યું તે અમારો અભિપ્રાય નહિં સમજતા હોવાથી અયુક્ત છે, કારણ કે દેવીમાંથી ચ્યવીને અસંખ્ય વર્ષના આયુવાળી સ્ત્રીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય જ નહિં કેમકે દેવયોનિમાંથી ચ્યવેલાનો અસંખ્ય વર્ષના આયુવાળીમાં ઉત્પત્તિનો નિષેધ છે. કદાચ એમ કહેવામાં આવે કે અસંખ્ય વર્ષના આયુવાળી સ્ત્રી, ઇશાન દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુવાળી સ્ત્રીમાં ઉત્પન્ન થાય તો તે પણ અયુક્ત છે. ઉત્કૃષ્ટ આયુષ્યવાળી યુગલિક સ્ત્રી ઉત્કૃષ્ટ આયુવાળી દેવીમાં ઉત્પન્ન ન થાય, કેમકે યુગલિઆ અહિં જેટલું આયુ હોય તેટલા અગર તેથી ન્યૂન આયુષ્યે દેવગતિમાં ઉત્પન્ન થાય પણ અધિક આયુષ્યે ઉત્પન્ન થાય નહિ. તેથી ઉપર કહ્યા પ્રમાણે કોઈ જીવ ભ્રમણ કરે તો જ સ્ત્રીવેદમાં તેટલો કાળ સંભવે છે. પન્નવણા સૂત્રના ટીકાકાર મહારાજે પણ કહ્યું છે કે–અસંખ્ય વર્ષના આયુવાળી યુગલિક સ્ત્રી દેવગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરે નહિ. દ્વિતીય આદેશવાદી આ પ્રમાણે કહે છે–પૂર્વ કોટી વર્ષના આયુવાળી નારી કે તિર્યંચણીમાં પાંચ છ ભવો સ્ત્રીવેદપણે અનુભવી પૂર્વોકત પ્રકારે ઇશાન દેવલોકમાં બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિવાળી દેવીમાં ઉત્પન્ન થાય, તો અવશ્ય પરિગૃહિતા દેવીમાં જ ઉત્પન્ન થાય, પરંતુ અપરિગૃહિતા દેવીમાં ઉત્પન્ન ન થાય. તેમના મતે સ્ત્રીવેદનું ઉત્કૃષ્ટકાયસ્થિતિકાલ પૂર્વ કોટી પૃથકત્વ અધિક ૧૮ પલ્યોપમ હોય છે. પરિગૃહિતા ઉત્કૃષ્ટ આયુષ્ય નવ પલ્યોપમનું હોવાથી બે ભવના ૧૮ પલ્યોપમ થાય છે. ત્રીજા આદેશવાદીના મતે બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિવાળી દેવીમાં ઉત્પન્ન થાય તો સૌધર્મ દેવલોકમાં સાત પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુવાળી

પરિગૃહીતા દેવીમાં જ ઉત્પન્ન થાય, તેથી તેમના મતે પૂર્વ કોટી પૃથકત્વ અધિક ૧૪ પલ્યોપમ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. ચોથા આદેશવાદીના મતે ૫૦ પલ્યોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુવાળી સૌધર્મ દેવલોકની અપરિગૃહીતા દેવીમાં પૂર્વોક્ત પ્રકારે બે વાર દેવીપણે ઉત્પન્ન થાય તેથી તેમના અભિપ્રાયે પૂર્વ કોટી પૃથકત્વ અધિક સો પલ્યોપમ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ઘટે છે. આ ચોથો આદેશ ગ્રન્થકાર મહારાજે ગ્રહણ કર્યો છે, કારણ કે પ્રાયઃ ઘણા આચાર્યોએ આ જ આદેશને માન્ય રાખ્યો છે. હવે પાંચમા આદેશવાદી આ પ્રમાણે કહે છે. અનેક ભવમાં ભ્રમણ કરવાવડે જો સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ કાયસ્થિતિનો વિચાર કરીએ તો પૂર્વ કોટી પૃથકત્વ અધિક પલ્યોપમ પૃથકત્વ સંભવે છે, અધિક નહિ. તે આ પ્રમાણે–પૂર્વ કોટી વર્ષના આયુ નારી કે તિર્યંચણીના સાત ભવ પર્યંત સ્ત્રીપણું અનુભવી આઠમા ભવમાં દેવકુરુ કે ઉત્તરકુરુમાં ત્રણ પલ્યોપમના આયુવાળી સ્ત્રીમાં ઉત્પન્ન થાય. ત્યાંથી મરી સૌધર્મ કે ઈશાન દેવલોકમાં જઘન્ય આયુવાળી દેવીમાં દેવીપણે ઉત્પન્ન થાય, ત્યારપછી અવશ્ય અન્ય વેદે ઉત્પન્ન થાય. આવી રીતે પૂર્વ કોટી પૃથકત્વ અધિક પલ્યોપમ પૃથકત્વ પ્રમાણ સ્ત્રીવેદની કાયસ્થિતિ સંભવે છે. આ પ્રમાણે પાંચે આદેશોના અભિપ્રાયો કહ્યા. એ પાંચ આદેશોમાંના કોઇપણ આદેશના સત્યાસત્યનો નિર્ણય તો અતિશય જ્ઞાની અગર તો સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિસંપન્ન કરી શકે. જુઓ પન્નવણા સૂત્ર ૧૮મું પદ. પંચસંગ્રહ આદિ અનેક ગ્રન્થોમાં. (૨૧) અનંતા કાળચક્ર. ઉત્કૃષ્ટથી અસંખ્ય પુદ્‌ગલપરાવર્તન કાલ પ્રમાણ અનંતો કાલ સાંવ્યવહારિક આશ્રયી સમજવો, પરંતુ અસાંવ્યવહારિક આશ્રયીને તો અનાદિઅનંત સમજવો. આ જીવો કોઇપણ કાલે ત્રસાદિપણું પ્રાપ્ત કરવાના નથી પરંતુ અસાંવ્યવહારિક રાશિમાં રહેવાના છે, તે જીવ આશ્રયી સમજવો અને જે જીવો અસાંવ્યવહારિક રાશિમાં અનાદિ કાળથી છે પરંતુ કોઈ વખતે ત્રસાદિપણું પ્રાપ્ત કરશે તે આશ્રયી અનાદિ સાંત. જેઓ અનાદિ કાળથી નિગોદમાં રહેલા છે, કદી પણ તેમાંથી બહાર નીકળ્યા નથી, તેઓ અવ્યવહારરાશિના જીવો કહેવાય છે. તે સિવાયના બીજા જીવો તથા જેઓ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળી ફરી સૂક્ષ્મ નિગોદમાં ગયા હોય તેઓ પણ વ્યવહારરાશિના કહેવાય છે. જુઓ સપ્તતત્ત્વપ્રકરણ પૃષ્ઠ ૨૨ મું. જેઓ અસાંવ્યવહારરાશિમાંથી નીકળી સાંવ્યવહારિક રાશિમાં આવશે તેવા કેટલા જીવો આશ્રયી અનાદિ સાંતકાળ છે. અહીંયા આવશે એમ જે કહ્યું તે પ્રજ્ઞાપક કાલભાવી સાંવ્યવહારિક રાશિમાં વર્તમાન જીવો આશ્રયી કહ્યો છે. અન્યથા જેઓ અસાંવ્યવહારિક રાશિમાંથી નીકળી સાંવ્યવહારિક રાશિમાં આવ્યા–આવે છે અને આવશે તે સઘળા નપુંસકવેદનો કાળ અનાદિસાંત હોય છે. હવે અહીંયા શંકા કરે છે કે–જીવો અસાંવ્યવહારિક રાશિમાંથી નીકળી સાંવ્યવહારિક રાશિમાં આવે છે શું? જેથી તમે આ પ્રમાણે પ્રરૂપણા કરી છે. ઉત્તરમાં જણાવે છે કે–અસાંવ્યવહારિક રાશિમાંથી નીકળી જીવો સાંવ્યવહારિક રાશિમાં આવે છે. પ્રશ્ન–આ શા આધારે જાણવું? એના ઉત્તરમાં જણાવે છે કે પૂર્વાચાર્યોના વચનથી. દુઃષમકાળરૂપ અંધકારમાં જિનપ્રવચનો પ્રકાશ કરવા દીવા સમાન છે. ભગવાન શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ મહારાજ વિશેષણવતી ગ્રન્થમાં કહે છે કે–સાંવ્યવહારિક રાશિમાંથી જેટલા જીવો મોક્ષમાં જાય છે તેટલા જીવો અનાદિ વનસ્પતિ રાશિમાંથી શ્રી સૂક્ષ્મ નિગોદમાંથી સાંવ્યવહારિક રાશિમાં આવે છે. ટીકાકાર–મલયગિરિ મહારાજ કહે છે કે–આ સંબંધમાં વિશેષ વિચાર પન્નવણાજીની ટીકામાં કર્યો છે. (૨૨–૨૫) મોટું અંતર્મુહૂર્ત. (૨૬–૨૮) છાસઠ સાગરોપમથી અધિક, જુઓ, પન્નવણા સૂત્ર ૧૮ પદ (૨૯) આઠ વર્ષ ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ. એથી વિશેષ આયુવાળા યુગલિકને સર્વવિરતિના અભાવે મનઃપર્યવજ્ઞાન થાય નહિ, અને આઠવર્ષની અંદર ચારિત્રપ્રાપ્તિ પણ ન થાય. (૩૦) સાદિઅનંત કારણ કે સિદ્ધ ભગવંતોનો કેવળજ્ઞાનનો કાળ ગણી શકાય. (૩૧–૩૨) અનાદિઅનંત, અનાદિસાંત,

અને સાદિસાન્ત. (અઢી પુદ્ગલ પરાવર્તરૂપ અનંત કાળ સમજવો.) (૩૩) દશ ઊન પૂર્વ ક્રોડ વર્ષ અધિક તેત્રીશ સાગરોપમ. તિર્યંચ યા મનુષ્ય સાતમી પૃથ્વીમાં વિભંગજ્ઞાન સહિત ઉત્કૃષ્ટ આયુ સહિત ઉત્પન્ન થાય. (૩૪–૩૫) આઠ વર્ષ, સાત માસ ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ. જઘન્યમાં જઘન્ય સાત માસ ગર્ભમાં રહીને જન્મેલ જીવ આઠ વર્ષની વયે ચારિત્ર પાળી પૂર્વ ક્રોડ વર્ષ સુધી ચારિત્ર પાલન કરે. (૩૬) અઢાર માસ કારણ કે આ કલ્પ અઢાર માસનો જ છે. (૩૭) અંતર્મુહૂર્ત. (૩૮) દેશોન પૂર્વ ક્રોડ વર્ષ કેવલી આશ્રયી. (૩૯) સામાયિક ચારિત્ર પ્રમાણે જાણવું. (૪૦) અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત. (૪૧) એક હજાર સાગરોપમથી અધિક; કારણ કે ચતુરિન્દ્રિયની સંખ્યાત માસ કાયસ્થિતિ સહિત પંચેન્દ્રિયની કાયસ્થિતિ ગણી એનો પણ સાધિક હજાર સાગરોપમ થાય. (૪૨) અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત. એકેન્દ્રિયની અપેક્ષાએ અને અસાંવ્યવહારિક આશ્રયીને અનાદિઅનંત કાયસ્થિતિ હોય. આ જીવો કોઇ વખતે ત્રસાદિ પરિણામ નથી પામવાના આ જીવો આશ્રયી સમજવું. જે જીવો અનાદિ કાલથી અસાંવ્યવહારિક રાશિમાં રહેલ છે પરંતુ સામગ્રી મળે ત્યારે ત્રસાદિપણું પામશે તે અપેક્ષાએ અનાદિસાન્ત હોય. (૪૩) ૧૩૨ સાગરોપમથી અધિક છે. આ કેવી રીતે સંભવે તેની ચર્ચા પન્નવણાજીમાંથી જાણી લેવી. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. (૪૫) અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ. સાતમી નરકમાં ઉત્પન્ન થનારને મનુષ્ય ભવમાં મરણ વખતે અંતર્મુહૂર્ત સુધી કૃષ્ણ લેશ્યા હોય. તે જ કૃષ્ણ લેશ્યા સહિત સાતમી નરકમાં ૩૩ સાગરોપમનું આયુ ભોગવી, મરણ પામી તિર્યંચમાં ઉત્પન્ન થતી વખતે અંતર્મુહૂર્ત સુધી કૃષ્ણ લેશ્યા સાથે જ આવે. (૪૬) દશ સાગરોપમ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક. (૪૭) ત્રણ સાગરોપમ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક. ત્રીજી નારકની અપેક્ષાએ. (૪૮) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ. તે બીજા દેવલોકની અપેક્ષાએ. (૫૦) તેત્રીશ સાગરોપમ અને અંતર્મુહૂર્ત. અનુત્તર વિમાનના દેવોની અપેક્ષાએ. (૫૧) અનાદિસાન્ત. ભવી જીવો અનાદિકાળથી અવ્યવહાર રાશિમાં હતા પરંતુ તે જીવો જ્યારે મોક્ષે જાય છે ત્યારે કાયાનો પણ નાશ થતો હોવાથી આ જીવોનો કાળ અનાદિસાન્ત સંભવે છે. અને જે ભવ્ય હોવા છતાં પણ અસાંવ્યવહારિક રાશિમાંથી નીકળી કોઈ પણ વખતે સામગ્રીના અભાવે ત્રસાદિપણું પ્રાપ્ત નહિ કરે એવા ભવ્ય જીવો આશ્રયી અનાદિ અનંત કાળ સંભવે છે. (૫૨) અનાદિ અનંત, કારણ કે આ જીવો કોઇપણ કાળે મોક્ષે જવાના નથી. (૫૩) અંતર્મુહૂર્ત, કારણ કે આ સમકિતનો કાળ જ તેટલો છે. (૫૪) બે મનુષ્યભવ અધિક છાસઠ સાગરોપમ. પૂર્વ ક્રોડ વર્ષના આયુવાળો મનુષ્ય ક્ષયોપશમ સમકિત પામી, ચારિત્ર અંગીકાર કરી, અનુત્તરમાં ૩૩ સાગરોપમવાળો દેવ થઇ, ત્યાંથી ચ્યવી પૂર્વ ક્રોડ વર્ષના આયુવાળો મનુષ્ય થઇ પુનઃ અનુત્તરમાં જાય તો બે પૂર્વ ક્રોડ વર્ષ અધિક છાસઠ સાગરોપમ અથવા એ જ રીતે ત્રણ વાર અચ્યુત દેવલોકમાં ૨૨ સાગરોપમના આયુવાળો દેવ થાય તો ત્રણ પૂર્વ ક્રોડ વર્ષ અધિક છાસઠ સાગરોપમ હોય. બાદ અવશ્ય મિશ્ર સમકિત પામે. (૫૫) સાદિ અનંત કાળ અને ભવસ્થિતિ ક્ષાયિક આશ્રયી ૩૩ સાગરોપમથી ઝાઝેરો કાળ છે. (૫૬) અંતર્મુહૂર્ત. (૫૭) છ આવલિકા. (૫૮) અનાદિ અનન્ત,અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. (૫૯) સાતિરેક શત પૃથકત્વ સાગરોપમ પ્રમાણ કાળ જાય. આટલો કાળ ગયા પછી અસંજ્ઞીપણું પ્રાપ્ત થાય. (૬૦) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૬૧) અસંખ્યાતા ઉત્સર્પિણી અવસર્પિણી. (૬૨) સિદ્ધને આશ્રયી સાદિ અનન્ત. ચૌદમા ગુણસ્થાનના પ્રારંભથી આગળ કોઇપણ કાળે અનાહારીપણાનો અભાવ નથી. સંસારી જીવો આશ્રયી ઉત્કૃષ્ટથી વક્રગતિમાં વ્યવહાર નયે ત્રણ સમય અને નિશ્ચય નયે ચાર સમય અનાહારી હોય છે. જુઓ લોકપ્રકાશ, સર્ગ ૩.

# ૬૪. જઘન્ય ભવસ્થિતિદ્વાર

## પરિચય

પન્નવણા સૂત્ર, આચારાંગસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, દ્રવ્ય લોકપ્રકાશ તથા બૃહત્સંગ્રહણી તથા પંચસંગ્રહ વિગેરેમાંથી ભવસ્થિતિનું સ્વરૂપ જોઇ લેવું.

卐

## વિવેચન.

(૧) દશ હજાર વર્ષની. ભવનપતિ તથા વ્યંતર દેવોની અપેક્ષાએ (૨) ૨૫૬ આવલિકા. (૩) ૨૫૬ આવલિકા. અપર્યાપ્ત તિર્યંચ આશ્રયી. (૪) દશ હજાર વર્ષની. પહેલી નારકીના પ્રથમ પ્રતર આશ્રયી. (૫–૮) અંતર્મુહૂર્ત. (૯) અંતર્મુહૂર્ત. અપર્યાપ્ત મનુષ્ય તથા તિર્યંચ આશ્રયી. (૧૦) અંતર્મુહૂર્ત (૨૫૬ આવલિકા), (૧૧–૧૩) અંતર્મુહૂર્ત, (૧૪–૧૫) ક્ષુલ્લક ભવ. (૨૫૬ આવલિકા) (૧૬–૧૮) અંતર્મુહૂર્ત. કરણપર્યાપ્તો સંજ્ઞી જીવ અંતર્મુહૂર્તમાં મૃત્યુ પામે તે અપેક્ષાએ. (૧૯–૨૦) અંતર્મુહૂર્ત (૨૧) અંતર્મુહૂર્ત (૨૫૬ આવલિકા.) (૨૨–૨૫) ૨૫૬ આવલિકા (૨૬–૨૭) પ્રાયઃ અંતર્મુહૂર્ત (૨૮) આઠ વર્ષથી વધારે નહિ. (૨૯) આઠ વર્ષથી અધિક. આઠ વર્ષથી અધિક ઉમરવાળાને ચારિત્રની પ્રાપ્તિ થઇ શકે છે અને ચારિત્ર પ્રાપ્ત થયા પછી અપ્રમત્ત દશામાં આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જો કે કેટલાક આચાર્યોએ આઠ વર્ષની ઉમરવાળાને પણ ચારિત્રની પ્રાપ્તિ કહી છે (૩૦) આઠ વર્ષ, સાત માસ. (૩૧–૩૨) ૨૫૬ આવલિકા. (૩૩) દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩ માં વિભંગજ્ઞાનની સ્થિતિ જઘન્યથી એક સમય–વિશેષ કેવળીગમ્ય (૩૪–૩૫) આઠ વર્ષ, સાત માસ. (૩૬) ઓછામાં ઓછો ૨૯ વર્ષનો ગૃહસ્થ પર્યાય, ૨૦ વર્ષનો દીક્ષાપર્યાય–એવા જીવને આ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. (૩૭–૩૯) આઠ વર્ષ, સાત માસ. (૪૦–૪૨) અંતર્મુહૂર્ત (૨૫૬ આવલિકા) (૪૩) આઠ વર્ષથી વધુ નહિ. (૪૪) આઠ વર્ષ, સાત માસ. (૪૫–૪૭) ૨૫૬ આવલિકા. (૪૮–૫૨) અંતર્મુહૂર્ત. (૫૩–૫૪) પ્રાયઃ અંતર્મુહૂર્તથી ઓછું નહિ હોય, તત્ત્વ કેવળીગમ્ય. (૫૫) આઠ વર્ષ કારણ કે તેથી ઓછી વયવાળો આ સમકિત પ્રાપ્ત ન કરે. ક્ષાયિક સમકિત પામીને પ્રથમની ત્રણ નારકીમાં જાય તો જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું અને વૈમાનિક દેવમાં જાય તો જઘન્યથી એક પલ્યોપમ–જુગલીયા મનુષ્ય તિર્યંચમાં જાય તો જઘન્યથી અસંખ્ય વર્ષનું આયુષ્ય–એમ જુદી જુદી ગતિ આશ્રયીને જઘન્ય જુદાજુદા પ્રકારે પણ સંભવે છે. (૫૬–૫૭) અંતર્મુહૂર્ત (૫૮) ૨૫૬ આવલિકા, (૫૯) અંતર્મુહૂર્ત. (૬૦) ૨૫૬ આવલિકા (૬૧) અંતર્મુહૂર્ત. (૬૨) ૨૫૬ આવલિકા.

# ૬૫. ઉત્કૃષ્ટ ભવસ્થિતિદ્વાર.

## પરિચય

જેઓને ભવસ્થિતિ માટે વધારે જોવું હોય તેમણે પન્નવણા સૂત્ર ચોથું સ્થિતિપદ, પંચસંગ્રહ બીજું બંધ દ્વાર ગાથા ૩૫ થી શરૂ. દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૩, ઉત્તરાધ્યયન સૂત્ર અ ૩૬, આચારાંગ સૂત્ર પ્રથમ ભાગ વિગેરે ગ્રન્થોમાં જોવું.

ભવસ્થિતિ એટલે તે ભવનું આયુષ્ય. તે બે પ્રકારનું છે.—સોપક્રમ અને નિરુપક્રમ. ઘણા કાલે વેદાય એવું છતાં પણ શાસ્ત્રોક્ત અધ્યવસાયાદિ ઉપક્રમોવડે અલ્પકાળમાં ભોગવાઇ જાય, એવું જે આયુષ્ય તે સોપક્રમ આયુષ્ય અથવા ઢીલું અને નિર્વર્તન થઇ શકે એવું બાંધેલું જે કર્મ તે પણ સોપક્રમ કહેવાય. જેમ છૂટી મૂકેલી, લાંબી કરેલી દોરી એક છેડેથી સળગતાં અનુક્રમે બળે છે, પણ તે જ દોરીનું ગુંચળું વાળી અગ્નિમાં નાખતાં એકદમ એકી વખતે બળી જાય છે, પણ જે કર્મ ગાઢ નિકાચિત બાંધ્યું હોય એનું ફળ અનુક્રમે ભોગવવું પડે છે અને અપવર્તન કરી શકાતું નથી.

ઉપક્રમ એટલે આપણા પોતાથી ઉત્પન્ન થયેલા અધ્યવસાયો વિગેરે તથા બીજાઓએ પ્રેરેલા વિષ, શસ્ત્ર વિગેરે જે આયુષ્યનો નાશ કરનારા છે તે સર્વ ઉપક્રમ કહેવાય. કહ્યું છે કે અધ્યવસાય-નિમિત્ત-આહાર-વેદના-પરાઘાત-સ્પર્શ અને શ્વાસોચ્છ્વાસ એ સાત પ્રકારે આયુષ્ય નષ્ટ થાય છે.

અધ્યવસાય ત્રણ પ્રકારે કહ્યા છે. રાગથી થયેલો, સ્નેહથી થયેલો અને ભયથી થયેલો. અત્યંત સંકલ્પવિકલ્પ યુક્ત રાગ વિગેરે પણ મૃત્યુના કારણભૂત બને છે. વિશેષ માટે જુઓ દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩, શ્લોક ૭૭ થી. લેશ્યા માટે ઉત્તરાધ્યયન સૂત્ર તથા પન્નવણા સૂત્ર, બૃહત્સંગ્રહણી જુઓ.

卐

## વિવેચન

(૧) તેત્રીશ સાગરોપમ, અનુત્તર વિમાનવાસી દેવની અપેક્ષાએ. પન્નવણા સૂત્ર. ચોથું સ્થિતિપદ. (૨) ત્રણ પલ્યોપમ. દેવકુરુ તથા ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિક મનુષ્યને આશ્રયી. ઉત્તરાધ્યયન સૂત્ર ૩૬ અધ્યયન. તત્ત્વાર્થ ભાષ્ય સૂત્ર ૧૭, અ. ૩. (૩) ત્રણ પલ્યોપમ. દેવકુરુ તથા ઉત્તરકુરુક્ષેત્રના તિર્યંચને આશ્રયી. (૪) તેત્રીશ સાગરોપમ. સાતમી નરક જીવને આશ્રયી. પન્નવણા સૂત્ર ૧૮ પદ. (૫) ૨૨ હજાર વર્ષ. પૃથ્વીકાયની અપેક્ષાએ. ઉત્તરાધ્યયન સૂત્ર. અ. ૩૬, ગાથા ૮૦. (૬) બાર વર્ષ. તત્ત્વાર્થ ભાષ્ય અ. ૩, સૂત્ર ૧૮ તથા બૃહત્સંગ્રહણી ગાથા ૨૮૪, ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૩, ૧૩૨. (૭) ઓગણપચાસ દિવસ. ઉત્તરાધ્યયન સૂત્ર ૩૬, ગાથા ૧૧૩. (૮) ૭ મહિના. બૃહત્સંગ્રહણી ગાથા ૨૮૪. ઉત્તર-અ. ૩૬. (૯) તેત્રીશ સાગરોપમ. અનુત્તર વિમાનવાસી દેવ તથા સાતમી નરક જીવ આશ્રયી. (૧૦) ચીકણી માટી—એક હજાર વર્ષ. શુદ્ધ પૃથ્વી ૧૨૬ હજાર વર્ષ, રેતી ૧૪૬ હજાર, મણસીલ ૧૬ હજાર, કાંકરા ૧૮ હજાર, કઠીન પત્થર વિગેરે ૨૨ હજાર વર્ષ. આ ઉત્કૃષ્ટ આયુષ્ય નિરાબાધ સ્થાને રહેલા એકેન્દ્રિય જીવનું સમજવું. મારવાડની કોમલ પૃથ્વી તે સર્વની ઉત્કૃષ્ટથી એક હજાર.

બૃહત્સંગ્રહણી ગાથા ૨૮૫. શ્રી ભગવતી સૂત્ર પ્રથમ શતક, ૧ ઉદ્દેશો પત્ર ૨૯. (૧૧) સાત હજાર વર્ષ. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬, ગાથા ૮૮. (૧૨) ૩ દિવસ (અહોરાત્ર) ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬, ગાથા ૧૧૩. (૧૩) ત્રણ હજાર વર્ષ. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬, ગાથા ૧૨૨. (૧૪) દશ હજાર વર્ષ. ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૩૬, ૧૦૨. (૧૫) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૬–૧૮) તેત્રીશ સાગરોપમ. અનુત્તર વિમાનવાસી દેવ આશ્રયી જાણવું. અપર્યાપ્તપણાનું અંતર્મુહૂર્ત પણ મનોયોગીની સ્થિતિમાં ગણ્યું અને જો ન ગણીએ તો અંતર્મુહૂર્ત ન્યૂન. (૧૯) તેત્રીશ સાગરોપમ. અનુત્તર વિમાનવાસી દેવની અપેક્ષાએ. (૨૦) ૫૫ પલ્યોપમ. ઇશાન દેવલોકની અપરિગૃહીતા દેવીઓની અપેક્ષાએ. (૨૧) તેત્રીશ સાગરોપમ. સાતમી નરકના જીવને આશ્રયી. (૨૨–૨૮) તેત્રીશ સાગરોપમ. (૨૯–૩૦) દેશ ઊન પૂર્વ ક્રોડ વર્ષ (૩૧–૩૩) તેત્રીશ સાગરોપમ. સાતમી નરકના જીવની અપેક્ષાએ. (૩૪–૩૫) પૂર્વ ક્રોડ વર્ષ કેમકે ચારિત્ર લેનાર ઓછામાં ઓછો આઠ વર્ષથી અધિક ઉમરવાળો અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો ચારિત્ર અંગીકાર કરી શકે છે તે અપેક્ષાએ પૂર્વક્રોડ વર્ષ દર્શાવે છે. (૩૬–૩૭) પૂર્વ ક્રોડ વર્ષ કેમકે ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો જીવ પરિહારવિશુદ્ધિ ચારિત્ર ગ્રહણ કરી શકે છે; તેથી ઓછામાં ઓછા આયુષ્યવાળો પણ ગ્રહણ કરે પરંતુ વધુ આયુષ્યવાળાને ચારિત્રનો અભાવ હોવાથી આ ચારિત્ર ન હોય. (૩૮) પૂર્વ ક્રોડ વર્ષ. (૩૯) * પૂર્વ ક્રોડ વર્ષ (૪૦) તેત્રીશ સાગરોપમ. (૪૧) તેત્રીશ સાગરોપમ. અંતર્મુહૂર્ત ન્યૂન કેમકે ચક્ષુદર્શન ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી હોય છે. (૪૨–૪૩) તેત્રીશ સાગરોપમ (૪૪) પૂર્વ ક્રોડ વર્ષ (૪૫) તેત્રીશ સાગરોપમ. સાતમી નરકના જીવને આશ્રયી. જુઓ, ઉત્તરાધ્યયન સૂત્ર (૪૬) ૧૦ સાગરોપમ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, કેમકે આ લેશ્યા પાચમી નારકીના પહેલા પ્રતરમાં ૧૦ સાગરોપમથી અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગવાળાને આ લેશ્યા હોય છે. ઉત્તરા. સૂ. અ. ૩૪. (૪૭) ત્રણ સાગરોપમ ને પલ્યોપમનો અસંખ્યાતો ભાગ અધિક આટલી સ્થિતિ છે, કેમકે આ લેશ્યા ત્રીજી નારકીના પહેલા પ્રતરમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક ત્રણ સાગરોપમ આયુષ્યવાળાને હોય છે. ઉત્તરા. અ. ૩૪. (૪૮) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ. ઇશાન દેવલોકની અપેક્ષાએ. (૪૯) અંતર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ. બ્રહ્મ દેવલોકના દેવની અપેક્ષાએ. ઉત્ત. સૂત્ર. અ. ૩૪, ગાથા ૩૮ (૫૦) અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ. અનુત્તર વિમાનવાસી દેવને આશ્રયી ઉત્ત. સૂત્ર. અ. ૩૪, ગાથા ૩૯. (૫૧–૫૨) તેત્રીશ સાગરોપમ. (૫૩–૫૮) તેત્રીશ સાગરોપમ. આ દરેક સમકિત પામનાર જીવોની અપેક્ષાએ ૩૩ સાગરોપમ લખેલ છે. જો કે આ સમકિતનો કાલ પામ્યા પછી ભિન્ન ભિન્ન પ્રકારે છે, પરંતુ ઉત્કૃષ્ટથી ૩૪ સાગરોપમના આયુષ્યવાળા જીવોને થઇ શકે છે. (૫૯) ૩૩ સાગરોપમ (૬૦) પૂર્વકોટી જલચર જીવોની અપેક્ષાએ. (૬૧) તેત્રીશ સાગરોપમ. (૬૨) તેત્રીશ સાગરોપમ. તેત્રીશ સાગરોપમ લખવાનો હેતુ એ છે કે–વધુમાં વધુ ૩૩ સાગરોપમના આયુષ્યવાળા જીવો પણ વક્રગતિએ અનાહારી હોઇ શકે છે. જો કે અનાહારીપણું તો ત્રણ સમય સુધી હોય છે પરંતુ હોય તો તે વધુમાં વધુ તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળાને હોય છે.

---

* સામાયિક ચારિત્રથી પ્રારંભીને દેશવિરતિ ચારિત્ર સુધી છ ચારિત્રનો કાલ જે પૂર્વક્રોડ વર્ષ લખ્યો છે તેનું કારણ વધુમાં વધુ પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને આ ચારિત્રોની પ્રાપ્તિ થાય છે તે અપેક્ષાએ અમોએ આ ચારિત્રોમાં પૂર્વ ક્રોડ વર્ષ કાલ લખ્યો છે. જો કે ચારિત્ર લીધા પછીનો કાલ તો દરેકનો ભિન્ન ભિન્ન છે પરંતુ વધુમાં વધુ પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળાને ચારિત્રની પ્રાપ્તિ થાય છે તે અપેક્ષાએ.

# ૬૬. અવગાહનાદ્વાર.

## પરિચય

અવગાહના એટલે ઊંચાઈ, લંબાઇ. તે ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અને જઘન્ય (ઓછામાં ઓછી) એમ બે પ્રકારે છે. તે મૂળ શરીરની અને ઉત્તર શરીરોની પણ હોય છે.

卐

## વિવેચન.

(૧) પહેલા તથા બીજા દેવલોક સુધી ૭ હાથ, ત્રીજા તથા ચોથા દેવલોકમાં ૬ હાથ, પાંચમા તથા છઠ્ઠામાં પાંચ હાથ, સાતમા આઠમામાં ચાર હાથ, ૯, ૧૦, ૧૧, ૧૨ માં ત્રણ હાથ. નવ ગ્રૈવેયકમાં બે હાથ, અનુત્તરમાં એક હાથ. બાર દેવલોક સુધીના દેવોની ઉત્તરવૈક્રિય અવગાહના લાખ યોજનની હોય છે અને ગ્રૈવેયક અને અનુત્તર ઉત્તરવૈક્રિય હોતું નથી. અને તૈજસ અવગાહના ભુવનપતિથી પ્રારંભીને ઈશાન દેવલોક સુધીની અવગાહના વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ત્રીજી નારકીના અંત સુધી, તીર્છી તીર્ચ્છાલોકના છેડા સુધી અથવા તીર્ચ્છાલોકની વેદિકાના અંત સુધી, ઊંચે સિદ્ધશિલા સુધી—સનત્‌કુમાર દેવલોકથી પ્રારંભીને આઠમા દેવલોક સુધીના દેવતાઓની મરણ સમુદ્‌ઘાતવડે તૈજસ અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને જાડાઇમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં નીચે ઉત્કૃષ્ટથી પાતાલકલશાના બે તૃતીયાંશ ભાગ સુધી કેમકે એ દેવો મરણ પામી જલચરપણે પાતાલકલશામાં ઉત્પન્ન થાય અને તીર્છી અવગાહના તીર્ચ્છાલોકના છેડા સુધી અને ઊંચે અવગાહના બારમા દેવલોક સુધી ૯થી ૧૨ દેવલોક સુધીના દેવતાઓની મરણ સમુદ્‌ઘાતવડે તૈજસ અવગાહના જાડાઈમાં અને વિસ્તારમાં શરીરપ્રમાણ ઉત્કૃષ્ટથી નીચે અધોગ્રામ સુધી. તીર્છી મનુષ્યક્ષેત્ર પ્રમાણ અને ઊંચે અચ્યુત દેવલોક સુધી અને બારમા દેવલોકના દેવતાઓને પોતપોતાના વિમાન સુધી હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરમાં તૈજસકૃત અવગાહના-જાડાઇ અને વિસ્તારમાં શરીરપ્રમાણ અને નીચે જઘન્યથી વિદ્યાધરોની શ્રેણી સુધી અને ઉત્કૃષ્ટથી અધોલોકના ગ્રામ સુધી. તીર્છી મનુષ્ય ક્ષેત્ર પ્રમાણ અને ઊંચે પોતપોતાના વિમાનના અંત સુધી. (૨) ત્રણ ગાઉ. દેવકુરુ તથા ઉત્તરકુરુ આશ્રયીને સમજવું. અને જઘન્ય અપર્યાપ્ત અવસ્થામાં શરૂઆતમાં અંગુલનો અસંખ્યાતો ભાગ સમજવો. ઉત્તરવૈક્રિય એક લાખ યોજન અધિક ચાર આંગળ, મનુષ્ય મરણ સમુદ્‌ઘાતવડે તૈજસ અવગાહના મનુષ્ય લોકથી પ્રારંભીને લોકાન્ત સુધી. (૩) હજાર યોજન ઝાઝેરી વનસ્પતિ આશ્રયી અને ઉત્તર વૈક્રિય ૯૦૦૦ યોજન અને તૈજસ અવગાહના મરણ સમુદ્‌ઘાતવડે લોકાંતથી લોકાંત સુધી. આ એકેન્દ્રિય આશ્રયી સમજવી. અને પંચેન્દ્રિય તિર્યંચોમાં તીર્ચ્છા લોકથી લોકાંત સુધી જાણવી. જાડાઇ શરીરપ્રમાણ. આગળ પણ જાડાઈ શરીર પ્રમાણે સમજવી. (૪) પાંચસો ધનુષ્ય.

પહેલી ૭ાા ધનુષ્ય ૭ આંગળ, બીજી ૧૫ાા ધનુષ્ય ને ૧૨ આંગળ, ત્રીજી ૩૧ા ધનુષ્ય, ચોથી ૬૨ાા ધનુષ્ય, પાંચમી ૧૨૫ ધનુષ્ય, છઠ્ઠી ૨૫૦ ધનુષ્ય ને ૭મી ૫૦૦ ધનુષ્ય. નારકીને ઉત્તરવૈક્રિય બમણું સમજવું અને તૈજસ અવગાહના મરણુ સમુદ્દ્ઘાતવડે જઘન્યથી એક હજાર યોજનથી અધિક, ઉત્કૃષ્ટથી સાતમી નારકી સુધી નીચે સમજવી. તીર્ચ્છી તીર્ચ્છાલોકના છેલ્લા સમુદ્ર સુધી અને ઊંચે પાંડુકવન સુધી (૫) એક હજાર યોજનથી કંઇક અધિક, પ્રત્યેક વનસ્પતિકાયને આશ્રયીને. જઘન્ય અવગાહના અંગુલને અસંખ્યાતમો ભાગ. પ્રત્યેક વનસ્પતિકાય સિવાય એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલને અસંખ્યાતમો ભાગ. વૈક્રિય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ, વાયુકાય આશ્રયી. અને તૈજસકૃત અવગાહના ૧૪ રજ્જુપ્રમાણુ. (૬) બાર યોજન. અઢી દ્વીપની બહાર સમુદ્રદ્વીપોમાં બાર યોજન લાંબા શંખ વિ. હોય છે. તૈજસકૃત અવગાહના તીર્ચ્છાલોકથી લોકાન્ત સુધી (૭) ઉત્કૃષ્ટ ત્રણુ ગાઉ. જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. અઢી દ્વીપની બહાર રહેલા કાનખજુરા વિગેરેની અપેક્ષાએ ત્રણુ ગાઉ સમજવા. તૈજસકૃત અવગાહના તીર્ચ્છાલોકથી લોકાન્ત સુધી. (૮) ઉત્કૃષ્ટ ચાર ગાઉ. અઢી દ્વીપની બહાર ભમરા વિગેરેની અપેક્ષાએ જાણુવા. જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. તૈજસકૃત અવગાહના તીર્ચ્છાલોકથી લોકાન્ત સુધી. (૯) એક હજાર યોજન સ્વયંભૂરમણુ સમુદ્રમાં રહેલ મત્સ્યાદિની અપેક્ષાએ. જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્તરવૈક્રિયની અવગાહના એક લાખ યોજન અધિક ચાર આંગલ અને તૈજસકૃત અવગાહના ચૌદ રજ્જુપ્રમાણુ લાંબી અને શરીર પ્રમાણુ જાડી (૧૦-૧૩) જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. જઘન્યથી ઉત્કૃષ્ટનો અંગુલાંશ વધુ મોટો જાણુવો. તૈજસ અવગાહના એકેન્દ્રિયવત્. વાઉકાય વૈક્રિય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. (૧૪) ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનથી કાંઇક અધિક. જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. તૈજસ અવગાહના એકેન્દ્રિયવત્. (૧૫) પંચેન્દ્રિય પ્રમાણે, તૈજસ અવગાહના તથા વૈક્રિય અવગાહના પંચેન્દ્રિય પ્રમાણે. (૧૬) પંચેન્દ્રિય પ્રમાણે. ઉત્તરદેહ આશ્રયી મનોયોગીની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ. અને ઉત્કૃષ્ટ એક લાખ યોજનથી ચાર અંગુલ અધિક છે; કારણુ કે દેવાદિક જીવોના ઉતરવૈક્રિય દેહની અવગાહના પ્રારંભમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ નહિ પણુ સંખ્યાતમો ભાગ હોય છે; અને ઉત્કૃષ્ટ ચાર અંગુલ અધિક એક લાખ યોજન જેટલું ઉત્તર-વૈક્રિય શરીર મનુષ્ય જ કરી શકે છે. તથા સમુદ્ઘાતકૃત અવગાહના દીર્ઘ આઠ રજ્જુપ્રમાણુ છે. તે મરણુ અને વૈક્રિય સમુદ્ઘાતની અપેક્ષાએ છે, કારણુ કે સૌધર્મ અથવા ઈશાન સ્વર્ગનો કોઇક દેવ અધોલોકની નીચે બાદર પર્યાપ્ત પૃથ્વીપણે ઉત્પન્ન થવાનો હોય અથવા અચ્યુત સ્વર્ગનો દેવ મિત્ર નારકને મળવા ચોથી નરકે જાય, ત્યારે તેનો આત્મા સમુદ્ઘાતવડે ૮ રજ્જુપ્રમાણુ દીર્ઘ થાય છે. ઉપરના સ્વર્ગના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતાં નથી. વળી કેવળી સમુદ્ઘાત વખતે મનોયોગ નહિ હોવાથી અહિં તે અવગાહના ન હોય. (૧૭) પંચેન્દ્રિય પ્રમાણે. વૈક્રિય તથા તૈજસ અવગાહના પણુ મનો-યોગવત્. (૧૮) હજાર યોજનથી અધિક સમજવું, પણુ પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ. વૈક્રિય તેમજ તૈજસ અવગાહના પંચેન્દ્રિયવત્. (૧૯) હજાર યોજન. જલચરની અપેક્ષાએ. ઉત્તર વૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત અને તૈજસ અવગાહના ૮ રજ્જુપ્રમાણુ લગભગ. (૨૦) ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. સ્વયંભૂરમણુ સમુદ્રના જલચરની ગર્ભજ સ્ત્રીના મૂળ શરીરની અપેક્ષાએ. જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને તૈજસ અવગાહના ૮ રજ્જુપ્રમાણુ લગભગ. (૨૧) સૂક્ષ્મ લબ્ધિ અપર્યાપ્ત નિગોદ આશ્રયી અંગુલનો અસંખ્યાતમો ભાગ. કમલ, લતા વિગેરે બાદર પ્રત્યેક વનસ્પતિકાયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦૦ યોજન. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને

તૈજસ અવગાહના એકેન્દ્રિયવત્. (૨૨–૨૫) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી અધિક. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને તૈજસ અવગાહના એકેન્દ્રિયવત્ (૨૬–૨૮) જઘન્ય અવગાહના ઉત્પત્તિ સમયે અંગુલનો અસંખ્યાતમો ભાગ. ગર્ભજ મચ્છની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. ઉત્તરવૈક્રિય પંચેન્દ્રિયવત્ અને તૈજસ અવગાહના સાત આઠ રજ્જુપ્રમાણ ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનપ્રમાણ છે અને સમુદ્ઘાત અવગાહના મરણ આશ્રયી અનુત્તર સુધી અસંખ્ય યોજન ( લગભગ ૭ રજ્જુ ) પ્રમાણ છે. અથવા અચ્યુત સ્વર્ગનો કોઈ દેવ ચોથી નરકે મિત્રનારકને મળવા જાય તો પણ લગભગ ૮ રાજ હોય. અને ઉત્તર દેહની અવગાહના મનુષ્યવત્ છે. ( ૨૯ ) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. ઉત્તરવૈક્રિય પંચેન્દ્રિયવત્ અને તૈજસ અવગાહના મરણ સમુદ્ઘાતવડે તીર્ચ્છાલોકથી અનુત્તર સુધી છે. બે હાથ જઘન્યથી કહ્યું છે તે યુક્ત જ છે કેમકે કુર્મ્માપુત્રનું શરીર બે હાથનું હતું અને તેમને કેવળજ્ઞાન થયું હતું તો મનઃપર્યવજ્ઞાન તો હોય જ એમાં કાંઇ નવીન નથી. ( ૩૦ ) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. કેવળી સમુદ્ઘાતના ચોથા સમયે આત્માની અવગાહના સમગ્ર લોકવ્યાપી હોય છે. (૩૧–૩૨) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન અધિક. વનસ્પતિ આશ્રયી. ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના વાયુકાય આશ્રયી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના મનુષ્ય આશ્રયી એક લાખ યોજન અધિક ચાર આંગલ. સમુદ્ઘાતકૃત અવગાહના ૧૪ રજ્જુપ્રમાણ એકેન્દ્રિય માફક ( ૩૩ ) ઓછામાં ઓછી બે હાથની કાયવાળાને વિભંગજ્ઞાન થાય છે એમ જણાય છે. તત્ત્વ તો કેવળીગમ્ય છે. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. ઉત્તરવૈક્રિય અવગાહના જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્તરવૈક્રિય અવગાહના (ઉત્કૃષ્ટ) લાખ યોજન અધિક ચાર આંગલ. સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુપ્રમાણ હોય છે કેમકે બારમા દેવલોકનો દેવતા મિત્ર નારકને મળવા માટે ચોથી નારક સુધી જાય છે ત્યારે લગભગ ૮ રજ્જુ અવગાહના સંભવે છે. (૩૪–૩૫) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. મનઃપર્યવજ્ઞાનવત્. ઉત્તરવૈક્રિય અવગાહના લાખ યોજન અધિક ચાર આંગળ. જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ. મરણસમુદ્ઘાતકૃત અવગાહના ઉત્કૃષ્ટથી તીર્ચ્છાલોકથી માંડીને અનુત્તર સુધી લગભગ ૭ રજ્જુ. ( ૩૬–૩૭ ) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. ઉત્તરવૈક્રિય તથા સમુદ્ઘાતકૃત અવગાહના હોતી નથી કેમકે આ ચરિત્ર વિશુદ્ધ હોવાથી લબ્ધિ ફોરવતા નથી તેમ મરણ પણ પામતા નથી તેથી વૈક્રિય તથા સમુદ્ઘાતકૃત અવગાહના હોતી નથી (૩૮ ) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. કેવળી સમુદ્ઘાતકૃત આત્માની અવગાહના ૧૪ રજ્જુપ્રમાણ કેવળી સમુદ્ઘાતના ચોથા સમયે હોય છે. (૩૯) જઘન્ય બે હાથ. ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય. ઉત્તરવૈક્રિય અવગાહના સામાયિક ચારિત્રવત્ મરણ સમુદ્ઘાતકૃત અવગાહના તીર્ચ્છાલોકથી લગભગ દેવલોક સુધી રજ્જુ પ્રમાણ. પૂર્વે નરકાયુષ્ય બંધાયું હોય અને પછી દેશવિરતિ પ્રાપ્ત કરે તો મરણ સમુદ્ઘાત વખતે તીર્ચ્છાલોકથી પ્રારંભીને છઠ્ઠી નારકી પર્યંત લગભગ પાંચ રજ્જુ પ્રમાણ હોય છે કેમકે પૂર્વબદ્ધ નરકાયુષ્યવાળો આત્મા દેશવિરતિમાં વર્તતો થકો કાળ કરી છઠ્ઠી નારક સુધી પણ જાય છે. (૪૦) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી કાંઇક અધિક. ઉત્તર વૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને સમુદ્ઘાતકૃત અવગાહના ૧૪ રજ્જુ પ્રમાણ એકેન્દ્રિયવત્ (૪૧) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ. મત્સ્ય આશ્રયી. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્. સૂક્ષ્મ નિગોદ આશ્રયી અંગુલનો અસંખ્યાતમો ભાગ જન્મદેહની જઘન્ય અવગાહના, અને બાદર પ્રત્યેક વનસ્પતિની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવગાહના કાંઇક અધિક ૧૦૦૦ યોજન પ્રમાણ છે. એ મૂળ

અવગાહના કરી અને ઉત્તર દેહાવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ વાયુ આશ્રયી છે અને ઉત્કૃષ્ટ સાધિક ૧ લાખ યોજન તે મનુષ્ય આશ્રયી છે. તથા સમુદ્ઘાતકૃત તૈજસ અવગાહના એકેન્દ્રિયાદિવત્ ૧૪ રજ્જુ દીર્ઘ છે. (૪૨) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી કંઇક અધિક. ઉત્તરવૈક્રિય અવગાહના તથા સમુદ્ઘાતકૃત અવગાહના અવિરતિવત્ (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે (૪૫-૪૭) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી કંઇક અધિક. ઉત્તરવૈક્રિય લાખ યોજનથી અધિક ચાર આંગળ અને સમુદ્ઘાતકૃત અવગાહના એકેન્દ્રિયવત્. (૪૮) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ હજાર યોજન. તેજોલેશ્યા ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને સમુદ્ઘાતકૃત અવગાહના આઠ રજ્જુપ્રમાણ. કોઈ ઇશાન દેવલોકનો દેવતા કાળ કરી બાદર પૃથ્વીકાયપણે સાતમી નરક નીચે ઉત્પન્ન થાય તો લગભગ આઠ રજ્જુ સંભવે છે. (૪૯) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ. ઉત્તરવૈક્રિયની જઘન્ય અવગાહના અંગુલનો સંખ્યાતમો ભાગ. મૂલ વૈક્રિયની જઘન્ય ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્તરવૈક્રિયની ઉત્કૃષ્ટ અવગાહના એક લાખ યોજનથી ચાર આંગળ અધિક હોય છે. અને સમુદ્ઘાતકૃત અવગાહના કોઈ પાંચમા દેવલોકનો દેવતા મિત્ર નારકને મળવા માટે ત્રીજી ચોથી નારકી સુધી જઇ શકે છે તે અપેક્ષાએ સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ પાંચથી છ રાજપ્રમાણ હોય છે. (૫૦) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનપ્રમાણ. ઉત્તરવૈક્રિય પદ્મલેશ્યાવત્ અને સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુપ્રમાણ હોય છે કેમકે ૧૨ મા દેવલોકનો દેવતા મિત્ર નારકને મળવા માટે ત્રીજી ચોથી નારકી સુધી જાય તે અપેક્ષાએ સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ આઠ રજ્જુપ્રમાણ હોય છે. (૫૧-૫૨) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી કંઇક અધિક એકેન્દ્રિય આશ્રયી. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્. સમદ્ઘાતકૃત અવગાહના એકેન્દ્રિયવત્ (૫૩) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ એક હજાર યોજન પ્રમાણ. અહિંયા અંગુલનો અસંખ્યાતમો ભાગ લખ્યો છે એનો અભિપ્રાય એ છે કે કેટલાક આચાર્યો ઉપશમશ્રેણીથી મરણ પામી ઉપશમસમકિત સહિત અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે અને ઉત્પત્તિ વખતે અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. આના માટે ઘણા મતાન્તરો છે તેનો નિર્ણય કેવળીગમ્ય. ઉત્તર વૈક્રિય અવગાહના પદ્મલેશ્યાવત્ સમુદ્ઘાતકૃત અવગાહના અઢી દ્વીપથી અનુત્તર વિમાન સુધી લગભગ ૭ રાજપ્રમાણ (૫૪) અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ. ઉત્તરવૈક્રિય અવગાહના પદ્મલેશ્યાવત્ અને મરણસમુદ્ઘાતકૃત અવગાહના મનુષ્ય ક્ષેત્રથી અનુત્તર વિમાન સુધી અને અનુત્તર વિમાનથી નીચે તીર્ચ્છાલોક સુધી કેમકે કોઇ સમકતી મનુષ્ય અનુત્તર વિમાનમાં જાય અને કોઇ અનુત્તર વિમાનનો દેવતા મરણ પામી મનુષ્યલોકમાં આવે તે અપેક્ષાએ સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ ૭ રજ્જુપ્રમાણ અને બારમા દેવલોકનો કોઇ દેવતા મિત્ર નારકને ચોથી નારકી સુધી મળવા માટે જાય ત્યારે વૈક્રિય સમુદ્ઘાતકૃત અવગાહના લગભગ આઠ રજ્જુપ્રમાણ સંભવે છે. બારમા દેવલોકનો સીતેન્દ્ર, લક્ષ્મણ અને રાવણની વેદના દૂર કરવા માટે અથવા દુઃખ નિવારણ કરવાને માટે ચોથી નારકીમાં ગયેલ છે એવો પાઠ જૈન રામાયણમાં જણાય છે. પંચસંગ્રહ કાર બીજામાં તો આનત આદિ દેવલોકના દેવતા અલ્પ સ્નેહવાળા હોવાથી નારકીમાં એમનું ગમન કહ્યું નથી. (૫૫) જઘન્યથી ઔદારિક શરીરની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે કેમકે કોઇક ક્ષાયિક સમકિતી મરણ પામી મનુષ્ય કે યુગલિક તિર્યંચમાં ઉત્પન્ન થાય તો ઉત્પત્તિ સમયે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ સંભવે છે. અને ઉત્કૃષ્ટ અવગાહના યુગલિક ચતુષ્પદ આશ્રયીને ૭ ગાઉ છે. અને વૈક્રિયની જઘન્ય

અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે, કેમકે કોઇક ક્ષાયિક સમકિતી મનુષ્ય તથા યુગલિક તિર્યંચો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય તો અથવા તો પૂર્વબદ્ધ નરકાયુષ્યવાળો મનુષ્ય કાળ કરી ત્રીજી નારકી સુધી જાય છે ત્યારે દેવતા નારકીને જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અપર્યાપ્ત અવસ્થામાં સંભવે છે અને ઉત્કૃષ્ટ અવગાહના ઉત્તરવૈક્રિય આશ્રયી લાખ યોજનથી અધિક હોય છે. અને મૂળ વૈક્રિય અવગાહના ત્રીજી નારકી આશ્રયી ૩૧ા ધનુષ્ય અને બીજા દેવલોક આશ્રયી સાત હાથ અને કેવળી સમુદ્દ્યાતકૃત અવગાહના ૧૪ રજ્જુ પ્રમાણ. (૫૬) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન પ્રમાણ. ઉત્તરવૈક્રિય અવગાહના ક્ષયોપશમવત્ અને વૈક્રિય સમુદ્દ્યાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુ સંભવે છે, કેમકે બારમા દેવલોકનો કોઇ દેવતા ત્રીજી ચોથી નારકી સુધી મિત્ર નારકને મળવા માટે અથવા વેદના શાંત પાડવા સારુ જાય ત્યારે સંભવે છે. અને પંચસંગ્રહમાં તો આઠમા દેવલોકના ઉપરના દેવતાઓ નીચે નારકીઓમાં જતા નથી એમ કહ્યું છે. (૫૭) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન. જળચરોની અપેક્ષાએ. ઉત્તરવૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્. મરણ સમુદ્દ્યાતકૃત અવગાહના લગભગ ૮ રજ્જુપ્રમાણ કેમકે બીજા દેવલોકનો કોઈ દેવતા ઉપશમ સમકિત વમી સાસ્વાદને વર્તતો છતો કાળધર્મ પામે સાતમી નરકની નીચે બાદર પર્યાપ્તા પૃથ્વી-કાયપણે ઉત્પન્ન થાય ત્યારે લગભગ મરણ સમુદ્દ્યાતવડે લગભગ ૮ રજ્જુપ્રમાણ અવગાહના સંભવે છે. (૫૮) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજનથી કાંઇક અધિક. ઉત્તરવૈક્રિય અવગાહના તથા સમુદ્દ્યાતકૃત અવગાહના. મતિઅજ્ઞાનવત્ (૫૯) જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ. ઉત્કૃષ્ટ એક હજાર યોજન. ઉત્તરવૈક્રિય અવગાહના તથા સમુદ્દ્યાતકૃત અવગાહના પંચેન્દ્રિયવત્ (૬૦) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. ઉત્તરવૈક્રિય અવગાહના વાયુકાયવત્ અને સમુદ્દ્યાતકૃત અવગાહના એકેન્દ્રિયવત્ (૬૧) ૧૦૦૦ યોજનથી અધિક. ઉત્તર વૈક્રિય અવગાહના પંચેન્દ્રિયવત્ અને સમુદ્દ્યાતકૃત અવગાહના એકેન્દ્રિયવત્ (૬૨) જઘન્ય અવગાહના ઔદારિક શરીરની બે હાથની અને ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની, કેમકે જઘન્યથી બે હાથની કાયાવાળા સામાન્ય કેવળીઓ કેવળી સમુદ્દ્યાત કરે અને ત્યારે ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા પણ કેવળી સમુદ્દ્યાત કરે. જીવ ત્રીજે, ચોથે, પાંચમે સમયે અનાહારી હોય છે માટે જઘન્ય અવગાહના બે હાથ, ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની સંભવે છે. અને કેવળીસમુદ્દ્યાતકૃત અવગાહના કેવળીસમુદ્દ્યાતના ચોથા સમયે સમગ્ર લોકવ્યાપી હોય છે.


## સુભાષિત-પદ્ય-રત્નાકર-ભાગ પાંચમો

તીર્થંકરો સંબંધી અનેક પ્રકારની માહિતી તથા મન્દિરમાં પ્રભુ આગળ બોલવા લાયક સ્તુતિ શ્લોકો તથા ત્રેસઠ શલાકા પુરુષોની અનેકવિધ બાબતોના કોઠા, શ્લોકાનુક્રમણિકા, પ્રસ્તાવના વિગેરેથી સર્વાંગસુંદર પ્રત્યેક શ્લોકના અનુવાદ સાથે આ ગ્રન્થ મુનિરાજ શ્રી વિશાળવિજયજી મહારાજે તૈયાર કર્યો છે. ઉંચા ગ્લેજ કાગળો, લગભગ બસો પૃષ્ઠ અને સુંદર બાઇન્ડીંગ સાથે બહાર પડયો છે. પ્રત્યેક જૈનોને આ પુસ્તક ઉપયોગી થાય તેવું છે કિં. ૧-૦-૦

**યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર.**

## ૬૭. [ નામકર્મ સિવાય ] સાત કર્મની ઉત્તર પ્રકૃતિબંધદ્વાર

| નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | ગોત્ર | અંતરાય | કુલ ૫૩ | નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | ગોત્ર | અંતરાય | કુલ ૫૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫[illegible] | ૧૮ | કાયયોગ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૧૯ | પુરુષવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૪ | નરકગતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૨ | ક્રોધ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૩ | માન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૪ | માયા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૫ | લોભ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ |
| ૧૧ | અપ્કાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ |
| ૧૨ | તેઉકાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૧ | ૫ | ૪૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૩૧ |
| ૧૩ | વાઉકાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૧ | ૫ | ૪૯ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૧૬ | મનયોગ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૩૪ | સામાયિક | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૩૧ |

| નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | ગોત્ર | અંતરાય | કુલ પ્ર | નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | ગોત્ર | અંતરાય | કુલ પ્ર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૩૧ | ૪૯ | પદ્મલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૫૨ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૩૧ | ૫૦ | શુકૂલલેશ્ય | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૨ | ૫ | ૫૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૫ | ૧૬ | ૫૧ | ભવી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૩૮ | યથાખ્યાત | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫૨ | અભવી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૩૯ | દેશવિરતિ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૧ | ૫ | ૩૫ | ૫૩ | ઉપશમસમક્તિ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧ | ૫ | ૩૮ |
| ૪૦ | અવિરતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૫૫ | ક્ષાયકસમક્તિ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૫૬ | મિશ્રસમકિત | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૧ | ૫ | ૩૮ |
| ૪૩ | અવધિદર્શન | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૧ | ૫ | ૪૦ | ૫૭ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૨ | ૫ | ૫૦ |
| ૪૪ | કેવળદર્શન | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૪૫ | કૃષ્ણુલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૫૯ | સંજ્ઞી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૬૦ | અસંજ્ઞી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ | ૬૧ | આહારી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૨ | ૫ | ૫૩ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૨ | ૫ | ૫૨ | ૬૨ | અણાહારી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૨ | ૫ | ૪૯ |

## વિવેચન.

(૧) દેવ તથા નરકના આયુષ્યનો બંધ ન હોય તેથી આયુષ્યની બે પ્રકૃતિના બંધ સિવાય બાકીની બધી હોય તેથી કુલ એકાવન (૨-૩) પૂરેપૂરા. (૪-૮) નરક તથા દેવના આયુષ્યનો બંધ ન હોય તેથી દેવની માફક એકાવન. (૯) પૂરેપૂરા. (૧૦-૧૧) દેવની માફક જાણવું. (૧૨-૧૩) નરક, દેવ તથા મનુષ્યાયુનો બંધ ન હોય તેમજ ઉચ્ચ ગોત્ર ન હોય. શેષ ૪૯ હોય. (૧૪) દેવ પ્રમાણે (૧૫-૨૫) પૂરેપૂરા. (૨૬-૨૮) દર્શનાવરણમાં નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધી એ ત્રણ ન હોય, મોહનીયમાં અનંતાનુબંધી ચોકડી અને સ્ત્રીવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વ એ સાત ન હોય; આયુમાં નરક તથા તિર્યંચનું આયુ ન હોય, તેમજ ગોત્રમાં નીચ ગોત્ર ન હોય. (૨૯) ત્રણ દર્શનાવરણ ન હોય, મોહનીયમાં અનંતાનુબંધી, પ્રત્યાખ્યાન અને અપ્રત્યાખ્યાનની ચોકડી તેમજ સ્ત્રીવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વ ન હોય, નીચ ગોત્ર ન હોય, અને નરક, તિર્યંચ તથા મનુષ્યનું આયુ ન હોય. (૩૦) ફકત શાતાવેદનીય જ હોય. (૩૧-૩૩) પૂરેપૂરા (૩૪-૩૬) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે. (૩૭) ૧૬ પ્રકૃતિ હોય. જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, શાતાવેદનીય અને ઉચ્ચ ગોત્ર. આ સોળ લાભે. (૩૮) ફકત શાતાવેદનીય હોય. (૩૯) પાંચ જ્ઞાનાવરણીય, થિણદ્ધિ ત્રિક વિના છ દર્શનાવરણીય, વેદનીય બે, મોહનીય, અનંતાનુબંધી ચોકડી, અપ્રત્યાખ્યાનની ચોકડી, નપુંસક વેદ, સ્ત્રીવેદ, મિથ્યાત્વ મોહનીય, આ અગ્યાર વિના ૧૫ લાભે. આયુષ્યમાં દેવાયુષ્ય, ગોત્રમાં ઉચ્ચ ગોત્ર, અંતરાય પાંચ. કુલ ૩૧ લાભે (૪૦-૪૨) પૂરેપૂરા (૪૩) મતિજ્ઞાન પ્રમાણે (૪૪) શાતાવેદનીય હોય. (૪૫-૪૭) પૂરેપૂરા (૪૮-૪૯) તેજોલેશ્યાવાળો નરકના આયુષ્યનો બંધ ન કરે (૫૦) નરક તથા તિર્યંચના આયુષ્યનો બંધ ન હોય. (૫૧-૫૨) પૂરેપૂરા. (૫૩) ત્રણ દર્શનાવરણ ન હોય, મોહનીયમાં અનંતાનુબંધી ચોકડી, સ્ત્રીવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વ ન હોય. તથા નીચ ગોત્ર ન હોય. આયુષ્યમાંથી એક પણ ન હોય. (૫૪-૫૫) મતિજ્ઞાન પ્રમાણે (૫૬) ઉપશમ સમકિત પ્રમાણે. (૫૭) મોહનીયમાં નપુંસકવેદ, તથા મિથ્યાત્વ ન હોય, આયુમાં નરકના આયુષ્યનો બંધ ન હોય (૫૮-૬૧) પૂરેપૂરા (૬૨) એકે આયુષ્યનો બંધ ન હોય.


## વિહારવર્ણન

શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજીએ અત્યંત પરિશ્રમપૂર્વક તૈયાર કરેલ ગૂજરાત, કાઠિઆવાડ, મારવાડ, મેવાડ, ઉત્તર હિંદુસ્થાન, મગધ, બંગાળ, ખાનદેશ, વરાડ અને સાઉથ ઈંડિયામાં મુનિરાજોને વિહાર કરવાના રસ્તાઓ, ગામો, મંદિરો અને શ્રાવકોની વસ્તી વગેરે તમામ બાબતોની માહિતીથી ભરપૂર આ પુસ્તક દરેક મુનિરાજે અને ગૃહસ્થોએ, તેમજ જ્ઞાનભંડાર લાઇબ્રેરીમાં ખાસ સંગ્રહ કરવા લાયક છે.

કિંમત. ૦-૧૨-૦

યશોવિજય જૈન ગ્રંથમાળા હેરિસ રોડ—ભાવનગર

# ૬૮. બંધમાં નામકર્મની ઉત્તર પ્રકૃતિ દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | સાત કર્મની ઉત્તર પ્રકૃતિઓ ૫૫ માંહેથી | નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૬૭ | કુલ | નંબર. | દ્વારનું નામ. | સાત કર્મની ઉત્તર પ્રકૃતિઓ ૫૫ માંહેથી | નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૬૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫૧ | ૫૩ | ૧૦૪ | ૧૮ | કાયયોગ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૨ | મનુષ્યગતિ | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૧૯ | પુરુષવેદ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૩ | તિર્યંચગતિ | ૫૩ | ૬૪ | ૧૧૭ | ૨૦ | સ્ત્રીવેદ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૪ | નરકગતિ | ૫૧ | ૫૦ | ૧૦૧ | ૨૧ | નપુંસકવેદ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૫ | એકેન્દ્રિય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૨ | ક્રોધ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૬ | બેન્દ્રિય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૩ | માન | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૭ | તેન્દ્રિય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૪ | માયા | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૫ | લોભ | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૯ | પંચેન્દ્રિય | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૨૬ | મતિજ્ઞાન | ૪૦ | ૩૯ | ૭૯ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૪૦ | ૩૯ | ૭૯ |
| ૧૧ | અપ્કાય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૨૮ | અવધિજ્ઞાન | ૪૦ | ૩૯ | ૭૯ |
| ૧૨ | તેઉકાય | ૪૯ | ૫૬ | ૧૦૫ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૩૧ | ૩૪ | ૬૫ |
| ૧૩ | વાઉકાય | ૪૯ | ૫૬ | ૧૦૫ | ૩૦ | કેવળજ્ઞાન | ૧ | ૦ | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૧૫ | ત્રસકાય | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૧૬ | મનયોગ | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૧૭ | વચનયોગ | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૩૪ | સામાયિક | ૩૧ | ૩૪ | ૬૫ |

| નંબર. | દ્વારનું નામ. | સાતે કર્મની ઉત્તર પ્રકૃતિ ૬૫ માંહેથી | નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૯૩ | કુલ | નંબર. | દ્વારનું નામ. | સાતે કર્મની ઉત્તર પ્રકૃતિ ૬૫ માંહેથી | નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૯૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૩૧ | ૩૪ | ૬૫ | ૪૯ | પદ્મલેશ્યા | ૫૨ | ૫૬ | ૧૦૮ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૩૧ | ૩૪ | ૬૫ | ૫૦ | શુક્લલેશ્યા | ૫૧ | ૫૩ | ૧૦૪ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧૬ | ૧ | ૧૭ | ૫૧ | ભવી | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૩૮ | યથાખ્યાત | ૧ | ૦ | ૧ | ૫૨ | અભવી | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૩૯ | દેશવિરતિ | ૩૫ | ૩૨ | ૬૭ | ૫૩ | ઉપશમસમકિત | ૩૮ | ૩૯ | ૭૭ |
| ૪૦ | અવિરતિ | ૫૩ | ૬૫ | ૧૧૮ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૪૦ | ૩૯ | ૭૯ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૫૫ | ક્ષાયકસમકિત | ૪૦ | ૩૯ | ૭૯ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૫૩ | ૬૭ | ૧૨૦ | ૫૬ | મિશ્રસમકિત | ૩૮ | ૩૬ | ૭૪ |
| ૪૩ | અવધિદર્શન | ૪૦ | ૩૯ | ૭૯ | ૫૭ | સાસ્વાદન | ૫૦ | ૫૧ | ૧૦૧ |
| ૪૪ | કેવળદર્શન | ૧ | ૦ | ૧ | ૫૮ | મિથ્યાત્વ | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫૩ | ૬૫ | ૧૧૮ | ૫૯ | સંજ્ઞી | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૪૬ | નીલલેશ્યા | ૫૩ | ૬૫ | ૧૧૮ | ૬૦ | અસંજ્ઞી | ૫૩ | ૬૪ | ૧૧૭ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫૩ | ૬૫ | ૧૧૮ | ૬૧ | આહારી | ૫૩ | ૬૭ | ૧૨૦ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫૨ | ૫૯ | ૧૧૧ | ૬૨ | અણાહારી | ૪૯ | ૬૩ | ૧૧૨ |

## પરિચય

સાતે કર્મની ૫૩ પ્રકૃતિબંધના નામ-જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ૯, વેદનીય બે, મોહનીય ૨૬, આયુષ્ય ૪, ગોત્ર બે, અંતરાય ૫. નામકર્મની બંધમાં ૬૭ પ્રકૃતિના નામ-ગતિ ચાર, જાતિ પાંચ, શરીર પાંચ, અંગોપાંગ ૩, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણચતુષ્ક, અનુપૂર્વી ૪, વિહાયોગતિ ૨, ઉદ્યોત, આતપ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, અગુરૂલઘુ, જિનનામ, ત્રસદશક, સ્થાવરદશક, કુલ ૬૭.

卐

## વિવેચન

(૧) નામકર્મની-દેવગતિ, નરકગતિ, બન્નેની અનુપૂર્વી, વૈક્રિય શરીર ને અંગોપાંગ, આહારક-દ્વિક, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મ સાધારણ ને અપર્યાપ્ત આ ચૌદ ન હોય. સાત કર્મ ની ૫૩ માંથી ૫૧ નરક, દેવાયુષ્ય વિના. (૨) પૂરેપૂરી. (૩) આહારકદ્વિક, તીર્થંકરનામકર્મ-આ ત્રણ પ્રકૃતિનો બંધ ન હોય. (૪) નામકર્મની-દેવગતિમાં દર્શાવેલા ચૌદ ઉપરાંત એકેન્દ્રિય, સ્થાવર તથા આતપ આ સત્તર પ્રકૃતિમાં બંધ ન હોય. શેષ ૫૦ નો હોય. સાત કર્મની-૫૩ માંથી નરક દેવાયુષ્ય વિના ૫૧. (૫-૮) નામકર્મની-દેવગતિ ને દેવાનુપૂર્વી, નરકગતિ ને નરકાનુપૂર્વી, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તીર્થંકર-નામકર્મ-આ નવ પ્રકૃતિ ન હોય. સાત કર્મની-૫૩ માંથી નરક દેવાયુષ્ય વિના ૫૧. (૯) પૂરેપૂરી. (૧૦-૧૧) એકેન્દ્રિય પ્રમાણે. (૧૨-૧૩) નામકર્મની-દેવગતિ, નરકગતિ અને મનુષ્યગતિ તથા તેની અનુપૂર્વીઓ. વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તીર્થંકરનામકર્મનો બંધ ન હોય. સાત કર્મની નરકાયુષ્ય, દેવાયુ, મનુષ્યાયુ, ઉચ્ચ ગોત્ર આ ચાર વિના ૪૯ નો બંધ થાય. (૧૪-૧૯) પૂરેપૂરી. (૨૦) પૂરેપૂરી બાંધે પણ બનાવે નહિ. જુઓ કર્મગ્રન્થ ગાથા ૧૭. (૨૧-૨૫) પૂરેપૂરી. (૨૬-૨૮) નામકર્મની-દેવગતિ, દેવાનુપૂર્વી, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, પાંચ શરીર, ત્રણ અંગોપાંગ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, શુભ વિહાયોગતિ, વર્ણચતુષ્ક, ત્રસદશક અને સ્થાવરમાંથી અસ્થિર અશુભ, અયશ, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ અને જિનનામ તથા નિર્માણનામ-આ પ્રમાણે ૩૯ પ્રકૃતિનો બંધ થાય. સાત કર્મની થિણદ્ધિત્રિક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી ચોકડી, નરક તથા તિર્યંચાયુષ્ય, નીચગોત્ર-આ તેર વિના ૪૦ લાભે. (૨૯) નામકર્મની-દેવગતિ ને દેવાનુપૂર્વી, ઔદારિક વિના ચાર શરીર, ઔદારિક વિના બે ઉપાંગ, પ્રથમ સંસ્થાન, વર્ણ-ચતુષ્ક, શુભ વિહાયોગતિ, ત્રસદશક, સ્થાવરમાંથી અસ્થિર, અશુભ, અયશ, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, પંચેન્દ્રિય જાતિ અને જિનનામ કર્મનો બંધ હોય. સાત કર્મની—થીણદ્ધિત્રિક, સંજ્વલન વિના ૧૨ કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ, મિથ્યાત્વમોહનીય, નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય,

નીચ ગોત્ર, આ બાર વિના ૩૧ લાભે. (૩૦) નામકર્મની-એક પણ પ્રકૃતિનો બંધ ન હોય. સાત કર્મની એક શાતાવેદનીય લાભે. (૩૧-૩૩) આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મનો બંધ ન હોય. (૩૪-૩૬) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે (૩૭) નામકર્મની-યશનામકર્મનો બંધ હોય. સાત કર્મની-જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ૪, અંતરાય પાંચ, ઉચ્ચ ગોત્ર, શાતાવેદનીય. (૩૮) નામકર્મની-એક પણ પ્રકારનો બંધ ન હોય. સાત કર્મની-શાતાવેદનીય. (૩૯) નામકર્મની-દેવદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક તથા આહારક વિના ત્રણ શરીર, વૈક્રિય ઉપાંગ, પ્રથમ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભ વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ અને નિર્માણ, અગુરુલઘુ, તીર્થંકર નામકર્મ, અસ્થિર, અશુભ, અયશ, ત્રસદશક. સાત કર્મની-જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય, થીણદ્ધિત્રિક વિના છ, વેદનીય ૨, પ્રત્યાખ્યાની ચોકડી, સંજ્વલનની ચોકડી, હાસ્યષટ્ક, પુરુષવેદ, દેવાયુષ્ય, ઉચ્ચ ગોત્ર, પાંચ અંતરાય. (૪૦) આહારકદ્વિકનો બંધ ન હોય. (૪૧-૪૨) પૂરેપૂરી. (૪૩) મતિજ્ઞાન પ્રમાણે. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫-૪૭) આહારકદ્વિક ન હોય. (૪૮) નામકર્મની-નરકદ્વિક, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, આ આઠ વિના ૫૯ લાભે. સાત કર્મની-નરકાયુષ્ય વિના ૫૨ લાભે. (૪૯) નામકર્મની-નરકદ્વિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, આતપ-૧૧ વિના ૫૬ લાભે. સાત કર્મની-નરકાયુષ્ય વિના ૫૨ લાભે. (૫૦) નામકર્મની-નરકદ્વિક, તિર્યંચદ્વિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, ઉદ્યોત, એકેન્દ્રિય, સ્થાવર, આતપ-આ ચૌદ વિના ૫૩ લાભે. સાત કર્મની-નરક તથા તિર્યંચાયુષ્ય વિના. (૫૧) નામ કર્મની-મતિજ્ઞાન પ્રમાણે. સાત કર્મની-મતિજ્ઞાનમાં ૪૦ ગણાવેલ છે તેમાંથી દેવાયુષ્ય ને મનુષ્યાયુષ્ય વિના ૩૮ લાભે, કેમકે ઉપશમ સમકિતે વર્તતો આત્મા આયુષ્ય ન બાંધે માટે, જુઓ કર્મગ્રન્થ ત્રીજો, ગાથા ૨૧. (૫૨-૫૩) મતિજ્ઞાન પ્રમાણે. (૫૪) નામકર્મની-મતિજ્ઞાનમાં ગણાવેલ ૩૯ માંથી આહારકદ્વિક, જિનનામ સિવાય ૩૬ લાભે. સાત કર્મની-મતિજ્ઞાનમાં ગણાવેલ ૪૦ માંથી મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય વિના ૩૮ લાભે કેમકે મિશ્ર ગુણસ્થાને આયુષ્ય બંધાય નહિ. (૫૫) નામકર્મની-નરકદ્વિક, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, છેલ્લું સંઘયણ તથા છેલ્લું સંસ્થાન, આતપ નામ, સ્થાવરચતુષ્ક, જિનનામ, આહારકદ્વિક-આ ૧૬ વિના ૫૧ લાભે. સાત કર્મની-નરકાયુષ્ય, નપુંસકવેદ, મિથ્યાત્વ મોહનીય, ત્રણ વિના ૫૦ લાભે. (૫૬) આહારકદ્વિક તથા તીર્થંકર નામકર્મ ન હોય. (૫૭) પૂરેપૂરી. (૫૮) આહારકદ્વિક તથા તીર્થંકરનામકર્મ ન હોય. (૫૯) પૂરેપૂરી (૬૦) જિનનામકર્મ તથા આહારકદ્વિક ન હોય. (૬૧) પૂરેપૂરા હોય. (૬૨) નામકર્મની-નરકગતિ, નરકાનુપૂર્વી તથા આહારદ્વિક ન હોય. સાત કર્મની ચાર આયુષ્ય વિના ૪૯ લાભે; કારણ કે વક્રગતિએ આયુષ્ય બંધાય નહિ.


## સંસ્કૃત-પ્રાચીન-સ્તવન-સંદોહ.

સંસ્કૃતભાષામાં સ્તોત્રો અને સ્તવનો ઘણાય છે, પરંતુ તે ઘણા મોટાં હોવાને લીધે જનોપયોગી નથી બનતાં પણ આ ખામીને પૂરી કરનારો, સંસ્કૃતનાં નાનાં પણ સુંદર ભાવપૂર્ણ અનુષ્ટપ્ બદ્ધ શ્લોકોમાં રચાયેલાં ૩૭ પ્રાચીન સ્તવનોનો સંગ્રહ મુનિ મહારાજ શ્રી વિશાળવિજયજીએ સુંદર રીતે સંપાદિત કર્યો છે. આકર્ષક ગેટ-અપ સાથે તે બહાર પડી ગયો છે. કિંમત ૦-૩-૦

## ૬૯. બંધ હેતુના ઉત્તરભેદ સત્તાવન

| નંબર. | દ્વારનું નામ. | મિથ્યાત્વ ૫ | અવિરતિ ૧૨ | કષાય ૨૫ | યોગ ૧૫ | કુલ ૫૭ | નંબર | દ્વારનું નામ | મિથ્યાત્વ ૫ | અવિરતિ ૧૨ | કષાય ૨૫ | યોગ ૧૫ | કુલ ૫૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૧૨ | ૨૪ | ૧૧ | ૫૨ | ૧૮ | કાયયોગ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૧૯ | પુરુષવેદ | ૫ | ૧૨ | ૨૩ | ૧૫ | ૫૫ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૧૨ | ૨૩ | ૩ | ૫૩ |
| ૪ | નરકગતિ | ૫ | ૧૨ | ૨૩ | ૧૧ | ૫૧ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૧૨ | ૨૩ | ૧૫ | ૫૫ |
| ૫ | એકેન્દ્રિય | ૧ | ૭ | ૨૩ | ૫ | ૩૬ | ૨૨ | ક્રોધ | ૫ | ૧૨ | ૧૩ | ૧૫ | ૪૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૧ | ૮ | ૨૩ | ૪ | ૩૬ | ૨૩ | માન | ૫ | ૧૨ | ૧૩ | ૧૫ | ૪૫ |
| ૭ | તેઇન્દ્રિય | ૧ | ૯ | ૨૩ | ૪ | ૩૭ | ૨૪ | માયા | ૫ | ૧૨ | ૧૩ | ૧૫ | ૪૫ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧ | ૧૦ | ૨૩ | ૪ | ૩૮ | ૨૫ | લોભ | ૫ | ૧૨ | ૧૩ | ૧૫ | ૪૫ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૨૬ | મતિજ્ઞાન | ૦ | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૦ | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ |
| ૧૧ | અપ્કાય | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | ૨૮ | અવધિજ્ઞાન | ૦ | ૧૨ | ૨૧ | ૧૧ | ૪૮ |
| ૧૨ | તેઉકાય | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૨૬ |
| ૧૩ | વાઉકાય | ૧ | ૭ | ૨૩ | ૫ | ૩૬ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૦ | ૦ | ૭ | ૭ |
| ૧૪ | વનસ્પતિકાય | ૧ | ૭ | ૨૩ | ૩ | ૩૪ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ |
| ૧૬ | મનયોગ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૩૪ | સામાયિક | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૨૬ |

| નંબર. | દ્વારનું નામ. | મિથ્યાત્વ ૫ | અવિરતિ ૧૨ | કષાય ૨૫ | યોગ ૧૫ | કુલ ૫૭ | નંબર. | દ્વારનું નામ. | મિથ્યાત્વ ૫ | અવિરતિ ૧૨ | કષાય ૨૫ | યોગ ૧૫ | કુલ ૫૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૨૬ | ૪૯ | પદ્મલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૦ | ૧૨ | ૯ | ૨૧ | ૫૦ | શુકૂલલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ | ૦ | ૧ | ૯ | ૧૦ | ૫૧ | ભવી | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૩૮ | યથાખ્યાત | ૦ | ૦ | ૦ | ૧૧ | ૧૧ | ૫૨ | અભવી | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ |
| ૩૯ | દેશવિરતિ | ૦ | ૧૧ | ૧૭ | ૧૧ | ૩૯ | ૫૩ | ઉપશમસમક્તિ | ૦ | ૧૨ | ૨૧ | ૧૩/૧૦ | ૪૩ |
| ૪૦ | અવિરતિ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૦ | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | ૫૫ | ક્ષાયકસમક્તિ | ૦ | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૫૬ | મિશ્રસમક્તિ | ૦ | ૧૨ | ૨૧ | ૧૦ | ૪૩ |
| ૪૩ | અવધિદર્શન | ૦ | ૧૨ | ૨૧ | ૧૫ | ૪૮ | ૫૭ | સાસ્વાદન | ૦ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૦ |
| ૪૪ | કેવળદર્શન | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | ૫૮ | મિથ્યાત્વ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૫૯ | સંજ્ઞી | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૬૦ | અસંજ્ઞી | ૧ | ૧૧ | ૨૩ | ૬ | ૪૧ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૬૧ | આહારી | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ | ૬૨ | અણાહારી | ૧ | ૬ | ૨૫ | ૧ | ૩૩ |

## પરિચય.

મિથ્યાત્વ પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે--અભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક, અનાભોગિક.

બાર પ્રકારે અવિરતિ આ પ્રમાણે--પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં ન રાખવી, મનને કાબૂમાં ન રાખવું, અને છકાયનો વધ.

પચ્ચીશ પ્રકારના કષાયો--૧૬ કષાય, ૯ નોકષાય.

પંદર યોગ તે આ પ્રમાણે-સત્ય મનોયોગ, અસત્ય મનોયોગ, સત્યાસત્ય મનોયોગ, અસત્યામૃષા મનોયોગ; એ પ્રમાણે વચનયોગ પણ ચાર પ્રકારે જાણવો. ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ આ સાત પ્રકારે કાયયોગ. એમ યોગ ૧૫ ભેદે જાણવા. એ પ્રમાણે કર્મ બાંધવાના મુખ્ય હેતુ ચાર, ઉત્તર હેતુ ૫૭ જાણવા.

卐

## વિવેચન

(૧) મિથ્યાત્વ પાંચે હોય, અવિરતિ બારે હોય, નપુંસકવેદ સિવાય કષાય ચોવીશ હોય, ઔદારિકદ્વિક અને આહારકદ્વિક એ ચાર સિવાય ૧૧ યોગ. (૨) પૂરેપૂરા. (૩) મિથ્યાત્વ તથા અવિરતિ પૂરા. કષાય પૂરા. આહારકદ્વિક વિના તેર યોગ હોય. (૪) મિથ્યાત્વ તથા અવિરતિ પૂરા. સ્ત્રીવેદ અને પુરુષવેદ વિના ૨૩ કષાય હોય, આહારકદ્વિક અને ઔદારિકદ્વિક વિના અગ્યાર યોગ. (૫) અનાભોગિક મિથ્યાત્વ, સ્પર્શેન્દ્રિય તથા છકાય મળી કુલ ૭ અવિરતિ, પુરુષવેદ અને સ્ત્રીવેદ સિવાય ૨૩ કષાયો, અને ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક અને કાર્મણ કાયયોગ એ પાંચયોગ. (૬) અનાભોગિક મિથ્યાત્વ, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય તથા ૭ કાય મળી કુલ આઠ અવિરતિ, પુરુષવેદ અને સ્ત્રીવેદ સિવાયના ૨૩ કષાયો, અને ઔદારિકદ્વિક, કાર્મણ કાયયોગ અને અસત્યામૃષા વચનયોગ. (૭) બેઇન્દ્રિય પ્રમાણે; ફક્ત અવિરતિમાં ઘ્રાણેન્દ્રિય વધતા ૯. (૮) બેઇન્દ્રિય પ્રમાણે; ફક્ત અવિરતિમાં ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય, વધતાં દસ. (૯) પૂરેપૂરા. (૧૦-૧૨) અનાભોગિક મિથ્યાત્વ, સ્પર્શેન્દ્રિય તથા છકાય મળી સાત અવિરતિ, પુરુષવેદ તથા સ્ત્રીવેદ સિવાય ત્રેવીશ કષાયો, ઔદારિકદ્વિક, કાર્મણ કાયયોગ એ ત્રણ યોગ. (૧૩) એકેન્દ્રિય પ્રમાણે. (૧૪) પૃથ્વીકાય પ્રમાણે. (૧૫) પૂરેપૂરા. (૧૬-૧૭) યોગમાં ઔદારિક મિશ્ર, તથા કાર્મણ કાયયોગ ન હોય, કેમકે આ બે યોગ મનઃપર્યવજ્ઞાન પૂર્ણ થયા પહેલા હોય માટે મનોયોગમાં આ બે યોગ ન હોય; શેષ તેર હોય. બાકીના મિથ્યાત્વ, કષાય અને અવિરતિ પૂરેપૂરા. (૧૮) પૂરેપૂરા. (૧૯) કષાયમાં સ્ત્રીવેદ તથા નપુંસકવેદ ન હોય બાકીના પૂરેપૂરા હોય.

( ૨૦ ) કષાયમાં પુરુષવેદ તથા નપુંસકવેદ ન હોય. યોગમાં આહારકદ્વિક ન હોય. ( ૨૧ ) કષાયમાં પુરુષવેદ તથા સ્ત્રીવેદ ન હોય. (૨૨) કષાયમાં ચારે પ્રકારના ક્રોધ તથા નવ નોકષાય મળી કુલ તેર કષાય હોય (૨૩) કષાયમાં ચારે પ્રકારના માન તથા નવ નોકષાય મળી કુલ તેર કષાય. (૨૪) કષાયમાં ચારે પ્રકારની માયા તથા નવ નોકષાય મળી કુલ તેર કષાય. (૨૫) કષાયમાં ચારે પ્રકારના લોભ તથા નવ નોકષાય મળી કુલ તેર કષાય. (૨૬-૨૮) મિથ્યાત્વ ન જ હોય. અનંતાનુબંધીની ચોકડી સિવાય શેષ એકવીશ કષાય. (૨૯) મિથ્યાત્વ તથા અવિરતિ ન જ હોય. કષાયમાં સંજ્વલન ચારે કષાય અને નવ નોકષાય મળી તેર હોય. યોગમાં ઔદારિકમિશ્ર તથા કાર્મણ કાયયોગ ન હોય. (૩૦) મનના બે-પહેલો તથા ચોથો, વચનનો પણ પહેલો તથા ચોથો. ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ, તેમાંથી ઔદારિકમિશ્ર કેવળી સમુદ્ઘાતના બીજે, છઠ્ઠે તથા સાતમા સમયે હોય, કાર્મણ કાયયોગ ત્રીજે, ચોથે અને પાંચમે સમયે હોય. એમ કુલ મળીને કેવળી ભગવંતને સાત યોગ હોય. (૩૧-૩૩) આહારકદ્વિક વિના ૫૫. (૩૪-૩૫) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે. (૩૬) સંજ્વલન ચાર કષાય તથા સ્ત્રીવેદ સિવાય શેષ આઠ નોકષાય મળી કુલ બાર કષાય, તથા ચાર મનના, ચાર વચનના અને એક ઔદારિક કાયયોગ મળી નવ યોગ હોય. મિથ્યાત્વ અને અવિરતિ હોય જ નહિ. (૩૭) સંજ્વલનનો ફક્ત એક લોભ જ હોય. યોગ ઉપર પ્રમાણે. (૩૮) આહારકદ્વિક અને વૈક્રિયદ્વિક સિવાય અગીઆર યોગો હોય. (૩૯) ત્રસકાય વિના અગ્યાર અવિરતિ, અનંતાનુબંધી ચોકડી તથા પ્રત્યાખ્યાન ચોકડી એ આઠ કષાય સિવાય શેષ સત્તર કષાય હોય. ઔદારિકમિશ્ર, આહારકદ્વિક અને કાર્મણ કાયયોગ સિવાય શેષ અગ્યાર યોગો હોય છે. (૪૦) આહારકદ્વિક ન હોય; શેષ તેર યોગ હોય. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય પૂરેપૂરા હોય. (૪૧) ઔદારિકમિશ્ર તથા કાર્મણ કાયયોગ ન હોય. શેષ તેર યોગ હોય. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય પૂરેપૂરા. (૪૨) પૂરેપૂરા. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫-૫૧) પૂરેપૂરા. (૫૨) આહારકદ્વિક સિવાય તેર યોગ હોય. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય પૂરેપૂરા હોય. (૫૩) મિથ્યાત્વ ન હોય. અવિરતિ પૂરેપૂરા હોય. કષાયમાં અનંતાનુબંધીની ચોકડી ન હોય. યોગમાં આહારકદ્વિક ન હોય. મતાન્તરે ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, અને કાર્મણકાયયોગ આ ત્રણ યોગ ઘટે નહિ કેમકે ઉપશમસમકિતી જીવ મરણ પામે નહિ માટે મતાંતરે ઉપશમસમકિતી જીવ કાળ કરે અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય ત્યાં અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ કાયયોગ, વૈક્રિયમિશ્ર કાયયોગ, એમ બાર પણ ઘટે. પરંતુ ઔદારિકમિશ્ર માટે વિચારવા યોગ્ય છે. (૫૪-૫૫) મિથ્યાત્વ ન હોય, અવિરતિ પૂરેપૂરા. અવિરતિ પૂરેપૂરા હોય. કષાયમાં અનંતાનુબંધીની ચોકડી ન હોય. યોગ પૂરેપૂરા. (૫૬) મિથ્યાત્વ ન હોય, અવિરતિ પૂરેપૂરા હોય. કષાયમાં અનંતાનુબંધીની ચોકડી ન હોય. યોગમાં ચાર મનના, ચાર વચનના, ઔદારિક કાયયોગ અને વૈક્રિય કાયયોગ મળી દશ યોગ હોય. (૫૭) મિથ્યાત્વ ન હોય. અવિરતિ પૂરેપૂરા હોય. કષાય પૂરા હોય. આહારકદ્વિક વિના તેર યોગ હોય. (૫૮) આહારકદ્વિક ન હોય, શેષ બધું હોય. (૫૯) પૂરેપૂરા. (૬૦) અનાભોગિક મિથ્યાત્વ, મન સિવાય શેષ અગ્યારની અવિરતિ, પુરુષવેદ તથા સ્ત્રીવેદ સિવાય શેષ ત્રેવીશ કષાય, તેમજ ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, કાર્મણ કાયયોગ તથા અસત્યામૃષા મળી કુલ ૭ યોગ. (૬૧) પૂરેપૂરા. (૬૨) કષાય પૂરેપૂરા. તથા યોગમાં એક કાર્મણ કાયયોગ હોય. મતાંતરે ફક્ત એક અનાભોગિક મિથ્યાત્વ અને છકાયની અવિરતિ, એમ તેત્રીશ. જો કે કેટલાકો પાંચ મિથ્યાત્વ, પાંચ ઇન્દ્રિયોનું છૂટાપણું તેમજ મનનું છૂટાપણું, એમ પણ માને છે પરંતુ વિચાર કરતાં ૩૩ બેસે છે. તત્ત્વ કેવળી ભગવન્ત જાણે.

## ૭૦. આઠે કર્મની ઉદય માર્ગણા દ્વાર

| નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય ૫ | દર્શનાવરણીય ૯ | વેદનીય ૨ | મોહનીય ૨૮ | આયુષ ૪ | નામકર્મ ૬૭ | ગોત્રકર્મ ૨ | અંતરાય ૫ | કુલ ૧૨૨ | નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય ૫ | દર્શનાવરણીય ૯ | વેદનીય ૨ | મોહનીય ૨૮ | આયુષ ૪ | નામકર્મ ૬૭ | ગોત્રકર્મ ૨ | અંતરાય ૫ | કુલ ૧૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૫ | ૯ | ૨ | ૨૭ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૮૩ | ૧૮ | કાયયોગ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૨ | મનુષ્યગતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૫૦ | ૨ | ૫ | ૧૦૨ | ૧૯ | પુરુષવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૫૬ | ૨ | ૫ | ૧૦૮ |
| ૩ | તિર્યંચગતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૧ | ૫૬ | ૧ | ૫ | ૧૦૭ | ૨૦ | સ્ત્રીવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૫૪ | ૨ | ૫ | ૧૦૬ |
| ૪ | નરકગતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૩૦ | ૧ | ૫ | ૭૯ | ૨૧ | નપુંસકવેદ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૩ | ૬૪ | ૨ | ૫ | ૧૧૬ |
| ૫ | એકેન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૩ | ૧ | ૫ | ૮૦ | ૨૨ | ક્રોધ | ૫ | ૯ | ૨ | ૧૬ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૬ | બેઇન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૫ | ૧ | ૫ | ૮૨ | ૨૩ | માન | ૫ | ૯ | ૨ | ૧૬ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૭ | તેઇન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૫ | ૧ | ૫ | ૮૨ | ૨૪ | માયા | ૫ | ૯ | ૨ | ૧૬ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૫ | ૧ | ૫ | ૮૨ | ૨૫ | લોભ | ૫ | ૯ | ૨ | ૧૬ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૯ | પંચેન્દ્રિય | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧૪ | ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૭ | ૨ | ૫ | ૧૦૬ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭૯ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૭ | ૨ | ૫ | ૧૦૬ |
| ૧૧ | અપ્કાય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭૮ | ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૭/૫૬ | ૨ | ૫ | ૧૦૬/૧૦૫ |
| ૧૨ | તેઉકાય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૨૯ | ૧ | ૫ | ૭૬ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૮૧ |
| ૧૩ | વાઉકાય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૨૯ | ૧ | ૫ | ૭૬ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૪ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | ૪૨ |
| ૧૪ | વનસ્પતિકાય | ૫ | ૯ | ૨ | ૨૪ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭૯ | ૩૧ | મતિઅજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૧૫ | ત્રસકાય | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૨ | ૨ | ૫ | ૧૧૭ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૯ |
| ૧૬ | મનયોગ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૫૪ | ૨ | ૫ | ૧૦૯ | ૩૩ | વિભંગજ્ઞાન | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૫૬ | ૨ | ૫ | ૧૦૯ |
| ૧૭ | વચનયોગ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૫૭ | ૨ | ૫ | ૧૧૨ | ૩૪ | સામાયિક | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૮૧ |

| નંબર. | દ્વારનું નામ. | જ્ઞાનાવરણીય ૫ | દર્શનાવરણીય ૯ | વેદનીય ૨ | મોહનીય ૨૮ | આયુષ્ય ૪ | નામકર્મ ૬૭ | ગોત્રકર્મ ૨ | અંતરાય ૫ | કુલ ૧૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૮૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૫ | ૯ | ૨ | ૧૩ | ૧ | ૪૨/૩૭ | ૧ | ૫ | ૭૮/૭૩ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૦ |
| ૩૮ | યથાખ્યાત | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૪૦ | ૧ | ૫ | ૬૦ |
| ૩૯ | દેશવિરતિ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૮૭ |
| ૪૦ | અવિરતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૯ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૫૪ | ૨ | ૫ | ૧૦૯ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૨૧ |
| ૪૩ | અવધિદર્શન | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૭/૫૬ | ૨ | ૫ | ૧૦૬/૧૦૫ |
| ૪૪ | કેવળદર્શન | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | ૪૨ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૨૧/૧૧૯ |
| ૪૬ | નીલલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૨૧/૧૧૯ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૬ | ૨ | ૫ | ૧૨૧/૧૧૯ |
| ૪૮ | તેજોલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૩ | ૫૭ | ૨ | ૫ | ૧૧૧ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૩ | ૫૫ | ૨ | ૫ | ૧૦૯ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૩ | ૫૬ | ૨ | ૫ | ૧૧૦ |
| ૧૧ | ભવી | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૫૨ | અભવી | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૫૩ | ઉપશમસમક્તિ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૯૯ |
| ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૫ | ૯ | ૨ | ૨[illegible] | ૪ | ૫૭ | ૨ | ૫ | ૧૦૬ |
| ૫૫ | ક્ષાયકસમક્તિ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૪ | ૫૩ | ૨ | ૫ | ૧૦૧ |
| ૫૬ | મિશ્રસમકિત | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૧૦૦ |
| ૫૭ | સારવાદન | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૫૯ | સંજ્ઞી | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૫૯/૫૮ | ૨ | ૫ | ૧૧૪/૧૧૩ |
| ૬૦ | અસંજ્ઞી | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૫ | ૧ | ૫ | ૯૩ |
| ૬૧ | આહારી | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૩ | ૨ | ૫ | ૧૧૮ |
| ૬૨ | અણાહારી | ૫ | ૪ | ૨ | ૨૭ | ૪ | ૩૮ | ૨ | ૫ | ૮૭ |

## પરિચય

ઉદીરણા–ઉદય અને ઉદીરણા લગભગ સાથે જ હોય. કહ્યું છે કે-જ્યાં ઉદય હોય ત્યાં ઉદીરણા હોય જ. ઉદય માર્ગણા દ્વારની માફક ઉદીરણા માર્ગણા જાણવી, પરંતુ તેમાં વિશેષ એ કે:-

(૧૩) વાયુકાય-ઉદયમાં છોંતેર છે તેમાં એક વૈક્રિયની ઉદીરણા વધારતાં સત્યોતેર થાય.

(૧૫) ત્રસકાય-ઉત્તર પ્રકૃતિને અંગે અનેક જીવ આશ્રયી ગણતાં ઉદયની માફક ૧૧૭.

(૩૦) કેવળજ્ઞાનઃ-તેરમે ગુણસ્થાનકે બે વેદનીય અને એક મનુષ્ય આયુષ્યની ઉદીરણા એટલે ઉદયમાંથી એ ત્રણ બાદ કરતાં ઓગણચાલીશની ઉદીરણા હોય.

(૩૭-૩૮) સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત-બે વેદનીય અને મનુષ્ય આયુષ્યની ઉદીરણા ન હોવાથી ઉદયની સાઠમાંથી ત્રણ બાદ કરતાં સત્તાવનની ઉદીરણા હોય. આ ૫૭ ની ઉદીરણા સૂક્ષ્મસંપરાયે સમજવી. યથાખ્યાતની માર્ગણામાં પણ ૫૭ લાભે.

卐

## વિવેચન

(૧) નરકત્રિક, તિર્યંચત્રિક, મનુષ્યત્રિક, પંચેન્દ્રિય સિવાય ચાર જાતિ, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, છ સંઘયણ, પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, આતપ, ઉદ્યોત, જિનનામ, સ્થાવરચતુષ્ક (સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ), દુઃસ્વર, નપુંસકવેદ, નીચગોત્ર એ ઓગણચાલીશ બાદ કરતાં શેષ ૮૩ હોય. ઉત્તર વૈક્રિય શરીર આશ્રયી ઉદ્યોતનો ઉદય ગણીએ તો ૮૪ પણ લાભે. અને દેવ ગતિમાંથી થીણદ્ધિત્રિકનો ઉદય ન માનીએ તો ૮૧ પણ લાભે. (૨) વૈક્રિયાષ્ટક ૮, ૪ જાતિ, તિર્યંચત્રિક, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ ને આતપ-એ વીશ વિના શેષ ૧૦૨ હોય. યતિઓ ઉત્તરવૈક્રિય શરીર બનાવી શકે છે અને તેને ઉદ્યોતનો ઉદય પણ કહ્યો છે માટે વૈક્રિયદ્વિક અને ઉદ્યોત સહિત ૧૦૫ પ્રકૃતિ લાભે-**जई देवुत्तरविक्किय** આ વાક્યથી યતિને વૈક્રિયદ્વિક અને ઉદ્યોતનો ઉદય ગણ્યો છે. (૩) દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર તથા જિનનામ એ પંદર સિવાય શેષ ૧૦૭. તિર્યંચો ઉત્તરવૈક્રિય શરીર બનાવી શકે છે માટે વૈક્રિયદ્વિક ગણતા ૧૦૯ પણ લાભે. (૪) પાંચે જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, પાંચે અંતરાય, બંને વેદનીય, નરકાયુ, નીચગોત્ર, પુરુષવેદ તથા સ્ત્રીવેદ સિવાયની છવ્વીશ મોહનીય, અને તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, નરકદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, હુંડક સંસ્થાન, અશુભ વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, ત્રસચતુષ્ક, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ,-એ ૭૯ હોય. (૫) વૈક્રિયાષ્ટક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ તથા પુરુષવેદ, દ્વીન્દ્રિયાદિજાતિ ૪, આહારકદ્વિક, ઔદારિક અંગોપાંગ, ૬ સંઘયણ, ૫ સંસ્થાન, શુભ અને અશુભ વિહાયોગતિ, જિનનામ, ત્રસ, દુઃસ્વર, સુસ્વર, સમકિત મોહનીય, મિશ્ર, સુભગ ને આદેય આ બેંતાલીશ સિવાય ૮૦ હોય. વાઉકાય જીવો વૈક્રિય શરીર બનાવે છે તે આશ્રયી એકેન્દ્રિયનો ઉદય ગણતાં ૮૧ પણ લાભે. (૬) વૈક્રિયાષ્ટક, નરકત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ, પુરુષવેદ, બેઇન્દ્રિય સિવાય ચાર જાતિ, આહારકદ્વિક, છેલ્લા વિનાના પાંચ સંઘયણ, છેલ્લા વિનાના પાંચ સંસ્થાન, શુભ વિહાયોગતિ, જિનનામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, સુભગ, આદેય, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, એ ચાલીશ વિના બાશીનો ઉદય હોય. (૭) બેઇન્દ્રિય પ્રમાણે, પરંતુ બેઇન્દ્રિય જાતિને બદલે

તેઇન્દ્રિય જાતિ ગણવી. (૮) બેઇન્દ્રિય પ્રમાણે. પરંતુ બેઇન્દ્રિય જાતિને બદલે ચૌરેન્દ્રિય જાતિ ગણવી. (૯) ચાર જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ અને આતપ–એ આઠ સિવાય શેષ ૧૧૪ હોય કેમકે આ આઠ પ્રકૃતિનો ઉદય પંચેન્દ્રિયમાં ન હોય પરંતુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં અનુક્રમે હોય. (૧૦) એકેન્દ્રિયમાં ગણાવેલ ૮૦ પ્રકૃતિમાંથી સાધારણનો ઉદય પૃથ્વીકાયમાં ન હોવાથી ૭૯ લાભે. (૧૧) એકેન્દ્રિયમાં ગણાવેલ ૮૦ માંથી સાધારણ તથા આતપ વિના ૭૮ લાભે. (૧૨) એકેન્દ્રિયમાં ગણાવેલ ૮૦ માંથી ઉદ્યોત, આતપ, યશનામ અને સાધારણ આ ચાર વિના ૭૬ લાભે. (૧૩) તેઉકાય પ્રમાણે. વાઉકાયને વૈક્રિયનો ઉદય ગણેલો હોવાથી ૭૭ પણ લાભે. (૧૪) એકેન્દ્રિય પ્રમાણે, પરંતુ આતપ ન ગણતા ઓગણએંશી. (૧૫) સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ અને એકેન્દ્રિય એ પાંચ વિના શેષ ૧૧૭ લાભે કેમકે આ પાંચ પ્રકૃતિનો ઉદય એકેન્દ્રિયમાં હોય. (૧૬) સ્થાવરચતુષ્ક, જાતિ ૪, આતપ, અનુપૂર્વી ૪, એ તેર સિવાય શેષ એક સો નવ. (૧૭) સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિય, આતપ અને ચાર અનુપૂર્વી–એ દસ સિવાય શેષ એક સો બાર (૧૮) પૂરેપૂરા. (૧૯) નરકત્રિક, જાતિ ૪, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, જિનનામ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એ ચૌદ સિવાય શેષ* ૧૦૮. (૨૦) પુરુષવેદમાં જણાવ્યા ઉપરાંત આહારકદ્વિક ન હોય એટલે સોળ સિવાય શેષ ૧૦૬ (૨૧) દેવત્રિક, જિનનામ, સ્ત્રીવેદ, અને પુરુષવેદ એ છ સિવાય શેષ ૧૧૬ (૨૨) ચાર માન, ચાર માયા, ચાર લોભ અને જિનનામ–એ તેર સિવાય શેષ ૧૦૯ (૨૩) ચાર ક્રોધ, ચાર માયા, ચાર લોભ અને જિનનામ–એ તેર સિવાય શેષ ૧૦૯ (૨૪) ચાર ક્રોધ, ચાર માન, ચાર લોભ અને જિનનામ–એ તેર સિવાય શેષ ૧૦૯ (૨૫) ચાર ક્રોધ, ચાર માન, ચાર માયા અને જિનનામ એ તેર સિવાય શેષ ૧૦૯ (૨૬–૨૭) સ્થાવર ૪, જાતિ ૪, આતપ ૧, અનંતાનુબંધીચતુષ્ક, જિનનામ, મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય, એ સોળ સિવાય શેષ ૧૦૬ અને વિકલેન્દ્રિયને કરણઅપર્યાપ્ત અવસ્થામાં દંડકના અભિપ્રાયે પ્રથમના બે જ્ઞાન ગણીએ તો વિકલેન્દ્રિયત્રિક સહિત ૧૦૯ પ્રકૃતિ પણ લાભે (૨૮) તિર્યંચાનુપૂર્વી ન ગણીએ તો ૧૦૫ (૨૯) અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાનની ચોકડીઓ, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય, નરકાયુ, તિર્યંચાયુ ને દેવાયુ, નીચ ગોત્ર, દેવ ગતિ, નરક ગતિ, ચારે અનુપૂર્વી, પંચેન્દ્રિય સિવાય ચાર જાતિ, વૈક્રિયદ્વિક, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, જિનનામ, આતપ ને ઉદ્યોત એ એકતાળીશ સિવાય શેષ એકાશી હોય. યતિને ઉત્તરવૈક્રિય શરીર બનાવવાની લબ્ધિ હોય તો ઉદ્યોત અને વૈક્રિયદ્વિક સહિત ગણતા ૮૪ લાભે (૩૦) શાતા અને અશાતાવેદનીય, મનુષ્યાયુ, ઉચ્ચ ગોત્ર તથા મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદ્વિક, તૈજસ, કાર્મણ, પહેલું સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણ, શુભ ને અશુભ વિહાયોગતિ, ત્રસદશક અસ્થિર, અશુભ, દુઃસ્વર, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ ને જિનનામ કર્મ–એ ૪૨ પ્રકૃતિઓ હોય. (૩૧–૩૨) આહારકદ્વિક, જિનનામ, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય–એ પાંચ વિના શેષ એક સો ને સત્તર હોય. (૩૩) આહારકદ્વિક, જિનનામ, સમકિતમોહનીય, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક અને આતપ–એ તેર સિવાય શેષ ૧૦૯ હોય અને મનુષ્ય, તિર્યંચની અનુપૂર્વીના ઉદયે વિભંગજ્ઞાન ન માનીએ તો ૧૦૭ પ્રકૃતિ લાભે. આ પણ મતાન્તર જણાય છે. (૩૪–૩૫) મનઃપર્યવ જ્ઞાન પ્રમાણે (૩૬) ઉપર જણાવેલ એકાશીમાંથી આહારકદ્વિક, સ્ત્રીવેદ તથા પાંચ સંઘયણ એ આઠ જતાં શેષ ૭૩ હોય. મતાન્તરે છએ સંઘયણનો ઉદય કેટલાક આચાર્યો માને છે. તે

---

* અહિંઆ ત્રણે વેદમાં જિનનામનો નિષેધ કર્યો છે તે વેદોદય આશ્રયી જાણવું.

અભિપ્રાયે ૭૮ પણ લાભે (૩૭) સ્ત્યાનર્દ્ધિત્રિક, સૂક્ષ્મ લોભ સિવાય મોહનીયની સત્યાવીશ, મનુષ્યાયુ સિવાય ત્રણ આયુ, નીચ ગોત્ર, મનુષ્ય સિવાય ત્રણ ગતિ ને ચાર અનુપૂર્વી, ચારે જાતિ, વૈક્રિયદ્વિક આહારકદ્વિક, ૪-૫-૬ સંઘયણ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, જિનનામ, આતપ અને ઉદ્યોત, એ બાસઠ સિવાય શેષ સાઠ હોય. (૩૮) મોહનીયમાં સૂક્ષ્મ લોભ ન હોય પરંતુ નામ-કર્મમાં જિનનામ હોય એટલે ઉપર પ્રમાણે બાસઠ સિવાય શેષ સાઠ હોય. આ ચારિત્ર ૧૧ થી ૧૪ ગુણસ્થાન સુધી હોવાથી ૬૦ લાભે. (૩૯) મનઃપર્યવ જ્ઞાનની ૮૧ પ્રકૃતિમાં પ્રત્યાખ્યાનની ચોકડી તથા તિર્યંચાયુ અને નીચગોત્ર અને તિર્યંચની ગતિ, ઉદ્યોતનામ-આ આઠ ભેળવીએ અને આહારક-દ્વિક બાદ કરીએ ત્યારે દેશવિરતિમાં ૮૭ લાભે. (૪૦) જિનનામ તથા આહારકદ્વિક ન હોય. (૪૧) એકેન્દ્રિયાદિ ત્રણ જાતિ, સ્થાવરચતુષ્ક, જિનનામ, આતપ, ચારે અનુપૂર્વી-એ તેર સિવાય શેષ ૧૦૯ હોય. (૪૨) જિનનામ કર્મ ન હોય. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫-૪૭) જિનનામ કર્મ ન હોય અને કૃષ્ણ લેશ્યા ત્રીજા કર્મગ્રન્થના અભિપ્રાયે ચાર ગુણસ્થાન માનીએ તો આહારકદ્વિક વિના ૧૧૯ પણ લાભે. (૪૮) સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, નરકત્રિક, આતપ અને એ જિનનામ, અગ્યાર વિના શેષ એક સો અગ્યાર. (૪૯) સ્થાવર ૪, જાતિ ૪, નરકત્રિક, જિન-નામ અને આતપ સિવાય શેષ એક સો ને નવ. (૫૦) ઉપર પ્રમાણે પણ જિનનામ કર્મ હોય એટલે એક સો દશ. (૫૧) પૂરેપૂરા. (૫૨) સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ, આહારકદ્વિક એ પાંચ ન હોય (૫૩) સ્થાવર ૪, જાતિ ૪, અનંતાનુબંધી ચોકડી, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય, જિનનામ, આહારકદ્વિક, આતપ અને ચારે અનુપૂર્વી એ ત્રેવીશ વિના શેષ નવાણુ. મતાંતરે દેવાનુપૂર્વીનો ઉદય માનીએ તો ૧૦૦ લાભે. (૫૪) મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ, જાતિ ૪, સ્થાવરચતુષ્ક, આતપ અને અનંતાનુબંધી ચોકડી-એ સોળ સિવાય શેષ ૧૦૬. (૫૫) ચાર જાતિ, સ્થાવરચતુષ્ક, અનંતાનુબંધી ચોકડી, આતપ, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ, પહેલા સિવાય પાંચ સંઘયણ-એ એકવીશ વિના શેષ એક સો ને એક લાભે અને પ્રતિપન્ન ક્ષાયિક સમકિતીને છએ સંઘયણ માનીએ તો ૧૦૬ લાભે (૫૬) સમકિત મોહનીય, તથા મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી ચોકડી એ ૭ તથા આહારકદ્વિક, જિનનામ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપ, સ્થાવર, એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય ૩, અને ચારે અનુપૂર્વી એ બાવીશ સિવાય શેષ એક સો હોય. (૫૭) સમકિત, મિશ્ર અને મિથ્યાત્વ મોહનીય, તથા આહારકદ્વિક, જિનનામ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, આતપ અને નરકાનુપૂર્વી એ અગ્યાર સિવાય શેષ એકસો અગ્યાર હોય. (૫૮) આહારકદ્વિક, જિનનામ, સમકિત અને મિશ્ર મોહનીય-એ પાંચ સિવાય શેષ એક સો ને સત્તર (૫૯) સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, એકેન્દ્રિયાદિ, ચાર જાતિ, એ આઠ સિવાય એક સો ને ચૌદ. મતાંતરે જિનનામ કર્મ ન ગણીએ તો એક સો તેર. (૬૦) વૈક્રિયદ્વિક, જિનનામ, આહારકદ્વિક, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, છેલ્લા વિનાના પાંચ સંઘયણ, છેલ્લા વિનાના પાંચ સંસ્થાન, સુભગ, આદેય, શુભ વિહાયોગતિ, ઉચ્ચગોત્ર, પુરુષવેદ અને સ્ત્રીવેદ એ ૨૯ જતાં શેષ ૯૩. વાઉકાયને વૈક્રિય શરીર ગણવાથી ૯૪ પણ લાભે. (૬૧) ચાર અનુપૂર્વી ન હોય. (૬૨) ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, શુભ ને અશુભ વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રત્યેક, સાધારણ, સુસ્વર, દુઃસ્વર, મિશ્ર મોહનીય અને પાંચ નિદ્રા એ પાંત્રીશ વિના શેષ સત્યાશી હોય.

# ૭૧. ગતિ (જવાનું) દ્વાર

| નંબર | દ્વારનું નામ. | ૩૦૩ મનુષ્ય | ૧૯૮ દેવ | ૪૮ તિર્યંચ | ૧૪ નરક | ૫૬૩ કુલ | નંબર. | દ્વારનું નામ. | ૩૦૩ મનુષ્ય | ૧૯૮ દેવ | ૪૮ તિર્યંચ | ૧૪ નરક | ૫૬૩ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૧૫ | ૦ | ૮ | ૦ | ૨૩ | ૧૮ | કાયયોગ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૨ | મનુષ્યગતિ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૧૯ | પુરુષવેદ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૩ | તિર્યંચગતિ | ૩૦૩ | ૧૬૨ | ૪૮ | ૧૪ | ૫૨૭ | ૨૦ | સ્ત્રીવેદ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૨ | ૫૬૧ |
| ૪ | નરકગતિ | ૧૫ | ૦ | ૫ | ૦ | ૨૦ | ૨૧ | નપુંસકવેદ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૫ | એકેન્દ્રિય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૨ | ક્રોધ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૩ | માન | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૪ | માયા | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૫ | લોભ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૨૬ | મતિજ્ઞાન | ૨૦૨ | ૧૯૮ | ૧૦/૧૮ | ૧૩ | ૪૨૩/૪૩૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૨૦૨ | ૧૯૮ | ૧૦/૧૮ | ૧૩ | ૪૨૩/૪૩૧ |
| ૧૧ | અપ્કાય | ૧૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૮ | અવધિજ્ઞાન | ૩૦ | ૧૯૮ | ૫/૧૦ | ૧૩ | ૨૪૬/૨૫૧ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૦ | ૪૮ | ૦ | ૪૮ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૦ | ૭૦ | ૦ | ૦ | ૭૦ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૦ | ૪૮ | ૦ | ૪૮ | ૩૦ | કેવળજ્ઞાન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | વનસ્પતિકાય | ૩૧ | ૦ | ૪૮ | ૦ | ૧૭૯ | ૩૧ | મતિઅજ્ઞાન | ૩૦૩ | ૧૭૦ | ૪૮ | ૧૪ | ૫૩૫ |
| ૧૫ | ત્રસકાય | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૩૦૩ | ૧૭૦ | ૪૮ | ૧૪ | ૫૩૫ |
| ૧૬ | મનયોગ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૩૩ | વિભંગજ્ઞાન | ૩૦૩ | ૧૭૦ | ૪૮ | ૧૪ | ૫૩૫ |
| ૧૭ | વચનયોગ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૩૪ | સામાયિક | ૦ | ૭૦ | ૦ | ૦ | ૭૦ |

| નંબર | દ્વારનું નામ. | ૩૦૩ મનુષ્ય | ૧૯૮ દેવ | ૪૮ તિર્યંચ | ૧૪ નરક | ૫૬૩ કુલ | નંબર. | દ્વારનું નામ. | ૩૦૩ મનુષ્ય | ૧૯૮ દેવ | ૪૮ તિર્યંચ | ૧૪ નરક | ૫૬૩ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૦ | ૭૦ | ૦ | ૦ | ૭૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૩૦ | ૨૬ | ૧૦ | ૦ | ૬૬ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૦ | ૭૦ | ૦ | ૦ | ૭૦ | ૫૦ | શુક્લલેશ્યા | ૩૦ | ૪૪ | ૧૦ | ૦ | ૮૪ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૦ | ૭૦ | ૦ | ૦ | ૭૦ | ૫૧ | ભવી | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૩૮ | યથાખ્યાત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨ | અભવી | ૩૦૩ | ૧૭૦ | ૪૮ | ૧૪ | ૫૩૫ |
| ૩૯ | દેશવિરતિ | ૦ | ૪૨ | ૦ | ૦ | ૪૨ | ૫૩ | ઉપશમસમકિત | ૦ | ૧૦ | ૦ | ૦ | ૧૦ |
| ૪૦ | અવિરતિ | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૫૪ | ક્ષયોપશમસમકિત | ૨૦૨ | ૧૯૮ | ૧૦ | ૧૩ | ;૨૩ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૫૫ | ક્ષાયકસમકિત | ૯૦ | ૭૦ | ૨ | ૬ | ૧૬૮ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ | ૫૬ | મિશ્રસમકિત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૩ | અવધિદર્શન | ૩૦ | ૧૯૮ | ૧૦/૫ | ૧૩ | ૨૫૧ / ૨૪૬ | ૫૭ | સાસ્વાદન | ૨૦૨ | ૧૭૦ | ૨૧ | ૦ | ૩૯૩ |
| ૪૪ | કેવળદર્શન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | મિથ્યાત્વ | ૩૦૩ | ૧૭૦ | ૪૮ | ૧૪ | ૫૩૫ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૩૦૩ | ૧૦૨ | ૪૮ | ૬ | ૪૫૯ | ૫૯ | સંજ્ઞી | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૪૬ | નીલલેશ્યા | ૩૦૩ | ૭૨ | ૪૮ | ૬ | ૪૨૯ | ૬૦ | અસંજ્ઞી | ૨૪૩ | ૧૦૨ | ૪૮ | ૨ | ૩૯૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૩૦૩ | ૭૨ | ૪૮ | ૬ | ૪૨૯ | ૬૧ | આહારી | ૩૦૩ | ૧૯૮ | ૪૮ | ૧૪ | ૫૬૩ |
| ૪૮ | તેજોલેશ્યા | ૨૦૨ | ૯૮ | ૧૩ | ૦ | ૩૦૩ | ૬૨ | અણાહારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

# પરિચય.

ગતિ એટલે જવું. જેમ મનુષ્ય મરીને દેવમાં ઉત્પન્ન થાય તે મનુષ્યની ગતિ.

卐

## વિવેચન

( ૧ ) ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા મનુષ્યો, પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા-બાદર પર્યાપ્તા, પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાય-આ ૨૩ ભેદમાં દેવતાઓ ચ્યવીને આવે. આ ૨૩ ભેદો લબ્ધિપર્યાપ્તા સમજવા કેમકે દેવતાઓ અપર્યાપ્તપણામાં ઉત્પન્ન ન થાય. ( ૨ ) પૂરેપૂરા કેમકે મનુષ્ય ચારે ગતિમાં જાય. ( ૩ ) જીવના ૫૬૩ ભેદમાંથી ૯ માથી ૧૨ મા સુધીના ચાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર, આ અઢાર પર્યાપ્તા અને અઢાર અપર્યાપ્તા આ ૩૬ ભેદ બાદ કરીને બાકીના ૫૨૭ ભેદમાં તિર્યંચો ઉત્પન્ન થાય છે. ( ૪ ) ૧૫ કર્મભૂમિ મનુષ્ય તથા પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા ( ૫-૮ ) ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા તેમજ પંદર કર્મભૂમિના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી મનુષ્ય ૧૩૧, તિર્યંચોના ૪૮ ( ૯ ) પૂરેપૂરા ( ૧૦-૧૧ ) એકેન્દ્રિય પ્રમાણે જાણવું ( ૧૨ ) તેઉકાય મરીને તિર્યંચમાં જ ઉત્પન્ન થાય. જુઓ જીવાભિગમ સૂત્ર ૨૬૫ ( ૧૩ ) વાઉકાય મરીને તિર્યંચમાં જ ઉત્પન્ન થાય. જુઓ જીવાભિગમ સૂત્ર ૨૬૫ ( ૧૪ ) એકેન્દ્રિય પ્રમાણે ( ૧૫ ) પૂરેપૂરા ( ૧૬-૨૫ ) પૂરેપૂરા. આ ત્રણે યોગમાં જીવના ભેદ પૂરેપૂરા લખ્યા છે તેમ યોગે વર્તતા જીવ કાળ કરીને ચારે ગતિમાં જાય છે. અને ત્રણ વેદમાં પણ એ પ્રમાણે સમજવું. સ્ત્રી મરીને છઠ્ઠી નરક સુધી જ જાય તેથી નરકના બાર ભેદ સ્ત્રીવેદમાં સમજવાં. શેષ પૂરેપૂરા સમજવા ( ૨૬-૨૭ ) ૧૦૧ ગર્ભજ મનુષ્ય પર્યાપ્ત તેમજ ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા કુલ૨૦૨, પર્યાપ્તા અપર્યાપ્તા ૧૯૮ દેવતા, સાતમી નારકીના અપર્યાપ્તા બાદ કરી શેષ ૧૩ ભેદ. પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા અપર્યાપ્તા કુલ ૧૦. કુલ ૪૨૩ જે વિકલેન્દ્રિય અને પાંચ સંમૂર્ચ્છિમ તિર્યંચો આ આઠ જીવભેદને મતિ તથા શ્રુતજ્ઞાન સિદ્ધાન્તના અભિપ્રાયે માનેલું હોવાથી ૪૩૧ પણ લાભે. જે જે અપર્યાપ્તા છે તે કરણઅપર્યાપ્તા સમજવા પરંતુ લબ્ધિઅપર્યાપ્તા નહિ. ( ૨૮ ) ૧૫ કર્મભૂમિ પર્યાપ્તા, તથા અપર્યાપ્તા મનુષ્ય. પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા. જો કે અપર્યાપ્તા અવસ્થામાં પણ મતાંતરે અવધિજ્ઞાન માનીએ તો તિર્યંચના દસ પણ ઘટે. સાતમી નારકીના અપર્યાપ્તા બાદ કરી શેષ ૧૩ લાભે ( ૨૯ ) બાર દેવલોક, નવ ગ્રૈવેયક, નવ લોકાન્તિક, અને પાંચ અનુતર વિમાન એ પાંત્રીશ પર્યાપ્તા અને અપર્યાપ્તા, મનઃપર્યવજ્ઞાની વૈમાનિક દેવમાં જ જાય ( ૩૦ ) મોક્ષમાં જ જતાં હોવાથી તેને ગતિ ન હોય. ( ૩૧-૩૨ ) મનુષ્ય, તિર્યંચ તેમજ નરકના ભેદ પૂરેપૂરા. દેવોમાં પાંચ અનુત્તર અને નવ લોકાન્તિક એ ચૌદ પર્યાપ્તા તથા અપર્યાપ્તા સિવાય શેષ ૧૭૦

ભેદ લાભે ( ૩૩ ) ઉપર પ્રમાણે. વિભંગજ્ઞાની કાળ કરીને ચારે ગતિમાં જાય છે, પરન્તુ દેવોના ૨૮ ભેદમાં જતા નથી. પાંચ અનુત્તર અને નવ લોકાન્તિક પર્યાપ્તા ને અપર્યાપ્તા ( ૩૪-૩૭ ) મનઃપર્યવ જ્ઞાન પ્રમાણે જાણવું. ( ૩૮ ) મોક્ષમાં જ જતા હોવાથી ગતિ ન હોય. અને ઉપશમશ્રેણીએ ૧૧ મે ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર ઉપશમભાવમાં હોય છે. ૧૧ ગુણસ્થાનવાળા કાળ કરીને વૈમાનિક દેવમાં જાય છે, તે અપેક્ષાએ ૭૦ પણ લાભે. અહિંઆ સીત્તેર ભેદ બતાવ્યા છે તે પૂર્વબદ્ધ આયુષ્યની અપેક્ષાએ બતાવ્યા છે, કેમકે ૧૧ મે ગુણસ્થાને કાળ કરે તો વૈમાનિક દેવ થાય ( ૩૯ ) બાર દેવલોક તથા નવ લોકાન્તિક એ એકવીશ પર્યાપ્તા અને અપર્યાપ્તા ( ૪૦-૪૨ ) પૂરેપૂરા ( ૪૩ ) અવધિજ્ઞાન પ્રમાણે ( ૪૪ ) કેવળજ્ઞાન પ્રમાણે જાણવું. ( ૪૫ ) ૧૦ ભુવનપતિ, ૧૬ વ્યંતર, ૧૫ પરમાધામી, ૧૦ તિર્યક્જૃમ્ભક એ ૫૧ પર્યાપ્તા ને ૫૧ અપર્યાપ્તા મળી કુલ ૧૦૨, પાંચમી, છઠ્ઠી તથા સાતમી નારકીના પર્યાપ્તા તથા અપર્યાપ્તા કુલ ૬, પ્રથમની ચાર નારકીમાં કૃષ્ણ લેશ્યા ન હોય. મનુષ્યના ૩૦૩,અને તિર્યંચના ૪૮. કુલ ૪૫૯ ( ૪૬ ) કૃષ્ણલેશ્યામાં ૧૦૨ દેવના કહ્યા છે તેમાંથી ૧૫ પરમાધામીના પર્યાપ્તા અપર્યાપ્તા ૩૦ બાદ કરતાં ૭૨ લાભે. નરક ત્રીજી, ચોથી ને પાંચમીના પર્યાપ્તા અપર્યાપ્તા ગણતા છ લાભે. કેટલાક લોકો પરમાધામીને પ્રથમની ત્રણે લેશ્યા માને છે તો ૪૫૯ પણ લાભે. ( ૪૭ ) નીલલેશ્યા પ્રમાણે, પરંતુ નારકીમાં પહેલી, બીજી ને ત્રીજી લેવી. મતાંતરે ૪૫૯. ( ૪૮ ) પંદર કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ તથા ૫૬ અંતર્દ્વીપ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ ૨૦૨ મનુષ્ય, ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર, ૧૦ તિર્યક્જૃમ્ભક, ૧૦ જ્યોતિષી, પહેલો તથા બીજો દેવલોક, એક કિલ્બિષિક-એ ૪૯ પર્યાપ્તા અને અપર્યાપ્તા, પૃથ્વી, અપ્ અને વનસ્પતિ બાદ કરતાં કરણ અપર્યાપ્તા તથા ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી તિર્યંચના તેર સમજવા. નરકમાં તેજોલેશ્યા હોતી નથી. ( ૪૯ ) પંદર કર્મભૂમિ પર્યાપ્તા ને અપર્યાપ્તા, ત્રીજો, ચોથો, પાંચમો દેવલોક, એક કિલ્બિષિક અને નવ લોકાન્તિક-એ તેર પર્યાપ્તા ને અપર્યાપ્તા, ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા ને અપર્યાપ્તા. ( ૫૦ ) પંદર કર્મભૂમિ પર્યાપ્તા ને અપર્યાપ્તા, છઠ્ઠાથી બારમા સુધીના સાત દેવલોક, એક કિલ્બિષિક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન એ ૨૨ પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા ને અપર્યાપ્તા ( ૫૧ ) પૂરેપૂરા. ( ૫૨ ) મતિ-અજ્ઞાન પ્રમાણે. ( ૫૩ ) જ્યાં સુધી ઉપશમપણું હોય ત્યાં સુધી મરે નહિ અથવા કોઈ જીવ ઉપશમ-શ્રેણિમાં કાળ કરે તો ત્યાંથી પાંચ અનુત્તર વિમાનમાં ઉપજે તેથી પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતા દેવના દશ ભેદ લાભે. ( ૫૪ ) મતિજ્ઞાન પ્રમાણે. મતિજ્ઞાનની અંદર વિકલેન્દ્રિયના ત્રણ ભેદ અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચના પાંચ ભેદ એ કુલ આઠ ભેદ સિદ્ધાન્તના અભિપ્રાયે લીધા છે તે ક્ષયોપશમ સમક્તિમાં ગ્રહણ ન કરવાં. ક્ષયોપશમ સમકિતવાળો જીવ મરીને ચારે ગતિમાં જાય છે, માટે ૪૨૩ લાભે. ( ૫૫ ) પંદર કર્મભૂમિ તથા ૩૦ અકર્મભૂમિ પર્યાપ્તા ને અપર્યાપ્તા, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, નવ લોકાન્તિક, પાંચ અનુત્તર વિમાન-એ પાંત્રીશ પર્યાપ્તા ને અપર્યાપ્તા, અસંખ્ય વર્ષાયુ સ્થળચર ( ચતુષ્પદ ), યુગલિક પર્યાપ્તા ને અપર્યાપ્તા એ બે ભેદ તિર્યંચના અને પહેલી, બીજી અને ત્રીજી નરક પર્યાપ્તા ને અપર્યાપ્તા. ક્ષાયિક સમકિતી જીવ અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા યુગલિક ચતુષ્પદ તિર્યંચ તથા મનુષ્ય અને કર્મભૂમિના મનુષ્ય અને કિલ્બિષિઆ વર્જીને વૈમાનિક દેવ તથા પ્રથમની ત્રણ નારકી-આટલા સ્થાને ક્ષાયિક સમકિતી જીવ મરણ પામી ઉત્પન્ન થાય છે. ( ૫૬ ) મિશ્રમાં મરણ થતું જ નથી. ( ૫૭ ) ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા ને ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા મનુષ્ય કુલ ૨૦૨. નવ લોકાન્તિક ને પાંચ અનુત્તર વર્જીને ૧૭૦ દેવતા, બાદર પૃથ્વી, અપ્, પ્રત્યેક વનસ્પતિકાય અપર્યાપ્તા,

વિકલેન્દ્રિય અપર્યાપ્તા ૩, પાંચ સમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અપર્યાપ્તા, અને પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા ને અપર્યાપ્તા. જે જે અપર્યાપ્તા અહીંઆ બતાવ્યા છે તે કરણઅપર્યાપ્તા સમજવા. આ કરણઅપર્યાપ્તા જીવો ભવિષ્યમાં પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરવાના છે તેથી કરણઅપર્યાપ્તા ગ્રહણ કરવા. સાસ્વાદને કાળ કરી નરકમાં ઉત્પન્ન ન થાય માટે નારકીના એકે પણ ન લાભે. અહિંઆ ૧૫ પરમાધામી લખ્યા છે પરંતુ કેટલાક ગ્રન્થોમાં પરમાધામીને મિથ્યાદષ્ટિ પણ કહ્યા છે અને કેટલાક ગ્રંથોમાં મિત્ર દેવની પ્રેરણાથી સમકિત પણ પ્રાપ્ત કરે છે, એવા પણ પાઠો જોવામાં આવે છે. (૫૮) મતિઅજ્ઞાનવત્. નવ લોકાન્તિક તથા પાંચ અનુત્તર પર્યાપ્તા અપર્યાપ્તા કુલ ૨૮ વર્જીને શેષ ભેદ લાભે કેમકે મિથ્યાદષ્ટિ જીવ અનુત્તર તથા લોકાન્તિક વર્જીને સર્વ ઠેકાણે ઉત્પન્ન થાય છે. (૫૯) પૂરેપૂરા. (૬૦) ૩૦ કર્મભૂમિ પર્યાપ્તા ને અપર્યાપ્તા, અને ૧૧૨ અંતર્દ્વીપ, અને ૧૦૧ સમૂર્ચ્છિમ મનુષ્ય કુલ ૨૪૩. પંદર પરમાધામી, દશ ભુવનપતિ, ૧૬ વ્યંતર, ૧૦ તિર્યક્ જૃમ્ભક, એ એકાવન પર્યાપ્તા ને અપર્યાપ્તા, પહેલી નરક પર્યાપ્તા ને અપર્યાપ્તા, તિર્યંચના ૪૮ ભેદ, અસંજ્ઞી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો મરણ પામી તિર્યંચના ૪૮ ભેદમાં તથા મનુષ્યમાં જાય તો અંતર્દ્વીપ સુધી પણ જાય છે. દેવગતિમાં ભુવનપતિ ને વ્યંતર સુધી, અને નરકમાં પહેલી નરક સુધી એમ ચારે ગતિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં ઉત્પન્ન થાય છે, પરંતુ અધિક આયુષ્યવાળા નહિ. આના માટે જુઓ દ્રવ્યલોક પ્રકાશ સર્ગ ૬. (૬૧) પૂરેપૂરા (૬૨) અણાહારી અવસ્થામાં મરણ થતું જ નથી.


# ઉત્તરાધ્યયન સૂત્ર સટીક

## ભાગ ૧ થી ૪

કમળસંયમી સંસ્કૃત ટીકા સાથે પ્રસ્તુત આગમ ગ્રન્થ ઇતિહાસપ્રેમી વિદ્વાન મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજે સુંદર રીતે એડીટ કર્યો છે. આ કમળસંયમી ટીકા ઘણી સહેલી અને સુંદર છે. આમાં પ્રાચીન કથાઓનો સંગ્રહ પણ સારો છે. વ્યાખ્યાન-ઉપદેશને માટે ઉપયોગી છે. પ્રત્યેક ભાગની કિંમત સાડાત્રણ રૂપિયા. (હાલ ૧-૨ ભાગ અપ્રાપ્ય છે).

લખો—યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર.

# ૭૨. આગતિ (આવવાનું) દ્વાર

| નંબર | દ્વારનું નામ. | દેવ | મનુષ્ય | તિર્યંચ | નરક | ૫૬૩ પૈકી કુલ કેટલા? | નંબર. | દ્વારનું નામ | દેવ | મનુષ્ય | તિર્યંચ | નરક | ૫૬૩ પૈકી કુલ કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવગતિ | ૦ | ૧૦૧ | ૧૦ | ૦ | ૧૧૧ | ૧૮ | કાયયોગ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૨ | મનુષ્યગતિ | ૮૪ | ૧૩૧ | ૪૦ | ૬ | ૨૬૧ | ૧૯ | પુરુષવેદ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૩ | તિર્યંચગતિ | ૭૨ | ૧૩૧ | ૪૮ | ૭ | ૨૫૮ | ૨૦ | સ્ત્રીવેદ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪ | નરકગતિ | ૦ | ૧૫ | ૧૦ | ૦ | ૨૫ | ૨૧ | નપુંસકવેદ | ૯૪ | ૧૩૧ | ૪૮ | ૭ | ૨૮૦ |
| ૫ | એકેન્દ્રિય | ૪૯ | ૧૩૧ | ૪૮ | ૦ | ૨૨૮ | ૨૨ | ક્રોધ | ૧૯૮ | ૩૦૩ | ૪૮ | ૭ | ૫૬૩ |
| ૬ | બેઇન્દ્રિય | ૦ | ૧૩૧ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૩ | માન | ૧૯૮ | ૩૦૩ | ૪૮ | ૭ | ૫૬૩ |
| ૭ | તેઇન્દ્રિય | ૦ | ૧૩૧ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૪ | માયા | ૧૯૮ | ૩૦૩ | ૪૮ | ૭ | ૫૬૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૦ | ૧૩૧ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૫ | લોભ | ૧૯૮ | ૩૦૩ | ૪૮ | ૭ | ૫૬૩ |
| ૯ | પંચેન્દ્રિય | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૨૬ | મતિજ્ઞાન | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪૯ | ૧૩૧ | ૪૮ | ૦ | ૨૨૮ | ૨૭ | શ્રુતજ્ઞાન | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ |
| ૧૧ | અપ્કાય | ૪૯ | ૧૩૧ | ૪૮ | ૦ | ૨૨૮ | ૨૮ | અવધિજ્ઞાન | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ |
| ૧૨ | તેઉકાય | ૦ | ૧૩૧ | ૪૮ | ૦ | ૧૭૯ | ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૮૪ | ૧૩૧ | ૪૦ | ૫ | ૨૬૦ |
| ૧૩ | વાઉકાય | ૦ | ૧૩૧ | ૪૮ | ૦ | ૧૭૯ | ૩૦ | કેવળજ્ઞાન | ૮૧ | ૩૦ | ૩૪ | ૪ | ૧૪૯ |
| ૧૪ | વનસ્પતિકાય | ૪૯ | ૧૩૧ | ૪૮ | ૦ | ૨૨૮ | ૩૧ | મતિઅજ્ઞાન | ૮૫ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૫૭ |
| ૧૫ | ત્રસકાય | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૮૫ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૫૭ |
| ૧૬ | મનયોગ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૩૩ | વિભંગજ્ઞાન | ૮૫ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૫૭ |
| ૧૭ | વચનયોગ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૩૪ | સામાયિક | ૮૪ | ૧૩૧ | ૪૦ | ૫ | ૨૬૦ |

| નંબર | દ્વારનું નામ. | દેવ | મનુષ્ય | તિર્યંચ | નરક | ૫૬૩ પૈકી કુલ કેટલા? | નંબર. | દ્વારનું નામ. | દેવ | મનુષ્ય | તિર્યંચ | નરક | ૫૬૩ પૈકી કુલ કેટલા? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૮૪ | ૧૩૧ | ૪૦ | ૫ | ૨૬૦ | ૪૯ | પદ્મલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૮૪ | ૧૩૧ | ૪૦ | ૫ | ૨૬૦ | ૫૦ | શુક્લલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૮૧ | ૩૦ | ૩૪ | ૪ | ૧૪૯ | ૫૧ | ભવી | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૩૮ | યથાખ્યાત | ૮૧ | ૩૦ | ૩૪ | ૪ | ૧૪૯ | ૫૨ | અભવી | ૮૫/૭૦ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧/૩૫૬ |
| ૩૯ | દેશવિરતિ | ૯૯ | ૧૩૧ | ૪૦ | ૬ | ૨૭૬ | ૫૩ | ઉપશમસમક્તિ | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ |
| ૪૦ | અવિરતિ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૫૪ | ક્ષયોપશમસમક્તિ | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૫૫ | ક્ષાયકસમક્તિ | ૮૪ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૪૮ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૫૬ | મિશ્રસમક્તિ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪૩ | અવધિદર્શન | ૯૯ | ૨૧૭ | ૪૦ | ૭ | ૩૬૩ | ૫૭ | સાસ્વાદન | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪૪ | કેવળદર્શન | ૮૧ | ૩૦ | ૩૪ | ૪ | ૧૪૯ | ૫૮ | મિથ્યાત્વ | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૫૯ | સંજ્ઞી | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪૬ | નીલલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૬૦ | અસંજ્ઞી | ... | ૧૩૧ | ૪૮ | ... | ૧૭૯ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૬૧ | આહારી | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |
| ૪૮ | તેજોલેશ્યા | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ | ૬૨ | અણાહારી | ૯૯ | ૨૧૭ | ૪૮ | ૭ | ૩૭૧ |

## પરિચય

**અન્ય ભવોમાંથી આવી ઉત્પન્ન થવું તેનું નામ આગતિ. જેમ મનુષ્ય ગતિ છોડી દેવગતિમાં આવ્યા ત્યારે દેવની આગતિ થઈ.**

卐

## વિવેચન

(૧) દેવ ચ્યવીને દેવ ન થાય. તેમજ નારકીનો જીવ દેવ ન થાય. ગર્ભજ પર્યાપ્તા ૧૦૧ મનુષ્ય તેમજ પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા અને પાંચ સંમૂર્ચ્છિમ તિર્યંચ પર્યાપ્તા દેવ થાય (૨) ૮૪ પંદર પરમાધામી મરીને જલચર થતા હોવાથી અહિંયા પરમાધામી બાદ કર્યા છે.) પર્યાપ્તા દેવ, તેઉકાય તેમજ વાઉકાયના આઠ ભેદ (સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા) સિવાયના ૪૦ તિર્યંચ, ૧૦૧ સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્ય તેમજ પંદર કર્મભૂમિના પર્યાપ્તા અને અપર્યાપ્તા કુલ ૧૩૧, પહેલેથી છ નારક સુધીના જીવો મનુષ્ય થાય પરંતુ તે અસંખ્યાતા વર્ષના આયુવાળા મનુષ્યો ન થાય સાતમી નારકીનાં જીવો તો ગર્ભજ તિર્યંચમાં જ ઉપજે. (૩) ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન તથા ૯ માંથી બારમા દેવલોક સુધીના દેવો તેમજ નવ લોકાન્તિક દેવો એ સત્તાવીશ પ્રકારના પર્યાપ્તા દેવો સિવાય બાકીના ૭૨ પર્યાપ્તા દેવો, ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યો કુલ ૧૩૧, નારકી તેમજ તિર્યંચના બધા જીવો તિર્યંચમાં ઉપજી શકે. (૪) દેવ તથા નારકી ચ્યવીને નારકી ન થાય. ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા મનુષ્ય તેમજ પાંચ તિર્યંચ ગર્ભજ પર્યાપ્તા અને પાંચ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ પર્યાપ્તા એમ કુલ ૧૦ તિર્યંચ. (૫) ૧૦ ભવનપતિ, ૧૬ વ્યંતર, ૧૦ તિર્યગ્જૃંભક, ૧૦ જ્યોતિષી, પહેલો તથા બીજો દેવલોક, અને એક કિલ્બિષી સિવાય ૪૯ દેવો, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા અને કર્મભૂમિના પર્યાપ્તા તથા અપર્યાપ્તા મળી કુલ ૧૩૧ મનુષ્યો અને બધા તિર્યંચો એકેન્દ્રિયમાં ઉપજે. નારકીના જીવો એકેન્દ્રિયમાં ઉપજતા નથી. ૧૫ પરમાધામી કાળ કરીને અંડગોલક મચ્છ થતા હોવાથી એકેન્દ્રિયમાં આવે નહિ કેમકે દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૮ માં કહ્યું છે કે–પરમાધામી મરીને અંડગોલક મચ્છ થાય છે. (૬) દેવો તથા નારકો બેઇન્દ્રિયમાં ઉપજતા નથી. ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા તથા અપર્યાપ્તા મળી કુલ ૧૩૧ મનુષ્યો તેમજ બધા તિર્યંચો ઉપજે છે, પરંતુ એટલું વિશેષ જાણવું કે અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચો તથા મનુષ્યો ઉત્પન્ન ન થાય. (૭-૮) બેઇન્દ્રિય પ્રમાણે જાણવું. (૯) ૯૯ પર્યાપ્તા દેવો, ૧૦૧ સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા મનુષ્યો, ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપના ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા તેમજ ૧૫ કર્મભૂમિના અપર્યાપ્ત કુલ ૨૧૭ મનુષ્યો, બધા તિર્યંચો, સાત નારકી પર્યાપ્તા–આટલા જીવો પંચેન્દ્રિયમાં ઉપજે. (૧૦–૧૧) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. અહિંઆ દેવતાના ૪૯ ભેદ લખ્યા છે તે બાદર પર્યાપ્તા જીવોમાં લાગુ પડે છે. (૧૨–૧૩) બેઇન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૪) એકેન્દ્રિય પ્રમાણે જાણવું. (૧૫–૨૦) પંચેન્દ્રિય પ્રમાણે જાણવું, પરંતુ દેવતા અને નારકી અપર્યાપ્તાવસ્થામાં મરણ પામતા નહિ હોવાથી અપર્યાપ્તા ગ્રહણ કર્યા નથી. (૨૧) ૯૪ પર્યાપ્તા દેવો, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યો તથા ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા અને પર્યાપ્તા ૩૦ મળી કુલ ૧૩૧ મનુષ્યો, બધા તિર્યંચો અને સાત પર્યાપ્તા નારક જીવો નપુંસકવેદ પામે. ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપના મનુષ્યો મૃત્યુ પામીને દેવલોકમાં જાય, તેથી નપુંસકવેદમાં ન આવે. ચોથા

કર્મગ્રન્થની ગાથા ૫૮ના ભાંગામાં ચોથે ગુણસ્થાને ઔદારિકમિશ્ર કાયયોગે વર્તતાને નપુંસકવેદનો નિષેધ કર્યો છે અને જે અનુત્તરવાસી દેવતાઓ મરણ પામી ગર્ભજ ઉત્પન્ન થાય છે ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં નપુંસકવેદપણે ઉત્પન્ન થતા નથી માટે પાંચ અનુત્તર બાદ કર્યા છે. (૨૨–૨૫) સર્વે પ્રકારના જીવોમાં ચારે કષાય હોય. (૨૬–૨૮) પંચેન્દ્રિય પ્રમાણે જાણવા, પરંતુ તેઉ તથા વાયુકાયના જીવના આઠ ભેદ બાદ કરતાં ૩૬૩ થાય; કારણ કે એમાંથી આવેલો જીવ સમકિત પામતો નથી તેથી જ્ઞાન ન હોય. (૨૯) ૮૪ પર્યાપ્તા દેવો, ૧૦૧ સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા તથા ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા તથા અપર્યાપ્તા. તેઉ અને વાઉ સિવાયના તિર્યંચો અને પાંચ નારકીઓ પહેલી પાંચ સુધી ચારિત્ર પામી શકે. પરમાધામી મરણ પામી અંડગોલક મચ્છ થાય છે એમ દ્રવ્યલોકપ્રકાશના ૮મા સર્ગમાં બતાવેલ છે માટે મનઃપર્યવજ્ઞાનમાં ૧૫ પરમાધામી મરીને આવે નહિ. (૩૦) સૂક્ષ્મ પૃથ્વીકાય, બાદર પૃથ્વીકાય, સૂક્ષ્મ બાદર અપ્કાય, સૂક્ષ્મ બાદર સાધારણ વનસ્પતિકાય અને બાદર પ્રત્યેક વનસ્પતિકાય–એ સાત પર્યાપ્તા તથા સાત અપર્યાપ્તા કુલ ૧૪, અને સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય પાંચ પર્યાપ્તા અને પાંચ અપર્યાપ્તા પાંચ ગર્ભજ તિર્યંચ પર્યાપ્તા અપર્યાપ્તા કુલ ૩૪, અહિં તિર્યંચમાં તથા મનુષ્યમાં પર્યાપ્તા અપર્યાપ્તા ગ્રહણ કર્યા છે, દ્રવ્ય લોકપ્રકાશ સર્ગ ૪થી આઠ સુધીમાં અંતરાપ્તિ દ્વારમાં કોઇ ઠેકાણે પર્યાપ્તા અપર્યાપ્તા, વિવક્ષા નહિ ગ્રહણ કરેલ હોવાથી અમોએ અપર્યાપ્તા લખ્યા છે અને સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાંથી આવેલા બાદર પર્યાપ્તા પૃથ્વીકાયાદિકની પેઠે બીજા ભવમાં મોક્ષપ્રાપ્તિ કહી છે. જુઓ દ્રવ્ય લોકપ્રકાશસર્ગ ૪. ૧૫ કર્મભૂમિ પર્યાપ્તા તથા અપર્યાપ્તા. દેવતામાં ૧૫ પરમાધામી અને ત્રણ કિલ્બિષીઆ વર્જીને ૮૧. પ્રથમની ચાર નારકી. (૩૧–૩૩) દેવતાના ભેદમાંથી નવ લોકાન્તિક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવો છોડીને ૮૫ પર્યાપ્તા દેવ ભેદો મરણ પામી મતિઅજ્ઞાનમાં આવી શકે છે. ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા, ૧૦૧ ગર્ભજ મનુષ્ય પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્ય અપર્યાપ્તા કુલ ૨૧૭ તથા તિર્યંચના ૪૮ અને નારકી સાત પર્યાપ્તા. (૩૪–૩૬) મનઃપર્યવજ્ઞાન પ્રમાણે. (૩૭–૩૮) કેવળજ્ઞાન પ્રમાણે. શંકા આ પ્રમાણે છે કે–પરમાધામી અને કિલ્બિષિઆમાંથી નીકળેલો આત્મા બીજા ભવમાં મનુષ્યપણામાં કેવળજ્ઞાન અને ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ આ ત્રણ વસ્તુ પ્રાપ્ત કરે કે કેમ ? જો પ્રાપ્ત કરતા હોય તો દેવતાના ૯૯ ભેદ લાભવા જોઈએ. (૩૯) ૯૯ પર્યાપ્તા દેવો, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપના ગર્ભજ મનુષ્યો મૃત્યુ પામીને દેવ જ થાય તેથી તે સિવાયના ૧૩૧ મનુષ્યો તેઉ અને વાઉ સિવાયના તિર્યંચો તથા ૭ નારક સુધીના જીવો દેશવિરતિ પામે. (૪૦–૪૨) પંચેન્દ્રિય પ્રમાણે. (૪૩) અવધિજ્ઞાન પ્રમાણે. (૪૪) કેવળજ્ઞાન પ્રમાણે. (૪૫–૫૧) પંચેન્દ્રિય પ્રમાણે. (૫૨) નવ લોકાન્તિક અને પાંચ અનુત્તર સિવાયના ૮૫ પર્યાપ્તા, અભવ્ય કુલક ૧૫ પરમાધામીને ભવ્ય કહ્યા છે એ અભિપ્રાયે દેવતાના ૭૦ પણ લાભે. પરમાધામી સિવાય બાકી અવધિજ્ઞાનવત્. (૫૩–૫૪) અવધિજ્ઞાન પ્રમાણે. (૫૫) ૧૫ પરમાધામી મરણ પામી મચ્છ થાય છે માટે અનંતર ભવમાં ક્ષાયિક સમકિત પામતા નથી. (૫૬–૫૯)પંચેન્દ્રિય પ્રમાણે (૬૦) ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા તથા ૧૫ કર્મભૂમિ પર્યાપ્તા તથા અપર્યાપ્તા, (૬૧) પંચેન્દ્રિય પ્રમાણે. (૬૨) પંચેન્દ્રિય પ્રમાણે. આ દરેક જીવભેદો મરણ પામી વક્રગતિમાં આવવાનો સંભવ છે અને વક્રગતિમાં જીવ અણાહારી હોય છે તેથી વક્રગતિએ જીવના ૩૭૧ ભેદ પામે.

# કોષ્ટક(કોઠા)નું શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | માર્ગણા નંબર | ખાનું. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|
| ૩૧ | ૫૧ | ૩ | ૦ | ૫ |
| ૩૧ | ૫૨ | ૩ | ૦ | ૫ |
| ૩૧ | ૫૬ | ૩ | ૫ | ૦ |
| ૩૧ | ૫૭ | ૩ | ૫ | ૦ |
| ૩૧ | ૫૮ | ૩ | ૧ | ૫ |
| ૪૦ | ૬ | ૨ | એઇદ્રિય | એઇન્દ્રિય |
| ૪૨ | ૯ | ૨ | પચેન્દ્રિય | પંચેન્દ્રિય |
| ૪૩ | ૨૮/૨ | ૧ | ૨૮ | ૨૯ |
| ૪૩ | ૩૩ | ૧ | ૬૩ | ૩૩ |
| ૫૧ | ૪૫ | ૩ | ૧ | ૬ |
| ૬૪ | ૧૦ | ૨ | પૃથ્વીકય | પૃથ્વીકાય |
| ૬૪ | ૧૩ | ૨ | વઉકાય | વાઉકાય |
| ૭૩ | ૪૭ | ૨ | ક | કા |
| ૭૪ | ૬ | ૨ | એઇદ્રિય | એઇન્દ્રિય |
| ૭૫ | ૫૮ | ૩ | ૦ | ૧૦ |
| ૯૩ | ૫૮ | ૧ | ૫૦ | ૫૮ |
| ૯૯ | ૪૩ | ૩ | ૧૬૫૦૦૦૦ | ૧૧૬૫૦૦૦૦ |
| ૧૦૪ | ૫ | ૩ | ૦/૧ | ૦ |
| ૧૨૨ | ૩૦ | ૩ | ૨/૧ | ૨/૧ |
| ૧૨૬ | ૨ | ૮ | અસ્પષ્ટ | ૧ |
| ૧૨૬ | ૬ | ૬ | ,, | ૦ |
| ૧૨૬ | ૧૩ | ૫ | ,, | ૧ |
| ૧૨૬ | ૧૫ | ૧૦ | ,, | ૫ |
| ૧૨૬ | ૩૦ | ૪ | ,, | ૧ |
| ૧૨૬ | ૩૧ | ૪ | ,, | ૦ |

| પૃષ્ઠ | માર્ગણા નંબર | ખાનું. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|
| ૧૨૭ | ૩૮ | ૧૦ | અસ્પષ્ટ | ૫ |
| ૧૨૭ | ૫૦ | ૪ | ,, | ૧ |
| ૧૨૭ | ૫૦ | ૮ | ,, | ૧ |
| ૧૨૭ | ૫૪ | ૫ | ,, | ૪ |
| ૧૨૭ | ૫૪ | ૮ | ૪ | ૦ |
| ૧૨૭ | ૫૫ | ૮ | ૦ | ૧ |
| ૧૨૭ | ૫૫ | ૯ | ૪ | ૭ |
| ૧૨૭ | ૫૬ | ૮ | ૧ | ૦ |
| ૧૨૭ | ૬૧ | ૮ | ૦ | ૧ |
| ૧૪૦ | ૨૯ | ૩ | ૨૪ | ૨૮ |
| ૧૪૦ | ૩૪ | ૩ | ૨૩ | ૨૭ |
| ૧૪૦ | ૩૫ | ૩ | ૨૩ | ૨૭ |
| ૧૪૦ | ૩૬ | ૩ | ૨૩ | ૨૭ |
| ૧૪૦ | ૩૭ | ૩ | ૯ | ૭/૯ |
| ૧૫૫ | ૫ | ૩ | ૦/ | ૦ ૨ |
| ૧૫૯ | ૧૫ | ૨ | સકય | ત્રસકાય |
| ૧૫૯ | ૫૩ | ૨ | ૩ | ૩/૩ |
| ૧૫૯ | ૫૪ | ૨ | ૩ | ૨/૩ |
| ૧૮૦ | ૩૯ | ૩ | ૪૨/૩૪ | ૩૨ |
| ૧૯૯ | ૪૫ | ૧૦ | ૩ | ૫૩ |
| ૧૯૯ | ૫૩ | ૪ | (?) | ૬ |
| ૨૦૫ | ૨૦ | ૬ | ૩ | ૧૩ |
| ૨૧૦ | ૫૪ | ૬ | ૨૦ | ૨૨ |
| ૨૧૪ | ૧૪ | ૩ | ૩૧ | ૧૩૧ |

# કોષ્ટક સિવાયના લખાણનું શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ. | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | જીવદ્વાર | જીવભેદદ્વાર | ૨૬ | ૭ | ઓદારિક, | ઔદારિક |
| ૧ | ૨૫ | હારવંશ | હરિવર્ષ | ૨૬ | ૭ | ઓદારિકમિશ્ર, | ઔદારિકમિશ્ર, |
| ૨ | ૪ | વૈમાલિક | વૈમાણિક | ૨૬ | ૭ | અહારક, | આહારક, |
| ૭ | ૨૪ | એક | એમ | ૩૨ | ૪ | પ્રવર્ત્તતી | પ્રવર્ત્તતા |
| ૭ | ૩૩ | કરતાં | ગણતાં | ૩૪ | ૮ | સબધથી | સંબંધથી |
| ૯ | ૪ | બનેનો | બંનેનો | ૩૪ | ૮ | હાસ્યાદિને નવ | હાસ્યાદિ નવને |
| ૯ | ૭ | આથી | આ ગુણસ્થાનવાળાને | ૩૭ | ૧૭ | થતો હોવાથી | થતો હોવાથી, સાસ્વાદનમાં પણ પૂરેપૂરા હોય. |
| ૯ | ૯ | આના | આ સમકિતના | | | | |
| ૧૨ | ૯ | ખપાવવની | ખપાવવાની | | | | |
| ૧૨ | ૨૦ | અવું | આવું | ૩૮ | ૭ | કપોત)ના | કપોત (કબુતર)ના |
| ૧૩ | ૧૪ | વૃત્તિ | કર્મસ્તવવૃત્તિ | ૩૮ | ૯ | સાર | સાર (ખેરસાર) |
| ૧૩ | ૧૪ | ઉવશમ | ઉપશમ | ૩૮ | ૯ | વૃન્તાકના | વૃન્તાક(રીંગણાં)ના |
| ૧૩ | ૧૬ | પદ | વેદ | ૩૯ | ૩ | યુથિકાપુષ્પ, | યૂથિકાપુષ્પ (જુઈનાં પુષ્પો) |
| ૧૩ | ૨૧ | ગુણસ્થાની | ગુણસ્થાનની | | | | |
| ૧૩ | ૨૨ | કળ | કાળ | ૩૯ | ૬ | લીંબડો | કરિયાતું |
| ૧૩ | ૩૦ | સવે | સર્વે | ૩૯ | ૬ | કડવી ત્રપુષી, | કડવી ત્રપુષી (કડવી કાકડી) |
| ૧૫ | ૧૧ | ખપવે છે | ખપાવે છે | | | | |
| ૧૫ | ૧૭ | અપાવે | ખપાવે | ૩૯ | ૧૨ | સ્તુઓ | વસ્તુઓ |
| ૨૦ | ૨૫ | (૨૩) | (૨૪) | ૪૦ | ૧૮ | આમાં | ૦ |
| ૨૧ | ૨ થી ૪ | મિશ્ર ગુણસ્થાને અથવા ત્રણ કહ્યા છે, પણ મિથ્યાત્વનો અંશ વિશેષ હોય તો અજ્ઞાન હોય માટે બે. | મિશ્ર ગુણસ્થાને પણ મિથ્યાત્વનો અંશ વિશેષ હોય તો અજ્ઞાન હોય માટે બે અથવા ત્રણ કહ્યા છે. | ૪૦ | ૧૬ | દેવતાઓ બાદર પર્યાપ્તા | બાદર પર્યાપ્તા પૃથ્વી,અપૂ |
| | | | | ૪૦ | ૧૮ | સંભવે. | ચાર સંભવે. |
| | | | | ૪૦ | ૨૪ | (૨૭) | (૩૦) |
| | | | | ૪૦ | ૨૫ | (૨૮–૨૯–૩૦ ૩૧–૩૨–૩૩) | (૨૭–૨૮–૨૯– ૩૧–૩૨–૩૩) |
| ૨૩ | ૨૭ | ઊવલિકા | આવલિકા | ૪૦ | ૨૭ | પ્રમત્તદશા | પ્રમત્તદશાપણ |
| ૨૪ | ૩૧ | પ્રાપ્ન | પ્રાપ્ત | ૪૫ | ૧૭ | બૃહત્સગ્રહણી | બૃહત્સંગ્રહણી |
| ૨૬ | ૩ | પુદ્દગલેના | પુદ્દગલોના | ૪૬ | ૬ | ઉદય | ઉદય તે |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૦ | ૨ | વિવેચન | પરિચય |
| ૫૦ | ૪ | અપઅપચય | ચય-અપચય |
| ૫૦ | ૯ | ૦ | વિવેચન |
| ૫૦ | ૧૬ | –૨૯–૩ ) | –૨૯–૩૦) |
| ૫૦ | ૨૨ | છ પે | છયે |
| ૫૫ | ૧૧ | શસ્ત્રપરિજ્ઞાદિ | ષડ્જીવનિકાયાદિ |
| ૫૬ | ૭ | નિર્વિષ | નિર્વિષ્ટ |
| ૫૬ | ૨૦ | સંયોગી | સયોગી |
| ૫૯ | ૨ | વિવેચન | પરિચય |
| ૫૯ | ૨૫ | ૦ | વિવેચન |
| ૬૨ | ૨૧ | ( ૩૭–૩૮ ) | ( ૩૮ ) |
| ૬૪ | ૨ | વિવેચન | પરિચય |
| ૬૪ | ૧૩ | ૦ | વિવેચન |
| ૬૪ | ૧૫ | હેતુ | હેતૂ– |
| ૬૪ | ૧૮ | હેતુ | હેતૂ– |
| ૬૪ | ૧૯ | હેતુ | હેતૂ– |
| ૬૪ | ૩૦ | ( ૩૪-૩૫-૪૬– | ( ૩૪-૩૫ ૩૬– |
| ૬૬ | ૭ | વિવેચન | પરિચય |
| ૬૬ | ૧૩ | ૦ | વિવેચન |
| ૬૮ | ૨ | ૦ | પરિચય |
| ૬૯ | ૧૪ | એવું | એવં |
| ૭૧ | ૨ | ૦ | પરિચય |
| ૭૧ | ૨૦ | રસને યોગ્ય | રસનાં |
| ૭૧ | ૨૦ | પરિણમાવે | પરિણમાવે તે |
| ૭૧ | ૨૧ | રસરૂપે | શરીરરૂપે |
| ૭૧ | ૩૧ | કેમકે | ૦ |
| ૭૬ | ૨ | ૦ | પરિચય |
| ૭૮ | ૧૪ | ધ્યાનમાં | ધ્યાનને |
| ૮૬ | ૫ | હેતુવાદોપશિકી | હેતુવાદોપદેશિકી |
| ૮૮ | ૨૦ | સણગાતાતા | સણ્ણાતીતા |
| ૮૮ | ૨૦ | દીર્ઘકાલિકી | (૩૧)દીર્ઘકાલિકી |
| ૯૦ | ૫ | સૂક્ષ્મ સદેહ | સૂક્ષ્મસંદેહ |
| ૯૧ | ૧૬ | વેદ વૈક્રિય | વૈક્રિય |
| ૧૦૦ | ૩૨ | કાયગોગને વર્તતને | કાયયોગમાં વર્તતાને |
| ૧૦૩ | ૯ | હેય | હોય |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૩ | ૧૦ | છએ સંઘયણ હોય ( ૩૭ ) | ૦ |
| ૧૦૩ | ૧૧ | (૩૮) પહેલા | (૩૭, પહેલાં |
| ૧૦૩ | ૧૨ | એક | એક હોય (૩૮) |
| ૧૧૦ | ૨૫ | ( ૫૫–૫૮ ) | ૫૫ |
| ૧૧૦ | ૨૫ | ચારિત્ર હોય | ચારિત્ર હોય(૫૬ ૫૭-૫૮)નહોય |
| ૧૧૨ | ૨ | ૦ | પરિચય |
| ૧૧૬ | ૨૨ | અપેક્ષએ | અપેક્ષાએ |
| ૧૧૯ | ૧૪ | નારકગતિ, | નરકગતિ, |
| ૧૨૫ | ૨૨ | દે | દેવ |
| ૧૨૫ | ૨૮ | ઉપશમશ્રેણી | ઉપશમશ્રેણીએ |
| ૧૩૧ | ૫ | બેતાળીશ પ્રકારે | ની બેંતાલીશ પ્રકૃતિએ |
| ૧૩૯ | ૨૮ | પથિકી, | પથિકી, પ્રાણાતિપાતિકી, |
| ૧૩૯ | ૨૯ | પ્રેમિકી ક્રિયા, | પ્રેમિકી ક્રિયા અને |
| ૧૩૯ | ૨૯ | અધિકરણિકી અને પ્રાદ્વેષિકી– આ નવ હોય છે. | અધિકરણિકી આ સાત હોય. કેટલાક આચાર્યો ઇર્યાપથિકી અને પ્રાદ્વેષિકી વધારે માને છે. તેના મતમાં નવ હોય. |
| ૧૪૨ | ૮ | સૂ. ૯ અને ૧૦ સૂત્ર. | સૂત્ર. અ. ૯ સૂ. ૧૦ |
| ૧૫૧ | ૨૭ | મનુષ્ય | મનુષ્ય, |
| ૧૫૩ | ૧૨ | ( ૫ ) | (૫) ન હોય |
| ૧૫૩ | ૧૩ | એઇન્દ્રિયોને | ન હોય. બેઇન્દ્રિયાદિને |
| ૧૬૦ | ૧૨ | ( ૩૮–૪૩ ) | ( ૩૮ ) |
| ૧૬૦ | ૧૨ | પાંચ | પાંચ હોય, |
| ૧૬૦ | ૧૩ | ન હોય | એકે ન હોય. ( ૩૯–૪૩ ) પાંચે આવરણ હોય. |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૬ | ૨૦ | ( ૨૪ ) : માય | ( ૨૩ ) : માયા |
| ૧૬૬ | ૨૦ | શેષ સોળ હોય | શેષ સોળ હોય, ( ૨૪ ) ચારે કષાયના ક્રોધ માન અને લોભ સિવાયના શેષ સોળ હોય. |
| ૧૬૭ | ૬ | ના અભાવે હોય છે | નો અભાવ છે. |
| ૧૭૪ | ૪ | ( ૩૪–૪૫ ) | ( ૩૪–૩૫ ) |
| ૧૮૧ | ૪ | કહે છે | કહ્યો છે. |
| ૧૮૧ | ૬ | ૩છ | ૩૭ |
| ૧૮૨ | ૩૦ | સસી | સંસી |
| ૧૮૨ | ૩૨ | વજ્રઋષભનારચ | વજ્રઋષભનારાચ |
| ૧૮૨ | ૩૫ | અનહારી : તજસ. | અનાહારીઃતૈજસ |
| ૧૮૩ | ૪ | ( કહેવાય. | [ કહેવાય જુઓ કાયસ્થિતિ પ્રકરણ ગાથા ૯ |
| ૧૮૩ | ૧૩ | જઘન્ય સમય | જઘન્ય એક સમય |
| ૧૮૩ | ૧૩ | કાલ ઘટે નહિ; | કાલ એક સમય ઘટે નહિ; |
| ૧૮૩ | ૧૮ | સમય કાલ | એક સમય કાળ |
| ૧૮૪ | ૭ | અવધિજ્ઞન | અવધિજ્ઞાન |
| ૧૮૪ | ૧૬ | કેઈ | કોઇ |
| ૧૮૫ | ૧૮ | સંખ્યતા | સંખ્યાતા. |
| ૧૮૫ | ૮ | ૧૮માં, | ,૫૫૧૮માં. |
| ૧૮૫ | ૧૦ | ત્રણ પલ્યોપમ પૂર્વકાલ પૃથકત્વ અધિક | ત્રણ પલ્યોપમને સાત કરોડ પૂર્વ. જુઓ કાયસ્થિતિ પ્રકરણ ગાથા ૧૦ |
| ૧૮૬ | ૩ | અધિક | અધિક, જુઓ કાયસ્થિતિ પ્રકરણ ગાથા ૯ |
| ૧૮૭ | ૧૨ | ઉકૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૧૮૮ | ૨૬ | આપશે | આવશે |
| ૧૮૯ | ૪ | આઠ વર્ષની વયે | આઠ વર્ષની પૂર્ણ વયે. |
| ૧૮૯ | ૪ | ચારિત્ર પાળી | ચારિત્ર લઇને |
| ૧૮૯ | ૩૬ | લોકપ્રકાશ | દ્રવ્યલોકપ્રકાશ |
| ૯૦ | ૧૫ | ( ૨૧–૩૨ ) | ( ૩૧–૩૨ ) |
| ૧૯૧ | ૨૬ | અ. ૩૩, ૧૩૨ | અ. ૩૬, ગાથા ૧૩૨ |
| ૧૯૨ | ૧ | સુહત્ | બૃહત્ |
| ૧૯૨ | ૪ | અ. ૩૬, ૧૦૨ | અ. ૩૬, ગાથા ૧૦૨ |
| ૧૯૨ | ૨૭ | પરતુ | પરંતુ |
| ૧૯૪ | ૭ | અગુલને | અંગુલને |
| ૧૯૪ | ૧૭ | ઉકૃષ્ટને | ઉત્કૃષ્ટને |
| ૧૯૪ | ૨૭ | થય છે. | થાય છે. |
| ૧૯૪ | ૩૪ | ઉત્તરવક્રિય | ઉત્તરવૈક્રિય |
| ૧૯૫ | ૩ | અપેક્ષએ | અપેક્ષાએ |
| ૧૯૫ | ૧૩ | ઉકૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૧૯૫ | ૨૧ | અવગહના | અવગાહના |
| ૧૯૫ | ૨૨ | મરણ સમુદ્ઘત કૃત | મરણ સમુદ્ઘાત-કૃત |
| ૧૯૫ | ૨૩ | મરણ સમુદ્ઘત કૃત | મરણ સમુદ્ઘાત-કૃત |
| ૧૯૫ | ૨૮ | લગભગ દેવલોક | લગભગ દેવલોક |
| ૧૯૬ | ૧૦ | ઉકૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૧૯૬ | ૨૭ | સમકતી | સમકિતી |
| ૧૯૬ | ૩૦ | સી ન્દ્ર | સીતેન્દ્ર |
| ૧૯૭ | ૧૦ | અઠમા | આઠમા |
| ૧૯૭ | ૧૯ | વૈક્રિય અવગહના | વૈક્રિય અવગાહના |
| ૧૯૭ | ૨૨ | સમુદ્ઘત | સમુદ્ઘાત |
| ૧૯૭ | ૨૪ | કેવળી સમુદ્ઘત | કેવળી સમુદ્ઘાત |
| ૨૦૦ | ૭ | અનતાનુબંધી | અનંતાનુબંધી |
| ૨૦૦ | ૧૦ | હેય | હોય. |
| ૨૦૦ | ૧૧ | ( ૩૪–૪૬ ) | ( ૩૪–૩૬ ) |
| ૨૦૦ | ૧૬ | પચ | પાંચ |
| ૨૦૦ | ૧૭ | શાતવેનીય હોય. | શાતાવેદનીય હોય. |
| ૨૦૧ | ૧ | બંધમાં | બંધમાં સાતે કર્મની તથા |
| ૨૦૩ | ૨ | સાતે કર્મની ૫૩ પ્રકૃતિ બંધના નામ- | બંધમાં સાત કર્મની ૫૩ પ્રકૃતિના નામ- |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૧૧ | ૩ | હોય જ. | હોયજ સીત્તેરમાં |
| ૨૧૩ | ૧૩ | અને એ | અને જિનનામએ |
| ૨૧૬ | ૨૪ | વૈમનિક | વૈમાનિક |
| ૨૧૭ | ૧૭ | વનસ્પતિ બાદ કરતાં | વનસ્પતિના |
| કોઠો ૨૧૯ | ૩-૪ | ૧૩ા | ૧૩૧ |
| .. ૨૧૯ | ૨૧-૪ | ૩૧ | ૧૩૧ |
| ૨૨૧ | ૩૧ | અને પર્યાપ્તા | અને અપર્યાપ્તા |
| ૨૨૯ | ૬ | મિત્ર | મિશ્ર |
| ૨૩૩ | ૭ | તે | છે, |
| ૨૩૩ | ૨૯ | ( ૫૮, ૬૦ ) | ( ૫૮-૬૦ ) |
| ૨૩૫ | ૨૧ | ગર્ભ- | ગર્ભજ |
| ૨૩૫ | ૭ | કુશલસૂરિના શિષ્ય વિજયદેવસૂરિ. | શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાથી શ્રી વિનયકુશલમુનિ. |
| ૨૩૫ | ૩ | કુલમંડલ | કુલમંડન |
| ૨૩૬ | ૧૦ | અર્થાત્ | અર્થાત ચૌદમા ગુણસ્થાનવાળા અને |
| ૨૩૬ | ૩૨ | માર્ગણામાં : છે તેમાંથી | માર્ગણા, માંથી |
| ૨૩૬ | ૩૩ | બીજાઓને હોય | બીજાઓને ન હોય. |
| ૨૩૬ | ૧૮ | જીવો એટલે કેવળી અવસ્થામાં | જીવોની સ્થિતિ |
| ૨૩૬ | ૨૧ | કાલ સુધી નરકમાં ન જાય. | કાલ પછી નરકમાં જાય. |
| ૨૩૭ | ૪ | કાલ | કાલ ક્ષાયિક સમકિતની અપેક્ષાએ |
| ૨૩૭ | ૧૦ | જઘન્યથી | ભવપરાવૃત્તિની અપેક્ષાએ જઘન્યથી |
| ૨૩૭ | ૧૩ | છે. | છે.૨૪-૨૫-૨૬-૨૭--૨૮-૨૯ આટલી કલમોના પ્રમાણ માટે 'વિચારસપ્તતિકા'ની ગાથા ૭૪ થી ૭૭ જુઓ. |
| ૨૩૭ | ૧૪ | બારમા | બારમા અને તેરમા |
| ૨૩૭ | ૧૬ | ( ૩૧ ) | ( ૩૧ ) દેવ તથા નારકી ઉપરાંત |
| ૨૩૭ | ૧૬ | જળચર | ગર્ભજ જળચર |
| ૨૩૮ | ૯ | સમ્યગ્ દૃષ્ટિ | સાસ્વાદનની અપેક્ષાએ સમ્યગ્ દૃષ્ટિ |
| ૨૩૮ | ૧૨ | સમ્યગ્ મિથ્યા-દૃષ્ટિ | અને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ એમ ત્રણે પ્રકારના |
| ૨૩૮ | ૧૯ | દ્વિપદમાં | દ્વિપદ-સચિત્તમાં પ્રધાન-મુખ્ય |
| ૨૩૮ | ૨૦ | સિંહાદિ | મુખ્ય સિંહાદિ |
| ૨૩૮ | ૨૦ | અપદમાં | અપદમાં મુખ્ય |
| ૨૩૯ | ૨૬ | શ્રુતજ્ઞાનની | વિશિષ્ટ શ્રુતજ્ઞાનની |
| ૨૪૦ | ૧૩ | સર્વ જીવોને | સર્વ સંસારી જીવોને |

નોટ ૧— ૩૭ અને ૩૮ મી કલમો બરાબર નથી, માટે તેને રદ્દી સમજવી.

નોટ ૨— ૧૬ )માં સમ્યક્ત્વદ્વારમાં ૪૩ મી માર્ગણા અવધિદર્શનનું વિવેચન-ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક, કર્મગ્રંથ ચોથો, ગાથા ૪૯ના વિવેચનમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને પણ વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય, એમ કહ્યું છે. એ અપેક્ષાએ અવધિદર્શનમાં છએ સમકિત ઘટી શકે આ વાત તેના વિવેચનમાં આપવી રહી ગઇ હતી, તેથી અહીં આપી છે.

## આ ગ્રન્થમાં જે જે ગ્રન્થોની શાખ આપવામાં આવી છે તે ગ્રન્થોની સૂચી.

૧ અભવ્ય કુલક.
૨ આચારાંગ સૂત્ર.
૩ આવશ્યક સૂત્ર.
૪ ઉત્તરાધ્યયન સૂત્ર.
૫ કર્મગ્રન્થ પહેલો.
૬ કર્મગ્રન્થ ત્રીજો.
૭ કર્મગ્રન્થ ચોથો.
૮ કર્મગ્રન્થ છટ્ઠો.
૯ કર્મગ્રન્થ છટ્ઠાની વૃત્તિ.
૧૦ કર્મગ્રન્થની અવચૂરિ.
૧૧ કર્મગ્રન્થની લઘુવૃત્તિ.
૧૨ કર્મગ્રન્થ વૃત્તિ.
૧૩ કર્મસ્તવ વૃત્તિ.
૧૪ કાયસ્થિતિ પ્રકરણ.
૧૫ કાલ લોક.
૧૬ ગુણસ્થાનક્રમારોહ.
૧૭ જીવવિચાર.
૧૮ જીવાભિગમ સૂત્ર.
૧૯ તત્ત્વાર્થાધિગમ વૃત્તિ.
૨૦ તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાષ્ય.
૨૧ તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ.
૨૨ દશવૈકાલિક સૂત્ર.
૨૩ દંડક પ્રકરણ.
૨૪ દ્રવ્યલોકપ્રકાશ.
૨૫ નવતત્ત્વ ભાષ્ય.
૨૬ નંદીસૂત્ર
૨૭ પન્નવણા સૂત્ર.
૨૮ પંચસંગ્રહ
૨૯ પ્રવચનસાર.
૩૦ પ્રવચનસારોદ્ધાર.
૩૧ બૃહત્ સંગ્રહણી.
૩૨ શ્રી ભગવતી સૂત્ર
૩૩ શ્રી ભગવતી સૂત્ર-ચૂર્ણિ
૩૪ ભાવ લોકપ્રકાશ.
૩૫ ભાષ્યની વૃત્તિ.
૩૬ મહાભાષ્ય.
૩૭ યોગશાસ્ત્ર.
૩૮ રાયપસેણિ.
૩૯ વિચારપંચાશિકા
૪૦ વિચારસપ્તતિકા (સિત્તરી).
૪૧ વિચારસાર પ્રકરણ.
૪૨ વિશેષણવતી.
૪૩ વિશેષાવશ્યક ભાષાન્તર.
૪૪ વિશેષાવશ્યક વૃત્તિ.
૪૫ શતક બૃહત્ ચૂર્ણિ.
૪૬ સપ્તતત્ત્વ પ્રકરણ.
૪૭ શ્રી સ્થાનાંગ સૂત્ર.

# પરિશિષ્ટ પહેલું

## અવશિષ્ટ દ્વારો.

### ૭૩ ધ્રુવબંધી દ્વાર

**પરિચય**—ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિ આ પ્રમાણે. જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, ૧૬ કષાય, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ. આ ઓગણીશ પ્રકૃતિ મોહનીય કર્મની, વર્ણચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત—આ નવ પ્રકૃતિ નામ કર્મની, પાંચ અંતરાય—આ ૪૭ પ્રકૃતિ ધ્રુવબંધીની છે.

### વિવેચન

૧ થી ૨૫ માર્ગણામાં, ૩૧ થી ૩૩ માર્ગણામાં, ૪૦ થી ૪૨, ૪૫ થી ૫૨, ૫૮ થી ૬૨ માર્ગણામાં, ઉપરની માર્ગણામાં સંપૂર્ણ ૪૭ પ્રકૃતિ લાભે. ૨૬ થી ૨૮ માં ધ્રુવબંધી ૪૭ ગણાવી છે, તેમાંથી અનંતાનુબંધી ચોકડી, થીણદ્ધિત્રિક અને મિથ્યાત્વ આ આઠ બાદ કરતાં ૩૯ લાભે. ૨૯ માં ધ્રુવબંધી ૪૭ ગણાવી છે તેમાંથી અનંતાનુબંધી ચોકડી, અપ્રત્યાખ્યાની ચોકડી, પ્રત્યાખ્યાનની ચોકડી-આ બાર કષાય, થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ મોહનીય આ ૧૬ સિવાય ૩૧ પ્રકૃતિ લાભે. ૩૦માં એક પણ પ્રકૃતિ ન લાભે. ૩૪ થી ૩૬ માં ૩૧ પ્રકૃતિ લાભે મનઃપર્યવજ્ઞાનવત્. ૩૭ માં જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫-આ ૧૪ પ્રકૃતિ લાભે. ૩૮ માં એક પણ પ્રકૃતિ ન લાભે. ૩૯ માં ૩૫ લાભે. મનઃપર્યવજ્ઞાનમાં ૩૧ પ્રકૃતિ ગણાવી છે તેમાં અપ્રત્યાખ્યાનની ચોકડી ઉમેરતાં ૩૫ લાભે. ૪૩માં ૩૯ પ્રકૃતિ લાભે-અવધિજ્ઞાનવત્. ૪૪ માં એક પણ પ્રકૃતિ ન લાભે. ૫૩ થી ૫૬ માં ૩૯ પ્રકૃતિ લાભે—અવધિજ્ઞાનવત્. ૫૭ માં મિથ્યાત્વ સિવાય ૪૬ પ્રકૃતિ લાભે.

★

### ૭૪ અધ્રુવબંધી દ્વાર

**પરિચય**—અધ્રુવબંધીની ૭૩ પ્રકૃતિ આ પ્રમાણે છે. વેદનીય ૨, ત્રણ વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, આ સાત મોહનીય કર્મની, આયુષ્ય ચાર, નામકર્મની વર્ણચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત, વર્ણાદિ નવ પ્રકૃતિ વિના નામકર્મની ૫૮, ગોત્રની ૨-આ ૭૩ પ્રકૃતિ અધ્રુવબંધીની જાણવી.

## વિવેચન

( ૧ ) ૫૭ પ્રકૃતિ આ પ્રમાણે લાભે. જે અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ છે તેમાંથી દેવત્રિક, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, આ ૧૬ વિના ૫૭ લાભે ( ૨ ) સંપૂર્ણ ૭૩ લાભે. ( ૩ ) ૭૩ પ્રકૃતિમાંથી આહારકદ્વિક અને જિનનામ આ ત્રણ સિવાય ૭૦ લાભે. ( ૪ ) દેવગતિમાં ૧૬ પ્રકૃતિ વર્જી છે, તદુપરાંત એકેન્દ્રિય, સ્થાવર, આતપ આ ત્રણ પ્રકૃતિ ઉમેરતાં કુલ ૧૯ વિના ૫૪ લાભે. ( ૫ ) જિનનામ, દેવત્રિક, નરકત્રિક, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, આ ૧૧ વિના ૬૨ પ્રકૃતિ લાભે. ( ૬–૮ ) ૬૨ પ્રકૃતિ લાભે. એકેન્દ્રિયવત્. ( ૯ ) ૭૩ સંપૂર્ણ લાભે. ( ૧૦-૧૧,૧૪ ) ૬૨ પ્રકૃતિ લાભે એકેન્દ્રિયવત્ ( ૧૨, ૧૩ ) જે એકેન્દ્રિયમાં ૧૧ પ્રકૃતિ વર્જી છે તદુપરાંત મનુષ્યત્રિક, ઉચ્ચ ગોત્ર, આ ચાર ઉમેરતાં ૧૫ થાય. આ ૧૫ પ્રકૃતિ ૭૩ માંથી બાદ કરતા ૫૮ લાભે. ( ૧૫–૨૫ ) ૭૩ પ્રકૃતિ લાભે. ( ૨૬–૨૮ ) અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ છે તેમાંથી નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપનામ, નપુંસકવેદ, પ્રથમના પાંચ સંઘયણ, પ્રથમના પાંચ સંસ્થાન, દુર્ભગત્રિક, તિર્યંચત્રિક, સ્ત્રીવેદ, ઉદ્યોત, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર–આ ૩૩ પ્રકૃતિ વર્જી બાકીની ૪૦ લાભે. ( ૨૯ ) જે મતિજ્ઞાનમાં ૩૩ પ્રકૃતિ બાદ કરી છે તે ઉપરાંત મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક, પ્રથમ સંઘયણ, ૩૩ માં ૬ ઉમેરતા ૩૯ પ્રકૃતિ બાદ કરતા ૩૪ લાભે. ( ૩૦ ) એક શાતાવેદનીય લાભે. ( ૩૧–૩૩ ) જિનનામ, આહારકદ્વિક, સિવાય ૭૦ લાભે ( ૩૪–૩૬ ) ૩૪ પ્રકૃતિ લાભે મનઃપર્યવજ્ઞાનવત્ ( ૩૭ ) યશનામ, ઉચ્ચગોત્ર, શાતાવેદનીય, આ ત્રણ પ્રકૃતિ લાભે ( ૩૮ ) એક શાતાવેદનીય લાભે. ( ૩૯ ) મનઃપર્યવજ્ઞાનમાં ૩૪ ગણાવેલ છે તેમાંથી આહારકદ્વિક, બાદ કરતા ૩૨ પ્રકૃતિ લાભે. ( ૪૦ ) આહારકદ્વિક વિના ૭૧ પ્રકૃતિ લાભે. ( ૪૧–૪૨ ) ૭૩ પ્રકૃતિ લાભે. ( ૪૩ ) ૪૦ પ્રકૃતિ લાભે. અવધિજ્ઞાનવત્. ( ૪૪ ) એક શાતાવેદનીય લાભે ( ૪૫–૪૭ ) આહારકદ્વિક વિના ૭૧ લાભે ( ૪૮ ) અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ છે તેમાંથી નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આ નવ પ્રકૃતિ વિના ૬૪ લાભે ( ૪૯ ) તેજોલેશ્યામાં ૭૩ પ્રકૃતિમાંથી ૯ વર્જી છે તદુપરાંત એકેન્દ્રિય, સ્થાવર, આતપ આ ત્રણ ઉમેરતા ૧૨ પ્રકૃતિ વર્જીને ૬૧ પ્રકૃતિ લાભે ( ૫૦ ) જે અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ છે તેમાંથી નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, એકેન્દ્રિય નામ, સ્થાવર, આતપ નામ, તિર્યંચત્રિક, ઉદ્યોત નામ–આ ૧૬ પ્રકૃતિ વર્જીને ૫૭ સમજવી. અહીં જે શુભ લેશ્યામાં ૫૭ પ્રકૃતિ કહી છે તે ત્રીજા કર્મગ્રન્થની ગાથા ૨૩ મીના અભિપ્રાય મુજબ છે. કેટલેક ઠેકાણે ઉદ્યોત નામ અને તિર્યંચત્રિક આ ચાર પ્રકૃતિ વધારે પણ જણાય છે. બૃહત્સંઘયણીના અભિપ્રાયે. ( ૫૧ ) ૭૩ પ્રકૃતિ લાભે ( ૫૨ ) આહારકદ્વિક, જિનનામ, આ ત્રણ વર્જીને ૭૦ પ્રકૃતિ લાભે. ( ૫૩ ) ૩૮ પ્રકૃતિ લાભે. જે મતિજ્ઞાનમાં ૪૦ પ્રકૃતિ જણાવી છે તેમાંથી મનુષ્ય અને દેવાયુષ્ય વર્જીને ૩૮ હોય. ( ૫૪–૫૫ ) ૪૦ પ્રકૃતિ લાભે. મતિજ્ઞાનવત્ ( ૫૬ ) ૩૫ પ્રકૃતિ લાભે. જે મતિજ્ઞાનમાં ૪૦ પ્રકૃતિ કહી છે તેમાંથી આહારકદ્વિક, જિનનામ કર્મ, મનુષ્યાયુ તથા દેવાયુ આ પાંચ પ્રકૃતિ વર્જીને ૩૫ લાભે ( ૫૭ ) ૫૫ પ્રકૃતિ લાભે. નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ, આતપ નામ, આહારકદ્વિક, જિનનામ, આ ૧૮ પ્રકૃતિ ૭૩ માંથી બાદ કરતા ૫૫ પ્રકૃતિ લાભે. ( ૫૮ ) ૭૦ પ્રકૃતિ લાભે અભવ્યવત્ ( ૫૯ ) ૭૩ પ્રકૃતિ લાભે ( ૬૦ ) ૭૦ પ્રકૃતિ અભવ્યવત્ ( ૬૧ ) ૭૩ પ્રકૃતિ લાભે ( ૬૨ ) આહારકદ્વિક, દેવાયુ, નરકત્રિક, મનુષ્યાયુ, તિર્યંચ આયુષ્ય, આ આઠ પ્રકૃતિ ૭૩ માંથી બાદ કરતા ૬૫ હોય.

## ૭૫ ધ્રુવોદય દ્વાર

**પરિચય**—ધ્રુવોદયની ૨૭ પ્રકૃતિ આ પ્રમાણે છે–જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, મિથ્યાત્વ મોહનીય, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, નિર્માણ, તૈજસ, કાર્મણ, સ્થિર તથા અસ્થિર, શુભ, અશુભ, અંતરાય ૫–આ ૨૭ પ્રકૃતિ ધ્રુવોદયની છે.

### વિવેચન

(૧–૨૫) (૩૧–૩૩) (૪૦–૪૨) (૪૫–૫૨) (૫૮–૬૨) આટલી માર્ગણામાં ધ્રુવોદયની ૨૭ પ્રકૃતિ કહી છે તે બધી લાભે. (૨૬–૨૯) (૩૪–૩૯) (૪૩) (૫૩–૫૭) આટલી માર્ગણામાં ધ્રુવોદયની ૨૭ પ્રકૃતિ કહી છે તેમાંથી મિથ્યાત્વને બાદ કરતાં ૨૬ લાભે. (૩૦) નામકર્મની ધ્રુવોદયની ૧૨ પ્રકૃતિ લાભે. (૪૪) નામકર્મની ધ્રુવોદયની ૧૨ પ્રકૃતિ લાભે.

★

## ૭૬ અધ્રુવોદય દ્વાર.

**પરિચય:-અધ્રુવોદયની ૯૫ પ્રકૃતિ આ પ્રમાણે છે. પાંચ નિદ્રા, બે વેદનીય, મિથ્યાત્વ વિના મોહનીય કર્મની ૨૭, આયુષ્ય ૪, ગતિ ૪, જાતિ ૫, તૈજસ તથા કાર્મણ સિવાયના ત્રણ શરીર, ૩ ઉપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, ૪ અનુપૂર્વી, બે વિહાયોગતિ, નિર્માણ અને અગુરુલઘુ સિવાય છ પ્રત્યેક પ્રકૃતિ, સ્થિર અને શુભ સિવાયની ત્રસ દસકાની આઠ, અસ્થિર અને અશુભ વિના સ્થાવરદસકાનાં આઠ, બે ગોત્ર–આ ૯૫ પ્રકૃતિ અધ્રુવોદયની છે.**

### વિવેચન

(૧) ૫૭ પ્રકૃતિ લાભે, તે આ પ્રમાણે–પાંચ નિદ્રા, બે વેદનીય, ૧૬ કષાય, હાસ્યષટ્ક, પુરુષવેદ, સ્ત્રીવેદ, સમકિતમોહનીય, મિશ્રમોહનીય, દેવત્રિક, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, પ્રથમ સંસ્થાન, શુભ વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સૌભાગ્ય, દુર્ભાગ્ય, આદેય, અનાદેય, યશ, અપયશ, ઉચ્ચગોત્ર, સુસ્વર–આ ૫૭ પ્રકૃતિ દેવગતિમાં લાભે. અને પંચસંગ્રહ તથા કર્મપ્રકૃતિના અભિપ્રાયે દેવગતિમાં થીણદ્ધિત્રિકનો ઉદય માન્યો નથી તે અભિપ્રાયે થીણદ્ધિત્રિક વિના ૫૪ લાભે. અહિં દેવગતિમાં ઉદ્યોતનો ઉદય કહ્યો છે તે ઉત્તરવૈક્રિય શરીરની અપેક્ષાએ (૨) જે અધ્રુવોદયની ૯૫ પ્રકૃતિ છે તેમાંથી નરકત્રિક, દેવત્રિક, તિર્યંચત્રિક, સ્થાવર, સૂક્ષ્મનામ, સાધારણનામ, આતપનામ, એકેન્દ્રિયાદિ જાતિ ૪, આ ૧૭ પ્રકૃતિ વિના ૭૮ લાભે. (૩) જે અધ્રુવોદયમાં ૯૫ પ્રકૃતિ ગણાવી છે તેમાંથી મનુષ્યત્રિક, દેવત્રિક, નરકત્રિક, આહારકદ્વિક, જિનનામ, ઉચ્ચગોત્ર–આ ૧૩ પ્રકૃતિ વર્જી બાકીની ૮૨ લાભે. (૪) જે અધ્રુવોદયમાં ૯૫ પ્રકૃતિ ગણાવી છે તેમાંથી પાંચ નિદ્રા, બે વેદનીય, ૧૬ કષાય, હાસ્યષટ્ક, નપુંસકવેદ, સમકિતમોહનીય, મિશ્રમોહનીય, નરકત્રિક, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, હુંડક સંસ્થાન, અશુભ વિહાયોગતિ ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, દુર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય, અપયશ, નીચગોત્ર, આ ૫૨

પ્રકૃતિ લાભે. પંચસંગ્રહના અભિપ્રાયે થીણદ્ધિત્રિક વિના ૪૯ લાભે. (૫) ૫૪ પ્રકૃતિનો ઉદય હોય તે આ પ્રમાણે–નિદ્રા ૫, વેદનીય ૨, ૧૬ કષાય, હાસ્યષટ્ક, નપુંસકવેદ, તિર્યંચત્રિક, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, વૈક્રિય શરીર, હુંડક સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, આતપ, ઉદ્યોત, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, યશનામ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દુર્ભાગ્ય, અનાદેય, અપયશ, નીચગોત્ર, આ ૫૪ પ્રકૃતિનો ઉદય હોય. અહીં વૈક્રિય શરીર વાઉકાય આશ્રયી ગણ્યું છે. (૬) ૫૫ પ્રકૃતિનો ઉદય હોય, તે આ પ્રમાણે–નરકત્રિક, દેવત્રિક, વૈક્રિયદ્વિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, સ્ત્રીવેદ, પુરુષવેદ, એકેન્દ્રિય નામ, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જાતિ, આહારકદ્વિક, પ્રથમના પાંચ સંઘયણ, પ્રથમના પાંચ સંસ્થાન, શુભ વિહાયોગતિ, જિનનામ, સ્થાવરનામ, સૂક્ષ્મનામ, સાધારણ, આતપ, સુભગ, આદેય, સમકિતમોહનીય, મિશ્રમોહનીય–આ ૪૦ બાદ કરતા ૯૫માંથી ૫૫નો ઉદય હોય. (૭–૮) ૫૫નો ઉદય હોય. ઉપર પ્રમાણે. ફેર માત્ર એટલો કે બેઇન્દ્રિયના બદલે તેઇન્દ્રિયનો ચઉરેન્દ્રિયનો ઉદય સમજવો. (૯) એકેન્દ્રિયાદિ ચાર જાતિ, સ્થાવરદ્વિક, સાધારણનામ, આતપનામ-આ આઠ પ્રકૃતિ વિના ૮૭ લાભે. (૧૦) જે એકેન્દ્રિય માર્ગણામાં ૫૪નો ઉદય કહ્યો છે તેમાંથી સાધારણ નામ, વૈક્રિય શરીર, આ બે પ્રકૃતિ બાદ કરતાં ૫૨ નો ઉદય હોય. (૧૧) જે પૃથ્વીકાય માર્ગણામાં ૫૨ પ્રકૃતિ બતાવી છે તેમાંથી આતપ નામ બાદ કરતા ૫૧નો ઉદય હોય. (૧૨) અપ્કાયમાં ૫૧ પ્રકૃતિ બતાવી છે તેમાંથી ઉદ્યોત, યશનામ બાદ કરતા ૪૯ નો ઉદય હોય. (૧૩) તેઉકાયમાં ૪૯ પ્રકૃતિ બતાવી છે તેમાં વૈક્રિય શરીર ઉમેરતાં ૫૦ નો ઉદય હોય. (૧૪) જે એકેન્દ્રિય માર્ગણામાં ૫૪ પ્રકૃતિનો ઉદય કહ્યો છે તેમાંથી આતપ નામ, વૈક્રિય શરીર, આ બે પ્રકૃતિ બાદ કરતા ૫૨ નો ઉદય હોય. (૧૫) એકેન્દ્રિય જાતિ, સ્થાવર દ્વિક, સાધારણ નામ, આતપ નામ, આ પાંચ પ્રકૃતિ વિના ૯૦ નો ઉદય હોય. (૧૬) એકેન્દ્રિયાદિ જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આનુપૂર્વીચતુષ્ક, આતપ નામ આ ૧૩ પ્રકૃતિ ૯૫માંથી બાદ કરતાં ૮૨ નો ઉદય હોય. (૧૭) સ્થાવરચતુષ્ક, આનુપૂર્વી ૪, આતપ નામ એકેન્દ્રિય જાતિ–આ દસ પ્રકૃતિ વિના ૮૫ નો ઉદય હોય. (૧૮) ૯૫ પ્રકૃતિનો ઉદય હોય કારણ કે કાયયોગ સર્વને હોય. (૧૯) નરકત્રિક, સ્થાવરદ્વિક, સાધારણ, આતપ, એકેન્દ્રિયાદિ જાતિ ૪, જિનનામ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. આ ૧૪ પ્રકૃતિ વિના ૮૧ નો ઉદય હોય. (૨૦) જે પુરુષવેદમાં ૮૧ પ્રકૃતિ નો ઉદય કહ્યો છે તેમાંથી આહારકદ્વિક બાદ કરતાં ૭૯ નો ઉદય હોય, કારણ કે સ્ત્રીઓને આહારક-લબ્ધિ હોતી નથી. (૨૧) દેવત્રિક, જિનનામ, પુરુષવેદ, સ્ત્રીવેદ, આ ૭ પ્રકૃતિ બાદ કરતા ૮૯ નો ઉદય હોય. (૨૨) માન ૪, માયા ૪, લોભ ૪, જિનનામ–આ ૧૩ પ્રકૃતિ વિના ૮૨નો ઉદય હોય. (૨૩) ક્રોધ ૪, માયા ૪, લોભ ૪, જિનનામ–આ ૧૩ પ્રકૃતિ વિના ૮૨નો ઉદય હોય. (૨૪) ક્રોધ ૪, માન ૪, લોભ ૪, જિનનામ આ ૧૩ પ્રકૃતિ વિના ૮૨નો ઉદય હોય. (૨૫) ક્રોધ ૪, માન ૪, માયા ૪, જિનનામ, આ ૧૩ પ્રકૃતિ વિના ૮૨ નો ઉદય હોય. (૨૬–૨૭) સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, અનંતાનુબંધી ચતુષ્ક, આતપ, મિશ્ર મોહનીય, જિનનામ–આ ૧૫ પ્રકૃતિ વિના ૮૦ નો ઉદય હોય. (૨૮) જે મતિજ્ઞાનમાં ૧૫ પ્રકૃતિ બાદ કરી છે તે ઉપરાંત તિર્યંચાનુપૂર્વી સહિત ૧૬ બાદ કરતાં ૭૯ નો ઉદય હોય. અહીં જે અવધિજ્ઞાનમાં તિર્યંચાનુપૂર્વીનો નિષેધ કર્યો છે તે પન્નવણા સૂત્રને આધારે. તે અભિપ્રાયે તિર્યંચાનુ-પૂર્વી બાદ કરી છે (૨૯) નિદ્રા ૫, વેદનીય ૨, સંજ્વલનચતુષ્ક, ત્રણ વેદ, હાસ્યષટ્ક, સમકિત મોહનીય, મનુષ્યાયુષ્ય, ઉચ્ચ ગોત્ર, મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, બે વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ; સ્થિર અને શુભ સિવાયની ત્રસ-દસકાની ૮ અને દુઃસ્વર–આ ૫૫ પ્રકૃતિનો ઉદય હોય. (૩૦) મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદા-

રિક દ્વિક, પહેલું સંઘયણ, ૭ સંસ્થાન, બે વિહાયોગતિ, જિનનામ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસત્રિક, સુભગ, આદેય, યશ, સુસ્વર, પ્રત્યેક, દુઃસ્વર, બે વેદનીય, મનુષ્યાયુષ્ય, ઉચ્ચગોત્ર,–આ ૩૦ પ્રકૃતિનો ઉદય હોય. (૩૧–૩૨) સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ, આહારકદ્વિક, આ પાંચ પ્રકૃતિ વિના ૯૦ નો ઉદય હોય. અહિંયા ત્રણ અજ્ઞાન ને બે ગુણસ્થાન માનીએ તો આ પાંચ વિના ૯૦ નો ઉદય હોય. ત્રણે અજ્ઞાનમાં પ્રથમના ત્રણ ગુણસ્થાન પણ શાસ્ત્રમાં કહ્યાં છે માટે પૂર્વોક્ત ૯૦ માંહે મિત્ર મોહનીય ઉમેરતાં ૯૧ નો ઉદય હોય; કારણ કે ત્રણ અજ્ઞાનને ચતુર્થ કર્મગ્રન્થમાં બે ત્રણ ગુણસ્થાન કહ્યાં છે. બે ગુણસ્થાનના અભિપ્રાયે ૯૦ અને ત્રણ ગુણસ્થાનના અભિપ્રાયે ૯૧ નો ઉદય સમજવો. (૩૩) આહારકદ્વિક, જિનનામ, સમ્યક્ત્વ મોહનીય, સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, આતપ નામ, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી એ ૧૫ પ્રકૃતિ સિવાય ૮૦ પ્રકૃતિનો ઉદય હોય. મનુષ્ય અને તિર્યંચમાં વિગ્રહ ગતિમાં વિભંગ સહિત ન ઉપજે અને ઋજુ ગતિએ ઉપજે, માટે અહિં મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીનો નિષેધ કર્યો છે. (૩૪–૩૫) ૫૫ પ્રકૃતિનો ઉદય હોય. મનઃપર્યવજ્ઞાનવત્ (૩૬) આહારકદ્વિક, સ્ત્રીવેદ, પ્રથમ સંઘયણ સિવાયના પાંચ, મનઃપર્યવજ્ઞાનમાં ૫૫ ગણાવી છે તેમાંથી ઉપરની આઠ પ્રકૃતિ બાદ કરતાં ૪૭ નો ઉદય હોય, કારણ કે ઉપર બતાવેલ આઠ પ્રકૃતિના ઉદયવાળા જીવો પરિહારવિશુદ્ધિ ચારિત્ર લઈ શકે નહિ. (૩૭) નિદ્રાદ્વિક, વેદનીય બે, સંજ્વલનનો લોભ, મનુષ્યાયુ, ઉચ્ચ ગોત્ર, મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક દ્વિક, પ્રથમના ત્રણ સંઘયણ, ૭ સંસ્થાન, બે વિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર અને શુભ સિવાયની ત્રસદસકાની આઠ, દુઃસ્વર, આ ૩૪ પ્રકૃતિનો ઉદય હોય. (૩૮) જે સૂક્ષ્મસંપરાયમાં ૩૪ પ્રકૃતિનો ઉદય કહ્યો છે તેમાંથી લોભ બાદ કરવો અને જિનનામ ઉમેરતાં ૩૪ પ્રકૃતિનો ઉદય હોય. (૩૯) જે મનઃપર્યવજ્ઞાનમાં ૫૫ ગણાવી છે, તદુપરાંત પ્રત્યાખ્યાનીચતુષ્ક, તિર્યંચ ગતિ, તિર્યંચાયુષ્ય, ઉદ્યોત નામ, નીચ ગોત્ર, આ આઠ પ્રકૃતિ ઉમેરતા ૬૩ નો ઉદય હોય. (૪૦) આહારકદ્વિક, જિનનામ, આ ત્રણ પ્રકૃતિ સિવાય ૯૨ નો ઉદય હોય. (૪૧) એકેન્દ્રિયાદિ ત્રણ જાતિ, આનુપૂર્વીચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ નામ, જિનનામ-આ ૧૩ પ્રકૃતિ ૯૫ માંથી બાદ કરતા ૮૨ પ્રકૃતિનો ઉદય હોય. (૪૨) જિનનામ સિવાય ૯૪ નો ઉદય હોય. (૪૩) ૭૯ પ્રકૃતિનો ઉદય હોય. અવધિજ્ઞાનવત્ (૪૪) ૩૦ પ્રકૃતિનો ઉદય હોય. કેવલજ્ઞાનવત્. (૪૫–૪૭) પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાએ ૭ ગુણસ્થાન હોય. ત્યાં જિનનામ વિના ૯૪ હોય અને પ્રતિપદ્યમાન કૃષ્ણલેશ્યાને ચાર ગુણસ્થાન કહીએ તો આહારકદ્વિક, અને જિનનામ વિના ૯૨ પ્રકૃતિનો ઉદય હોય. (૪૮) સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, નરકત્રિક, આતપ તથા જિનનામ આ ૧૧ પ્રકૃતિ વિના ૮૪નો ઉદય હોય. (૪૯) એકેન્દ્રિયાદિ ૪ જાતિ, સ્થાવરચતુષ્ક, નરકત્રિક, આતપ નામ, જિનનામ-આ ૧૩ વિના ૮૨ પ્રકૃતિનો ઉદય હોય. (૫૦) સ્થાવરચતુષ્ક, જાતિચતુષ્ક, નરકત્રિક, આતપ નામ, આ ૧૨ પ્રકૃતિ બાદ કરતા ૮૩ પ્રકૃતિનો ઉદય હોય. (૫૧) ૯૫ પ્રકૃતિનો ઉદય હોય. (૫૨) આહારકદ્વિક, જિનનામ, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, આ પાંચ બાદ કરતા ૯૦ પ્રકૃતિનો ઉદય હોય. (૫૩) આનુપૂર્વીચતુષ્ક, સ્થાવરચતુષ્ક, અનંતાનુબંધીચતુષ્ક, કુજાતિ ૪, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, આતપ નામ, જિનનામ, આહારકદ્વિક, આ બાવીશ પ્રકૃતિ વિના ૭૩ પ્રકૃતિનો ઉદય હોય. અન્ય આચાર્યના મતે ઉપશમ સમકિત સહિત અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે ત્યાં વિગ્રહગતિએ દેવાનુપૂર્વીનો ઉદય હોય છે તે અભિપ્રાયે દેવાનુપૂર્વી મેળવતાં ૭૪ પ્રકૃતિનો ઉદય હોય. (૫૪) કુજાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, અનંતાનુબંધીચતુષ્ક, મિશ્ર મોહનીય, જિનનામ, આતપ નામ, આ ૧૫ પ્રકૃતિ વિના ૮૦નો ઉદય હોય. (૫૫) પ્રથમ સિવાયના પાંચ સંઘયણ, કુજાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક,

અનંતાનુબંધીચતુષ્ક, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, આતપ નામ, આ ૧૦ પ્રકૃતિ વિના ૭૫ નો ઉદય હોય. અને પૂર્વપ્રતિપન્ન ક્ષાયિક સમકિતીને ૭ સંઘયણનો ઉદય હોય છે તેથી ૭૫ માં પાંચ સંઘયણ ઉમેરતાં ૮૦ પ્રકૃતિનો પણ ઉદય હોય. ( ૫૬ ) કુજાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, અનંતાનુબંધી-ચતુષ્ક, આહારકદ્વિક, જિનનામ, સમકિત મોહનીય, આતપ નામ, આનુપૂર્વી ચતુષ્ક, આ ૨૧ પ્રકૃતિ વિના ૭૪ પ્રકૃતિનો ઉદય હોય. ( ૫૭ ) સૂક્ષ્મત્રિક, આતપ નામ, નરકાનુપૂર્વી, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય જિનનામ, આહારકદ્વિક, આ ૧૦ વિના ૮૫ પ્રકૃતિનો ઉદય હોય. ( ૫૮ ) જિનનામ, આહારકદ્વિક, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, આ પાંચ વિના ૯૦ પ્રકૃતિનો ઉદય હોય. (૫૯) સંજ્ઞીને ૧૪ ગુણસ્થાન ગણીએ તે અભિપ્રાયે સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, જાતિચતુષ્ક, આ આઠ વિના ૮૭ હોય. સંજ્ઞીને ભાવ મનની અપેક્ષાએ ૧૨ ગુણસ્થાન ગણીએ તો જિનનામ વિના ૮૬ પ્રકૃતિનો ઉદય હોય. ( ૬૦ ) પ્રથમના પાંચ સંઘયણ, પ્રથમના પાંચ સંસ્થાન, શુભ વિહાયોગતિ, સુભગ, આદેય, નરક-ત્રિક, દેવ ત્રિક, વૈક્રિય અંગોપાંગ, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ, આહારકદ્વિક, પુરુષ-વેદ સ્ત્રી વેદ ઉચ્ચ ગોત્ર, આ ૨૮ પ્રકૃતિ વિના ૬૭ પ્રકૃતિનો ઉદય હોય. છટ્ઠા કર્મગ્રન્થના અભિપ્રાયે આ ૬૭ પ્રકૃતિમાં પ્રથમના પાંચ સંઘયણ, પ્રથમના પાંચ સંસ્થાન, શુભ વિહાયોગતિ, સુભગ, આદેય-આ ૧૩ પ્રકૃતિ ઉમેરતાં ૮૦ પ્રકૃતિનો ઉદય હોય. અહિંયા વૈક્રિય શરીર વાઉકાય આશ્રયી ગણ્યું છે. ( ૬૧ ) ચાર આનુપૂર્વી વિના ૯૧ પ્રકૃતિનો ઉદય હોય. ( ૬૨ ) આહારકદ્વિક, ઔદારિકદ્વિક, વૈક્રિય-દ્વિક, વિહાયોગતિદ્વિક, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ, પ્રત્યેક, સાધારણ, સુસ્વર દુઃસ્વર, મિશ્ર મોહનીય, નિદ્રા પાંચ આ ૩૫ પ્રકૃતિ વિના ૬૦ પ્રકૃતિનો ઉદય હોય

★

## ૭૭ ધ્રુવ સત્તા દ્વાર.

**પરિચયઃ–** ધ્રુવસત્તાની ૧૩૦ પ્રકૃતિ છે, તે આ પ્રમાણે–જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, વેદનીય ૨, સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય સિવાયની ૨૬ મોહનીય, નીચ ગોત્ર, અંતરાય ૫, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, દેવદ્વિક, નરકદ્વિક, મનુષ્યદ્વિક, જિનનામ–આ ૨૧ પ્રકૃતિ વિના નામકર્મની ૮૨. આ ૧૩૦ પ્રકૃતિ દરેક જીવોને નિશ્ચયે કરીને સમકિત પામ્યા પહેલા હોય છે.

## વિવેચન

( ૧–૨૯ ) ( ૩૧–૩૮ ) ( ૪૧–૪૩ ) ( ૪૫–૫૪ ) ( ૫૬–૬૨ ) માર્ગણામાં ૧૩૦ પ્રકૃતિની સત્તા હોય. સંપૂર્ણ પ્રકૃતિઓ સત્તામાં હોય ( ૩૦ ) જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, અંતરાય ૫, ૧૬ કષાય ૯ નોકષાય, મિથ્યાત્વ મોહનીય, સ્થાવરદ્વિક, આતપ, ઉદ્યોત, તિર્યંચદ્વિક, એકેન્દ્રિયાદિજાતિ ૪, સાધારણનામ. આ ૫૬ પ્રકૃતિ વિના ૭૪ ની સત્તા હોય. (૩૯–૪૦) ૧૩૦ ની સત્તા જણાવી છે તે ઉપશમશ્રેણિએ જેણે અનંતાનુબંધી ઉપશમાવ્યા છે એવા જીવોને આશ્રયી સમજવી. (૪૪) ૭૪ પ્રકૃતિ સત્તામાં હોય. કેવળજ્ઞાનવત્. (૫૫) અનંતાનુબંધીચતુષ્ક તથા મિથ્યાત્વ. આ પાંચ ૧૩૦માંથી બાદ કરતાં ૧૨૫ સત્તામાં હોય.

★

## ૭૮ અધ્રુવ સત્તા દ્વાર.

**પરિચયઃ**–અધ્રુવ સત્તાની ૨૮ પ્રકૃતિ છે, તે આ પ્રમાણે–આહારકસપ્તક, વૈક્રિયસપ્તક, આયુષ્ય ૪, દેવદ્વિક, નરકદ્વિક, મનુષ્યદ્વિક, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, જિનનામ, ઉચ્ચ ગોત્ર, આ ૨૮ પ્રકૃતિ અધ્રુવ સત્તાની છે. કોઇ વખત કેટલીક પ્રકૃતિઓ સત્તામાં હોય છે અને કેટલીક હોતી નથી, તેથી અધ્રુવ સત્તા કહેવાય છે.

### વિવેચન

( ૨ ) ( ૯ ) ( ૧૫–૨૮ ) ( ૩૧–૩૬ ) ( ૩૯–૪૩ ) ( ૪૫–૫૧ ) ( ૫૩–૫૪ ) ( ૫૮–૫૯ ) ( ૬૧–૬૨ ) આટલી માર્ગણામાં સંપૂર્ણ ૨૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ( ૧ ) નરક આયુષ્ય સિવાય ૨૭ પ્રકૃતિ સત્તામાં હોય છે. ( ૩ ) જિનનામ વિના ૨૭ હોય. ( ૪ ) દેવાયુષ્ય વિના ૨૭ હોય. ( ૫-૮ ) જિનનામ, દેવાયુષ્ય, નરકાયુષ્ય, આ ત્રણ પ્રકૃતિ વિના ૨૫ હોય ( ૧૦, ૧૧, ૧૪ ) ૨૫ પ્રકૃતિ હોય. એકેન્દ્રિયવત્. ( ૧૨, ૧૩ ) જિનનામ, મનુષ્યાયુષ્ય, નરકાયુષ્ય, દેવાયુષ્ય, આ ચાર વિના ૨૪ હોય. ( ૨૯ ) ૨૬ હોય. **ભગવાનદાસ**ના છ. કર્મગ્રન્થ પ્રમાણે નરકાયુષ્ય તથા દેવાયુષ્ય વિના ૨૬ હોય. અને કેટલેક ઠેકાણે ૨૮ પણ જોવામાં આવે છે. છઠ્ઠા કર્મગ્રન્થના અભિપ્રાયે. ( ૩૦ ) નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, દેવાયુષ્ય, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, નરકદ્વિક, આ સાત વિના ૨૧ હોય, ( ૩૭ ) નરકાયુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના ૨૬ હોય. ( ૩૮ ) ૨૬ હોય. સૂક્ષ્મસંપરાયવત્. ( ૪૪ ) ૨૧ હોય. કેવળજ્ઞાનવત્ ( ૫૨ ) આહારકસપ્તક, જિનનામ, સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, આ ૧૦ વિના ૧૮ હોય. ( ૫૫ ) સમકિત મોહનીય, મિશ્ર મોહનીય–આ બે વિના ૨૬ હોય. ( ૫૬–૫૭ ) જિનનામ, સિવાય ૨૭ હોય. ( ૬૦ ) જિનનામ સિવાય ૨૭ હોય.

★

## ૭૯ સર્વઘાતી દ્વાર.

**પરિચયઃ**–કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય, પાંચ નિદ્રા, પ્રથમના બાર કષાય, મિથ્યાત્વ મોહનીય–આ વીશ સર્વઘાતી પ્રકૃતિઓ છે.

### વિવેચન

( ૧–૨૫ ) ( ૩૧–૩૩ ) ( ૪૦–૪૨ ) ( ૪૫–૫૨ ) ( ૫૮–૬૨ ) આટલી માર્ગણામાં ૨૦ પ્રકૃતિઓ સંપૂર્ણ હોય. ( ૨૬–૨૮ ) અનંતાનુબંધીચતુષ્ક, થીણદ્ધિત્રિક, મિથ્યાત્વ મોહનીય, આ આઠ વિના ૧૨ હોય. ( ૨૯ ) કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય, નિદ્રાદ્વિક, આ ચાર પ્રકૃતિ હોય. ( ૩૦ ) ઘાતી કર્મ ક્ષય થવાથી એક પણ પ્રકૃતિ નથી. ( ૩૪–૩૬ ) ૪ પ્રકૃતિ હોય. મનઃપર્યવજ્ઞાનવત્ ( ૩૭ ) કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય, આ બે પ્રકૃતિ હોય. ( ૩૮ ) એક પણ ન હોય કારણ કે ઘાતી કર્મ બંધ દસમા ગુણસ્થાન સુધી હોય. ( ૩૯ ) પ્રત્યાખ્યાનીચતુષ્ક, નિદ્રાદ્વિક, કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય, આ આઠ પ્રકૃતિ હોય. ( ૪૩ ) ૧૨ પ્રકૃતિઓ હોય. અવધિજ્ઞાનવત્ ( ૪૪ ) એક પણ ન હોય. કેવળજ્ઞાનવત્ ( ૫૩–૫૬ ) ૧૨ પ્રકૃતિઓ હોય. અવધિજ્ઞાનવત્ ( ૫૭ ) મિથ્યાત્વ વિના ૧૯ હોય.

## ૮૦ દેશઘાતી દ્વાર.

**પરિચય**-દેશઘાતીની ૨૫ પ્રકૃતિઓ છે, તે આ પ્રમાણેઃ-કેવળજ્ઞાનાવરણીય સિવાયની જ્ઞાનાવરણીય ૪, કેવળદર્શનાવરણીય સિવાયની દર્શનાવરણીય ૩, નવ નોકષાય, સંજ્વલન-ચતુષ્ક, અંતરાય ૫. આ ૨૫ પ્રકૃતિઓ દેશઘાતીની છે.

### વિવેચન

(૧-૨૫) (૩૧-૩૩) (૪૦-૪૨) (૪૫-૫૨) ૫૮-૬૨) આટલી માર્ગણામાં દેશઘાતીની ૨૫ પ્રકૃતિ હોય. (૨૬-૨૯) (૩૪-૩૬) (૩૯) (૪૩) (૫૩-૫૬) આટલી માર્ગણામાં દેશઘાતી ૨૫ પ્રકૃતિ છે તેમાંથી નપુંસક વેદ તથા સ્ત્રીવેદ આ બે બાદ કરતાં ૨૩ હોય. (૩૦) એક પણ ન હોય કારણ કે ઘાતી કર્મનો ક્ષય હોવાથી (૩૭) જ્ઞાનાવરણીય ૪, દર્શનાવરણીય ૩, અંતરાય ૫-આ ૧૨ પ્રકૃતિઓ હોય. (૩૮) એક પણ ન હોય કારણ કે અહિંઆ ઘાતી કર્મનો બંધ થતો નથી. (૪૪) એક પણ ન હોય. કેવળજ્ઞાનવત્ (૫૭) નપુંસકવેદ વિના ૨૪ હોય.

★

## ૮૧ અઘાતી દ્વાર.

**પરિચયઃ**-અઘાતી દ્વારમાં ૭૫ પ્રકૃતિઓ હોય છે, તે આ પ્રમાણે-વેદનીય ૨, આયુષ્ય ૪, ગોત્ર ૨, ગતિ ૪, જાતિ ૫, શરીર ૫, ઉપાંગ ૩, સંઘયણ ૬, સંસ્થાન ૬, વર્ણચતુષ્ક, આનુપૂર્વીચતુષ્ક, વિહાયોગતિદ્વિક, ત્રસદશક, સ્થાવરદશક, પ્રત્યેક પ્રકૃતિ આઠ-આ ૭૫ પ્રકૃતિ અઘાતીની છે.

### વિવેચન

(૧) સુરદ્વિક, આહારકદ્વિક, દેવાયુષ્ય, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આ ૧૬ વિના ૫૯ હોય. (૨) સંપૂર્ણ ૭૫ પ્રકૃતિ હોય. (૩) આહારકદ્વિક, જિનનામ, આ ત્રણ બાદ કરતા ૭૨ હોય. (૪) જે દેવ ગતિમાં ૧૬ બાદ કરી છે તદુપરાંત એકેન્દ્રિય નામ સ્થાવર નામ આતપ નામ, આ ત્રણ ઉમેરતા અર્થાત્ ૧૯ વિના ૫૬ હોય. (૫-૮) જિનનામ, દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, આ ૧૧ પ્રકૃતિ વિના ૬૪ પ્રકૃતિઓ હોય. (૯) ૭૫ પ્રકૃતિઓ હોય. (૧૦, ૧૧, ૧૪) ૬૪ પ્રકૃતિઓ હોય. એકેન્દ્રિયવત્. (૧૨, ૧૩) જે એકેન્દ્રિયમાં ૧૧ પ્રકૃતિઓ બાદ કરી છે તદુપરાંત મનુષ્યત્રિક અને ઉચ્ચ ગોત્ર આ ચાર પ્રકૃતિ મેળવતાં ૧૫ વિના ૬૦ હોય. (૧૫-૨૫) ૭૫ સંપૂર્ણ પ્રકૃતિઓ હોય (૨૬-૨૮) એકેન્દ્રિયાદિ જાતિ ૪, પહેલા સંઘયણ સિવાય પાંચ સંઘયણ, પહેલા સંસ્થાન સિવાય પાંચ સંસ્થાન, સ્થાવરચતુષ્ક, દુર્ભગત્રિક, નરકત્રિક, તિર્યંચત્રિક, આતપ તથા ઉદ્યોત, અશુભ વિહાયોગતિ, નીચ ગોત્ર આ ૩૧ વિના ૪૪ પ્રકૃતિઓ હોય. (૨૯) જે મતિજ્ઞાનમાં ૩૧ બાદ કરી છે. તદુપરાંત મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક, પ્રથમ સંઘયણ આ ૭ ઉમેરતા કુલ ૩૭ વિના ૩૮ હોય. (૩૦) એક શાતા-વેદનીય હોય. (૩૧-૩૩) ૭૦ હોય તિર્યંચ ગતિવત્ (૩૪-૩૬) ૩૮ મનઃપર્યવજ્ઞાનવત્ (૩૭) યશ

નામ, ઉચ્ચગોત્ર અને શાતાવેદનીય. આ ત્રણ હોય. (૩૮) એક શાતાવેદનીય હોય. (૩૯) ૭ સંઘયણ, પહેલા સિવાય પાંચ સંસ્થાન, જાતિ ચતુષ્ક, સ્થાવરચતુષ્ક, નરકત્રિક, મનુષ્યત્રિક, દુર્ભગત્રિક, આતપનામ, તિર્યંચત્રિક, ઉદ્યોતનામ, અશુભ વિહાયોગતિ, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, નીચગોત્ર, આ ૩૯ પ્રકૃતિ વિના ૩૬ હોય. (૪૦) આહારકદ્વિક વિના ૭૩ હોય. (૪૧-૪૨) ૭૫ પ્રકૃતિ હોય. (૪૩) ૪૪ પ્રકૃતિ હોય. અવધિજ્ઞાનવત્.(૪૪) એક શાતાવેદનીય હોય. (૪૫-૪૭) આહારકદ્વિક વિના ૭૩ પ્રકૃતિ હોય (૪૮) નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આ નવ વિના ૬૬ પ્રકૃતિ હોય. (૪૯) તેજોલેશ્યામાં નવ પ્રકૃતિ બાદ કરી તે તદુપરાંત એકેન્દ્રિયનામ, સ્થાવરનામ, આતપનામ, આ બાદ કરતાં ૬૩ પ્રકૃતિ હોય. (૫૦) નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, તિર્યંચત્રિક, એકેન્દ્રિય, સ્થાવર, આતપ, ઉદ્યોત, આ ૧૬ વિના ૫૯ હોય. (૫૧) ૭૫ હોય. (૫૨) આહારકદ્વિક, જિનનામ સિવાય ૭૨ હોય. (૫૩) અવધિજ્ઞાનમાં ૪૪ પ્રકૃતિ કહી છે તેમાંથી મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય, આ બન્ને બાદ કરતાં ૪૨ હોય કારણ કે ઉપશમ સમકિતમાં આયુબંધ થતો નથી. (૫૪-૫૫) ૪૪ હોય અવધિજ્ઞાનવત્ (૫૬) પહેલા સિવાયના પાંચ સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, તિર્યંચત્રિક, નરકત્રિક, દુર્ભગત્રિક, આહારકદ્વિક, જિનનામ, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, ઉદ્યોતનામ, આતપનામ, મનુષ્યઆયુષ્ય, દેવાયુષ્ય, આ ૩૬ પ્રકૃતિ વિના ૩૯ હોય. (૫૭) જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, નરકત્રિક, હુંડકસંસ્થાન, સેવાર્ત સંઘયણ, આતપ, આહારકદ્વિક, જિનનામ, આ ૧૭ વિના ૫૮ હોય (૫૮) ૭૨ હોય, અભવ્યવત્ (૫૯) ૭૫ હોય. (૬૦) ૭૨ હોય. અભવ્યવત્ (૬૧) ૭૫ હોય. (૬૨) આયુષ્ય ૪, આહારકદ્વિક, નરકદ્વિક, આ આઠ વિના ૬૭ હોય.

★

## ૮૨ અપરાવર્તમાન દ્વાર

**પરિચયઃ**—જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫, નામકર્મની ધ્રુવબંધી ૯' પરાઘાત, ઉચ્છ્વાસ, જિનનામ ભય, જુગુપ્સા, મિથ્યાત્વમોહનીય—આ ૨૯ પ્રકૃતિ અપરાવર્તમાન દ્વારની છે.

## વિવેચન

(૧) (૨) (૪) (૯) (૧૫-૨૫) (૪૦-૪૨) (૪૫-૫૧) (૫૯) (૬૧-૬૨) આટલી માર્ગણામાં ૨૯ પ્રકૃતિઓ સંપૂર્ણ લાભે. (૩) જિનનામ સિવાય ૨૮ હોય. (૫-૮) ૨૮ હોય. તિર્યંચગતિવત્. (૧૦-૧૪) ૨૮ હોય. તિર્યંચગતિવત્ (૨૬-૨૯) મિથ્યાત્વ વિના ૨૮ હોય. (૩૦) એક પણ ન હોય કારણ કે ૨૯ પ્રકૃતિમાંથી એક પણ પ્રકૃતિનો બંધ કેવળીને હોતો નથી. (૩૧-૩૩) ૨૮ હોય. તિર્યંચગતિવત્. (૩૪-૩૬) મતિજ્ઞાનવત્. (૩૭) જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫, આ ૧૪ હોય. (૩૮) એક પણ ન હોય. કેવળજ્ઞાનવત્. (૩૯) ૨૮ હોય. મતિજ્ઞાનવત્. (૪૩) ૨૮ હોય. અવધિજ્ઞાનવત્ (૪૪) એક પણ ન હોય. કેવળજ્ઞાનવત્. (૫૨) ૫૮ હોય. તિર્યંચગતિવત્. (૫૩-૫૫) ૨૮ હોય મતિજ્ઞાનવત્. (૫૬-૫૭) ૨૭ હોય. મિથ્યાત્વ તથા જિનનામ બાદ કરીને (૫૮, ૬૦) જિનનામ સિવાય ૨૮ હોય.

## ૯૩ પરાવર્તમાન દ્વાર

પરિચયઃ-નિદ્રા ૫, વેદનીય ૨, ગોત્ર ૨, આયુષ્ય ૪, ભય, મિથ્યાત્વ, જુગુપ્સા વિના મોહનીય ૨૩, ત્રસદશક, સ્થાવરદશક, છ સંઘયણ, છ સંસ્થાન, આનુપૂર્વીચતુષ્ક, ગતિ-ચતુષ્ક, જાતિ ૫, ઔદારિક શરીર ૩, ઉપાંગ ૩, વિહાયોગતિ ૨, ઉદ્યોત, આતપ-આ ૯૧ પ્રકૃતિ પરાવર્તમાન દ્વારની છે.

### વિવેચન

( ૧ ) ૯૧ પ્રકૃતિમાંથી દેવત્રિક, નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આહારકદ્વિક, વૈક્રિયદ્વિક, આ ૧૬ બાદ કરતાં ૭૫ લાભે. ( ૨ ) ૯૧ પ્રકૃતિ લાભે. ( ૩ ) આહારકદ્વિક વિના ૮૯ લાભે. ( ૪ ) દેવ-ગતિમાં ૧૬ બાદ કરી છે તે ઉપરાંત એકેન્દ્રિય, સ્થાવર, આતપ આ ત્રણ ઉમેરતાં ૭૨ લાભે ( ૫-૮ ) ૯૧ માંથી દેવત્રિક, નરકત્રિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, આ ૧૦ બાદ કરતાં ૮૧ હોય ( ૯ ) ૯૧ સંપૂર્ણ ( ૧૦, ૧૧, ૧૪ ) ૮૧ હોય. એકેન્દ્રિયવત્ ( ૧૨, ૧૩ ) એકેન્દ્રિયમાં ૮૧ કહી છે તેમાંથી મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, વિના ૭૭ હોય. ( ૧૫-૨૫ ) ૯૧ સંપૂર્ણ લાભે. ( ૨૬-૨૮ ) ૯૧ માંથી થીણદ્ધિ-ત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, નરકાયુષ્ય, તિર્યંચત્રિક, નરકદ્વિક, એકેન્દ્રિયાદિ જાતિ ૪, પ્રથમ વિના સંઘયણ ૫, પ્રથમ વિના સંસ્થાન ૫, અશુભ વિહાયોગતિ, નીચગોત્ર, ઉદ્યોત, આતપ, સ્થાવરચતુષ્ક, દુર્ભગત્રિક-આ ૪૦ બાદ કરતાં ૫૧ હોય. ( ૨૯ ) જે મતિજ્ઞાનમાં ૪૦ પ્રકૃતિ બાદ કરી છે તે ઉપરાંત અપ્રત્યાખ્યાની ચોકડી, પ્રત્યાખ્યાની ચોકડી, મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક, પ્રથમ સંઘ-યણ-આ ૧૪ ઉમેરતાં કુલ ૫૪ વર્જી ૩૭ હોય. ( ૩૦ ) એક શાતાવેદનીય હોય. ( ૩૧-૩૩ ) આહારકદ્વિક વિના ૮૯ હોય. ( ૩૪-૩૬ ) ૩૭ હોય. મનઃપર્યવજ્ઞાનવત્. ( ૩૭ ) ઉચ્ચગોત્ર, યશનામ, શાતાવેદનીય આ ત્રણ હોય. ( ૩૮ ) એક શાતાવેદનીય હોય. ( ૩૯ ) જે મનઃપર્યવજ્ઞાનમાં ૩૭ કહી છે તેમાંથી આહારકદ્વિક બાદ કરતાં અને પ્રત્યાખ્યાનીચતુષ્ક ઉમેરતાં કુલ ૩૯ હોય, ( ૪૦ ) આહારક-દ્વિક વિના ૮૯ હોય. ( ૪૧-૪૨ ) ૯૧ લાભે. ( ૪૩ ) ૫૧ અવધિજ્ઞાનવત્. ( ૪૪ ) એક શાતા-વેદનીય હોય. ( ૪૫-૪૭ ) આહારકદ્વિક વિના ૮૯ હોય. ( ૪૮ ) નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, આ નવ બાદ કરતાં ૮૨ હોય. ( ૪૯ ) તેજોલેશ્યામાં નવ બાદ કરી છે તદુપરાંત એકેન્દ્રિય, સ્થાવર, આતપ, આ ત્રણ ઉમેરતાં ૧૨ વિના ૭૯ હોય. ( ૫૦ ) પદ્મલેશ્યામાં ૧૨ પ્રકૃતિ બાદ કરી છે તદુપરાંત તિર્યંચત્રિક, ઉદ્યોત આ ચાર ઉમેરતાં કુલ ૧૬ બાદ કરતાં ૭૫ લાભે. ( ૫૧ ) ૯૧ હોય. ( ૫૨ ) આહારકદ્વિક વિના ૮૯ હોય. ( ૫૩ ) જે મતિજ્ઞાનમાં ૪૦ બાદ કરી છે તદુપરાંત મનુષ્યાયુષ્ય, દેવા-યુષ્ય આ બે ઉમેરતાં ૪૨ થાય તે વર્જીને ૪૯ હોય, કારણકે ઉપશમ સમકિતી આયુષ્યનો બંધ કરતો નથી. ( ૫૪-૫૫ ) ૫૧ હોય મતિજ્ઞાનવત્. ( ૫૬ ) ૪૭ હોય. જે મતિજ્ઞાનમાં ૪૦ બાદ કરી છે તદુપરાંત આહારકદ્વિક, મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય, આ ચાર યુક્ત ૪૪ પ્રકૃતિ વર્જવી. ( ૫૭ ) ૭૪ હોય. જાતિ-ચતુષ્ક, સ્થાવરચતુષ્ક, નરકત્રિક, આહારકદ્વિક, આતપ, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ. આ ૧૭ પ્રકૃતિ વિના ૭૪ સમજવી. ( ૫૮ ) આહારકદ્વિક વિના ૮૯ હોય. ( ૫૯ ) ૯૧ હોય. ( ૬૦ ) આહારકદ્વિક વિના ૮૯ હોય. ( ૬૧ ) ૯૧ હોય. ( ૬૨ ) ૮૩ હોય. આયુષ્ય ૪, આહારક-દ્વિક, નરકદ્વિક, આ આઠ વિના સમજવી.

★

# પરિશિષ્ટ બીજું

## વિશેષ માહિતી અને ખુલાસા

(૧) કાયસ્થિતિ માટે વિશેષ જોવું હોય તેમણે વિવાહપ્રજ્ઞપ્તિ તથા કુલમંડલસૂરિનું કાયસ્થિતિ પ્રકરણ તથા પન્નવણા સૂત્ર જોવું.

(૨) સ્ત્રીવેદની તથા નપુંસકવેદની જઘન્ય કાયસ્થિતિ એક સમયની, જુઓ કાયસ્થિતિ પ્રકરણ ગાથા ૧૧.

(૩) ગુણસ્થાન દ્વારમાં સાસ્વાદનનો જઘન્ય કાલ એક સમયનો, ઉત્કૃષ્ટ કાલ છ આવલિનો છે. જુઓ શ્રી વિચારસપ્તતિકા (સત્તરી) ગાથા ૭૪. ગુણસ્થાન માટે વિશેષ જોવું હોય તેમણે ઉપરનું પુસ્તક જોવું. કર્તા મહેન્દ્રસૂરિ, ટીકા બનાવનાર કુશલસૂરિના શિષ્ય વિજયદેવસૂરિ.

(૪) શરીર દ્વાર માટે શરીરની અવગાહના, સ્થિતિ, અલ્પબહુત્વ માટે વિશેષ જોવું હોય તેમણે વિચારપંચાશિકા જોવું. કર્તા આનંદવિમલસૂરિના શિષ્ય વાનરમુનિ.

(૫) પર્યાપ્તિદ્વાર માટે વિશેષ જોવું હોય તેમણે વિચારપંચાશિકા જોવું

(૬) દેવોને પાંચ પર્યાપ્તિ પણ હોય છે કારણ કે તેમને વચનપર્યાપ્ત અને મનપર્યાપ્તિ સમકાલે જ થાય છે. જુઓ, વિચારસપ્તતિકા (સિત્તરી) ગાથા ૪૩ તથા વિચારપંચાશિકા ગાથા ૩૪ તથા રાયપસેણીય સૂત્રમાં કહ્યું છે કે—ત્યારપછી સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિ ભાવને પામ્યો, તે આ પ્રમાણે—આહાર, ઇન્દ્રિય, શરીર, ઉચ્છ્વાસ અને વચનપર્યાપ્તિ.

(૭) વેદનીય કર્મની ૧૨ મુહૂર્તની જઘન્ય સ્થિતિ કહી છે તે કષાયવાળા જીવોને આશ્રયીને સમજવી. અકષાયવાળા જીવો એટલે કેવલી અવસ્થામાં અંતર્મુહૂર્તની કહી છે, અકષાય હોવાથી. જુઓ પૂજ્યપાદ ગુરુમહારાજે સંશોધન કરેલ ઉત્તરાધ્યયન સૂત્ર ૩૩ અધ્યયન, ગાથા ૧૯, ૨૦ તથા ટીકા.

(૮) નરકમાંથી નીકળેલો જીવ પાછો નરકમાં ક્યારે જાય ? ઉત્કૃષ્ટથી અનંતકાલ અર્થાત્ અનંતકાલ સુધી નરકમાં ન જાય. જઘન્યથી અંતર્મુહૂર્તમાં જાય. તે કેવી રીતે ? નરકમાંથી નીકળીને ગર્ભપર્યાપ્તા મત્સ્યમાં ઉત્પન્ન થઇને અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને ક્લિષ્ટ અધ્યવસાય હોવાથી ફરીથી નરકમાં ઉત્પન્ન થાય. જુઓ, પૂજ્યપાદ ગુરુમહારાજે સંશોધન કરેલ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૬, ગાથા ૧૬૮.

(૯) કિલ્બિષિયા ત્રણ પ્રકારે છે. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રણ સાગરોપમના અને ૧૩ સાગરોપમના આયુષ્યવાળા. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા જ્યોતિષી દેવોની ઉપર અને સૌધર્મ તથા

ઈશાન દેવોની નીચે, ત્રણ સાગરોપમ આયુષ્યવાળા સૌધર્મ અને ઈશાન કલ્પની ઉપર અને સનત્કુમાર મહેન્દ્રની નીચે, ૧૩ સાગરોપમવાળા બ્રહ્મદેવલોકની ઉપર અને નીચે રહેતા લાંતક દેવની નીચે, જુઓ સ્થાનાંગ સૂત્ર ઉદ્દેશ ૪, સૂત્ર ૧૯૯, પૃ. ૧૬૨ પ્રથમ ભાગ. આ. સ.

( ૧૦ ) કિલ્બિષિઆ દેવ શું કરવાથી ઉત્પન્ન થાય ? જ્ઞાનનો, કેવળી ભગવંતનો, ધર્માચાર્યોનો, સંઘનો તથા સાધુઓનો અવર્ણવાદ બોલવાથી તથા કપટપણું કરવાથી કિલ્બિષિયાપણું આપણને પ્રાપ્ત થાય છે. પાપનો ઉદય આવવાથી કિલ્બિષિઆ થાય છે. તેઓ દેવલોકની અંદર ચાંડાલની માફક નહિ અડકવા લાયક હોય છે. દશવૈકાલિક સૂત્ર, ૫ અધ્યયન, ગાથા ૪૬, સ્થાનાંગ સૂત્ર પ્રથમ ભાગ પૃ. ૧૬૨ ટીકામાં જુઓ.

( ૧૧ ) જીવ સાત પ્રકારે છે. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય તથા સિદ્ધના જીવો. બીજી રીતે ગણવામાં આવે તો કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોત, તેજોલેશ્યા, પદ્મ અને શુક્લ-લેશ્યાવાળા. સાતમા એટલે અલેશ્યાવાળા અર્થાત્ સિદ્ધના જીવો. સ્થાનાંગ સૂત્ર. પ્રથમ ભાગ, સૂત્ર ૫૬૧-૫૬૨ પાનાં ૪૦૦ આ. સ.

( ૧૨ ) યોની એટલે જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો, તે સાત પ્રકારે છે. ઇન્ડાથી ઉત્પન્ન થાય તે પક્ષીઓ, માછલીઓ, સર્પ આદિ. પોતજ-હાથીના બચ્ચા. જરાયુજથી મનુષ્ય, ગાય, ભેંશ વગેરે. રસથી ઉત્પન્ન થયેલા કઢી-કાંજી વગેરેમાં. પરસેવાથી ઉત્પન્ન થયેલા જૂ વગેરે. સંમૂર્ચ્છિમપણાથી ઉત્પન્ન થયેલા કૃમિ વગેરે. ભૂમિભેદથી ઉત્પન્ન થયેલા ખંજનક આદિ. સ્થાનાંગ સૂત્ર, ઉદ્દેશ ત્રીજો, સૂત્ર ૫૪૩, પત્ર ૩૮૫. આ. સ.

( ૧૩ ) અપર્યાપ્તની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની. પર્યાપ્ત સૂક્ષ્મ તથા બાદર નિગોદની પણ તે જ પ્રમાણે અંતર્મુહૂર્તની જાણવી.

( ૧૪ ) ૮૪ લાખ યોની છે. જીવને કેટલી યોની છે તે સંબંધી વિશેષ જોવા માટે આચારાંગ સૂત્ર ૯ ની ટીકામાં, અધ્યયન ૧, ઉદ્દેશ ૧.

( ૧૫ ) કુલ કોટી માટે પણ આચારાંગ સૂત્રની ૯ ની ટીકામાં જોવું.

( ૧૬ ) શીત, ઉષ્ણ, સચિત્ત, અચિત્ત, સંવૃત, વિવૃત વિગેરે ૯ યોની છે. કયા જીવને કેટલી યોની હોય છે તે માટે આચારાંગ સૂત્ર જોવું.

( ૧૭ ) સંજ્ઞી-સંજ્ઞા હોય તેને સંજ્ઞી કહેવામાં આવે તો એકેન્દ્રિયોને ૧૦ સંજ્ઞા છે તેમાંથી અમુક સંજ્ઞા છે તો તેને સંજ્ઞી કેમ ન કહેવાય તેના માટે જુઓઃ-જિનભદ્ર ગણી ક્ષમાશ્રમણકૃત શ્રી મલ્લધારી હેમચંદ્રસૂરિ વૃત્તિવાળું વિશેષાવશ્યકસૂત્ર ગાથા ૫૦૪ થી

( ૧૮ ) દીર્ઘકાલિકી, હેતુવાદોપદેશિકી, દૃષ્ટિવાદોપદેશિકી, આ ત્રણે સંજ્ઞાનો અર્થ તથા કયા જીવને કઇ સંજ્ઞા હોય વગેરે માટે ગાથા ૫૦૮ થી જુઓ.

( ૧૯ ) પૃથ્વી આદિ પાંચ સ્થાવરને ઓઘ સંજ્ઞા છે. વિશેષાવશ્યક ગાથા ૫૨૩.

( ૨૦ ) કેવલી ભગવંતને દીર્ઘકાલિકી વગેરે ત્રણમાંથી એકેય ન હોય. જુઓ વિશેષાવશ્યક સૂત્ર, ગાથા ૫૨૪.

( ૨૧ ) સામાયિક માર્ગણામાં જીવના ૫૬૩ ભેદ છે તેમાંથી ૧૫ કર્મભૂમિના મનુષ્ય સિવાય બીજાઓને હોય. જુઓ પન્નવણા સૂત્રનું સૂત્ર ૪૨૯.

( ૨૨ ) દીર્ઘકાલિકી વિગેરે ત્રણ સંજ્ઞાઓનો વિચાર કરતાં પર્યાપ્ત અવસ્થામાં છદ્મસ્થ જીવોને સંભવે છે પરંતુ અણાહારી માર્ગણામાં એક પણ સંજ્ઞા સંભવતી નથી. આ સંબંધી વિશેષ તત્ત્વ તો કેવળી ભગવંત જાણે. આ અભિપ્રાય દંડકનો છે.

( ૨૩ ) ચોથા ગુણસ્થાનનો કાલ ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમથી અધિક અને જઘન્ય અંતર્મુહૂર્ત. શ્રીવિચારસપ્તતિકા ( સીત્તરી ) ગાથા. ૭૫.

( ૨૪ ) મિથ્યાત્વ ગુણસ્થાનના ત્રણ ભાંગા છે, એમાં ત્રીજો ભાંગો સાદિસાંતનો છે. તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશ ઊણુ અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી રહે છે.

( ૨૫ ) મિશ્ર ગુણસ્થાનકનો જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અસંખ્ય સમયવાળા એક અંતર્મુહૂર્તનો છે.

( ૨૬ ) પાંચમા ગુણસ્થાનકની જઘન્યથી એક અંતર્મુહૂર્તની સ્થિતિ છે.

( ૨૭ ) ૬ થી ૧૧ મા ગુણસ્થાનની જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તની સ્થિતિ છે.

( ૨૮ ) ૧૪ અને ૧૨ મા ગુણસ્થાનમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

( ૨૯ ) ૧૩ મા ગુણસ્થાનકનો કાલ ઉત્કૃષ્ટથી નવ વર્ષે ઊણી એક કરોડ પૂર્વની સ્થિતિ છે અને જઘન્યથી અંતર્મુહૂર્તની છે.

( ૩૦ ) ત્રીજા ગુણસ્થાનકે, બારમા ગુણસ્થાનકે વર્તતો જીવ મરણ પામતો નથી. બાકીના ૧૧ ગુણસ્થાનકે વર્તતો જીવ મરણ પામે છે. વિચારસપ્તતિકા ( સીત્તરી ) ગાથા ૭૮.

( ૩૧ ) બાદર પર્યાપ્ત વાયુકાય, જળચર, ચાર પગવાળા જાનવરો, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરો( પક્ષીઓ )ને તથા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યોને–આટલા વર્ગના જીવોને જ વૈક્રિય શરીરનો સંભવ છે. બીજાઓને નથી. જુઓ પ્રજ્ઞાપના સૂત્ર ૨૧ મા પદમાં.

( ૩૨ ) નારકી, દેવતા, અગ્નિકાય, વાઉકાય, અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો–આટલા સિવાયના સર્વે સંસારી જીવો સંમૂર્ચ્છિમ મનુષ્યમાં જાય છે ( ઉત્પન્ન થાય છે ).

( ૩૩ ) સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ નારકી, દેવ અને યુગલીઆને વર્જીને બાકીના જીવસ્થાનકોને વિષે હોય છે અને પહેલા ગુણસ્થાનમાં રહેવાવાળા અંતર્મુહૂર્તની ભવસ્થિતિવાળા અને એથી નવ અંતર્મુહૂર્તની કાયસ્થિતિવાળા હોય છે.

( ૩૪ ) સ્ત્રીવેદ તથા નપુંસક વેદ સિવાય બીજાઓની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. જુઓ કાયસ્થિતિ પ્રકરણ ગાથા ૧૧.

( ૩૫ ) ચોવીશ દંડક દ્વાર માટે વિશેષ જોવાની ઇચ્છાવાળાઓએ શ્રીભગવતી સૂત્ર ચોવીશમા શતકમાં જોવું.

( ૩૬ ) જીવોની સાથે પરભવ જતાં ક્યા ક્યા ગુણસ્થાન સાથે જાય ?–પહેલું, બીજું, ચોથું, આ ત્રણ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જાય છે. બાકીના ગુણસ્થાનો પરભવ સાથે જતા નથી. વિચારસપ્તતિકા ગાથા ૭૮.

~~( ૩૭ ) ચોથા ગુણસ્થાનકથી કોઈ જીવ કાળ કરે તો તે જીવ ત્યાંથી મરીને પહેલા ગુણસ્થાનમાં આવે પણ બીજા તથા ત્રીજામાં ન જાય.~~

~~( ૩૮ ) પહેલા ગુણસ્થાનકથી ઉઠી જીવ કાળ કરે તો ચોથા ગુણસ્થાને આવે પણ બીજાગતીમાં ન આવે.~~

( ૩૯ ) મનુષ્યગતિ સિવાય બાકીની ગતિમાં જીવ શરૂઆતથી આરંભીને ક્ષાયક સમકિત ન પામે.

( ૪૦ ) ઉપશમ સમકિતવાળો જીવ ચોથા ગુણસ્થાનકથી માંડીને ૧૧મા ગુણસ્થાન સુધી જાય.

( ૪૧ ) ક્ષયોપશમ સમકિતવાળો જીવ ચોથા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાન સુધી જાય.

( ૪૨ ) પરિહારવિશુદ્ધિ ચારિત્રની જઘન્ય તપસ્યા કહે છે-ઉનાળામાં ચોથભકત (એક ઉપવાસ), શીયાળામાં છઠ્ઠ, ચોમાસામાં અઠ્ઠમ હોય છે. મધ્યમ તપસ્યા-ઉનાળામાં છઠ્ઠ, શીયાળામાં અઠ્ઠમ, ચોમાસામાં ચાર ઉપવાસ. ઉત્કૃષ્ટ તપસ્યા-ઉનાળામાં અઠ્ઠમ, શીયાળામાં ચાર ઉપવાસ, ચોમાસામાં પાંચ ઉપવાસ લખ્યા છે. પારણે આયંબીલ. સ્થાનાંગ સૂત્ર, ત્રીજું અધ્યયન, ચોથો ઉદ્દેશ, સૂત્ર ૨૦૬ની ટીકામાં.

( ૪૩ ) પૃથ્વીકાય, કેવળ મિથ્યાદૃષ્ટિ હોય. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય. જુઓ પ્રજ્ઞાપના સૂત્ર દ્વિતીય ભાગ, પૃ. ૮૪-૮૫, ભગવાનદાસ હરખચંદે બહાર પાડેલું.

( ૪૪ ) પંચેન્દ્રિય તિર્યંચો તથા મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષ અને વૈમાનિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ હોય. જુઓ. પ્રજ્ઞાપના સૂત્ર, દ્વિતીય ભાગ પૃ. ૮૪-૮૫ ભગવાનદાસ હરખચંદ.

( ૪૫ ) સિદ્ધના જીવો સમ્યગ્દૃષ્ટિ હોય. જુઓ પ્રજ્ઞાપના સૂત્ર દ્વિતીય ભાગ. પૃ. ૮૪-૮૫ ભ. હ. વાળું

( ૪૬ ) અકર્મભૂમિના મનુષ્યો તથા તેમની સ્ત્રીઓને કૃષ્ણલેશ્યાથી તેજોલેશ્યા સુધી હોય તથા અંતર્દ્વીપના મનુષ્યોને પણ તેમ જ હોય. જુઓ, પ્રજ્ઞાપના સૂત્ર, દ્વિતીય ભાગ. પૃ. ૧૧-૨૬ ભ. હ. વાળું.

( ૪૭ ) મનુષ્ય ગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસપણું, ભવ્યપણું, સંજ્ઞીપણું, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમકિત, અનાહારીપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન, બાસઠ માર્ગણા પૈકી આ દસ માર્ગણાએ જીવો મોક્ષે જાય છે.

( ૪૮ ) સચિત્ત ત્રણ પ્રકારના છે. દ્વિપદ, ચતુષ્પદ, અપદ. દ્વિપદમાં જિનેશ્વર ભગવંત, ચતુષ્પદોમાં સિંહાદિ તિર્યંચો, અપદમાં કલ્પવૃક્ષો, જુઓ, આચારાંગ સૂત્રના લોકસાર અધ્યયનની નિર્યુક્તિની વૃત્તિમાં.

( ૪૯ ) યુગલિકો છ પ્રકારના હોય છે. પદ્મસમાન ગંધવાળા, કસ્તૂરી સમાન ગંધવાળા, મમકાર વિનાના. તેજવાળું તલ તેમજ રૂપ હોવાથી તેજસ્તલિન્, સમર્થ, અને મંદપણે ચાલનાર. જુઓ શ્રી ભગવતીના છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશામાં

( ૫૦ ) એક ભવની અંદર પણ કોઇ જીવ ત્રણ વેદને અનુભવે છે. કપિલ નામના શિષ્યે ત્રણ વેદને અનુભવ્યા છે. જુઓ. નિશીથ ચૂર્ણિની પીઠિકામાં એનું વૃત્તાંત છે.

( ૫૧ ) એકી સાથે જીવ કેટલા કર્મ બાંધે ? આઠ બાંધે, સાત બાંધે, છ બાંધે તથા એક બાંધે. તે સિવાય બે, ત્રણ, ચાર અને પાંચ બાંધે નહિ.

( ૫૨ ) એક કર્મનો બંધ કયા ગુણસ્થાને હોય ? અગ્યારમાં, બારમા અને તેરમા ગુણસ્થાને હોય.

( ૫૩ ) ઊર્ધ્વલોકમાંથી એક સમયમાં ઉત્કૃષ્ટપણે ચાર સિદ્ધ થાય, એમ શ્રી દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૨, શ્લોક ૯૫ માં તથા સંગ્રહણી સૂત્રમાં લખ્યું છે.

( ૫૪ ) અધોલોકમાંથી એક સમયમાં ઉત્કૃષ્ટપણે વીશ સિદ્ધ થાય એમ શ્રીઉત્તરાધ્યયન સૂત્રના જીવાજીવ વિભક્તિ અધ્યયનમાં કહ્યું છે. સંગ્રહણી સૂત્રમાં ૨૨ સિદ્ધ થાય તેમ કહ્યું છે. તથા સિદ્ધપ્રાભૃતમાં ૪૦ સિદ્ધ થાય એમ કહ્યું છે.

( ૫૫ ) સિદ્ધના જીવો સંબંધી વિશેષ હકીકત જાણવી હોય તેમણે પન્નવણા સૂત્ર, ઉવવાઈ સૂત્ર, આવશ્યક સૂત્ર વગેરે ગ્રંથો જોવા.

( ૫૬ ) ઇન્દ્રિયોની ઉચિતતા પ્રમાણે લેવાએલા આહારની ધાતુ બને. એ ધાતુમાંથી પુદ્ગલો લઈને પ્રાણી પોતાની યથાસ્થિત શકિતવડે ઇન્દ્રિયોના વિષયોના જ્ઞાનનું જાણપણું પામે. એ શકિતને ઇન્દ્રિય પર્યાપ્તિ કહેવાય છે, એમ સંગ્રહણીકારનો અભિપ્રાય છે. અને આહારમાંથી ધાતુ બન્યા પછી એમાંથી ઇન્દ્રિયો પરિણમાવે એવી પ્રાણીની શકિતને ઇન્દ્રિયપર્યાપ્તિ કહેવાય છે એમ પન્નવણાસૂત્ર, જીવાભિગમ સૂત્ર તથા પ્રવચનસારોદ્ધારનો અભિપ્રાય છે.

( ૫૭ ) પુરુષ વેદના, નપુંસક વેદના તથા સ્ત્રીવેદના લક્ષણો શ્રીપન્નવણા સૂત્ર તથા શ્રીઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે પ્રમાણે બતાવેલ છેઃ-

પુરુષત્વનાં લક્ષણો–મેહન ( પુરુષચિન્હ ), કઠોરતા, દઢતા, પરાક્રમ, ધૃષ્ટતા, શ્મશ્રુ ( દાઢી-મૂછ ) અને સ્ત્રીની ઇચ્છા. આ સાત પુરુષત્વનાં લક્ષણો છે.

નપુંસકત્વનાં લક્ષણો-સ્તન આદિનો સદ્ભાવ, શ્મશ્રુ આદિનો અભાવ, મોહાગ્નિનો પ્રદીપ્તપણે સદ્ભાવ, આ ત્રણ નપુંસકત્વનાં લક્ષણો છે.

સ્ત્રીત્વનાં લક્ષણોઃ–યોનિ, કોમલતા, અસ્થિરતા, મુગ્ધતા, કાયરતા, સ્તન અને પુરુષની ઇચ્છા. આ સાત સ્ત્રીત્વનાં લક્ષણો છે.

( ૫૮ ) દ્રવ્ય લોક કોને કહેવાય ? શ્રીઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે પ્રમાણે બતાવેલ છેઃ-
રૂપી, અરૂપી, સપ્રદેશી, અપ્રદેશી, નિત્યાનિત્ય, જીવઅજીવરૂપ ( ૭ ) દ્રવ્યને દ્રવ્યલોક કહેવાય છે.

( ૫૯ ) ક્ષેત્રલોક કોને કહેવાય ? ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે પ્રમાણે બતાવેલ છેઃ-

ઊર્ધ્વ, અધઃ, તીર્ચ્છા, એમ વિશિષ્ટ સંસ્થાનો, સ્થાનોવાળા આકાશપ્રદેશો છે, એને ક્ષેત્રલોક બતાવવ માં આવેલ છે.

( ૬૦ ) કાલલોક કોને કહેવાય ? ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે પ્રમાણે બતાવેલ છેઃ—

સમયો અને આવલિ વગેરેને કાલલોક બતાવવામાં આવેલ છે.

( ૬૧ ) ભાવલોક કોને કહેવાય ? ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં નીચે પ્રમાણે બતાવેલ છેઃ-

ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પરિણામી, સન્નિપાતિને ભાવલોક બતાવવામાં આવેલ છે.

( ૬૨ ) જે પ્રાણીને નિસર્ગતઃ સમ્યકત્વ પ્રાપ્ત થયેલું હોય છે તેને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ વિના પણ મતિજ્ઞાન તો હોય છે. આ ઉપરથી **યત્ર મતિઃ તત્ર શ્રુતમ્।** જ્યાં મતિ હોય ત્યાં શ્રુત હોય એ વાત નિશ્ચિત નથી, પણ જ્યાં શ્રુત હોય ત્યાં મતિજ્ઞાન હોય એ વાત નિશ્ચિત છે. આ પ્રમાણે તત્ત્વાર્થાધિગમ સૂત્રની વૃત્તિ આદિનો અભિપ્રાય છે.

( ૬૩ ) જ્યાં મતિજ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન છે અને જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં મતિજ્ઞાન છે, આ પ્રમાણે શ્રી નન્દિસૂત્રનો અભિપ્રાય છે. ઉપર કહેલા હેતુથી એકેન્દ્રિય જીવમાં પણ શ્રુતજ્ઞાન છે એમ સ્વીકાર કર્યો છે. જેમકે દ્રવ્યેન્દ્રિયનો અવરોધ થયો હોય છતાં સૂક્ષ્મ ભાવેન્દ્રિયનું જ્ઞાન હોય છે, તેમ દ્રવ્યશ્રુતનો અભાવ છતાં એકેન્દ્રિયમાં ભાવ શ્રુત હોય છે. વળી ભાવેન્દ્રિયનો ઉપયોગ તો બકુલ આદિની પેઠે સર્વ

એકેન્દ્રિયોમાં છે એમ સમજવું. તેમજ એકેન્દ્રિય જીવોને બીજાઓનો ઉપદેશ કર્ણગોચર થવો અસંભવિત છે તો પણ કોઈ એવા પ્રકારના ક્ષયોપશમને લીધે એમને કાંઇક અવ્યક્ત અક્ષરનો લાભ થાય છે. અને એને લીધે અક્ષરની પાછળ શ્રુતજ્ઞાન પણ આવે છે. આ વાતનો સ્વીકાર આવી રીતે કરવો. એમને પણ આહાર આદિની અભિલાષા થાય છે અને અભિલાષા એટલે પ્રાર્થના અને તે પ્રાર્થના પણ 'આ વસ્તુ જો મને મળી જાય તો બહુ સારું થાય' ઇત્યાદિ અક્ષર સંયુક્ત જ છે. ત્યારે એ ઉપરથી એકેન્દ્રિય જીવોને પણ કાંઇક અવ્યક્ત અક્ષરની અવશ્ય પ્રાપ્તિ હોય છે એમ સમજવું. આ પ્રમાણે શ્રી નન્દિસૂત્રની મલયગિરિસૂરિમહારાજની બનાવેલ ટીકામાં લખ્યું છે.

(૬૪) જંતુનો ભાષા પ્રવર્તક યત્ન વાગ્યોગ કહેવાય છે અને ભાષાને લાયક એવા દ્રવ્યોમાંથી ભાષાત્વ ગુણવાળી જે વાણી બનાવવામાં આવે છે તે ભાષા કહેવાય છે, આમ હોવાથી ભાષા અને વાગ્યોગ-વચનયોગમાં સ્ફુટ ભેદ છે. આ સંબંધમાં આવશ્યક બૃહદ્‌વૃત્તિમાં કહ્યું છે કે 'પ્રાણી ભાષાના પુદ્‌ગલોને કાયયોગવડે ગ્રહણ કરે છે અને વચનયોગવડે મૂકે છે.'

(૬૫) જીવાજીવાભિગમ સૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે: ઉષ્ણતાથી સિદ્ધ થયેલ રસાદિક આહારને પચાવનારું અને તેજોલેશ્યાની લબ્ધિના નિમિત્તરૂપ આ તૈજસ શરીર સર્વ જીવોને હોય છે.

(૬૬) ઔદારિક શરીરની ઉત્કૃષ્ટથી તીર્છી ગતિ રૂચક દ્વીપ સુધી હોય અને એ જંઘાચારણ મુનિઓને હોય. વિદ્યાચારણ તથા વિદ્યાધરોની ગતિ નન્દીશ્વર દ્વીપ સુધી હોય. ઊર્ધ્વગતિ તો ત્રણેની મેરુ પર્વતના પાંડુકવન સુધી જાય. આ પ્રમાણે દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩, ગાથા ૧૧૮-૧૧૯માં કહ્યું છે.

(૬૭) વૈક્રિય શરીરવાળાની તીર્છી ગતિ અસંખ્યાત દ્વીપસમુદ્રો સુધી જાણવી. આહારક શરીરવાળાની મહાવિદેહ ક્ષેત્ર સુધી. તૈજસ તથા કાર્મણ શરીરવાળાની ગતિ સર્વ લોકમાં હોય, કેમકે એક ભવમાંથી બીજા ભવમાં જતા સર્વ પ્રાણીઓને એ બેઉ શરીર સાથે હોય છે. આ પ્રમાણે દ્રવ્યલોક પ્રકાશ સર્ગ ૩, શ્લોક ૧૨૦-૧૨૧માં કહ્યું છે.

(૬૮) ઔદારિક શરીરનું પ્રયોજન: ધર્માધર્મોપાર્જન, સુખદુઃખનો અનુભવ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિ આપે છે.

(૬૯) વૈક્રિય શરીરનું પ્રયોજનઃ એકત્વ, અનેકત્વ, સૂક્ષ્મત્વ સ્થૂલત્વ આદિ આકાશગમન અને સંઘને સહાયક થવું વગેરે છે.

(૭૦) આહારક શરીરનું પ્રયોજનઃ સૂક્ષ્માર્થ શંકાઓનું નિવારણ અને જિનેન્દ્રઋદ્ધિ જોવાનું ઇત્યાદિ છે. શાસ્ત્રના વચનો છે કે તીર્થંકર પ્રભુની સમૃદ્ધિ અવલોકવા માટે, સૂક્ષ્મપદોના અર્થના બોધને માટે અને સંશયના ઉચ્છેદને માટે જિનેશ્વર પ્રભુના ચરણો પાસે ગમન કરવું એ આહારક શરીરનું પ્રયોજન છે.

(૭૧) જીવોને શરીરમાંથી મૃત્યુની છેલ્લી વખતે નીકળવાના પાંચ દ્વારો છે: પગ, જંઘા, હૃદય મસ્તક અને સર્વ અંગો. પગેથી નીકળે તો નરકગતિગામી, જંઘાથી નીકળે તો તિર્યંચગતિગામી, હૃદયમાંથી નીકળે તો મનુષ્યગતિગામી, મસ્તકથી નીકળે તો દેવગતિગામી અને સર્વાંગથી નીકળે તો સિદ્ધિગતિગામી. આ પ્રમાણે સ્થાનાંગ સૂત્રનાં પાંચમા સ્થાનમાં કહ્યું છે.

(૭૨) દેવતા અને નારકીના જીવો તથા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો જ્યારે ૭ માસ આયુ બાકી રહે ત્યારે આગામી ભવનું આયુષ્ય બાંધે. આ પ્રમાણે દ્રવ્યલોકપ્રકાશ સર્ગ ૩, શ્લોક ૯૧ માં કહ્યું છે.

(૭૩) નારકીના જીવો ઉત્કૃષ્ટથી છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે અને જઘન્યથી અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. આ પ્રમાણે શ્રી ભગવતીસૂત્ર ચૌદમા શતકના પહેલા ઉદ્દેશમાં કહ્યું છે.

(૭૪) દર્શનનો ઉપયોગ એ ઓઘ સંજ્ઞા અને જ્ઞાનનો ઉપયોગ એ લોક સંજ્ઞા. આ પ્રમાણે ઠાણાંગ સૂત્રની ટીકામાં કહ્યું છે.

(૭૫) મનપર્યાપ્તિ નામ કર્મના ઉદયથી તેને યોગ્ય મનોદ્રવ્ય લઇને જે પરિણમાવવું તે દ્રવ્ય મન કહેવાય છે અને જીવનો ક્રિયાવંત મનપરિણામ તે ભાવ મન. એનો અર્થ એ કે જીવનો મનોદ્રવ્યના અવલંબનવાળો મનન વ્યાપાર તે ભાવ મન એમ નન્દીસૂત્રની ચૂર્ણિ ટીકામાં કહ્યું છે.

(૭૬) આત્મા મન સાથે જાય છે, મન ઇન્દ્રિય સાથે જાય છે અને ઇન્દ્રિય પોતાના અર્થ–વિષય સાથે જાય છે. આમ શીઘ્રક્રમ છે. અને એ જ ક્રમ યોગ્ય છે કેમકે મનને કાંઇ અગમ્ય નથી. જ્યાં મન જાય છે ત્યાં આત્મા પણ જાય છે. આ પ્રમાણે આચારાંગ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે.

(૭૭) ઔદારિક શરીરનું ઉત્કૃષ્ટ પ્રમાણ એક હજાર યોજનથી કાંઇક અધિક, વૈક્રિય એક લાખ યોજનથી સહેજ વધારે, આહારક શરીરનું એક હાથનું પ્રમાણ છે. તૈજસ તથા કાર્મણ શરીરો કેવળીના સમુદ્ઘાત વખતે લોકાકાશ જેવડા હોય છે. આ પ્રમાણે દ્રવ્યલોક સર્ગ ૩, શ્લોક ૧૨૭–૧૨૮ માં કહ્યું છે.

(૭૮) જે જીવોને છ માસ આયુષ્ય બાકી રહે તે વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તેઓ નિશ્ચયે સમુદ્ઘાત કરે છે. બાકીનાઓના સમુદ્ઘાતની ભજના જાણવી. આ પ્રમાણે ગુણસ્થાનકમારોહની વૃત્તિમાં કહ્યું છે.

(૭૯) મતિજ્ઞાનને આવરનારા કર્મોના ક્ષયોપશમથી શબ્દ ને અર્થને ગોચર એવી સામાન્ય અવબોધ ક્રિયા, એનું નામ ઓઘ સંજ્ઞા. એક કરતાં સવિશેષ અવબોધ થાય એવી ક્રિયા તે લોક સંજ્ઞા. આ પ્રમાણે પ્રવચનસારોદ્ધારમાં કહ્યું છે.



# ग्रन्थकारप्रशस्तिः।

जरा जरासन्धनृपेण मुक्ता, निश्चेष्टमादेनुपरी कृष्णसैन्यम्।
पलायिता यत्स्नपनाऽम्बुना तं, शंखेश्वरं पार्श्वजिनं नमामि ॥ १ ॥

अद्याप्यवद्यरहितां विबुधाः सुधाभां,
भाव्यप्रपञ्चशमनीं शमनीयवाचाम्।
वाचं निपीय समतामसमां श्रयन्ते,
यस्य स्तवीमि चरमं तमहं जिनेशम् ॥ २ ॥

जगत्प्रभोस्तस्य मुखाद् विनिर्गतां,
निशम्य रम्यां त्रिपदीं विनिर्ममे।
यो द्वादशाङ्गीं शिवमार्गदीपिकां,
जीयात् सुधर्मा गणभृत् स सर्वदा ॥ ३ ॥

तत्पट्टे क्रमशो जम्बूस्वामिप्रभृतयस्ततः।
सूरयो भूरयोऽभूवन्नज्ञानतिमिरांशवः ॥ ४ ॥

अकब्बरक्षोणिपतिः स्वराज्ये, यस्योपदेशैः प्रतिबोधमाप्य।
अमारिमुद्घोषयति स्म सूरिः, श्रीहीरपूर्वो विजयस्ततोऽभूत् ॥ ५ ॥

शिथिलतामुपलभ्य तदातनीं, भगवदुक्तविधौ मुनिभिः श्रिताम्।
अकृत यस्तु तदुद्धरणं ततोऽजनि स सत्यपरो विजयो गणी ॥ ६ ॥

ततो बहुष्वतीतेषु सूरिषु ज्ञानशालिषु।
जज्ञे शमदवारावोल्लासनाम्बुवहोपमः ॥ ७ ॥

श्रीवृद्धिविजयो नाम्ना मुनिराजो यदन्वये।
स्थितानां षट्शतीदानीं मुनीनां वर्ततेऽनघा ॥ ८ ॥

तच्छिष्योऽभूद् गुणजलनिधिस्फारविस्तारकारी,
सद्वृत्ताङ्गः सुवचनसुधावर्षकः शान्तमूर्तिः ।
ज्ञानोद्योतो निबिडतमसां नाशकस्तापहारी,
हर्षाधायी भविककुमुदे वृद्धिचन्द्रो मुनीन्दुः ॥ ९ ॥

शिष्योत्तमो विजयधर्ममुनीश्वरोऽस्य,
जैनेन्द्रशासननभस्तरणिर्बभूव ।
लुप्ता तमस्ततिरनेन यथाऽत्र देशे,
ज्ञानप्रकाशविभवेन तथा परत्र ॥ १० ॥

काश्यां पुर्यां विशाला विविधविषयकज्ञानदानाय येन,
भूविख्याता गृहीत्वा श्रममतुलमपि स्थापिता पाठशाला ।
ग्रामे श्रीपादलिप्तेऽप्युरुगुरुकुलमारब्धमादौ तथाऽद्रौ,
देवौकस्सर्बुदाख्ये निजमहिमवशाद् वारिताऽऽशातना च ॥ ११ ॥

यस्यातिविस्मयकरान् प्रतिभापटुत्व-
वैदुष्यधैर्यमुनितादिगुणान् समीक्ष्य ।
काशीनृपः सह बुधैर्विविधप्रदेशै-
र्दत्ते स्म सूरिपदवीं महत्ताऽऽदरेण ॥ १२ ॥ ( त्रिभिर्विशेषकम् )

तदीयशिष्यो विबुधो महात्मा, यः शान्तमूर्तिः प्रथितः पृथिव्याम् ।
आबूशिलालेखसुसंग्रहं च, व्यधात् पुरातत्त्वसुशोधपूर्वम् ॥ १३ ॥

आबू-शंखेश्वरमहातीर्थयोर्येन वर्णनम् ।
आबालप्राज्ञबोधार्थमितिवृत्तेन गुम्फितम् ॥ १४ ॥

अन्येऽपि येन रचिता बहवः प्रबन्धाः,
सिन्धून् पुनर्विहरता प्रतिबोध्य लोकान् ।
हिंसासुरादि विनिवारितमुग्रपापं,
जीयाज्जयन्तविजयः स गुरुर्मदीयः ॥ १५ ॥

जर्मनीराष्ट्रीया प्राज्ञा क्राउझे नाम बिभ्रती ।
अमेरिकादेशीयाऽपि जोन्सनाभिधविदुषी ॥ १६ ॥

तद्देशीयमहाप्राज्ञ-प्राउनाभिधशोधकः ।
आगत्यामुं मुनिप्राज्ञं विद्यां विनयेनाग्रहीत् ॥ १७ ॥ ( युग्मम् )

वर्धमानपुरे रम्ये पानाचन्द्रसुश्रेष्ठिनः ।
छात्रालयस्य मन्दिरे प्रतिष्ठामकरोच्छुभाम् ॥ १८ ॥

दुधरेज-छनीयारग्रामयोश्च सुमन्दिरे ।
प्रतिष्ठाद्वयमकार्षीद् विधिना शास्त्रविदसौ ॥ १९ ॥

भोजकप्रभुदासोऽपि सपत्नीकोऽग्रहीद् व्रतम् ।
चतुर्थं यन्मुनिपार्श्वे जैनं धर्मं च तत्सुतौ ॥ २० ॥

इतश्च गूर्जरेष्वस्ति राजधन्यपुरं पुरम् ।
उत्तुङ्गैः प्रवरैरर्हन्मन्दिरैः परिमण्डितम् ॥ २१ ॥

श्रीमच्छ्रीमालवंशीयस्तद्वास्तव्यो वणिग्वरः ।
श्रेष्ठी सुराभिधोऽभूद् यः पुण्यकर्माण्यकारयत् ॥ २२ ॥

तदन्वयेऽभयचन्द्रश्चत्वारोऽपि च तत्सुताः ।
दिक्पालका इवाभान्ति प्रथमश्च झूठाभिधः ॥ २३ ॥

तत्सुतो जीवनो येन जीवितं सफलीकृतम् ।
जिनबिम्बान्यनेकानि यः सुकृतान्यकारयत् ॥ २४ ॥

तदन्वये जसराजः यः पवित्रीकृताशयः ।
मींयाग्रामजिनालयशिखरं यदकारयत् ॥ २५ ॥

तत्पौत्री मूलजीनाम देवगुर्वोश्च पादुकाः ।
द्वाविंशतिमिताश्चके संसारार्णवतारिकाः ॥ २६ ॥

तत्पुत्रास्त्रयः कुशलाः त्रिरत्नानीव ह्युज्ज्वलाः ।
प्रथमो मोतीचन्द्रोऽभूद् दामसिंहो द्वितीयकः ॥ २७ ॥

तृतीयो धर्मराजस्ते जिनबिम्बान्यस्थापयन् ।
राजधन्यपुरीयश्रीशान्तिनाथजिनालये ॥ २८ ॥

८३ ८१

वस्वग्निवसुभूमिते प्रातिष्ठिपंश्च वत्सरे ।
महताऽऽडम्बरेण ते सार्थयन्तश्च जीवितम् ॥ २९ ॥

श्रेष्ठी त्रिकमचन्द्रोऽभूत् तद्वंशे ख्यातिमान् सुधीः ।
जिनेन्द्रदेशिते धर्मे सदा स्थिरदृढाशयः ॥ ३० ॥

तस्य प्रधानदेवीति धर्मपत्न्यजनिष्ट या ।
सदाचारा सुशीला च पतिभक्तिपरायणा ॥ ३१ ॥

तयोर्मोंघीति नाम्नाऽस्ति धर्मकर्मरता सुता ।
पुत्रौ स्तो हरगोविन्द-वृद्धिचन्द्राभिधौ पुनः ॥ ३२ ॥

लब्धव्युत्पत्तिको ज्येष्ठो न्याय-व्याकरणादिषु ।
अभूदध्यापको बंगविश्वविद्यालये चिरम् ॥ ३३ ॥

संपादितान्यनेकानि तेन शास्त्राणि धीमता ।
कृतः प्राकृतशब्दानां कोशोऽपूर्वश्च विश्रुतः ॥ ३४ ॥ ( युग्मम् )

अनुजस्तु गुरोः पार्श्वे दीक्षां भागवतीं श्रयन् ।
गुरुणा कृतया ख्यातो विशालविजयाख्यया ॥ ३५ ॥

गुरोः प्रसादतस्तेनालोड्य शास्त्राम्बुधिं ततः ।
साराणि सूक्तरत्नान्यादाय सद्ग्रन्थराशितः ॥ ३६ ॥

पञ्चभागात्मको ग्रन्थः सानुवादोऽपि निर्ममे ।
संपादितश्च प्राचीनसंस्कृतस्तवसंग्रहः ॥ ३७ ॥ ( युग्मम् )

जयन्तोपासकः शिष्यर्विशालविजयो मुनिः ।
द्वाषष्टिमार्गणाग्रन्थमगुम्फीद् बालबोधकृत् ॥ ३८ ॥

मनसा सावधानेन कृतेऽत्र ग्रन्थकर्मणि ।
काश्चन स्खलनाः याः स्युस्ता मे क्षाम्यन्तु सज्जनाः ॥ ३९ ॥

★

# આ પુસ્તક છપાવવામાં અગાઉથી

## સહાયતા કરનારા સજ્જનોનાં મુબારક નામોની યાદી.

| રકમ | નામ | ગામ | જીલ્લો |
|---|---|---|---|
| ૧૫૦ | શ્રી સંભવનાથજી જૈન દેરાસર–જૈનસંઘની પેઢીના જ્ઞાન ખાતા તરફથી | અમરેલી | કાઠિયાવાડ |
| ૨૫ | એક સદ્‌ગૃહસ્થ. | ,, | ,, |
| ૨૫ | શાહ કાંતિલાલ છોટાલાલ બગસરાવાળા | ,, | ,, |
| ૨૫ | શાહ ખાંતિલાલ ગોકળદાસ માળવીયા પીપરીયાવાળા, હ. શાહ માણેકલાલ મોતીચંદ. | ,, | ,, |
| ૨૫ | શાહ તારાચંદ ખીમચંદ લાતીવાળા (વરલ) | ,, | ,, |
| ૨૫ | શાહ હરિચંદ રામજીના સ્મરણાર્થે તેમના સુપુત્ર શાહ જગજીવન હરિચંદ | ,, | ,, |
| ૫૦ | શાહ ભગવાનજી જેઠાભાઈ | સિહોર | ,, |
| ૨૫ | શાહ કુંવરજી મૂળજી હા. શાહ નાનચંદ સાકરચંદ. | ,, | ,, |
| ૨૫ | એક સદ્‌ગૃહસ્થ. | મોડાસા | ગુજરાત |
| ૨૫ | સલોત મણિલાલ હેમચંદ વીરચંદ. | ભાવનગર | કાઠિયાવાડ |
| ૨૫ | શાહ હીરાચંદ હરગોવિંદ | ,, | ,, |
| ૨૫૧ | રાવસાહેબ શેઠ કાંતિલાલ ઇશ્વરદાસ જે. પી | રાધનપુર | ગુજરાત |
| ૨૫૧ | શેઠ કાંતિલાલ બકોરદાસ. | ,, | ,, |
| ૧૦૧ | એક ગૃહસ્થ. હા. શાહ ત્રીકમલાલ મગનલાલ વીરવાડીયા. | ,, | ,, |
| ૧૦૧ | શાહ રતિલાલ દલસુખભાઇ | ,, | ,, |
| ૧૦૧ | પારેખ રતિલાલ ઝુંમખરામ | ,, | ,, |
| ૫૧ | શાહ જેસીંગલાલ ચુનીલાલ સર ન્યાયાધીશ. | ,, | ,, |
| ૫૧ | વખારીયા માણેકલાલ નાથાલાલ | ,, | ,, |

| રકમ | નામ | ગામ | પ્રાંત |
|---|---|---|---|
| ૫૧ | શ્રાવિકા જીવી બહેન તથા મંગુ બહેનના સ્મરણાર્થે હા. ભાઇ શાહ જીવતલાલ હરજીવન. | રાધનપુર ,, | ગુજરાત ,, |
| ૫૧ | એક ગૃહસ્થ હા. ગાંધી લહેરચંદ પરશોત્તમ | ,, | ,, |
| ૨૫ | શાહ અચરતલાલ મોતીલાલ પરશોત્તમ | ,, | ,, |
| ૨૫ | શાહ ચુનીલાલ ત્રિકમલાલના ધર્મપત્ની શ્રાવિકા હીરાબેન વમળશી. | ,, | ,, |
| ૨૫ | વખારીયા મહાસુખલાલ તારાચંદ | ,, | ,, |
| ૨૫ | વખારીયા હીરાલાલ ગંભીરજી | ,, | ,, |
| ૨૫ | શાહ ચુનીલાલ કરમચંદ વીરચંદના ધર્મપત્ની શ્રાવિકા કમળાબહેન બકોરદાસ | ,, | ,, |
| ૧૦૧ | શ્રી આકોલા જૈન શ્વેતામ્બર મંદિરની આદીશ્વર ભગવાનની પેઢીના જ્ઞાનખાતા તરફથી. હાઃ સેક્રેટરી શાહ ગિરધરલાલ હુકમચંદ. | આકોલા | વરાડ |
| ૫૧ | શાહ લાલચંદ લવજી હા. શાહ ગિરધર લાલચંદ વળાવાળા | હારિજ | ગુજરાત |
| ૧૦૧ | શાહ નાનચંદ છગનલાલ પાલીતાણાવાળા. | ભાવનગર | કાઠિયાવાડ |
| ૨૫ | શાહ અમુલખ ભાયચંદ સિહોરવાળા | ,, | ,, |
| ૨૫ | શાહ દુર્લભદાસ વલ્લભદાસ | ,, | ,, |
| ૧૦૦ | શાહ નાગરદાસ કસ્તુરચંદ બી. એ. એલએલ બી | અમદાવાદ | ગુજરાત |
| ૫૧ | મહેતા પોપટલાલ ઠાકરશી. | વઢવાણકેમ્પ | કાઠિયાવાડ |
| ૧૦૧ | શ્રાવિકા રૂક્ષ્મણીબાઈના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રીયુત બાબુલાલ ઉત્તમચંદ પટ્ટણી | અમરેલી | ,, |
| ૨૫ | ધરૂ દલીચંદ હેમચંદ | ,, | ,, |